# અધ્યાત્મ પિપાસા

સ્વાનુભૂતિદર્શન ઉપર પૂ. ભાઇશ્રીનાં પ્રવચનો

ભાગ-૪



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# અધ્યાત્મ પિપાસા

(ભાગ–૪)

(ધન્યાવતાર પ્રશમમૂર્તિ ભગવતી માતા
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન દ્વારા ચાલેલ તત્ત્વચર્ચા
ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના શબ્દશઃ સળંગ પ્રવચનો)
(પ્રશ્ન--૧૩૯ થી ૧૬૫)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર-૩૬૪૦૦૧

| વિક્રમ સંવત | વીર સંવત | ઈ. સન |
| --- | --- | --- |
| ૨૦૮૦ | ૨૫૫૦ | ૨૦૨૩ |

પ્રકાશન
તા. ૨૦-૧૨-૨૦૨૩, માગશર સુદ-૮
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૯૧મી જન્મ જયંતી

પૃષ્ઠ સંખ્યા : ૩૬૦
પ્રત : ૧૦૦
પડતર મૂલ્ય : ૯૩૦/-
વેચાણ મૂલ્ય : સ્વાધ્યાય

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ
શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર, રૂપાણી, ભાવનગર-૩૬૪૦૦૧.
રાજેન્દ્ર જૈન-મો. ૯૮૨૫૧૫૫૦૬૬

---

શ્રી સત્સુખ પ્રભાવક ટ્રસ્ટ
'ગુરુ ગૌરવ' (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાની સ્મારક ભવન)
સોનગઢ (સૌરાષ્ટ્ર)
નીરવ વોરા-મો. ૯૮૨૫૦૫૨૯૧૩

ટાઈપ સેટિંગ
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક
**અજય ઑફસેટ**
અમદાવાદ
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ તીર્થાધિનાથ ભગવાન શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ધર્મના આધારસ્તંભ એવા આચાર્ય ભગવંત, મહામુનિવરો તથા જ્ઞાની ધર્માત્મા થતા આવ્યા છે. જેઓએ સ્વયંના અનુભવગર્ભિત વાણી દ્વારા શાસ્ત્રોની રચના કરી અને ભવ્ય જીવોના હિતાર્થે, અનંત કાળથી દુઃખ ભોગવતા પ્રાણીઓને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય અને સાદિઅનંત કાળ સુખાનુભવમાં રહે તે અર્થે ધર્મોપદેશ પ્રવર્તાવ્યો.

જીવ અનંતકાળથી પરિભ્રમણ કરી રહ્યો છે જેમાં અસહ્ય દુઃખ સહન કરી રહ્યો છે. અનેક માનેલા ધર્મસાધનો કરતો રહ્યો હોવા છતાં જેના ફળસ્વરૂપે અંશમાત્ર પણ સુખની પ્રાપ્તિ થઈ નથી, પરંતુ દુઃખ જ ભોગવતો રહ્યો છે. જ્ઞાનીપુરુષોએ સ્વયંની નિષ્કારણ કરુણાથી જીવો દુઃખથી મુક્ત થાય તે હેતુથી સમ્યક્ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગનું નિરૂપણ કર્યું છે. પ્રવર્તમાન શાસનમાં અધ્યાત્મયુગ પ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ મોક્ષમાર્ગનું સત્ય સ્વરૂપ સમજાવ્યું અને મિથ્યાત્વરૂપી ઘોર અંધકારમાંથી બહાર નીકળવાનો માર્ગ દર્શાવ્યો. અનેક શાસ્ત્રો ઉપર થયેલા તેમના પ્રવચનોમાં મોક્ષમાર્ગનું સત્ય સ્વરૂપ પ્રકાશ્યું છે. તદ્‌ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેને મુમુક્ષુઓ સત્ય સ્વરૂપને પ્રાપ્ત કરે તે હેતુથી ચર્ચા-સમાધાન કરી પરમ ઉપકાર કર્યો છે.

'અધ્યાત્મ પિપાસા' નામક પ્રસ્તુત પ્રવચન-ગ્રંથમાં પૂજ્ય બહેનશ્રીની વિદ્યમાનતામાં થયેલ તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' નામે પ્રકાશિત કરવામાં આવ્યો હતો તેની ઉપરના પ્રવચનો છે. પૂજ્ય બહેનશ્રીની વિદ્યમાનતામાં સુવર્ણપુરી તીર્થધામમાં પ્રતિદિન બપોરે ચાલતી તત્ત્વચર્ચાનો આ ગ્રંથ વર્તમાન મુમુક્ષુજીવોની અનેક પ્રકારની મૂંઝવણને દૂર કરે છે. સાદી સરળ ભાષામાં તેમના દ્વારા અપાયેલ સમાધાન મુમુક્ષુઓની અધ્યાત્મ પિપાસાની તૃપ્તિ માટે અમૃતના કુંભ સમાન જ છે. પૂજ્ય બહેનશ્રી દ્વારા અપાયેલા સમાધાન, પ્રત્યેક વચન આગમ જ છે.

જ્ઞાનીઓના હૃદય જ્ઞાની જ જાણે. તદ્‌અનુસાર નિષ્કારણ કરુણામૂર્તિ, અધ્યાત્મ રહસ્યોદઘાટક પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈએ 'સ્વાનુભૂતિદર્શન' ગ્રંથ ઉપર પ્રવચનો કરી અતિ સરળ છતાં મર્મભેદક પ્રવચનો કરી પૂજ્ય બહેનશ્રીના હૃદયકમળમાં બિરાજમાન જ્ઞાયકદેવના દર્શન કરાવ્યા છે. પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલા આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવે એવી ભાવના મુમુક્ષુઓને થવાથી તેનો ચતુર્થ ભાગ પાઠકવર્ગના હસ્તકમળમાં મૂકતા અત્યંત હર્ષ થાય છે. આ પ્રવચનો કુલ ૧૩ ભાગમાં પ્રકાશિત

કરવાની ભાવના છે.

પૂજ્ય ભાઈશ્રી દ્વારા થયેલા આ પ્રવચનો મુમુક્ષુજીવોને આત્મહિતાર્થે અત્યંત લાભદાયક થશે એવી ભાવના સાથે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા પૂજ્ય ભાઈશ્રીના કરકમળમાં આ ગ્રંથ અર્પિત કરતા પ્રસન્નતા અનુભવાય છે. સર્વ પ્રવચનોને સાંભળીને શબ્દશઃ લખી જ્યાં જરૂર લાગે ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. ત્યારબાદ પ્રત્યેક પ્રવચનોને બીજા મુમુક્ષુ દ્વારા સાંભળીને તપાસવામાં આવ્યા છે. તેમ છતાં કોઈ ત્રુટી રહી જવા પામી હોય તો વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની ક્ષમા યાચીએ છીએ અને પાઠકવર્ગને ધ્યાન દોરવા વિનંતી છે. પ્રસ્તુત પ્રવચન ગ્રંથ **www.satshrut.org** ઉપર ઉપલબ્ધ છે.

સર્વ જીવો પ્રસ્તુત ગ્રંથના સ્વાધ્યાય દ્વારા આત્મહિતને સાધે એ જ ભાવના.

તા. ૧૩-૧૧-૨૦૨૩ — ટ્રસ્ટીગણ

(શ્રી વીર નિર્વાણકલ્યાણક દિન - દીપાવલી) — વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

## વાચકોને નમ્ર અપીલ

આ પુસ્તક જ્ઞાનીની વાણી છે. જેનો આપ વારંવાર સ્વાધ્યાય કરશોજી. આ પુસ્તકનું મહત્ત્વ સમજીને આશાતના ન થાય તે રીતે સાચવશો તથા અન્યને પણ સ્વાધ્યાય હેતુ આપશો, ભવિષ્યમાં આપ ન સાચવી શકો તો કોઈ ધાર્મિક સંસ્થા કે લાઈબ્રેરી જેવા સ્થળે તેને સુરક્ષિત કરશો, જેથી કોઈ જિજ્ઞાસુને ઉપકારી થઈ શકે.

# 'અધ્યાત્મપિપાસા' ભાગ-૪ના
# પ્રકાશનાર્થે પ્રાપ્ત સમર્પણરાશિ

| | |
|---|---|
| શ્રી કુંદકુંદ-રાજકહાન પ્રભાવના ટ્રસ્ટ, હૈદ્રાબાદ | ૫૧,૦૦૦/- |
| ડૉ. મહેશભાઈ જે. મહેતા, મુંબઈ | ૨૫,૦૦૦/- |
| ડૉ. ગીતાબહેન મહેશભાઈ મહેતા, મુંબઈ | ૨૫,૦૦૦/- |
| જમનાદાસ હેમચંદ હેમાણી ચેરીટેબલ ટ્રસ્ટ | ૨૦,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા | ૧૧,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ ન્યાલચંદ વોરા, ભાવનગર | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી મનીષાબહેન હેમંતભાઈ શાહ, મુંબઈ | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી મીનાબહેન ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી પ્રાચીબહેન અતીનભાઈ જૈન, ભાવનગર | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી મીતાબહેન શૈલેષભાઈ દેસાઈ, મુંબઈ | ૧૦,૦૦૦/- |
| શ્રીમતી કૃપાલીબહેન પિયુષભાઈ ભાયાણી, કોલકાટા | ૫,૧૦૦/- |
| સર્વ સેવા ટ્રસ્ટ, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી પૃથ્વીરાજભાઈ બી. શાહ, સોનગઢ | ૫,૦૦૦/- |
| શ્રીમતી અનસુયાબહેન હસમુખભાઈ અજમેરા, મુંબઈ | ૫,૦૦૦/- |
| સ્વ. તરૂણાબહેન મનહરલાલ શાહ, હ. શૈલેષભાઈ શાહ ભાવનગર | ૨,૫૦૦/- |
| પૂજાબહેન નિલેષભાઈ જૈન, ગાંધીનગર | ૨,૧૦૦/- |
| શ્રીમતી બેલાબહેન મહેન્દ્રકુમારજી જૈન, ભાવનગર | ૧,૧૦૦/- |
| સ્વ. ભારતીબહેન વિજયભાઈ શેઠ, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રી અજીતભાઈ પી. શાહ, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી વર્ષાબહેન હેમાણી, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રી નીતીનભાઈ એમ. જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી નીરૂબહેન એન. જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રી મીતેશભાઈ ડી. શાહ, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રી સમ્યક એન. જૈન, ભાવનગર | ૫૦૦/- |
| શ્રી સૌમ્ય એન. જૈન, ભાવનગર | ૫૦૦/- |
| શ્રીમતી અવનીબહેન મિતેશભાઈ શાહ, ભાવનગર | ૫૦૦/- |
| શ્રીમતી ધારાબહેન ઋષભભાઈ શાહ, ભાવનગર | ૫૦૦/- |

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | પ્રશ્ન | પૃ.સં. |
|---|---|---|---|
| ૯૧ | ૧૬-03-૧૯૯૭ | પ્રશ્ન – ૧૩૯ | 00૧ |
| ૯૨ | ૧૭-03-૧૯૯૭ | પ્રશ્ન – ૧૪0 | 0૧૪ |
| ૯૩ | ૧૮-03-૧૯૯૭ | પ્રશ્ન – ૧૪0,૧૪૧,૧૪૨ | 0૨૮ |
| ૯૪ | ૧૯-03-૧૯૯૭ | પ્રશ્ન – ૧૪૨,૧૪૩ | 0૪૧ |
| ૯૫ | ૨0-03-૧૯૯૭ | પ્રશ્ન – ૧૪૪,૧૪૫ | 0૫૩ |
| ૯૬ | ૨૧-03-૧૯૯૭ | પ્રશ્ન – ૧૪૫ | 0૬૮ |
| ૯૭ | ૨૨-03-૧૯૯૭ | પ્રશ્ન – ૧૪૬ | 0૭૮ |
| ૯૮ | ૨૫-03-૧૯૯૭ | પ્રશ્ન – ૧૪૬,૧૪૭ | 0૯૨ |
| ૯૯ | ૨૬-03-૧૯૯૭ | પ્રશ્ન – ૧૪૭ | ૧0૮ |
| ૧00 | ૨૭-03-૧૯૯૭ | પ્રશ્ન – ૧૪૮ | ૧૧૮ |
| ૧0૧ | ૨૮-03-૧૯૯૭ | પ્રશ્ન – ૧૪૯ | ૧૨૯ |
| ૧0૨ | ૨૯-03-૧૯૯૭ | પ્રશ્ન – ૧૪૯ | ૧૪૨ |
| ૧0૩ | ૩0-03-૧૯૯૭ | પ્રશ્ન – ૧૫0 | ૧૫૩ |
| ૧0૪ | ૩૧-03-૧૯૯૭ | પ્રશ્ન – ૧૫૧ | ૧૬૪ |
| ૧0૫ | 0૧-0૪-૧૯૯૭ | પ્રશ્ન – ૧૫૨ | ૧૭૪ |
| ૧0૬ | ૧૪-0૪-૧૯૯૭ | પ્રશ્ન – ૧૫૩,૧૫૪ | ૧૮૫ |
| ૧0૭ | ૧૫-0૪-૧૯૯૭ | પ્રશ્ન – ૧૫૪ | ૧૯૮ |
| ૧0૮ | ૧૬-0૪-૧૯૯૭ | પ્રશ્ન – ૧૫૫,૧૫૬ | ૨૧0 |
| ૧0૯ | ૧૭-0૪-૧૯૯૭ | પ્રશ્ન – ૧૫૬ | ૨૨૪ |
| ૧૧0 | ૨0-0૪-૧૯૯૭ | પ્રશ્ન – ૧૫૬,૧૫૭,૧૫૮ | ૨૩૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૧૧ | ૨૧–૦૪–૧૯૯૭ | પ્રશ્ન – ૧૫૮ | ૨૫૦ |
| ૧૧૨ | ૨૨–૦૪–૧૯૯૭ | પ્રશ્ન – ૧૫૯ | ૨૬૩ |
| ૧૧૩ | ૨૩–૦૪–૧૯૯૭ | પ્રશ્ન – ૧૫૯ | ૨૭૫ |
| ૧૧૬ | ૨૫–૦૪–૧૯૯૭ | પ્રશ્ન – ૧૫૯,૧૬૦ | ૨૮૫ |
| ૧૧૭ | ૨૬–૦૪–૧૯૯૭ | પ્રશ્ન – ૧૬૧ | ૨૯૬ |
| ૧૧૮ | ૨૮–૦૪–૧૯૯૭ | પ્રશ્ન – ૧૬૧,૧૬૨,૧૬૩ | ૩૦૭ |
| ૧૧૯ | ૦૬–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૬૪,૧૬૫ | ૩૨૦ |
| ૧૨૦ | ૦૭–૦૫–૧૯૯૭ | પ્રશ્ન – ૧૬૫ | ૩૩૪ |

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.
મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી.

સીમંધરગણધર સંતનાં, તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.
તુજ જ્ઞાન ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો.

**સંસારના વિષવૃક્ષને ક્ષણમાત્રમાં ક્ષય કરાવનાર,**
**મહા સુખસાગરનો સમ્યક્ માર્ગ પ્રાપ્ત કરાવનાર,**
**અતુલ મહિમાના ધારી, પરમોપકારી શ્રી ગુરુદેવનાં**
**ચરણકમળમાં પરમ ભક્તિથી નમસ્કાર, વારંવાર નમસ્કાર.**

ૐ
॥નમઃ સિદ્ધેભ્ય॥

# અધ્યાત્મ પિપાસા

## (ભાગ-૪)

## ('સ્વાનુભૂતિદર્શન' પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાના ગ્રંથ ઉપર પૂજ્ય 'ભાઈશ્રી શશીભાઈ'ના પ્રવચનો)

પ્રશ્ન :- અનુભૂતિનો માર્ગ એક જ છે? બીજો કોઈ સરળ માર્ગ નથી?

સમાધાન :- માર્ગ એક જ છે. જ્ઞાયકને ઓળખ, જ્ઞાયક તરફ જા, ભેદજ્ઞાન કર, દ્રવ્યદૃષ્ટિ કર. બસ! આ એક જ અનુભૂતિનો માર્ગ છે. ગુરુદેવે આ જ માર્ગ બતાવ્યો છે. જેવા અરિહંત ભગવાનનાં દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેવા જ તારાં છે. તારે શક્તિરૂપે છે, ભગવાને તે વ્યક્ત કર્યા છે. તે સ્વભાવને ઓળખ. દ્રવ્ય તો અનાદિ-અનંત જેવું ભગવાનનું છે તેવું તારું છે, શુદ્ધતાથી ભરેલું છે પણ તને તેનું ભાન નથી. તું તેનું જ્ઞાન કર, તે તરફની પરિણતિ કર, વિચાર કર, ચિંતવન કર, તે તને સાધન થશે.

હું પરદ્રવ્યનું કરી શકું છું, પરપદાર્થ મારામાં કરી દે છે એવી તને પર સાથેની જે એકત્વબુદ્ધિ થઈ રહી છે, તેને તોડ. તું તો જ્ઞાયક છો, જ્ઞાતા છો. તારી દૃષ્ટિ ફેરવી નાખ, ચૈતન્ય તરફ લગાવી દે. તેના માટે વારંવાર ઊંડો અભ્યાસ કર. તે એક જ માર્ગ છે. ૧૩૯.

## તા. ૧૬-૦૩-૧૯૯૭, પ્રશ્ન-૧૩૯
## પ્રવચન નં. ૯૧

સ્વાનુભૂતિદર્શન, પ્રશ્ન-૧૩૯,

'**પ્રશ્ન :- અનુભૂતિનો માર્ગ એક જ છે? બીજો કોઈ સરળ માર્ગ નથી?**' શું પ્રશ્ન ઉઠાવ્યો છે કે, અનુભૂતિ - સ્વાનુભવ કરવા માટે આપ જે કહો છો એથી કોઈ સહેલો માર્ગ છે? માર્ગ અજાણ્યો હોય એટલે અઘરો લાગે. માર્ગ એટલે ઉપાય. અનુભવ કરવાનો, આત્માનો અનુભવ કરવાનો જે ઉપાય છે, એ ઉપાયથી પોતે અજાણ્યો છે એટલે અઘરો અથવા કઠણ લાગે. એક કારણ ઈ છે. બીજું કારણ ઈ છે કે, સંસારની રુચિ હોવાથી એ રુચિ વિરુદ્ધ આ કાર્ય હોવાથી પણ અઘરું લાગે. અને એ રુચિને કારણે આ માર્ગની રુચિ ન હોય, આત્માની રુચિ ન હોય એટલે પણ અઘરું અને કઠણ લાગે. બાકી કોઈ ઉપાય છે એ (જો) ઉત્સાહથી કરવામાં આવે, વારંવાર એની practice કરવામાં આવે એટલે સહેલું જ છે. એકડો પણ એક દિવસ અઘરો હતો. સો વખત કે પાંચસો વખત ઘુંટ્યો હશે. ત્યારે માંડ-માંડ આવડેલો. અત્યારે કોઈ ન કહે કે એકડો અઘરો હતો. તે દી' અઘરો લાગ્યો હશે, આજે લાગે છે? નહીં. એવું જ છે બધા કામમાં.

મુમુક્ષુ :- એવું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈપણ કામમાં એવું જ છે.

'**સમાધાન :- માર્ગ એક જ છે.**' બે પ્રકારે માર્ગ નથી. '**જ્ઞાયકને ઓળખ, જ્ઞાયક તરફ જા, ભેદજ્ઞાન કર, દ્રવ્યદૃષ્ટિ કર.**' ચાર બોલ લીધા છે. પહેલી વાત ઓળખવાની છે. પોતાના સ્વરૂપને ઓળખવું, નિશ્ચય કરવો, સ્વરૂપનો નિશ્ચય કરવો, સ્વરૂપને ઓળખવું કે જેથી સ્વરૂપનું લક્ષ થાય. સ્વરૂપનું લક્ષ થાય એટલે નિજ સામર્થ્યનું લક્ષ થાય. નિજ સામર્થ્યનો, નિજ અનંત સામર્થ્યનો આધાર મળે એ જ્ઞાનમાં બળ વધી જાય, પુરુષાર્થ વધી જાય એ સમજાવવાની જરૂર નથી. જેમ દરિદ્ર માણસ ઢીલો-પોચો, ઢીલી-પોચી વાત કરે, ઈ જ માણસ પાસે પૈસાની તાકાત આવી ગયા પછી ઢીલી વાત નહિ કરે. બળ આવી ગયું એની પાસે, ધન બળ આવી ગયું.

એમ અહીંયાં પોતાની પાસે બળ તો છે, સામર્થ્ય અનંતુ છે. પણ એનું ભાન નથી. જો એનું ભાન કરે તો એને ખબર પડે છે કે મને કોઈના આધારની જરૂર નથી, મને કોઈની અપેક્ષાની પણ જરૂર નથી. હું નિરાલંબી, નિરપેક્ષ પદાર્થ છું. મને કોઈની જરૂર

(નથી). અનંતકાળથી તો જીવતો આવ્યો છું કોઈના વિના અને કોઈના વિના અનંતકાળ જીવવાનો છે. અત્યારે જે જે પદાર્થનો આપણે આધાર લઈએ છીએ એ વિષયમાં આપણને ભય થાય છે, એ વિષયમાં આપણને દુઃખ થાય છે, આકુળતા થાય છે, એવા અનંતા પદાર્થો આવ્યા અને ગયા. આપણે એમને એમ રહી ગયા છીએ. ભૂતકાળમાં પણ એવો ખોટો આધાર લઈને દુઃખી થયેલા. વર્તમાનમાં પણ એવો ખોટો આધાર લઈને દુઃખી થઈ રહ્યા છીએ. સાચી સમજણ કરીને આધાર બદલાઈ જાય ને પોતાનો આધાર આવી જાય એટલે દુઃખ ગયું. બીજું કાંઈ નથી. આમ સહેલું છે. અઘરું માન્યું હોય તોપણ અઘરું નથી, ખરેખર તો સહેલું છે.

મુમુક્ષુ :- સહેલું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સહેલું જ છે. ભગવાન એમ કહે છે, ભગવાન ઉપર તો વિશ્વાસ મૂક! એમ કહે છે. ઘરમાં કોઈ એકબીજા ઉપર અવિશ્વાસ કરે છે? કે આ કાલે મારું ખૂન કરી નાખશે તો? આમાં તો કોક ગાંડો છે ને મારું ખૂન કરી નાખશે તો? એવો કાંઈ અવિશ્વાસ થાય છે? અવિશ્વાસ આવે છે? તો ભગવાન ઉપર અવિશ્વાસ રાખવાનું શું કારણ છે? ત્યાં તો કોઈ કારણ નથી. એ તો વીતરાગ છે, ઓલા તો બધા રાગી-દ્વેષી છે. આ તો રાગ-દ્વેષ વગરના વીતરાગ છે. એ ભગવાન એમ કહે છે, તારામાં મારા જેટલું અનંત સામર્થ્ય છે. અનંત પરમાનંદને હું ભોગવું છું એવો જ પરમાનંદને ભોગવવાનો તારો અધિકાર છે. અને તું પડખું ફેરવ! પડખું ફેરવવા જેટલી વાત છે. તારું બધું દુઃખ ચાલ્યું જાય અને અનંત પરમાનંદનો ભોગવટો તને થાય. કોઈપણ જાતની બહારમાં ધમાધમ કર્યા વગર અંદરમાં અને અંદરમાં પડખું ફેરવવાનું છે.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રી કહે છેને, હા પાડ તો હાલત થઈ જશે.

પૂજ્ય ભાઈશ્રી :- પહેલી વાત શું છે? ઓળખવાની. જ્યાં સુધી સ્વરૂપને ઓળખ્યું નથી ત્યાં સુધી પરિણામની ગતિ સ્વરૂપ પ્રત્યે નહિ જાય, ત્યાં સુધી અનુભવ નહિ થાય અને ત્યાં સુધી દુઃખ ટળશે નહિ અને સુખ થશે નહિ. એટલે પહેલી વાત છે કે, જ્ઞાયકને ઓળખ, જ્ઞાયક તરફ જા. પરિણામ જ્ઞાયક તરફ જાય તેના માટે તું ભેદજ્ઞાન કર. ભેદજ્ઞાન કર. આ ભેદજ્ઞાનની પ્રક્રિયા એ process છે.

મુમુક્ષુ :- ઓળખવાની વિધિ?

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખવાની વિધિ - પરિચય. તમે મને ક્યારે ઓળખો? કે મારો પરિચય કરો ત્યારે. કોઈપણ વ્યક્તિ કે કોઈપણ ચીજની ઓળખ ક્યારે આવે?

મુમુક્ષુ :- પરિચયથી.

પૂજ્ય ભાઈશ્રી :- પરિચય કરવાથી.

મુમુક્ષુ :- અને એ પરિચયની રીત?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરિચયની રીત અવલોકન. પોતાના ભાવોનો પરિચય કરવાનો છે. સ્વભાવ ભાવ છે. 'ચિદ્ સ્વભાવાય ભાવાય.' સ્વભાવ ભાવ છે. સ્વભાવ છે એ પણ ભાવ છે. જેને નમસ્કાર કરવામાં આવે છે એવું જે આત્મસ્વરૂપ છે, સમયસાર છે, એ ચિદ્સ્વભાવી છે, ચૈતન્ય સ્વભાવી છે અને ભાવ સ્વરૂપે છે. ભાવો સમયે-સમયે પ્રગટ થાય છે, ભાવાત્મક સ્વરૂપ હોવાથી ભાવો સમયે-સમયે તારામાં પ્રગટ થયા જ કરે છે. એમાં તને શું અનુભવ થાય છે? એનું અવલોકન કરીને, observation કરીને એનો પરિચય કર એટલે તને ભાવોની ઓળખાણ થશે. કેમકે ભાવ અનેક જાતના છે, અનેક ચિત્ર-વિચિત્ર ભાવો આવે છે. ને તને અનુભવ શું થાય છે, એનું અવલોકન કરવાની pratice ચાલુ કર. ઈ પરિચય છે. ભાવોનો પરિચય કરવાથી ભાવોની જાતિ ઓળખાશે.

બે જાતના ભાવો છે. ભલે અનેક વિચિત્ર પ્રકારો છે, પણ એની એક વિભાવ જાતિ છે અને જ્ઞાનની માંહે એક સ્વભાવ જાતિ છે. બન્નેનું અવલોકન કર. જેમ અવલોકન કરીશ એમ તારી નજર સૂક્ષ્મ થતી જશે. અને સૂક્ષ્મ સ્વભાવ પણ તને ઓળખાશે. સ્વભાવ સૂક્ષ્મ છે એટલે જ્ઞાન સૂક્ષ્મ થયા વિના એ સ્વભાવને ઓળખી શકતું નથી. જ્ઞાન સૂક્ષ્મ ક્યારે થાય? કે, જેમ-જેમ અવલોકન કરવાનો પ્રયોગ અને મહાવરો વધારે થાય તેમ જ્ઞાન સૂક્ષ્મ થતું જાય. દરેક વિષયમાં એવું છે. પછી ચાનો વ્યાપાર કરતો હોય એને ચાને ઓળખવાની સૂક્ષ્મતા આવે છે, કાપડનો વેપાર કરતો હોય એનામાં કાપડની જાતને ઓળખવાની સૂક્ષ્મતા આવે છે, કાગળનો વેપાર કરતો હોય એને કાગળને ઓળખવાની સૂક્ષ્મતા આવે છે, સોનાનો વેપાર કરતો હોય એને સોનાને, હીરાનો વેપાર કરતો હોય એને હીરાને ઓળખવાની સૂક્ષ્મતા આવે છે. કેમકે એનો પરિચય એને વધ્યો.

મુમુક્ષુ :- તો અવલોકન તો નિરંતર હોવું અનિવાર્ય ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અવલોકન નિરંતર થવું અનિવાર્ય છે. હવે નિરંતર અવલોકન કરવાની જેની ઈચ્છા હોય એને એ અવલોકન નિરંતર ચાલે અને અવલોકનમાં disturb ન થાય એવી પરિસ્થિતિ ખડી કરવી જોઈએ. નહિતર અવલોકન કરવા જાય, (પણ) બીજે-બીજે ભાવ જતા રહે. વળી પાછી તકલીફ થાય. એટલે આ ફરિયાદ કરતા હતા (મુમુક્ષુઓ) પહેલી વહેલી અવલોકનની વાત શરૂ કરીને ત્યારે એની રીતે કામ શરૂ-ચાલુ કરવાવાળા મુમુક્ષુઓ પણ નીકળ્યા. પછી થોડોક ટાઈમ થયો એટલે ફરિયાદ ચાલુ કરી. અવલોકન તો કરવું છે, પણ પરિણામો બીજે-બીજે ભાગવા મંડે છે. અવલોકન છૂટી જાય છે. હવે અમારે શું કરવું? આ તકલીફ છે. કીધું કે ભાઈ! તમે ધ્યેય બાંધ્યું છે? મારે આત્મકલ્યાણ કરવું છે, પરિપૂર્ણ શુદ્ધ થવું છે, આ સંસારની દુકાનનો મારે સંકેલો

કરી નાખવો છે, આ દુકાન મારે બંધ કરી દેવાની છે, તાળું મારી દેવાનું છે, ખોલવાની નથી કોઈ દી' પછી, તાળું મારી ચાવી દરિયામાં નાખી દેવાની, એટલે જડે નહિ પછી - એવું નકકી કર્યું છે? તો કહે ના, ના! ઈ તો આપણે વાત જ નહોતી થઈ. ઈ વાત સાચી!! ઈ વાત કરવી હું ભુલી ગયો હતો. પણ અવલોકન ત્યારે ચાલશે કે જ્યારે તમારું ધ્યેય બદલાશે ત્યારે. તમારું ધ્યેય અનાદિથી સંસારનું છે, તેથી તમારા પરિણામ સંસારને ઉપાસવા માટે દોડી જાય છે, અને એના ઉપર તમારો control રહેતો નથી. એ પરિસ્થિતિ બદલવા માટે તમારે ધ્યેય બદલવું પડશે. જ્યાં સુધી ધ્યેય તમે ન બદલો ત્યાં સુધી અવલોકન નિરંતર-એકધારું ચાલે નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અવલોકનમાં બીજી ચિંતા થાય તો અવલોકન પદ્ધતિ છૂટી ગઈ જ ગણાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. બીજી ચિંતા થાય તો અવલોકન છૂટી જાય, અવલોકન છૂટી જાય તો પરિચય ન થાય, પરિચય ન થાય તો ઓળખાણ ન થાય, ઓળખાણ ન થાય તો અનુભવ ન થાય.

મુમુક્ષુ :- અવલોકન પદ્ધતિમાં બીજી ચિંતા ન થવી જોઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચિંતા ન થવા માટે ધ્યેય બદલાય તો જ ચિંતા ન થાય. અને ધ્યેય બદલાય તો જ નિરંતર અવલોકન કરવાનું તમારું બળ ઉત્પન્ન થાય એને સંવેગ કીધો છે.

મુમુક્ષુ :- ચિંતા અને ધ્યેય (શું સંબંધ છે?)

પૂજ્ય ભાઈશ્રી :- ધ્યેય શું છે? ધ્યેયમાં એક જ વાત છે. આખું જ પૂર્ણ શુદ્ધતાનું ધ્યેય છેને એ નિર્વાણપદ છે બરાબર છે? જ્યારે તમે નિર્વાણપદનું ધ્યેય બાંધો ત્યારે તમારે એના માટે એટલી જ તૈયારી કરવી પડે. તમારે દાળિયા, મમરાની દુકાન માંડવી હોય અને તમારે પચાસ હજાર કરોડની કોઈ industry નાખવી હોય. કેટલી? એક-બે કરોડની નહિ, સો-બસો કરોડની નહિ, પચાસ હજાર કરોડની તમારે industry નાખવી હોય તો તૈયારી એના પ્રમાણમાં હોય કે દાળિયાની દુકાન જેટલી હોય? દાળિયામાં તો હોલસેલને ત્યાંથી ગુણ લઈ આવ્યા ને ત્રાંસમાં, થાળીમાં ગોઠવી દીધા, ઢગલો કરી દીધો, બે-ચાર કિલોનો. જેને જોઈએ એને ચાર આના ને આઠ આનાના, રૂપિયાના, બે રૂપિયાના, ને પાંચ રૂપિયાના વેચવા મંડ્યાં. તમને ખબર છે કે, આપણે વીસ રૂપિયે કિલો લાવ્યા છીએ ને ત્રીસ રૂપિયે આપણે ખપે છે, દોઢા થાય છે. આમાં કાંઈ લાંબી મગજમારી નથી ને લાંબો પરિશ્રમ નથી. ને ગમે ત્યાં બેસીને વેંચો, છેવટે લારી લઈને ચાલો તોપણ વાંધો નહિ, એ વેપાર ચાલે. પણ industry મોટી કરવી હોય ત્યારે તો એના ટેકનિશ્યનો,

તેના ઈકોનોમિક શાસ્ત્રીઓ, બધા અર્થશાસ્ત્રીઓ, એના મેનેજમેન્ટના બધા ઍક્સપર્ટો, એના પ્રોડ્યુસર મેનેજરો, પરફેક્શનના નિષ્ણાંતો બધા કંઈક જાતના, બધાયની સાથે તમારે મિટિંગો કરવી પડે, પછી ઈ industryની ટેકનીકના કોલોબ્રેશન કરવા પડે, કોલોબ્રેશનના નિગોશીયેસન્સ કરવા પડે. બધે એમની સાથે નિગોશીયેસન્સ કરવા પડે.

એટલે મારું શું કહેવું છે? કે જ્યારે તમારું કામ મોટું છે, તમે મોટો plant નાખ્યો એનો અર્થ શું? કે તમારે કરોડો કમાવા છે, અબજો કમાવા છે. એમ તમારે નકકી કરવું પડશે કે મારે આ ધ્યેય, મારું ધ્યેય આ. વહેલો-મોડો પણ મારે ત્યાં પહોંચવું છે. તો જ હું સંપૂર્ણ સુખી થઈ શકું. તો જ મારો સંસાર મટે.

મુમુક્ષુ :- વહેલો.. મોડો નહીં પણ વહેલો.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. જો વહેલો આવે એટલે force આવે કે નહિ? તમને ખબર પડી કે હું તો બહુ આટલે ઊંચે જવા માંગું છું ને સાવ તળિયે બેઠો છું, તળેટીમાં બેઠો છું - એટલે તમને ઝડપ આવે. (એમ થાય કે) ઉતાવળા હાલો નહિતર આ કામ પૂરું નહિ થાય આપણું. એટલે વિજ્ઞાનની દૃષ્ટિએ, વિજ્ઞાનની ભાષામાં એને એમ કહે છે કે, difference of potentiality. potential difference જ્યારે ખબર પડે કે અહીંયાં સુધી જાવું છે અને અહીંયાં ઊભો છું, ને અંતર લાંબું કાપવાનું છે ને સમય થોડો છે એટલે સ્પીડ આવ્યા વગર રહે નહિ.

એ અવલોકનની સ્પીડ ક્યારે આવે? નિરંતર અવલોકન ક્યારે રહે? કે ધ્યેય બંધાણું હોય ત્યારે. આ અનુભવસિદ્ધ વાત છે. એટલે ધ્યેય બાંધ્યું ન હોય તો ધ્યેય બાંધવું પડે નહિતર અવલોકન કરવાની ઈચ્છા હોય તોપણ ન થાય. ધ્યેય ન બંધાતું હોય એનું શું કરવું? આ વળી નવો પ્રશ્ન આવે. તો કહે જ્યાં સુધી પરિભ્રમણની વેદના નહિ આવી હોય ત્યાં સુધી તને ધ્યેય પણ નહિ બંધાય. કેમકે ધ્યેય તો શુદ્ધ અંતઃકરણવાળાને બંધાય છે. કોનું બંધાય છે? જેનું અંદરથી અંતઃકરણ શુદ્ધ હોય, અભિપ્રાય શુદ્ધ હોય. બસ! પૂર્ણ શુદ્ધ થવું છે અને એક કણ પણ મારે દુઃખનો અને દોષનો નથી જોઈતો. એમ જ્યારે અંતઃકરણની શુદ્ધિ થાય ત્યારે ધ્યેય બંધાય. એવી અંતઃકરણની શુદ્ધિ ક્યારે થાય? કે, વેદનામાં આવે ત્યારે. જ્યાં સુધી જીવને પોતાના ઊલટા પરિણામોનો ખેદ, થયેલા અને થઈ રહ્યા છે એનો ખેદ અને જે જોઈએ છે એ નથી મળતું એની અપ્રાપ્તિનો ખેદ, ઈ પૂરતા પ્રમાણમાં ન આવે... પૂરતા પ્રમાણમાં આવે એનું નામ વેદના. (ન આવે) ત્યાં સુધી અંતઃકરણની શુદ્ધિ ન થાય. એટલે હવે ઈ પ્રશ્ન આવ્યો કે એ હવે કેમ થાય? કે એજ વિષય ઉપર તારા વિચારો ચાલે, એજ વિષય ઉપર તારો સત્સંગ ચાલે, એજ વિષય ઉપર તારું વાંચન ચાલે, એજ વિષયથી તું બહાર ન નીકળ તો આવ્યા વગર

રહે નહિ. લ્યો અહીંથી એકડો છે. આ એકડાથી જેમ જેમ ઉપર.. ઉપર.. ઉપર.. ઉપરના ક્રમમાં ચાલ્યો જાય તો અનુભવ સુધી સહેજે, સહેજે કર્તૃત્વબુદ્ધિના પરિણામ કર્યા વિના જીવ પહોંચી જાય. સહેજે-સહેજે એટલે એમાં અઘરું નથી. કેમકે સહજ છે. આ છે એ સહજ છે. વર્તમાન પરિસ્થિતિ તને સહન થાય છે એનો અર્થ કે તને વાંધો નથી એમાં. સહન ન થાય એવી મૂંઝવણ થાય એટલે વેદના આવવાની.

મુમુક્ષુ :- અવરોધ કયો, જોખમી અવરોધ કયો?

પૂજ્ય ભાઈશ્રી :- જોખમી અવરોધ એ કે આ વેદના છે એ પોતાના આત્મકલ્યાણની ચિંતા છે. કોની ચિંતા છે? આત્માની ચિંતા છે. (પણ) આ જીવ અનાત્માની ચિંતામાં પડ્યો છે. એ ચિંતા આડે એને આત્માની ચિંતા નથી થતી. આત્મા ઉપર જોખમ ઘણું છે. અનંત ભવભ્રમણની તલવાર લટકતી છે, કાચા દોરે. ઈ તલવાર કાચા દોરે બાંધેલી લટકે છે. વજનદાર છે, કયારે પડે કહેવાય નહિ. અને પરિભ્રમણના વંટોળમાં ખોવાય જઈશ. એના ઉપર દુર્લક્ષ કરીને આ જીવ ઘરના ભીંતડાં સુધારે છે. અહીંયાં ઠીક કરો, અહીંયાં ઠીક કરો, અહીંયાં ઠીક કરો!! સંયોગો, સંયોગોની પાછળ લાગી ગયો. અનાત્માની ચિંતા થઈ. આત્માની ચિંતા ન થઈ, એને આડે આત્માની ચિંતા થઈ નહિ. હવે વિવેક ઈ કરવાનો છે કે તું જે સંયોગોની ચિંતા કરે છે ઈ આ ભવ પુરતા છે અને આત્માની ચિંતા કરીશ તો અનંતકાળનું સુધરશે. બોલ તારે કઈ કરવી છે? તારે ફોડકી મટાડવી છે કે ગાંઠ નીકળી છે ઈ મટાડવી છે? હાથે ફોડકી થઈ ને ગળામાં ગાંઠ નીકળી. કઈ દવા તારે કરવી છે?

મુમુક્ષુ :- જ્યાં સુધી અનાત્માની ચિંતા છે ત્યાં સુધી તો ધ્યેય બંધાવાનો કોઈ પ્રશ્ન નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, ત્યાં સુધી આત્માની ચિંતા નહિ થાય ને ત્યાં સુધી ધ્યેય બંધાશે નહિ, ત્યાં સુધી અવલોકન થશે નહિ, ત્યાં સુધી પરિચય થશે નહિ, ઓળખાણ થશે નહિ, ભેદજ્ઞાન થશે નહિ, ને અનુભવ થશે નહિ. એટલે અનાત્માની ચિંતા છોડ તો જ આત્માની ચિંતા થાય. ને આત્માની ચિંતા એટલી મોટી છે કે તારી અનાત્માની ચિંતાને ખાય જશે. કે આમાં શું છે? મારે અનંતકાળનું જોવું કે temporary પાંચ-પચ્ચીસ વર્ષનું જોવું. હવે મારા વર્ષ કેટલા? સંયોગ ગમે એટલા સારા થાય તો શું? અહીંથી દેહ છૂટ્યો પછી કાંઈ લેવા-દેવા ખરું? શરીર પણ મૂકીને જવાનું છે. બીજો ડ્રાફ્ટ તો કઢાવાનો સવાલ નથી રહેતો. એટલે ઈ તો હવે નકામું છે. ચાલીસ વટાવ્યા પછી એને સમજી લેવાનું કે આપણે પચાસ ટકાથી વધારે સમય બગાડી નાખ્યો. ક્યારે? કે ચાલીસ થઈ ગયા પછી. કેમકે ચાલીસ દુ એંશી. એંશીએ કોક જ પહોંચે છે. મોટાભાગે

ઈ પહેલા રવાના થઈ જાય છે. તો ચાલીસ થઈ ગયા એને તો અડધો - પચાસ ટકાથી વધારે સમય તો અનાત્માની ચિંતા પાછળ બગાડી નાખ્યો. બરાબર છે? તો પચાસ થઈ ગયા હોય એને અને સાંઈઠ થવા આવ્યા હોય એને તો વિચારવાનું કે હવે તો આ ખર્યુ પાન છે. પાન પાકી ગયું છે, પીળું થઈ ગયું છે, ગમે ત્યારે ખરીને હેઠે પડશે. અને એના બધા ચિહ્નો ચાલુ થઈ જાય છે. વાળ ધોળા થવાથી માંડીને, દાંતથી માંડીને, આંખ ને કાનને બધો ફેરફાર થવા મંડે. નોટિસ તો આવી જ જાય છે. જે થોડો અને અનિશ્ચિત સમય રહ્યો છે, નિશ્ચિત નથી. એનો ઝડપથી ઉપયોગ કરી લેવો એમાં ડહાપણ છે, એમાં વિવેક છે. નહિતર આપણા જેવો બીજો મોટો મૂરખ નથી એમ સમજી લેવાનું. આવું જેને કરવું હોય એને મોટાભાગના તો ઘરના સંસારીઓ અનુકૂળ હોતા નથી. પ્રતિકૂળ જાય છે. બે-પાંચ ટકા જ ઘરવાળા એવા હોય છે કે, એમ કહે કે ભાઈ તમે કરો અમે રાજી છીએ એમાં. એવા તો બે-પાંચ ટકા જ હોય છે. બાકી તો બધા ટાંટિયા ખેંચે. એમ કરમાં તું, એવું કરમાં તું, એમ નહિ કર તું!!

મુમુક્ષુ :- હજી ઉંમર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હજી ઉંમર નથી. હજી જવાબદારી ઘણી છે, હજી આ બધા પ્રોબ્લેમ છે, અહીંયાં ફરજ છે, આ ધર્મ છે - આ કુટુંબનો પણ ધર્મ છે. ઈ બધું આવે માથે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એ નિમિત્ત ન મળવું એ તો પોતાના ઉપાદાનની જ ખામી કહેવાયને? એમ તો નહિ જવા દે, પણ ઈ જતો પણ નથી....એને જવું નથી એમ પણ ગણાયને? એક બહાના હેઠળ..

પૂજ્ય ભાઈશ્રી :- (પોતાને) જવું નથી, જવાવાળો તો કાંઈ જોવાનો જ નથી. ઈ તો બધાયને overtake કરીને જવાનો જ છે. પણ એને થોડોક સામનો કરવો પડે છે. એને પરિસ્થિતિનો સામનો કરવામાં થોડીક શક્તિ વપરાય છે. અને જેને અનુકૂળ છે એને પોતાની બધી શક્તિ એકબાજુ વાપરવાનો chance છે, અવકાશ છે. અને એટલો તો ફરક ખરો કે નહિ? તો પછી આપણે તો ફાયદાવાળી વાત છેને? (તમને તો) છોકરાએ કહી દીધું છે કે બિલકુલ (નહિ), તમારે આત્મકલ્યાણ કરવું હોય તો પાછું વાળીને જોશો નહિ અમારી સામું. અમે અમારું સંભાળી લઈશું. અને છોકરાવ બેય એવા હોશિયાર છે. પૂરેપૂરું સંભાળી લ્યે એવા છે. એમાં કાંઈ જરાય કાચું કામ રહે એવું નથી. પછી પૂરી શક્તિ શું કરવા ન વાપરીએ આ બાજુ?

મુમુક્ષુ :- જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ભાવનગર છોડવું નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હું ભાવનગર છોડું તોપણ તમારે ભાવનગર ન છોડવું. ઠીક!

મારે ક્યારેક જાવું-આવવું પડે છે. અહીંયાં રહેવાવાળા અહીંયાં જ રહે છે પછી. અહીંયાં સત્સંગ ચાલે છે પાછો, એવું નથી કે હું જાવ એટલે સત્સંગ બંધ થઈ જાય છે, એવું નથી. અહીંયાં સત્સંગ બરાબર ચાલે છે. અને એક પદ્ધતિથી ચાલે છે કે, દરેકે પોતાના પરિણામોની ચર્ચા કરવી રોજ, પોતાના પરિણામો કેવા થાય છે ઈ કહેવા. એમાંથી પોતે માર્ગદર્શન મેળવવું અને કેમ આગળ વધે એનો સુધારો-વધારો કરવા માટે (શું) કાળજી રાખવી. અને રોજ જ્ઞાનીઓના, મહાપુરુષોના, વચનોનો સ્વાધ્યાય પણ કરવો. વ્યવસ્થિત સત્સંગ ચાલે છે. સત્સંગ તો તમારે બોરીવલીમાં પણ સરસ ચાલે છે. હવે ત્યાં રહેવું કે અહીંયાં રહેવું ઈ પાછું વિચારવાનું રહે છે. ઈ પણ ભાગી-ભાગીને અહીંયાં આવે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી જે પ્રવૃત્તિ કેન્દ્ર હોય ને..

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં રહેવાય જ નહિ. પ્રવૃત્તિ કેન્દ્ર હોય ત્યાં રહેવાય જ નહિ. નિવૃત્તિમાં જે કામ થાય એ બધી શક્તિથી થાય. નહિતર પ્રવૃત્તિમાં શક્તિ વપરાય જાય. (અહીંયાં) સત્સંગ તો સારો જ ચાલે છેને! ઈ તો સત્સંગ એવી ચીજ છે કે, એકબીજાને એકબીજાનો અરસ-પરસ લાભ થાય. બીજા સત્સંગીઓના નિમિત્તે પોતાના ભાવો નીકળે એમાં પોતાને લાભ થાય છે. એકલા-એકલા એટલું ન નીકળે. જેટલું સત્સંગમાં નીકળે એટલું એકલા-એકલા કોઈને ન નીકળે. જ્ઞાનીને પણ ન નીકળે. મુમુક્ષુને (તો) નહિ, જ્ઞાનીને પણ ન નીકળે. એટલે જ્ઞાની પણ સ્વાધ્યાય અને સત્સંગનો પ્રસંગ રાખે છે. જ્ઞાની કાંઈ સંભળાવવા માટે નથી કહેતા. ગુરુદેવ ચોખ્ખું કહેતા હું તો મારો સ્વાધ્યાય કરું છું. હું મારો સ્વાધ્યાય કરું છું. અને ઈ રીતે અંદરથી આવ્યા કરે જેટલું-જેટલું પોતે પૂર્વ આચાર્યોના, પૂર્વ જ્ઞાનીઓના જે વચનો છે અને જેટલું પરિચર્યન કરે એટલું અંદરથી વિશેષ નીકળે. ઈ એક જ્ઞાનાભ્યાસ છે. એ પણ જ્ઞાનાભ્યાસ છે.

**'બસ! આ એક જ અનુભૂતિનો માર્ગ છે. ગુરુદેવે આ જ માર્ગ બતાવ્યો છે.'** અનંતા જ્ઞાનીઓએ, ગુરુદેવે, અનંતા જ્ઞાનીઓએ અને અનંતા તીર્થંકરોએ આ જ માર્ગ બતાવ્યો છે. **'જેવા અરિહંત ભગવાનનાં દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેવા જ તારાં છે.'** તારા આત્મા અને એના આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કાંઈ ફેર નથી. **'તારે શક્તિરૂપે છે, ભગવાને તે વ્યક્ત કર્યા છે. તે સ્વભાવને ઓળખ.'** એ શક્તિ અને સ્વભાવને તું ઓળખ. **'દ્રવ્ય તો અનાદિ-અનંત જેવું ભગવાનનું છે તેવું તારું છે,'** ભગવાનનું જેવું દ્રવ્ય છે એવું જ તારું દ્રવ્ય છે. ભગવાનના ઘરમાં જેટલી ગુણની મૂડી પડી છે, સંપત્તિ પડી છે, એટલી જ તારા ઘરમાં પડી છે. જરાય ઓછી નથી.

મુમુક્ષુ :- સંભાલતા નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સંભાલતા નહીં હૈ. બાકી છે એટલી જ. એટલે ઈ સંભાળવા

માટે આચાર્યોએ ઘણી શૈલી કરી છે. એમાં આપણા યોગેન્દ્રઆચાર્ય થયાને? યોગસારમાં ગાથા લખી છે કે, ભગવાનના ગુણોમાં અને તારા ગુણોમાં, ભગવાનના સ્વરૂપમાં અને તારા સ્વરૂપમાં કાંઈ ફેર નથી. કેટલો ફેર? રંચમાત્ર ફેર નથી. જરાક પણ ફેર માનવો એના જેવડું બીજું મોટું કોઈ પાપ નથી. એવા શબ્દો વાપર્યા છે, એવી શૈલી કરી છે. કેમકે એ જ મિથ્યાત્વ છે. એને મોટું, સૌથી મોટું પાપ કહ્યું છે. આમ તો જે અઢાર પાપસ્થાનક છેને એમાં બધા મોટાભાગના ચારિત્રમોહના પાપ છે. મોટા-મોટા ચારિત્રમોહના પાપ થાય નરક અને નિગોદમાં જવાના એ બધા અઢાર પાપસ્થાનકમાં આવે છે. એ અઢારમાં સત્તરમાં ઈ છે અને અઢારમું સૌથી મોટું મિથ્યાત્વનું પાપસ્થાનક છે. ઈ સૌથી વધારે મોટું પાપ છે. એટલે ભગવાનની નીતિ એવી છે કે, પહેલા મોટા પાપને તું ખતમ કર. નાના બધા મરવા માંડશે પછી. કહે છે કે, **'દ્રવ્ય તો અનાદિ-અનંત જેવું ભગવાનનું છે તેવું તારું છે, શુદ્ધતાથી ભરેલું છે પણ તને તેનું ભાન નથી.'** છે એવું જ, એટલી અનંત શુદ્ધતા ભરેલી છે. અનંતકાળ નિગોદમાં રહ્યો તોપણ દ્રવ્ય એવું ને એવું શુદ્ધ રહ્યું. એ એની શુદ્ધત્વ શક્તિને જાહેર કરે છે. કે અનંતકાળ નિગોદમાં રહ્યો, પ્રચુર કષાયકલંકની વચ્ચે રહ્યો, અનંત.. અનંતકાળ (તોપણ) તારું શુદ્ધત્વ સ્વરૂપ એવું ને એવું જ છે. એવી તારી શક્તિ છે. **'તેનું ભાન નથી. તું તેનું જ્ઞાન કર, તે તરફની પરિણતિ કર,..'** તે તરફનું જ્ઞાન કર. જ્ઞાન ન થાય તો એના રસથી પરિણતિ કર. પરિણતિ ન થાય તો **'વિચાર કર, ચિંતવન કર, તે તને સાધન થશે.'** એ તારું સાધન છે અત્યારે. વિચાર, ચિંતવન, સ્વાધ્યાય કરીને રસ લેતા..લેતા..લેતા પરિણતિ થઈ જવી જોઈએ. પરિણતિ થાય તો એનો અનુભવ થાશે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આટલું સાંભળ્યા પછી નિર્બળતા રહે એ તો પ્રભુની વાણી ઉપર અવિશ્વાસ જ ગણાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચોખ્ખું. ભગવાનની વાણી ઉપર અવિશ્વાસ કરવાનું પાપ થયું.

મુમુક્ષુ :- તો પછી નહિ સાંભળનાર કરતાં સાંભળનાર વધારે ગુનેગાર થયો?

પૂજ્ય ભાઈશ્રી :- વધારે જવાબદાર છે ને વધારે ગુનેગાર પણ છે. એ તો ચોકકસ વાત છે કે આ દિશામાં, આ ક્લાસમાં પગ મૂક્યો એટલે જવાબદારી વધી અને જેમ-જેમ આગળ જાવ તેમ-તેમ જવાબદારી વધે. higher the post higher the responsibility.

મુમુક્ષુ :- ગુનો થઈ ગયો..

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. એક સામાન્ય માણસ ગુનો કરે એના કરતા પોલીસ

ગુનો કરે તો? અને એના કરતા પોલીસનો સુપ્રિટેન્ડન્ટ ગુનો કરે તો? અહીં ગુજરાતમાં દારૂ પીવાની મનાઈ છે. સામાન્ય માણસ દારૂ પીવે એના કરતા પોલીસ દારૂ પીવે તો? જે એને પકડનાર હોય તે પીવે તો? વધારે ગુનો ગણાય, ને એના કરતા એનો સાહેબ પીવે તો? વધારે ગુનેગાર ગણાય. અને એના કરતા પણ એ જજમેન્ટ લખનાર પોતે દારૂ પીવે તો? એની જવાબદારી વધે છે કે નહિ? એમ ઉપર ઉપર જાવ તેમ જવાબદારી વધે છે. દુનિયામાં પણ એમ જ છે. દાખલો લીધો એ પ્રમાણે, પટ્ટાવાળો ભૂલ કરે તો બૅન્કને દેવાળું ન આવે. પણ બૅન્કનો ચેરમેન ભૂલ કરેને તો બૅન્કને દેવાળું આવે. હાયર ધ પોસ્ટમાં એની ખુરશી ઉંચી છે તો જવાબદારી પણ એની વધારે છે, એવું છે. એટલે વિષયની ગંભીરતા સમજીને, માર્ગની અને એના માર્ગફળની પણ ગંભીરતા સમજીને તાત્પર્ય એ નીકળે છે કે, શીઘ્રપણે આપણે આપણું કામ કરીને માર્ગે ચડી જવું જોઈએ. એકવાર માર્ગ હાથ આવ્યો એટલે ઠેઠ પહોંચી જવાશે. પછી પાછા વળવાની વાત નથી.

**'હું પરદ્રવ્યનું કરી શકું છું, પરપદાર્થ મારામાં કરી દે છે એવી તને પર સાથેની જે એકત્વબુદ્ધિ થઈ રહી છે, તેને તોડ.'** એક પરમાણુની પર્યાય પણ હું કરી શકતો નથી. એક પરમાણુની. કેમકે એ સ્વયં અનંત શક્તિથી પરિણમી રહ્યો છે. તારો હસ્તક્ષેપ ત્યાં કામ આવે એવું નથી. જો એક પરમાણુની અવસ્થા નથી કરી શકતો તો તારે આવડા મોટા સંજોગોમાં ફેરફાર કરવો છે?! અશક્યને શક્ય કરવા મથે છો! આજનો નહિ અનંતકાળનો અશક્યને શક્ય કરવા મથે છો. પરંતુ એક પરમાણુ પણ તારું તાબેદાર થયું નથી. આ જગતમાં અનંતા જીવો અનંતકાળથી પરમાણુ ઉપર કબજો કરવા માંગે છે. છતાં એક જીવને એક અંશે પણ એમાં સફળતા મળી નથી. કેમકે એ અશક્ય અને અસંભવીત છે.

મુમુક્ષુ :- સ્વભાવમાં જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુના સ્વરૂપમાં નથી. રેતીમાંથી તેલ નીકળે નહિ. રેતીને ગમે એટલી ઘાણીમાં ઘાલીને પીલે (પણ) રેતીમાંથી તેલ નીકળે નહિ. ઘાણી છોલાઈ જાય (પણ) રેતીમાંથી તેલ નીકળવાનું નથી.

**'હું પરદ્રવ્યનું કરી શકું છું, પરપદાર્થ મારામાં કરી દે છે એવી તને પર સાથેની જે એકત્વબુદ્ધિ થઈ રહી છે, તેને તોડ. તું તો જ્ઞાયક છો,'** જાણનાર, તારો અધિકાર જાણવાથી આગળ ક્યાંય નથી. દૂર રહીને તું જાણ્યા કર. આ સિવાય બીજી તારી મર્યાદા નથી. **'તું તો જ્ઞાયક છો, જ્ઞાતા છો. તારી દૃષ્ટિ ફેરવી નાખ,'** દૃષ્ટિને ફેરવી નાખ. દૃષ્ટિકોણ બદલી દે. અભિપ્રાયને બદલી નાખ. **'ચૈતન્ય તરફ લગાવી દે.'** તારા

સ્વરૂપને જોવામાં દૃષ્ટિને લગાવ. '**તેના માટે વારંવાર ઊંડો અભ્યાસ કર.**' અભ્યાસ એટલે practice. અભ્યાસનું અંગ્રેજી છે practice. practice અંગ્રેજી શબ્દ છે. એનું ગુજરાતી છે- વારંવાર પ્રયોગનો અભ્યાસ કરવો તે.

મુમુક્ષુ :- મહાવરો કહે એ ને?

પૂજ્ય ભાઈશ્રી :- મહાવરો કહો, અભ્યાસ કહો, મહાવરાથી બધું સહેલું થઈ જાય છે. મહાવરાથી દરેક કામ સહેલું થઈ જાય છે. અઘરામાં અઘરું કામ મહાવરાથી સહેલું થાય છે. આ સર્કસના ખેલ છેને ઈ લોકો જ કરી શકે. સામાન્ય માણસ કોઈ કરી શકે?

મુમુક્ષુ :- કોઈ ન કરી શકે.

પૂજ્ય ભાઈશ્રી :- એકસાથે બાર દડા ઉછાળતો હોય. એક દડો હજી આમ પડી જાય. બે હોય તો તો રહે જ શેના હાથમાં? એ બાર ઉછાળતો હોય. મહાવરો છે. તાર ઉપર હાલે, રસ્તા ઉપર હાલવામાં જે હજી હાલતા પડી જાય છે માણસ, ત્યાં ઈ તાર ઉપર ચાલે. કેમ? મહાવરો છે. મહાવરાથી અઘરામાં અઘરું કામ સહજમાત્રમાં થાય. તો અહીંયાં પણ નિયમ તો ઈ જ લાગુ પડે છે. બીજો નિયમ નથી. તું અભ્યાસ કર. '**વારંવાર ઊંડો અભ્યાસ કર. તે એક જ માર્ગ છે.**' આ એક જ માર્ગ છે. આ સિવાય કોઈ બીજો માર્ગ નથી. આજે કરે, કાલે કરે, આ ભવે કરે, બીજા ભવે કરે, કે લાખ ભવે કરે, આ કર્યે છૂટકો છે, એ સિવાય છૂટકો નથી. નિર્ણય કરવાનો પોતે છે. અને વર્તમાનમાં જ નિર્ણય કરી લેવો જોઈએ કે, હવે મારે આ માર્ગે ચાલવું છે, સુખી થવાનો આ જ માર્ગ છે. આ જ માર્ગે ચાલવું છે. હવે મારે દુઃખી થવાના માર્ગે જાવું નથી. એ નિર્ણય-નિર્ધાર કરે એટલે એનું બળ આવે. નિર્ણય અને નિર્ધાર કર્યા પછી જે અઘરું લાગે છે એ સહેલું લાગવા મંડે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! practice કરવાની જે પદ્ધતિ છે ને, એની એક્ઝેટ જે પદ્ધતિ હોયને એ સ્પષ્ટ કરોને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે બહુ ચર્ચાને અંતે અને અનુભવને અંતે એક આપણે પદ્ધતિ છેને એ ચોકાઉટ કરી છે, ફિક્સ કરી છે કે, ગમે તેમ કરીને જ્યાં સુધી પરિભ્રમણની વેદના ન આવે ત્યાં સુધી તું ઈ જ દિશામાં પ્રયત્ન કર, અને એક વખત પરિભ્રમણની વેદના આવે, અંતઃકરણની શુદ્ધિ થઈને ધ્યેય બંધાય તો તારું અવલોકન બરાબર ચાલે, પરિચય થઈને, ઓળખાણ થઈને, અનુભવ સુધી પહોંચી જવાશે.

મુમુક્ષુ :- બાકીની પદ્ધતિ આપોઆપ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઑટોમેટિક છે. ઈ તો સાંકળના અંકોડા જેવું છે. કે જેવું તમે વેદનામાં આવ્યા એટલે તમારી ઉદાસીનતા થઈ. ચિંતામાં શું થાય? ખાવું ન ભાવે, ઊંઘ

ન આવે, એટલે ઉદાસીનતા થઈ ગઈ. જે તમને આસક્તિ હતી ઈ છૂટવા મંડી, સહેજે છૂટી કે ન છૂટી? કે બીજો એના માટે વિકલ્પ કરવો પડ્યો? ત્યાગ કર્યા વિના વૈરાગ્ય આવ્યો કે ન આવ્યો?

મુમુક્ષુ :- આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- એ ચીજોનો ત્યાં ખાતાં-ખાતાં પણ રસ ન આવે, ખાવાનો ત્યાગ કર્યો નથી, ભાવતી ચીજનો ત્યાગ કર્યો નથી ને તમે નિરસ થઈ ગયા કે ન થઈ ગયા વેદના આવી તો? તો ત્યાગ વગર વૈરાગ્ય પહેલો આવ્યો. સાચો ત્યાગનો માર્ગ જ આ છે. પહેલો વૈરાગ્ય આવે.

મુમુક્ષુ :- બહારની ચિંતા હોય તોપણ નિરસતા આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહારની ચિંતામાં પણ નિરસ થઈ જાય છે, તો આવડી મોટી ચિંતા ગળે પડે અનંતા ભવની.. એક ભવની ચિંતા માથે પડી તોય ખાવું નથી ભાવતું તો અનંતા ભવની ચિંતા માથે પડે તો ખાવું ક્યાંથી ભાવશે? બસ, એકવાર જે ચિંતામાં આવ્યો એટલે વૈરાગ્ય આવ્યો, કેમકે એની સાથે વૈરાગ્ય સંકળાયેલો છે. જ્યાં વૈરાગ્ય અને ચિંતના પર્યાયમાત્રમાં આવી ત્યાં ધ્યેય બંધાવું એ એની સાથે સંકળાયેલું છે. એવું ધ્યેય તમે બાંધ્યું એટલે અવલોકનનો ફોર્સ આવશે. તરત જ તમારું અવલોકન એવું સરસ ચાલુ થશે, નિરંતર ચાલશે.

મુમુક્ષુ :- પાંચ ઈન્દ્રિયના વિષયો તો પરિભ્રમણ કરાવનારા છે. એટલે ઉદાસીનતા જબરદસ્ત આવે.

પૂજ્ય ભાઈશ્રી :- જબરદસ્ત. ઈ તો દરેક સમયે, દરેક સ્ટેજ ઉપર ઉદાસીનતા વધતી જશે તમારી. એટલે પરિચય ચાલુ થઈ જશે. અને તમને વિશ્વાસ આવવા મંડશે. પહેલે પગથિયે જ્યાં પગ મૂકો ત્યાં તમને છેલ્લે (સુધીનો), આખી પદ્ધતિનો વિશ્વાસ આવી જશે, છેલ્લા સ્ટેજ સુધીનો વિશ્વાસ આવી જશે, કે આ જ માર્ગ છે અને આમ જ ચાલવું જોઈએ. બસ! પછી આની પાછળ તમે એવા લાગી જશો, એવા લાગી જશો કે લોકો તમને ગાંડા પણ કહેશે. લોકો તમને ગાંડા પણ કહેશે કે, આ શું ગાંડપણ વળગ્યું છે તો આની પાછળ પડી ગયા છો, આ કાંઈ સંભાળતા નથી, કાંઈ સામું જોતાં નથી. ગાંડા પણ કહેશે. ઈ કહે તો કહેવા દ્યો. એકવાર તો આની પાછળ ગાંડા થવાની પણ જરૂર છે. એ તો ગુરુદેવ કહેતા હતા, પરમાગમસારમાં લીધું છે. બોલ લીધો છે-'એકવાર આની પાછળ ગાંડા થવું જોઈએ'. એટલી કિંમત આવે કે એમાં માણસ જાણે ગાંડપણ થયું હોય, આની એવી કિંમત આવે પછી જુઓ સફળતા તમારા હાથવેંતમાં છે.

પ્રશ્ન :- શરીરમાં રોગ આવે ત્યારે શું કરવું? તે ફરમાવશો.

સમાધાન :- શરીર તો સ્વતંત્ર દ્રવ્ય છે. ગુરુદેવ ફરમાવે છે કે આત્મા જુદો છે અને શરીર જુદું છે. બંને દ્રવ્ય જુદાં-જુદાં અને સ્વતંત્ર છે. શરીર શરીરનું કામ કરે છે, આત્મા પોતાનું કામ કરે છે. સંકલ્પ-વિકલ્પ જે થાય છે તે પણ પોતાનું સ્વરૂપ નથી, તો શરીર ક્યાં પોતાનું હતું? તે તો પરદ્રવ્ય છે. શરીરના અને આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદાં છે. આત્મા સ્વતંત્ર પદાર્થ છે, તેની ભાવના આત્મામાં કરી શકાય છે. હું જ્ઞાયક છું, શાશ્વત છું, અનંત સુખથી ભરેલો છું એવી તેની ભાવના કરવી, તેના વિચાર કરવા, આત્માનું સ્મરણ કરવું. તેના માટે તે જાતનું ચિંતવન-વાંચન કરવું.

મુમુક્ષુ :- શારીરિક તકલીફ-આંખની તકલીફ-છે તે કારણે વાંચન ન થઈ શકે તો શું કરવું?

બહેનશ્રી :- --ગુરુદેવે જે મંત્રો આપ્યા છે તે યાદ કરવા. બસ, આત્માનું કલ્યાણ કેમ થાય તેની ભાવના કરવી. આત્મા આનંદથી ભરેલો છે. આંખની તકલીફના લીધે વાંચન ન થાય તો ખેદ ન કરવો. ખેદ થઈ જાય તો મનને ફેરવી નાખવું. શરીર છે તો તેમાં અનેક જાતના ઉદય આવ્યા કરે અને જાય. આ એક ધર્મ ગુરુદેવે બતાવ્યો છે તે પ્રાપ્ત થયો તે મહાભાગ્યની વાત છે. ૧૪૦.

## તા. ૧૭-૦૩-૧૯૯૭, પ્રશ્ન-૧૪૦
## પ્રવચન નં. ૯૨

સ્વાનુભૂતિદર્શન, પાનું-૯૮, પ્રશ્ન-૧૪૦મો

'પ્રશ્ન :- શરીરમાં રોગ આવે ત્યારે શું કરવું? તે ફરમાવશો.'

પ્રતિકૂળતા થઈને, શારીરિક પ્રતિકૂળતા. અનેક જાતની પ્રતિકૂળતાઓ હોય છે એમાં આ એક અનિવાર્ય પ્રતિકૂળતા છે. વેદનીયની બે પ્રકૃતિ છે - શાતા અને અશાતા. અને બંને પ્રકારનો બંધ પડે છે, મનુષ્ય પર્યાયમાં બંને પ્રકારનો બંધ પડે છે. દેવ પર્યાયમાં એકલી શાતાનો, નારકીમાં એકલી અશાતાનો. મનુષ્ય પર્યાયમાં બેય હોય - શાતા પણ હોય અશાતા પણ હોય. એકલી શાતાનો જ બંધ હોય એવું ન બને. અશાતા આવવાની, આવવાની ને આવવાની જ - એવો નિશ્ચય રાખવો. હવે એ રોગ આવવાનો છે એ

વાત નક્કી છે. ક્યારેક કોઇ, ક્યારેક કોઇ, કયારેક કોઇ, ત્યારે શું કરવું જોઇએ મુમુક્ષુએ એનું સમાધાન માંગ્યું છે.

**'સમાધાન :- શરીર તો સ્વતંત્ર દ્રવ્ય છે.'** શરીર છે એ અનંત પરમાણુનો પીંડ છે અને એ સ્વતંત્ર છે. સ્વતંત્ર છે એટલે જીવની ઇચ્છાને અધીન નથી. મારી ઇચ્છા પ્રમાણે શરીર રહે એવું કોઇ દિવસ બનવાનું નથી એમ સમજી લેવું. અને અશાતા આવવાની છે. ઇચ્છા વિરુદ્ધ પણ અશાતા આવવાની છે. ગમે એટલું નિયમિત જીવન હોય, સાદો ખોરાક હોય તોપણ પૂર્વકર્મને લઇને રોગ આવ્યા વિના રહે નહિ. **'ગુરુદેવ ફરમાવે છે કે આત્મા જુદો છે અને શરીર જુદું છે.'** તીર્થંકરદેવ પણ એમ ફરમાવે છે, ગુરુદેવ પણ એમ ફરમાવે છે કે તું જુદો છો, તારું શરીર જુદું છે. જે તારું નથી એના ફેરફાર સાથે તારે શું લેવા-દેવા? એમ કહે છે. તો કે વાત તો ઠીક છે કે શરીર જુદું છે, એનો ફેરફાર સ્વતંત્ર થાય છે, પણ મને પીડા થાય છે ઇ વાંધો છે. પીડા થાય છે, દુઃખાવો થાય છે, મને તકલીફ થાય છે એટલે ભલે ઇ સ્વતંત્ર થઇને જુદું પરિણમે, જુદું રહે, જુદું હોય, એમાં કાંઇ મને વાંધો નથી આવતો - એવું માનવામાં, વિચારવામાં, સ્વીકારવામાં, પણ પીડા થાયને એની તકલીફ છે, ઠીક! કે પીડા થાય છે શરીરને.. અશાતાને લીધે થાય છે? કે હા! પર્યાય કોની તો કે શરીરની. તો શરીરની પર્યાયની પીડા તને શું કરવા થવી જોઇએ. જે પર્યાય તારામાં નથી એની પીડા તને કેમ થવી જોઇએ? કે એટલું બધું નજીક છે કે, એવું લાગતું નથી કે મારામાં પીડા નથી થતી. મારામાં પીડા થાય છે એવું જ લાગે છે! મને એની જ તકલીફ છે, એવો જ અનુભવ થાય છે કે, મારામાં પીડા થાય છે. તો ગુરુદેવ કહે છે કે ઇ તારી ભ્રાંતિ છે. આત્મામાં પીડા નથી થતી. આત્મામાં જાણવું થાય છે અને જ્ઞાનનું વેદવું થાય છે. આત્મામાં શું થાય છે?

મુમુક્ષુ :- પીડાનું જાણવું.

પૂજ્ય ભાઈશ્રી :- પીડાનું જાણવું અને જ્ઞાનનું વેદવું - આટલું જ આત્મામાં થાય છે. ભ્રાંતિગતપણે મને પીડા થાય છે એનું તને દુઃખ છે. તકલીફ શેની છે? જે ભ્રાંતિ થઇ કે મને પીડા છે એનું દુઃખ છે. બાકી ખરેખર દુઃખ નથી. જ્ઞાનીઓ તો, જ્ઞાનીના શરીરને પણ, જ્ઞાનીઓનું શરીર તો બોલવાની વાત છે, શરીર તો શરીરનું છે, પણ જ્ઞાનીના, જ્ઞાનીના આત્માના સંયોગમાં છે. એટલે જ્ઞાનીનું શરીર કહીએ આપણે. એ શરીરમાં પણ, જ્ઞાનીના સંયોગમાં જે શરીર છે એ શરીરમાં પણ (જોકે) જ્ઞાની પોતાનું માનતા નથી એટલે જ્ઞાનીનું આપણે ન કહેવું. ઠીક!

મુમુક્ષુ :- અન્યાય થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનીના આત્માના સંયોગમાં જે શરીર છે ઇ શરીરમાં પણ

રોગ આવે છે ને પીડા થાય છે પણ એ ભિન્ન રહીને જાણે છે. એમને દુઃખ નથી થતું. પીડાનું જ્ઞાન થાય છે પણ દુઃખ નથી થાતું. કેમકે નજીક છે એટલે જ્ઞાનમાં જણાય પણ દુઃખ ન થાય.

મુમુક્ષુ :- એ અમને કઈ રીતે ખબર પડે કે જ્ઞાનીઓને દુઃખ નથી થાતું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એવો પ્રયત્ન કરો ત્યારે ખબર પડે. ક્યારે ખબર પડે? પોતે એવા પ્રકારનો ભિન્ન રહેવાનો પ્રયત્ન કરે ત્યારે ખબર પડે ઈ. ત્યાં સુધી ખબર પડે એવું નથી. ત્યાં સુધી વાતો વાતો જ રહે એમ છે. જ્ઞાનીની પણ (આપણા માટે તો) વાતો જ રહે એવું છે.

મુમુક્ષુ :- ત્યારે જ્ઞાનીના પુરુષાર્થના દર્શન થાય એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્યારે પોતે એ પ્રકારના પુરુષાર્થે ચડે ત્યારે જ્ઞાનીપુરુષ (માત્ર) કહેતા નથી પરિણમે છે, કહેતી વખતે પરિણમે છે, એવા એને જ્ઞાનીપુરુષના પરિણામના દર્શન થાય છે. એને જ્ઞાનીના દર્શન કહેવામાં આવે છે. અને જ્ઞાનીના દર્શન થાય એટલે ઓળખાય એ વખતે, ત્યારે કેવા પરિણામ થાય એ ૫૨૨મો પત્ર(શ્રીમદ્ રાજચંદ્ર) વાંચી લેવો. આખો ૫૨૨મો પત્ર એના ઉપર છે. અને આપણે 'સમકિતનું બીજ'ના articleમાં એ વિષય ઘણો લીધો છે .

મુમુક્ષુ :- ભાઈશ્રી! તકલીફ જ્યાદા હો જાતી હૈ ફિર તો?

પૂજ્ય ભાઈશ્રી :- વહ તો ક્યા હૈ, કિ મેરેકો હોતી હૈ, ઉસમેં જ્યાદા-કમકી બાત તો ગૌણ હૈ. મેરેકો હોતી હૈ ઉસકા દુઃખ હુએ બિના નહીં રહેગા. કિસીકો જ્યાદા તો કિસીકો કમ હો હી જાયેગા.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ગુરુદેવશ્રીને બ્લડકેંસર હતું છતાં હસતા હસતા કહેતા હતા, સાવ લાઈટલી..

પૂજ્ય ભાઈશ્રી :- ઈ તો એમ બોલ્યા હતા. પહેલી વખત કીધું ત્યારે કે અહીંયાં તો કાંઈ ખબર પડતી નથી. તમે ક્હો છો એટલે હશે!

મુમુક્ષુ :- એક વખત હાથ બતાવ્યો હતો કે આમાં છે, મારામાં નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ તો એમ જ કહેતા પ્રવચનમાં કે આ શરીર છે ઈ જડ-માટીનું પૂતળું છે. માટી જ કહેતા, માટી છે. આપણે નથી કહેતા ભાઈ તમારી માટી પાકણી છેને? કોઈને સહેજ પણ ઘા પડે અને પાકી જાય, સેપ્ટિક થઈ જાય. જરાક વાગે ને સેપ્ટિક થઈ જાય એનો અર્થ શું કે તમારી માટી પાકણી લાગે છે, તો પાકી જાય છે વાત વાતમાં એમ. એમ આ માટી છે, માટી કહેવાની પદ્ધતિ છે આપણે ગુજરાતીમાં. માટી જ કહે છે. માટી માને મિટ્ટી. મિટ્ટી. વાસ્તવમેં મિટ્ટી હી હૈ.

મુમુક્ષુ :- જબ તક ભિન્નતા ભાસિત ન હો...

પૂજ્ય ભાઈશ્રી :- અંદરમેં અકેલા જ્ઞાનકો, ભિન્નજ્ઞાન કો, માત્ર જ્ઞાનકો પકડ કરકે, એકલા જ્ઞાનને પકડીને વેદે એટલે એમ લાગે કે મારામાં તો કાંઈ વેદના-બેદના છે નહિ, આમાં તો જ્ઞાનવેદન જ છે. આમાં કાંઈ વેદના, વેદનાનો પ્રવેશ થાય એવો અવકાશ પણ એમાં નથી. એમ છે.

મુમુક્ષુ :- બડા બજારમાં સોગાનીજીને મોટો છરો વાગી ગયો હતો તોપણ ક્યાં..

પૂજ્ય ભાઈશ્રી :- હા, ખ્યાલ પણ નહોતો આવ્યો. શું કહે છે? કે **'ગુરુદેવ ફરમાવે છે કે આત્મા જુદો છે અને શરીર જુદું છે. બંને દ્રવ્ય જુદાં-જુદાં અને સ્વતંત્ર છે.'**

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ વેદના છે તો ઈ વેદના જ એક તત્ત્વ છે, તત્ત્વ તરીકે જ જાણવું ને આમ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ આમ તો ગણીએ તો પાપનું ફળ છે એટલે એ તત્ત્વમાં, પાપ તત્ત્વમાં જાય. પાપ તત્ત્વમાં જાય અને આમ અજીવ તત્ત્વમાં જાય. જીવ અને અજીવ છે તો અજીવ તત્ત્વમાં જાય. અજીવ અને પાપ - બેમાં જાય.

મુમુક્ષુ :- એ રીતે ભિન્ન જોવાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હા.

મુમુક્ષુ :- એ દૃષ્ટિ કેળવવવાની છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ.

મુમુક્ષુ :- આપ કહો છો વેદનામાં આવો, વેદનામાં આવો અને...

પૂજ્ય ભાઈશ્રી :- ઈ વેદના શરીરની નથી. ઈ વેદના પરિભ્રમણની ચિંતાવાળી છે. ઈ બીજી વાત છે. શબ્દ ઈ ને ઈ છે. (પણ) બે વાત એક નથી. અહીંયાં શરીરની અશાતાની પર્યાયની વાત ચાલે છે. એ એકના એક શબ્દનો જુદી-જુદી જગ્યાએ જુદો-જુદો અર્થ થાય છે. જ્યાં જે પ્રકરણ ચાલતું હોય ઈ સમજવાનું.

મુમુક્ષુ :- વેદના અજીવ તત્ત્વમાં છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, કેમકે શરીર અજીવ છેને. ઈ શરીરની પર્યાય છે એટલે અજીવ તત્ત્વમાં જાય છે અને પાપનું ફળ છે. પૂર્વે કરેલા પાપનું ફળ છે માટે તેને પાપ તત્ત્વ, નવ તત્ત્વમાં એક પાપ તત્ત્વ છે એમાં જાય છે.

મુમુક્ષુ :- ઊંધી practiceથી ઘેરાઈ ગયેલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ, ભ્રાંતિથી વીંટાઈ ગયો છે આખો. ભ્રાંતિમાં આવી ગયો એટલે દુઃખી થાય છે. બાકી ખતવણી કરવી હોય, તાત્ત્વિક દૃષ્ટિએ ખતવણી કરવી હોય તો અજીવ અને પાપ - બે તત્ત્વમાં એનો સમાવેશ થઈ જાય છે. એ બે ખાતામાં

ખતવી નાખો.

મુમુક્ષુ :- શરીરને તો વેદનાની ખબર પડતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે જીવને જાણવું થાય છે. પણ જાણવું બે પ્રકારે થાય ભ્રાંતિગતપણે અને નિભ્રાંતપણે. તો ભ્રાંતિગતપણે જાણે ત્યારે મને થાય છે એમ જાણે. નિભ્રાંતપણે જાણે ત્યારે શરીરને થાય છે એમ જાણે. હવે ભ્રાંતિની પરિસ્થિતિ કેવી ખરાબ છે? આ માણસ કહે છેને મને ભૂત વળગ્યું, એવી ખરાબ છે. કેવી બધી ચેષ્ટા કરે? ભયંકર ચેષ્ટા કરેને? ક્યારે શું કરે ઈ કોઈ ઠેકાણું જ ન રહે. actually કાંઈ નથી, ભ્રાંતિ સિવાય કાંઈ નથી. આ કોઈ આત્મામાં બીજો આત્મા વળગે એવી કોઈ પરિસ્થિતિ નથી. શરીરમાં કોઈને આવવાની જગ્યા નથી. no vaccum. આત્મામાં આવવાની કોઈની જગ્યા નથી, કોઈ vaccum નથી. ખાલી જગ્યા નથી, અવકાશ નથી. પણ જ્યારે જીવને ભ્રાંતિ થાય છે, ત્યારે એ ભ્રાંતિમાં કેવા-કેવા પરિણામ કરે છે એનું પોતાને ભાન ન રહે. એમ આ પણ ભ્રાંતિ છે, એમાં સ્વરૂપનું ભાન ભૂલ્યો છે. પેલામાં 'હું માણસ છું' ઈ ભાન ભૂલ્યો છે, 'હું ભૂત છું' એમ છે. અહીંયાં 'હું આત્મા છું' ઈ ભાન ભૂલ્યો છે. 'હું માણસ છું,' હું ફલાણો ફલાણો માણસ છું - પછી એ આખા જગતની ઉપાધી માથે લઈને ફરશે.

મુમુક્ષુ :- તો શું ભૂત જ વળગ્યું છે અમને લોકોને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, મિથ્યાત્વનું ભૂત જ વળગ્યું છે. બીજું કાંઈ નથી. એને એ દુઃખી કરે છે. ધુણાવે છે. જેમ ઓલું ભૂત ધુણાવે એમ આ ભૂત પણ એને ધુણાવે છે. હું ફલાણો, આ મારા, એને કંઈક થાય તો મને કાંઈક થાય. એનામાં ફેરફાર થાય તો મને કંઈક દુઃખ થઈ જાય. એવું ધુણવાનું શરૂ થઈ જાય છે, બાકી વાતમાં કાંઈ માલ નથી.

મુમુક્ષુ :- પણ ભાઈશ્રી! આમ બીજાનો પ્રવેશ તો જોવામાં આવે, બીજા આત્માનો પ્રવેશ જોવામાં આવે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, કોઈકનો પ્રવેશ? કોણે જોયો? કોણે જોયો?

મુમુક્ષુ :- આમ એના શરીરમાં બીજો આત્મા પ્રવેશેને?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, કોઈ આત્મામાં કોઈ આત્મા પ્રવેશતો નથી.

મુમુક્ષુ :- શરીરમાં પ્રવેશે છે?

પૂજ્ય ભાઈશ્રી :- શરીરમાં જગ્યા નથી ને આત્મામાં પણ જગ્યા નથી. ક્યાં રહે? કોઈ આત્મા કોઈ આત્મામાં પ્રવેશે નહિ. એને એવી ભ્રાંતિ થઈ ગઈ છે. સાઈકોલૉજીકલ છે એ સ્થિતિ. કેવી છે? માનસિક રોગની સ્થિતિ છે ઈ. એ માનસિક રોગ છે કે માણસ

ગાંડો થાય છે. માનસિક રોગથી શું થાય છે? ગાંડો થાય છે. ઈ પણ ભૂતની જેમ કરે છેને? ગાંડો થાય એ માણસ શું કરે? ગમે તે કરી દ્યે. એમ ભૂત વળગે એ ગમે એમ કરી દ્યે. બેય માનસિક રોગ છે. માનસિક રોગના પણ ઘણા પ્રકાર છે. એ ને આ બેય માનસિક રોગના પ્રકાર છે. બીજું કાંઈ જ નથી. કોઈ વળગે-ફળગે એવી કાંઈ વાત નથી. પણ એવી બધી વાતોમાં રસ લીધો હોય અને એવી રીતે પોતે ભય પ્રકૃતિને વધારે પોષી હોય અને ભય પ્રકૃતિ તીવ્ર થઈ ગઈ હોય પછી એમાં ક્યારેક કલ્પના કરી લ્યે. તમે જુઓ ભૂત વળગે છેને જેને એમાં મોટાભાગના બૈરાઓ હશે, સ્ત્રીઓ હશે, પુરુષો ઓછા હશે. બરાબર છે? એનું શું કારણ? કે એ લોકોને ભય પ્રકૃતિ વધારે હોય છે. સ્ત્રી પર્યાયમાં ભય પ્રકૃતિ વધારે હોય છે. પુરુષ પર્યાયને એટલી ભય પ્રકૃતિ હોતી નથી. એટલે જેનું મન નબળું એને એ રોગ થાય. માનસિક રોગ કોને થાય? મન નબળું હોય એને. આ માણસ લાંબો ટાઈમ માંદો રહેને તો માનસિક રોગ થઈ જાય. હું માંદો છું એમાંથી મન નબળું પડી જાય તો ઘણાને એવી રીતે રહે. અમારે એક સગા હતા. કે અમથા-અમથા નાડ લઈને બેસી જાય પોતાની ને પોતાની. મૂળ તો શું છે ગેસ થતો હતો, બીજું કાંઈ થતું નહિ. ઈ ગેસ થાય એટલે બેચેની રહે, છાતીમાં ક્યારેક ભરાય, ક્યારેક માથામાં ભરાય બેચેની રહે. નાડ લઈને બેસી જાય. હવે નાડના ધબકારામાં તો ફેર નથી પડ્યોને. હું મરી જઈશ તો? નાડ, પોતાના નાડના ધબકારા ગણવા મંડે. મન નબળું પડે ત્યાં કાંઈ ઠેકાણું રહે નહિ. આવું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મન નબળું હોય એને હિપ્નોટાઈસવાળા વળગાડી દે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વળગાડી દે.

મુમુક્ષુ :- હવે ઈ કયાં ક્યાંથી લાવ્યું ને ક્યાંથી કાઢ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નહિને! જે કહે ઈ કહે. જે કહે ઈ કરવા મંડે ઈ. નબળા મનવાળા હોય તો એ બાળકોને, સ્ત્રીઓને ઉપાડી જ જાય છેને. નબળા મનવાળાને ઉપાડી જાય છે લોકો.

મુમુક્ષુ :- એવા પ્રયોગ પણ જોવામાં આવ્યા છે કે, કાચ ખાય જાય આ લોકો, સૂયા ફેરવે..

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગમે ઈ કરી જાય, ગમે ઈ. એને કાંઈ ખબર જ ન પડેને પછી ભૂલી ગયો. એને ઈ બધું, ઈ બધું સાંભળ્યું હોય એવું બધું કરવા મંડે. એને ખબર ન હોય. જ્યારે એનું ભૂત ઉતરી ગયું, નિર્ભ્રાંતદશા થઈ, ભ્રાંતિ ગઈ પછી એને તમે કહો કે તમે આમ કરતા હતા, તો કહે મને કાંઈ ખબર નથી એમ કહેશે. શું કહેશે? મને કાંઈ ખબર નથી. મેં એવું કાંઈ કર્યું હોય તો મને કાંઈ ખબર નથી. કેમકે, એ

ભૂલી ગયો છે કે હું ફલાણો છું. એવું મન નબળું પડે પરિણામ જ્યારે બગડી જાય ત્યારે, કેટલી હદે બગડે છે? અને પરિણામ જ્યારે મજબૂત થાય, તાકાત આવે, ત્યારે એને આપણે ભાવલિંગી દિગંબર મુનિ જોઈ લ્યો! ગમે એવા બાવીસ પ્રકારના પરિષહ છે, કાંઈ થાય?

મુમુક્ષુ :- કાંઈ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મામાં શક્તિ આવી ગઈ. શરીરનું ગમે ઈ થઈ જાય એને કાંઈ ન થાય. ગજસુકુમારની દશા જોઈ લ્યો. કાંઈ ન થાય. સુકુમાર મુનિ જુઓ! ગજસુકુમાર જુઓ! કાંઈ ખબર જ ન પડે એને. એક બાજુ એ પણ જીવ છે, પણ એણે આત્માની શક્તિ કેળવી છે, ઓલાએ આત્માની શક્તિને નબળી પાડી દીધી છે. પરિણામ જ્યારે નબળા પડે ત્યારે આવા નબળા પડે ને બળવાન થાય ત્યારે આવા બળવાન થાય. બેય વાત આપણે સમજી શકીએ એવું છે. આપણે દશા કેળવવી જોઈએ. તાત્પર્ય એ છે કે આપણે દશા કેળવવી જોઈએ. પરિણામ નબળા પડે એ રસ્તો મૂકી દેવો. પરિણામ બળવાન થાય એ રસ્તો પકડવો. રસ્તો કહો માર્ગ કહો કે ઉપાય કહો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મમત્વને લઈને પરિણામ નબળા પડે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, નબળા પડે. મમત્વને લઈને, મમત્વથી નબળા પડે, પરલક્ષથી નબળા પડે, અજ્ઞાનથી નબળા પડે.

મુમુક્ષુ :- પરની આધારબુદ્ધિથી નબળા પડે.

પૂજ્ય ભાઈશ્રી :- આધારબુદ્ધિથી નબળા પડે. આ બધા દેવ-દેવલાને કેમ માનવા મંડ્યાં? આધારબુદ્ધિથી. ઈ મારો આધાર. અમારે એક સબંધી છે એ એટલા બધા દેવ-દેવલાને માને, એના ઘરમાં એક લાકડાનું મંદિર જેવું બનાવ્યું છે. એમાં સાત-આઠ-દસ જાતની માતાજીઓ અને સાંઈબાબા ને ગણપતિ ને હનુમાનજી ને બધું રાખે. પરિણામ એટલા બધા નબળા પડવા મંડ્યાં, પડી ગયા છે. છે અત્યારે. ઈ ઘરની બહાર નીકળે... આપણે ગમે એના દર્શન કરીને જાવું (એટલે) વળી બારણાંથી પાછા ફરે, વળી દર્શન કરે એટલે આમ (હાથ જોડીને) આવે. આમ હાલતાં-હાલતાં. વળી બહાર જાય, વળી પાછા અંદર આવે, વળી બહાર જાય, એવી રીતે ત્રણ-ચાર વખતે કરે પછી જાય. એને શું બીક લાગે? કે હું બહાર જાવ છું ને, એ સહિસલામત પાછો તો આવીશ ને? મુંબઈમાં રહે છે. એ તો ગમે ત્યાં રહે પછી ઈ જ પરિસ્થિતિ થાય. અત્યારે ટ્રાફિક વધી ગયો છે. આપણે કાંઈ સાજા-સારા પાછા આવશું ને? અથવા જે કામે નીકળ્યા છીએ, એ કામ સફળ તો થશે ને? ને સફળ ન પણ થાય. ન થાય એટલે વળી પાછો એક-બે નાળિયેર માની લ્યે, દીવા માની લ્યે, કાંઈક કરી લ્યે પાછો. એવું બધું હાલતું જ

હોય એનું. પણ એના ઘરમાં કો'ક મહેમાન આવે ઈ સમજી જાય. આ કેમ ગાંડાની જેમ આવું કરે છે? તો કહે એને એવું જ છે, કે હવે ઈ એમ જ કરશે. એને ગમે એટલું સમજાવે એ ન માને. એનું મન જ નબળું પડી ગયું. શું થયું? મન નબળું પડી ગયું. હું એક વખત પગે લાગ્યો પણ હવે પાછું ફરીને બરાબર નહિ હોય તો? ના ફરીને, ફરીને, ફરીને એમ ત્રણ વખત, ચાર વખત કરે.

મુમુક્ષુ :- મોહમ્મદ ગજની હતો એણે સોમનાથ ઉપર અઢાર વખત ચડાઈ કરી અને મંદિર તો તોડ્યું પણ શિવલીંગને પણ તોડી નાખ્યું, એ ય માણસ હતો ને આ પણ માણસ હતો.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ ક્રુરતાના પરિણામ હતા. એના ક્રુર પરિણામ હતા એટલે માણસના ખૂન કરે, લડાઈ કરે, મંદિરો તોડે, કઠોર પરિણામ થઈ ગયા.

મુમુક્ષુ :- એમાં એનું કહેવાનું કે ભગવાને એને તો કંઈ કર્યુ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ તો સવાલ જ નથીને, ભગવાન કાંઈ કરે ઈ પ્રશ્ન છે નહિ. ઈ કોઈ પ્રશ્ન, વસ્તુસ્થિતિ જ નથી. અને એ ઈતિહાસ પાછા એ ભણીને જ મોટા થયા હોય કે મોહમ્મદ ગજનીએ સોમનાથનું મંદિર તોડેલું અને છતાંય ભગવાન કાંઈ ન કરી શક્યા ઈ એને ખબર છે. તોપણ તે એના ઘરમાં તો ઈ જ કર્યાં કરે. ઈ કોઈનું માને નહિ ને સાંભળે નહિ.

મુમુક્ષુ :- હમારે સમધિને ઘરમેં રામદેવજીકા મંદિર બનાયા હૈ, નલ નહીં આયે તો વહાઁ જાકર હાથ જોડે કિ આજ નલ નહિ આયા...

પૂજ્ય ભાઈશ્રી :- મન નબળું પડે એટલે શું કરે? રામદેવપીર. આ પીરને તો મુસલમાન (લોકો) માને. પીર એટલે મુસલમાનના દેવતા. એનેય માને. કાંઈ ઠેકાણું નથી જીવનું. એટલો બધો નબળો થઈને ગરજવાન થઈ જાય છે કે, મેલડી મળે તો મેલડીને માને ને, પીર મળે તો પીરને માને.

મુમુક્ષુ :- હમારે બેનકી બેટીકા લડકા ગુજર ગયા તો રામદેવજીકે પાસ જાકર સિરફોડકે રોયે, મૈં તો તુમ્હેં ઈતના માનતી હૂઁ તો યે કૈસે મર ગયા? ઓળિયો-ઘોળિયો છેલ્લે ભગવાન ઉપર આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા! અરે, ભગવાનને પાછી ગાળું દે છે. બહુ ગુસ્સો, ક્રોધની પ્રકૃતિ થઈ જાયને, આ તો તું કેવો છો? તને કાંઈ દયા છે કે નહિ? એમ કરીને બે-ચાર ગાળું બોલી જાય. ગાલિયાં દે દેવે. સુના હૈ હમને તો. શું કરે? ઉનકી જો ન માને તો શું કરે? આ બધું છે. જીવના પરિણામના કાંઈ ઠેકાણા નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરલક્ષસે કિસ પ્રકાર નબળા પડ જાતા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- પરલક્ષમેં ક્યા હૈ કિ વો દૂસરોંકા જો દેખા કરતા હૈ તો ઉસમેં ક્યા હૈ કિ શક્તિ બઢેગી કે શક્તિ ઘટેગી? વહ સબ નુકસાનકા હી ધંધા હૈ. '**બંને દ્રવ્ય જુદાં-જુદાં અને સ્વતંત્ર છે. શરીર શરીરનું કામ કરે છે, આત્મા પોતાનું કામ કરે છે.**' બેય પરિણમનશીલ છે. બન્ને પોતપોતાના કાર્યો કરે છે. '**સંકલ્પ-વિકલ્પ જે થાય છે તે પણ પોતાનું સ્વરૂપ નથી, તો શરીર ક્યાં પોતાનું હતું? તે તો પરદ્રવ્ય છે.**' વિચારથી તો સમજવું એટલું અઘરું નથી. એ તો ગુરુદેવે બહુ ન્યાય અને યુક્તિથી બધું સિદ્ધ કર્યુ છે એટલે, નહિતર બીજાને તો એ પણ બેસતું નથી. પણ જો એ પ્રયોગમાંથી પરિણમનમાં ન ઉતારે તો એ માત્ર સમજણ એને શાંતિ નથી આપતી. એ સમજણ શરીરની અશાતા વખતે અદ્ધર રહી જાય છે અને જીવ એ અશાતામાં અભેદભાવ કરીને દુઃખ ભોગવે છે. એટલે દુઃખથી છૂટી નથી શકતો. દુઃખથી છૂટવું હોય એને એ સમજણને પ્રયોગ કરીને લાગુ કરવી. જ્યારે-જ્યારે અશાતા આવે ત્યારે-ત્યારે એ પ્રકારનો પ્રયત્ન કરવો, એ પ્રયાસ કરવાથી ફેર પડશે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! થોડી અશાતા આવે તો જીવ સહન નથી કરી શકતો તો ભયંકર અશાતા વખતે શું કરશે?

પૂજ્ય ભાઈશ્રી :- એ બહુ દુઃખી થાશે. મૂર્છા ખાય જશે. બહુ અશાતા આવશે તો મૂર્છા ખાય જશે.

મુમુક્ષુ :- બીજી જગ્યાએ તો સમજણથી મિથ્યા સમતા પણ કરે જ્યારે અશાતામાં તો જોડાય જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અશાતામાં તો ઉપયોગ એવો ચોંટી જાશે, મૂર્છિત થઈ જઈશ તું. એટલે અત્યારથી તું તૈયારી કરી લે. આગળથી તૈયારી કરી લે. આગોતરી તૈયારી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં તો વસ્તુસ્થિતિને દેખાડી છે કે વસ્તુસ્થિતિ આ છે. તો વસ્તુસ્થિતિને અનુભવગોચર કર તું. કામ તો આટલું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ, વસ્તુસ્થિતિને જાણીને અમલીકરણ કર. '**શરીરના અને આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે.**' શરીરના અને આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે. એટલે સર્વથા જુદો છે. શરીર સર્વથા.. દરેક ક્ષેત્ર-કાળ-ભાવ એટલે સર્વથા જુદું છે. કોઈ પડખેથી ચારે પડખામાંથી કોઈ પડખે સબંધ નથી. '**આત્મા સ્વતંત્ર પદાર્થ છે, તેની ભાવના આત્મામાં કરી શકાય છે.**' આત્મા સ્વતંત્ર છે એમ ભાવવું. ભાવનાથી શરૂ થાય છે.

મુમુક્ષુ :- પોતાપણે ભાવવું.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાપણે ભાવવું, (શરીરથી) ભિન્નપણે ભાવવું, એની સ્વતંત્રતાને

ભાવવી. વિચારવું ન લીધું, તેનો વિચાર આત્મામાં કરી શકાય છે એમ ન કીધું. શું કીધું? એની ભાવના આત્મામાં કરી શકાય છે. ભાવના અને વિચારમાં ફેર કેમ પાડ્યો? કે વિચારમાં feeling પરિસ્થિતિ નથી આવતી. ભાવનામાં feeling થાય છે.

મુમુક્ષુ :- રસ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનામાં લાગે છે અને એનો રસ આવે છે. વિચારમાં લાગતું નથી. વિચારાય છે પણ લાગતું નથી. એટલે એ વિચાર કોરો રહી જાય છે. એને શુષ્કજ્ઞાન કહે છે. કોરું જ્ઞાન રહી જાય છે. એટલે જ્ઞાનીઓ feeling stageમાં લઈ જવા માટે ભાવનાની વાત કરે છે.

મુમુક્ષુ :- એકમાં involvement છે ને એકમાં involvement નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નથી. એટલે વિચાર તો પરપદાર્થનો કરી શકે એવી રીતે આત્માનો વિચાર કરે.

મુમુક્ષુ :- third personની જેમ.

પૂજ્ય ભાઈશ્રી :- third personની જેમ. **'તેની ભાવના આત્મામાં કરી શકાય છે. હું જ્ઞાયક છું, શાશ્વત છું, અનંત સુખથી ભરેલો છું એવી તેની ભાવના કરવી, તેના વિચાર કરવા, આત્માનું સ્મરણ કરવું.'** હું જ્ઞાયક છું. આત્મભાવનાની વાત લીધી છે. હું શાશ્વત છું. અનંત સુખથી હું ભરેલો છું. એવી ભાવના કરવી. એટલે એવું feel કરવું.

મુમુક્ષુ :- પછી અનંત સુખથી ભરેલો છું એ કઈ રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- હવે જુવો! જોયા વિના જીવને વિશ્વાસ આવે એવું નથી. પાકો છે પોતે. જોવે તો માને, નહિતર તીર્થંકરનું પણ માને નહિ. તો ક્યાં જોવાનું છે? પોતામાં જોવાનું છે કે તારા જ્ઞાનને જો, તારું જ્ઞાન સતતપણે તારા આત્મપ્રદેશોમાંથી બહાર આવી રહ્યું છે. એ જ્ઞાન રાગરૂપે થયું નથી, કષાયરૂપે થયું નથી. દુઃખ અને આકુળતા તો કષાયમાં છે. જ્ઞાન કષાયના અભાવ સ્વરૂપે છે એટલે આકુળતાના અભાવ સ્વરૂપે છે. આકુળતાનો અભાવ એનું નામ સુખ છે. સુખને નાસ્તિથી કહેવું હોય તો કેવી રીતે કહેવાય? આકુળતાનો અભાવ. અસ્તિને તું ન સમજી શકતો હોય તો નાસ્તિથી સમજ. કેમકે આકુળતા તો તને વેદાય છે. એમ તને સમજાય છે તો એના અભાવને સમજ. સદ્ભાવ ઉપરથી અભાવને સમજ. જીવના મતિશ્રુત જ્ઞાનમાં સદ્ભાવ ઉપરથી અભાવને જોવાની શક્તિ છે. સદ્ભાવ ઉપરથી સદ્ભાવને તો જોવાય પણ અભાવને જોવાની પણ શક્તિ છે.

મુમુક્ષુ :- કેવી રીતે જોવાય?

પૂજ્ય ભાઈશ્રી :- એવી રીતે કે આ મારું ઘર છે. મારું ઘર છે એનો અર્થ શું

છે? કે બાજુમાં જે પાડોશી રહે છે એનું નથી. દસ્તાવેજ કેવી રીતે કરાવો છો? કે મેં જે મકાન ખરીદ્યું એની ચતુર સીમા આ પ્રકારે છે. પૂર્વે રસ્તો છે, કોઈનું મકાન આવેલું નથી તેથી પૂર્વમાં કોઈનો હક લાગુ પડતો નથી. પશ્ચિમમાં ફલાણા-ફલાણા નંબરનું ઘર છે, એમાં હાલમાં ફલાણા રહે છે. કારણ કે એ તો ફેરફાર થયા કરે, વેંચી નાખે તો? તો કે એનો પણ હક હિસ્સો લાગુ પડતો નથી. કેમકે આ બાજુ મારા ભાઈ રહે છે પણ એ હાલમાં રહે છે એનો પણ કોઈ હક હિસ્સો એમાં લાગુ પડતો નથી. એમ ચતુર સીમા કેવી રીતે લે છે. સદ્‌ભાવમાં અભાવ જોઈને નક્કી કરે છે કે નહિ? અભાવ નક્કી કરે છેને, ત્યારેજ પાક્કું થાય ને?

મુમુક્ષુ :- હા, ત્યારે જ પાક્કું થાય.

પૂજ્ય ભાઈશ્રી :- એમ મારા જ્ઞાનમાં મારું જ્ઞાન જ છે. મારા જ્ઞાનમાં શરીર નથી. મારા જ્ઞાનમાં રાગ નથી તેથી મારા જ્ઞાનમાં આકુળતા નથી. આકુળતા દુઃખ છે અને દુઃખનો અભાવ તે સુખ છે. નક્કી થાય કે ન થાય?

મુમુક્ષુ :- ચોક્કસ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- મારામાં મારું જ્ઞાન છે, અકષાયપણે છે, તેથી દુઃખના અભાવપણે છે તેથી સુખ સ્વરૂપ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! યે દૃષ્ટાંત હિંદીમેં દીજિયે હમ સમજે નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- જૈસે અપને મકાન હૈ, ઉસકે દસ્તાવેજમેં ચતુર સીમા લિખાતે થે ન? ચારોં ઓર ક્યા બાત હૈ? તો જો ભી લોગ રહતે હૈં, ઉનકા કોઈ અધિકાર નહીં હૈ, ઐસા હમ પક્કા કર લેતે હૈં. તો વો ક્યા હૈ, કિ હમ ગુજર જાયે તો બાદમેં વો દસ્તાવેજમેં ઝગડા પડ જાયે આડોશી-પાડોશી કે સાથ તો કહે કિ, દેખો મેરે પિતાજી ક્યા લિખકે ગયે. અભી તો નહીં લિખા ન? કિતને સાલ પહલે લિખા હૈ? કિ ઈતની-ઈતની જમીન હૈ, ઉસકે બાદ જો યે રહતે હૈં ઉનકા કોઈ હક-હિસ્સા ઈસમેં લાગૂ નહીં હોતા. ઔર પરિવારવાલે રહતે હૈં ઔર વો જો હૈ, હિસ્સા કાટ કરકે ઉસકો દે દિયા વો ભી દસ્તાવેજમેં લિખકે ગયે કિ, ઈસમેં ઈસકા અધિકાર નહીં. ઈસમેં અધિકાર નહીં હૈ, ઉસ તરહસે. તો અસ્તિમેં નાસ્તિકા જ્ઞાન કરાયા કે નહીં કરાયા?

ઐસે નાસ્તિમેં અસ્તિકા જ્ઞાન હોતા હૈ કિ, મેરેમેં જો રાગાદિ ભાવ હૈ, વો મેરે જ્ઞાનમેં નહીં હૈ. રાગમેં આકુલતા હૈ, જ્ઞાનમેં નિરાકુલતા હૈ. વહી સુખકા સ્વરૂપ હૈ. નિરાકુલતા હૈ વહી સુખકા સ્વરૂપ હૈ. ઔર વો અનંતકાલસે જ્ઞાનકા પ્રવાહ અંદરસે આતા હૈ તો અનંત જ્ઞાન ભરા હૈ, તો અનંત સુખ ભી ભરા હૈ, ઈસ તરહસે અપને પરિણમનકે આધારસે અપને સ્વરૂપકા નિશ્ચય હો સકતા હૈ. વો નિશ્ચયકો બીજજ્ઞાન કહેનેમેં આતા

હૈ. વહ દૂસરા સમકિત હૈ ઐસે.

**'હું જ્ઞાયક છું, શાશ્વત છું, અનંત સુખથી ભરેલો છું એવી તેની ભાવના કરવી,..'** ભાવના કરવી. પોતાપણે ભાવવું. પોતામાં પોતાના અસ્તિત્વને જોઈને, પોતાપણે ભાવવું. **'ભાવના કરવી, તેના વિચાર કરવા, આત્માનું સ્મરણ કરવું.'** જ્યાં સુધી લક્ષ ન બંધાય ત્યાં સુધી વિચાર અને સ્મરણ અને ભાવના ચાલુ રાખો. લક્ષ બંધાશે એટલે પરિણતિ થઈ જશે. પછી વાંધો નથી. **'તેના માટે તે જાતનું ચિંતવન-વાંચન કરવું.'** હવે આટલા જે બોલ લીધા છે એમાંથી તાત્પર્ય શું નીકળે છે? એ વિચારવા જેવું છે. કેટલા બોલ લીધા? ભાવના કરવી, વિચાર કરવા, સ્મરણ કરવું, એ જાતનું ચિંતન અને વાંચન કરવું. તો અહીંયાં એ stageમાં આવેલા જીવની વાત છે. જેને જે stage ન આવતું હોય એને એ stageની ભાવના, એ stageનો વિચાર, એનું સ્મરણ, એનું ચિંતન, એનું જ વાંચન- એ જ કરવું જોઈએ તો એ આવશે. એક લયથી, એક લક્ષથી, એક ધ્યેયથી, એક નિષ્ઠાથી. જો જે stageમાં પ્રવેશ કરવાનો છે એના જ પરિણામ આ પ્રકારે કરે ભાવનાથી તો આવ્યા વગર રહે નહિ. વેદનામાં હોય તો વેદના, લક્ષમાં હોય તો લક્ષ. ભેદજ્ઞાન કરવું હોય તો ભેદજ્ઞાન, અવલોકન કરવું હોય તો અવલોકન. એક લયથી ચાલે એટલે એની પરિણતિ બન્યા વગર રહે નહિ. પરિણતિ બની ગઈ એટલે એક શક્તિ આવી ગઈ. એ ઉપદેશ પરિણમ્યો. પરિણતિ થઈ ગઈ એટલે ઉપદેશ પરિણમ્યો. ઉપદેશ પરિણમે ત્યાં એનું ફળ સુખ-શાંતિ છે. ઉપદેશ પરિણમે એનું ફળ સુખ-શાંતિ છે. બસ! એ પ્રયોજન છે જીવને. બીજું શું પ્રયોજન છે? એટલે આટલા જે શબ્દો લીધા એની પાછળ તાત્પર્ય આ કાઢવું.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરિભ્રમણની વેદના માટે આ બધા કેવી રીતે લાગુ પડે? પાછી એની ભાવના લીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો પરિભ્રમણ(ની ચિંતના)માં હું આવ્યો નથી. મોટાભાગના મુમુક્ષુની ઈ સ્થિતિ છે, તો એણે પરિભ્રમણના જ વિચાર કરવા, પરિભ્રમણ feel થાય એ રીતે જ પોતાના પરિણામને જોવા. કે આ જેટલા જેટલા હું ઉદયની અંદર અજ્ઞાન અને મિથ્યાત્વથી, એકત્વભાવે એકત્વબુદ્ધિથી પરિણામ કરું છું એમાં મારું પરિભ્રમણ છે (એમ) એને દેખાવું જોઈએ, ભાવવું જોઈએ, એને feel થવું જોઈએ. ભાવવું એટલે? feel થવું. એના જ વિચાર કરવા, એનું જ સ્મરણ કરવું. એ જ સંબંધીનું ચિંતન અને વાંચન કરવું. બીજો વિષય ન લેવો. બીજા વિષયમાં રસ લેશો તો ઓલી જે લય છે એ તૂટી જશે. એક લયે પરિણામ થયા વિના એની પરિણતિ થતી નથી અને કામ થતું નથી. કામ નથી થતું એનું આ કારણ છે.

મુમુક્ષુ :- એટલે ભાઈશ્રી! કીધુંને 'આજ્ઞામાં એકતાન થાવું'.

પૂજ્ય ભાઈશ્રી :- આજ્ઞામાં તો એમ કહે કે તારે પરિભ્રમણની ચિંતામાં આવવાનું છે તો આ રીતે એકતાન થઈને આવ. એકતાન થવું એટલે એક લયથી એની અંદર એ કામે લાગી જવું. એનું નામ એકતાન થવું છે. એક લયથી, એક કામે લાગી જવું એનું નામ એકતાનપણું છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એક મુમુક્ષુ હમણા કહેતા હતા બોમ્બેમાં કે પરિભ્રમણના એના એ વિચારો ચાલ્યા કરે ને ત્યારે જ એની વેદનાનો ઉદય આવશે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર, નહિ આવે. ઈ તો બીજા ઉદયમાં રસ લે છે (એટલે) પરિભ્રમણ દેખાતું નથી. રસ લ્યે છે ત્યારે પરિભ્રમણ દેખાતું નથી તો એની વેદના આવશે નહીં અને વેદના નહિ આવે તો આગળનું કોઈ કામ થાવાનું (નથી), એકડો નથી આવડતો એને બીજું શું આવડે? એને બીજું કાંઈ આવડવાનું નથી. એકડો સાદામાં સાદો છે. પછી બીજા બગડાથી બધા વળાંક વધતાં જાય છે. સાદામાં સાદો એકડો છે, એ ન આવડતો હોય તો બગડો ક્યાંથી આવડવાનો હતો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં તો શ્રદ્ધાની વાત આવી.

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધા તો શું છે, કે આ પ્રકારે એક લયથી ચાલે એટલે મિથ્યા શ્રદ્ધા મંદ પડે એમ. એ આપોઆપ છે. મિથ્યાત્વને નબળું પાડે અને અભિપ્રાયમાં ફેર પડે. તો હવે એની સામે પ્રશ્ન ઉઠાવ્યો છે કે-

**'મુમુક્ષુ :- શારીરિક તકલીફ-આંખની તકલીફ-છે તે કારણે વાંચન ન થઈ શકે તો શું કરવું?'** કે, આ તો બાહ્ય ક્રિયા છે. વાંચન છે એ બાહ્ય ક્રિયા છે. શરીરની તકલીફને લઈને માણસ પુસ્તક લઈને વાંચવા ન બેસી શકતો હોય, આંખની તકલીફને લઈને વાંચી ન શકતો હોય તો શું કરવું? તો સાંભળવું. પ્રયોગ કરવો. સ્મરણ કરવું એમાં તો કાંઈ વાંધો નથી. પ્રયોગ તો... માંદા હોય ત્યારે આવા કાંઈ વિચારો થઈ શકતા નથી. સાજા થઈએને તો કાંઈક આપણે વિચાર કરીએ. હવે દુખાવો થતો હોય એમાં આ બધા વિચાર ક્યાંથી કરવા? તો કે ઉભો રહે, તને દુખાવો થતો હોય ત્યારે પચ્ચીસ વર્ષથી ખોવાયેલો છોકરો આવ્યો હોય તો ઈ વખતે દુખાવો ક્યાંય ચાલ્યો જાય? હરખ થાય કે ન થાય?

મુમુક્ષુ :- હરખ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- પછી દુખાવો હોય ને ખાટલે પડ્યો હોય, એમાં એમ કહે કે ભાઈ બહુ તમારા લાભની વાત કરવા આવ્યો છું. હેં.. હેં.. બોલો બોલો, ત્યારે એમ થઈ જાય. કેટલો લાભ? તો કે પચ્ચીસ-પચાસ લાખનો. સીધો જ તે, એક જ દિવસમાં.

તો કે અહોહો! એમ વાત છે! ક્યાં ગઈ માંદગી?

મુમુક્ષુ :- બેઠો થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- બેઠો થઈ જાય. ઈ વખતે એમ નથી કહેતો, કે ભાઈસાબ હું માંદો છું ને અત્યારે વાત રહેવા દો. હું સાજો થાવ પછી પચાસ લાખ મને કેવી રીતે મળે એ વાત કરજો. અત્યારે રહેવા દો. એમ કહે? ન કહેને! ત્યારે તારા અનંતકાળનું સાજું થાય ઈ વાત કરવા આવે ત્યારે તું એમ કહે છો કે હું માંદો છું, સાજો થાવ પછી મને વાત કરજો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! થોડુંક પેટમાં દુખતું હોય, થોડુંક માથું દુખતું હોય, પણ જો સારો બિઝનેસ થાયને તો બધું મટી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- બધું જાય.

મુમુક્ષુ :- ને કામે લાગી જાય ખબર પણ ન પડે.

પૂજ્ય ભાઈશ્રી :- મોટાભાગનાને તો પ્રતિકૂળતાની ઉપાધીને લઈને દુખાવા શરૂ થઈ જાય છે. tension આવેને પછી માથું દુખે અને પછી બધું દુખવા મંડે, કેમકે પ્રતિકૂળતા જોઈતી નથી. અણગમો થઈ જાય છે. પછી શરીર ઉપર, મન ઉપર અસર આવે, એમ થાય છે. એટલે જ્યાં તત્ત્વની અને આત્માના કલ્યાણની વાત આવે તો કે ભાઈસાબ હું માંદો છું ને મને આ વાત અત્યારે (રુચતી) નથી, હું નથી વિચારી શકતો. એને પોતાને આત્મકલ્યાણ ભાસ્યું નથી. ત્યાં (બહારમાં) અનુકૂળતા ભાસી છે તો ભૂલી જાય છે. અહીંયાં એને સુખ ભાસતું નથી એટલે બહાના કાઢે છે. પછી વિશેષ લેશું.

**ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું તે તારા હાથની વાત છે. માટે કહ્યું છે કે, 'બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા ઉચાટ'.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૨૮**

## તા. ૧૮-૦૩-૧૯૯૭, પ્રશ્ન-૧૪૦,૧૪૧,૧૪૨
## પ્રવચન નં. ૯૩

સ્વાનુભૂતિદર્શન, પાનું-૯૮, ૧૪૦ મો પ્રશ્ન ચાલે છે કે, રોગ આવે ત્યારે શું કરવું? શરીરને પરદ્રવ્ય જાણી તેની સ્વતંત્રતા સ્વીકારવી અને પોતાના સ્વરૂપનું સ્મરણ કરવું, ભાવના કરવી અને સ્વરૂપને સંભાળવું. સ્વરૂપ ભિન્ન છે એ રીતે. વળી પ્રશ્ન ઉઠાવ્યો. આંખની તકલીફ છે, શરીર પણ કામ કરતું નથી એવી સ્થિતિમાં શું કરવું? વૃદ્ધા અવસ્થા હોય અને અનેક પ્રકારની શરીરની ફરિયાદ હોય એનો ત્યારે ઉત્તર આપ્યો છે.

**'બહેનશ્રી :- ગુરુદેવે જે મંત્રો આપ્યા છે તે યાદ કરવા.'** ગુરુદેવે જે વાત કરી છે તે યાદ કરવી એમ ન કહ્યું. ગુરુદેવના વચનોને અહીંયાં મંત્રો કહ્યા છે. જે મંત્ર છે એથી ચમત્કારિક કાર્યો થાય છે એમ ગુરુદેવના વચનો છે, એ પણ આત્માને અશાંતિ દૂર કરવા માટે જગતમાં કોઈ સાધન ન મળે ત્યારે મંત્ર જેવું કામ કરે. શાંતિ ઉત્પન્ન થવા માટે મંત્ર જેવું કામ કરે અને કોઈ જન્મ-મરણને ન મટાડી શકે, દૂર ન કરી શકે (પણ) આ મંત્રોથી જન્મ-મરણ પણ મટી જાય. બીજા મંત્રો બધા છે એ સામાન્ય વાત છે. આ બધા સુપર મંત્રો છે. કેવા છે? એકદમ અલૌકિક મંત્રો છે. લૌકીક મંત્રો નથી પણ અલૌકિક મંત્રો છે.

મુમુક્ષુ :- મંત્ર મૂલમ ગુરુ વાક્યમ્.

પૂજ્ય ભાઈશ્રી :- મંત્ર મૂલમ ગુરુ વાક્યમ્. બધા મંત્રોનું મૂળ શું છે? કે ગુરુનું વચન છે. **'ગુરુદેવે જે મંત્રો આપ્યા છે તે યાદ કરવા. બસ, આત્માનું કલ્યાણ કેમ થાય તેની ભાવના કરવી.'** બસ, એટલે એક જ. બસનો અર્થ શું છે? કે, એક જ માત્ર. આત્માનું કલ્યાણ કેમ થાય? તેની જ ભાવના કરવી. **'આત્મા આનંદથી ભરેલો છે.'** આત્મા આનંદથી ભરેલો છે. એ આનંદનો અનુભવ કરવા માટે આંખની જરૂર પડતી નથી. એ આનંદનો અનુભવ કરવા માટે શરીરની જરૂર પડતી નથી. સિદ્ધાલયમાં પરમાનંદ પ્રગટ છે. સિદ્ધ પરમાત્માને પરમાનંદ પ્રગટ છે. એમને શરીર પણ નથી, આંખ પણ નથી, કાંઈ નથી પણ કેવળજ્ઞાન પ્રગટ છે. અને એ જ્ઞાન છે એ જ આત્માનો દિવ્યચક્ષુ છે. જ્ઞાન છે એ આત્માનો દિવ્યચક્ષુ છે. **'આત્મા આનંદથી ભરેલો છે. આંખની તકલીફના લીધે વાંચન ન થાય તો ખેદ ન કરવો.'** એનો ખેદ કરવાની જરૂર નથી.

ખેદ કરવો હોય તો આત્મા પ્રગટ નથી કર્યો એનો ખેદ કરો. પણ સંયોગો, શરીર કે બીજા સંયોગો નબળા છે એનો ખેદ ન કરો. એનો ખેદ કરવા જેવો નથી. '**ખેદ થઈ જાય તો મનને ફેરવી નાંખવું.**' મન જાય એ બાજુ કે, આમ છે ને તેમ છે તો એને divert કરી નાખવું. divert કરી નાખવું એટલે બીજે લઈ જવું. બીજે લઈ જવું એટલે તત્ત્વના - આત્માના વિચાર ઉપર લઈ જવું. અથવા મહાપુરુષોના વચનો એના ઉપર લઈ જવું. '**શરીર છે તો તેમાં અનેક જાતના ઉદય આવ્યા કરે...**' શરીર છે એમાં અનેક જાતના ઉદય આવ્યા કરે. શરીરમાં શરીરના ઉદય નહિ આવે તો શું થાશે? ઈ જ થાવાનું છે. બહારમાં સંસાર છે તો સંસારમાં પણ અનેક જાતના ઉદય આવ્યા કરે, આવશે. એવા ઉદય આવ્યા કરે, આવે '**અને જાય.**' એ કોઈ કાયમ રહેવાનું (નથી). શરીરેય કાંઈ કાયમ રહેવાનું નથી તો પછી બીજા ઉદય તો ક્યાં કાયમ રહેવાના છે?

'**આ એક ધર્મ ગુરુદેવે બતાવ્યો છે તે પ્રાપ્ત થયો તે મહાભાગ્યની વાત છે.**' ગુરુદેવે જે આ ધર્મ બતાવ્યો છે એ વિશ્વમાં અજોડ છે. અને એની પ્રાપ્તિ પણ બહુ દુર્લભ છે. એ ધર્મની સમીપતા થાય એ પણ બહુ દુર્લભ છે. ૬૦૦ કરોડની વસ્તી છે લગભગ અત્યારે. એમાં કેટલાને આ ધર્મની સમીપતા છે? કે ગણ્યાગાંઠ્યા લોકોની. છતાં અફસોસની વાત છે કે લોકો ઉપરથી ચાલે છે. ઊંડા ઉતરતા નથી. એટલે એ મહાભાગ્યની વાત છે એમ સમજીને એની કિંમત આંકીને એ ધર્મ પ્રગટ થાય એવો પ્રયત્ન ગમે તેમ કરીને, એ પ્રગટ થાય એવો પ્રયત્ન કરવો જોઈએ. બીજું બધું ગૌણ કરીને મહાભાગ્યની વાત છે એમ કરીને શું કહેવું છે? બીજું બધું ગૌણ કરીને આની મુખ્યતા આપવી જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરમાગમસારમાં એક બોલ છે. આજ પ્રકારનો કોઈકે પ્રશ્ન પૂછ્યો છે. કામ નથી થાતું ઈ બાબતનો કાંઈક પ્રશ્ન હતો. ગુરુદેવશ્રીએ કેટલી કરુણાથી જવાબ આપ્યો છે કે ધીરે ધીરે કરવું, મુંઝાવા જેવું નથી. આ કાળમાં આ વાત સાંભળવા મળી કાંઈ ઓછી વાત છે. ઈ પ્રકારે વાત લીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે કેમકે તમારું ભાગ્ય છે ને આ વાત સાંભળવા મળી, અહીંયાં સુધી પહોંચ્યા એ મોટી વાત છે તો હવે, મુંઝાયા વગર આગળ વધો. મુંઝાયા વગર એટલે સંયોગથી મુંઝાયા વિના. એક કોર આ વાત સાંભળે ને બીજી કોરથી સંયોગોનો મુંઝારો થાય તો આ વાતની અસર થાય નહિ એટલે. એ ૧૪૦ થયો.

**પ્રશ્ન :- આત્મહિતને લગતા વિચારો કેમ આવતા નથી? તેના માટે શું કરવું?**

**સમાધાન :- અનાદિનો અભ્યાસ છે એટલે બીજા વિચારો આવી જાય છે. તેને પ્રયત્ન કરીને ફેરવી નાખવા. ભૂલી જવાય તો ફરીને યાદ કરવું. આખા દિવસમાં મને કેટલીવાર આત્મહિતના વિચારો આવે છે તે યાદ કરવું. જ્ઞાયકના વિચાર કરવા. આત્માર્થીએ અમુક ટાઈમ પોતાના સ્વહિતના વિચાર, ચિંતવન માટે લેવો તેવો નિયમ રાખવો. આખા દિવસમાં જ્ઞાયકના ચિંતવન, અભ્યાસ માટે સમય મેળવવો, આત્મા યાદ ન આવે તો તેના માટે પ્રયત્ન કરવો. બહારનાં કાર્યો કરવા માટે કેટલોય પ્રયત્ન કરે છે ને? ૧૪૧.**

## પ્રશ્ન ૧૪૧ ઉપર પ્રવચન

૧૪૧, '**પ્રશ્ન :- આત્મહિતને લગતા વિચારો કેમ આવતા નથી? તેના માટે શું કરવું?**' આત્માના વિચાર આવવાને બદલે બીજા-બીજા ચાલે છે. કારણકે વિચાર વગરનો તો જીવ છે નહિ. કાંઈને કાંઈ તો વિચાર ચાલવાના, તો આ બાજુના કેમ ચાલતા નથી. એવી યોગ્યતાવાળાએ પ્રશ્ન પૂછ્યો છે કે, અમને આ બાજુ આત્માના વિચારો કેમ ચાલતા નથી અને ચાલે એના માટે શું કરવું? અનેક જાતની યોગ્યતાની સામે ખુલાસા મળ્યા છે.

'**સમાધાન :- અનાદિનો અભ્યાસ છે એટલે બીજા વિચારો આવી જાય છે.**' અથવા બીજા વિચારો કરી કરીને, અત્યાર સુધી સંસારનાં કાર્યો કરી કરીને સંસારના કાર્યોમાં રસ લઈને આ જીવની ઊલટી પરિણતિ થઈ ગઈ છે. શું થયું છે? ઊલટી પરિણતિ થઈ ગઈ છે. એટલે પછી એ પરિણતિ નવા આ બાજુના આત્માના વિચારોને આવવા દેતી નથી. આત્માના વિચારો અંદરથી ઊભા જ ન થાય. ઊલટી પરિણતિ થઈ ગઈ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરિભ્રમણકી ચિંતનાકો ઊલટી પરિણતિ ટિકને નહીં દેતી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઊલટી પરિણતિ હો ગઈ હૈ, તો વો ચિંતનાકો ઉત્પન્ન હોને નહીં દેતી. પરિણતિ બળવાન હોય છે. પરિણતિ થઈ જાય છે એનું બળ હોય છે.

મુમુક્ષુ :- ઈસીકો પ્રકૃતિ બોલતે હૈં?

પૂજ્ય ભાઈશ્રી :- **નહીં**, પ્રકૃતિ **નહીં** હૈ, વો પરિણતિ હૈ. પ્રકૃતિ તો ક્રોધ, માન, માયા, લોભ એ પ્રકારના જે પરિણામ છે એ પ્રકૃતિના પરિણામ છે.

મુમુક્ષુ :- તો ભાઈશ્રી! પ્રકૃતિ ભી તો પરિણતિ બન ગઈ હૈ ન?

પૂજ્ય ભાઈશ્રી :- **નહીં** વૈસે સંસારકી જો પ્રિયતા હૈ, સંસારકી જો ઉપાસના કિયા હૈ, ઉસકો ધ્યેય બનાયા હૈ ઔર ઉસમેં રુચિ હૈ, ઉસકી પરિણતિ બન ગઈ હૈ. તો ક્યા હૈ કિ, ઐસે જીવકો તીવ્ર કષાય કભી **નહીં** ભી હોવે, જ્યાદા ક્રોધ **નહીં** હોવે, માન **નહીં** ચડે, લોભ **નહીં** હો, માયાચાર કરતા **નહીં** દિખે, સામાન્ય મંદ કષાયી દિખે, કહતે હૈં કિ, ઉસકો આત્માકા વિચાર **નહીં** આતા ઈસકા ક્યા કારણ? ક્રોધ, માન, માયા, લોભ ઈતના **નહીં** દિખે કિ જિતના દૂસરે જીવકો દિખે ઉતના. લેકિન ઉસકી પરિણતિ હો ગઈ હૈ. તો ઉસકો વિચાર ઉઠતા **નહીં** હૈ. યે બાત બનતી હૈ.

મુમુક્ષુ :- સંસારકી ઉપાસનાકી પરિણતિ હો ગઈ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ હો ગઈ હૈ. બહુત રસ લે લિયા હૈ ભૂતકાલમેં. તો ઉસકી પરિણતિ જમ ગઈ હૈ. ક્યા હૈ? જમ ગઈ હૈ. વો દૂસરે વિચારકો આને **નહીં** દેતી.

મુમુક્ષુ :- ઐસે ભાઈશ્રી! શુભભાવકી ભી પરિણતિ જમ જાતી હૈ

પૂજ્ય ભાઈશ્રી :- હા, શુભાશુભ દોનોંકી જમ જાતી હૈ. વો સબ સંસાર હૈ. શુભ અશુભ દોનોં સંસાર હી સંસાર હૈ. અનાદીનો અભ્યાસ છે એ બધો પ્રકાર તો ઊલટો જ છે. અનાદિનો થઈ ગયો છે એટલે બીજા બીજા વિચારો આવી જાય છે પણ આત્મકલ્યાણના વિચારો આવતા નથી. '**તેને પ્રયત્ન કરીને ફેરવી નાંખવા.**' પ્રયત્ન ચાલુ રાખવો એનો. એ પરિણતિને બદલાવવાનો પ્રયત્ન ચાલુ રાખવો. '**ભૂલી જવાય તો ફરીને યાદ કરવું.**' આ એટલા માટે સત્સંગ છે, સત્સંગમાં રહેવાથી આ બાજુનો રસ કેળવાય.

મુમુક્ષુ :- પ્રયત્નમાં શું લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- સત્સંગ કરવો મુખ્યત્વે. બાહ્ય સાધનમાં તો સત્સંગ છે. પછી સત્સંગ ન મળે ત્યારે સ્વાધ્યાય કરવો અને ઉદયના કાર્યોમાં પણ એ વાતનું વિસ્મરણ ન કરવું. '**ભૂલી જવાય તો ફરીને યાદ કરવું. આખા દિવસમાં મને કેટલીવાર આત્મહિતના વિચારો આવે છે તે યાદ કરવું.**' મારા આત્મહિતનો મને શું ભાવ આવે છે? બીજા બીજા વિચારો આવે છે તો આત્મહિત માટે શું ભાવ આવ્યો? '**જ્ઞાયકના વિચાર કરવા.**' આત્માના વિચાર કરવા. આત્માનું શું થશે એની ચિંતા કરવી. '**આત્માર્થીએ અમુક ટાઈમ**

**પોતાના સ્વહિતના વિચાર, ચિંતવન માટે લેવો તેવો નિયમ રાખવો.**' અમુક ચિંતવનનો પણ સમય જુદો રાખવો. સ્વાધ્યાય, સત્સંગ એ ઉપરાંત વિચારનો સમય જુદો રાખવો. પોતાના હિત માટેના એ વિચાર કરી શકે. વિચાર કરવામાં શું કરે છે જીવ? જેમ કોઈ કામ હોય તો એ કામ કેવી રીતે સફળ થાય એના વિચાર પહેલા કરે છે કે નહિ? એક issue ઉભો થયો, એક કામ સામે આવ્યું તો એના માટે વિચારે કરે છે કે નથી કરતો?

મુમુક્ષુ :- planning કરે છે ને !

પૂજ્ય ભાઈશ્રી :- તો એમ આત્માનું કલ્યાણ કરવું છે તો એના માટે શું planning કર્યું? શું વિચાર કર્યો? શું planning કર્યું?

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ ટાઈમ નકકી રાખવો એની સાથે શું લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે અમુક ટાઈમ જુદો કાઢવો એમ. કેમકે માણસ સવારે વહેલો ઊઠે તો કલાક બેસે, ચિંતવન કરે, આત્મકલ્યાણના વિચારો કરે, આત્માના વિચારો કરે. સાંભળ્યું હોય, વાંચ્યું-વિચાર્યું હોય એને ફેરવે - એવી રીતે. કોઈક ટાઈમ કાઢવો. કોઈને જલ્દી ઊંઘ ન આવતી હોય તો સૂતાં પહેલા એણે ટાઈમ કાઢવો. કોઈક જલ્દી ઊઠી શકતો હોય તો ઊઠીને એ ટાઈમ કાઢવો. એમાં શું છે કે બીજાનું disturbance નથી. ઈ ટાઈમ એવો છે કે જેમાં બીજાની ડખલ નથી. બાકી દિવસના ભાગમાં તો કાંઈને કાંઈ વચ્ચે આવી પડે, એવી રીતે.

મુમુક્ષુ :- આ ક્રિયાકાંડ કરતા હોય તો સામાયિકનો ટાઈમ નકકી રાખેલો હોય. દિવસમાં ત્રણ વાર સામાયિક કરવાની. એ રીતનો નહિને?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે? રૂઢિએ ચડી જાય છે જીવ. પછી રૂઢિએ ચડી જાય એટલે યંત્રબદ્ધ બેસવાની ક્રિયા થાય ને ઉપયોગ ક્યાંયનો ક્યાંય જાય - એમ નહિ. આ તો હેતુ લઈને બેસે છે. આત્માના વિચારો કરવાનો હેતુ લઈને બેસે. ઓલામાં શું છે કે તમે ગમે ઈ એક પાઠ બોલી જાવ, સામાયિક પાઠ મોઢે કર્યા હોય, એ બોલી જાવ. એટલે ઈ રટણ ચાલે ને ઉપયોગ ક્યાંય જાય. એમ નહિ થવું જોઈએ. routine ન થવું જોઈએ. એમ આમાંય તે routine થઈ જાય તો થઈ રહ્યું.

મુમુક્ષુ :- આમાં પણ routine થઈ શકે એમ બનેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, થઈ જાય. જીવ એવી રીતે ટેવાય જાય છે એમ નહિ થવું જોઈએ. કોઈ એના કાર્યની સફળતા આવે એવો પ્રકાર હોવો જોઈએ.

મુમુક્ષુ :- આ routine ન થાય એ માટે સત્પુરુષનું સાન્નિધ્ય જ જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા! તે સત્સંગમાં જે વાતો વિચારી હોય, સાંભળી હોય, સમજાણી

હોય, એમ ફેરવતાં રહેવી. એકને એક વાત લ્યે તો routine થઈ જાય. આજે સ્વાધ્યાય-સત્સંગ કર્યો પણ એમાં મારા આત્મકલ્યાણની વાત કઈ-કઈ આવી? મારે લાયક કઈ-કઈ વાત આવી? હવે મારે ક્યાં-ક્યાં સુધારો કરવો છે? એ બધા વિચારો કરવા.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એ રીતે જો પ્રયોગમાં બેસતો હોય તો એ તો routine ન હોયને?

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સારું, પ્રયોગ હોય તો વધારે સારું છે. પણ પ્રયોગનું સ્ટેજ જલ્દી આવવું મુશ્કેલ છે. આ તો બહુ સામાન્ય ભૂમિકાવાળાની વાત લીધી છે કે હજી તો વિચારો જ આવતા નથી, પ્રયોગ ક્યાંથી આવે? હજી તો વિચારનું ઠેકાણું નથી, તો પ્રયોગ ક્યાંથી કરે? એમ છે. એટલે (પહેલા) વાત સમજે, સમજીને એના ઉપર વિચાર કરે, વિચાર કરીને પછી એનો પ્રયોગ કરે, એમ વ્યવસ્થિત સ્ટેજ બાય સ્ટેજ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પહલે છૂટનેકા ભાવ અંદરસે હોગા તો વિચાર ચલેગા, નહીં તો વિચાર હી નહીં ચલેગા. પ્રયોગ તો બહુત આગેકી બાત હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વો તો હૈ. ગુરુદેવ કહેતા જો લોકોને આ વાત સાંભળવા મળતી નથી તો સમજણ તો આ વિષયની ક્યાંથી આવે? એ વિચારે તો ક્યાંથી? અને પ્રયોગ તો કરે કે દી'? એમ લેતા. એટલું એકસાથે લેતા. એટલે દુર્લભ એવો યોગ પ્રાપ્ત થયો છે એમ સમજીને એ તકનો સદ્‌ઉપયોગ થઈ જવો જોઈએ. જો દરકાર ન કરી, ઉપેક્ષા કરી, તો ફરી ફરી ને એવી તક કુદરત તને આપશે નહિ, એમ સમજી લેવું.

મુમુક્ષુ :- તિર્યંચની પરિસ્થિતિ જોઈએ જ છીએને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, નજર સામે છે. '**આખા દિવસમાં જ્ઞાયકના ચિંતવન, અભ્યાસ માટે સમય મેળવવો,..**' ચોવીસ કલાકમાં એ નિયમિત અમુક સમય તો જુદો ફાળવવો. મેળવવો એટલે જુદો ફાળવવો. સ્વરૂપનું ચિંતવન અને અભ્યાસ અને આગળ ચાલતો હોય તો એનો પ્રયોગ કરવાનો અભ્યાસ પણ કરવો. '**આખા દિવસમાં જ્ઞાયકના ચિંતવન, અભ્યાસ માટે સમય મેળવવો, આત્મા યાદ ન આવે તો તેના માટે પ્રયત્ન કરવો.**' યાદ નથી આવતું એટલે મૂકી દ્યો એમ નહિ. એનો પ્રયત્ન ચાલુ રાખવો. આ એક એવો વિષય છે કે જેનો પ્રયત્ન કરવાથી એની સફળતા મળે, મળે ને મળે. જો માણસ પ્રયત્ન છોડી દ્યે તો એનો કોઈ ઉપાય નથી. '**બહારનાં કાર્યો કરવા માટે કેટલોય પ્રયત્ન કરે છે ને?**' બહારમાં કોઈ સમસ્યા ઊભી થાય તો એનો પ્રયત્ન કરે છે કે નથી કરતો? કે છોડી દ્યે છે? તને જરૂર લાગતી હોય એમ થાય કે આ કામ કેવી

રીતે થાય? આપણી સીધી પહોંચ નથી, તો કોઈ સગા-સબંધીની પહોંચ છે કે નહિ? આપણે એની મદદ લઈએ. સગા-સબંધીમાં ન દેખાય તો સગાના સગાની પહોંચ છે કે નહિ? ક્યાં સુધી જાય છે?

મુમુક્ષુ :- ક્યાં છેડા અડે છે?

પૂજ્ય ભાઈશ્રી :- છેવટે કાંઈ નહિ તો છાપામાં જાહેરાત આપે કે ભાઈ આવી એક જરૂર ઊભી થઈ છે. આ નથી આવતું કે, આ ગ્રુપનું લોહી મળતું નથી. ઈ તો કોઈ બજારમાં ચીજ મળતી નથી કે પૈસા દઈને લઈ લ્યે. તો છાપામાં જાહેરાત આપે, કે આવી એક જરૂર ઊભી થઈ છે, જે કોઈ દાન આપી શકે - રક્તદાન એને વિનંતી કરવામાં આવે છે. આવે છે કે નથી આવતું? જરૂર પડે તો એના બધા ઉપાય કરે છે કે નથી કરતો? એમ કોઈએ એવી જાહેરાત આપી કે મારે ભવભ્રમણ મટાડવું છે અને એનો કોઈ ઉપાય જાણતો હોય તો મારી વિનંતી છે કે મને જાણ કરે? તો મારી એ બાબતમાં પૂરી ગરજ હવે ઊભી થઈ છે. હવે હું એનો ગરજવાન થયો છું. અને મારે એ ઉપાય જાણવો છે, મેળવવો છે ને કાર્ય કરવું છે એવી કોઈએ જાહેરાત આપી? કેમ ન આપી? જરૂરત ન લાગી. (બહારના કાર્યો માટે) ઠેઠ પરદેશ સુધી તપાસ કરે છે. ક્યાં સુધી તપાસ કરે છે?

મુમુક્ષુ :- પરદેશ સુધી.

પૂજ્ય ભાઈશ્રી :- અમેરિકામાં અમારા તો કોઈ સગા રહેતા નથી, પણ કોઈ સગાના સગા રહેતા હોય તો એને જરાક કાગળ લખોને અથવા અમને સરનામું આપોને. હું reference આપીશ તમારો કે ભાઈ તમારું સરનામું ફલાણા-ફલાણા મારા સગા થાય છે, ઈ જે તમારા સગા થાય છે એની પાસેથી મળ્યું છે. અને મારી એવી એક જરૂર ઊભી થઈ છે તો ત્યાં જરાક તપાસ કરીને જણાવશો? તો અમે તમારો ઉપકાર ભૂલશું નહિ. જરૂર લાગે ત્યારે ક્યાં સુધી માણસ પહોંચે છે!!

મુમુક્ષુ :- દીકરા-દીકરીના સગપણ કરવા હોય તો કેટલી મહેનત કરે છે!

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો કેટલી મહેનત કરે છે!! એ બધા કામ કરે છે એમ આત્મકલ્યાણ કરવા માટે આત્મકલ્યાણનો રસ્તો, ઉપાય કોઈ જાણતા હોય તો મારે ગમે ત્યાં જાવું, સાતમે પાતાળ જાવું પડે તો જાવું ને આઠમે આસમાન જાવું પડે તોપણ જાવું. એવો અંદરથી પહેલા નિર્ણય આવવો જોઈએ. પાંચ-પચ્ચીસ...સો માઈલ નહિ, બારસો-પંદરસો માઈલ નહિ, સાતમે પાતાળ જાવું હોય તોપણ જઈશ. પણ એક વખત પત્તો કાઢ્યા વગર નહિ રહું.

મુમુક્ષુ :- પહલે જંગલોંમેં ખોજ કરને જાતે થે.

પૂજ્ય ભાઈશ્રી :- જાતે થે ન ! મારે એવું થયું હતું હો! ગુરુદેવના ઈલાજનો જ્યારે પ્રશ્ન ઊભો થયો કે ભાઈ આનો કાંઇ ઈલાજ નથી. તો કીધું શું ઈલાજ નથી? સાતમાં પાતાળથી (દવા) લઈ આવવી જોઈએ. (બધા) ચોંક્યાં. પ્રયત્ન કેમ છોડી દેવાય? પછી રજા આપી કે ઠીક ત્યારે તમારે કરવું હોય ઈ કરો. નિરાશ થઈ ગયા (હતા બધા), મેં કીધું તમારા પચીસ વર્ષના છોકરાને થયું હોય તો શું કરો, બેસી રહો આમ અદબ વાળીને? એકનો એક પચીસ વર્ષનો છોકરો હોય અને કેન્સર થયું હોય અને તમને ખબર છે કે એનો કોઈ ઉપાય તો નથી એટલે આપણે અદબ વાળીને બેસી જાવ. બેસી શકો ખરાં ? બેસી રહો ખરાં ? બેસી રહી શકો ખરાં? ન રહી શકો. તમને જરૂરત લાગી હોય તો એના વિચાર આવ્યા વિના રહે જ નહિ. વિચાર નથી આવતા એનો અર્થ કે હજી જરૂરત દેખાણી નથી. આવ્યા વગર રહે નહિ ને, રહી જ શકે નહિ. મેં કીધું તમે કેમ રહી શકો છે ? મેં ઈ પણ પૂછ્યું. મેં તો સાંભળ્યું ત્યાં સુધી રહી શકતા નથી (પણ) તમે રહી શકો છો કેમ? એટલે ભડક્યા કે આ ભાઈ કાંઇ ઝાલ્યા રહે એવું નથી.

મુમુક્ષુ :- આપે ભાઈશ્રી! કીધું હતું ને કે અમારે ગુરુદેવને સો વર્ષના કરવા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકસો વીસ, સવાસો. હોમિયોપેથીના એક ડૉક્ટર હતા. મહારાષ્ટ્રીયન. મુંબઈની અંદર. બહુ મોટા ડૉક્ટરનો ગુરુ હતો. કોઈ શંકરન.... જેવા મોટા ડૉક્ટરના ગુરુ હતા. બહુ મોટી ઉંમર થઈ ગઈ હતી એટલે કાંઈ કામ તો કરી શકે નહિ, એણે વાત કરી કે ભાઈ તમે કોઈ આવા મહાપુરુષ માટે કાંઈ ઈલાજ કરતા હો તો પછી એમકે મારા પણ એક (ગુરુ) કે જેની પાસે હું ભણ્યો છું. મારા પણ એક ગુરુ હજી જીવે છે. બહુ મોટી ઉંમરના છે, આ એનું એડ્રેસ છે. પ્રૅક્ટિસ કરતા નથી, પ્રૅક્ટિસ કરે એવી એની શરીરની હાલત પણ નથી. વૃદ્ધાવસ્થા છે, એટલે સંપન્ન હોય ઈ માણસ શું પ્રૅક્ટિસ કરે વૃદ્ધાવસ્થામાં. છાનાં-માનાં ઘરે આરામ જ કરતા હોય એ તો. એટલે એને મળવા ગયા. બધી વાત કરી કે, આવા એક દર્દી છે. મહાપુરુષ છે એટલા માટે અમારે તમારા સુધી ગોતતા-ગોતતા આવવું પડ્યું છે. બાકી બજારમાં તો પાટિયું લગાડીને આબરૂવાળા તો ઘણા બેઠા છે અને એક જણાએ વાત કરી કે ભાઈ તમે પણ એમાં ઊંડાં ઉતરેલા છો, તો ગોતતા-ગોતતા તમારા ઘર સુધી આવ્યા છીએ. આ બાજુ ઓપેરા હાઉસ બાજુના areaમાં. પહેલા એમને નામ ન આપ્યું, એમણે પૂછ્યું કે વર્ષ કેટલા થયા છે ? કીધું નેવ્યાશી, નેવું વર્ષ. તો (એમણે કહ્યું કે) નેવું વર્ષ થયા પછી કેટલું માણસ જીવે ? મેં કીધું અમારા ગુરુ તો સવાસો વર્ષના થાય એવું અમે ઈચ્છીએ છીએ, સો નહિ? કેટલા?

મુમુક્ષુ :- સવાસો.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે અમારે હજી મોટા થયા છે એવું અમે નથી વિચારતા. કે બહુ ઉંમર થઈ ગઈ છે, એવું અમે નથી વિચારતા. એ ચમક્યો! કેમકે એવું કહેનાર કોણ એને મળે? કે નેવું વર્ષે હજી નાનાં છે એવું કહે છે. મૈંને કહા ઉંમર કિતની હો ગઈ, અભી કયા કરના હૈ આપ વો બાત નહીં કરો, આપ કયા જાનતે હો ઈસ વિષયમેં વો બતાઈયે. પછી એણે એક સરસ દવા આપી હતી. કેમકે બહુ old age હોય એમાં આ દવા કામ કરે છે. હોમિયોપેથીમાં બહુ સારી દવાઓ છે. એમ પ્રયત્ન કરવો... ઈ એનું નામ પ્રયત્ન. કે બહારના કાર્યો કરવા માટે કેટલા પ્રયત્ન કરીએ છીએ? કેમકે અંદરના કાર્યોમાં આ તો બહુ મોટું કામ છે. આખા સંસારનો, અનંત સંસારનો નાશ કરવો બહુ મોટું કામ છે. એના માટે પ્રયત્ન એવી ગંભીરતાથી કરવો જોઈએ.

મુમુક્ષુ :- બહુત ગંભીરતા ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નાની-નાની વાતમાં મને ફાવે અને ન ફાવે, ભાવે અને ન ભાવે, એમાં આખો આત્મા વહેંચી નાખવો તો સંસારનો નાશ કેવી રીતે થાય? સામાન્ય ઉદય આવે એમાં પરિણામ કામ ન કરે તો મોટો ઉદય આવે ત્યારે કેવી રીતે કામ કરશે?

મુમુક્ષુ :- ગુરુદેવ કહેતાને કે બીડીના ઠૂંઠા માટે....

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવું જ છે જીવનું. બીડીના ઠૂંઠા માટે ભીખ માંગે, કોઈ શાક બરાબર ન થયું હોય, દાળ બગડી હોય એમાં પરિણામની ગડબડ થઈ જાય. હવે ખાવું, પેટનો ખાડો પૂરવો એમાં આંખ્યું મીંચીને ખાય લેને છાનો-માનો. એવી રીતે આંખ્યું મીંચીને ખાય લે. શું ખાધું ઈ ખબર તને ન હોવી જોઈએ કે મેં શું ખાધું?

મુમુક્ષુ :- ટોડરમલ્લજી સાહેબનો દાખલો છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- ઈ તો જ્ઞાનીપુરુષ હતા.

મુમુક્ષુ :- ટોડરમલ્લજી સાહેબનો શું દૃષ્ટાંત છે?

પૂજ્ય ભાઈશ્રી :- ટોડરમલ્લજી 'મોક્ષમાર્ગ પ્રકાશક' લખતા હતા. એમાં એટલો બધો ઉપયોગ એમનો ચાલતો રોકાઈ ગયો હતો કે એમની માએ રસોઈમાં છ મહિના સુધી મીઠું ન નાખ્યું. કેટલા?

મુમુક્ષુ :- છ મહિના.

પૂજ્ય ભાઈશ્રી :- એનો પ્રયોગ કર્યો કે આ હમણા ધૂનમાં છે ને? લાવને કેટલી ધૂન છે ખબર પડે, એટલે મીઠું ન નાખ્યું. એક દી' ન નાખ્યું એટલે તો કે આજે

બીજે દી'એ (પણ) નથી નાખવું. એમને એમ કરતા છ મહિના સુધી મીઠું ન નાખ્યું. હવે મારે જોવું છે કે એને કે દી' ખબર પડે છે. બે-ચાર દી' ન નાખ્યું એટલે એને એમ થયું કે આને તો કાંઈ ખબર પડતી નથી. જોઈએ તો ખરા કે ક્યાં સુધી ખબર પડતી નથી. છ મહિને એકવાર એમણે કીધું કે માતાજી તમે આ રસોઈમાં મીઠું કેમ નથી (નાખ્યું) તો કહ્યું કે તને આજે ખબર પડી? તો કે હા! કે હું તો છ મહિનાથી નથી નાખતી. એવું છે! એવો ઉપયોગ અંદર ચાલતો હતો.

મુમુક્ષુ :- અપને કામકી ધૂન ચઢની ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ!

---

**પ્રશ્ન :- શાસ્ત્રભાષાના શબ્દો બોલતાં તો અમને બધું આવડી ગયું છે પણ અંદરમાં કામ કંઈ કેમ થતું નથી? તે સમજાવવા કૃપા કરશોજી.**

**સમાધાન :- અનાદિકાળનો અભ્યાસ છે તેથી વિભાવનું કાર્ય તેને સહેલું થઈ ગયું છે. અંતરમાં ગયો નથી. તેથી અંતરનું કાર્ય કરવું તે અઘરું લાગે છે. કરવાનું તો તેને પોતાને છે. પોતે જ છે, બીજો કોઈ કરી દેવાનો નથી. બહારના પદાર્થ છે, તેને પોતાના કરવા તે કાર્ય દુષ્કર છે. પરદ્રવ્ય કદી પોતાનું થતું નથી. અનાદિકાળથી જીવે તેને માટે મથામણ કરે છે, ફાંફાં મારે છે; પણ તેમાંથી કંઈ મળતું નથી.**

**અનાદિકાળથી બહારનો અભ્યાસ છે તેથી અઘરું લાગે છે; પણ ખરેખર અઘરું નથી. પોતાનો સ્વભાવ છે તેથી અંતરમાં જાય તો સહેલું છે. પરંતુ તેને પહેલાં અંતરમાં જવું જ મુશ્કેલ પડે છે. અંતરમાં જાય, સ્વભાવને ઓળખે, તો ચૈતન્ય પોતે જ છે અને તે જ્ઞાયક સહજ જ્ઞાનસ્વભાવથી ભરેલો છે. ક્યાંય બહાર લેવા જવું પડે તેમ નથી. જ્ઞાન સહજ, આનંદ સહજ, બધું સહજ છે. તેમાં તદ્રૂપ થાય, દૃષ્ટિ કરે, તદ્રૂપ પરિણમે તો પ્રગટ થાય છે.**

**બહારથી પર પદાર્થને પોતાના કરવા માંગે છે તેથી પોતામાં જવું મુશ્કેલ થઈ પડ્યું છે. અંતરમાં ઊતરે, સ્વભાવ ઓળખે તો એકદમ સહેલું છે. અંતરમાં જાય તો માર્ગ સહજ છે. પ્રથમ ભૂમિકા વિકટ હોય છે; પછી અંતરમાં જાય, દૃષ્ટિ કરે, તદ્રૂપ પરિણમે તો સરળતાથી તે માર્ગે ચાલ્યો જાય છે. પણ તે પુરુષાર્થ કરતો નથી. ૧૪૨.**

---

## પ્રશ્ન ૧૪૨ ઉપર પ્રવચન

**'પ્રશ્ન :- શાસ્ત્રભાષાના શબ્દો બોલતાં તો અમને બધું આવડી ગયું છે પણ અંદરમાં કામ કંઈ કેમ થતું નથી? તે સમજાવવા કૃપા કરશોજી.'**

ત્યાં - સોનગઢમાં તો બધા નિવૃત્તિ લઈને આવી ગયેલા. વર્ષોથી અડ્ડો જમાવેલો. આખો દિવસ નવરા ને ગુરુદેવનું બે વખતે વ્યાખ્યાન મળે અને બહેનશ્રી પાસે તો ચર્ચામાં બહેનો હોય એટલે પાછો વિશેષ લાભ મળે બહેનશ્રીની ચર્ચાનો અને ઈ સિવાયના ટાઈમમાં શાસ્ત્રો વાંચે એટલી આવડી તો ગયું બધું. ભણતરની જેમ બધું ભણી તો લીધું. ભણ્યા તો ખરાં પણ ગણ્યા નહિ. તમારે કંઈ હિન્દીમાં કહેવાતું હશે, અમારે ત્યાં છોકરો ભણી જાય અને કામ કરવાની આવડત ન હોય તો એમ કહે કે, આ ભણ્યો છે પણ કાંઈ ગણ્યો નથી એટલે પ્રૅક્ટિકલ નથી.

એક જણ ડૉક્ટર થયેલો શું? તાજે તાજો. ડૉક્ટર થઈને દવાખાને બેઠો. ત્યારે કહે કે ભાઈ એક દર્દી આવ્યો. દર્દી કહે ભાઈ મને કેડમાં સબાકો આવ્યો છે, કંઈક દવા કરી દ્યો. તો ડૉક્ટર કહે સબાકાનું કાંઈ અમારે ભણવામાં આવ્યું નથી. શું કીધું એમણે? એમાં શું છે કે, ઍલોપથીની અંદર વાયુના રોગનો ઈલાજ નથી. એ લોકોને શું છે કે જેમ germicides, germsનું વિજ્ઞાન વધારે છે. વાતાવરણમાંથી, ખાવા-પીવામાંથી જે germs બધા થઈ જાયને, લોહીમાં germs હોય, કફમાં germs હોય, germs ક્યાં થાય અને એને કેવી રીતે મારી નાખવા? એ લોકોએ આ સાઈડ પકડી છે. ઈલાજની જે સાઈડ પકડી છેને, એમાં આ જંતુનાશકતા અને એના પાસાથી એ લોકોએ આખું વિજ્ઞાન develop કરેલું છે. એટલે એમાં કફ થાય તો શું કરવું એવું ન આવે. ઈ germs થઈ ગયા છે એમ કહે. પિત્તને તો સમજે જ નહિ, વાયુને સમજે નહિ.

મુમુક્ષુ :- એક્સરેમાં વાયુ આવે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એક્સરેમાં વાયુ આવે નહિ. હવે વાયુ વધે ત્યારે કેડમાં સબાકો આવે. ડિગ્રી મળી એટલે નવો-નવો ડૉક્ટર થયો એટલે ખુરશી ઉપર બેસી ગયો. દર્દી આવ્યો કે ભાઈ મને કેડમાં સબાકા આવ્યો છે. તો ક્હે સબાકો તો અમારે કાંઈ આવ્યું જ નથી ! સાડા પાંચ વર્ષ ભણ્યા MBBSના એમાં સબાકા જેવી કોઈ વાત જ નહોતી આવી કહે. એવું છે! એણે કીધું ભાઈ એમ નથી એને દુખાવો છે, સબાકો આવ્યો એનો અર્થ કે એને કેડમાં દુખે છે. તો કાંઈ નહિને દુખાવાની સામે પેઇનકીલર તો

દે તું. અને એમ કહેવું જોઈએ કે ભાઈ તમને દુખાવો હોય તો દુખાવાનો તમને અનુભવ ન થાય એના માટે પેઈનકીલર આવે છે, તમે કહો તો પેઈનકીલર લખી દઉં તમને. તો એને બે-ચાર પ્રશ્નો પૂછીને શરીરની પ્રકૃતિ જાણીને એને યોગ્ય હોય એવી પેઈનકીલર લખી દેવી જોઈએ. તો ઈ કાંઈક ગણ્યો કહેવાય. પણ આ તો ભણ્યો છે પણ ગણ્યો નથી એના જેવું છે કે એવી ન ખબર પડે. કોઈપણ કામ કરવું હોય તો એને કામ ગમે તેમ કરીને થાય ઈ જાતના એને પોતાને કામ કરવાના guts હોવા જોઈએ. ભણ્યો હોય પણ જો કામ કરવાના guts ન હોય તો આપણે એમ કહીએ કે ભણ્યો છે પણ ગણ્યો નથી. હિન્દીમાં કંઈક કહેતા હશે એને. શું કહેતા હશે. શું કહે છે તમારે? નથી કહેવત? અમારે તો કહેવત છે એવી.

મુમુક્ષુ :- પઢ્યો પણ ગુણ્યો નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- પઢ્યો પણ ગુણ્યો નહિ. લ્યો! પઢ્યો પણ ગુણ્યો નહિ એમ કહે છે. આપણે ભણ્યો પણ ગણ્યો નહિ. પઢ્યો એટલે ભણ્યો. એક હી બાત હો ગઈ ન? હોય કાંઈકને કાંઈક તો હોય જ તે.

મુમુક્ષુ :- અનુભવમેં નહીં આયા. ....

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનુભવજ્ઞાન નહીં લિયા. એમ કહે છે કે અમે શાસ્ત્રો વાંચીને... તમે એને કામ સોંપો તો કે ભાઈ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરતું નથી. પછી પાછી એને જરૂર પડે ત્યારે ઈ ભૂલી જાય. બીજાને જરૂર પડે ત્યારે એ શિખામણ બોલી નાખે. આ બધું ચાલે છે.

મુમુક્ષુ :- ટોડરમલ્લ સ્મારકના પંડિતો હોયને એ પંડિતાઈ કરવા જાય. પછી વ્યાખ્યાન કરે ગતાગમ પડે નહિ. એક પંડિતને પૂછ્યું કે દ્રવ્યલિંગી અને ભાવલિંગીની વ્યાખ્યા કરો. તો કહે યે હમારેકો માલૂમ નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- હું નાયરોબી ગયો ત્યાં એક પંડિત આવેલા. ત્યાંના લોકોએ કીધું કે તમને મોટો પગાર આપીએ અમને બધાને તમે જે ભણ્યા છો ઈ સમજાવો, શીખડાવો. તો કીધું કાંઈ વાંધો નહિ, તમે હમણાં એકલા રહો, બે-ચાર-છએક મહિના તમે રહો. ફાવી જાય પછી કુટુંબને બોલાવજો. નહિતર પછી તમને જ ન ફાવે તો બધાયને લાવવા-લઈ જવાનો ખર્ચો ક્યાં તમે અમારા માથે નાખો. શું? મહિનો-બે મહિના થયા ત્યાં રોવા મંડ્યા. હવે ઈ શું સમજાવતા હશે?

મુમુક્ષુ :- રોવા મંડ્યા ?

પૂજ્ય ભાઈશ્રી :- રોવા મંડે. પૂછ્યું કેમ? કે મને ગમતું નથી મારા કુટુંબ વગર. હવે એ શું સમજાવે? મારું કુટુંબ અહીંયાં નથીને એટલે મને કાંઈ ગમતું નથી એમ

કહે. થાય શું કે સવાર-સાંજ એને ભણાવવાનું. આખો દિવસ કરે શું માણસ? નવરો થઈ જાય એટલે કુટુંબ યાદ આવે. મહિના-બે મહિનામાં તો કંટાળી ગયો. રોવા મંડ્યો. તમે બધાયને બોલાવી દ્યો અહીંયાં. તમે ઈ લોકોને અહીંયાં બોલાવી દ્યો. આ દશા છે!! એટલે ભણ્યા પણ ગણ્યા નહિ.

'**સમાધાન :- અનાદિકાળનો અભ્યાસ છે તેથી વિભાવનું કાર્ય તેને સહેલું થઈ ગયું છે. અંતરમાં ગયો નથી.**' ઉપર-ઉપરથી આ બોલવું ઈ સહેલું છે. ઉપર-ઉપરથી જાણકારી કરીને બોલી નાખવું ઈ સહેલું છે પણ અંદરમાં ગયો નથી. અંતરમાં ઉતર્યું નથી. વાતને અંદરમાં ઉતારી નથી. એટલે ક્ષયોપશમ હોય તો વાત સમજાય જાય, બોલતા આવડે પણ પ્રયોગ વિના અંદરમાં ઉતરી શકે નહિ. અંદરમાં ઉતરવા માટે પ્રયોગે ચડવું પડે. '**અંતરમાં ગયો નથી. તેથી અંતરનું કાર્ય કરવું તે અઘરું લાગે છે. કરવાનું તો તેને પોતાને છે.**' અને એ તો પોતે જ કરવું પડશે. કોઈ બીજું કરી દેશે નહિ. વાંચી નાખ્યું, બોલી નાખ્યું એટલે કામ નહિ આવે. '**કરવાનું તો તેને પોતાને છે. પોતે જ છે, બીજો કોઈ કરી દેવાનો નથી.**' પોતાનું કામ કોઈ, જેમકે ભાઈ આપણે અહીંયાં આવ્યા એટલે ગુરુ આપણું કામ કરી દેશે એમ પણ નથી.

'**બહારના પદાર્થ છે, તેને પોતાના કરવા તે કાર્ય દુષ્કર છે.**' ખરેખર તો પર પદાર્થને પોતાના કરવા ઈ અશક્ય છે, દુષ્કર તો શું? અશક્ય છે. દુષ્કર તો ત્યારે કહેવાય કે બહુ મહેનતે કરી શકાય ત્યારે પણ ઈ તો થઈ શકતા જ નથી. '**પરદ્રવ્ય કદી પોતાનું થતું નથી.**' છતાંય ત્યાં મહેનત કરે છે. પર પદાર્થોને પોતાના કરવાની મહેનત કરે છે. બાળક હોય ત્યારથી ઈચ્છે કે આ મારા કીધામાં રહે, મારા કીધામાં રહે, તો નાનપણમાં તો એનું કીધું માને. ત્રણ-ચાર વર્ષ થાય પછી માનવાનું બંધ કરે. નહિ મને આ રમકડું નહિ ચાલે, મારે આ નથી ખાવું, મારે આમ નથી કરવું, મારે નથી કરવું. ત્યારથી એને સ્વતંત્રતા તો દેખાય તોપણ ઈ ઈચ્છે કે ઠેઠ હું જીવું ત્યાં સુધી મારું કીધું માને. '**પરદ્રવ્ય કદી પોતાનું થતું નથી.**' છતાં પોતાનું થાય એમ ઈચ્છે છે. '**અનાદિકાળથી જીવ તેને માટે મથામણ કરે છે, ફાંફાં મારે છે;**' ફાંફાં મારે એટલે શું? વ્યર્થ મહેનત કરવી એટલે એનું નામ ફાંફાં મારે છે. હિન્દીમાં એમ જ કહે છે ને? ફાંફાં મારે છે.

મુમુક્ષુ :- ફાલતુકી મેહનત.

પૂજ્ય ભાઈશ્રી :- ફાલતુ કી મેહનત. '**પણ તેમાંથી કંઈ મળતું નથી.**' એ રીતે મળતું નથી. કામ કેમ થતું નથી? કે પરદ્રવ્યને પોતાનું કરવા લાગી ગયો છે ને સ્વ દ્રવ્યનું જે કામ કરવું છે એમાં પ્રયોગ કરતો નથી. અંદરમાં ઊતરતો નથી એમ લીધું છે. આગળ થોડુંક વિશેષ કહેશે.

## તા. ૧૯-૦૩-૧૯૯૭, પ્રશ્ન-૧૪૨,૧૪૩
## પ્રવચન નં. ૯૪

સ્વાનુભૂતિદર્શન, પાના નં. ૯૯, પ્રશ્ન-૧૪૨.

**'પ્રશ્ન :- શાસ્ત્રભાષાના શબ્દો બોલતાં તો અમને બધું આવડી ગયું છે પણ અંદરમાં કામ કંઈ કેમ થતું નથી? આવો પ્રશ્ન ઉઠાવ્યો છે.'**

શું કહે છે? કે વિભાવનું કામ તો સહેલું છે, પણ અંતરમાં ગયો નથી એટલે અંદરમાં જવાનું કામ અઘરું લાગે છે. કામ તો પોતે જ કરવાનું છે. પરદ્રવ્યનાં કાર્યો કરવા દુષ્કર છે અથવા અશક્ય છે. પરદ્રવ્યો પોતાના થતા નથી. ભલે જીવ ગમે તેટલા ફાંફાં મારે કે મથામણ કરે. પહેલો પેરેગ્રાફ ઈ રીતે ચાલ્યો છે. આપણે કાલે એમ વિચાર્યું હતું કે ક્ષયોપશમ છે એટલે શાસ્ત્રભાષા અને વિકલ્પાત્મક સમજણ તો થઈ જાય. વિશેષ એટલું વિચાર્યું હતું કે, શાસ્ત્રભાષા કે વિકલ્પાત્મક સમજણ તો થઈ જાય કેમકે ક્ષયોપશમ છે અને એ પણ અનાદિકાળના વિભાવિક અભ્યાસમાં જ જાય છે. એ પણ વિભાવિક અભ્યાસમાં જ જાય છે કે જે અનાદિકાળથી છે. કાં માણસ દુનિયાનું ભણતર ભણે. નિશાળનું, કોલેજનું અને કાં શાસ્ત્રનું ભણતર ભણે. ભણતર તો ભણતર થઈ ગયું. એમાં કોઈ બીજો ફરક નથી પડતો. જો અંદરમાં ન ગયો પ્રયોગ કરીને તો બેય ભણતર સરખાં થઈ ગયા. એક અશુભ છે અને એક શુભ છે. પણ સંસાર અર્થે તો બેય વાત એકજ થઈ જાય છે, પણ મોક્ષાર્થે એનો કાંઈ ઉપયોગ નથી માટે બન્ને સરખું થઈ ગયું.

મુમુક્ષુ :- શાસ્ત્ર ભણતરનું પ્રયોજન જે સાધવું જોઈએ એ પ્રયોજન સાધ્યું નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયોગ કરીને સાધ્યું નહિ. પ્રયોગ કરીને અંતરમાં ગયો નહિ. એમ થયું છે. અને કામ કેમ થતું નથી એનો ઉતર એ છે કે, પરલક્ષી સમજણ કરી પણ પ્રયોગ કરીને અંતરમાં ગયો નહિ. દરેક મુમુક્ષુએ શાસ્ત્રનો અભ્યાસ અથવા સત્સંગનો જે પ્રસંગ છે, શાસ્ત્રઅભ્યાસ કરે કે સત્સંગ કરે એમાં પોતાને લાયક કઈ વાત આવે છે એના ઉપર એનું પહેલેથી લક્ષ ખેંચાયેલું રહેવું જોઈએ કે, આમાં મારે લાયક કઈ વાત આવે છે.

મુમુક્ષુ :- અગાઉથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એના માટે પોતે આતુર હોવો જોઈએ, એના માટે પોતે

જિજ્ઞાસાવંત હોવો જોઈએ. જો એવી સ્થિતિમાં એ સત્સંગ કે શાસ્ત્રઅભ્યાસ કરે તો એ જીવને પોતાના પ્રયોજનની વાત આવે ત્યારે ધ્યાન-લક્ષ જાય અને લક્ષ જાય તો એનો એ પ્રયોગ કરી શકે અને તો એ વાત અંતરમાં ઉતરે અને તો એને પોતામાં સુધારો થાય અથવા પોતાનું આત્મકાર્ય કરવું છે એ દિશામાં એ આગળ વધી શકે. આવી પોતાની પદ્ધતિ હોવી જોઈએ. સત્સંગમાં કે શાસ્ત્રઅભ્યાસમાં જો આ પ્રકારની પદ્ધતિ ન હોય તો ગમે તેટલા શાસ્ત્ર વાંચીને, આખી જિંદગી સત્સંગ કરે (તોપણ) ત્યાંને ત્યાં રહેશે. આ એક બધા મુમુક્ષુએ ધ્યાનમાં લેવા જેવી વાત છે. સર્વ સામાન્યપણે બધાને લાગુ પડે એવી આ વાત છે કે, હું સત્સંગમાં બેઠો કે શાસ્ત્ર લઈને બેઠો એમાં મારે કામની વાત ક્યાં આવે છે? અને કઈ આવે છે? ઈ પકડી લક્ષમાં લઈ અને એનું અમલીકરણ હું ચાલુ કરું. આટલી પૂર્વ તૈયારી પોતાની સુવિચારણામાં, આત્મકલ્યાણ અંગેની વિચારણા તે સુવિચારણા છે, તો એ સુવિચારણામાં આટલી તૈયારીપૂર્વક શરૂઆત કરવી જોઈએ. પૂર્વ તૈયારી આટલી હોવી જોઈએ. જેમ કોઈ કામની પૂર્વ તૈયારી કરીએ છીએને? કે ભાઈ આપણે કોઈ ચીજ ખરીદવી હોય તો પહેલા એના માટેના પૈસાની વ્યવસ્થા કરો, એ એની પૂર્વ તૈયારી છે. મકાન બનાવવું હોય તો પહેલા જમીન ખરીદો, (એ) એની પૂર્વ તૈયારી છે. ચણતર કરવું હોય તો પાયો ખોદો, કોઈ કામની પૂર્વ તૈયારી હોય છેને ? એમ આપણા આત્મકલ્યાણ માટે જે પ્રવૃત્તિ આપણે કરીએ છીએ એ પ્રવૃત્તિ આપણી સત્સંગની છે અને શાસ્ત્રઅભ્યાસની છે. એની પૂર્વ તૈયારી શું આપણી? કાંઈ વિચાર્યું છે? ન વિચાર્યું હોય તો આ સ્પષ્ટ વાત છે, કે મને લાગુ પડે એવી મારે કામની વાત કઈ આવે છે? આ જે સત્સંગ કરું કે શાસ્ત્ર વાચું એમાં. તો જ એના ઉપર ધ્યાન જાશે. ધ્યાન જાશે તો એની પક્કડ આવશે. એનું અમલીકરણ કરવાનો પહેલેથી નિર્ણય છે પૂર્વ તૈયારીમાં એટલે અમલીકરણ પણ શરૂ થશે. પણ જો પૂર્વ તૈયારી નહિ હોય, તો આમ ને આમ જિંદગી નીકળી જશે. શાસ્ત્ર વાંચતા-વાંચતા ને સત્સંગ કરતા-કરતા (પણ) પોતે ત્યાંને ત્યાં રહેશે અને ત્યાંને ત્યાં રહેવામાં બીજી એક નવી વિટંબણા શરૂ થશે કે પોતે એ જ વાત સાંભળીને હું સમજું છું, મને ખબર છે અથવા એનું જે રીઢાપણું છે એ રીઢાપણાને કારણે ઉપદેશની અસર ન થવી એ સ્થિતિમાં આવી જશે. એ નવી વિટંબણા છે.

મુમુક્ષુ :- સત્સંગમાં રહીને પણ ઈ રીઢો થઈ જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, થઈ જ જાય અને એવા ઘણાં દાખલા જોવા મળે. એવા દાખલા ઘણાં જોવા મળે તમને. જૂનો થઈ ગયો ઈ રીઢો થઈ ગયો. જૂનો થઈ ગયો ઈ રીઢો થઈ ગયો. એટલે પહેલું તપાસી જોવાનું. આપણને કેટલા વર્ષ થયા આમાં

દાખલ થયા? અને આ દશા તો નથી થઈને આપણી? એ ચેક કરી લેવાનું.

મુમુક્ષુ :- રીઢો થઈ ગયો એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- રીઢા માને જૈસે લડકા તોફાની હોતા હૈ. ઉસકી માં ઉસકો બાર-બાર મારતી હૈ, તો ફિર ઉસકો માર ભી નહિ લગતા હૈ.

મુમુક્ષુ :- ઘેટા હો ગયા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- કૈસા હો ગયા હૈ?

મુમુક્ષુ :- ઘેટા હો ગયા, જિતના ભી બોલો નહિ સુનતા તો ઘેટા હો ગયા. કિતના બોલ-બોલકે થક ગયે. ધીઢ બન ગયા હૈ યે.

પૂજ્ય ભાઈશ્રી :- બોલ-બોલકે ક્યા? માર-મારકે થક જાતે હૈં.

મુમુક્ષુ :- માર-મારકે થક જાતે વો હી બાત હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- તો ઉસકો માર નહીં લગેગા. ચોરકો ભી ઐસા હોતા હૈ. કોઈ ચોર બાર-બાર પકડા જાતા હૈ, પુલીસ ઉસકો મારતી હૈ તો ઉસકો માર નહીં લગતા. ઉસકો માર ખાનેકી આદત હો જાતી હૈ. ઉસકો માર લગતા હી નહીં. વો માર ખાકર બહાર નિકલેગા, ફિર વો કા વો હી. વો બાત હો જાયેગી.

મુમુક્ષુ :- મુમુક્ષુ અવસ્થામાં ન આવ્યો હોય, એના કરતા પણ આને વધારે નુકસાન કહેવાયને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વધારે નુકસાન છે. હા, નવાને ઈ નુકસાન નથી. નવામાં તો ઈ ફાયદો છે.

મુમુક્ષુ :- કોરી પાટી છે.

પૂજ્ય ભાઈશ્રી :- કોરી પાટી છેને! new comerનો ફાયદો ઘણો છે. એટલે કોઈ મુમુક્ષુ એમ કહે ભાઈ અમે નવા છીએને કાંઈ સમજણ પડતી નથી, તો અમને કાંઈ વધારે મુશ્કેલી પડે? તો કીધું, ના હો! તમારું એક પાસું બહુ સારું છે, તમે ફાયદામાં ઊભા છો. એટલે એને એની સીધી પ્રેરણા મળે એ વાતની. કે ભાઈ તમે લખેલી પાટી નથી, કોરી પાટી છો. તમને તો બહુ ફાયદો થશે. સારું છે કે તમે રીઢા થયા નથી.

મુમુક્ષુ :- વધારે વર્ષ આ અવસ્થામાં એ શરમજનક છેને?

પૂજ્ય ભાઈશ્રી :- શરમજનક છે અને ઈ એક વિટંબણાજનક પણ છે. નવી વિટંબણા ઊભી કરે છે.

મુમુક્ષુ :- ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે. એટલે અહીં તો આ વાત ઘણા વખતથી કરીએ છીએ.

કે આમ કોઈ એમ કહે કે આ તો અમારા બહુ જૂના મુમુક્ષુ છે. એ ખરેખર આબરૂ નથી, discredit છે. નહિતર વખાણ તો એ રીતે કરે કે આ અમારા બહુ જૂના મુમુક્ષ! પચાસ વર્ષથી આ લાઈનમાં છે. કેટલા? ચાલીસ વર્ષથી આ લાઈનમાં છે. ઈ એની આબરૂ નથી પણ વાસ્તવિક રીતે વિચારો તો ઈ એની discredit છે કે એટલા વર્ષ ગયા પણ કાંઈ સાધ્યું નહિ.

મુમુક્ષુ :- તો પછી આગળ સફળતા મળવા માટે તકલીફ ઊભી થાયને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, થાય જ. ચોક્કસ થાય અને એવી થઈ રહી છે. એવી પરિસ્થિતિ થઈ હોય એને થઈ રહી છે પણ ખરી. એવા ઘણાં જોયા છે શું?

મુમુક્ષુ :- લાંબો ટાઈમ થાય તો પછી આમાંથી નિવૃત્તિ લેવી?

પૂજ્ય ભાઈશ્રી :- નિવૃત્તિ લેવી નહિ, જાગૃતિ લેવી. લાંબો ટાઈમ થયા પછી નિવૃત્તિ લેવી નહિ પણ જાગૃતિ (લેવી). નિવૃત્તિ લઈને ક્યાં જાશે? સત્સંગ છોડીને જાશે ક્યાં? જગતમાં તો બીજો કોઈ ઊગરવાનો ઉપાય છે નહિ. જ્યાં પોતાને ઉદ્ધાર થવાનો અવકાશ છે, ત્યાં જ પોતે દરવાજો બંધ કર્યો તો પતી ગયું. પછી એને ક્યાંય આગળ વધવાની જગ્યા નથી.

મુમુક્ષુ :- જૂના ને જાણીતા ગુનેગાર છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- એમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એકવાર આપે લીધું હતું સ્વાધ્યાયમાં. ભલે ગમે એટલો જૂનો થઈ ગયો હોય, ગુરુઆજ્ઞાની વાત ચાલતી હતી, પણ જો નકકી કરે કે મારે ગુરુઆજ્ઞામાં હવેથી ચાલવું છે તો નહિ ધારેલી સફળતા મળી શકે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઈ તો ગમે ત્યારે. ગમે ત્યારે પોતે તૈયાર થાય ત્યારે હું કાંઈ સમજતો નથી, અત્યાર સુધી મારું સમજેલું પાણીમાં ગયું. હવે એકડે એકથી શરૂ કરું. અને આ પૂર્વ તૈયારી કરવાની. એના માટેનું આ માર્ગદર્શન છે કે હવે મારે આત્મકલ્યાણ કરવું છે તો આ પૂર્વ તૈયારી કરી લેવાની.

મુમુક્ષુ :- તો ભાઈશ્રી! આ નિર્ણય અનુસાર તો ઝડપથી પાછો આગળ વધે!

પૂજ્ય ભાઈશ્રી :- ચોકક્સ, ચોકક્સ ફાયદો થાય..

મુમુક્ષુ :- જ્યારે પરમ સત્સંગ ન હોય ને આપસમાં સત્સંગ ચાલતો હોય, કે ભાઈ આજે મારા કામની કઈ વાત પકડી? ...જેમ દોષોની ચર્ચા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધી વખતે. પૂર્વ તૈયારી સાથે જ બેસવું જોઈએ. નહિતર જૂનાવાળાને શું થાય છે? પૂર્વ તૈયારી ન કરી હોય (એટલે) આ તો મને ખબર છે, આ હું સમજું છું, એટલે એણે પહેલેથી જ બારણું બંધ કર્યું જિજ્ઞાસાનું. જિજ્ઞાસા

મારી નાખી. એટલે પહેલેથી એનું ધ્યાન રહે નહિ અને પછી ઉપયોગ ઈધર-ઉધર ગયા વગર રહે નહિ.

મુમુક્ષુ :- ઓળખાણ નહિ થવા માટેનો આ એક દોષ લીધો છે કૃપાળુદેવે, હું સમજું છું એ સત્‌પુરુષની ઓળખાણ નથી થવા દેતી.

પૂજ્ય ભાઈશ્રી :- ...દોષ છે. હવે બીજા પેરેગ્રાફથી, '**અનાદિકાળથી બહારનો અભ્યાસ છે તેથી અઘરું લાગે છે;..**' બહારનો અભ્યાસ છે એટલે બહારની રુચિ છે, બાહ્ય રુચિમાં અઘરું લાગે. '**પણ ખરેખર અઘરું નથી.**' સંસારની રુચિવાળાને આ વિષય અઘરો દેખાય છે. એને રુચિદોષ છે એમાં. '**પોતાનો સ્વભાવ છે તેથી અંતરમાં જાય તો સહેલું છે.**' અથવા અંતરમાં જવું તે સહેલું છે કેમકે અંતરમાં જવાનો પોતાનો સ્વભાવ છે. '**પરંતુ તેને પહેલાં અંતરમાં જવું જ મુશ્કેલ પડે છે.**' અંતરમાં જવું જ મુશ્કેલ પડે છે. કેમકે આ રુચિને બદલવી પડે છેને, ઈ એને મુશ્કેલ પડે છે. '**અંતરમાં જાય,..**' અંતરમાં જવું મુશ્કેલ પડે છે એમાં રુચિ બદલવી અને પ્રયોગ કરવો બેય વાત છે. અંતરમાં જવા માટે રુચિ બદલીને પ્રયોગ કરવો. '**અંતરમાં જાય, સ્વભાવને ઓળખે, તો ચૈતન્ય પોતે જ છે..**' તો પોતે જ પોતાના સ્વરૂપને ઓળખે તો પોતે જ છે, સિદ્ધસ્વરૂપી પોતે જ છે. પોતાને ઓળખે તો પોતે જ સિદ્ધસ્વરૂપી છે. '**અને તે જ્ઞાયક સહજ જ્ઞાનસ્વભાવથી ભરેલો છે.**' જ્ઞાન સ્વભાવ, આનંદ સ્વભાવ એવા અનંત ગુણ સ્વભાવોથી પોતે જ ભરેલો છે. '**ક્યાંય બહાર લેવા જવું પડે તેમ નથી.**' પોતે સર્વગુણસંપન્ન હોવાને લીધે કોઈ કારણસર બહાર જવું પડે એવું એને નથી. અને એનો પુરાવો અનંતા સિદ્ધો છે. સાદી અનંતકાળ બધા જ સિદ્ધ પરમાત્માઓ સ્વરૂપમાં લીન થઈને ઠરીને બેઠા છે. ક્યાંય એને જવું પડે છે બહાર? ઊઠવું પડે છે ક્યાંય? તૃપ્ત-તૃપ્ત દશામાં અંતરમાં લીન છે. '**ક્યાંય બહાર લેવા જવું પડે તેમ નથી.**' કેમકે કોઈ ખોડ્‌ખાપણ નથી સ્વરૂપમાં. ખામી નથી, ખામી વગરનું સ્વરૂપ. સર્વગુણસંપન્ન એટલે ખામી વગરનું સ્વરૂપ છે. કોઈ પ્રકારની ખામી નથી. '**જ્ઞાન સહજ, આનંદ સહજ, બધું સહજ છે.**' આખો સ્વભાવ જ સહજ સ્વભાવ છે. અને તેથી આત્માને સહજાત્મસ્વરૂપ કહેવામાં આવે છે. બધું સહજ સ્વભાવિક છે. '**તેમાં તદ્રૂપ થાય, દૃષ્ટિ કરે, તદ્રૂપ પરિણમે તો પ્રગટ થાય છે.**' એટલે પ્રગટ અનુભવગોચર થાય છે. પ્રગટ થાય છે એટલે પ્રગટ અનુભવગોચર થાય છે.

'**બહારથી પર પદાર્થને પોતાના કરવા માંગે છે..**' જીવ બહારથી બીજા પદાર્થોને પોતાના કરવા માંગે છે. '**તેથી પોતામાં જવું મુશ્કેલ થઈ પડ્યું છે.**' તેથી પોતામાં જવું મુશ્કેલ થઈ પડ્યું છે. બહારથી પર પદાર્થને પોતાના કરવા માંગે છે તેથી પોતામાં

જવું મુશ્કેલ થઈ પડ્યું છે. એ જે બહારના કાર્યો સ્વવશ કરવા માંગે છે, પોતાપણું કરીને કરવા માંગે છે એટલે પુરુષાર્થ અને રુચિ ઈ બાજુ, 'રુચિ અનુયાયી વીર્ય' રુચિ અને પુરુષાર્થ ઈ બાજુ કામ કરી રહ્યા છે એને આ બાજુ આવવું અઘરું લાગે છે, મુશ્કેલ થઈ પડે છે.

મુમુક્ષુ :- અભ્યાસ કી બહુત જરૂરત હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઊલટો અભ્યાસ છે ઈ સૂલટો કરવો પડે છે. '**અંતરમાં ઊતરે, સ્વભાવ ઓળખે તો એકદમ સહેલું છે.**' જો ઓળખવાની વાત ઈ બધી વખતે લે છે. શું? કેમકે ઓળખ્યા પછી તો સહજ પરિણતિ ચાલવા મંડે છે. એટલે અંતરમાં ઉતરે પ્રયોગ કરીને અને સ્વભાવ ઓળખે તો એકદમ સહેલું છે. '**અંતરમાં જાય તો માર્ગ સહજ છે.**' કંઈ કરવું નહિ પડે. અકર્તાપણે સહેજે સહેજે કામ ચાલશે. અથવા પુરુષાર્થનો પ્રવાહ પણ સહેજે એ બાજું વળશે. વેગ અને જોશ એ બાજુ ચાલશે. '**પ્રથમ ભૂમિકા વિકટ હોય છે;..**' કોઈપણ કાર્યની, એ તો જે કાર્યથી અભ્યાસિત થવાનું છે એનો અભ્યાસ નહિ હોવાને લીધે પ્રથમ ભૂમિકા વિકટ હોય છે, પ્રથમ ભૂમિકા વિકટ હોય છે. હમણા મુંબઈ અને કલકતામાં પેલું આવે છે ને, હાર્મોનિયમ...હાર્મોનિયમ?

મુમુક્ષુ :- કેશીયો.

પૂજ્ય ભાઈશ્રી :- કેશીયો... એના ઉપર આપણે થોડી try કરી, થોડા દિવસો, તો બહુ અઘરું લાગે હવે. (એક મુમુક્ષુને) ફાવે છે, (એ) તો વગાડતો હતો. એમ લાગે કે આમને તો રમત માત્રમાં છે. અથવા જેને આવડતું હોય એને તો રમત માત્રમાં છે. આપણે આંગળા નાખીએ તો એમ થાય કે આ તો ઘણું અઘરું છે. અભ્યાસનો જ વિષય છે બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, અણઅભ્યાસ છે. અણઅભ્યાસે અઘરું અને અભ્યાસે સહેલું ને સહજ. '**અંતરમાં ઊતરે, સ્વભાવ ઓળખે તો એકદમ સહેલું છે.**' એ અંતરમાં ઉતારવા માટે એને પ્રયોગાભ્યાસ હોવો જોઈએ. '**અંતરમાં જાય તો માર્ગ સહજ છે. પ્રથમ ભૂમિકા વિકટ હોય છે;**' શરૂઆતમાં, પ્રથમ ભૂમિકા પોતે શરૂઆતમાં વિકટ હોય છે પછી અંતરમાં જાય, દૃષ્ટિ કરે, તો તદ્રૂપ પરિણમે. '**પછી અંતરમાં જાય, દૃષ્ટિ કરે, તદ્રૂપ પરિણમે તો સરળતાથી તે માર્ગે ચાલ્યો જાય છે.**' અને એટલા માટે પછી જ્ઞાનીઓ એમ કહે કે માર્ગ સરળ છે ને સુગમ છે અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે. પણ ક્યારે? કે રુચિને બદલીને પ્રયોગે ચડે ત્યારે. '**પણ તે પુરુષાર્થ કરતો નથી.**' જે પુરુષાર્થ કરવાનો અભ્યાસ વારંવાર કરવો જોઈએ એ ન કરે તો ન થાય. કેમ થતું

નથી? કે પુરુષાર્થ કરતો નથી એટલે. ૧૪૨. એણે પ્રશ્ન એના ઉપર લંબાવ્યો છે.

---

**પ્રશ્ન :- પ્રથમ ભૂમિકામાં પહેલું પગથિયું ચડવું જ અઘરું લાગે છે, તો કેમ થાય?**

**સમાધાન :- વસ્તુની પ્રાપ્તિ માટે જો તે બહાર હોય તો બહાર જવું પડે, કોઈની પરાધીનતા કે લાચારી કરવી પડે. પણ તેવું કંઈ કરવું પડે તેમ નથી. પોતે સ્વાધીન છે. પોતે જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંત અનંત શક્તિથી ભરેલો છે, અધૂરો નથી. તે પ્રાપ્ત કરવામાં પોતાની સ્વાધીનતા છે. પહેલાંથી જ મુશ્કેલ પડે છે તેમ માનીને કરતો નથી. બહાર લેવા જવું પડે તેમ નથી. પોતામાં ભરેલું છે, તે જ પ્રગટ થાય છે. માર્ગ તો ગુરુદેવે એકદમ સ્પષ્ટ બતાવ્યો છે. કરવાનું પોતાને છે.૧૪૩.**

---

## પ્રશ્ન ૧૪૩ ઉપર પ્રવચન

**પ્રશ્ન :- પ્રથમ ભૂમિકામાં પહેલું પગથિયું ચડવું જ અઘરું લાગે છે, તો કેમ થાય?** હવે પહેલો એકડો ઘૂંટવો એમાં જ તકલીફ છે. આ વેદનામાં નથી આવી શકતાને મોટાભાગના. એ જ અઘરું લાગે છે એનું શું કરવું? તો હવે કેમ થાય? ખોદી-ખોદીને (રસ્તો) કાઢવાની વાત છે. જે સમસ્યા છે એ સમસ્યાનું સમાધાન શક્ય એટલું આપ્યું છે.

**'સમાધાન :- વસ્તુની પ્રાપ્તિ માટે જો તે બહાર હોય તો બહાર જવું પડે, કોઈની પરાધીનતા કે લાચારી કરવી પડે. પણ તેવું કંઈ કરવું પડે તેમ નથી.'** બહારમાં આપણે કોઈ ચીજ જોઈતી હોય, આપણી પાસે ન હોય (તો) આપણે બીજાની માંગવી પડે અથવા એની લાચારી કરવી પડે અને એની પાસે જવું પડે બહાર. પણ તેવું તો કાંઈ કરવું પડે તેમ નથી. કેમકે આ તો અંદરની વસ્તુ છે. પોતાની જ વસ્તુ છે. એટલે બહારની લાચારીનો પ્રશ્ન ઉભો થતો નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઊલટા અભિપ્રાયો પડ્યા છેને! એ તોડવામાં બહુ મહેનત પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ તો ઊંધા હાલ્યા હોય, જેટલા આપણે ઊંધા હાલ્યા એટલો

માર્ગ, ઊંધો માર્ગ કાપવો તો પડશેને?! આપણે જાવું હતું પૂર્વમાં ને ગયા પશ્ચિમમાં, તો જેટલા ગયા તેટલા પાછા વળવાનું તો રહ્યું જ ને, રહ્યું કે ન રહ્યું?

મુમુક્ષુ :- હા, રહ્યું જ ને.

પૂજ્ય ભાઈશ્રી :- સીધી વાત છે. જેટલા દૂર ગયા એટલો માર્ગ કાપવાનો બાકી વધારાનો થઇ ગયો. સીધી વાત છે. એટલે વગર સમજે એમને એમ કરી નાખવાનું કાંઇ રહેતું નથી. એટલો દૂર ચાલ્યો જાય. '**પણ તેવું કંઇ કરવું પડે તેમ નથી. પોતે સ્વાધીન છે.**' પોતાનું કાર્ય કરવામાં માટે પોતે સ્વાધીન છે. કોઇથી દબાઇને રહેવું પડે એવું પણ નથી. નહિતર ઘણાંને ઈ પરિસ્થિતિ થાય છે કે હાલો ભાઈ તમારે સત્સંગમાં નહિ જવાનું. અમારે ત્યાં આવું નહિ ચાલે. આપણે (મુમુક્ષુ)બેનને એવી ઘણી પરિસ્થિતિ છે જ ને. અહીંયાં તો પોતે સ્વાધીન છે એમ કહે છે. કે, અંદરમાં જવાની વાત છે. '**પોતે જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંત અનંત શક્તિથી ભરેલો છે, અધૂરો નથી.**' પોતાનું અનંત સામર્થ્ય, અનંત શક્તિઓના સામર્થ્યથી પોતે ભરપૂર ભરેલો છે, ખામી વગરનો. જરાપણ અધૂરો કે ક્ષતિવાળો નથી. આ હૈયાધારણ મળે એવી વાત છે. એક તો પોતાનું કામ કરવા પોતે સ્વાધીન છે. કેમકે પરિણામને અંદરમાં વાળવા, એને રોકવા માટે કોઇની પહોંચ તો છે નહિ કે આડા આવીને ઊભા રહે કોઇ. ત્યાં તો કોઇની પહોંચ તો નથીને કે આડા આવીને ઊભા રહે. અંદર શક્તિ, પૂરો શક્તિ સંપન્ન છે. અંતરમાં પોતે પૂરેપૂરો શક્તિ સંપન્ન છે.

મુમુક્ષુ :- શક્તિ જે છે એ વારંવાર અંદર ખેંચે છે પરિણામને.

પૂજ્ય ભાઈશ્રી :- એ એવી જ શક્તિ છે, સ્વરૂપ એવું જ છે. એટલે તો resistance powerની જેમ કામ કરે છે એ કે જીવ ઊલટો ચાલે તો અંદરથી એનો આત્મા વિરોધ કરે. conscious bite કરે. એવી શક્તિ છે અંદરમાં.

મુમુક્ષુ :- ત્યાં જા નહિ એમ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા! આ ન કરાય, આ ન થાય. એમ કહે છે. પછી ગમે એટલો overtake કરી જાય પણ અંદરથી તો ઈ ટકોર કર્યા જ કરે એવો છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સમજી જાય પછી તો અટકવાનું કોઈ કારણ નથી ને!

પૂજ્ય ભાઈશ્રી :- સાચી સમજણ કરે તો અટકવાનું કોઇ કારણ નથી. '**પોતે સ્વાધીન છે. પોતે જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંત અનંત શક્તિથી ભરેલો છે,..**' જ્ઞાનની મહાન શક્તિ છે. શ્રદ્ધાની મહાન શક્તિ છે. મેરૂ ડગે તોય મન નો ડગે. મન એટલે અહીંયાં આત્મા લેવાનું. ગંગાસતીનું (ભજન) છે ને.

મુમુક્ષુ :- ભલે ભાંગી પડે બ્રહ્માંડ.

પૂજ્ય ભાઈશ્રી :- ભલે ભાંગી પડે બ્રહ્માંડ. માર્ગાનુસારી હોય એને આ બધું અંદરથી ઉગે, છે તો અન્યમતિ. વાત ઘણી ઉગે છે, ઉગી છે. આ લોકો એ લીધું છે ભજનમાં, સ્વાધ્યાય સંચયવાળા - એ લોકોએ.

મુમુક્ષુ :- ભક્તિ કરવી હોય એને રાંક થઈને રહેવું. મેલવું અંતરનું અભિમાન. ગંગાસતીનું જ છે. આ બીજું. ઘણાં પદ રચ્યાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- એણે ગુરુના પદ ઘણાં લીધા છે. એને પોતાને કોઈ ગુરુ છે કે ખબર નથી. કોણ છે એના ગુરુ. નામ આવડે છે?

મુમુક્ષુ :- ઈ એક મહાત્મા આવ્યા હતા એના ઘરે. કોઈકે કીધું હતું, સેવા-ભકિત કરીને જમાડ્યા. આઠ દી' રોકાણાં, બેયને ઉપદેશ દેતા હતા. પછી એનો જ છોકરો બહુ આડો હાલતો હતો. પછી આ બાઈ પરણાવી-પાનબાઈ એની વહુ, (એને) બહુ આમ મારે ને.. પછી એને (વહુને) ઉપદેશ આપે છે, વિજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ, અચાનક અંધારા થાશે.

પૂજ્ય ભાઈશ્રી :- અંદરથી ઊપડેને! ઘણી વાતો ઘણી લીધી છે. '**તે પ્રાપ્ત કરવામાં પોતાની સ્વાધીનતા છે.**' અંદરની જે શક્તિઓ છે, એ શક્તિઓને પ્રગટ કરવામાં, પ્રાપ્ત કરવામાં એટલે? પ્રગટ કરવામાં પોતાની સ્વાધીનતા છે. '**પહેલાંથી જ મુશ્કેલ પડે છે તેમ માનીને કરતો નથી.**' એવું નહિ કરવું. અઘરું છે, અઘરું છે, અઘરું છે, એમ કરીને પોતે નવો અંતરાય ઊભો ન કરવો. તેવો પૂર્વગ્રહ ઊભો ન કરવો. ઈ શું કરે છે કે બારણું ખોલતાં પહેલા આગળિયો મારી દે છે. બારણું ઉઘાડવાનું છે. એમાં આગળિયો મારવાનો ન હોય, આગળિયો હોય તો કાઢી નાખવાનો હોય, ખોલી નાખવાનો હોય. એટલે અઘરું છે, અઘરું છે ઈ અભિપ્રાયમાં ક્યારેય ન આવવું. અઘરું લાગે તોય તે કરવું. અઘરાપણાનો અભિપ્રાય ન બાંધવો. અઘરું લાગે ત્યારે એમ સમજવું કે મારી ઊંધી રુચિ ઘણી કામ કરી રહી છે માટે મને અઘરું લાગે છે.

દિપચંદજીએ એક વાત લખી છે અનુભવપ્રકાશમાં કે, આ કાળમાં નિર્વિકલ્પ સ્વાનુભવ કઠણ છે, ન થઈ શકે બહુ કઠણ છે-ન થઈ શકે, એમ કહેનાર સ્વરૂપની રુચિ મટાડનાર બહિર્આત્મા છે, એવું નાખ્યું છે. અત્યારે સારા-સારા વિદ્વાનો, ત્યાગીઓ અને દીક્ષા લીધેલા મુનિઓ એમ કહે છે, નિર્વિકલ્પ સ્વાનુભૂતિ આ કાળમાં થાય નહિ, હોય નહિ. અને ઈ તો બહુ અઘરી વસ્તુ છે. ત્યારે એને દિપચંદજીએ status આપી દીધું. શું status આપ્યું? બહિર્આત્મા તો છે, પણ સ્વરૂપની રુચિ મટાડનારો બહિર્આત્મા છે. એટલે આગળિયો મારે છે. સ્વરૂપને પ્રગટ કરવામાં બારણું બંધ કરીને આગળિયો મારી દીધો. 'આગળિયો' સમજતા હૈ ન? દરવાજા બંધ કરકે જો સ્ટોપર મારતે હૈં.

મુમુક્ષુ :- (હિન્દીમાં) 'આગળ' બોલતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- મારવાડીમેં 'આગળ' બોલતે હૈં. હમારે ગુજરાતીમેં આગળિયો કહે છે. અમારે પહેલા ત્યાં નાના ગામમાં લાકડાના બારણા હોય અને આગળિયો લાકડાનો હોય. પેલો ધોકા જેવો. આપણે અત્યારે જે લોખંડની કે એની સ્ટોપર મારીએ છીએ, આલ્ડ્રાફ મારીએ છીએ એના બદલે લાકડાનો આગળિયો હોય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અમદાવાદમાં શાહપુરનું પહેલું મોટું મંદિર છે. ત્યાં એક board લગાવેલું છે કે વર્તમાનકાલમેં શુદ્ધોપયોગ હોતા નહીં હૈ, ચોથે ગુણસ્થાનમેં ભી શુદ્ધોપયોગ હોતા નહીં હૈ. અગર કિસી શાસ્ત્રમેં ઈસ તરહકા શુદ્ધોપયોગ લિખા હુઆ હો તો ઉન શાસ્ત્રોંકો બહાર નિકાલ દે, એવું board મારેલું છે.

પૂજ્ય ભાઈશ્રી :- દિગંબર મંદિર છે?

મુમુક્ષુ :- દિગંબર મંદિર છે.

પૂજ્ય ભાઈશ્રી :- વાહ! શાબાશ!!!

મુમુક્ષુ :- એવું કાંઈ જોવામાં આવ્યું નથી.

મુમુક્ષુ :- હું વાંચીને આવ્યો છું ને.

પૂજ્ય ભાઈશ્રી :- તમે કાંઈ બધા મંદિર થોડા ગયા છો?

મુમુક્ષુ :- સોનગઢના શાસ્ત્રો રાખવાની મનાઈ છે, એવું તો જોયું છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ નવું લઈ આવ્યા.

મુમુક્ષુ :- આગમકા નિયમ હૈ કિ ચોથા ગુણસ્થાનમેં શુદ્ધોપયોગ નહીં હૈ ઔર જિસમેં શુદ્ધોપયોગ લિખા હુઆ હો ઉસ શાસ્ત્રકો બાહર નિકાલ દો!!

પૂજ્ય ભાઈશ્રી :- એ લોકો અમૃતચંદ્રાચાર્યની ટીકા નથી માનતા ને? ઈ નથી માનતા.

મુમુક્ષુ :- તેરાપંથી મંદિર છે અને વિદ્યાસાગરજીને જ માનવાવાળા.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં છે ને, આપણને નહોતા મળ્યા પેલા સોનાગીરમાં. (એક મુમુક્ષુ) મળ્યા હતાને? ઈ નહોતા કહેતા કે શુદ્ધોપયોગની વાત છે જ નહિ. મેં કીધું કે આ ૧૪૪મી ગાથાની ટીકામાં છે, તો ક્હે ઈ તો અમૃતચંદ્રાચાર્યની છે. એટલે અમૃતચંદ્રાચાર્યને નથી માનતા એ. કાષ્ટાસંઘી છે, કાષ્ટસંઘી છે. તેમ કરીને આચાર્યને ઉડાડે છે. સ્વચ્છંદ ફાટે એટલે શું થાય? બાકી શાસ્ત્રમાં તો છે, મૂળ શાસ્ત્રમાં છે. ટીકામાં છેને, ગાથામાં તો શું શબ્દ વાપર્યો છે? તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની સંજ્ઞા મળે છે, ૧૪૪માં. એ જે એમ કહે, વ્યવહાર અને નિશ્ચય બન્નેના પક્ષને ઓળંગી જાય છે તેને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની સંજ્ઞા મળે છે. શુદ્ધઉપયોગ શબ્દ નથી વાપર્યો.

અને શુદ્ધઉપયોગ વગર પોતાને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન તો માને જ છે એ લોકો, દિગંબરમાં. જૈનમાં પણ તે સમ્યગ્દર્શન તો છે જ, સમ્યગ્જ્ઞાન તો છે જ અને વ્રત નિયમ પાળે એટલે એટલું ચારિત્ર, જેટલું પાળ્યું એટલું ચારિત્ર થઈ ગયું જાઓ! એમ છે. શુદ્ધઉપયોગ શબ્દ નથી વાપર્યો. અમૃતચંદ્રાચાર્યે એ શબ્દ વાપર્યો છે. લીનતા લીધી છેને એમાં. લીનતા લીધી છે. સ્વરૂપ લીનતા લીધી છે. શુદ્ધઉપયોગ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! શુદ્ધઉપયોગ શબ્દ રહી જવાનું કારણ શું?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એમને તો શુદ્ધઉપયોગ ને આમાં કાંઈ ફરક ન દેખાતો હોયને? આવા પણ ઊંધા નીકળશે ઈ શું ખબર પડે. કોઈ શબ્દનો આગ્રહ રાખે એનો કાંઈ અર્થ જ નથીને?

મુમુક્ષુ :- એ પત્રિકા ઝેરોક્ષ કરેલી હતી એટલે મંદિરમાં જગ્યાએ-જગ્યાએ મોકલાવી જ હોયને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, મોકલાવી જ હોયને.

મુમુક્ષુ :- વચ્ચે આપણે એક શબ્દ લીધેલોને સમયસાર ઉપયોગ શુદ્ધાત્મા.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ શુદ્ધાત્મા સાથે શુદ્ધ શબ્દ જાય છે. શુદ્ધ ઉપયોગ સાથે નથી જતો. ઉપયોગ શુદ્ધાત્મા કરે, **शुद्धपा, उपयोगो शुद्धपा** એમ છે. એટલે શુદ્ધ શબ્દ આત્મા સાથે જાય છે. ઉપયોગ સાથે નથી જતો. એવી રીતે જોડેલો છે, શુદ્ધ. પણ હવે ઈ જોશું. આ તો ભાઈએ વાત કરી એટલે ખ્યાલ આવ્યો તો હવે સમયસારમાં ક્યાંક મૂળ ગાથામાં કુંદકુંદાચાર્ય... કેમકે કુંદકુંદાચાર્યને કોઈ કાષ્ટાસંઘમાં નથી નાખતું કાંઈ. અમૃતચંદ્રાચાર્યને નાખે છે.

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્યની તો આમ્નાય ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે મંગલમ્ ગૌતમો ગણી, મંગલમ્ કુંદકુંદાર્યો...

મુમુક્ષુ :- બધી પ્રતિમાઓ ઉપર કુંદકુંદાચાર્ય આમ્નાય લખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- લખાય છે. જોઈશું, કુંદકુંદાચાર્યની ગાથામાં કાંઈક શુદ્ધોપયોગ આવતો હોય તો જોઈ લેશું. ઈ આવતુ હોય તો ઈ લોકોને ભારે પડે. તો આ શાસ્ત્ર તમે કેમ બહાર કાઢો? એમ થાયને. બાકી આ અમૃતચંદ્રાચાર્યને ઉડાડે છે, ઈ તો હમણાં મને ખબર પડી હો! કે અમૃતચંદ્રાચાર્ય તો બહુ authentic આચાર્ય છે. દિગંબર આચાર્યોમાં અમૃતચંદ્રાચાર્ય એટલે બહુ સમર્થ આચાર્ય થયા, પ્રવચનસારની ટીકા અને સમયસારની ટીકાઓ કરી, 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય' લખ્યો છે. જબરદસ્ત આચાર્ય છે એ તો. આ લોકો કાષ્ટાસંઘી કહીને એને પણ ઉડાવે છે, એ પહેલું-વહેલું જ જાણ્યું સોનાગીરમાં. કેમકે એમણે એવી ટીકાઓ કરી છે કે બધા ફેંસલા બોલાવી દીધા છે. કોઈ ટકે એવું

નથી એમની સામે. એટલા સમર્થ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કાષ્ટાસંઘી એટલે શું?

પૂજ્ય ભાઈશ્રી :- ઈ આમને ખબર હશે, કાષ્ટાસંઘી એટલે શું?

મુમુક્ષુ :- નામ સાંભળ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં છેને આપણે 'દંસણ મૂલો ધમ્મો' એની પ્રસ્તાવનામાં કાષ્ટાસંઘ માટે કાંઈક લખ્યું છે ખરું, શેના ઉપરથી લખ્યું છે? આ જે જિનેન્દ્ર કોષ છેને, એમાં કાષ્ટાસંઘનો શબ્દ હશે ને એમાં કાષ્ટાસંઘનો ઈતિહાસ હશે. જિનેન્દ્ર શબ્દકોષમાં. એટલે એમણે એમાં-'દંસણ મૂલો ધમ્મો'માં એ વાત નાખી છે કે આ શ્વેતાંબર ક્યાંથી નીકળ્યા? પછી વચ્ચે કાષ્ટાસંઘ નીકળ્યો. આમ નીકળ્યું, તેમ નીકળ્યું ઈ બધું એમણે અંદર લખ્યું છે. ઈતિહાસ લખ્યો છેને જે જૈનદર્શનનો, મહાવીરસ્વામી પછીનો જે (ઈતિહાસ).

'દંસણ મૂલો ધમ્મો' નહિ પણ 'જિન શાસણં સવ્વં' એની પ્રસ્તાવનામાં છે. ઈ જરાક જોઈ લેજો. 'જિન શાસણં સવ્વં'ની પ્રસ્તાવનામાં છે. કાષ્ટાસંઘનો વિષય કંઈક એણે નાખ્યો છે. '**પહેલાંથી જ મુશ્કેલ પડે છે તેમ માનીને કરતો નથી. બહાર લેવા જવું પડે તેમ નથી. પોતામાં ભરેલું છે, તે જ પ્રગટ થાય છે. માર્ગ તો ગુરુદેવે એકદમ સ્પષ્ટ બતાવ્યો છે.**' ચોખવટ ખૂબ ગુરુદેવે કરેલી છે અને કામ પોતાને કરવાનું છે. ગુરુદેવે તો આંગળી ચીંધી કે, આ માર્ગ છે તું હાલ્યો જા! એટલે પણ હાલવું તો પોતાને પડશે. '**કરવાનું પોતાને છે.**' કામ તો કોઈ બીજાને કરવાનો પ્રશ્ન રહેતો નથી. એ ૧૪૩ પૂરો થયો.

**ચૈતન્યની ધરતી તો અનંત ગુણરૂપી બીજથી ભરેલી, રસાળ છે. આ રસાળ ધરતીને જ્ઞાન-ધ્યાનરૂપ પાણીનું સિંચન કરવાથી તે ફાલી નીકળશે.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૩૨૦**

પ્રશ્ન :- માર્ગ તો સ્પષ્ટ છે પણ અમને માર્ગ મળતો નથી તેથી મૂંઝવણ થાય છે તો માર્ગ કેમ શોધવો?

સમાધાન :- રસ્તો પોતાને જ કાઢવાનો છે. માર્ગ શોધનારો પોતે જ છે. જિનેન્દ્ર ભગવાન, ગુરુ બધા માર્ગ બતાવે પણ તૈયારી તો પોતાને કરવાની છે. બહારથી મળતું હોય તો તેને શીખ્યા કરે, ભણ્યા કરે, ગોખ્યા કરે; પરંતુ આ તો અંતરમાં કરવાનું છે.

તેની પાછળ પડી જાય, ભેદજ્ઞાન કર્યા કરે, વારંવાર તેની દૃષ્ટિ કરે, વારંવાર તેની લગની લગાડે તો થયા વગર રહે નહિ. તેની ખરી લગની લગાડવી જોઈએ તો થાય. આખી દિશા ફેરવી નાંખવાની છે. ૧૪૪.

## તા. ૨૦-૦૩-૧૯૯૭, પ્રશ્ન-૧૪૪,૧૪૫
## પ્રવચન નં. ૯૫

સ્વાનુભૂતિદર્શન, પાનું ૯૯, પ્રશ્ન-૧૪૪મો.

'પ્રશ્ન :- માર્ગ તો સ્પષ્ટ છે પણ અમને માર્ગ મળતો નથી તેથી મૂંઝવણ થાય છે તો માર્ગ કેમ શોધવો?'

'સમાધાન :- રસ્તો પોતાને જ કાઢવાનો છે. માર્ગ શોધનારો પોતે જ છે.' માર્ગ પોતાનો પોતે જ શોધે છે ને પોતાને જ શોધવાનો છે. એટલે એમાં એમ કહેવું છે કે મને કોઈ માર્ગ બતાવે તો માર્ગ મળે. એવા અભિપ્રાયથી જે કહેનાર છે એની પાસેથી અપેક્ષા રાખે અને રાખ્યા કરે અને અંદરમાં જે માર્ગ શોધવાનો છે તે પ્રકારના પ્રયત્નમાં ન જાય. તો પેલો અભિપ્રાય છે, એ અભિપ્રાય એને માર્ગ શોધવામાં બાધક કારણ થાય. બહુભાગ એવી ભૂલ અજાણ્યે થતી હોય છે. જાણીને નહિ પણ અજાણ્યે એવી ભૂલ થતી હોય છે કે, ભાઈ આપણને સમજાવનાર મળ્યા છે અને બહુ સારા સમજાવનાર મળ્યા છે, ગુરુદેવ હતા ત્યાં એમ થયું કે ગુરુદેવ જેવા સમજાવનાર મળ્યા છે તો ખોદી-ખોદીને, પૂછી-પૂછીને ત્યાંથી મેળવી લેવું એવો એક અભિપ્રાય અને વૃત્તિ રહ્યા કરતી હોય. એવા અભિપ્રાયથી એવી વૃત્તિ રહ્યા કરતી હોય એટલે વારંવાર પૂછે

હજી સ્પષ્ટ કરો, હજી સ્પષ્ટ કરો, હજી દાખલો આપીને સ્પષ્ટ કરો, હજી સમજાતું નથી, હજી જરાક વધારે સ્પષ્ટ કરો, જાણે ત્યાંથી મેળવી લેવું ન હોય! વાસ્તવમાં પ્રકાર જુદો છે કે પોતે અંદર શોધ કરવાની હોય છે. પોતાના ચાલતા પરિણામમાંથી પોતાની શોધકવૃત્તિ કામ કરતી હોય તો એને મળે છે. કહેનાર હોય છે એની તો ખાલી hint હોય છે આ વિષયમાં. hint હોય એટલે શું? કે સંક્ષેપમાં થોડું કહી દ્યે. જેમ આંગળી ચીંધવા જેવી વાત છે. ભાઈ ચંદ્ર દેખાતો ન હોય આકાશમાં તો આંગળી ચીંધનાર બતાવે કે ભાઈ! આમ જરાક જુઓ તમે, આમ નહિ પણ આમ જુઓ. આમ નહિ પણ જરાક આમ જુઓ. પણ જોવાનું કોને? પોતાને. એના બદલે જો બધો આધાર આંગળી ચીંધનાર ઉપર ચાલ્યો જાય તો પોતે જે પ્રયત્ન કરવો જોઈએ, જે પ્રકારે કરવો જોઈએ, જે રીતે કરવો જોઈએ એમ ન થાય અને પોતાનો જે અન્યથા અભિપ્રાય છે એ પોતાને સાચો પ્રયત્ન કરવા ન દ્યે, યથાર્થ પ્રયત્ન કરવા ન દ્યે, આવું બને છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પૂછતા પહેલાં પૂછનારની કઈ-કઈ જવાબદારીઓ હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- પૂછનારે એવો અભિપ્રાય રાખીને પૂછવું જોઈએ, કે મારે ખાલી hint મેળવી લેવાની છે પણ કામ મારે અંદર કરવાનું છે. હું સાવ અજાણ્યો છું એટલે પૂછું છું કે, મારે કઈ બાજુ જાવું અને ઈ બાજુ જાવ તો ઈ બાજુ હું ગયો છું એની ખાતરી થવા માટે મને બીજું શું-શું મારે ધ્યાનમાં રાખવું. તો કે તમે જે બાજુ જશો ઈ બાજુએ પીપળાનું ઝાડ આવશે. પછી જરાક આગળ આવશો એટલે એક હનુમાનની દેરી આવશે. તો તો તમે સમજશો તમે ગયા છો એ બધા વળાંક બરાબર લીધા છે.

મુમુક્ષુ :- એડ્રેસ માટે પૂછીએ છીએ એવી રીતે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવી રીતે. પછી ચાલતી વખતે ઈ બધું ધ્યાન તો પોતાને રાખવાનું કે નહિ? કે એને કીધું ઈ જ દિશામાં ચાલે અને ચાલે ત્યારે પછી બધું આવે છે કે નહિ એ જોયા કરે, મેળવી લ્યે. ઈ બધું તો પોતાને કરવાનું ને? કેમકે કહેનાર તો પછી રહી ગયો ઈ રહી ગયો ત્યાં. ચાલવાનું શરૂ કર્યું ઈ પહેલા તો કહેનાર તો જુદો રહી ગયો. એમ કહેનારનું સ્થાન ત્યાં સુધી છે, ભલે એનું સ્થાન ત્યાં સુધી છે પણ ઉપકાર ગમે એટલો માનવામાં આવે, ઈ બીજો વિષય છે. પણ પોતાને કામ કરવું ઈ બીજો વિષય છે પાછો. ઉપકાર ઘણો માને, ઈ કામ કરે ત્યારે ઉપકાર સાચો માને. ત્યાં સુધી સાચો ઉપકાર નથી માનતો. પોતે કામ કરે અંદર, અંદર સૂઝ આવે ત્યારે એને એમ થાય કે મને આંગળી ચીંધી ત્યારે હું આટલું કામ કરી શક્યો ને? જો એટલું મને ન બતાવ્યું હોત તો હું આટલું કામ ક્યાંથી કરત? એ વખતે, ઉપકાર

બુદ્ધિ વખતે પોતે કામ કર્યું હોય ઈ વજન ઘટી જાય. અને કામ કરતી વખતે એને પોતા ઉપર વજન વધારે રહે. પોતાને કામ કરવાનું છે એના ઉપર વજન વધારે રહે. એવી રીતે કામની પદ્ધતિ છે. ફરીથી જુઓ, **'રસ્તો પોતાને જ કાઢવાનો છે.'** આ પહેલેથી અભિપ્રાયમાં હોવું જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી આપ કહો છોને કે કોયડો ઉકેલવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કોયડો છે. 'કળ્યો કોયડો કોડીનો નહિ'. વાત એવી જ છે. કોયડો છે, કોયડો કહો કે problem કહો કે સમસ્યા કહો. **'માર્ગ શોધનારો પોતે જ છે.'** આ જ ખ્યાલમાં રાખવાની વાત છે. આ બે વાત ખ્યાલમાં રાખવાની છે મુખ્યપણે. **'જિનેન્દ્ર ભગવાન, ગુરુ બધા માર્ગ બતાવે પણ તૈયારી તો પોતાને કરવાની છે.'** આ વસ્તુ બરાબર સમજમાં હોવી જોઈએ. **'બહારથી મળતું હોય તો તેને શીખ્યા કરે, ભણ્યા કરે, ગોખ્યા કરે; પરંતુ આ તો અંતરમાં કરવાનું છે.'** કાંઈ બહારથી મળવાનું નથી કે ભાઈ! શીખી લઈએ ચાલો. નિશાળમાં જેમ શીખી લઈએ છીએ એવી રીતે. ચાલો ભાઈ આ ક્લાસ ચાલે છે એમાં બેસીને શીખી લઈએ. એવું નથી આ. પણ આ તો અંતરમાં કરવાનું છે, એટલે અંદરમાં અંતર ખોજ કરવાની છે. શોધકવૃત્તિ અંદરમાં કામ કરવી જોઈએ.

**'તેની પાછળ પડી જાય,'** જે કામ કરવાનું છે એની પાછળ પડી જાય એક લયે તો કામ થાશે. અનંત કાળનું અનંત સુખ-આવો મોટો લાભ મળવાનો હોય અને બધા દુઃખ મટવાના હોય, એવડો મોટો જો લાભ થવાનો હોય તો એની પાછળ પડી જવું જોઈએ કે ન પડી જવું જોઈએ? કે ઈ પણ શીખડાવવાનું? સંસારમાં તો ઈ કાંઈ શીખડાવવું પડતું નથી. કે ભાઈ! ચાલો એક દિવસમાં પચાસ લાખ મળે છે તો પાછળ પડી જાય કે ન પડી જાય? તે દિવસે ઘરે કહી દે કે, આજે હું જમવા આવવાનો નથી. તો કહે ટિફિન? તો કે ટિફિન ક્યાં મોકલવું ઈ કાંઈ ઠેકાણું નથી મારું. કે ટિફિન મોકલવાની વાત કરતા નહિ. જમવા ન આવું તો ચિંતા કરતા નહિ, સૂવા ન આવું તો ચિંતા કરતા નહિ. આજે મારે આખો દિવસ મિટિંગમાં જશે. જુદી-જુદી જગ્યાએ જવાનું છે. મારું કાંઈ ઠેકાણું નથી. હું ગમે ઈ રીતે મારું કરી લઈશ અને ન કરી લ્યે ને એકવાર ભૂખ્યો રહે તોપણ એને કાંઈ એનું દર્દ આવે? નહિ. કેમ? કે આટલો મોટો લાભ સામે દેખાય છે. આ ભગવાન કહે છે એ લાભ હજી દેખાણો નથી. નહિતર એ સમજાવવું ન પડે, પાછળ પડી જાય. એમ ગુરુદેવને કહેવું ન પડે કે જ્ઞાનીને કહેવું ન પડે કે તું પાછળ પડી જા. કેમકે એ વસ્તુ શીખડાવવાની નથી. તને hint આટલી આપી કે જો ભાઈ આ માર્ગે જાતા તારા અનંતકાળના અનંતદુઃખ મટવાના અને અનંતકાળનું

અનંતસુખ તને મળી જવાનું. આટલું થોડું છે? આટલું કીધું ઈ થોડું છે? અનંતો લાભ બતાવ્યો. ઉપકાર તો એટલા માટે માને છે કે અનંત લાભ બતાવ્યો અને અનંત લાભ પોતાને થયો માટે અનંત ઉપકાર માને છે. પણ કામ તો પોતાને કરવાનું ને? એની હોંશ તો પોતાને ચડવી જોઈએ ને?

મુમુક્ષુ :- ઉલ્લાસપૂર્વક કામ પર લગના ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉસકો ઉલ્લાસ તો ખુદકો આના ચાહિયે ન? વો બાત હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્યારે કોઈ મૂંઝવણ થતી હોય અને સત્સંગમાં આવતો હોય એટલે ઉપાય પણ ખબર હોય, છતાં એ રસ્તે જ્યારે જે માર્ગદર્શન મળતું હોય ઈ વધારે અસરકારક થતું હોય, એમાં અભિપ્રાય એવો છે કે એમનાં થકી મને મળી જશે?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયત્ન અંદર પહેલા ચાલુ કરવો જોઈએ, પછી એના supportમાં ભલે તમે બહાર ગોતો પણ તમે અંદરનો પ્રયત્ન છોડીને બહાર ગોતવા જાવ ઈ બરાબર નથી. એટલે એનો અર્થ શું થયો? કે તમારે પહેલા ઉપાદાનને રાખવું છે કે નિમિત્તને ઈ કહો. તમારે કામ કરવું છે તો ઉપાદાનની મુખ્યતામાં કરવું છે કે નિમિત્તની મુખ્યતામાં કરવું છે ઈ કહો. તો ઉપાદાનની મુખ્યતામાં કરો તો જ તમને નિમિત્ત નિમિત્ત તરીકે રહેશે, નહિતર નિમિત્ત નિમિત્ત તરીકે નહિ રહે. એનું શું કરશો? અને પછી તમે કામ કરશો ત્યારે તમને એ નિમિત્ત પ્રત્યેની સાચી ઉપકારબુદ્ધિ આવશે, નહિતર કૃત્રિમ આવશે.

મુમુક્ષુ :- પોતે ન ચાલે અને જ્ઞાનીપુરુષ મળી જાય તોપણ નિષ્ફળતા જ મળેને?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. ન ચાલે તો નિષ્ફળતા જ મળેને. જ્ઞાની શું કામ કરી દે કાંઈ?

મુમુક્ષુ :- તો તો મળ્યા ન મળ્યા બરાબર જ થઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર થઈ જાય અને અનંતવાર એમ થયું છે. આવું અનંતવાર થયું છે. કામ તો પોતાને કરવાનું છે એ પૂરું ભાન હોવું જોઈએ. બીજું ઈ પણ હોવું જોઈએ કે ભાઈ! મોટા હોય ઈ નાનાને કામ બતાવે કે જરાક આટલું કરી નાખજો, પણ નાના મોટાને કામ બતાવે કે આટલું કરી નાખજો? મારું કામ તમે કરી દ્યો ઈ વાત તો વિનય ચૂકવા જેવી નથી લાગતી? કે ભાઈ મારું કામ તો મારે જ કરવાનું હોય. હું માર્ગદર્શન મેળવું, (પણ) કામ તો મારે જ કરવાનું હોય ઈ વાત તો પાત્રતામાં પહેલી ખ્યાલમાં હોવી જોઈએ. પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતમાં લીધી છે એ વાત કે, પાત્રતાવાળાને એવું હોય છે કે કામ તો મારે જ કરવાનું છે. ગુરુ ગમે તેટલું માર્ગદર્શન આપે પણ એ સબંધીનું કાર્ય તો, માર્ગદર્શન અનુસાર કાર્ય તો મારે જ કરવાનું છે. એમ એને બરાબર લક્ષમાં હોય છે.

મુમુક્ષુ :- એટલે મૂંઝવણ જ્યાં સુધી ન ટળે ત્યાં સુધી જંપીને બેસવું ન જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો, કામ તો ચાલુ જ રાખવું જોઈએ અંદર. તેની પાછળ પડી જાય. જો ખરેખર એને કિંમત આવે તો પાછળ પડી જાય, તો ભેદજ્ઞાનના stageમાં પહોંચીને ભેદજ્ઞાન કર્યા કરે, નહિતર ઈ પહેલાના stageમાં કર્યા જ કરે. જે stageનું પોતાને કામ કરવાનું હોય એ કર્યા જ કરે. '**ભેદજ્ઞાન કર્યા કરે, વારંવાર તેની દૃષ્ટિ કરે,**' એટલે આત્માની દૃષ્ટિ કરે '**વારંવાર તેની લગની લગાડે તો થયા વગર રહે નહિ.**' એક વાત એમણે બહુ જ feelingની કરી છે, લગની લગાડ! લગની નહિ લાગે ત્યાં સુધી કામ થવાનું નથી. અને આટલો મોટો લાભ દેખાય એને લગની લાગ્યા વિના રહે નહિ. એમણે (બહેનશ્રીએ) ઘર ક્યારે છોડ્યું હશે? એટલી લગની ઉપડી હશેને? કે હવે અહીંયાં રહી શકાય એવું નથી. ઘર છોડતી વખતે એવી કોઈ ખાતરી નહોતી આપી કે તમે ઘર છોડશો તો તમને જરાય મુશ્કેલી નહિ પડે.

મુમુક્ષુ :- કોઈ નહોતું મળ્યું ત્યારે.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ supporter નહોતું, કોઈ હૈયાધારણ આપે એવું નહોતું કે, તમતમારે આત્મા માટે જે કરવું હોય અમે બેઠા છીએ. મુમુક્ષુઓમાં તો શું થાય છે? એક સમૂહ હોય છે, ખબર પડે કે ભાઈ આને આત્મકાર્ય કરવું છે ને થોડી મુશ્કેલી ઊભી થઈ છે તો બધાય પોતપોતાની રીતે એને support કરશે. કે ભાઈ આમ તમે કોઈ જાતનું મુંઝાતા નહિ અમે બેઠા છીએ. તમતમારે આત્માનું કરવું હોય તો કરો, એના માટે તમે મુંઝાતા નહિ. એમને કોઈ નહોતું, કોઈ સત્સંગમાં નહોતું, કોઈ ગુરુ માથે નહોતા, કાંઈ નહોતું, પણ લગની લાગી કે નહિ મારે આત્માનું કરવું છે, મારે મારા આત્માનું કરી લેવું છે. આમને-આમ મારું જીવન... શરૂઆતના જિંદગીના જન્મ્યા પછીના પંદર વર્ષ ગયા ઈ એમને બહુ લાગ્યા. અધધધ..થઈ ગયા કે, જિંદગીના પંદર વર્ષ ગયા. એમાં આપણને ઈ થી ચાર ગણા થાય તો ન લાગે તો શું સમજવું પછી? પંદર વર્ષ ઝાઝા લાગ્યા હતા. મોડું થઈ ગયું, મોડું થઈ ગયું - એવું લાગતું હતું. એનું કામ થાય છે, કોનું કામ થાય છે? કે આવી લગની લાગે એનું કામ થાય છે. અને એ પણ નિશ્ચય રાખવા યોગ્ય છે કે આવી લગની જ્યાં સુધી નહિ લાગે ત્યાં સુધી મારું કામ થાવાનું નથી. એમને એમ મફતમાં બેઠા-બેઠા થઈ જવાનું નથી. એવો નિશ્ચય રાખવો.

મુમુક્ષુ :- ઠાગાઠૈયા નહિ ચાલે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર, આ જે ઠાગાઠૈયા કરે છે ઈ એમને એમ જ ચાલશે ગાડી અને આયુષ્ય પૂરું થઈ જશે. '**લગની લગાડે તો થયા વગર રહે નહિ.**' એમ

કહે છે. guranteed વાત છે કે લગની લાગે તો થયા વગર રહે જ નહિ. '**તેની ખરી લગની લગાડવી જોઈએ તો થાય. આખી દિશા ફેરવી નાંખવાની છે.**' પરિણામની આખી દિશા જ બદલી નાખવાની છે. નવી જ દુનિયામાં પ્રવેશ થઈ જાય, એવી અંદરની વૈચારિક પરિસ્થિતિ તો એવી બદલાય જવી જોઈએ કે જાણે નવી જ દુનિયામાં પ્રવેશ થઈ જાય. પેલી દુનિયા જ છોડી દે. બીજી દુનિયામાં આવી જાય.

મુમુક્ષુ :- ખરી લગની લગાડી ન લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, લગાડી ન લાગે. પણ ઉપદેશમાં તો એમ કહે કે તું લગાડ એમ જ કહે ને? લગાડવી જોઈએ એમ જ કહે ને? ઉપદેશ કેવી રીતે આપવો? બાકી સહેજ લાગવી જોઈએ અને ક્યારે લાગે? કે સામે લાભ દેખાય ત્યારે. જ્યાં સુધી લાભ નહિ દેખાય ત્યાં સુધી એ વિચાર ને તર્ક ને અનુમાન બધા નકામા છે.

મુમુક્ષુ :- શાસ્ત્ર, સત્સંગ મૂલ્યાંકન માટે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ તો છે જ. મૂલ્યાંકન તો આવવું જ જોઈએ ને? મૂલ્યાંકન ન આવે તો વજન જ ન આવેને? એવું થયું છે. ૧૪૪મો પ્રશ્ન ૧૪૪ની કલમ જેવો છે. ૧૪૪મી ગાથા પણ સમયસારમાં એવી છે. આંકડો પણ અફર આવે છે. એક વતા ચાર વતા ચાર-નવનો. નવડો અફર છેને? તો કે લગની લાગે તો તારું કામ થયા વગર રહે જ નહિ જા! અફર વાત છે!

---

**પ્રશ્ન :- જ્ઞાની ધર્માત્માની બધી વાત ગ્રહણ કરવી-તેમાં નિશ્ચયની ગ્રહણ કરવી અને વ્યવહારની છોડી દેવી કે શું કરવું? તે બતાવશોજી.**

**સમાધાન :- જ્ઞાની જે અપેક્ષાથી જે વાત કહેતા હોય તે પ્રમાણે ગ્રહણ કરવી. કોઈ વાત બાદ કરી દેવી-છોડી દેવી એમ નહિ, તેની અપેક્ષા સમજવી. વ્યવહારની વાત કહે તો કઈ અપેક્ષાથી કહે છે, નિશ્ચયની વાત કઈ અપેક્ષાથી કહે છે તે સમજી લેવું. કોઈ કથન દ્રવ્યદષ્ટિથી હોય, કોઈ કથન પર્યાયદષ્ટિથી હોય, તો તે બંનેની સંધિ કરીને મહાપુરુષ કઈ રીતે કહે છે તે સમજી લેવું.**

**બંને સમર્થ આચાર્ય હોય એમાંથી કોઈ આચાર્ય નિશ્ચયની વાત કહેતા હોય, કોઈ આચાર્ય વ્યવહારની વાત કરતા હોય તો તે બંનેનો મૈત્રી-મેળ કેમ કરવો તે સમજી લેવું. એક આચાર્યદેવે શાસ્ત્રના એક અધિકારમાં નિશ્ચયની વાત કરી હોય, તે જ આચાર્યદેવે બીજા અધિકારમાં વ્યવહારની વાત કરી હોય, તો તે બંનેમાં મેળ કરવો જોઈએ કે આ અધિકારમાં આચાર્યદેવે કઈ અપેક્ષાએ કહ્યું છે. વ્યવહારના અધિકારમાં**

શું કહેવાનો આશય છે તે સમજવું જોઈએ. કોઈ વાત કાઢી નાંખવાની હોય તે વાત તો આચાર્યદેવ કરે જ નહિ. જે વસ્તુસ્વરૂપ હોય તેનું જ કથન કરે, વસ્તુસ્વરૂપ ન હોય, તથા મુક્તિના માર્ગમાં જે લાગુ ન પડે તેવી અઘટિત વાત જ્ઞાનીઓ કહેતા જ નથી.

મુમુક્ષુ :- જ્ઞાનીની કોઈ વાત અઘટિત હોય જ નહિ?

બહેનશ્રી :- જ્ઞાનીઓ અઘટિત વાત કહેતા જ નથી. મુક્તિના માર્ગને યોગ્ય ન હોય તેવી વાત કહેતા જ નથી. ગુરુદેવ કહેતા હોય તે બધું સમજીને જ કહેતા હોય. કોઈ નિષ્પ્રયોજન વાત હોય જ નહિ. એક પણ વાત નકામી ન હોય. મુક્તિના માર્ગમાં દ્રવ્યદૃષ્ટિ મુખ્ય હોય છે. વ્યવહાર સાથે હોય છે. સાધનામાં વચ્ચે વ્યવહાર હોય છે પણ સાધકની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે. તેમાં પર્યાય વચ્ચે આવ્યા વગર રહેતી નથી.

જ્ઞાની કોઈવાર દ્રવ્યની વાત કરે, કોઈવાર પર્યાયની વાત પણ કરે, પણ જ્યાં જ્યાં યથાયોગ્ય હોય તે રીતે ગ્રહણ કરી લેવું. કોઈ વાત છોડી દેવાની કે કાઢી નાંખવાની હોતી નથી. આચાર્યદેવ કહે છે કે અમે એક શુદ્ધનય સ્થાપિત કરીને તેનાથી (શુદ્ધનયથી) આત્માની અનુભૂતિ પ્રગટ કરી છે. તેમાં વચ્ચે વ્યવહાર આવી જાય છે. અરેરે...!....વ્યવહારનય હસ્તાવલંબન તુલ્ય છે તેથી વચ્ચે આવી જાય છે, આવ્યા વગર રહેતો નથી, પણ તે જાણવા જેવો છે. સ્વાનુભૂતિની વાતમાં વચ્ચે વ્યવહારનય આવે છે પણ વ્યવહારને કેટલું વજન દેવું અને દ્રવ્યદૃષ્ટિને કેટલું વજન દેવું તે સમજી લેવું. બન્નેની કઈ કઈ કોટી છે તે જાણી લેવું. અનાદિનો માર્ગ અજાણ્યો છે. દ્રવ્યદૃષ્ટિ જીવે પ્રગટ કરી નથી. તેથી દ્રવ્યદૃષ્ટિ મુખ્ય હોય છે, પણ સાધકદશામાં વ્યવહાર વચ્ચે આવે છે. કોઈ પ્રયોજનવશ કોઈવાર આચાર્યદેવે વ્યવહારની વાત કરી હોય તો તે કાઢી નાંખવાની નથી. સાધ્ય-સાધકભાવના ભેદથી એક સાધ્યને ગ્રહણ કરવાનું છે. એક આત્માને ગ્રહણ કરતાં તેમાં વચ્ચે જ્ઞાન-દર્શન-ચારિત્રના ભેદ આવ્યા વગર રહેતા નથી. આ જ્ઞાન છે, આ દર્શન, આ ચારિત્ર એવા ભેદ-વિકલ્પ આવે છે, પણ તે ભેદના વિકલ્પમાં રોકાવાનું નથી. તું જ્ઞાયકની દૃષ્ટિ કર. તેમાં વચ્ચે સાધ્ય-સાધકભાવના ભેદ આવે છે.

દ્રવ્યથી પૂર્ણ છું પણ પર્યાયમાં અધૂરાશ છે માટે વચ્ચે વ્યવહાર આવ્યા વગર રહેતો નથી. જે પરમભાવને પહોંચી ગયા, તેને વ્યવહારનું કાંઈ પ્રયોજન નથી. સમયસારમાં આવે છે ને કે સોળવલું સોનું થઈ ગયા પછી તેને તાપ દેવાની જરૂર નથી. પણ જે સાધકદશામાં છે તેને વ્યવહાર વચ્ચે આવે છે. તે વ્યવહાર જાણવા

યોગ્ય છે. તે આદરવા યોગ્ય કે રાખવા જેવો છે તેવો અર્થ નથી. ૧૪૫.

## પ્રશ્ન ૧૪૫ ઉપર પ્રવચન

પ્રશ્ન ૧૪૫મો. '**પ્રશ્ન :- જ્ઞાની ધર્માત્માની બધી વાત ગ્રહણ કરવી...**' એવો ઉપદેશ હોય કે જ્ઞાની ધર્માત્માની બધી વાત ગ્રહણ કરવી પણ '**-તેમાં નિશ્ચયની ગ્રહણ કરવી અને વ્યવહારની છોડી દેવી કે શું કરવું? તે બતાવશોજી.**' એટલે અમુક માનવી ને અમુક ન માનવી!! વાહ! ભાઈ વાહ! આનું નામ સ્વચ્છંદ અને દોઢ ડહાપણ. તો એમને વ્યવહારની વાત કરતી વખતે એમ નથી કહેતા આવડતું કે ભાઈ! તું આ ન માનતો. પહેલી કીધી ઈ માનજે, બીજી કીધી ઈ તું ન માનતો. એટલે (જો) કહીને એમ કહેવું પડે કે તું ન માનતો તો પછી કહે જ શું કરવા?

મુમુક્ષુ :- હું સમજું છું એમાંથી ઊભો થયો ને આ બધો ડખો.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે? થોડુંક વાંચે, સાંભળે, થોડો જ્ઞાનનો ઉઘાડ વધે, એટલે ક્ષયોપશમનો અહમ્‌ભાવ-અભિમાન આવી જાય.

મુમુક્ષુ :- સમજમેં નહીં આયા.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યા હૈ કિ ઈસ ક્ષેત્રમેં આકરકે કુછ લોગ પઢતા હૈ, કુછ સુનતા હૈ, થોડા જ્ઞાનકા ક્ષયોપશમ બઢ જાતા હૈ, ફિર વો જ્ઞાનીકી બાતમેં લેતે હૈં, કે કેટલી માનવી, કેટલી નહિ માનવી - થોડા અપનેકો વિવેક રખના ચાહિયે. અપના વો ભાવિ તીર્થંકરકે સ્થાપનાકા પ્રસંગ આયા તો ઉધર delegation આતે થે ઉસમેં અપને મુમુક્ષુ લોગ ભી આતે થેં. ક્યોંકિ કુછ અપને મુમુક્ષુ ભી ઈસમેં વિરોધમેં થે. તો વો લોગ ભી સાથમેં આતે થે. તો એક બુદ્ધિમાન આદમી થા. હમકો લગા આદમી તો અચ્છા બુદ્ધિમાન હૈ, થોડા નરમ ભી હૈ, જ્યાદા વિરોધ નહીં કરતા દિખતા હૈ તો થોડા ઉનકો પૂછલે કિ વો સાથમેં ક્યોં આયા હૈ? તો ઉનકો એક બાજુ લેકરકે બોલા, આપને તો સુના હૈ ગુરુદેવ બોલે હૈં કિ, મૈં તીર્થંકર હોનેવાલા, સૂર્યકીર્તિ તીર્થંકરકે વિષયમેં ખુદ બોલે હૈં, તો ઉસ વિષયમેં માનના, નહીં માનના કે વિષયમેં આપ ક્યા... આપને ક્યા સોચા હૈ? આપ ઉનકે સાથમેં આયે હૈ, તો (કહા) ભાઈ! દેખો ગુરુદેવકી સબ બાત નહીં માનની ચાહિયે. બહુત બુદ્ધિવાલા આદમી હૈ, (કહેતા હૈ) ગુરુદેવકી સબ બાત નહીં માનની ચાહિયે!!

મુમુક્ષુ :- બુદ્ધિનું દેવાળું કાઢ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- આ અચ્છા-અચ્છા બુદ્ધિવાળાની આ દશા થાય છે. આ જીવંત દૃષ્ટાંત છે. એવું થઈ જાય. ખબર છે ને તમને?

મુમુક્ષુ :- કાલે કીધુંને ગમે તે કહે કે મારે માન્ય છે. બહેનશ્રીનો પેલો બોલ ન આવી ગયો? ૧૩૩, ૧૩૪માં....

પૂજ્ય ભાઈશ્રી :- ૧૩૩, ૧૩૪માં આ વિષય આવી ગયો છે. આમાં તો જરાક વધારે વિસ્તારથી વાત આવી છે.

'**સમાધાન :- જ્ઞાની જે અપેક્ષાથી જે વાત કહેતા હોય તે પ્રમાણે ગ્રહણ કરવી. કોઈ વાત બાદ કરી દેવી-છોડી દેવી એમ નહિ,**' ઠીક! ચોખ્ખો જવાબ દીધો છે. તને અપેક્ષા ન સમજાય તો પૂછી લેજે કે, આ વાત તો તમે સીધી આત્મકલ્યાણની કરી, પણ આ વાતમાં કાંઈક બરાબર સમજાણું નહિ મને. મને નહિ સમજાણું એમ, હું સમજું છું ઈ ન લેવું. મને સમજાણું નથી તો જરાક મને આ સમજાય એવી રીતે ક્હો કે આમાં આત્મકલ્યાણ કેવી રીતે થાય? આવી વાત ગ્રહણ કરવામાં પણ આત્મકલ્યાણ કેવી રીતે થાય? એ રીતે અપેક્ષા સમજી લેવી. '**કોઈ વાત બાદ કરી દેવી-છોડી દેવી એમ નહિ, તેની અપેક્ષા સમજવી.**' કે,ભાઈ આત્મકલ્યાણમાં ઈ કેવી રીતે લાગુ પડી જાય છે? '**વ્યવહારની વાત કહે તો કઈ અપેક્ષાથી કહે છે, નિશ્ચયની વાત કઈ અપેક્ષાથી કહે છે તે સમજી લેવું.**' એમાં પણ ઘણા ભંગભેદ છે. વ્યવહાર અને નિશ્ચય બંનેમાં અનેક પ્રકારનાં ભંગભેદ છે તે સમજી લેવું. કે આમાં-આ વ્યવહારમાં પરમાર્થ કઈ રીતે છે? વાત તો વ્યવહારિક છે પણ એમાં પરમાર્થ કેવી રીતે છે? ઈ સમજી લેવું. પરમાર્થ કહો કે આત્મકલ્યાણ કહો? ઈ કેવી રીતે છે ઈ સમજી લેવું. અપેક્ષા એટલે ઈ અપેક્ષા સમજી લેવી.

'**નિશ્ચયની વાત કઈ અપેક્ષાથી કહે છે તે સમજી લેવું. કોઈ કથન દ્રવ્યદૃષ્ટિથી હોય, કોઈ કથન પર્યાયદૃષ્ટિથી હોય, તો તે બંનેની સંધિ કરીને..**' એટલે બંનેનો પરમાર્થ પકડીને, સંધિ ક્યારે થાય? બંનેમાં પરમાર્થ common છે, ત્યારે ત્યાં સંધિ થાય છે. કે બંનેની સંધિ કરીને '**મહાપુરુષ કઈ રીતે કહે છે..**' બંનેમાં કઈ રીતે પરમાર્થ કહે છે. '**તે સમજી લેવું.**' નહિતર દોઢ ડહાપણ કરશે, સ્વચ્છંદ કરશે, એ દોઢ ડહાપણ નહિ કહેતા એને સ્વચ્છંદ કહેવું જોઈએ. એ પછી આનું આમ અને આનું આમ, આટલું બરાબર અને આટલું બરાબર નહિ. '**બંને સમર્થ આચાર્ય હોય એમાંથી કોઈ આચાર્ય નિશ્ચયની વાત કહેતા હોય, કોઈ આચાર્ય વ્યવહારની વાત કરતા હોય તે બંનેનો મૈત્રી-મેળ કેમ કરવો તે સમજી લેવું.**' હવે બે આચાર્ય હોય અને એક જ વિષય

ઉપર બેયની ટીકા હોય કોઈની નિશ્ચયપ્રધાન હોય, કોઈની વ્યવહારપ્રધાન હોય, વાત જુદી-જુદી તને લાગશે, પછી પક્ષવાળા શું કરે? કે અમે તો ભાઈ આ આચાર્યની અમને ટીકા વધારે પસંદ પડે છે. અમે એનો સ્વાધ્યાય કરીએ. કોઈક અમને આ આચાર્યની વધારે ઠીક લાગે છે માટે અમે એનો સ્વાધ્યાય કરીએ છીએ. એમ નહિ બંનેમાં પરમાર્થ કેવી રીતે છે? એનો મેળ મેળવતાં પોતાને આવડવો જોઈએ.

મુમુક્ષુ :- સમયસારની અમૃતચંદ્રાચાર્યની અને જયસેનાચાર્યની ટીકામાં છેજ ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, છે તો. અમૃતચંદ્રાચાર્ય નિશ્ચયપ્રધાન છે, જ્યારે જયસેનાચાર્યની વ્યવહારપ્રધાન છે એમાંથી વળી એમ કહે કે ગુરુદેવે આમ કર્યું હતું. ગુરુદેવ અમૃતચંદ્રાચાર્યની ટીકા વાંચતા હતા, જયસેનાચાર્યની ટીકા ઉપર પ્રવચન નહોતા કરતા. પણ જયસેનાચાર્યની ટીકા વાંચતા નહોતા એવું નહોતું, વાંચ્યા પછી પ્રવચન એકબાજુ કરતા હતા ઈ તો સમાજની પરિસ્થિતિ જોઈને, એ સમાજમાં વ્યવહારના લાકડા બહુ ગરેલા છે. હવે જો વ્યવહારપ્રધાનથી (પ્રવચન) આપશું તો ઔર મજબૂત થઈ જશે ને નુકસાન થશે. માટે એની સામે નિશ્ચયપ્રધાન વાંચતા હતા. માટે એમ નહોતા કહેતા કે તમારે આ વાંચવું જ ન જોઈએ ને પોતે વાંચ્યું ન હોય એવું કાંઈ નથી.

મુમુક્ષુ :- ૩૨૦ગાથા જયસેનાચાર્યની લેતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જયસેનાચાર્યની લેતા હતા. ૩૨૦ (ગાથા) જયસેનાચાર્યની જ પ્રવચનમાં લેતા હતા. એટલે એવું નથી કે પછી બધી ગાથામાં વ્યવહારપ્રધાન જ કરી હોય. તેમ અમૃતચંદ્રાચાર્યે બધી ગાથામાં નિશ્ચયપ્રધાન જ કર્યું હોય એવું નથી કાંઈ. ક્યાંક એમને યોગ્ય લાગે ત્યાં વ્યવહારપ્રધાનતા પણ આવતી હોય બેયમાં. બેયમાં નિશ્ચયપ્રધાનતા પણ આવતી હોય. પ્રમાણ ઓછુંવત્તું હોય. દૃષ્ટિકોણને હિસાબે ઈ ફરક પડે. બાકી બેય વાત આવે, આવે ને આવે જ તે. એકાંત આવે નહિ. એ રીતે '**બંનેનો મૈત્રી-મેળ કેમ કરવો તે સમજી લેવું. એક આચાર્યદેવે શાસ્ત્રના એક અધિકારમાં નિશ્ચયની વાત કરી હોય, તે જ આચાર્યદેવે બીજા અધિકારમાં વ્યવહારની વાત કરી હોય,**' ઈ ના જ ઈ આચાર્ય હો! એકમાં નિશ્ચયપ્રધાનતાથી વાત કરી હોય ને બીજા અધિકારમાં વ્યવહારપ્રધાનતાથી વાત આવી હોય. '**તો તે બંનેમાં મેળ કરવો જોઈએ કે આ અધિકારમાં આચાર્યદેવે કઈ અપેક્ષાએ કહ્યું છે.**' એમ બંનેનો મેળ કરવો જોઈએ. '**વ્યવહારના અધિકારમાં શું કહેવાનો આશય છે તે સમજવું જોઈએ.** ' આશય એટલે પરમાર્થ. વ્યવહારના અધિકારમાં પરમાર્થ શું છે એ વાત પોતે સમજી લેવી જોઈએ. ન સમજાય તો પૂછીને સમજી લેવી જોઈએ.

મુમુક્ષુ :- હિંદીભાષી લોકો વિરોધ કરે છે તેની સામે આ વાત આવે તો એકવાર

ઉભા રહી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે જે ઈરાદાપૂર્વક વિરોધ કરે છે ઈ તો સમજીને જ વિરોધ કરે છે, કે આ લોકોએ સત્ય પકડ્યું છે આત્માર્થી લોકો છે પણ આપણે સમાજમાં રહેવું છે માટે વિરોધ કરીએ તો આપણને સમાજ ટેકો આપે. એને સમાજનો ટેકો લેવો છે. (એક મુમુક્ષુએ મને કહ્યું હતું), મને કહે આપકે યહાઁ તો ફલાણે-ફલાણે તો આત્માર્થી હૈં, તો હમ લોગ તો ઐસા સમજતે થે, આત્માર્થી હૈ ફિર ઐસા ક્યોં હુઆ? તો મેં શું કાઢ્યું કે ભલે આ લોકો દૂર રહે છે પણ એટલી ઈ લોકોને છાપ છે કે આ બધા આત્માર્થી લોકો અહીંયાં ભેગા થયા છે. આપણા જેવું નથી, સંપ્રદાય જેવું કે, પૂજા કરીને પરિણામના ઠેકાણાં ન હોય એવું નથી. કાંઈક આ લોકો આત્મકલ્યાણને મુખ્ય કરીને ભેગા થયેલા લોકો છે. એવી છાપ એને. પછી એમાં ગરબડવાળા હોય ને એને પછી ગરબડ બહાર દેખાય ત્યારે ઈ એને પ્રશ્ન થાય. તો આપણે ઈ જોવાનું છે કે જો બહારમાં આપણી આ છાપ છે. ભલે ઈ વિરોધ કરે છે તોપણ છાપ તો આ જ છે, પણ એને એના સમાજ ખાતર વિરોધ કરવો છે. મોટાભાગના માણસો લોકસંજ્ઞાને કારણે સત્યને ગૌણ કરે છે અથવા સત્યનો વિરોધ પણ કરે છે. આવા માણસો ઘણાં હોય છે.

મુમુક્ષુ :- આવી વાતોની સમાજને જાણકારી ઓછી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રચાર પણ ઓછો છે. પ્રચાર પણ ઓછો છે. એવી વાત છે.

મુમુક્ષુ :- આ જે વિદ્વાનો બહાર જાય છેને? તેઓ આવી વાત ઉપસાવીને નથી કરતા. જેમકે નિમિત્તનો વિવેક તે ઉપાદાનનો વિવેક છે એવું કાનજીસ્વામીએ કીધું છે એ વાતથી અજાણ છે, કેટલાંક સામાન્ય લોકો છેને એ આવી વાતથી અજાણ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર! ખરું એમ જ છે. અંદરની જે વાતો છેને, આ બધી અંદરની વાતો છે. અંદરની વાત, અંદરુની બાતસે લોગ અંજાને હૈં ઔર ઉસકા પ્રચાર હમ પૂરા નહીં કર પાયે ઐસા લગતા હૈ. જો જે વાત આપણને એમ લાગે કે સામે મૂકવા જેવી છે એ સૂત્રોની જેમ એના pamphlet કે એના પૂંઠા દિવાલમાં લગાડી શકાય એવા ઘરે-ઘરે, એવું બધું પ્રચારના સાધનોમાં થવું જોઈએ. કે ઈ વાત જરા ઉપસીને બહાર આવે. કહેવાનો મતલબ શું છે? એ વાત જરા ઉપસીને બહાર આવે એવી પ્રચાર પદ્ધતિ હોવી જોઈએ. પણ એવા પ્રચારની સૂઝવાળા લોકો આપણે ત્યાં નથી. અન્યમતમાં ઈ બહુ છે આજે. પ્રચારની સૂઝવાળા છે. આજે તમે જુઓ

તો હમણાં હું જમવા દીકરાને ત્યાં જાવ છું તો છોકરાઓ.. ટીવી તો ચાલુ હોય ત્યાં! અમારે ત્યાં ટીવી જરા ઓછું ચાલે છે ત્યાં તો ચાલુ હોય તો બપોરના મોરારીદાસના પ્રવચનો ટીવી ઉપર આવતા થઈ ગયા. પછી હિન્દીમાં કોઈ બોલે છે એક વક્તા, એની ઉંમર તો હશે ચાલીસ-પિસ્તાળીસ આસપાસની પણ બહુ સારું વ્યક્તિત્વ છે અને બોલવાની સ્ટાઈલ તો એટલી બધી ધીર ને ગંભીર છે કે ભલભલાને છાપ પડે. ટીવી ઉપર એનું બપોરના પ્રવચન આવે છે, ધાર્મિક પ્રવચનો આવે છે. ડ્રેસ સાધુનો સફેદ કપડાંનો પહેરે છે, વાળ-બાળ વધારેલા છે. દાઢી નથી આમ clean shave છે. માણસ સાધુ જેવો લાગે...કથાકાર હશે એવું લાગે. આપણે મોરારીદાસને ઈ બધા થોડો થોડો ડ્રેસ તો change કરે જ છે આમ. સમાજ ઉપર પ્રભાવ પડે એટલે. બોલે તો બહુ જ સ્ટાઈલથી બોલે છે, શાંતિથી બોલે છે. મેં બે-ચાર વાત સાંભળી. યે ઐસી બાત સુનને કે લિયે જિજ્ઞાસા તો હોની હી ચાહિયે. એટલી શાંતિથી ને ગંભીરતાથી બોલે છે. બિના જિજ્ઞાસા બાત જમેગી કહઁસે? વો ટીવી ઉપર જો આતા હૈ, ઉસકી બાત હૈ. બિના જિજ્ઞાસા બાત જમેગી કહઁસે બોલિયે. એટલી શાંતિથી ને એટલી ગંભીરતાથી બોલતો હતો. highly impress થઈ જાય માણસ. વ્યક્તિત્વ થોડું impressive છે. બોલવાની સ્ટાઈલ પણ બહુ જ સરસ છે. fine oratory છે. પછી થોડું આગળ ચાલે એટલે આપણને એમ લાગે કે એનું ઊંડાણ નથી એની પાસે, પણ જેટલું છે એટલું બહુ જ highly impressive છે. હિન્દી ભાષી હતા. હવે એ લોકો એવા કોઈ વ્યકિત હોય તો એને ટીવી સુધી પહોંચાડી દે છે. એટલી machinery એ લોકોની પાસે છે.

મુમુક્ષુ :- સમુદાય પણ મોટો છે.

પૂજ્ય ભાઈશ્રી :- સમુદાય મોટો છે અને ઈ જાતનો અભિગમ છે એક. કે ભાઈ અમારી વાત અમારે ઘરે-ઘરે પહોંચાડવી છે, અત્યારે ટીવી ઘરે-ઘરે થઈ ગયું. ઝૂંપડપટ્ટીમાં ટીવી આવી ગયું. એટલે ઈ જાતનો અભિગમ લઈને બેઠા છે. જે ગામમાં ઈ લોકોના પ્રવચન હોય ઈ ગામના લોકલ પેપરમાં કેટલાય ફોટા અને કેટલીય વાતો છપાવશે. જુદા જુદા એંગલથી ફોટા લેશે. અહીંયાં મોરારીદાસ આવ્યા હતા. તો છાપામાં એના પાંચ-સાત ફોટા હોય જુદી-જુદી જાતના. ભાઈ જોવો સવારે ગાયને ઘાસ ખવડાવે છે, એમ કરીને ફોટો આપ્યો હોય, સવારમાં સૂર્યનારાયણને વંદન કરે છે એનો ફોટો આપ્યો હોય, તો એની રીતે, જે એનું કાર્ય કરતા હોય બધા એના ઈ જુદા-જુદા pose. એટલે એને લોકોમાં લોકપ્રિયતામાં, advertising એનું કરે છે. અને એના માણસો એણે રાખેલા હોય છે. એની આજુ-બાજુ ઈ જાતના માણસો skilled, ભેજાવાળા..હોશિયાર ઈ બાબતમાં, દષ્ટિકોણવાળા માણસની.. પગારદાર તરીકે એને રોકી લ્યે. કે આ ભાઈ-

આ માણસ ઈ જ કામ કર્યા કરે. એને ઈ જ કામ સંભાળવાનું. એટલે બધી પબ્લિકમાં-લાઈટમાં તો આવી જ જાયને. પ્રચાર કરે છે, એનો પ્રચાર થાય. એમ અન્યમતની અંદર પ્રચારની જે પદ્ધતિ છે ઈ હજી ભલે બધું ત્યાં સત્ય-અસત્યની દૃષ્ટિએ મૂલ્યાંકન કરો તો કાંઈ ઠેકાણું નથી, પણ જ્યાં પરમ સત્ય છે ત્યાં ઈ પરિસ્થિતિની વ્યવસ્થા નથી. કે ગુરુદેવને કોઈ વીડિયો સુધી નહોતા લઈ જઈ શક્યા. આ તો છેલ્લે-છેલ્લે વળી આ આફ્રિકા ગયા ત્યારે અમે થોડુંક તાર કરીને સૂચવ્યું હતું (એટલે) પ્રવચનો ઉતર્યા છે. ઈ તો અહીંથી તાર કર્યાં હતાં. નહિતર તો ઈ લોકોને ક્યાં સૂઝ હતી ત્યાં કે અહીંયાં વીડિયો છે.

મુમુક્ષુ :- રૂબરૂ...બે.....

પૂજ્ય ભાઈશ્રી :- હા, (આપણા આ મુમુક્ષુ) ગયા હતા તો પ્રેશર કર્યુ હતું અને અહીંથી તાર કર્યો હતો. અહીંયાં (આફ્રિકામાં) તો વીડિયો છે, ત્યાં હિન્દુસ્તાનમાં તે દી' વીડિયો કોક-કોક ઘરે હતા. છુપેથી લાવ્યા હોય, વીડિયો ઉપર બાન હતું. ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું જોર હતું. તે વીડિયો ઉપર બાન હતું. import નહોતા કરી શકતા. પણ કોઈક માણસ સામાનમાં ચોરી કરીને લઈ આવે. એ લોકોના ઘરમાં રહેતા હતા તો ઈ વ્યવસ્થા આપણે નહોતા કરી શક્યા. પછી છેલ્લે એકાણુંમી જન્મજયંતી એપ્રિલમાં હતી, ત્યારે જે red book બહાર પડી એમાં બાન ઊઠી ગયો. પેપરમાં આવ્યું કે ભઈ આટલી-આટલી ચીજો ઉપરથી importનો બાન ઊઠી ગયો છે. ત્યારે અમારે મિટિંગ ભરાણી હતી ત્યાં મલાડમાં જ તે તીર્થ સુરક્ષા કમિટીની કે, ભાઈ આપણી પાસે સીત્તેર-પંચોતેર લાખ જેવા promise થઈ ગયા છે અને ચાલીસ-પચાસ લાખ ભેગા થઈ ગયા છે. ચાલીસ લાખ તે દી' કાંઈક ભેગા થયા હતા. આપણે ઈ ચર્ચા ચાલી તો મેં કીધું વીડિયો આપણે મંગાવી લ્યોને. તે દી' વીડિયો મંગાવો કેમેરા સાથે આખો સેટ તો લાખ-સવા લાખની આસપાસ થતો હતો. તો (કોઈએ કહ્યું) આટલી કિંમત થાય છે આપણે કેમ ખર્ચવા? મેં કીધું કે જેટલા થાય એટલા, એકલાખ પચીસ હજાર થાય છેને, એકલાખ પાંત્રીસ હજાર સમજીને મંગાવોને? વહિવટ કર્તાઓનો, ટ્રસ્ટીઓનો જીવ ચાલે નહિ. ન મંગાવ્યો! ઈ પરિસ્થિતિ આપણી છે. એટલે આપણે ત્યાં શું છે, પ્રચાર કરી જાણતા નથી, પણ પ્રચાર કરવા માટેની જે ઉદારતા, માનસિક ઉદારતા હોવી જોઈએ ઈ નથી. નહિતર તો કાંઈ ટ્રસ્ટીને કાંઈ પોતાના ખીસ્સામાંથી પૈસા નથી આપવા. ટ્રસ્ટના પૈસા આપવાના હતા, એવી પરિસ્થિતિ છે. એટલે કાળ-પંચમ કાળ છે એટલે સત્ય દબાયેલું રહે, સત્ય બહાર આવી ન શકે. સત્યનો અભાવ નથી થતો પંચમકાળમાં પણ સત્ય દબાયેલું રહે, સત્યનો પરાભવ થાય, એની હાર થાય, એને

દબાવાનું થાય, એવું બધું આમાં થયા કરે. ઈ રહી ગયું તે રહી ગયું, નહિતર ગુરુદેવની personality કેટલી બધી હતી? ટીવી ઉપર ન આવી શકે? ને ટીવી ઉપર ન આવી શક્યા, વીડિયોમાં ન આવી શક્યા.

મુમુક્ષુ :- જેમ ગુરુદેવના વિષયમાં ખોટી ધારણાઓ જે સમાજમાં ફેલાવેલી હતી એને દૂર કરવા માટે ગુરુદેવના વચનો જ્યાં જ્યાં એ રીતના હોય કે આ વાત બરાબર હતી, એવા વચનો પણ અત્યાર સુધી બહારમાં નથી આવ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- નથી આવ્યા.

મુમુક્ષુ :- આ જયપુરવાળા આટલું development કર્યું છે છતાં દૃષ્ટિકોણ નથી.....

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિકોણ નથી. એ લોકોનો દૃષ્ટિકોણ જુદો જ છે આખો. દૃષ્ટિકોણ જુદો છે.

મુમુક્ષુ :- હવે આ એવી વાત છે બહેનશ્રીની કે આ ગુરુદેવને વિશે સ્પષ્ટ ખુલાસો થઈ જાય, આવી વાત બહાર આવે તો કોઈપણ વિરોધીમાં વિરોધી આ વાંચે તો એક વખત ઉભા રહી જવું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- '**બંનેમાં મેળ કરવો જોઈએ કે આ અધિકારમાં આચાર્યદેવે કઈ અપેક્ષાએ કહ્યું છે. વ્યવહારના અધિકારમાં શું કહેવાનો આશય છે તે સમજવું જોઈએ.**' આશય એટલે પરમાર્થ. '**કોઈ વાત કાઢી નાંખવાની હોય તે વાત તો આચાર્યદેવ કરે જ નહિ.**' જે વાત કાઢી નાખવાની હોય એ શું કરવા કરે? ને કરીને એને એમ કહેવું પડેને કે, આ કાઢી નાખજો! તો સામેવાળો એમ ન કહે કે તો પછી કીધું શું કરવા? '**જે વસ્તુસ્વરૂપ હોય તેનું જ કથન કરે, વસ્તુસ્વરૂપ ન હોય, તથા મુક્તિના માર્ગમાં જે લાગુ ન પડે તેવી અઘટિત વાત જ્ઞાનીઓ કહેતા જ નથી.**' શું statement આપ્યું છેલ્લે? કે જે વસ્તુનું સ્વરૂપ જ ન હોય મુક્તિના માર્ગમાં, પરમાર્થમાં, આત્મકલ્યાણમાં લાગુ પડે એવું ન હોય એવી અઘટિત વાત જ્ઞાનીઓ કદી કહેતા નથી. અપ્રયોજન એવી-એવી વાતો કરવાનો એમની પાસે સમય ક્યાં છે કે એવી વાત કરે. ત્યારે કોઈએ પ્રશ્ન કર્યો છે.

'**મુમુક્ષુ :- જ્ઞાનીની કોઈ વાત અઘટિત હોય જ નહિ?**' તો કે ના.

'**બહેનશ્રી :- જ્ઞાનીઓ અઘટિત વાત કહેતા જ નથી.**' સાફ-સાફ કહી દીધું છે. ચોખ્ખો જવાબ આપી દીધો છે.

મુમુક્ષુ :- અઘટિત માને?

પૂજ્ય ભાઈશ્રી :- અઘટિત માને જો યોગ્ય નહિ હો ઐસી અયોગ્ય. અઘટિત માને અયોગ્ય.

મુમુક્ષુ :- મને વિકલ્પ આવ્યો, આપણે પહેલા અંકમાં ('સ્વાનુભૂતિપ્રકાશ'માં) લઈ શકાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, લઈ શકાય. લઈ શકાય. ૧૩૩,૧૪૫. હા, બરાબર છે લઈ શકાય. ઈ છે જ્યાં-જ્યાં આપણે પુસ્તકોમાં જગ્યા રહેતી હોય, ખાલી જગ્યા રહેતી હોય તો અમુક-અમુક mark કરી રાખેલો હોવો જોઈએ કે આ આપણે આનો ઉપયોગ કરવાનો છે. સ્વાધ્યાય વખતે, વાંચતી વખતે mark કરી રાખેલો હોવો જોઈએ. ને છેવટે કાંઈ નહિ તો પુસ્તકના છેલ્લા પાને. પુંઠા ઉપર કે ભાઈ આમાં આ વિષય છે, આમાં આ વિષય છે. ૧૪૪, ૧૪૫ આ વિષય. ૧૩૩ તો આ વિષય. એટલે જ્યારે એનો ઉપયોગ કરવો હોય ત્યારે ગોતવું ન પડે ક્યાં છે અને પાનાં ફેરવવા ન પડે. સીધું મળી જાય.

**ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના-એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને-ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે-એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૨૧**

## તા. ૨૧-૦૩-૧૯૯૭, પ્રશ્ન-૧૪૫
## પ્રવચન નં. ૯૬

સ્વાનુભૂતિદર્શન, પાનું-૧૦૦, ૧૪૫માં પ્રશ્નનો ઉત્તર ચાલે છે.

જ્ઞાનીની બધી વાત ગ્રહણ કરવી કે કોઈ છોડી દેવી? એવો પ્રશ્ન કર્યો છે. એની સામે કહ્યું કે બધી વાત ગ્રહણ કરવી પણ જે અપેક્ષાએ જે વાત કરી હોય તે અપેક્ષા પણ સમજવી. છોડી દેવા માટે કોઈ વાત કહેતા નથી. ગ્રહણ કરવા માટે જ બધી વાત કહેવાની હોય છે. પણ પરસ્પર વિરુદ્ધ કોઈ વાત લાગતી હોય તો એની અપેક્ષા જુદી-જુદી હોય એ સમજવી જોઈએ. બાકી કોઈ વાત અઘટિત હોતી નથી. એટલે કે નહિ ગ્રહણ કરવા જેવી હોતી નથી. અઘટિત એટલે અયોગ્ય હોતી નથી. તો પ્રશ્ન ઉઠાવ્યો કે કોઈ અઘટિત હોય નહિ? કે ના.

'**બહેનશ્રી :- જ્ઞાનીઓ અઘટિત વાત કહેતા જ નથી.**' સીધો જ જવાબ આપી દીધો. '**મુક્તિના માર્ગને યોગ્ય ન હોય તેવી વાત કહેતા જ નથી.**' મુક્તિના માર્ગ પ્રત્યે ન લઈ જાય એવી વાત એ કહેતા જ નથી. એમની બધી વાતમાં એ આશય હોય જ છે. મુક્તિના માર્ગે દોરી જવાનો આશય એમની બધી વાતમાં હોય છે, એમ કહે છે. વાત નિશ્ચયની હોય કે વાત વ્યવહારની હોય. બધી વાતમાં મુક્તિના માર્ગે દોરી જવાનો આશય હોય છે. હવે એ ચોખ્ખું કહે છે કે, '**ગુરુદેવ કહેતા હોય તે બધું સમજીને જ કહેતા હોય.**' ગુરુદેવ કહેતા હોય એ બધું સમજીને જ કહેતા હોય. મુમુક્ષુએ એમ ન સમજવું કે હું એમના કરતા કાંઈક વધારે આ બાબતમાં સમજું છું. આવી વાત કેમ કરી? એનો અર્થ કે હું એમના કરતા વધારે સમજું છું. '**ગુરુદેવ કહેતા હોય તે બધું સમજીને જ કહેતા હોય. કોઈ નિષ્પ્રયોજન વાત હોય જ નહિ.**' પ્રયોજન એ મુક્તિના માર્ગે લઈ જવાનું પ્રયોજન છે. એ વગરની વાત હોય જ નહિ.

'**એક પણ વાત નકામી ન હોય.**' ઠીક! કેટલો એમને વિશ્વાસ છે. એટલે એક વાત પણ, એક પણ વાત નકામી ન હોય. '**મુક્તિના માર્ગમાં દ્રવ્યદૃષ્ટિ મુખ્ય હોય છે. વ્યવહાર સાથે હોય છે.**' મુક્તિના માર્ગમાં દ્રવ્યદૃષ્ટિ મુખ્ય હોય છે. દ્રવ્યદૃષ્ટિ છે એ દૃષ્ટિનું શુદ્ધ પરિણમન છે. જ્ઞાન છે એનું પણ શુદ્ધ પરિણમન થઈ ગયું છે. ચારિત્ર છે એમાં શુદ્ધ પરિણમન પણ છે અને અશુદ્ધ પરિણમન પણ છે. શુદ્ધ પરિણમન

છે એ આત્મા સાથે સબંધ ધરાવે છે. અશુદ્ધ પરિણમન છે એમાં જે રાગ છે એ રાગ પણ આત્માના ગીત ગાય છે માટે એને વ્યવહાર કીધો. શું કરવા એને વ્યવહાર કીધો? કેમકે એ આત્માના ગીત ગાય છે. કેમકે એણે જોયું કે શ્રદ્ધા, જ્ઞાન અને મારા ચારિત્રનો અંશ આ ત્રણેય એક બાજુ છે. હવે હું કાંઈ આ બાજુ જઈને કાંઈ સાર કાઢું એમ છું નહિ. વિરુદ્ધ ચાલીને સાર કાઢું એમ છું નહિ. એટલે ઈ વાત તો એને સમજાય ગઈ કે મારે સંસાર છોડવો રહ્યો. એટલે એ પણ આત્માનો વિકલ્પ કરે છે એનું નામ વ્યવહાર. માટે એમ કહે છે કે વ્યવહાર સાથે હોય છે. વ્યવહારે શું કર્યું? સાથે જોડાણો. એની જાત તો અશુદ્ધિની છે પણ એની સાથે જોડાણો. જેમ વરઘોડો નીકળે, ઓલા ઢોલકાં વગાડનારા પણ સાથે જ ચાલે ને? ભલે એની જાત કાંઈ જાનૈયાની તો નથી જ. વરઘોડામાં જાનૈયા હોય છે, સગા-સબંધીઓ ને ઈ જાત કાંઈ ઓલા ઢોલ વગાડનારની નથી પણ ઈ સાથે-સાથે આગળ-આગળ ચાલ્યા જાય. પણ એને સાથે ચાલવાનું રહે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સમજે નહીં...

પૂજ્ય ભાઈશ્રી :- યે જો બરાત કા વો પ્રોસેસન નિકલતા હૈ ન? ક્યા નિકલતા હૈ? બરાત નિકલતી હૈ તો વો દૂલ્હા ઘોડે પર બૈઠતા હૈ ઔર સગે-સબંધી સાથમેં તો બજાનેવાલા ભી ચલતા હૈ ન, સાથ-સાથ ચલતા હૈ, તો ઉસકી જાત ઔર અપની જાત એક થોડી હૈ? બજાનેવાલેકી જાત અલગ-અલગ હૈ, લેકિન વો સાથમેં ચલતા હૈ. ઐસે રાગ ભી, રાગકી જાત વો આત્માકી જાત નહીં હૈ. લેકિન વો વિકલ્પ કિસકા કરતા હૈ? આત્માકા વિકલ્પ કરેગા. ઈ વિકલ્પને વ્યવહાર કીધો છે અહીંયાં. કે વ્યવહાર સાથે ચાલે છે. '**સાધનામાં વચ્ચે વ્યવહાર હોય છે..**' પણ રાગનો ભાગ રહી ગયો એટલો વ્યવહાર વચ્ચે હોય છે. '**પણ સાધકની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે.**' દૃષ્ટિ કોના ઉપર છે? દ્રવ્ય ઉપર છે. બરાતમાં રાજા તો... મુખ્ય રાજા તો ઘોડા ઉપર બેઠો ઈ છે. હોય બધા સાથે જ પણ જે રાજા છે ઈ રાજા છે. મુખ્યતા એની છે. દૃષ્ટિ એના ઉપર હોય છે. '**તેમાં પર્યાય વચ્ચે આવ્યા વગર રહેતી નથી.**' કારણકે દૃષ્ટિ પોતે એક પર્યાય છે પાછી. એટલે એ સાથે-સાથે અનુસરે છે.

'**જ્ઞાની કોઈવાર દ્રવ્યની વાત કરે, કોઈવાર પર્યાયની વાત પણ કરે,..**' પણ એ પર્યાયની વાત પણ દ્રવ્યની વાત કરવા માટે કરે. જેમકે કોઈ માણસની સંપત્તિ ઘણી હોય તો એના નોકરની વાત કરે કે, એનો ઝાડું કાઢવાવાળો લખપતી છે. એ પણ પોતાની ગાડી લઈને ઝાડું કાઢવા આવે છે. તો એવું ઝાડું કાઢવાવાળાની વાત નથી ચાલતી, કોની વાત ચાલે છે? એના શેઠની વાત ચાલે છે કે, ભાઈ જેના ઘરમાં ઝાડું

કાઢવાવાળા એ પણ મોટર રાખતા હોય તો શેઠ તો કેટલા શ્રીમંત હશે ઈ સમજી લેવું તમારે.

મુમુક્ષુ :- વિમાનમાં જ ફરતો હોય ને?

પૂજ્ય ભાઈશ્રી :- ઈ તો વિમાનમાં જ ફરતો હોયને! એક સાહિત્યકારે લખેલું. philosopher છે. હવે, એક માણસ પોતાની બડાઈ મારતો હતો, મારે તો બાર ગાડી છે. કેટલી? બાર ગાડી છે. તો કે તમે બેસો કેટલામાં? બારમાં કે એકમાં? બાકીની અગિયાર તો પડી જ રહેવાનીને ગમે ત્યારે. કીધું બાર તો ઠીક પણ બેમાં પણ નહિ બેસી શકો. તમારો એક પગ મર્સિડીઝમાં અને એક પગ બીજી ગાડીમાં એવી રીતે તમે બેસી શકો પૂછ્યું? એક-એક પગ....બે સારી મોટી ગાડી હોય એક પગ આમાં રાખો અને એક પગ આમાં રાખો ને નીકળો જોઈ. શક્ય નથી કાંઈ. માણસ એમ કહે, બિનજરૂરી.. બિનજરૂરી કામ કરે છે. અસંતોષ છે એને. બાર ગાડીએ પણ એને સંતોષ નથી. પછી પણ તે ઈ વિચાર કરતો હોય કે મારું પોતાનું વિમાન ક્યારે હોય. એનો એ વિચાર કરે. એને અસંતોષની આગ છે. એમાં એવો બળતો ને સળગતો હોય છે. શું કહે છે?

**'જ્ઞાની કોઈવાર દ્રવ્યની વાત કરે, કોઈવાર પર્યાયની વાત પણ કરે, પણ જ્યાં જ્યાં યથાયોગ્ય હોય તે રીતે ગ્રહણ કરી લેવું. કોઈ વાત છોડી દેવાની કે કાઢી નાંખવાની હોતી નથી. આચાર્યદેવ કહે છે કે અમે એક શુદ્ધનય સ્થાપિત કરીને તેનાથી (શુદ્ધનયથી) આત્માની અનુભૂતિ પ્રગટ કરી છે.'** શુદ્ધનયે પોતે પર્યાય છે. પણ અમે શુદ્ધનય દ્વારા આત્માની અનુભૂતિ પ્રાપ્ત કરી છે, પ્રગટ કરી છે, **'તેમાં વચ્ચે વ્યવહાર આવી જાય છે.'** વ્યવહાર છે એ સાથે-સાથે હોય છે. **'અરેરે...!....વ્યવહારનય હસ્તાવલંબન તુલ્ય છે'** ટેકો દેવાની વાત છે. કોઈ માણસ, લાકડીના ટેકે વૃદ્ધ માણસ ચાલે એનો અર્થ શું છે કે એની શક્તિ ઘટી છે. ચાલી શકે છે પણ ઓછી શક્તિથી ચાલી શકે છે માટે ટેકો લ્યે છે. પણ શક્તિ એથી ઘટી જાય તો લાકડી ચલાવી દે એને? શક્તિ સાવ ન રહે તો લાકડી એને ચલાવી દ્યે? કે ન ચલાવી દ્યે. એટલે તમારે લાકડી જોવી છે કે એની શક્તિ જોવી છે? એટલું નકકી કરો. **'અરેરે...!....વ્યવહારનય હસ્તાવલંબન તુલ્ય છે તેથી વચ્ચે આવી જાય છે,'** અશક્તિ છે એટલે વિકલ્પ આવે છે એમ કહે છે. **'આવ્યા વગર રહેતો નથી, પણ તે જાણવા જેવો છે.'** કે ભાઈ કેવો વિકલ્પ છે? ભૂમિકાને યોગ્ય છેને? ભૂમિકાને અયોગ્ય નથીને? જાણવા જેવો છે.

મુમુક્ષુ :- જે પોતે ચાલી ન શકતો હોય એણે ઓછી શક્તિથી પણ ચાલતા હોય એની શક્તિ જ જોવાય, આ તો લાકડી લઈને ચાલે છે એમ ન જોવાય.

પૂજ્ય ભાઈશ્રી :- એમ ન જોવાય. એની શક્તિ જોવી જોઈએ. એટલે જોવામાં શું છે? તમારી positive side છે કે negative side છે? તમે ચશ્મા ક્યા પહેર્યા છે? ઈ જોઈ લેવાનું. કેટલાક માણસ શું છે? બીજાની ક્ષતિ જ જોયા કરતા હોય છે, એને ઈ જ દેખાય. ઈ દોષદષ્ટિને પોષે છે. દોષદષ્ટિને વધારે બળવાન કરે છે એને એનું ફળ દુઃખ છે, ક્લેશ છે. **'સ્વાનુભૂતિની વાતમાં વચ્ચે વ્યવહારનય આવે છે પણ વ્યવહારને કેટલું વજન દેવું અને દ્રવ્યદષ્ટિને કેટલું વજન દેવું તે સમજી લેવું.'** આ એક બહુ મહત્વની, important વાત કરી એમણે. વજન દેવામાં ફેર થાય તો આખો માર્ગ બદલાય જાય. સન્માર્ગ છૂટી જાય. એટલે એ વ્યવહારના પરિણામ સાથે આવશે એમ કીધું પણ અહીંયાં વજન દેવાની વાત નથી. વજન જો ભૂલથી વધારે દીધું તોપણ નિશ્ચય છૂટી જશે. એટલે એમ કીધું. **'સ્વાનુભૂતિની વાતમાં વચ્ચે વ્યવહારનય આવે છે પણ વ્યવહારને કેટલું વજન દેવું'** એને વજન દેવાય નહિ. **'અને દ્રવ્યદષ્ટિને કેટલું વજન દેવું તે સમજી લેવું.'** સંતુલન જાળવવાની વાત છે. એટલે જ આપણે સંતુલન ઉપર એક આખું પ્રકરણ લખ્યું છે. આ એક મહત્ત્વનો વિષય છે. બહુ important વિષય છે. વજન દેવામાં ફેર થયું કે મુખ્ય એ ગૌણ થઈ ગયો અને ગૌણ ઈ મુખ્ય થઈ ગયો. આખી લાઈન ફરી જાય. આખું બેલેન્સ (જ જાય). ઊલટું બેલેન્સ થઈ જાય. આ જે two wheeler માણસ ચલાવે છે, બેલેન્સ રાખવામાં ફેર થાય એટલે શું થાય? પડી જાય. એમ કહે કે મેં તો જરાક ફેર કર્યો કે ઈ જરાક ફેર કર્યો એટલે આખો પડ્યો. જરાક નહિ પડ, તું આખો પડી જઈશ. એવું છે, એના કરતા પણ સૂક્ષ્મ છે. બે પૈડાનું વાહન ચલાવવું હોય એના કરતા પણ સૂક્ષ્મ છે. હવે એમાં expert હોય ઈ એવા હોય છે કે ભાઈ ગમે એટલું નમાવે પણ બેલેન્સ રાખે છે.

મુમુક્ષુ :- એમાંય બેલેન્સ તો છે જ.

પૂજ્ય ભાઈશ્રી :- બેલેન્સ ન હોય તો પડી જાય. એની જે રેસ આવે છે એમાં વળાંકમાં તમે જુઓ તો એ એટલો બધો નમેલો હોય કે આપણને એમ થાય કે હમણાં જમીનને અડી જશે પણ ત્યાં પણ એણે બેલેન્સ રાખ્યું છે. એમ આચાર્યદેવ ક્ષાયિક પર્યાયને હેય કહી દે, પરદ્રવ્ય અને પરભાવ કહી દે પણ બેલેન્સ છે આચાર્યદેવનું. અહીંયાં તો શુભનયની જ વાત લીધી છે. ત્યાં તો કેવળજ્ઞાનની વાત લઈ લીધી કેમકે એ પણ શુદ્ધ વ્યવહાર છે. શુદ્ધ વ્યવહાર ગણાય છે એને. બેલેન્સ રાખીને ગમે એટલું કહે એનો વાંધો નથી. આપણે આ બધા વ્યવહારમાં આ બધા પ્રસંગો જુદી-જુદી રીતે બનતા હોય છે. માતા હોય એનું બાળક છે એ ધૂળ ખાય કે કોઈ હઠીલું કામ કરી

લ્યે જે એના માટે નુકસાનકારક હોય. શરદી થઈ ને peppermint ખાવી હોય એને, ગળામાં કાકડા હોય ને એને ચૉકલેટ ખાવી હોય કે ધૂળ ખાય લ્યે, નાનું બાળક હોય બે વર્ષનું ધૂળ પણ ખાય. મા મારે, પહેલા ના પાડે, ન સમજે એટલે આંખ કાઢીને કહે જોરથી - આ નહિ ખાવાનું. પછી ન માને તો હાથમાંથી આંચકી લ્યે. હાથમાંથી આંચકી લ્યે ત્યારે ન મૂકે તો? બે થપ્પડ મારે. તો એને પ્રેમ વધ્યો માટે થપ્પડ મારી કે પ્રેમ ઘટ્યો માટે થપ્પડ મારી કહો? અને કોઈકવાર ઈ પછી સામું મારવા મંડે. બાળક છે ઈ સામું મારવા મંડે તો જરાક ધોકાવી પણ નાખે. શું કરે? સાવ અજાણ્યો માણસ હોય તો એને થાય કે આ નિર્દય થઈને મારે છે. શું થાય? નિર્દય થઈને મારે છે. નિર્દય થઈને નથી મારતી, એને એટલો પ્રેમ વધારે છે એટલે મારે છે કે પ્રેમ ઘટી ગયો હોય ઈ વખતે?

મુમુક્ષુ :- ના, વધી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- ક્રોધ છેને, દ્વેષભાવ છેને, એમાં બેલેન્સ રહે છે એને. શું રહે છે? આપણો મુદ્દો ઈ છે કે બેલેન્સ રહે છે. મારે છે ત્યારે પણ બેલેન્સ રહે છે. એટલે આવું અવળું-સવળું દેખાય, માટે દેખાય ઈ પ્રમાણે બધું હોય છે એમ નથી.

મુમુક્ષુ :- આ મારું બાળક છે ઈ ક્યાં છૂટી જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- મારું બાળક છે એ છૂટ્યું નથી ને મારું બાળક નુકસાન ન જ કરવું જોઈએ. એને પ્રેમ ખાતર મારે છે. એવું બને છે કે નથી બનતું?

મુમુક્ષુ :- મુમુક્ષુને જ્ઞાની સાથે માતા બાળક જેવું જ છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. બાળક તરીકે રોતો-રોતો માર ખાય ત્યાં સુધી વાંધો નહિ. પિતાશ્રી હોય (એનો છોકરો) જ્યારે એમ કહે, કે ભાઈ હું તારો બાપ છું એમ કહે પછી કાઢી મૂકવો પડે. પછી શું કહે? કે હવે તું ચાલ્યો જા. હવે વાત પૂરી થઈ ગઈ. એવું છે. બાકી તો કડક પણ કહે ગુરુ છે, શિક્ષા પણ આપે, કડક પણ કહે, ઠપકો પણ આપે. એમ છે. બેલેન્સ રહે છે. અહીંયાં તો મુદ્દો એટલો છે. ગમે તે વાત કરે તો એમાં (બેલેન્સ રહે છે).

મુમુક્ષુ :- બીજું પૂછે છે. મુમુક્ષુએ છોકરાવ સાથે કેમ વ્યવહાર કરવાનો.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો દૃષ્ટાંત છે, મુમુક્ષુએ તો બાળક સાથે પોતાપણું મૂકી દેવાની વાત છે તો એને પ્રતિબંધ નહિ નડે, નહિતર એને નડશે. પુરુષાર્થ નહિ ઉપડે. જેટલું મમત્વ કરશે એટલું નડતર છે, એટલી અડચણ છે, એટલો અવરોધ છે. એમ સમજવું. આત્મકલ્યાણના માર્ગમાં એ અવરોધ છે એમ સમજવું. અવરોધ રાખવો કે કાઢવો એ પોતે નક્કી કરી લેવું. જેટલું મમત્વ કરશે એટલો અવરોધ આવવાનો છે.

આત્મકલ્યાણ કરવામાં આત્મામાં આત્મપણું કરવાનું છે અને આત્મામાં આત્માપણું કરવા માટે રૂકાવટ કરનારો પોતાનો ભાવ પરમાં આત્માપણું કર્યું તે છે. સાવ સીધી સાદી વાત છે.

આત્મકલ્યાણ કરવા માટે આત્મામાં પોતાપણું કરવાનું છે. અનાદિથી કર્યું નથી. કરવા માંગે છે એને આપણે મુમુક્ષુ કહીએ છીએ. કર્યું નથી પણ કરવા માંગે છે. હવે એને રોકે છે કોણ? પરિવારવાળા નથી રોકતા. પરિવારવાળા નહિ, પોતાનો પરિવારમાં પોતાપણાનો ભાવ છે, એ બીજું પોતાપણું કરે છે, એ આત્મામાં આત્માપણું નથી કરવા દેતું. બે જગ્યાએ પોતાપણું થાય નહિ, કાં આત્મામાં થાય અને કાં પરિવારમાં થાય - પરમાં થાય. પરિવાર કહો કે પર કહો. જો જીવ પરમાં નિજબુદ્ધિ કરે તો સંસાર પરિભ્રમણ કરે અને નિજમાં નિજબુદ્ધિ કરે તો સંસાર પરિભ્રમણનો નાશ કરે. આમ ૫૩૯ પત્ર છે કૃપાળુદેવનો. આટલી જ વાત છે. જ્યાં-જ્યાં પર, પરમાં તો ક્યાં છે? જે કુટુંબ, પરિવાર અને બીજી સામગ્રી છે એમાં સ્વપણું કરે છે જીવ.

મુમુક્ષુ :- પ્રતિબંધ કેવી રીતે છે? અત્યારે મારે શું થાય છે? મારા મમ્મી-પપ્પાને...મને જે વિકલ્પ આવે છે ઈ એ લોકોને નારાજગી છે એના સબંધી પણ જે વિકલ્પ આવે છે એટલે પોતાપણું છે ઈ તો હજી ઊભું જ છે, આ બીજું સ્વરૂપ છે ખાલી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ એનું બીજું સ્વરૂપ છે. લાગણીનું જ સ્વરૂપ છે.

મુમુક્ષુ :- આ લાગણી...લાગણી કોમન છે એમાં. ઈ દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે ઉદાસ થઈ જવું જોઈએ. ભલે! એમ કેમ નથી લેવાતું કે આ જીવો છે જગતનાં, પરિભ્રમણ કરતા-કરતા અમુક કાળ માટે સંયોગમાં રહેવા આવ્યા છે. જેમ તમે ગાડીમાં પેસેન્જર બેસે એટલે ચોંટી પડો છો કાંઈ? તમારા ડબામાં કોઈ ચડ્યું એટલે કાંઈ વળગી પડવાનું? વળગી પડો તો માર જ ખાવ, બીજું કાંઈ ન થાય. એમ આ એક ડબો છે - ઘર છે ઈ ગાડીનો ડબો છે. સ્ટેશન આવશે ઈ ઊતરી જશે. નવા સ્ટેશને નવા ચડશે. તો તમે એને વળગી પડો? માર ખાવાની વાત છે. મુસાફરી કરો છો ને? આ મુસાફરી જ છે. બીજું શું છે? મુસાફરી સિવાય બીજું કાંઈ નથી. એક (વાત) કહો જોઈ કે તમે કાયમ તો રહી શકવાના નથી. પહેલા અહીંયાં નહોતા એ વાત તો નકકી છે. ભવિષ્યમાં નથી રહેવાના એ વાત એટલી જ નકકી છે. હવે વચ્ચેના કાળમાં ગરબડ કરીને પરિભ્રમણ વધાર્યું. એમાં બુદ્ધિ શું તમારી એ કહો? વચ્ચેના કાળમાં આત્માપણું - પોતાપણું કરીને પરિભ્રમણ વધાર્યું એમાં અકક્લ ને હોશિયારી શું? કુબુદ્ધિ છે, સુબુદ્ધિ નથી પણ કુબુદ્ધિ છે.

મુમુક્ષુ :- લોહીલુહાણ થઈ જાય છે માર ખાય-ખાયને તેમ છતાં પાછો માર ખાવા

જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દુઃખી થાય છે, તોપણ સમજતો નથી. આવું છે. વજન દેવું એના ઉપર આખો આધાર છે. શું? ક્યાં કેટલું વજન દેવું તે સમજી લેવું. ક્યાં કેટલું વજન દેવું તે સમજી લેવું. **'બન્નેની કઈ કઈ કોટી છે તે જાણી લેવું.'** નિશ્ચય અને વ્યવહાર બંનેની કક્ષા કઈ છે, કોટી એટલે દરજ્જો ક્યો છે ઈ સમજી લેવું. આપણે વ્યવહારમાં તો બધું ઈ રીતે બને જ છે. વેવાઈનો પટ્ટાવાળો આવ્યો હોય અને નાતે ઘાંચી હોય, વાળંદ (હોય) તોપણ આદર-સત્કાર કરે. આવ્યો હોય, ચિટ્ઠી, કાગળ દેવા. (શું કહેશે?) બેસો, બેસો, બેસો. ચા-પાણી-નાસ્તો કરીને જાવ. કેમ? એને એમાં વેવાઈ દેખાય છે. કેમકે ઈ ત્યાં જઈને વાત કરવાનો, આપણા વેવાઈ બહુ સારા હો! હું તો તમારો કાંઈ નથી તોપણ મને ચા-પાણી-નાસ્તા વગર ન જવા દીધો. બહુ આગ્રહ કર્યો મને, બહુ પ્રેમથી જમાડ્યો, લ્યો! બહુ સારા વેવાઈ છે. આ બધી ખબર વગર વિકલ્પે ખબર પડે છે. આનો વિકલ્પ કરવો પડે છે? ક્યાંય વિકલ્પ નથી કરવો પડતો. છતાં બધું અભેદમાં ભેદવાળું જ્ઞાન છે કે નહિ? એને ચા-પાણી-નાસ્તો કરાવવામાં કેટલા ભેદો છે? ઈ બધા ભેદો એની અંદર સમાઈ જાય છે. હવે એને વજન તો ઘણું આપ્યું પણ ઈ જ વાળંદ પાછો વેવાઈની સાથે આવ્યો હોય તો સામું પણ ન જોવે. જેને પરાણે નાસ્તો-પાણી કરાવ્યા હતા, ઈ પાછો વેવાઈની સાથે આવ્યો હોય ત્યારે સામું ન જોવે. ઈ વેવાઈની જ બધી સરભરા કરે. પેલો બહાર બેઠો હોય તો કે ભાઈ એને ચા મોકલી દ્યો. એને માણસ સાથે ચા મોકલી દ્યે. એ એનો માણસ મોકલે, ઈ પોતે ન જાય ત્યાં પાછો ચા-પાણી-નાસ્તો કરાવવા અને અહીંયાં માથે ઊભો રહીને કરાવે. એઈ.. જરા સરખી રીતે કપ ભરી દે. પૂરો કપ ભરી દ્યો, અધૂરો નહિ રાખ. ક્યાં કેટલું વજન દેવું (એ) નથી ખબર પડતી? કે બેયની એક કોટી નથી, એક કક્ષા નથી. બેય સાથે આવ્યા તો કાંઈ બેયની એક કક્ષા નથી, એક દરજ્જો નથી એનો. તો વેવાઈ ઉપર જેટલું વજન જાય એટલું કાંઈ પેલા વાળંદ ઉપર વજન ન જાય. ત્યારે વળી કોઈક કહે કે, ઈ (વાળંદ) આવ્યો ત્યારે તો બહુ જ એની સરભરા કરી હતી. ઈ બરાબર છે. ત્યારે ઈ બરાબર છે અને અત્યારે આ કરીએ એ પણ બરાબર છે.

મુમુક્ષુ :- બધું આવડે જ છેને.

પૂજ્ય ભાઈશ્રી :- બધું આવડે છે. એવું છે આની અંદર. મોક્ષમાર્ગમાં પણ એવું જ છે. **'અનાદિનો માર્ગ અજાણ્યો છે.'** આ વિષયમાં ભલે પોતે અજાણ્યો છે, **'દ્રવ્યદૃષ્ટિ જીવે પ્રગટ કરી નથી. તેથી દ્રવ્યદૃષ્ટિ મુખ્ય હોય છે, પણ સાધકદશામાં વ્યવહાર વચ્ચે**

આવે છે.' વજન દેવાનો ખ્યાલ રાખી લેવો. કેટલું વજન દેવું ઈ સમજી લેવું. એની સમજણ પોતાને હોવી જોઈએ. આ તો પહેલા સમજવા વખતની વાત છે. પરિણમનમાં તો automatic જ છે. જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટે એને પરિણમનમાં તો automatic જ છે. વ્યવહાર ઉપરનું વજન, નિશ્ચય ઉપરના વજનમાં ફેર પડી જાય અને એ યથાયોગ્ય વજન જાય. એમાં કાંઈ પાછું નિશાળમાં બેસવું ને શીખવું પડે નહિ. **'કોઈ પ્રયોજનવશ કોઈવાર આચાર્યદેવે વ્યવહારની વાત કરી હોય તો તે કાઢી નાંખવાની નથી.'** હવે કોઈ મૂર્તિને નહિ માનનારા એમ સમજાવે મૂર્તિને માનનારાને કે ઈ તો પરદ્રવ્ય છે, હવે મૂકી દ્યોને. એટલું બધું વજન શું દ્યો છો પરદ્રવ્ય ઉપર? તો કહે છે કે, તું ઉડાડે છો માટે. અમારું વજન તો અમારા આત્મા ઉપર જ છે. પર ઉપર છે જ નહિ. પણ તું ઉડાડે છો ત્યાં ન ચાલે. અને તું ઈ માટે લડાઈ કર તો અમારે પણ લડાઈ કરવી પડે. ઈ વખતે તું એમ કહે, કે આ પરદ્રવ્ય સાટું શું કરવા લડાઈ કરો છો? કે તમારું વજન વધી જશે. (તો કહેવું પડે) કે ઈ બરાબર છે. એવી બધી વાતો છે. **'કોઈ પ્રયોજનવશ કોઈવાર આચાર્યદેવે વ્યવહારની વાત કરી હોય તો તે કાઢી નાંખવાની નથી. સાધ્ય-સાધકભાવના ભેદથી એક સાધ્યને ગ્રહણ કરવાનું છે.'** સાધ્ય-સાધકભાવ એટલે પર્યાય છે ઈ ભેદવાળી છે એ સાધક છે. સાધ્ય છે એ આત્મા છે. તો સાધકભાવથી સાધ્યને ગ્રહણ કરવાનું છે. એમાં સાધકભાવ તો વચ્ચે આવેને. ઈ જ વ્યવહાર છે. બીજું શું છે?

**'એક આત્માને ગ્રહણ કરતાં...'** અભેદ આત્માને ગ્રહણ કરતા **'તેમાં વચ્ચે જ્ઞાન-દર્શન-ચારિત્રના ભેદ આવ્યા વગર રહેતા નથી.'** એ જ્ઞાન-દર્શન-ચારિત્ર એ વ્યવહાર છે, શુદ્ધ વ્યવહાર છે અને એનો વિકલ્પ છે તે અશુદ્ધ વ્યવહાર છે. **'આ જ્ઞાન છે, આ દર્શન, આ ચારિત્ર એવા ભેદ-વિકલ્પ આવે છે,'** વિકલ્પ પણ આવે છે. વચ્ચે આવી જાય. એના ઉપર વજન હોય નહિ, તેમજ દૃષ્ટિ હોય નહિ એના ઉપર. એની મુખ્યતા ન હોય. **'પણ તે ભેદના વિકલ્પમાં રોકાવાનું નથી.'** તો એ સાધન-સાધનના સ્થાનમાં છે. નહિતર સાધન સાધ્ય થઈ જશે. **'તું જ્ઞાયકની દૃષ્ટિ કર. તેમાં વચ્ચે સાધ્ય-સાધકભાવના ભેદ આવે છે.'** તું દૃષ્ટિ કર. automatic ગોઠવાઈ જશે. પર્યાય પર્યાયના સ્થાનમાં automatic ગોઠવાઈ જશે. **'દ્રવ્યથી પૂર્ણ છું પણ પર્યાયમાં અધૂરાશ છે..'** દ્રવ્યથી હું પૂર્ણ છું. પણ પર્યાયમાં અધૂરાશ છે. પૂર્ણ ને અધૂરાશ બેય contradictory વાત છે અને એક જ પદાર્થમાં બે અંગ છે. દ્રવ્યે પૂર્ણ છું, પર્યાયમાં અધૂરાશ છે. **'માટે વચ્ચે વ્યવહાર આવ્યા વગર રહેતો નથી.'** અધૂરાશ છે બાકીનો ભાગ તો વ્યવહારમાં વિકલ્પનો આવ્યા વગર રહેતો નથી. **'જે પરમભાવને પહોંચી ગયા, તેને વ્યવહારનું**

**કાંઈ પ્રયોજન નથી.'** એટલે કેવળજ્ઞાન થઈ ગયું એને વ્યવહાર નથી. સાધક અવસ્થામાં વ્યવહાર છે. કેવળીને વ્યવહાર હોતો નથી. એટલે ઓલું ગુરુદેવે સ્પષ્ટ કર્યુંને કે કેવળજ્ઞાનમાં જ છદ્મસ્થ ગુરુનું પણ જ્ઞાન થાય છે. ગુરુ છદ્મસ્થ છે, શિષ્ય પોતે કેવળજ્ઞાની છે. સોગાનીજીનું એવું જ થશેને? તો ત્યાં બહારનો વ્યવહાર ન હોય. જ્ઞાન થાય કે, પહેલું-વહેલું આત્મજ્ઞાન મને આ ગુરુથી થયેલું હતું. એવું જ્ઞાન થાય છે. પણ ત્યાં વંદ્ય-વંદક ભાવ હોતો નથી, ઊભા થઈને કાંઈ વંદન કરવા ન જાય. એવો વ્યવહાર નથી. વ્યવહારાતિત થઈ ગયા મોક્ષમાં. એટલે જે પરમભાવ એટલે જે મોક્ષને પહોંચી ગયા એને વ્યવહારનું કાંઈ પ્રયોજન નથી. આમાં આવે છે, સમયસારમાં એ વાત આવે છે. અને એનું દૃષ્ટાંત પણ આવે છે, કે **'સમયસારમાં આવે છે ને કે સોળવલું સોનું થઈ ગયા પછી તેને તાપ દેવાની જરૂર નથી.'** ચોખ્ખું સોનું થઈ ગયું હવે એને અગ્નિમાં મૂકીને શું કામ છે? એને અગ્નિમાં મૂકીને કોઈ કામ નથી. અગ્નિમાં હતું ક્યાં સુધી? કચરો હતો ત્યાં સુધી. કચરો બળી ગયો, બસ! પતી ગયું.

**'પણ જે સાધકદશામાં છે તેને વ્યવહાર વચ્ચે આવે છે. તે વ્યવહાર જાણવા યોગ્ય છે.'** એટલે વધારવા યોગ્ય નથી. વ્યવહાર આવે છે એ જાણવા યોગ્ય છે. એટલે કે, એ વધારીને ઉપાસવા યોગ્ય નથી. એટલી વાત છે. એટલે વ્યવહારને વ્યવહારના સ્થાનમાં રાખ્યો. નિશ્ચયને નિશ્ચયના સ્થાનમાં રાખ્યો. **'તે આદરવા યોગ્ય કે રાખવા જેવો છે તેવો અર્થ નથી.'** વ્યવહાર વચ્ચે આવે છે એનો અર્થ એમ નથી કે એ વધારવા જેવો છે કે રાખવા જેવો છે કે આદરવા જેવો છે - એ વાત નથી. સીડીના પગથિયાં જેવું છે. ઉપર જવું છે, વચ્ચે સીડી છે. પગ મૂકીને ઉપાડવાનો, પગ મૂકીને ઉપાડવાનો. (ત્યાં કોઈ એમ કહે કે) ઉપાડવાનો હોય તો મૂકવો શું કરવા? તો કે ઉપાડવા માટે. કોઈ એમ કહે, તર્ક કરે કે ભાઈ જો તમારે પગ ઉપાડી લેવાનો હતો તો પછી મૂક્યો શું કરવા? કે ઉપાડી લેવા માટે, પણ ઉપાડીને ઉપર જવા માટે. જો મૂક્યો જ ન હોત તો ઉપાડવાનો પ્રશ્ન રહેતો ન્હોતો. તો ઉપર જવાની વાત નહોતી રહેતી. એમ વ્યવહાર છે એ વચ્ચે આવે છે, આવીને છોડી દેવા માટે છે. આવે છે ઈ છોડી દેવા માટે છે. આવ્યા વગર રહે નહિ અને આગળ જવાવાળાને છોડી દીધા વગર ચાલે નહિ. જેને ઉપર જવું છે મોક્ષ સુધી એને વચ્ચે વ્યવહાર આવ્યા વગર રહે નહિ અને આવેલો વ્યવહાર છોડી દીધા વગર ચાલે નહિ. એટલે પ્રયોજન સમજે એને તો બધું સમજાય એવું છે. ચોખ્ખી વાત એ છે. પ્રયોજન સમજે એને બધું સમજાય એવું છે ને એટલા માટે પહેલેથી એ શિક્ષા આપી, મુમુક્ષુની ભૂમિકાથી. કે તું તારા આત્મકલ્યાણના આશયને વળગી રહેજે. તારું આત્મકલ્યાણનું જે પ્રયોજન છે એ પ્રયોજનને તું વળગીને

રહેજે અને એમાં બાધક થાય એવું બધું કાઢતો જાજે, એકકોર કરતો જજે. એમાં જે વચ્ચે આવે એને એકકોર મૂકી દેજે. આટલું સમજી જા. પછી વાંધો નથી. ચોખ્ખી વાત આટલી છે.

મુમુક્ષુ :- બધા પ્રતિબંધ છૂટી જશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બધા પ્રતિબંધ છૂટી જશે. એટલે ઈ બધી ભૂમિકામાં લાગુ પડે છે. આત્મકલ્યાણને વળગી રહેવું ઈ પહેલેથી છેલ્લે સુધી બધી ભૂમિકામાં લાગુ પડે છે. પ્રયોજનને વળગી રહે. સીધી વાત છે. પછી ઈ વિવેક automatic રહે છે. જેમ પોતાના આત્મકલ્યાણને વળગી રહ્યો ત્યારે ઈ વિવેક automatic રહે છે. એના માટે કાંઈ આમ ન સમજાય કે શીખવા જવું પડે એવું કાંઈ નથી.

મુમુક્ષુ :- મુખ્ય-ગૌણ સહજ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- મુખ્ય-ગૌણ થઈ જશે. આત્મકલ્યાણ મુખ્ય થયું કે બીજું સહજ ગૌણ થઈ જશે. પછી ભક્તિમાર્ગ ને જ્ઞાનમાર્ગનો પ્રશ્ન ઉઠાવ્યો છે. આ વિષય અહીંયાં પૂરો થાય છે. મુખ્ય મુદ્દો ઈ ચાલ્યો છે કે જ્ઞાની કોઈ અઘટિત વાત કરતા નથી એટલે પેલો જે સ્વચ્છંદ છે એ મુકાવ્યો છે એમ કહીને કે, તું પોતે કાંઈ judgement લઈ લે કે આ વાત બરાબર નથી માટે કાઢી નાખો, આ વાત નહિ માનવી એ સ્વચ્છંદમાં જતો નહિ, મુખ્ય વાત તો અહીંયાં છે કે સ્વચ્છંદ ન થાય ઈ ધ્યાન રાખવું.

**તારા ચિત્તમાં બીજો રંગ સમાયેલો છે, ત્યાં સુધી આત્માનો રંગ લાગી શકતો નથી. બહારનો બધો રસ છૂટી જાય તો આત્મા-જ્ઞાયકદેવ પ્રગટ થાય છે. જેને ગુણરત્નોથી ગૂંથાયેલો આત્મા મળી જાય, તેને આ તુચ્છ વિભાવોથી શું પ્રયોજન?**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૨૬૪**

પ્રશ્ન :- ભક્તિમાર્ગ શું બીજો છે? કે જ્ઞાનમાર્ગમાં અભેદ ભક્તિ આવી જાય છે?

સમાધાન :- સાચી સમજણ તરફ વળે ત્યારે સાથે ભક્તિ આવ્યા વગર રહેતી નથી. યથાર્થ તત્ત્વનિર્ણય કરવાની રુચિ જાગી તેને ભેગી ભક્તિ આવી જાય છે. પણ અનાદિકાળથી જીવ શુષ્કતામાં ચાલ્યો જાય છે. શ્રીમદ્જી તથા અન્ય બધા જ્ઞાનીઓ એમ કહે છે કે તત્ત્વનિર્ણયપૂર્વક ભક્તિ કરજે તે ભક્તિમાર્ગ છે. તત્ત્વવિચાર તરફ પરિણતિ રાખીને ભક્તિ કરજે આમ ભક્તિમાર્ગમાં કહેવું છે.

જ્ઞાનમાર્ગમાં જીવો ઘણીવાર શુષ્ક થઈ જાય છે એટલે ભક્તિમાર્ગ સાથે બતાવ્યો છે. પણ અંદર પરિણતિમાં જ્ઞાન મુખ્ય છે. તેમાં ભક્તિ ભેગી હોય, ભક્તિ ન હોય તો જ્ઞાન લૂખું થઈ જાય છે.

આત્મા પોતે મહિમાવંત છે. તેની મહિમા કરજે, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરજે, મહિમા વગર તારા વિચારો વિગેરે બધું લૂખું થઈ જશે. જો તને મહિમા નહિ આવે તો માત્ર તું જ્ઞાનની વાતો કર્યા કરીશ પણ અંદર લૂખાશ થઈ જશે. મહિમા સાથે હશે તો અંદર તને એમ થશે કે અહો! આત્મા આવો ચમત્કારી છે. અહો! આ આત્માની સાધના દેવ-ગુરુ કરી રહ્યા છે. એવું અંદરથી તને આશ્ચર્ય લાગવું જોઈએ, તો તારા તત્ત્વના વિચારો પણ યથાર્થ રીતે ચાલશે. ભક્તિમાર્ગમાં આમ કહેવું છે.

જ્ઞાન એકલું લૂખું ન હોવું જોઈએ, સાથે ભક્તિ-વિરક્તિ, તત્ત્વવિચાર બધું હોવું જોઈએ. તે બધું હોય તો મુમુક્ષુ મર્યાદા બહાર જતો નથી. અમુક જાતના પરિણામો આવે તો પણ મર્યાદાથી બહાર ન જાય. લૂખું હોય તો મર્યાદા બહાર પરિણામ જાય છે. આ ચૈતન્ય આવો મહિમાવંત છે, વિભાવમાં રોકાવા જેવું નથી તેમ ભાવના આવે છે. દેવ-ગુરુ કેવું કરી રહ્યા છે, એમ મહિમા કરીને પણ પરિણતિને આત્મા તરફ વધારે વાળે છે--નહિ તો લૂખું થઈ જાય અને મર્યાદા બહાર ચાલ્યો જાય. ૧૪૬.

## તા. ૨૨-૦૩-૧૯૯૭, પ્રશ્ન-૧૪૬
## પ્રવચન નં. ૯૭

સ્વાનુભૂતિદર્શન, પાના નં-૧૦૧, ૧૪૬મો પ્રશ્ન.

'પ્રશ્ન :- ભક્તિમાર્ગ શું બીજો છે? કે જ્ઞાનમાર્ગમાં અભેદ ભક્તિ આવી જાય

છે?'

જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ અને ક્રિયામાર્ગ. માર્ગ એટલે ઉપાય. ત્રણ પ્રકારના ઉપાય પ્રસિદ્ધ છે ધાર્મિક ક્ષેત્રમાં. આસ્તિક્ય દર્શનોમાં આ ત્રણ પ્રકારના ઉપાયોની વાતો ચાલે છે. કોઈ એકાંત ભક્તિમાર્ગમાં આવે છે, કોઈ એકાંત જ્ઞાનમાર્ગમાં આવે છે, કોઈ એકાંત ક્રિયામાર્ગમાં ચાલે છે. યથાર્થ હોય ત્યાં તો ત્રણેયનો મેળ હોય છે અને અયથાર્થ હોય ત્યાં એકની પ્રધાનતામાં બીજા પ્રત્યે ઘૃણા કે દુર્ગંચ્છા કે અભાવો એવું જોવામાં આવે છે. અહીંયાં બે ઉપાય વચ્ચેનો તફાવત પૂછ્યો છે. સ્પષ્ટીકરણ માંગ્યું છે.

'**સમાધાન :- સાચી સમજણ તરફ વળે ત્યારે સાથે ભક્તિ આવ્યા વગર રહેતી નથી.**' સાચી સમજણ તરફ વળે ત્યારે સાથે ભક્તિ આવ્યા વગર રહેતી નથી. ભક્તિ એટલે બહુમાન છે. સમજણ સાચી થાય એટલે સમજણની કિંમત આવે ત્યારે ઉપકાર બુદ્ધિ અને બહુમાન આવ્યા વગર રહે નહિ. '**યથાર્થ તત્ત્વનિર્ણય કરવાની રુચિ જાગી તેને ભેગી ભક્તિ આવી જાય છે.**' ભેગી એટલે સાથે-સાથે. ભેગી આપણો ગુજરાતી શબ્દ છે. ભેગી એટલે સાથે-સાથે. યથાર્થ નિર્ણય કરવાની જેની રુચિ જાગી એમાં એને ભક્તિભાવ તો સાથે-સાથે આવે જ. '**પણ અનાદિકાળથી જીવ શુષ્કતામાં ચાલ્યો જાય છે.**' જીવ છે એ જ્યાં તત્ત્વજ્ઞાનનો નિર્ણય કરવા જાય છે, ત્યાં શુષ્કતામાં ચાલ્યો જાય છે. આવી એક ક્ષતિ રહી જાય છે. આ પ્રકારની શુષ્કતાની ક્ષતિ ઉત્પન્ન થઈ જાય છે. તત્ત્વજ્ઞાનનો જ્યાં નિર્ણય કરવા જાય, તત્ત્વનિર્ણય કરવા જાય ત્યાં આવી ભૂલ પણ કરે છે. '**શ્રીમદ્જી તથા અન્ય બધા જ્ઞાનીઓ એમ કહે છે..**' ઈ તો શ્રીમદ્જી કહે છે એ બધા જ્ઞાનીઓ કહે છે, બીજા જ્ઞાનીઓ કહે છે ઈ શ્રીમદ્જી કહે છે. '**કે તત્ત્વનિર્ણયપૂર્વક ભક્તિ કરજે તે ભક્તિમાર્ગ છે.**' ભક્તિ કર તોપણ સાથે-સાથે તત્ત્વનિર્ણયને રાખજે. તત્ત્વનિર્ણયપૂર્વક ભક્તિ કરજે, એમ શ્રીમદ્જીનું કહેવું છે. એમણે ભક્તિપ્રધાન વાત કરી છે, ભક્તિપ્રધાન વાત તો એમણે કરી છે પણ ઈ એમ કહે છે કે તત્ત્વનિર્ણયપૂર્વક ભક્તિ કરવાની વાત કરી છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! તત્ત્વનિર્ણય કરતા જીવ શુષ્કતામાં ચાલ્યો જાય એમાં શું કહેવું છે?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે શું છે, કે તત્ત્વમાં તો એવું છે કે જીવતત્ત્વ અજીવતત્ત્વનું કાંઈ કરતો નથી. અજીવતત્ત્વ જીવતત્ત્વનું કરતો નથી તો પછી ગુરુ આપણું કાંઈ કરતા નથી ઈ વાત આ સૈદ્ધાંતિક રીતે અંદર તો આવે જ છેને. એટલે આપણે ગુરુનું કાંઈ સેવા કરવાનો પ્રશ્ન રહેતો નથી, ગુરુ કાંઈ આપણા ઉપર ઉપકાર કરતા નથી, એમ પણ સાથે-સાથે આવે જ અંદર. કેમકે એ પ્રકારે એને જે ભક્તિ આવવી જોઈએ એને

બદલે શુષ્કતા આવે છે. આવા પ્રકારો થાય છે કે, દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષ પ્રત્યે જે ભક્તિ આવવી જોઈએ, જેણે તને ભલે તત્ત્વ પ્રત્યે આંગળી ચીંધી છે, એમ ગણો આપણે, આપ્યું છે એમ ન કહીએ અત્યારે. આંગળી ચીંધી છે એમ તો વાત છેને? તો એના પ્રત્યે તને જે ભક્તિ આવવી જોઈએ એ ભક્તિ ન આવે અને ઈ મારું કાંઈ કરતા નથી - એમ આવે... સોગાનીજીએ બે દ્રવ્યની ભિન્નતા ઉપર ઘણી વાત કરી કે દેવ-ગુરુ-શાસ્ત્રથી લાભ માનવો તે જ અલાભ છે એવી બધી વાતો કરી છે એમણે, છતાં પણ એમ કીધું કે ગુરુ તરફ ઉપયોગ જાય તો મારા ગુરુ આકાશથી પણ મહાન છે. એ રીતે ભક્તિ કરી પાછી. પત્રમાં પણ ખૂબ ભક્તિ કરી અને તીર્થંકરથી પણ અધિક સ્થાપ્યા. એટલે આમ એમને તો મેળ હતો. ભક્તિનો અને એમના જ્ઞાનનો મેળ હતો. ક્યારેક કેટલાંકને મેળ નથી ખાતો તો શુષ્કતામાં ચાલ્યા જાય છે. એવું જીવે ઘણીવાર, અનંતવાર કર્યું છે, એમ કહે છે.

મુમુક્ષુ :- નિયમસારમાં આચાર્યભગવાને ઘણી ભક્તિ કરી..

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણી ભક્તિ કરી છે. બહુજ ભક્તિ કરી છે. '**તત્ત્વવિચાર તરફ પરિણતિ રાખીને ભક્તિ કરજે આમ ભક્તિમાર્ગમાં કહેવું છે.**' ભક્તિમાર્ગમાં પણ જ્ઞાનીઓનું શું કહેવું છે? કે તત્ત્વવિચારપૂર્વક તું ભક્તિ(માં આવજે.) એકલી ભક્તિમાં આવે, ઓઘભક્તિમાં આવી જતો નહિ. હવે સોભાગભાઈ જેવા એવું બોલે કે અમારે તમારું તત્ત્વજ્ઞાન જોઈતું નથી. કેમકે ગોપીઓએ શ્રીકૃષ્ણને પણ એમ કહી દીધું હતું કે તમારું જ્ઞાન તમારી પાસે રાખો. અમારે કાંઈ ઈ જ્ઞાનની જરૂર નથી. મેળ કેવી રીતે મેળવવો. કેમકે ઓલી ભક્તિપ્રધાનતામાં એમ પણ વાત આવે અને જ્ઞાનપ્રધાનતામાં એમ પણ વાત આવે કે દેવ-ગુરુ-શાસ્ત્રથી લાભ માનવો તે અલાભ છે. છતાંય બેલેન્સ રાખે છે. કહેનારા બેલેન્સ રાખે છે. ઈ વાત સમજાવી જોઈએ. ભાષા ગમે એવી આવે, ભાવમાં કેટલું બેલેન્સ છે? એ સમજણમાં આવવું જોઈએ. એવી વાત છે. ઈ સોભાગભાઈએ ભલે એમ કીધું પણ સોભાગભાઈ જે વાત કરતા હતા એમાં સમજણ ઘણી હતી, ક્યારેક-ક્યારેક કૃપાળુદેવ પ્રશ્ન મૂકતા હતા. તો એમાં એમની (સોભાગભાઈની) સમજણ બહાર આવતી હતી અને એમ કહેતા હતા કે આવો ઉત્તર તો જ્ઞાની જ આપી શકે, અથવા જ્ઞાનીના આશ્રયી જ આપી શકે. તો એટલી તત્ત્વની સૂઝ હતી, એટલી તત્ત્વની સૂઝ હતી એમ છે.

'**જ્ઞાનમાર્ગમાં જીવો ઘણીવાર શુષ્ક થઈ જાય છે એટલે ભક્તિમાર્ગ સાથે બતાવ્યો છે.**' બેલેન્સ રહેવા માટેની એ વાત છે. જ્ઞાનમાર્ગમાં ઘણા શુષ્ક થઈ જાય છે. આ ભૂલ પ્રાયઃ થાય છે. એટલા માટે ભક્તિ સાથે-સાથે હોવી જોઈએ, ઈ વાત પણ જ્ઞાનીઓ

કહેતા આવ્યા છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી, ભક્તિને જરા ભેદ પાડીને સમજાવોને!

પૂજ્ય ભાઈશ્રી :- ભક્તિ ઉપર તો આપણે એક આખો આર્ટિકલ આવી ગયો. ભક્તિની અંદર શું છે? સામાન્ય આપણે જો વાત કરીએ તો ભક્તિ છે એ બહુમાન છે. ઉત્તમપુરુષોનું, મહાપુરુષોનું બહુમાન છે. તો બહુમાન સામાન્ય રીતે કોઈના પ્રત્યે હોય તો ઓળખાણ હોવી જરૂરી છે. તો એ યથાર્થ ભક્તિ પ્રગટ થાય અથવા સ્વચ્છંદનિરોધ ભક્તિ, આજ્ઞારુચિરૂપ ભક્તિ, વચનપ્રતીતિરૂપ ભક્તિ થાય જે ૭૫૧માં કહી એવી. પણ એટલી હદે મુમુક્ષુજીવ ન ગયો હોય તો અને કોઈ કારણથી એને એમ જાણવા મળ્યું હોય, કોઈ કારણની અંદર શું છે કે, કેટલાક પોતાથી વધારે સમજદાર માણસો (હોય) એની સમજને પોતે અનુસરતો હોય એટલે પોતાની મૂંઝવણનું એક કારણ તો ઈ છે. બીજું કારણ ઈ છે કે પોતાની આ વિષયક મૂંઝવણ છે, એ મૂંઝવણનું સમાધાન અને ઉકેલ ત્યાંથી એને મળ્યો હોય. તો એને વિશ્વાસ આવે. જ્ઞાની પ્રત્યે વિશ્વાસ આવે અને તો ભક્તિ આવે. વિશ્વાસ આવવાના આ બે કારણો છે કે મારી આટલી સમજણ નથી પણ આ મારા કરતા ઘણું સમજે છે અને ઈ એમ કહે છે કે, (ભાઈ આ) અનુસરવા જેવું છે, માટે હું અનુસરું છું. એક તો એને ઈ પ્રકારે વિશ્વાસ આવે. આ નિમિત્તપરક વાત છે. ઉપાદાનપરક વાત એટલી છે, પરક એટલે સબંધી છે. પરક એટલે ઉપાદાન સબંધી અને નિમિત્ત સબંધી.

પોતાને મૂંઝવણ થઈ હોય અને એ મૂંઝવણ માટે એને માર્ગદર્શન માંગ્યું હોય અને જે માર્ગદર્શન પ્રાપ્ત થવાથી પોતાની મૂંઝવણ મટી હોય, તોપણ એને એમ લાગે કે હું ઘણી જગ્યાએ આવા પ્રશ્નો મૂકું છું પણ અહીંથી મને જે સમાધાન મળે છે ઈ બીજેથી નથી મળતું. એમ comparatively એનું જ્ઞાન કામ કરી, એને એ સમજણથી પણ એ અનુસરે, ભલે ઓળખાણ ન થાય તોપણ એ ભક્તિ ઓઘસંજ્ઞામાં હજી જાય છે. તો ઓઘસંજ્ઞાવાળી ભક્તિમાં પણ બે પ્રકાર છે - એક સકામ ભક્તિ અને એક નિષ્કામ ભક્તિ. સકામ ભક્તિની અંદર બે પ્રકારની સકામતા હોય છે. કામ એટલે ઈચ્છા. અહીંયાં કામ એટલે ઈચ્છા. બે પ્રકારની ઈચ્છા હોય છે. એક આપણા પોતાના સંયોગો સબંધીની ઈચ્છા હોય છે કે, હું આ મહાપુરુષની ભક્તિ કરું તો મારા સંયોગોમાં અનુકૂળતા રહે અને પ્રતિકૂળતા ન આવે અથવા હોય તો ફેરફાર થઈ જાય. વર્તમાન અથવા ભવિષ્ય એની જે ચિંતા છે એ ચિંતાને વશ જો એ ભક્તિ કરે છે તો એ સકામ ભક્તિ છે, એમાં દૃષ્ટિ મલિન છે. એ પરિણામોમાં પોતાની દૃષ્ટિ મલિન છે. એટલે એ ભક્તિ એને પરમાર્થમાર્ગમાં કામમાં આવે એવી રીતે સફળ થતી નથી. પણ કેવળ આત્મકલ્યાણના

લક્ષે, આત્મકલ્યાણના હેતુથી અને એ આત્મકલ્યાણ સત્‌પુરુષના નિમિત્તે પોતાને સધાય એવી પોતાને જે ભાવના છે, ઈચ્છા છે એને કારણે એને ભક્તિ ઊગે છે તો એ નિષ્કામ ભક્તિ છે. અથવા મહાપુરુષના ઉત્તમો-ઉત્તમ ગુણો જોઈને એવા ગુણો પ્રાપ્ત કરવાની ભાવનાથી એમના પ્રત્યે બહુમાન અને ભક્તિ આવે છે. અને એમના વચનો જે આત્મકલ્યાણ પ્રત્યે દોરી જાય છે, એ વચનોને અવલોકતા પણ જે ભક્તિ આવે છે, વચનોનું શ્રવણ કરતા, વાંચન કરતા અને એની અંદર બીજી કોઈ કામના નથી. સંસારના સંયોગોની પણ નથી અને બીજી કામના માન-પાનની હોય છે. તો વિદ્યમાન સત્‌પુરુષ હોય ને એમની ભક્તિ કરતા પોતાનું સ્થાન કાંઈક એની સમીપ રહેતું હોય અને એ સ્થાનની ઈચ્છા રહ્યા કરતી હોય, પછી કે ભાઈ મને નજીકતા મળે છેને, મારે એની નજીકતા ટકાવી રાખવી છે, માટે હું ભક્તિ કરી દેખાડું, સમર્પણ કરી દેખાડું એવો પ્રકાર પણ ઘટતો હોય છે. ઈ સકામમાં જાય. તો સકામમાં કામના બે પ્રકારની હોય છે. એક લોભની અને એક માનની. બેમાંથી એક પ્રકૃતિ કામ કરતી હોય, કોઈને બેય પ્રકૃતિ પણ કામ કરતી હોય, તો એ સકામતામાં એ ભક્તિ પારમાર્થિક દૃષ્ટિએ છોડવા જેવી છે, રાખવા જેવી નથી અને નુકસાનકારક છે. એ ભક્તિથી લાભ નથી થતો પણ નુકસાન થાય છે. નિષ્કામભક્તિ હોય તો ઓળખાણ સુધી પહોંચવાનો અવસર આવે. નિષ્કામભક્તિ જો જ્ઞાની પ્રત્યે થઈ હોય તો ઈ જ્ઞાનીને ઓળખવાની નિર્મળતા સુધી આવવાનો, એનામાં નિર્મળતા આવે ખરી. નિષ્કામ ભક્તિએ કરી નિર્મળતા આવે અને એ નિર્મળતાથી ક્રમે કરીને ઓળખશે અને એનો પારમાર્થિક લાભ બહુ મોટો છે. નિર્વાણપદ સુધીનો છે.

મુમુક્ષુ :- ભાઈ! બીજો એક પ્રશ્ન છે, ઓઘભક્તિ સાચી ભક્તિમાં ક્યારે રૂપાંતર થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- ઓઘભક્તિમાં પણ એવો લક્ષ હોય કે, ઓઘભક્તિ મારે ન હોવી જોઈએ અને મને સાચી નિષ્કામભક્તિ અને ઓળખાણપૂર્વકની ભક્તિથી જ મને પરમાર્થમાં લાભ થશે એવી સમજણ હોય અને ઓઘભક્તિ છોડવાનો પ્રયત્નવાન હોય, તો કોઈ એક તબક્કે એમાં ફેરફાર થવાનો સંભવ ખરો. પણ જો ઓઘભક્તિમાં લાંબો સમય રહે તો નુકસાન કરી બેસે.

મુમુક્ષુ :- એ સાપેક્ષ શબ્દ છે, લાંબો સમય એટલે કેટલો એ જરા સમજાવો.

પૂજ્ય ભાઈશ્રી :- લાંબો સમય તો એમ છે કે, આવા લક્ષપૂર્વક એમને એમ હાંકે રાખે તો ક્યારે નુકસાન કરે એનો કાંઈ મેળ નથી. કોઈ જલ્દી પણ નુકસાન કરી લ્યે અને કોઈને મોડેથી પણ નુકસાન થાય. અને ઈ individual કેસ છે આખો. એમાં

બધાયને એક સરખો નિયમ આપણે લાગુ ન કરી શકીએ. individual કેસ ઉપર એનો વિચાર થાય. કેમકે એવા કેસ જુદા-જુદા જોવામાં આવે છે કે કોઈને મોડું નુકસાન થયું છે, તો કોઈને વહેલું પણ નુકસાન થયું છે. એટલે એ તો જીવની યોગ્યતા-અયોગ્યતા ઉપર આધારિત છે, વ્યક્તિગત રીતે. એનો નિયમ ન આપી શકાય એટલા માટે ઈ વાતને જનરલ લેવી પડે છે. એટલે પોતા માટે લેવું હોય તો, હવે વાત ક્યાં આવે છે સરવાળે? પોતા ઉપર આવે છે. કે, પોતા માટે લેવું હોય તો એણે એમ વિચારવું જોઈએ કે મને લાંબો સમય થઈ ગયો છે અને મારે લાંબો સમય ઓઘભક્તિમાં ન રહેવું જોઈએ. મારે નિષ્કામભક્તિમાં જ રહેવું જોઈએ. સકામભક્તિ હોય તો દૂર કરવી જોઈએ અને નિષ્કામભક્તિ હોય તો એને ટાઈમની ચિંતા કરવાની બહુ જરૂર નથી.

નિષ્કામ ભક્તિ હોય તો નુકસાન થવાનો પ્રશ્ન નથી, scope નથી, અવકાશ નથી. અને જેટલી ભક્તિ ઉગ્ર થશે એટલી નિર્મળતા વહેલી આવશે અને ઓળખાણ થવાનો અવસર પણ વહેલો આવશે. અને નિષ્કામભક્તિમાં ભયસ્થાન નથી, સકામભક્તિમાં ભયસ્થાન છે. અને સકામભક્તિમાં જેની સંયોગ ઉપરની આધારબુદ્ધિ અને સુખબુદ્ધિ તીવ્ર હોય છે એને લોભની પ્રકૃતિ જોર કરે છે. એવું ન હોય અને જ્ઞાનીપુરુષના સાન્નિધ્યમાં રહે અને ભક્તિ રહે, પણ ઊંડે-ઊંડે એને જે કાંઈ આજુ-બાજુના માણસો તરફથી કાંઈને કાંઈ response મળતો હોય છે, કે તમને તો સેવાનો સારો લાભ મળે છે, તમે તો બહુ ભક્તિ કરો છો, તમારી ભક્તિ (જોતાં) અમે ઈચ્છીએ છીએ કે તમારા જેવી અમને પણ ભક્તિ થાય - એમ કરીને જે એને કોઈ પ્રશંસા મળે છે, સ્થાન મળે છે, માન મળે છે, અને ઊંડે-ઊંડે એની મીઠાશ હોય, સ્થૂળપણે કે સૂક્ષ્મપણે, તોપણ ઈ ઓઘભક્તિ નુકસાન કરશે. તો નિષ્કામભક્તિ હશે અને ઓઘભક્તિ હશે તો નુકસાન થવાનો અવકાશ નથી. એટલે જીવને નિષ્કામભક્તિ હોવી જોઈએ, એમાં સમયથી ડરવાની પણ જરૂર નથી. એમાં તો તીવ્રતા જેટલી આવે એટલું લાભનું જ કારણ છે.

મુમુક્ષુ :- સાચી ભક્તિ develop થાય તો એ સમર્પણમાં ક્યારે પરિવર્તિત થાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો જેમ ભક્તિની degree વધતી જાય એમ સમર્પણ વધતું જાય. જેમ-જેમ ભક્તિની degree વધે એમ સમર્પણ વધતું જાય એમ છે. એટલે ઈ automatic છે. automatic જ છે, જેમ ભક્તિના ભાવની degree વધે એમ સમર્પણ વધતું જાય. સમર્પણ બે પ્રકારનું છે, એમાં પણ બે ભેદ છે. એક degree અનુસાર છે, અને એવી ભક્તિની degree ન હોય તોપણ ઘણાંને સમર્પણ વધે છે. કે, ભાઈ આપણે... એણે એક વિચાર્યું હોય કે આપણું સમર્પણ જેટલું વધારે હોય

એટલું સારું. પણ એટલી ભક્તિ ભાવની degree ન આવતી હોય અંદરથી. ભાવમાં degree ન આવતી હોય.

મુમુક્ષુ :- એનું સમર્પણ ઓઘસંજ્ઞાએ કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ઓઘસંજ્ઞાએ જે સમર્પણ છે, એ સમર્પણ પારમાર્થિક લાભનું કારણ નથી. અને સમજપૂર્વકનું જે છે અથવા પોતાના આત્મા ઉપર ઉપકાર થયો હોય, એમાં શું પ્રકાર બને છે અંદરમાં? ઉપાદાનપરક શું વાત છે એની અંદર? કારણકે સમર્પણ છે એ નિમિતપરકનો વિષય છે આખો. પણ એમાં એ ગર્ભિત વાત ઉપાદાનપરક છે. ઈ એવા પ્રકારે છે કે, પોતાના આત્મા ઉપર અસર થઈ હોય અને જે સમર્પણ આવે, એ સમર્પણ યથાર્થ છે. પણ પોતાનો આત્મા એવો અયોગ્ય હોય, અને એના ઉપર ઉપકાર ન થયો હોય અને છતાં સમર્પણ કરવા યોગ્ય છે એવા બૌદ્ધિક સ્તર ઉપર સમર્પણ કરતો હોય જીવ, એવો પણ સમર્પણનો પ્રકાર હોય છે ખરો. એટલે બોદ્ધિક સ્તરે એ વાત સમજાણી છે. સમજાણી છે એટલે follow up કરે છે બૌદ્ધિક સ્તરથી. તો એ સમર્પણ એના ભાવપૂર્વક એટલું નથી હોતું. તેથી એને એટલો લાભ નથી, સમર્પણનો પણ લાભ નથી. અને એ જીવ તન-મન-ધનનું સમર્પણ કરી શકશે (પણ) પ્રકૃતિનું સમર્પણ નહિ કરી શકે. અને જે જીવને આત્મા ઉપર ઉપકાર થયો છે, ઈ પ્રકૃતિને છોડવા તૈયાર થઈ જશે. બહારમાં એટલું સમર્પણ કદાચ ન પણ દેખાય એને અથવા તો એવો યોગ ન હોય. (પણ એ) પ્રકૃતિનું સમર્પણ કરશે અને સમર્પણનો સાચો લાભ લેશે.

મુમુક્ષુ :- આ clarification ઘણું સારું આપ્યું છે, આ clarification બહુ સુંદર આપ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઈ વિષય બહુ ચોખ્ખો છે. ગમે ઈ cornerથી પ્રશ્ન આવે ઈ વિષય બહુ ચોખ્ખો છે. એના બધા પડખાં ચોખ્ખા છે, કેમકે article લખ્યોને એના ઉપર. એટલે જ્યારે જે વિષય ઉપર લખવાનું બને છે, ત્યારે ઉપયોગ ફરી વળે છે એના બધા પાસા ઉપર. એટલે જેટલા બધા પાસા હોય ઈ એકદમ ચોખ્ખા હોય છે. પછી કલમ ચાલે બરાબર.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપણે અહીંની વાત નથી કરતો પણ બીજે ઘણે ઠેકાણે ભક્તિની વાત આવે છે તો એમ કહે છે, કે આપણે તો સમર્પણ થઈ જવું જોઈએ, આપણે તો સર્વાર્પણ થઈ જવું જોઈએ, એમ કરીને જીવ પોતાની જાતને induce કરે. ગઈકાલે આપણે આ એક ભેદ ઓઘસંજ્ઞાનો....

પૂજ્ય ભાઈશ્રી :- મોટાભાગે આવું હોય છે. યથાર્થતામાં આવનારો કોઈક જીવ,

યથાર્થતામાં આવનારો કોઈક જીવ.. અને આના ઉપર ઘણા પડખાથી એક article (એક મુમુક્ષુ)એ લખેલો છે. તમને કદાચ મળી ગયો હશે? નથી મળ્યો. આ એણે દોઢ-બે વર્ષ પહેલા લખેલો છે - 'સ્વચ્છંદ નિરોધ ભક્તિ'.

મુમુક્ષુ :- પચીસ-ત્રીસ પાનાની છે એ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વિસ્તારથી એણે લખ્યું છે. એ દિવસોમાં ઘણું એ બાબતનું thinking ચાલેલું. પછી મેં કીધું કે તું લખતી જા. સાયનમાં એની treatment ચાલતી હતીને? ત્યારે તું લખતી જા. અત્યારે જે તને સ્ફૂરણા આવે છેને એ બહુ સારી આવે છે. મંડ લખવા અને એ દિવસોમાં એણે લગભગ આઠ-દસ દિવસ સુધી ત્રુટક-ત્રુટક લખ્યું અને બહુ સારી સ્ફૂરણા ચાલેલી અને જેટલું ચાલતું હતું એટલું લખાણમાં (લીધું). બહાર નીકળ્યા હોય ને ચાલુ ગાડીએ વિચાર આવે તો ચાલુ ગાડીએ વ્યવસ્થા રાખી હતી લખવાની. ને એનું ચાલ્યા જ કરતું હતું. ઈ દિવસોમાં ખૂબ ચાલતું હતું. thinking ઘણું ચાલતું હતું. જે એના ઉપર ઘણાં પડખાંથી વાત ચાલી છેને એમાં મુમુક્ષુને યોગ્ય જે ક્ષતિ રહે છે અથવા સ્વચ્છંદ થાય છે, ઈ પડખાં ઘણા ખૂલ્યાં છે. વિસ્તાર એના ઉપર વધારે થયો છે જરા. મુમુક્ષુને કેવી-કેવી ભૂલ થાય છેને એ વાત ઘણી એને વિચારણામાં આવેલી. એને ઘણી writingમાં લીધેલી છે એ દિવસોમાં. પછી જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ અને ભક્તિમાર્ગ એ ત્રણ ઉપર પણ ઘણો પ્રકાશ પાડ્યો છે. સારો એવો પ્રકાશ પાડ્યો છે. થોડું assistance આપવું પડતું હતું. કેમકે, એની ઉપર કોઈ દિવસ લખેલું નથી. first time લખવું પડતું એટલે જેટલું સ્ફૂરણામાં આવે એટલું કલમમાં ઉતારવા માટે જે clarity જોઈએ idea express કરવા માટે એમાં થોડી difficulty પડતી હતી.

મુમુક્ષુ :- 'મુમુક્ષુ પ્રયોજન'માં પણ આપને આ પ્રશ્ન પૂછ્યો હતો જે લીધેલો આપણે, સાતમે પાને છે. એમાં પણ બહુ સ્પષ્ટીકરણ આવેલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- co-ordination ઉપર ઘણી વાતો લીધી છે. જ્ઞાન, ક્રિયા અને ભક્તિના co-ordination ઉપર સ્પષ્ટીકરણ એમાં આવી ગયું છે. 'આત્મજાગૃતિ'માં સારી રીતે આવી ગયું છે. '**પણ અંદર પરિણતિમાં જ્ઞાન મુખ્ય છે.**' જ્ઞાનીએ બતાવી છે. શુષ્કતા ન આવે એટલે ભક્તિમાર્ગ સાથે બતાવ્યો છે, પણ અંદરમાં પરિણતિમાં જ્ઞાન મુખ્ય છે. શું કીધું? જ્ઞાનની પ્રધાનતા છે, કેમકે જ્ઞાન સાધન છેને? મુમુક્ષુને તો જ્ઞાન સાધન છે. એટલે મુખ્યતા છે. '**તેમાં ભક્તિ ભેગી હોય,..**' એ જ્ઞાનને નિર્મળ કરવા માટે જ્ઞાન દિશા ચૂકે નહિ એટલા માટે ભક્તિ ભેગી હોય, એટલે ભક્તિ છે એ જ્ઞાનને દિશા સૂચનની અંદર control કરે છે. ઈ એનું પાસું જે દિશાનું પાસું છે, એમાં જ્ઞાનની

સાથે-સાથે ભક્તિની આવશ્યકતા છે. નહિતર જ્ઞાન દિશા ચૂકી જાય અને શુષ્કતામાં આવી જાય. **'તેમાં ભક્તિ ભેગી હોય, ભક્તિ ન હોય તો જ્ઞાન લૂખું થઈ જાય છે.'** આ ભૂલ થઈ જાય જ્ઞાનમાં. એટલે જ્ઞાનમાં શું છે? ભૂલ થવાની પરિસ્થિતિ ઘણી છે. જ્ઞાન છેને એ થોડું ગણિત જેવું છે. ગણિતમાં બે એકડા હોય, પણ બે એકડામાં જુદી-જુદી રીતે બધા result આવે. એકમાંથી એક બાદ કરો તો શૂન્ય થાય અને સરવાળો કરો તો બે થાય અને ગુણાકાર કરો તો એકનું એક રહે અને ભાગાકાર કરો તો એકનું એક રહે અને વચ્ચે સાઈન રાખ્યા વગર બે એકડા બાજુમાં મૂકો તો અગિયાર થાય. અને કેટલા છ result થયા. બે એકડા જ છે અને પરિણામ છ છે એના. હવે ક્યાં ભૂલ થાય? ગણિતની અંદર ચારે પડખેથી ચોખ્ખો એને વાંધો ન આવે, નહિતર ક્યાંક ભૂલ થાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્ઞાનક્રિયા ઉપર જરા સ્પષ્ટીકરણ કરો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ક્રિયામાં મુખ્યપણે બાહ્યક્રિયાની વાત છે. વ્રત, નિયમ, સંયમ, પછી શાસ્ત્ર વાંચવાની પણ બાહ્યક્રિયા છે. કેમકે આપણે શાસ્ત્ર શ્રવણ કરવા બેઠા તોપણ એ બાહ્યક્રિયા છે. હવે એમાં એ બાહ્યક્રિયાનું જે વજન વધારે જાય, બાહ્યક્રિયા ઉપર જે વજન વધારે જાય ઈ ભૂલ થાય છે. સમજણપૂર્વક થતું હોય, જ્ઞાનપૂર્વક ક્રિયા થતી હોય તો વાંધો ન આવે. જ્ઞાન વગરની ક્રિયા છે એ આંધળી છે. એ ક્રિયા કોઈ કામમાં ન આવે. અને ક્રિયા છેને એ આચરણનું divison છે. જ્ઞાનમાં જ્ઞાનગુણના પરિણમન સાથે સબંધ છે. ક્રિયામાં ચારિત્ર ગુણના પરિણમન સાથે સબંધ છે અને ભક્તિમાં શ્રદ્ધાગુણના પરિણમન સાથે સબંધ છે. અને કૃપાળુદેવે જે ભક્તિની મુખ્યતા કરી છે એની પાછળ થોડુંક આ કારણ છે કે, જો ભક્તિ આવે તો પહેલું એ મિથ્યાશ્રદ્ધાને hurt કરે છે.

માનો કે એક માણસ અન્યમતિ છે. એક દૃષ્ટાંત લઈ લઈએ, કે સાવ અન્યમતિ છે અને કુદેવાદિને માને છે. અન્યમતને કારણે કોઈ સંપ્રદાયમાં મનુષ્યનો જન્મ થાય, એટલે ત્યાં કુદેવની માન્યતા હોય જૈનકુળ સિવાય. હવે એને કોઈ કારણસર ઓઘે-ઓઘે પણ માનો કે એક જૈન મિત્ર મળી ગયો અને ઓઘે-ઓઘે પણ એની સાથે જતો આવતો થયો અને એમાં એની માન્યતા એમ થઈ કે ભાઈ આપણે ઓલા દેવ-ગુરુ-શાસ્ત્રને મૂકી દ્યો અને આ દેવ-ગુરુ-શાસ્ત્રને આપણે માનો. હજી કાંઈ એવી સમજણ નથી આવી તોપણ એની ગૃહીત મિથ્યાત્વની શ્રદ્ધામાં થોડો ફેર પડી જાય. એને ભક્તિ આવે તો, સમર્પણ આવે તો? હવે એમાં ઈ કાંઈ નહિને માનો કે ફાળો બોલાતો હોય, તો કે ભાઈ આપણે એક આવું પરમાગમ પ્રસિદ્ધ કરવું છે અને એના માટે જેને કાંઈ

પણ ભાવ હોય ઈ બોલી શકે છે. તો ઈ ઓઘે-ઓઘે.. (માનો કે એ) પૈસાવાળો માણસ હોય તો કહે મારા દસ હજાર એક લખોને. પણ એની સીધી શ્રદ્ધાગુણ ઉપર અસર થાય. એ એને જે ભક્તિભાવ આવ્યો, સાવ ભલે ઓઘે આવ્યો છે, પણ એની જે મિથ્યાશ્રદ્ધા છે, એની જે દર્શનમોહની ગ્રંથી છે, એના ઉપર (અસર કરશે અને) એને ઢીલી કરશે ઈ સીધી.

મુમુક્ષુ :- એને એકદમ ભાવ થયો ત્યારે લખાવ્યું ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એને અસર ક્યાં થશે? આપણે જોઈએ તો શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર. ત્રણ લઈએ એટલે તો ઈ શ્રદ્ધા ઉપર અસર કરશે એને સીધી. એટલે આપણે જે 'પ્રયોજન સિદ્ધિ' એનું પ્રકરણ લખ્યું છે. એમાં ત્યાંથી શરૂઆત કરી છે. ગૃહીત મિથ્યાત્વથી શરૂઆત કરી છે. કુદેવની માન્યતામાંથી સુદેવની માન્યતામાં આવે. બહારમાંને બહારમાં હજી. તોપણ એનો દર્શનમોહ જેટલો કુદેવની માન્યતામાં દઢ હોય, એટલો સાચા દેવ-ગુરુની માન્યતામાં આવે ત્યારે એટલો દઢ ન રહે. એ દઢતામાં ફેર પડી જાય. દર્શનમોહ ક્યાં પાતળો પડે છે? એના stages લીધા છે. એમાં first stage આ લીધું છે. પહેલું જ આ લીધું છે. એમ ભક્તિનો છેડો ક્યાં અડે છે? સાધનામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ મુખ્ય ગુણ છે. એનો છેડો ક્યાં અડે છે? એનો છેડો શ્રદ્ધા સાથે અડે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભક્તિ બેય કામ કરે છે, એમ થયું ને? જ્ઞાનને દિશા પણ સૂચવે છે અને મિથ્યાશ્રદ્ધાને મોળી પણ પાડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ તો, repercussion આવવાના જ તે. આમાં શું છે. co-ordination થતું હોવાથી એક ગુણમાં કામ કરો એટલે એના repercussion બીજા બે ગુણ ઉપર આવવાના. એની અસર તો આવવાની જ તે. એટલે ભક્તિની અસર જ્ઞાન ઉપર આવવાની. જ્ઞાનમાં આત્મકલ્યાણના અર્થે તમે જ્ઞાનની પ્રવૃત્તિ, તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ કરવા જાવ એટલે તમારી શ્રદ્ધા છે એનું મિથ્યાત્વ મંદ થવાનું. એનું repercussion શ્રદ્ધા ઉપર આવવાનું. ઈ તો આવવાનું જ તે અરસ-પરસ. શ્રદ્ધાજ્ઞાન તમારા કંઈક ઠીક થયા એટલે તમારો કષાયરસ મંદ પડવાનો. ચારિત્ર ઉપર અસર આવવાની. પણ એનું co-ordination છે ત્રણેય ગુણોનું. ઈ ત્રણ ગુણ સાથે ચાલે છે. ક્યાંક થોડાક આઘા-પાછા થાય છે, પણ આમ સાથે ચાલે છે. scientific છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભક્તિ ન હોય તો ત્રણેયમાં ગોટાળા થાય.

પૂજ્ય ભાઈશ્રી :- ભક્તિ તો જોઈએ જ.

મુમુક્ષુ :- એટલે ભક્તિ છે એ મુખ્ય પાસું થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ તો જોઈએ જ. કેમકે શ્રદ્ધા તો મૂળ છેને? ભક્તિ તો જોઈએ જ. એટલે તો કૃપાળુદેવ ભક્તિ ઉપર (વજન) આપે છેને? કારણ એ છે કે, ભક્તિ તો જોઈએ જ. ગુરુદેવ તો નહોતા સ્થાપતા એનું કારણ છે કે, પોતે વિદ્યમાન હતાને? એટલે પગ નીચે રેલો આવતો હતો અને ભક્તિ તો લોકો કરતા હતા.

મુમુક્ષુ :- બહેનશ્રી કેટલી બધી વાત કરતા હતા!

પૂજ્ય ભાઈશ્રી :- બહેનશ્રીએ જ્ઞાની થઈને પણ પણ કેટલી ભક્તિ કરી. વિચિક્ષણ હોય તો તરત ખબર પડે કે, ગુરુદેવ ભલે (વાત) નહોતા કરતા પણ બહેનશ્રી શાં માટે કરતા હતા? એ પણ જ્ઞાની હતા અને આ પણ જ્ઞાની હતા. પણ એમને પગ નીચે રેલો નહોતો આવતો કેમકે એમણે માથે ગુરુ રાખ્યા હતા. એટલે ત્યાં જાતું હતું બધું અને ગુરુદેવના પગ નીચે આવતું હતું એટલે કહેતા હતા કે બહેનશ્રીનું કરો. પોતાની સમ્યક્ત્વ જયંતિ નહોતા ઉજવવા દેતા. બહેનશ્રીની સમ્યકત્વ જયંતિ વખતે ત્યાં કરવાનું કહેતા હતા કે, ભાઈ એમનું કરોને! બધું એમાં આવી ગયું. અમારું એમાં આવી ગયું. એમ કહેતા હતા. કેમકે પોતે મારી કોઈ ભક્તિ કરે એવું સ્થાપવા નહોતા માંગતા, એવું ઈચ્છતા નહોતા. એવું કૃપાળુદેવ પણ નહોતા ઈચ્છતા. છતાં કૃપાળુદેવે બચાવ્યા છે. કૃપાળુદેવે મુમુક્ષુઓને એ રીતે બચાવી લીધા છે. ઘણાં બચાવ્યા છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એટલે જ તો કીધુંને કે, જ્ઞાની પાસે જ્ઞાન ન માંગવું.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ કૃપાળુદેવે જ વાત કરી છેને? એ વાત પણ કૃપાળુદેવે જ કરી છે. એટલે '**તેમાં ભક્તિ ભેગી હોય, ભક્તિ ન હોય તો જ્ઞાન લૂખું થઈ જાય** છે.'

'**આત્મા પોતે મહિમાવંત છે. તેની મહિમા કરજે,..**' આત્મા પોતે જ મહિમાવંત પદાર્થ છે. અનંતગુણ સમૃદ્ધ છે. એની તું મહિમા કરજે. '**દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરજે, મહિમા વગર તારા વિચારો વિગેરે બધું લૂખું થઈ જશે. જો તને મહિમા નહિ આવે તો માત્ર તું જ્ઞાનની વાતો કર્યા કરીશ પણ અંદર લૂખાશ થઈ જશે.**' અને સ્વચ્છંદમાં જતો રહીશ. મહિમા સાથે હશે તો અંદર તને એમ થશે કે ઓહો! આત્મા આવો ચમત્કારી છે!! મહિમા હશે તો તને આત્માની ભક્તિ ઉગશે અને આત્માને દેખાડનારની પણ ભક્તિ આવશે. નહિતર તું જ્ઞાન કરીશ પણ તને આત્માનો મહિમા નહિ આવે. તને ખબર પડશે કે આત્મામાં અનંત જ્ઞાન છે, અનંત સુખ છે, એવા એવા અનંત ગુણોની અનંતતા ભરેલી છે, પણ તને મહિમા નહિ આવે. તો મહિમા વગરનું જ્ઞાન શું કામનું? અને મહિમા વગર તું ઢળીશ કેવી રીતે? ઝુકીશ કેવી રીતે? સીધી વાત એ છે.

મુમુક્ષુ :- શ્રીગુરુની ભક્તિ એ પોતાના જ ગુણો ખીલવવાની કળા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાના... છેને, એ બહેનશ્રીએ લીધું જ છેને? બહેનશ્રીએ જ વાત લીધી છે કે, ગુરુની ભક્તિ એ પોતાના આત્મગુણો ખીલવવાની કળા છે. અને કૃપાળુદેવે ઈ જ વાત કરી છે કે, તું પુદ્ગલ પ્રત્યે ઝુકેલો છો. તારા કુટુંબ, પરિવાર પ્રત્યે ઝુકેલો છો, સંયોગો પ્રત્યે ઝુકેલો છો, હવે તું આ બાજુ ઝુક પહેલા એકવાર, એ પણ સંયોગ છે. જેમ આ સંયોગ છે એમ દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ પણ સંયોગ છે. એટલે એને diversion કર્યું. જે રસ્તે ચાલ્યો હતો, એમાં diversion આપી દીધું પહેલા. બહારને બહાર diversion આપ્યું. હવે એ જે દેવ-ગુરુ-શાસ્ત્ર, સત્પુરુષનું diversion મળ્યું એ એને અંદરમાં divert કરી દેશે. ઈ નવું diversion આપશે પાછા એને. એટલે આ તો રીતસર systematic વાત છે, પદ્ધતિસરની વાત છે. આમને-આમ સીધો જે સંયોગ તરફનો, કુટુંબ તરફ ઝુકેલો છે ઈ સીધો આત્મા તરફ ઝુકી શકે એવો કોઈ scope છે જ નહિ. કરવા જાય તો એ fail જ જવાનો છે, કે સીધે-સીધો કોઈ કામ કરવા જાય તો એ રીતે પહોંચે એવું છે જ નહિ. એટલે એને diversion આપવું જ પડે. ને એ diversion જ્ઞાનીઓએ આપ્યું છે અને એમાં બધા જ્ઞાનીઓનો એક જ મત છે.

મુમુક્ષુ :- તમે પણ ડાયરીમાં એમ જ લખ્યું છે, ડાયરીમાં એક જ બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો બધા પોતાનું બધાયનો (જ્ઞાનીનો એક જ મત હોય), જે કહેતા હોય એમ જ કહેવાનું હોયને! બીજું કહેવાનો ક્યાં પ્રશ્ન છે?

મુમુક્ષુ :- ગૌતમસ્વામી મહાવીરસ્વામીને કહે છે કે મને કેવળજ્ઞાન કેમ નથી થતું? તો કહે છે કે, તમે મારી ભક્તિ કરો છો, કેવળજ્ઞાન ક્યાંથી થાય? તો કહે, ભક્તિ કરવા જોઈએ છે, મોક્ષ નથી જોઈતો.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એમ જ છે. ભક્તિ તો એવી જ આવે. ભક્તિ તો એવી જ આવે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સર્વાર્પણ વખતે ગણતરી હોય ખરી?

પૂજ્ય ભાઈશ્રી :- ગણતરી હોય એને અર્પણતા નથી. ગણતરી હોય એને ખરેખરી અર્પણતા નથી એમ છે.

મુમુક્ષુ :- જે ચીજ જ્ઞાનીપુરુષ મુમુક્ષુને આપે છે, એની સામે કયા સંયોગની કિંમત કરવી? ગણતરી શું કરવી?

પૂજ્ય ભાઈશ્રી :- મા હોયને ઈ છોકરો કેટલી રોટલી ખાય છે ઈ કોઈ 'દી ગણે છે? રોજ છ રોટલી ખાતો હોય, (પણ) ભૂખ લાગી હોય તે દિવસે બે રોટલી વધારે

ખાય લ્યે ઈ ગણે? અને ઈ કેમ? કે એની મા છે. મહેમાન હોય તો ગણે કે ભાઈ આઠ રોટલી ખાય છે, આ તો બાર રોટલી ખાવાવાળો છે, આ તો પંદર રોટલી ખાવાવાળો છે. પણ કોઈ છોકરો સારી પાચનશક્તિવાળો હોય અને પંદર રોટલી ખાતો હોય તો મા ગણે ખરી? કે મારો છોકરો પંદર રોટલી ખાય છે.

મુમુક્ષુ :- ગણે તોપણ ના પાડે.

પૂજ્ય ભાઈશ્રી :- છોકરો ગણતો હોય તો વઢે, ગણાય નહિ. એવું કાંઈ ગણવાનું નથી.

મુમુક્ષુ :- ભૂખ લાગી હોય એટલું ખાય લેને.

પૂજ્ય ભાઈશ્રી :- ભૂખ લાગી હોય એટલું ખા. જેટલું ખાવું હોય એટલું ખા, એમ કહે. એનો અર્થ શું છે? કે અર્પણતા છે ત્યાં આત્મીયતા છે. આત્મીયતા છે ત્યાં ગણતરી નથી. જ્યાં ભેદ છે ત્યાં ગણતરી છે. અભેદ બુદ્ધિમાં ગણતરી નથી. એટલે ઈ બધું માપી લેવાની વાત છે. '**મહિમા સાથે હશે તો અંદર તને એમ થશે કે અહો! આત્મા આવો ચમત્કારી છે. અહો! આ આત્માની સાધના દેવ-ગુરુ કરી રહ્યા છે.**' ઈ તને કાંઈ નહિ કહે તો(પણ) એની સાધના તું જોઈશને ત્યાં તને સાધના પ્રગટવાની પરિસ્થિતિ ઊભી થાશે, પણ મહિમા આવશે અને ભક્તિ આવશે તો. '**એવું અંદરથી તને આશ્ચર્ય લાગવું જોઈએ,..**' એમની સાધના, એમના ગુણનું પ્રાગટ્ય, એ બધું જોઈને તને મહિમા આવવો જોઈએ.

'**તો તારા તત્ત્વના વિચારો પણ યથાર્થ રીતે ચાલશે.**' જુઓ, યથાર્થ શબ્દ લગાડ્યો. ત્યાં તત્ત્વના વિચારો ચાલશે એમ ન કીધું. યથાર્થ રીતે (કહ્યું) એમાં પણ દિશાની વાત છે. યથાર્થતામાં દિશાની વાત છે. ભક્તિ હશે તો તારા તત્ત્વના વિચારો પણ યથાર્થ રીતે ચાલશે. ભક્તિ સાથે નહિ હોય તો તારા તત્ત્વ વિચારો તને લૂખાશ બાજુ ખેંચી જશે. કેમકે તત્ત્વનું સ્વરૂપ એવું છે. તત્ત્વના સ્વરૂપમાં દ્રવ્યાનુયોગમાં ભિન્નતાની પ્રધાનતા છે અને એ ભિન્નતામાં ગંભીરતા ઘણી છે. દ્રવ્યાનુયોગ પરમ ગંભીર છે. એમ ભિન્નતામાં આવ્યો તો બધી ઉપાધિ ગઈ. સર્વથી સર્વ પ્રકારે ભિન્ન જ્ઞાનમય છું એમ જ્યાં આવ્યું ત્યાં ઉપાધિ સીધી અલોપ!! ગાયબ થાય! મંત્રની જેમ. કોઈ મંત્ર મારે તો એને પીડા મટી જાય. મંત્ર મારે અને પીડા મટી જાય. ગુરુદેવને એક વખતે કમરનો દુખાવો બહુ થઈ ગયો હતો. તો એવું હતું ને, આપણે ઓલાને - દાઢીવાળાને નહોતા લઈ ગયા, અહીંથી ભાવનગરથી નસવાળાને. પીડા તો ઘણી હતી. પછી રગ-તગનો જાણકાર માણસ હતો. એણે બધું તપાસ્યું પછી પગની બીજી આંગળી પકડીને ખેંચે, પણ ખેંચે એટલે એવી ખેંચે કે સામાન્ય માણસ હોય તો રાડ જ પાડી જાય. એટલે એ વાતે ચડાવે,

વાતે ચડાવી, ચડાવી, ચડાવીને એક વખત એક સેકન્ડમાં ખેંચી લ્યે. એટલે ગુરુદેવને પણ આંગળી એણે ખેંચી અને ખેંચીને તરત બોલે પાછો, ઈ જ સેકન્ડે. જેવી આંગળી ખેંચે કે તરત બોલે, દર્દ ગાયબ. શું બોલે?

મુમુક્ષુ :- દર્દ ગાયબ.

પૂજ્ય ભાઈશ્રી :- જુઓ! તમારું દર્દ ગાયબ. ને ઈ મિનિટે જે દર્દ થતું હોય ઈ માણસ જોવે ત્યાં એને એમ લાગે કે હા હો! મારું દર્દ ગયું. psychologically... એકવાર તો એને ખેંચી જાય psychologyમાં. પછી થયું હોય કે ન થયું હોય એ બીજી વાત છે. પણ ઈ જ મિનિટે બોલે કે ગાયબ. એવી સ્ટાઈલથી બોલે, એક વખત તો માણસ તપાસે ત્યારે એને ખબર પડે કે સાળું છે કે નહિ, જોઈ તો લવ. એટલે તપાસવું પડ્યું એનો અર્થ શું થયો? કે ગાયબ. નહિતર તપાસવું શેનું પડે? આ બધું મંત્ર જેવું છે. ભિન્નતાનું એવું છે, દ્રવ્યાનુયોગનું. કે તમે સર્વથી સર્વથા પ્રકારે ભિન્ન જ્ઞાનમય છો, એમ જ્યાં લ્યો ત્યાં ઉપાધિ ગાયબ! ગઈ! ગમે એવી ઉપાધિ ન હોય, મારે શું? હું તો ભિન્ન છું, જ્ઞાનમય છું. એવો મંત્ર છે. પણ જો યથાર્થતા ન હોય તો શુષ્કતામાં ખેંચી જાય. તો દેવ-ગુરુ-શાસ્ત્રને ઉડાડે પાછો - એવું થાય. એટલે શું કહે છે? '**અંદરથી તને આશ્ચર્ય લાગવું જોઈએ, તો તારા તત્ત્વના વિચારો પણ યથાર્થ રીતે ચાલશે. ભક્તિમાર્ગમાં આમ કહેવું છે.**' ભક્તિમાર્ગ કહેનાર જ્ઞાનીને આમ કહેવું છે કે, તારા જ્ઞાનને ઠેકાણે રાખવું હોય તો ભક્તિ સાથે-સાથે જોશે. ભક્તિ વગરનું તારું જ્ઞાન નકામું થઈ જશે. અથવા તને વિપરીતતામાં લઈ જશે. એક પેરેગ્રાફ બાકી રહે છે કાલે લઈશું.

મુમુક્ષુ :- આમ તો જ્ઞાન દિશા સુઝાડે છે. ભક્તિ વિનાનું જ્ઞાન પાછું શુષ્ક થઈ જાય છે, એટલે ભક્તિ સર્વોપરી થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- એમ થઈ ગયું ને! એટલે તો કહ્યુંને કૃપાળુદેવે કે, ભક્તિ સર્વોપરી માર્ગ છે. પ્રત્યક્ષ જ્ઞાનીના સાન્નિધ્યમાં યથાર્થ ભક્તિ ઊગે તો ક્ષણમાત્રમાં મોક્ષ આપે એવો પદાર્થ છે. એટલે તો સર્વોપરીતા લીધી જ છે.

## તા. ૨૫-૦૩-૧૯૯૭, પ્રશ્ન-૧૪૬,૧૪૭
## પ્રવચન નં. ૯૮

મહિમા આવવો જોઈએ એ રીતે. આશ્ચર્ય ઉત્પન્ન થાય એટલો મહિમા આવવો જોઈએ એમની સાધના જોઈને. અને એવી ભક્તિ જો તને હશે સમજણપૂર્વકની તો તારા તત્ત્વના વિચારો પણ યથાર્થ રીતે ચાલશે.

મુમુક્ષુ :- આશ્ચર્યકારી મહિમા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે જેમ કોઈ અસાધારણ વસ્તુ જોઈએ ને કેમ આશ્ચર્ય થાય. ઓહો! આવો મોટો તાજમહેલ.

મુમુક્ષુ :- પહેલી વાર જોયું હોય.

પૂજ્ય ભાઈશ્રી :- ....ગૌણ કરે છે. આખા જગતને ગૌણ કરે છે. જગતની કોઈ ચીજ, કોઈ વસ્તુનો મહિમા એમને નથી અને અંતર્મુખ થઈ શકે છે. અને કોઈની પ્રત્યે ઉપયોગ જાય નહિ એવી દશામાં, અસંગ દશામાં આવી શકે છે. એ મહા આશ્ચર્યકારી દશા, અલૌકિક દશા છે. તો એનું તને જ્ઞાન-સમજણ થાય, તો એ સમજણ ભક્તિરૂપે પરિણમે. સમજણ પોતે જ બહુમાનરૂપે પરિણમે અને એ બહુમાન અને ભક્તિ આવી એ તારા તત્ત્વ વિચારનું નિયામક બળ છે. શું છે? controlling centre. શું લખ્યું?

એવું તને થવું જોઈએ, તો તારા તત્ત્વના વિચારો પણ યથાર્થ રીતે ચાલશે. નહિતર તો તત્ત્વવિચાર તો ઘણાંય કરે છે પણ એમાં કાંઈ ઠેકાણું હોય નહિ. કેમકે, એને જે દેવ-ગુરુ સત્પુરુષ પ્રત્યે મહિમા આવવો જોઈએ, એ મહિમા નથી એની પાસે. ભક્તિ નથી. ભક્તિમાં વિનમ્રતા સહજ છે અને અહમ્પણામાં ભક્તિનો અભાવ સહજ છે. શું કીધું? બહુ સરસ આમાંથી સિદ્ધાંત મૂકી દીધો એમણે. **'આ આત્માની સાધના દેવ-ગુરુ કરી રહ્યા છે.'** અને એ સાધના એવી કરી રહ્યા છે, **'એવું અંદરથી તને આશ્ચર્ય લાગવું જોઈએ,..'** એટલો મહિમા આવવો જોઈએ. આશ્ચર્ય લાગે મહિમામાં. આશ્ચર્યપૂર્વક, આશ્ચર્ય સહિતનો મહિમા આવવો જોઈએ. તો, જો આમ હશે તો, એમ કહે છે. તો શબ્દ શું છે? કે જો અધ્યાહાર રાખ્યો છે ત્યાં. **'તો તારા તત્ત્વના વિચારો પણ યથાર્થ રીતે ચાલશે.'** તો ચાલશે યથાર્થ. નહિતર તત્ત્વવિચાર કરીશ પણ એમાં ઠેકાણું નહિ હોય.

**'ભક્તિમાર્ગમાં આમ કહેવું છે.'** જે ભક્તિમાર્ગ છે, એમાં આવી જરા ઊંડી વાત

છે. એને જ્ઞાન સાથે સબંધ છે, એને તત્ત્વની વિચારણા સાથે સબંધ છે.

મુમુક્ષુ :- પોતાનું પરલક્ષીપણું છોડવા જાય ત્યારે કેટલી તકલીફ પડે ઈ જોવે ત્યારે ખબર પડે કે બધેથી અસંગ થઈને રહેવું એ કેટલું વિકટ છે, કેટલું અઘરું છે.

પૂજ્ય ભાઈશ્રી :- અઘરું છે. એટલે એમનો (અર્થાત્) દેવ-ગુરુનો પુરુષાર્થ જોવે તો આશ્ચર્ય લાગ્યા વિના રહે નહિ. એવી મહા આશ્ચર્યકારી દશા છે. આવી દશાને નમસ્કાર સિવાય બીજું શું કરીએ એમ કહે છે. એમના પ્રત્યે મસ્તક નમી પડે છે, હૃદય નમી પડે છે, સહજ વિનમ્રતા ઉત્પન્ન થાય છે. અહંભાવ ઓગળી જાય છે. જે અહંભાવને ઓગાળવો બહુ મુશ્કેલ છે, ઘણો દુષ્કર છે, એવો અહંભાવ સહજમાત્રમાં ઓગળી જાય છે. અને એનું મોટું repercussion એની સુવિચારણા ઉપર આવશે. તત્ત્વવિચારણા ચાલવી અને તત્ત્વવિચારણા યથાર્થ ચાલવી આ બેયમાં ઘણો ફરક છે. શાસ્ત્ર તો ઘણાં લોકો વાંચે છે અને એ બધાને એમ લાગે કે આપણે તત્ત્વવિચાર કરીએ છીએ. પણ યથાર્થ તત્ત્વવિચાર કોણ કરે? કે જેને દેવ-ગુરુનો યથાર્થ મહિમા હોય તે જ. જેને દેવ-ગુરુની યથાર્થ સ્વચ્છંદનિરોધ ભક્તિ હોય તે કરી શકે, બીજો ન કરી શકે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભક્તિમાં તરબોળપણું હોય એને જ્ઞાનમાં નિર્મળતા હોય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એનું જ્ઞાન એવું નિર્મળ થાય, એવું નિર્મળ થાય કે અચ્છા, અચ્છા બુદ્ધિમાન, પંડિતો, વિદ્વાનો જે વિચાર ન કરી શકે ઈ મુદ્દાનો વિચાર એને આવે. પેલા લાંબાચોડા થઈ અને ખોવાય જાય. અને આને મુદ્દાની એવી વાત સૂઝે કે એનું આત્મકલ્યાણ થાય.

મુમુક્ષુ :- 'પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે...'

પૂજ્ય ભાઈશ્રી :- 'પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે, સબ આગમ ભેદ સુઉર બસે' આ વાક્ય નાખ્યું એમણે કે પોતાના શ્રીગુરુ પ્રત્યે, પ્રભુ એટલે ત્યાં શ્રીગુરુ છે, પોતાના શ્રીગુરુ પ્રત્યે એટલો એને ઉલ્લાસ ને આશ્ચર્ય ને મહિમા ને ભક્તિ આવે છે કે જેને કારણે આગમ વાંચ્યા વિના, આગમ વાંચ્યા વિના આગમના રહસ્યો એના હૃદયમાં વસી જાય છે, નિવાસ કરી જાય છે. આવું ભક્તિનું ફળ છે. ઠીક!

મુમુક્ષુ :- કોલેજોની અંદર આજે પણ ઘણાં લેખકો અને કવિ થઈ ગયા તોપણ નરસિંહ મેહતા ને મીરાંબાઈ ને અખાને - એ લોકોને જ પહેલા મૂકવા પડે છે કાવ્યોમાં.

પૂજ્ય ભાઈશ્રી :- મૂકવા જ પડે ને! એનું કારણ છે.

મુમુક્ષુ :- ઈ પછી તો પુષ્કળ થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ ઈ બધા ગમે એટલું ભણ્યા હોય, આને જે સૂઝ્યું છે ઈ એને (બીજાને) સૂઝવું મુશ્કેલ છે. કેમકે આ તો માર્ગાનુસારી જીવો હતા. એને

જે સૂઝે ઈ બીજાને ન સૂઝે. ભણતરનો વિષય નથી. એ અંતરની સૂઝનો વિષય છે. અંદરથી સૂઝ આવે છે. એવો વિષય છે.

મુમુક્ષુ :- અને એના કાવ્યમાં તો ભીનાશ પણ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર, ભારોભાર.

મુમુક્ષુ :- આટલા સુધી ભક્તિનો મહિમા તે ક્રમમાં આવ્યા પછી જ ખબર પડે.

પૂજ્ય ભાઈશ્રી :- પછી જ ખબર પડે.

મુમુક્ષુ :- ક્રમ તો પહેલા જ છે ભાઈ.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે? ખાસ કરીને પોતે ધ્યેય બાંધે કે હવે મારું શેષ જીવન છે આ ભવનું એ મારે આત્મકલ્યાણમાં જ ગાળવું છે. હવે મારે સંસાર ઉપાસવો નથી અને સંસારમાં કોઈ મારા છે નહિ. હું એક આત્મા છું. જગતમાં પણ બધા આત્માઓ છે, એવા કેટલાંક આત્માઓ પાંચ-સાત સંયોગમાં છે. આથી વધારે કાંઈ મારે છે નહિ. એટલે જે કુટુંબ પ્રતિબંધ છે એનાથી જીવ મુક્ત થાય અને એક આત્મકલ્યાણ પાછળ પોતાનો સમય અને શક્તિ ખર્ચવાનો દૃઢ નિર્ધાર કરે ત્યારે એને સત્પુરુષને ઓળખવાની, દેવ-ગુરુને ઓળખવાની નિર્મળતા આવે. અને ઈ ઓળખાણપૂર્વક જે ભક્તિ આવે એ control કરે, એના તત્ત્વવિચારને control કરી લ્યે. યથાર્થ તત્ત્વવિચાર ચાલે. કેવું લખ્યું છે? '**તો તારા તત્ત્વના વિચારો પણ યથાર્થ રીતે ચાલશે. ભક્તિમાર્ગમાં આમ કહેવું છે.**' અથવા એ પ્રકારે ભક્તિમાર્ગનું રહસ્ય છે. અથવા એ પ્રકારે તારા આત્મકલ્યાણનો પરમાર્થ ભક્તિમાર્ગમાં રહેલો છે. આવું ભક્તિમાર્ગનું રહસ્ય છે. ને આવો પરમાર્થ છે એની અંદર. એક વાક્યમાં કેટલું ભર્યું છે! '**તો તારા તત્ત્વના વિચારો પણ યથાર્થ રીતે ચાલશે.**' જો એમ નહિ હોય તો તારા તત્ત્વવિચારો યથાર્થ રીતે ચાલવાના નથી. અને તને એ વિચારનું અહમ્ ચડી જશે કાં શાસ્ત્રો વાંચીશ એનું અહમ્ ચડી જશે અને આગળ જતાં પાર વગરની ગરબડ થઈ જશે.

મુમુક્ષુ :- યથાર્થતા હોય તો અહમ્ ઓગળી જાય.

પૂજ્ય ભાઈશ્રી : ઈ તો 'જાતાં સદ્ગુરુ ચરણમાં અલ્પ પ્રયાસે જાય' 'માનાદિક શત્રુ મહા...' કેવો શત્રુ જોયો? મહા શત્રુ. નાનો શત્રુ નથી કીધો. 'માનાદિક શત્રુ મહા નિજ છંદે ન મરાય.' તું તારી મેળે પ્રયત્ન કરવા જઈશ એકલો એકલો, નહિ મારી શકે, ઉલટો વધશે, પ્રાયઃ બમણો થાય. 'જાતા સદ્ગુરુ ચરણમાં અલ્પ પ્રયાસે જાય.' આમ ચપટી વગાડે એમ જાય. અને ઈ અનુભવ પોતાને થયો છે માટે એ ગાથા લખી છે. એમણે પણ સ્વચ્છંદે પૂર્વ ભવોની અંદર તનતોડ પરિશ્રમ કરેલો છે. માથા ફોડવામાં બાકી નથી રાખી એમણે. પણ કોઈ સદ્ગુરુના ચરણમાં ચાલ્યા ગયા પછી અલ્પ પ્રયાસે

ચપટી વગાડે એમ કામ થયું છે. ત્યારે એમને એ રહસ્ય અનુભવગોચર થયું છે એ એમણે આ બધી વાતોમાં નાખ્યું છે, મૂક્યું છે. અને સર્વ જ્ઞાનીઓનો આ અનુભવ છે. ત્રણેય કાળના જ્ઞાનીઓનો સનાતન માર્ગ આ છે.

મુમુક્ષુ :- કોબામાં આપ બોલ્યા હતા, મુમુક્ષુ તો મહાપુરુષને જોઈને ઓગળી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવી વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આવા ભક્તિભાવમાં ક્રમનો પ્રશ્ન અપેક્ષિત છે?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે શું છે? ભાવના છે ને, એમાં આગળ જતાં ક્રમ જોડાય છે. મૂળમાં આત્મકલ્યાણની ભાવના હોવી જોઈએ, મૂળમાં આત્મકલ્યાણની ભાવના હોવી જોઈએ. આ ભાવનાનો સળંગ દોર બધા stageમાં રહે છે એટલે ક્રમ વચ્ચે આવી જાય છે. ખબર ન હોય તોપણ આવી જાય છે. એવું નથી કે એને ક્રમ સમજાવ્યો હોય તો જ આવે. અને સમજાવ્યો માટે આવી જાય એવું કાંઇ નથી. અંતરની ઊંડી આત્મામાંથી ઉત્પન્ન થયેલી ભાવના, ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલી ભાવના. એ ભાવના અનુદય પરિણામ છે. એ ભાવના યથાર્થ મુમુક્ષુતા છે અને એ ભાવના મોક્ષમાર્ગનું કારણ છે. એ ભાવના જ વૃદ્ધિગત થઈને મોક્ષમાર્ગમાં પરિવર્તિત થઈ જશે. કાલ ત્યાં અમદાવાદના સ્વાધ્યાયમાં એ વિષય બહુ સારો ચાલ્યો હતો ભાવનાનો. ભાવનાનો બોલ select કરીને મૂક્યો હતો આમાંથી-'સ્વાનુભૂતિદર્શન'માંથી. ઘણો સારો ચાલ્યો હતો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભાવનામાં કૃત્રિમતા ન આવે ને આમ ભાવના ન હોય અને ક્રમમાં જાય તો કૃત્રિમતા આવી જાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનામાં કૃત્રિમતા આવે નહિ અને ભાવના વગર ક્રમ શરૂ પણ નહિ થાય.

મુમુક્ષુ :- યથાર્થ શરૂ જ ન થાય?

પૂજ્ય ભાઈશ્રી :- ક્રમ જ શરૂ નહિ થાય.

મુમુક્ષુ :- ભાવના જ જોઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના જોઈએ.

મુમુક્ષુ :- પહેલું stage ઈ છે ભાવનાનું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પહેલું step ભાવના છે. કેમકે તારે શું જોઈએ છે ઈ તો નક્કી કર. તારે હજી સંસાર જોઈએ છે, સંસારના પદાર્થો જોઈએ છીએ, કોઈ સંસારનું સ્થાન જોઈએ છે, કોઈ status જોઈએ છે. કોઈ સંસારની આબરૂ, કીર્તિ જોઈએ છે, તારે શું જોઈએ છે એ નક્કી કર. હું આવો ગણાવ તો સારું. હું કુટુંબવાળો, મોટરવાળો, બંગલાવાળો, આબરૂવાળો, પરિવારવાળો, ફલાણાવાળો, ફલાણાવાળો... કેવા

વાળો? કેટલા વાળા તારે કાઢવા છે ઈ કહે. વાળા નીકળે છેને? ઈ ગુરુદેવ કહેતા હતા કે એક વાળો નીકળેને ત્યાં એની પીડામાં રાડ નાખે. દર્દ હોતા હૈ. પૈરમેંસે...

મુમુક્ષુ :- રાજસ્થાનમેં નાડુ બોલતે હૈં.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, નિકલતા હૈ. બહુત વેદના હોતી હૈ.

મુમુક્ષુ :- બહુત વેદના હોતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- તો કહે એક નાડુ નીકળે તો ઈતની વેદના હો તો તારે કિતની નાડુ નિકાલના હૈ? અમારે એને વાળો કહે છે અને પછી ગુજરાતીમાં એમ કહે કે, આ બહુ આબરૂવાળો છે. આ બહુ પૈસાવાળો છે, આ બહુ કુટુંબવાળો છે, આ બહુ લાગવગવાળો છે, આ સત્તાવાળો છે, આ રૂપવાળો છે, આ કુળવાળો છે. જેટલા અભિમાનના પ્રકાર છે એમાં બધાયમાં વાળો, વાળો લાગુ પડે. તો કે તારે કેટલા વાળા કાઢવા છે? ગુરુદેવ કહેતા. જેટલા વાળા કાઢીશ એટલી પીડા વધશે તને. અને એ બધું જ્યાં ગુરુ ચરણમાં ગયો કે વાળાપણું મૂક્યું. વાળાપણું મૂક્યું એણે. એના વાળા બધા બંધ થઈ ગયા. બધા વાળાનું દર્દ મટી જાય. ઈ એમણે (કૃપાળુદેવે) આત્મસિદ્ધિમાં ગાથા નાખી.

**'જ્ઞાન એકલું લૂખું ન હોવું જોઈએ, સાથે ભક્તિ-વિરક્તિ, તત્ત્વવિચાર બધું હોવું જોઈએ.'** તત્ત્વવિચાર તો જ્ઞાન જ છે. પણ ભક્તિ ને વિરક્તિ એ સાથે રહે છે. કેમકે ભક્તિ છે એ એક બાજુનો ઝુકાવ છે. એક બાજુનો ઝુકાવ વધે એટલે બીજી બાજુ ઉદાસીનતા આવી જાય. અથવા બીજી બાજુ ઝૂકી ન શકે, જેમકે આંગળી આમ ઝુકાવો તો આમ ન ઝૂકે ઊંધી દિશામાં. આસક્તિ છે એ ભક્તિથી વિરુદ્ધ છે ને ભક્તિ છે એ આસક્તિથી વિરુદ્ધ છે. એટલે આસક્તિના પરિણામ ભક્તિવાનને સહેજે છૂટે અને વિરક્તિ આવવા મંડે. કેમકે એ દેવગુરુ પ્રત્યે ઝૂક્યો. એટલે આસક્તિ પ્રત્યે ઝૂકતો બંધ થયો. બે બાજુ ક્યાંથી ઝૂકે? આમેય ઝૂકે અને આમેય ઝૂકે, એમ ક્યાંથી બને? એક બાજુ ઝૂકે એટલે બીજી બાજુ ઝૂકવાનું બંધ થાય. કુદરતી પરિસ્થિતિ - વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે.

એટલે ભક્તિ, વિરક્તિ અને જ્ઞાન બધું હોવું જોઈએ. **'તે બધું હોય તો મુમુક્ષુ મર્યાદા બહાર જતો નથી.'** ને આ ભક્તિ, વિરક્તિ સાથે તત્ત્વવિચાર હોય તો મર્યાદા બહાર ન જાય. નહિતર એ દ્રવ્યાનુયોગના નિશ્ચયના વચનો સાંભળીને મર્યાદા બહાર ચાલ્યો જાશે અથવા ક્ષયોપશમ વધશે તોપણ મર્યાદા બહાર ચાલ્યો જાશે. અહંભાવ આવશે એટલે મર્યાદા બહાર ચાલ્યો જાશે. એક મુમુક્ષુ હતા, વિદ્વાન હતા. દાખલ થયા ત્યારે ક્ષયોપશમ સાધારણ. પછી ક્ષયોપશમ સારો ખીલ્યો, વાંચન કરતા થયા જાહેરમાં,

વિદ્વાન હતા. મને કહે શશીભાઈ લોકો હવે મારા એટલા બધા વખાણ કરે છે, એને વખાણ પ્રિય (હતા). ઈ વાત પાછા આપણને કરે. આપણે એનો શું અર્થ કરશું ઈ એને ખબર ન હોય પાછી. લોકો એટલા બધા મારા વખાણ કરે છે, એટલી મારી પ્રશંસા કરે છે, આ તો તમને કહું છું, પાછા કહેતા હોય બધાને, આ તો તમને કહું છું ગુરુદેવ કરતા હું સૂક્ષ્મ કાઢું છું, એવું લોકો કહે છે હવે તો! શું કીધું?

મુમુક્ષુ :- ગુરુદેવ કરતા સૂક્ષ્મ કાઢું છું

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુદેવ કરતા પણ મારું જ્ઞાન સૂક્ષ્મ કામ કરવા મંડ્યું છે અને હું પ્રવચન આપું છું એમાં ગુરુદેવ કરતાં સૂક્ષ્મ વાતો કહી શકું છું!! એવું હવે લોકો કહે છે મારા માટે!! જુઓ આ મર્યાદા બહાર ગયો જીવ. કહેવાય નહિ.. કહેવાય નહિ. વિદ્વાન હોય એને કહેવાય નહિ. એને અપમાન જેવું લાગે, મારું અપમાન કરે છે. આ તો મનમાં સમજવાનું.

મુમુક્ષુ :- આપશ્રીએ કાંઈ કીધું નહીં?

પૂજ્ય ભાઈશ્રી :- ના, અહીં કીધુંને કે, '**તે બધું હોય તો મુમુક્ષુ મર્યાદા બહાર જતો નથી.**' એને એટલી બધી ગુરુ પ્રત્યે ભક્તિ હોય કે ગુરુ કરતા હું આગળ છું એવો એને સ્વપ્નમાં પણ વિકલ્પ ન આવે. આ તો બહુ ઘુંટાઈ ગયું હોય અને બહુ તીવ્રતા આવી ગઈ હોય પછી બહાર આવે વાણીમાં કે ઠેકાણે, ઠેકાણે કહે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વિદ્વાનને સાચી વાત ઉપર ધ્યાન ન દોરાય?

પૂજ્ય ભાઈશ્રી :- દોરાય પણ હવે ઈ ગુરુ કરતાંય આગળ વયો ગયો એ આપણું શેનું સાંભળે. જે ગુરુ પાસેથી એને વાત સાંભળવા મળી હોય એના કરતા પણ હવે હું આગળ છું એમ જ્યારે એને થઈ ગયું હોય ત્યારે બીજાની વાત સાંભળવાની યોગ્યતા હોય? કે હોય જ નહિ. અને કહો તો ઊંધું પડે એને. એટલે એનો ઈલાજ નહિ પછી, એનો ઈલાજ નહિ પછી. કોઈ બાપ એના છોકરાને એમ કહે, કે હું તને કહું છું કે, હું તારો બાપ છું, તારે માનવું પડશે. ત્યારે છોકરો એમ કહે કે, હું તારો બાપ છું પછી? પછી બાપાએ મૌન થઈ જવું પડે. જ્યારે છોકરો ઊઠીને એમ બોલે કે, હું તારો બાપ છું. પછી મર્યાદા ગઈ. ઈ પછી મર્યાદા વઈ ગઈ. પછી જો બાપ સમજદાર હોય, (તો કહી દ્યે કે,) તું મારો બાપ છો ને? ઠીક છે ભાઈ, હવે આપણે સાથે નહીં રહી શકીએ. તું તારું સંભાળ અને હું મારું સંભાળું છું. હવે મારે તને કાંઈ કહેવાનું રહેતું નથી.

સ્વચ્છંદમાં આ પરિસ્થિતિ થાય છે. ઈ ગુરુનો ગુરુ થઈ જાય. ગુરુ કરતા આગળ વયો જાય છે. ફાટ્યો સ્વચ્છંદ, એ સ્વચ્છંદ ફાટે પછી એની કોઈ દવા જ નથી, એની

જગતમાં કોઈ દવા નથી. '**તે બધું હોય તો મુમુક્ષુ મર્યાદા બહાર જતો નથી. અમુક જાતના પરિણામો આવે તોપણ મર્યાદાથી બહાર ન જાય.**' કોઈ વિચારો આવે (તો) ભક્તિ એને રોકી લ્યે. મર્યાદા બહાર ન જાય. આવી જાય, કોઈ પૂર્વ સંસ્કારથી કોઈ ભાવ આવી જાય, (પણ) મર્યાદા બહાર ન જાય, સ્વચ્છંદમાં ન આવે. '**લૂખું હોય તો મર્યાદા બહાર પરિણામ જાય છે.**' લૂખો હોય પહેલેથી પછી ક્યાં જાશે એનું કહેવું મુશ્કેલ છે. '**આ ચૈતન્ય આવો મહિમાવંત છે,**' પોતાનો આત્મા. આ પોતાનો આત્મા અનંત દિવ્ય ગુણોથી સમૃદ્ધ છે અને અનંત-અનંત દિવ્ય ગુણોનો ભંડાર છે, કેવો ભંડાર છે? અક્ષય ભંડાર છે. એવો જે મહિમાવંત પોતે છે. '**વિભાવમાં રોકાવા જેવું નથી તેમ ભાવના આવે છે.**' જુઓ ભાવનાની વાત કરી. સ્વરૂપની ભાવના આવે ત્યારે વિભાવમાં રોકાવા જેવું નથી તેમ ભાવના આવે છે. '**દેવ-ગુરુ કેવું કરી રહ્યા છે,**' સાધનામાં. દેવ-ગુરુ કેવું કરી રહ્યા છે? '**એમ મહિમા કરીને પણ પરિણતિને આત્મા તરફ વધારે વાળે છે--નહિ તો લૂખું થઈ જાય અને મર્યાદા બહાર ચાલ્યો જાય.**' કેવી સરસ ચર્ચા કરી છે. કો'ક ચર્ચા બહુ સારી ચાલતી હતી. ઉછળી જવાય એવી ચર્ચા ચાલતી હતી.

મુમુક્ષુ :- નિરંતર જાગૃતિ જે કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવે જ તે. આવી જ જાય. આમ પોતાનું જે સ્વસંવેદન છે ઈ તો જ્ઞાન સામાન્યમાં છે, જગતને ખોવાય ગયું છે, એને નિરંતર એનો કરંટ ચાલે છે. ને કેવો પુરુષાર્થ? કેવી સાધના અને કેવું સાધ્યું એણે? એનો નિરંતર કરંટ ચાલે અને ઈ કરંટ છે એ એને વિભાવમાં જતો મર્યાદામાં રાખી લ્યે. ઈ કરંટ શું કરે છે? controlling valve છે ઈ તો. controlling valve શું કરે? કે મશીનરી ચાલતી હોય એમાં જરાક ગડબડ થાય એટલે ઈ valve છે એ મશીનને રોકી દ્યે. મશીન બંધ પાડી દે. આ heaterમાં નથી આવતું?

મુમુક્ષુ :- safety valve આવે.

પૂજ્ય ભાઈશ્રી :- safety valve. ઈ safety valve છે. જ્ઞાનીને જે અંતરમાં ચાલતી જ્ઞાનધારા, સ્વસંવેદનની ધારા એ તો જ્ઞાન સામાન્યમાં ચાલે છે. એને એવી રીતે આવિર્ભૂત કરી છે કે એ safety valveનું કામ કરે છે. અને એને વિભાવ થાય, જ્ઞાનીને પણ એના ઉદયને અનુસાર જે પરિણામ થાય એમાં વિભાવ થાય પણ safety valve આવે છે, એવી રીતે થાય.

મુમુક્ષુ :- ત્રણલોકને વશ કરવા કરતા પણ એક સમય અસંગ રહેવું કઠણ છે તો આ તો નિરંતર જે રહ્યાં છે...

પૂજ્ય ભાઈશ્રી :- નિરંતર અસંગદશામાં રહે છે એટલે નમસ્કાર કર્યા છે ત્યાં. નમસ્કાર કર્યા છે એમ નહિ, સત્સંગનો એ મહિમા કરતા એમને પોતાને અસંગદશા આવી ગઈ, ઉપયોગ આવી ગયો. એ સત્સંગને નમસ્કાર કર્યા છે. એવી રીતે સત્સંગના મહિમામાં તો ડૂબી ગયા છે કૃપાળુદેવ. એવી વાતો કરી છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પરિણતિ આમ લબ્ધમાં જ હોયને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરિણતિ લબ્ધમાં હોય છે.

મુમુક્ષુ :- જ્ઞાનીની જે પરિણતિ તે લબ્ધમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા, લબ્ધમાં હોય છે, પણ લબ્ધ છેને એ ખાલી જ્ઞાન-દર્શનમાં લબ્ધ પરિણામને જ લાગુ પડે છે. પરિણતિના પરિણામને લાગુ પડે છે. જ્ઞાનદર્શનની જે પરિણતિ છે, દર્શન ઉપયોગ હો! શ્રદ્ધા નહિ. જ્ઞાન ઉપયોગ અને દર્શન ઉપયોગ છે, એની પરિણતિને આપણે લબ્ધ કહીએ. બાકી જ્ઞાનદશાની જે પરિણતિ છે, એમાં અનંત ગુણોનું પરિણમન છે. નહિતર લબ્ધ છે ઈ બે ગુણોની મર્યાદિત પરિણતિને કહીએ. જ્યારે જ્ઞાનીની પરિણતિ છે એમાં અનંત ગુણોનું પરિણમન છે. સર્વ ગુણોનું પરિણમન છે એમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી, આપે કહ્યુંને અમુક જાતના પરિણામ આવે પણ મર્યાદાથી બહાર ન જાય એટલે એણે એની ભૂલ સ્વીકારી અને...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ સીધો ભક્તિમાં પરિણમે. એ પાછો ભક્તિમાં આવી જાય અને પેલાની ભક્તિ છૂટી જાય. મર્યાદા બહાર ગયો એને શું થયું? સ્વચ્છંદમાં આવ્યો ને ભક્તિ છૂટી ગઈ. ઓલાને પરિણામ આવી જાય, પણ એ પાછો ભક્તિમાં વળી જાય એટલે બચી જાય. નહિતર બચે નહિ.

મુમુક્ષુ :- પેલાને ઊંધી પ્રવૃત્તિ શરૂ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વળી મર્યાદા જાય એટલે ઊંધી પ્રવૃત્તિ શરૂ થઈ જાય. લીધું છે કે, **'દેવ-ગુરુ કેવું કરી રહ્યા છે, એમ મહિમા કરીને પણ પરિણતિને આત્મા તરફ વધારે વાળે છે-નહિ તો લૂખું થઈ જાય અને મર્યાદા બહાર ચાલ્યો જાય.'**

મુમુક્ષુ :- ખૂબ સરસ બોલ, સરસ બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સારો બોલ છે. ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગનું સ્પષ્ટીકરણ માંગ્યું છે, એમાંથી કેવું કાઢ્યું છે એમણે. અનુભવ બોલે છેને? પોતાને શું છે? ગુરુદેવ પ્રત્યે અનહદ ભક્તિ. એમને ભક્તિ સમજાવવામાં પોતાનો ચાલતો અનુભવ કામ કરે. કેમકે પોતે વિશેષપણે ભક્તિમાં રહ્યા છે.

મુમુક્ષુ :- હદ વિનાની ભક્તિ?!

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાન પણ ઘણું ખીલ્યું, સમ્યગ્જ્ઞાન સુધી પહોંચી ગયા. જ્ઞાન ઘણું નિર્મળ થયું, ઘણું ખીલ્યું અને ત્યારે તો આ બધી વાતો કરી શકે છે. પણ ભક્તિ તો પહેલેથી જ ઘણી અનહદ આવેલી. કેમકે પોતે વર્તમાનમાં પણ ગુરુદેવને નિમિત્તે પામ્યા અને ઠેઠ મોક્ષમાં જાશે ત્યાં સુધી એમની ભક્તિ કરવાના છે. ગણધરદેવ થશે ત્યાં સુધી. એટલે ઈ એમનું જે સ્થાન છે, ગુરુચરણનું સ્થાન છે, એ ગુરુદેવ ઠેઠ કેવળજ્ઞાન પામશે ત્યાં સુધી રહેવાનું છે. પછી પોતે કેવળજ્ઞાન પામશે. ગણધરદેવ પહેલા કેવળજ્ઞાન ન પામે. પહેલા તીર્થંકરને કેવળજ્ઞાન પામ્યું હોય પછી એના એ ગણધર થાય. છદ્મસ્થ અવસ્થામાં જ તે. નહિતર તો કેટલાક શિષ્ય તો એવા હોય કે ગુરુ છદ્મસ્થ રહે અને શિષ્ય કેવળજ્ઞાન પામી જાય.

મુમુક્ષુ :- સોગાનીજી જેવા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સોગાનીજીની જેમ. પણ એમનું (પૂજ્ય બહેનશ્રીનું) એવું નથી થવાનું. એ તો છેલ્લા ભવમાં ગુરુદેવના જ પુત્ર તરીકે જન્મવાના છે. ચરમશરીરી થશે, ત્યારે ગુરુદેવના જ પુત્ર થઈને પછી એમના ગણધર થવાના છે. ગુરુદેવ દીક્ષા લેશે પછી ઈ દીક્ષા લેશે. સમવસરણમાં છેવટ સુધી એની છદ્મસ્થદશામાં એમને ગુરુ ભક્તિ છે, એમના પ્રારબ્ધમાં.

મુમુક્ષુ :- પ્રારબ્ધમાં?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રારબ્ધ છે. એમનું હોનહાર છે. એટલે અત્યારથી જ એમને અનહદ ભક્તિ છે. એટલે ભક્તિનો ... સામે પ્રશ્ન આવે એટલે એમને ઈ બધા પડખાં ખીલી જાય ચારેબાજુના. (જેમકે) ભક્તિ છે તો આટલો આટલો ફાયદો છે, એ વાત કરી છે અને એટલા માટે તો એમની ભક્તિનું આપણે જુદું પુસ્તક બહાર પાડ્યું.

મુમુક્ષુ :- 'ગુરુગુણ સંભારણા'.

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુગુણ સંભારણા', એટલે જેને ભક્તિનો અભ્યાસ કરવો હોય, કે ભક્તિ કેવી હોય? એણે 'ગુરુગુણ સંભારણા' વાંચી લેવું.

મુમુક્ષુ :- એમની ભક્તિની ભક્તિ કરવી હોય એણે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભક્તિની વધારે ભક્તિ કરવી હોય તો 'ગુરુગુણ સંભારણા' વાંચવું. એવો વિષય લીધો છે. કેમકે એ બધું એમનું હૃદય નીકળ્યું છે અને કુદરતી નીકળ્યું છે. 'ગુરુગુણ સંભારણા'માં કાંઈ ભક્તિ કરવા બેઠા હોય અને ભક્તિ નથી નીકળી. હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં જે વાતો કરી એમણે ગુરુદેવની ભક્તિની એની આ લોકો ટેપ સાથે જ રાખતા હતા. ટેપ લઈ લ્યે. ટેપ તૈયાર જ રાખે. loaded પિસ્તોલ ભરેલી. બટન જ દાબવાનું. જ્યારે વાત નીકળે, જેવી વાત શરૂ થાય કાંઈક એવી કે

ફટ બટન જ દાબી દે. આવું એક રાખી લેતા હતા નાનું એવું. (એક મુમુક્ષુ) રાખી લેતા હતા ને? ને ચોવીસ કલાક એની સાથે રહેતા હતા.

મુમુક્ષુ :- ભજન, કાવ્ય ઘણાં બધા બનાવ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગુરુભક્તિના ઘણાં (પદો), પછી તો અંદરથી હૃદય ખીલે એટલે એમને તો ઘણી ભક્તિના ભજનો બનાવ્યા છે. ગુરુદેવની ભક્તિના ભજનો અને મંદિરમાં ભક્તિ કરે ભગવાનની. પાછળ છેલ્લે એક લીટી ગુરુની જોડી દ્યે. જેમ આપણે કહીએને? જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે, તો એમ જોડી દે કે ગુરુદેવ તણી વાણી જાણી તેણે જાણી છે, ને જાણી તેણે માણી છે. કડી જોડી દે, એક લીટી ગુરુદેવની. એવી તો ભક્તિ, રોજ ભક્તિ કરાવે તો મંદિરમાં તો પાછળથી ગુરુદેવની બે લીટી જોડી દેતા હતા. એટલી બધી ખૂબ ભક્તિ હતી અને એ ભક્તિનો જે એમને લાભ થયો એ આત્મસાક્ષાત્કાર સુધી થયો. એ ભક્તિએ એમને આત્મસાક્ષાત્કાર કરાવ્યો. પછી શું જોવે? પછી એમાં બીજી વાત ક્યાં રહે છે?

મુમુક્ષુ :- ભાઈશ્રી! એમની જે વિશિષ્ટ પ્રકારની નિર્મળતા હતી એમાં આ વિશેષ ભક્તિ જ એનું કારણ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભક્તિનું એ જ કારણ. ભક્તિથી જે નિર્મળતા આવે એ બીજી રીતે આવે નહિ. શાસ્ત્રોમાં માથા ફોડી-ફોડીને લોહી કાઢે નહિ, ભક્તિથી જે નિર્મળતા આવે એ બીજી રીતે આવે નહિ. ગમે એટલો અભ્યાસ કરે નહિ? 'સબ આગમ ભેદ સુઉર બસે' પેલાને તો શાસ્ત્રો વાંચીને પણ જેટલું ન સમજાય એટલું આને વગર શાસ્ત્રો વાંચે સમજાય. હવે આથી પછી તમારે ચમત્કાર ક્યો બીજો જોઈએ છે?

મુમુક્ષુ :- કાવ્યને અંતે નીચે જે છેલ્લે લખતાં પોતાને સેવક તરીકે લખતાંને?

પૂજ્ય ભાઈશ્રી :- ભજન બનાવે છેલ્લે શબ્દ 'સેવક'નો લખે. પોતાનું, કવિઓ પોતાનું નામ નાખેને? આ પોતે 'સેવક' તરીકે લખતાં. નામ પોતાનું નહોતા લખતાં કે, આ પદ મેં બનાવ્યું છે. 'સેવક' શબ્દ વાપરતા એટલે અમે લોકો સમજી જઈએ. અમે એટલે કોઈ સમજતા હોઈ ઈ. બધાને ન ખબર હોય. નીચે છેલ્લે કડીમાં 'સેવક' આવે એટલે સમજી જઈએ કે બહેનશ્રીનું બનાવેલું છે. નહિતર ખબર ન પડે, કેમકે ચોપડીમાં તો બધાના હોય, બીજાના પણ. એટલે એમણે કીધું કે, ગુરુ ચરણમાં સેવક થઈને રહેવું છે. નહિતર એનું-ભક્તિનું અહમ્ ચડે પાછું. આ અહમ્‌ભાવ તો એવો છે ને? કે જ્યાં નમ્રતાનું સ્થાન છે, ત્યાં અહમ્ કરાવે. હું એમની નજીક રહું છું, હું સેવામાં રહું છું. તું સેવામાં રહેતો નથી તું અભિમાનમાં રહે છે.

મુમુક્ષુ :- અહમ્ કરવાથી તો ભક્તિની ખામી ગણાયને?

પૂજ્ય ભાઈશ્રી :- ભક્તિની ખામી. પણ સેવામાં રહેનાર એમ માને કે હું ભક્તિ કરું છું. સેવામાં રહેનારને શું લાગે? કે હું ભક્તિ કરું છું. અને એને ભક્તિ અને સેવાનું બેયનું અભિમાન ચડ્યું હોય. હવે ઈ ભક્તિ છે ઈ અભિમાન તોડવાનું સાધન છે ત્યાં અભિમાન ચડે હવે ઈ ક્યાં છૂટે કહો જોઈ? ઈ કઈ રીતે છૂટે? છૂટવાનું કોઈ સાધન ન રહે.

મુમુક્ષુ :- છોડાવનારે જ જો બાંધે....

પૂજ્ય ભાઈશ્રી :- હા, પતી ગઈ વાત. પછી છૂટે નહિ, પછી છૂટે નહિ.

મુમુક્ષુ :- તરવાની જગ્યાએ ડૂબે.

પૂજ્ય ભાઈશ્રી :- તરવાની જગ્યાએ ડૂબે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એ 'સેવક'માં શું કહેવા માંગે છે, 'સેવક' જે લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ કહે આપણે તો સેવક થઈને રહેવું છે એમ.

મુમુક્ષુ :- હા, એટલે સેવકમાં શું ભર્યું છે?

પૂજ્ય ભાઈશ્રી :- બસ, સેવક થઈને એટલે નમ્રતા. સેવકને શું હોય? કાંઈ અધિકાર ન હોય. એટલે અધિકારબુદ્ધિમાં આવવું જ નથી. ગમે એટલી સેવા કરે તોપણ અધિકારબુદ્ધિમાં ન આવે. નહિતર તો સેવા કરે એને અધિકારનો અહમ્ થાય, એટલે સેવાનો ચાર્જ એણે લઈ લીધો. એણે સેવા નથી કરી, વેપાર કર્યો પછી. અધિકારમાં આવ્યો એટલે એણે સેવાનો ચાર્જ લઈ લીધો, કે સેવા કરું છું! એટલે મારો આટલો હક તો ખરોને?! ઈ વેપાર થઈ ગયો. સેવા ન રહી પછી.

મુમુક્ષુ :- સોદો થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ સોદો થઈ ગયો પછી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જે નજીક આવે છેને, અધિકારમાં આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે.

મુમુક્ષુ :- જે નજીક આવ્યા પછી ફેંકાય છે એનું કારણ પોતે પોતાનો અધિકાર માંગ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- પતી ગયું પછી. પછી એના પરિણામોની મર્યાદા નહિ રહે. ભક્તિ ગઈ એની. ભક્તિ ગઈ એટલે મર્યાદા જશે. કૃપાળુદેવે જે ભક્તિ પ્રરૂપી છે, એની પાછળ આ બધો ઊંડો વિચાર છે. બહેનશ્રી કહે છે, કૃપાળુદેવે તો મુખ્યપણે એ વાત કરી છે. એની પાછળ કેટલો ઊંડો વિચાર છે? એ જુઓ તમે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પોતાને વિશે લઘુત્વભાવ અને ગુરુને વિશે માહાત્મ્યભાવ, એમ પત્રમાં લીધું છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને વિશે અમહાત્મ્યભાવ અને શ્રીગુરુ..... અમહાત્મ્યબુદ્ધિ. ૬૧૧માં કે ૬૬૧માં છે, શ્રીગુરુને વિશે મહાત્મ્યબુદ્ધિ ને પોતાને વિશે અમહાત્મ્યબુદ્ધિ જ્યાં સુધી આવે નહિ ત્યાં સુધી આ જીવ હજી પરિભ્રમણથી ભય પામ્યો નથી એમ લઈ લીધું. સીધું એને હાંક્યો ક્યાં?

મુમુક્ષુ :- વંચનાબુદ્ધિ લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વંચનાબુદ્ધિમાં આવ્યો છે, છેતરાઈ ગયો છે અને ઈ પરિભ્રમણથી ભય પામ્યો નથી.

---

**પ્રશ્ન :- સવારે ઊઠીને 'ચિંતવન' કરીએ છીએ, સ્વાધ્યાય કરીએ છીએ, છતાં કંઈ થતું નથી. પૂ. ગુરુદેવ અને આપના ઉપકારનું શું વર્ણન થઈ શકે? જો આ ભવમાં આત્માનું વેદન થાય તો મનુષ્યભવ સફળ છે; નહિ તો આ મનુષ્યભવ મડદા જેવો છે તો શું કરવું? માટે માર્ગદર્શન આપવા કૃપા કરશો.**

**સમાધાન :-** માર્ગદર્શનની ક્યાં ખામી છે! પોતાની જ ખામી છે. બહારમાં આટલું બધું કર્યું....આટલું બધું કર્યું એમ કાંઈ બહારથી માપ આવતું નથી. એવું તો જીવે ઘણું કર્યું છે. પોતાનો રસ બીજે ક્યાંય રોકાય છે. જે વિભાવથી ન્યારાપણું જોઈએ, જે હૃદય ભીંજાયેલું જોઈએ, એ અંદરથી થવું જોઈએ તે નથી થતું ત્યાં સુધી થવું મુશ્કેલ પડે છે. અંદર જીવ ક્યાંક રોકાતો હોય છે એટલે છૂટો નથી પડતો.

તે બહારથી બધું કરે, ધ્યાનમાં બેસી જાય, સ્વાધ્યાય કરે, પણ અંતરમાંથી તેણે જ્યાંથી છૂટવાનું છે ત્યાંથી છૂટું પડવું જોઈએ ને? જીવ બધું કરે છે.-કહ્યું છે ને!---

''યમ, નિયમ, સંયમ, આપ કીયો, પુની ત્યાગ-વૈરાગ અથાગ લીયો,
વનવાસ રહ્યો, મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દીયો.''

પદ્માસન લગાવ્યું, ધ્યાન ધર્યું, બધું કર્યું.

''સબ શાસ્ત્રન કે નય ધારી હિયે,'' શાસ્ત્રોના નય ધારી લીધા.

''મત મંડન ખંડન ભેદ કિયે.'' આ બધું કર્યું પણ અંતરમાં કાંઈક રહી જાય છે. પોતાનો રસ ક્યાંક રોકાતો હોય છે. તે પોતે વિચારવું કે મારો રસ ક્યાં રોકાય છે? ૧૪૭.

---

## પ્રશ્ન ૧૪૭ ઉપર પ્રવચન

હવે ૧૪૭મો પ્રશ્ન છે. '**પ્રશ્ન :- સવારે ઊઠીને 'ચિંતવન' કરીએ છીએ,..**' સ્વાધ્યાય કરીએ છીએ, ધ્યાન નથી લીધું ચિંતવન લીધું છે. ધ્યાન તો લાગે નહિ કાંઇ. '**ચિંતવન કરીએ છીએ, સ્વાધ્યાય કરીએ છીએ,**' સવારે ઊઠીને, વહેલા ઊઠીને સ્વાધ્યાય કરે. '**છતાં કંઇ થતું નથી. પૂ. ગુરુદેવ અને આપના ઉપકારનું શું વર્ણન થઈ શકે? જો આ ભવમાં આત્માનું વેદન થાય તો મનુષ્યભવ સફળ છે; નહિ તો આ મનુષ્યભવ મડદા જેવો છે તો શું કરવું?**' સવારમાં ઊઠીને ચિંતન અને સ્વાધ્યાય કરીએ છીએ, આપનો ઉપકાર પણ અનુપમ છે અને હવે આ ભવમાં જો કાંઈ આત્મા સુધી નહિ પહોંચાય તો પછી આ મનુષ્યભવ તો જીવન અને મડદું બધું સરખું જ છે. કરવું શું? '**માટે માર્ગદર્શન આપવા કૃપા કરશો.**' માર્ગદર્શન બહુ માંગ્યું છે. ત્યારે એમણે અહીંયાંથી શરૂઆત કરી કે,

'**સમાધાન :- માર્ગદર્શનની ક્યાં ખામી છે!**' એમાં કહેવામાં શું બાકી રાખ્યું? તારે તારા આત્મકલ્યાણની ભાવનામાં રહેવું અને ભક્તિમાં રહેવું એમાં લાંબા માર્ગદર્શનની જરૂર ક્યાં છે પણ હવે.

મુમુક્ષુ :- ભાવના અને ભક્તિ.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના અને ભક્તિમાં રહેવું. એમાં બીજું માર્ગદર્શન શું જોવે છે કહો જોઈ? હવે સીધી સાદી વાત છે. એકડીયાને સમજાય એવી. અભણને સમજાય એવી વાત છે. આમાં કાંઇ ભણવાની જરૂર નથી. અભણને સમજાય એવી વાત છે. અભણ માને અનપઢ. અનપઢકો ભી સમજમેં (આયે) ઐસી બાત હૈ. અપને ભાવનામેં રહના, ભક્તિમેં રહના, બસ, બાત ખતમ! હમ તીસરી બાત સમજતે નહીં ઔર સમજની ભી નહીં હૈ. સોભાગભાઈએ એમ જ કીધું ને ગોપીઓના બહાને કે અમે કાંઇ તમારા જ્ઞાનમાં સમજતા નથી ને અમારે સમજવું પણ નથી. તમારું જ્ઞાન તમારી પાસે રાખો. અમને ભક્તિ કરવા દ્યોને ભાઈસાબ! આવું છે.

મુમુક્ષુ :- અમારે તો આમ છે, હવે તમારે તમારી નજીક રાખવા હોય તો રાખો ને જે એમને વિયોગ લાગતો હોય એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, હવે તમારે જેમ રાખવા હોય એમ રાખજો પછી. ઈ શું છે, બેય વચ્ચે વિયોગ વધારે રહેતો હતો. સોભાગભાઈ અને કૃપાળુદેવ વચ્ચે જે, ઈ

તો અવાર-નવાર જતા હતા પોતે, પણ છતાંય જેટલો વિયોગ રહેતો હતો એ એમનાથી સહન નહોતો થતો. એટલે પછી તો તમારે રાખવા હોય એમ રાખજો, પણ વિયોગ અમારાથી સહન થાતો નથી એટલું તમને કહી દઈએ. પછી તમારે જેમ રાખવા હોય એમ રાખજો. પાછી એટલી બધી ભક્તિ હતી કે બે શબ્દો આકરા કહેવાનો અધિકાર આવી ગયેલો. અને કહી દેતા હતા પાછા. પણ પ્રેમથી, દ્વેષથી નહિ પ્રેમથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એ રીતે લખીને તરત નીચે પાછી વિનંતી કરી. વચ્ચે આકરા શબ્દો લખ્યાં છે પણ એમાં પ્રેમ દેખાય આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ તો છલકાતો હોય, એ દેખાયા વગર કેમ રહે?

મુમુક્ષુ :- એમને રીસાવાનો અધિકાર હોયને?!

પૂજ્ય ભાઈશ્રી :- એવું લખતાં. taunting toneમાં પણ લખતાં. ટોણો પણ મારી દેતા. તમારું શું ઓછું થઈ જાય છે. તમારે શું ઘટી જાય છે? તમારું શું, તમને ખોટ શું જાય છે? નુકસાન શું જાય છે? બહેનશ્રીએ ન લખ્યું, કે તુમ્હારા ક્યા બિગડતા હૈ? મેરી તો બિગડી સુધરતી હૈ. કહે, તુમ્હારા ક્યા બિગડતા હૈ? મેરી બિગડી સુધરતી હૈ! ભક્તિમાં ઈ રીતે જ ભક્તિ કરે છે.

મુમુક્ષુ :- કરુણાના સાગર કહેવાવ છો, પણ આવતા નથી ત્યારે કહે...

પૂજ્ય ભાઈશ્રી :- આટલી દયા નથી આવતી તમને. અમે આટલા બધા તડપીએ છીએ તો દયા-માયા નથી તમારામાં, એમ કહે છે.

મુમુક્ષુ :- એ જ્ઞાનીને બોધ આપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એનો સ્વાર્થ છેને, સ્વાર્થ હોયને પછી થોડુંક એવું થઈ જાય.

મુમુક્ષુ :- સહન નહીં હોતા હૈ તો અંદરસે નિકલ જાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિકલ જાતા હૈ. વો કોઈ કૃત્રિમતા નહીં હૈ, યે હો જાતા હૈ. ઐસી બાત હૈ. તો જ્ઞાની કોઈ બુરા નહીં માનતા હૈ, સમજતા હૈ યે ઠીક હૈ!

**'સમાધાન :- માર્ગદર્શનની ક્યાં ખામી છે! પોતાની જ ખામી છે.'** આગળ વધતો નથી, ભક્તિ ભાવનામાં ઊગ્ર થતું નથી, તો પોતાની ખામી છે. **'બહારમાં આટલું બધું કર્યું....આટલું બધું કર્યું એમ કાંઈ બહારથી માપ આવતું નથી.'** તું સવારમાં ઊઠીને ચિંતવન કરું છું અને સ્વાધ્યાય કરું છુંને, ઈ રહેવા દે ભાઈસાબ. ગણતરી કરવી રહેવા દે! આટલા વર્ષ સુધી મેં કર્યું! પારકા માટે કરે છો તું? મા પણ છોકરાનું ગણતી નથી રોટલી ખાતો હોય ઈ. તું તારું ને તારું ગણે છે એટલે તારો આત્મા પારકો થઈ ગયો કે ન થઈ ગયો?

મુમુક્ષુ :- થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- સગી મા હોય, છોકરો રોટલી ખાતો હોય ઈ ગણે નહિ. તો તું તારા આત્માનું ગણવા બેઠો? કે મેં આટલા કલાક સ્વાધ્યાય કર્યો, મેં આટલું ચિંતવન કર્યું, હવે તું કોકના માટે કરે છો એમ નકકી થાય છે. તારા માટે નથી કરતો તું જા. એટલે કીધું કે, આટલું બધું કર્યું, આટલું બધું કર્યું એમ કાંઈ ગણવાનું હોય નહિ. ને એમ કાંઈ માપ આવે નહિ. કે મેં આટલું બધું કર્યું છેને! ઈ રીતે માપ ન કઢાય. ઈ ગણ્યું એટલે ખલાસ! ગયો તું. પારકો થઈ ગયો તારો આત્મા. હવે આખું જીવન બદલવું છે, એમાં કલાક શેનો ગણે છો? તારે આખું જીવન બદલવું છે, આ ક્લેશમય જીવન હતું તારું, દુઃખી જીવન હતું, ઈ આખું જીવન બદલીને સુખી કરવું છે એનાય કલાક ગણવા છે તારે કે હું આટલા કલાક સુખી થયો? તારું આખુ પરિણમન બદલવાનું છે એટલે જીવન બદલવાનું છે એમાં કલાક ને દિવસની ગણતરી શેની હોય પણ. ઈ તો સાદિ અનંતકાળનું જીવન-પરિણમન જ બદલી નાખવાનું છે પછી ક્યાં સવાલ જ ઊભો થાય છે. પણ ઈ જે ગણે છે કે, સવારમાં ઊઠીને આટલો સ્વાધ્યાય કર્યો છે, ને આટલું ચિંતવન કર્યું - એને હજી જીવન બદલવું નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જો બાકીના કલાક ગણાવેને તો તાળો મળી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો તો એને સમજણ પડી જાય કે મારી ઊંઘાઈનો હજી પાર નથી. ઈ શું કરે છે? કરે એટલું ગણે અને ન કરે એ ગણે જ નહિ પાછો.

મુમુક્ષુ :- એક સાઈડનો વિચાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ સાઈડનો વિચાર કરે.

મુમુક્ષુ :- ન કરે એમ નહિ, પણ પાછું અવળું કરતો હોય.

પૂજ્ય ભાઈશ્રી :- અવળું કરે ઈ ગણે જ નહિ પાછો. એને એનું ધ્યાન જ ન જાય પોતાનું કે આ મારા દોષ કેટલા થાય છે ને મારા રાગદ્વેષ કેટલા થાય છે? ઈ એનું ધ્યાન જાય જ નહિ. **'એવું તો જીવે ઘણું કર્યું છે.'** આવું તો જીવે ઘણું કર્યું છે. **'પોતાનો રસ બીજે ક્યાંય રોકાય છે.'** જો, ધ્યાન રાખ કે તારો તો રસ બીજે..

મુમુક્ષુ :- ક્યાં રોકાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- એની ગણતરી ભેગી-ભેગી કરને બાપા. તો તને સમજણ પડી જાય. કે કેટલા પાણીમાં ચાલે છો તું. **'જે વિભાવથી ન્યારાપણું જોઈએ, જે હૃદય ભીંજાયેલું જોઈએ, એ અંદરથી થવું જોઈએ તે નથી થતું ત્યાં સુધી થવું મુશ્કેલ પડે છે. અંદર જીવ ક્યાંક રોકાતો હોય છે એટલે છૂટો નથી પડતો.'** અને ઈ એનું ધ્યાન જાતું નથી. બે-ત્રણ લીટીમાં જરાક વિશેષ લેશું.

મુમુક્ષુ :- આમ તો, ભાઈશ્રી! પોતે પોતાને જ છેતરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બીજું શું છે?

મુમુક્ષુ :- બચાવે કોણ?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ ન બચાવી શકે.

અનંત જીવો પુરુષાર્થ કરી, સ્વભાવે પરિણમી, વિભાવ ટાળી, સિદ્ધ થયા ; માટે જો તારે સિદ્ધમંડળીમાં ભળવું હોય તો તું પણ પુરુષાર્થ કર.

કોઈ પણ જીવને પુરુષાર્થ કર્યા વિના તો ભવાન્ત થવાનો જ નથી. ત્યાં કોઈ જીવ તો, જેમ ઘોડો છલંગ મારે તેમ, ઉગ્ર પુરુષાર્થ કરી ત્વરાથી વસ્તુને પહોંચી જાય છે, તો કોઈ જીવ ધીમે ધીમે પહોંચે છે.

વસ્તુને પામવું, તેમાં ટકવું અને આગળ વધવું - બધું પુરુષાર્થથી જ થાય છે. પુરુષાર્થ બહાર જાય છે તેને અંદર લાવ. આત્માના જે સહજ સ્વભાવો છે તે પુરુષાર્થ દ્વારા સ્વયં પ્રગટ થશે.

- બહેનશ્રીનાં વચનામૃત - ૩૪૩

## તા. ૨૬-૦૩-૧૯૯૭, પ્રશ્ન-૧૪૭
## પ્રવચન નં. ૯૯

સ્વાનુભૂતિદર્શન, ૧૪૭મો પ્રશ્ન, પાનું-૧૦૨, કાલે થોડો શરૂ કર્યો હતો આપણે. કે ચિંતવન અને સ્વાધ્યાય કરીએ છીએ પણ કાંઈ થતું નથી. ને અમારે આ ભવમાં આત્મકલ્યાણ કરવું છે, મનુષ્યભવની સફળતા થાય એવું કાંઈ માર્ગદર્શન આપો.

ત્યારે સમાધાનમાં એમ લીધું છે કે, માર્ગદર્શન તો પૂરેપૂરું આપ્યું છે, એમાં તો કોઈ ખામી નથી રહી. પણ ઓલું જે પ્રશ્નની અંદર વાત હતી ઈ પકડી બહેનશ્રીએ. કે અમે ચિંતવન કરીએ છીએ, સ્વાધ્યાય કરીએ છીએ, સવારમાં વહેલાં ઊઠીને આમ અમે કરીએ છીએ, ઈ જે ગણતરી કરી એ વાત ખામીવાળી છે. અમે આટલું-આટલું કરીએ છીએ, આટલા-આટલા વર્ષથી કરીએ છીએ, દૂર-દૂરથી આવીને કરીએ છીએ, આટલો સમય, શક્તિ, પૈસા ખર્ચીને કરીએ છીએ, આ બધી જે ગણતરી છે, અનેક પ્રકારની એ વાત બરાબર નથી. આટલું બધું કર્યું, બહારમાં આટલું બધું કર્યું એમ કાંઈ બહારથી માપ આવતું નથી. માર્ગદર્શનની ખામી નથી. ખામી શેની છે? જે કાંઈ જીવ બહારમાં કરે છે એની ગણતરી કરે છે, એની ખામી છે. હવે જુઓ બહારમાં કરે છે ને અંદરમાં કરતો નથી ઈ ગણતો નથી. બહારમાં કરે છે ઈ ગણે છે, અંદરમાં કરતો નથી ઈ ગણતો નથી. કેમકે બહારમાં કરે છે એના ઉપર દૃષ્ટિ છે એટલે ઓલાપણે દૃષ્ટિ નથી જતી કે હું કરતો નથી એમ.

**'એવું તો જીવે ઘણું કર્યું છે.'** આવું તો જીવે બહારમાં ઘણું કર્યું છે અને એનો ઉત્કૃષ્ટ દૃષ્ટાંત દ્રવ્યલિંગી મુનિ છે. અનંતવાર નવમી ગ્રૈવેયકે જાય એટલું બધું, જેના ફળમાં નવમી ગ્રૈવેયકે જાય એટલું બધું કર્યું છે મનુષ્યભવમાં. **'પોતાનો રસ બીજે ક્યાંય રોકાય છે.'** એ વાત નકકી છે કે પોતાનો રસ બીજે ક્યાંય રોકાય છે. નહિતર અંદરનું કામ ન થાય એમ બને નહિ. બહારનું માર્ગદર્શન અને બહારના સાધનો પૂરતા છે. અપૂરતા નથી, પૂરતા છે. જ્ઞાની મળ્યા એટલે સજીવનમૂર્તિ મળ્યા. એમણે રહસ્ય ખોલીને માર્ગદર્શન આપ્યું. પોતે કામ નથી કરતો એનું કારણ કે બીજે કામ કરે છે. આ કામ નથી થતું એનો અર્થ કે પોતે બીજે કામ કરે છે. કાં તો પોતે એ છુપાવે છે, કાં તો એને પોતાને પોતાના ભાવની સમજ નથી. પોતે પોતાના ભાવ પકડી શકતો નથી.

મોટાભાગના મુમુક્ષુઓ કહીએ એ તો પોતાના ભાવ પકડી શકતા નથી. કોઈ બતાવે ક્યાંથી? બતાવી ન શકે તો એને એનું માર્ગદર્શન પણ, એને જોઈતું માર્ગદર્શન to the point મળે નહિ. કેટલાકને (ભાવની) ખબર પડે તો બતાવવાની હિંમત ન હોય. તો પછી ઈ રીતે તો કાંઈ કામ આગળ ચાલે નહિ. પણ એક વાત નક્કી છે, બતાવી શકે કે ન બતાવે, ન બતાવી શકે કે ન બતાવે પણ રસ બીજે ક્યાંક રોકાય છે, એ વાત નક્કી છે. ઈ જ્ઞાની જાણે છે કે તારો રસ બીજે ક્યાંક રોકાયેલો છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પોતાના જ ભાવ પોતે ન બતાવી શકે ઈ કઈ રીતે બને?

પૂજ્ય ભાઈશ્રી :- પોતે જાણે તો બતાવેને? પોતાને જાણવાનું અવલોકન હોય નહિ, પોતાને અંતર અવલોકન હોય નહિ, મને કેવા-કેવા ભાવ થાય છે ને હું ક્યાં-ક્યાં રોકાવ છું? ઈ સબંધી દરકાર કરી હોય તો ખબર પડેને? નહિતર અદ્ધરથી જાતું હોય.

મુમુક્ષુ :- અંતરઅવલોકન નહિ થવાનું કારણ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- પોતાને પોતાના ભાવ તો પકડાય ને!

પૂજ્ય ભાઈશ્રી :- જોવે તો પકડાય. દરકાર કરે કે હું ક્યાં રોકાવ છું? મારે જરાક ધ્યાન રાખવું છે, તો તરત પકડે એવું છે. પણ એક તો ઈ વાત છે, બીજો એવો પણ પ્રકાર છે કે, પરમાં રસ લઈ-લઈને જીવનો ઉપયોગ સ્થૂળ થઈ જાય છે અને ત્યારે પણ એ નથી પકડી શકતો. એટલે ઉપયોગની સૂક્ષ્મતાના પ્રમાણમાં પકડી શકે. પકડી શકે તોય તે. તમે તમારા બધા ભાવ ન પકડી શકો. અમુક સૂક્ષ્મભાવ ન પકડી શકતા હોવ. એટલો ઉપયોગ તમારો સૂક્ષ્મ ન થયો હોય.

મુમુક્ષુ :- ત્યાં સુધી જવું પડે તો પકડાય.

પૂજ્ય ભાઈશ્રી :- તો જ પકડાય. એટલે જો આત્મકલ્યાણની રુચિ બળવાન થાય તો ઉપયોગ સૂક્ષ્મ થાય. ઉપયોગ સૂક્ષ્મ થાય તો એને પકડાય. નહિતર ન પકડાય. અંધારામાં જાય. આવી સ્થિતિ છે ખરી પાછી. **'પોતાનો રસ બીજે ક્યાંય રોકાય છે. જે વિભાવથી ન્યારાપણું જોઈએ, જે હૃદય ભીંજાયેલું જોઈએ, એ અંદરથી થવું જોઈએ..'** જે વિભાવથી ન્યારાપણું જોઈએ, એક મુદ્દો. જે હૃદય ભીંજાયેલું જોઈએ ભાવનાથી, બીજો મુદ્દો **'એ અંદરથી થવું જોઈએ તે નથી થતું ત્યાં સુધી થવું મુશ્કેલ પડે છે.'** ને આત્મકાર્યનું સફળપણું થવું મુશ્કેલ પડે છે. વિભાવથી ન્યારાપણું નથી થતું, એટલે કે વિભાવમાં એકત્વ થઈ રહ્યું છે. એટલે એકત્વને કારણે પણ સફળતા નથી થતી. એકપણું, તન્મયપણું એક. બીજું જે ભાવના જોઈએ, ભાવનાથી હૃદય ભીંજાયેલું હોવું

જોઈએ, એની ખામી છે. જે ખામીઓ છે એ દૂર કરવી જોઈએ અને એકલું માર્ગદર્શન માંગી-માંગીને, માર્ગદર્શન જ માંગ્યા કરે અને માર્ગદર્શન મેળવ્યા કરે, એટલે સાંભળ્યા કરે પણ પોતાની ખામીઓ દૂર ન કરે તો કામ કેમ થાય? ખાલી માર્ગદર્શન સાંભળવાથી કોઈ કામ નથી થઈ જતું. સમજવાથી કોઈ કામ નથી થઈ જતું. પછી જે પોતાની ક્ષતિઓ છે એ દૂર થવાનો પ્રયાસ થવો જોઈએ.

મુમુક્ષુ :- 'ભીંજાયેલું હૃદય'નો જરા વિસ્તાર કરોને.

પૂજ્ય ભાઈશ્રી :- ભીંજાયેલું એટલે શું છે? ભાવના ઉગ્ર જોઈએ. આત્મકલ્યાણ માટેની ભાવના તીવ્ર જોઈએ. જેમ કપડું ભીંજાયેલું હોય તો પાણી ટપકે અંદરથી, એવી રીતે ભાવના જોઈએ, ટપકતી ભાવના જોઈએ. નીતરતી પરિસ્થિતિ જોઈએ. એટલે એનો અર્થ શું થયો? કે કપડું છે એની અંદર જે સૂતર છે એ પાણી absorb કરે છે. પાણીને એ પકડે છે. પણ અમુક મર્યાદામાં. ઈથી વધારે પાણી એની ઉપર આવે એટલે પાણી બહાર આવે. એમ તમારા હૃદયમાં ભાવનાની જગ્યા છે, એટલી ભાવના થવી જોઈએ કે ભાવના બહાર આવે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- તરબોળ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તરબોળ થવું. ભાવનાથી તરબોળ રહેવું જોઈએ. આ એક ક્ષતિ જો પુરાઈ જાયને (તો) બાકીનું બધું આપોઆપ આવવા મંડે એવી મોટી વાત છે અને એમાં - ભાવનાના કાર્યમાં બીજી કોઈ માથાફોડ નથી, મગજમારી નથી. ભાવનાપૂર્વક પોતાનું જ આત્મકલ્યાણ ઈચ્છવું છે. સંક્ષેપમાં આટલી જ વાત છે. પછી બધું આપોઆપ છે. આગળનું બધું આપોઆપ છે. '**એ અંદરથી થવું જોઈએ**' આવું જે અંદરથી થવું જોઈએ '**તે નથી થતું ત્યાં સુધી થવું મુશ્કેલ પડે છે.**' આમ નથી થતું ને સમ્યગ્દર્શન નથી થતું, નિર્ણય નથી થતો ને ઓળખાણ નથી થતી ને એ બધી મુશ્કેલી પડે છે. ત્યાં સુધી આ બધી મુશ્કેલી પડે છે. પછી આગળ મુશ્કેલી નથી. દિપચંદજી લખે છે અનુભવ પ્રકાશમાં કે, સંતોએ માર્ગને સહેલો કરી દીધો છે, સરળ કરી દીધો છે. એટલે ઈ પોતે પણ અનુભવની વાત લખતાં-લખતાં વારંવાર ગુરુને સંભારે છે. શ્રીગુરુએ માર્ગને સરળ કરી દીધો છે. એમને કોઈ ગુરુ મળી ગયા હશે? ગુરુ મળ્યા વગર તો કોઈનું કાંઈ ગાડું આગળ ચાલે એવું નથી. એટલે એ પણ પોતાના ગુરુનું સ્મરણ કરતા જાય છે. ગુરુ ઉપકારનું સ્મરણ કરતા જાય છે, પોતે સ્વાનુભૂતિસંપન્ન છે, દશા પ્રાપ્ત કરી છે પણ ગુરુને ભૂલી શકતા નથી. '**અંદર જીવ ક્યાંક રોકાતો હોય છે એટલે છૂટો નથી પડતો.**' ક્યાંક ને ક્યાંક એને મીઠાશ છે, એનું વજન છે, કર્યા વગર નહિ ચાલે એવું બધું ઊભું છે ને જીવ ત્યાં રોકાય છે. છૂટો નથી પડતો એટલે

દુઃખી થાય છે. છૂટો પડે તો સુખી થાય. આ ઘરમાં ભાઈ-ભાઈ ક્યારે છૂટા થાય છે? સ્વતંત્રતા જોઈતી હોય ત્યારે. ભાઈ અથવા બાપ-દીકરા પણ છૂટા થાય છે. ગુજરાતી familyમાં તો વધારે છે ઈ. ક્યારે? (કે) સ્વતંત્ર રીતે રહેવું હોય, સ્વતંત્ર રીતે જીવવું હોય, સુખી થઈને જીવવું હોય ત્યારે.

મુમુક્ષુ :- પરાધીનતા ગમતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પરાધીનતા ગમતી નથી અને એમાં ક્યારેક એક-બીજાની દબાવણી થતી હોય અને એની સામે સ્વતંત્રતાનું જોર આવે છે ત્યારે શું કહે ખબર છે? કે રોટલો ને મરચું ખાયને જીવશું પણ અમારે દબાઈને રહેવું નથી. શું કહે? બીજું કાંઈ નહિ મળે તો રોટલો, તે દી' બાજરો સસ્તો મળતો. અત્યારની જેમ નથી, ઘઉં કરતા બાજરો મોંઘો હોય. ઘઉં કરતા બાજરાના ભાવ ઓછા ને બાજરા કરતા જારના ભાવ ઓછા. આપણે ત્યાં મકાઈ નહોતી થાતી. હવે થોડી-થોડી થાય છે. એકાદ જારનો રોટલો ને મરચું. મરચું સસ્તું મળે, શાક લેવા જાય ત્યારે તો ઉપર મફત મળે બે-ત્રણ-થોડાં મરચાં. એટલે મરચું ને રોટલો ખાય લેશું પણ અમારે સ્વતંત્ર રહેવું છે. તમે ઘી ચોપડીને અહીંયાં બે શાક બનાવીને આપો પણ દબાવો ઈ અમારે નથી જોઈતું. સ્વતંત્રતા, જીવ પોતે સ્વતંત્ર છેને! પ્રભુ છે, પ્રભુત્વ શક્તિને કારણે પોતે પ્રભુ છે, સ્વતંત્રતાથી શોભિત એવી પ્રભુત્વ શક્તિ. પોતે શક્તિની વ્યાખ્યા એવી કરી છે, અમૃતચંદ્રાચાર્યે, સ્વતંત્રતાથી શોભિત તેવી પ્રભુત્વશક્તિ છે. પોતાનું આત્મકલ્યાણ કરવા માટે જીવ તદ્દન સ્વતંત્ર છે. પણ ક્યારે? છૂટો પડે ત્યારે. તમે કહો છો સ્વતંત્ર છે, પણ કરીએ શું? નથી થતું, અમારે તો ઘણું કરવું છે (પણ) નથી થતું. પણ તું છૂટો પડતો નથી એનું શું? તારા હાથે દબાયેલો તું રહે છો. તારી મેળે દબાયેલો છો એમ કહે છે.

મુમુક્ષુ :- સ્વતંત્ર છે અને એનો સ્વીકાર કરવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની શક્તિનો સ્વીકાર કરે તો હું નબળો છું ને હું રાંકો છું ને હું ન કરી શકું એવો છું ને ઈ બધું છૂટી જાય. ઈ બધી આડ મારેલી છે. અભિપ્રયાની આડ મારેલી છે એ છૂટી જાય. એટલે આત્મસિદ્ધિમાં પહેલી ગાથા ઈ નાખી, બાકી ઘણી વાતો કરી પણ પહેલી ગાથા ઈ નાખી 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' તારી શક્તિઓનું સ્વરૂપ સમજ્યા વિના તું અનંત દુઃખ પામ્યો. ને બીજા પદમાં શ્રીગુરુને સાથે લીધા. 'સમજાવ્યું તે પદ નમું, શ્રીસદ્ગુરુ ભગવંત.' ગુરુને ભગવાન કીધા બીજા પદમાં. તું સમજ, તને સમજ્યા હોય એવા સદ્ગુરુની પાસે જા!

'**તે બહારથી બધું કરે,..**' એમનું (કૃપાળુદેવનું) જે સંકલન છેને? એની પાછળ અદ્‌ભુતપણે ઉપયોગે કામ કર્યું છે. છ પદનો પત્ર તો પહેલા પણ લખ્યો હતો, પણ જે પદની અંદર ગાથાઓની રચના કરી એમાં તો બહુ વિચિક્ષણતાથી નિરૂપણ આવ્યું છે. પહેલું શું મૂકવું, પછી શું મૂકવું.

મુમુક્ષુ :- પાછું એક ધારાએ.

પૂજ્ય ભાઈશ્રી :- એક ધારાએ આવ્યું છે ને બહુ જ ખૂબીથી આવ્યું છે. એમના જ્ઞાનનું ઊંડાણ જુઓ તો એમ થાય કે ઓહોહો! કેટલું ઊંડું હશે? એવું લાગે.

મુમુક્ષુ :- એમાં જ લીન થઈ જવાય એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આશ્ચર્યકારી. એ પોતે જ આશ્ચર્યની પ્રતિમા જેવા હતા!!

મુમુક્ષુ :- ભાઈશ્રી! જે ભાવનાની વાત કરીને, ભાવના બળવાન હોય, નીતરતી હોય તો પોતાની મેળે રસ્તો નીકળે, તો ભાવના બળવાન થવા માટે પણ પ્રયાસ કરીએ છીએ છતાં....

પૂજ્ય ભાઈશ્રી :- પણ બીજે છૂટા પડ્યા વિના, સલવાઈને. નાની-મોટી વાતમાં આપણી જે પક્કડ છે ઈ તો સાથે છોડવી જોઈએ કે ન છોડવી જોઈએ? એને અને ભાવનાને વિરુદ્ધતા છે એનું શું? ત્યાં તમારી ભાવનાને ઠેસ કેમ પહોંચતી નથી? જ્યારે તમને અન્ય દ્રવ્ય-ભાવની પક્કડ આવે છે અંદરમાં ત્યારે એ વખતે તમારી ભાવનાને ઠેસ કેમ પહોંચતી નથી? એ વખતે તમારી ભાવનાને ઠેસ પહોંચવી જોઈએ ને ઠેસ પહોંચે તો છૂટી જાય. એવી ભાવના હોવી જોઈએ. ભાવના તો બહુ કોમળ વસ્તુ છે. જીવને તરત feel થાય. એમ આમાં કોઈ નડતું નથી. આ કામમાં પોતાના અંદરના ભાવો નડે છે. અંદરના ઊંધા અભિપ્રાયો નડે છે ને ઊંધા પરિણામો નડે છે. ઊંધા અભિપ્રાયો ને તેને અનુસરતા ઊંધા પરિણામો. એજ નડે છે બહારમાં કોઈ નડતું નથી. સંયોગો આમ થયા માટે આમ થાય છે ઈ વાત તો તદ્દન ખોટી જ છે. એવું કાંઈ છે જ નહિ. કોઈ પરિસ્થિતિ રોકતી નથી. કોઈ કરતા કોઈ પરિસ્થિતિ રોકતી નથી. સોગાનીજીનું દૃષ્ટાંત લ્યોને, ક્યાં પરિસ્થિતિ સારી હતી? જરાય સારી નહોતી.

'**તે બહારથી બધું કરે, ધ્યાનમાં બેસી જાય, સ્વાધ્યાય કરે,..**' ચિંતવન કરે, ધ્યાનમાં બેસે એટલે ચિંતવન કરે. ધ્યાન તો ક્યાંથી લાગવાનું હતું ઓળખાણ વગર. ચિંતવન કરે ને ધ્યાનમાં બેસી જાય લ્યોને. નામ મોટું આપે. અમે ધ્યાન કરીએ છીએ. ધ્યાન થાવાનું ક્યાંથી? '**પણ અંતરમાંથી તેણે જ્યાંથી છૂટવાનું છે ત્યાંથી છૂટું પડવું જોઈએ ને?**' આ નાસ્તિનો વિષય છે. અસ્તિમાં આગળ વધવું છે ને નાસ્તિ સંભારવી નથી. એક ગંદકીનું ખાબોચિયું હતું. વાસ આવે તો કહે ઉપર spray કરો. પેલા sprayના

ડબા આવે છે ને? થોડોક spray કરી નાખો એટલે વાસ ન આવે. હવે ક્યાં સુધી spray રહેવાનો હતો? એના કરતા ગંદકી જ સાફ કરી નાખ. એના જેવું છે. એમ પોતે છૂટો ન પડે ને મારે આગળ વધવું છે, મારે આગળ વધવું છે, હું ધ્યાન કરું, હું સ્વાધ્યાય કરું, હું ફલાણું કરું, હું ફલાણું કરું. નાસ્તિમાં જ્યાં પકકડ કરી છે, ત્યાંથી છૂટતો નથી આ મોટી ખામી છે. **'જીવ બધું કરે છે.-કહ્યું છે ને!-'**

**'' યમ, નિયમ, સંયમ, આપ કીયો, પુની ત્યાગ-વૈરાગ અથાગ લીયો,**
**વનવાસ રહ્યો, મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દીયો.''**

કૃપાળુદેવનું પદ ટાંક્યું છે. દોહરાવ્યું છે પોતે. જુવો, આ કહ્યું છે ને,

**'પદ્માસન લગાવ્યું, ધ્યાન ધર્યું, બધું કર્યું.'** દ્રઢ પદ્માસન, કલાકો સુધી પદ્માસનમાં રહે, એને કાંઇ થાય નહિ. નહિતર માણસના પગ અકકડ થઇ જાય, થાકી જાય. દ્રઢ આસન લગાવી દે. ટટ્ટાર બેસે, યોગના પ્રયોગો કરે, ક્યાં સુધી? કે ચમત્કારો થાય ત્યાં સુધી હો! એવા યોગના પ્રયોગો કર્યા હોય કે ચમત્કાર સુધી પહોંચી જાય. કુંડલીની શક્તિ જાગ્રત કરે, એવું બધું યોગમાં આવે છે. ઈ બધું એવું. આત્મકલ્યાણ થાય નહિ. બીજે રસ્તે ચડી જાય. ક્યાં ચડી જાય? બીજે રસ્તે ચડી જાય.

**'સબ શાસ્ત્રન કે નય ધારી હિયે,..'** શાસ્ત્રો શીખી લીધા. નિશ્ચયનયથી આમ છે. સદ્ભુતવ્યવહારથી આમ છે. અસદ્ભુતવ્યવહારથી આમ છે. દ્રવ્યાર્થિકનયથી આમ છે, ફલાણું આમ છે, દ્રવ્યાર્થિકનયના દસ ભેદ. ...પદ્ધતિ. શાસ્ત્રમાં ઘણું આવે છે.

મુમુક્ષુ :- પોતે ક્યાં છે, ઈ ખબર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઈ એમાં જ ખોવાઇ જાય. શીખવામાં જ. ને આપણે ત્યાં શરૂ થયું જ હતું ને? શીખડાવવા જાય છે ને? અમુક માણસો જે શીખેલા હોય, ઘરે-ઘરે શીખવાડવા જાય છેને?

મુમુક્ષુ :- ગોખાવી દ્યે છે.

પૂજ્ય ભાઈશ્રી :- યાદ કરાવી દે, ગોખાવી દે. **'મત મંડન ખંડન ભેદ કિયે.'** આ મિથ્યા છે, આ ફલાણું છે, આ ઢીકણું છે, **'આ બધું કર્યું પણ અંતરમાં કાંઈક રહી જાય છે.'** જે કાઢવાનું છે ઈ કાઢ્યું નથી. જે રહી ગયું છે ઈ કાઢ્યું નથી. કાઢવા જેવું રહી ગયું છે ઈ કાઢ્યું નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! બધેય ક્યાંક-ક્યાંક લખ્યું છે એટલે બધાને અલગ-અલગ જગ્યાએ....

પૂજ્ય ભાઈશ્રી :- એમાં વિવિધતા ઘણી છે. કોઇ કઇ પ્રકારની અયોગ્યતામાં, કોઈ કઈ પ્રકારમાં અયોગ્યતામાં, કોઇ કઇ પ્રકારની અયોગ્યતામાં રોકાઇ જાય છે. **'અંતરમાં**

**કાંઈક રહી જાય છે. પોતાનો રસ ક્યાંક રોકાતો હોય છે.'** અસ્થાનમાં બીજે ઠેકાણે પોતાનો રસ રોકાતો હોય છે. **'તે પોતે વિચારવું કે મારો રસ ક્યાં રોકાય છે?'** આવ્યું કે ન આવ્યું? સરવાળે ત્યાં. એ તારે જોવું પડશે. બાકી તો સત્સંગમાં કે જ્ઞાની પાસે એનો ઉપયોગ જાય એટલું તને બતાવશે. ઈ થોડોક ફાયદો છે. કારણ પોતાને ખબર ન પડતી હોય તો બીજા બતાવે કે જો તું અહીંયાં રોકાય છે. જો હજી તું અહીંયાં રોકાય છે. કાં તો એને પોતાને અનુભવ થાય અમુક પ્રસંગોથી અને કાં ઈ રોકાતો હોય એના ઉપર ઉપયોગ ચાલ્યો જાય. તમારું ધ્યાન નથી જાતું, પણ તમે અહીંયાં રોકાવ છો. ને આપણે જે દોષ નિવેદનનો પ્રયોગ લઈએ છીએ એમાં ઘણાં પોતાના દોષ બતાવી નથી શકતા, કેમકે પોતાનું જ ધ્યાન ન ગયું હોય. બીજાનું ધ્યાન જાય ને ઈ બતાવે, એટલે જ તો બીજાને આપણે વિનંતી કરવી પડે છે કે ભાઈ મારા દોષ હોય તો તમે કહો. જ્યારે કોઈ બીજા દોષ બતાવે ત્યારે એનું સ્પષ્ટીકરણ ન આપવું કે, તમને એમ લાગે છે પણ એવું નથી આવું છે, એમ ન આપવું. ઈ એક બચાવનો પ્રકાર છે. ઈ દોષ નહિ જાય.

મુમુક્ષુ :- નહીં સુધરવાનો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અંદરથી સુધરવા માંગતો નથી એનો અર્થ એમ છે. એ વખતે સ્પષ્ટીકરણ નહિ આપો. શાંત ચિત્તે વિચાર કરો, એને કેમ એવું દેખાણું? બે કારણ હોય. કાં તો સામાનો prejudice હોય કાં સામાન્ય કોઈ જોવા ફેર થયું હોય અને કાં તો ખરેખર હોય ને પોતાને દેખાણું ન હોય.

મુમુક્ષુ :- ત્રણમાંથી એક જ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- ત્રણમાંથી એક તો હોય, હોયને હોય જ. પણ જો પહેલા બે હોય તો ગૌણ કરી નાખવા. અને ઈ પહેલા બે છે ઈ નકકી કરવા માટે પહેલા એક વખત અંદર પૂરેપૂરી તપાસ કરી લેવી કે એને કાંઇક દેખાણું માટે કંઈક હોવાનો સંભવ ખરો, આપણે જરા બારીકાઈથી જુઓ. એવું આપણે ધ્યાન દઈને નહિ જોઈએ તો આ નીકળશે નહિ અને રહી જશે. એટલે ઉતાવળ કરીને તે ને તે વખતે તો સ્પષ્ટીકરણમાં જાવું જ નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સમજમેં નહીં આયા.

પૂજ્ય ભાઈશ્રી :- જૈસે આપકો કિસીને આપકા દોષ બતાયા, તો આપ સ્પષ્ટીકરણ દેને લગે. દેખો આપ કહતે હૈં, (લેકિન) ઐસા તો નહીં હૈ. બાત કોઈ હમકો ઐસી, ઐસી બાત હૈ હમારી તો, ઐસી બાત ઉસ વક્ત નહીં કરના. ઉસ વક્ત તો સુન લેના ઔર ફિર શાંત ચિત્તસે વિચાર કરના. શાંત ચિત્તસે! કિ, ઉસકો ઐસા લગા તો

કુછ હોગા - શાયદ કુછ હોગા. પહલે તો અપને પર doubt કર લેના. હમ સુધરે નહીં હૈ ઔર સુધરના હૈ ઈસલિયે પહલે અપને પર doubt કર લેના કિ, હમારા ધ્યાન નહીં ગયા હૈ. ઈસલિયે યે પ્રયોગ ચલતા હૈ કિ, દૂસરેકા ધ્યાન જાયે ઔર હમારા ધ્યાન ન જાયે તો પહલે અપને પર doubt કર લેના. ઔર શંકા કરકે, જિજ્ઞાસા કરકે, ખોજ કર લેના. ફિર ભી ઐસા નહીં હો તો ફિર વિચાર કરના કિ ઉસકો લગા હૈ, યા તો ઉસકે અભિપ્રાયમેં કોઈ prejudice હો, યા સંયોગી કારણસે ઉસકી કોઈ ભૂલ દેખનેમેં ગલતી હો ગઈ હો. બન સકતા હૈ ઐસા - ઐસા લે લેના. ઉસી વક્ત સ્પષ્ટીકરણમેં જાના નહીં ચાહિયે.

**'તે પોતે વિચારવું કે..'** આ માર્ગદર્શન આપ્યું જુઓ. પોતે વિચારવું કે **'મારો રસ ક્યાં રોકાય છે?'** અને રોકાય છે એ વાત નક્કી, નિશ્ચિત છે. એ વાત નિશ્ચિત છે. નહિતર પોતે આ ક્ષેત્રમાં આવ્યો ને કેમ આગળ ન વધે? કેમ કામ ન થાય? કે થાય, થાય ને થાય જ. સારી વાત લીધી છે એમણે. ૧૪૭માં વાત સારી લીધી છે. બે-ત્રણ મુદ્દા ધ્યાન ખેંચે એવા છે. કે એક તો માર્ગદર્શન ઘણું મળ્યું છે, હીનબુદ્ધિ અને જીવોની હીન યોગ્યતા હોવાને લીધે જ્ઞાનીઓએ વિશેષ કરુણા કરી અને વધારે સ્પષ્ટીકરણ આપીને માર્ગદર્શન આપ્યું. પણ જીવની બહારથી લઈ લેવાની વૃત્તિ હોય તો કામ નહિ થાય. એટલા માટે ઈ એક અભિપ્રાય કાઢી નાખવો કે માર્ગદર્શન મેળવી-મેળવીને મારે પામી લેવું છે. (પણ) અંતર ખોજ કરી-કરીને પામી લેવું છે, એમ હોવું જોઈએ. શું? ફરીથી, માર્ગદર્શન મેળવી-મેળવીને પામી લેવું છે નહિ, અંતર ખોજ કરી-કરીને, ઘણું માર્ગદર્શન મળ્યું છે હવે અંતર ખોજ કરીને પ્રાપ્ત કરવાની મારે જરૂર છે. આ તબક્કે એમ લેવું.

મુમુક્ષુ :- માર્ગદર્શન મેળવી-મેળવીને એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- માર્ગદર્શન તો ઉનકો ચાહિયે, ઔર માર્ગદર્શન ચાહિયે.. ઔર માર્ગદર્શન ચાહિયે.. તો ક્યા હોગા કિ, અભિપ્રાય ઐસા હૈ કિ વહાઁસે કુછ મિલ જાયેગા. વહાઁસે કુછ મિલ જાયેગા. તો અંતર ખોજ કરનેકા બંદ કર દેગા. વો રાસ્તા બંદ હો જાયેગા. અંતર ખોજ કરનેકી ચીજ હૈ વહ તો. એક બાત તો વો કિયા. દૂસરા કિ, મૈંને બાહરમેં ઉતના કિયા, ઉતના કિયા, ઉતના કિયા, વો બાત છોડ દેના. વો ગિનતી કો છોડ દેના, કિ ઈતને સાલસે ઉતના કિયા, ઈતને સાલસે ઉતના કિયા, ઉતના ત્યાગ કિયા, ઉતના દાન દિયા, ઉતના સંયમ પાલા, ઉતના વો કર દિયા, ઉતના પઢ લિયા, ઉતના સુન લિયા, યે સબ છોડ દેના. ગિનતીકી બાત છોડ દેના. મેરા આત્મકલ્યાણ હુઆ નહીં હૈ, ઈસલિયે મૈંને કુછ કિયા હી નહીં હૈ. શૂન્ય લે લેના. કિ મૈં કુછ સમજા

નહીં, મૈંને કુછ કિયા નહીં, સબ શૂન્ય-zero. વો બાત પર આ જાના. zero પર આ જાના ઔર ફિર આગે બઢકરકે minusકો દેખ લેના. પોતે વિચારવું કે, મારો રસ ક્યાં રોકાય છે, ઈ minus point છે, એને જોઈલે તું.

મુમુક્ષુ :- અંતર ખોજ વિના તો માર્ગદર્શન નિષ્ફળ જાયને?

પૂજ્ય ભાઈશ્રી :- સો એ સો ટકા નિષ્ફળ જાય. અંતર ખોજ હોવી જ જોઈએ, થવી જ જોઈએ એમ વાત છે. આપણે આ computerની ચર્ચા ન ચાલી રસ્તામાં, સરવાળો શું નીકળ્યો? કે ઈ એમનેમ કામ કરે એવું નથી. તમે કાંઈક એને ખવડાવો, feed કરો, feedનું ગુજરાતી ખવડાવવું, તો ઈ કામ કરે એમ છે. એમ તમને અહીંયાં તો ખવડાવે છે તોપણ કામ કરતા નથી. computerમાં તો input કરો તો output મળે. અહીંયાં તો input આપે છે, output નથી થતું!! જડમાંથી ગયો કે નહિ? એમ પોતે કાંઈક તૈયારી કરવી જોશે. પોતે feeding પોતે કરવું પડશે. એકલું બહારનું feeding નહિ કામમાં આવે. એટલે બહારનું માપવાનું કાઢી નાખો. આટલું કર્યું, આટલું કર્યું, આટલું કર્યું, આટલું કર્યું - ઈ બધું કાઢી નાખવાનું. અંદરથી થવું જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! માર્ગદર્શનમાં અપચાની શક્યતા ખરી

પૂજ્ય ભાઈશ્રી :- હા! પૂરી! ઘણાંને થાય છે આપણે તો. અપચાની શક્યતા ખરી ને ઘણાંને થાય પણ છે, એટલે થોડું પણ બરાબર થવું જોઈએ. કૃપાળુદેવે એ બાબતમાં પણ માર્ગદર્શન આપ્યું છે કે, વાંચન કરતા ચિંતવન વધારે હોવું જોઈએ. કેટલું? આઠ ગણું ઠીક! તમે વાંચો કે સાંભળો તો ખબર ન હોય તો ખબર તો પડેને? સત્સંગમાં બધી ખબર પડે પછી આપણે કેટલું કરીએ ઈ બીજી વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વાંચનનું મહત્ત્વ?

પૂજ્ય ભાઈશ્રી :- (વાંચન) કરતા ચિંતવનનું મહત્ત્વ ઘણું છે, પણ ગણતરી એકેયની ન કરવી જોઈએ કે મેં આટલું કર્યું. આટલું ચિંતવન કર્યું, આટલું ચિંતવન કર્યું, ઈ ગણતરી કરવી જોઈએ નહિ. એમ વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ચિંતવન શું કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- ચિંતવનમાં એવું છે કે પોતે વિચારવું કે, મારો રસ ક્યાં રોકાય છે? હું ક્યાં રોકાવ છું? જેમકે તમારો દાખલો લઈએ કે બહેન અમેરિકાથી આવે છે અવાર-નવાર, આવે છેને વર્ષે-બે વર્ષે એક વખત આંટો મારી જાય છે. હવે ખબર આવ્યા, કોલ આવ્યો કે આવે છે, ત્યાં અંદરથી ચેતી જવું કે મારે રસ લેવો નથી, મારે રસ લેવો નથી. મારી દીકરી આવી, મારી દીકરી આવવાની છે, મારી દીકરી આવવાની છે, (એમ) ઘુંટાવાનું ચાલુ ન થવું જોઈએ. આવે ત્યારે એકદમ આપણે આમ રાજી-

રાજી-રાજી થઈ જઈએ જોઈને - એ બધો રસ નહિ લેવાનો ક્યાંય. એક દૃષ્ટાંત છે આ તો. આ ઉંમરમાં તમને બીજે તો ક્યાંય રસ ન હોય પણ દીકરા-દીકરી ઉપર ભાવ જાય. અહીંયાં તો શું છે? જુઓ આમાં નીચે ૧૦૩માં પાને નીચે, અંદરથી જીવને ક્યાંય રસ ન હોય, કાંઈ રસ ન હોય, હવે એકલું મારે મારું આત્મકલ્યાણ કરવું છે મારું કોઈ નથી અને ખરેખર કોઈ નથી. આ ખોળિયું પણ છોડીને જાવાનું છે. દીકરા-દીકરી તો પડ્યા રહેવાના ત્યાં સહુ સહુના ઘરે. પણ આ ખોળિયું પણ છોડીને જવાનું છે, કે મારું કોઈ નથી. એટલે અંદરથી ઉદાસીન થઈ જવું જોઈએ. એટલે જેને જ્યાં હોય તે, આ તો એક દૃષ્ટાંત લીધો. જેને જ્યાં રસ પડતો હોય ત્યાં. જ્યાં જેને રસ પડતો હોય ત્યાં રસ છૂટી જવો જોઈએ.

મુમુક્ષુઃ- આ બધા પરલક્ષ અને બહિર્મુખ પરિણામ છે ઈ અંતર્મુખ ન થવા દે.

પૂજ્ય ભાઈશ્રી :- રસ મારે છે. રસ છે એ જીવની, આત્માની પ્રગતિને રોકી લ્યે છે. મોટું રોધક કારણ છે. બાહ્ય રસ છે એ મોટું રોધક કારણ છે. ઊલટાનું એમ થવું જોઈએ કોઈપણ ઉદય બદલાય એટલે, મારે રોકાવું તો નહિ પડેને? મારે રોકાવું નથી, પરાણે મને રોકશે તો નહિને? એમ થાવું જોઈએ. મારે રોકાવું નથી, રોકાવું નથી, ક્યાંય રોકાવું નથી ઈ તો અંદરમાં ગૂંજતું રહેવું જોઈએ. પોતાનો રસ ક્યાંક રોકાતો હોય છે. એ રસને લઈને જ... એ પરરસ છે એ આત્મરસને ઉત્પન્ન થવા દ્યે નહિ. પરરસમાં અશાંતિ છે, આત્મરસમાં શાંતિ છે. શાંતિને ગળે ટૂંપો દેવો હોય તો પરરસ કેળવવો. ઠીક! કીધુંને ગળું દાબી દ્યે, તો ગળું મરડી નાખે. આત્માની શાંતિ ઉત્પન્ન નથી થતી ને અશાંતિ ઉત્પન્ન થાય છે. એ પોતે જ ગળું મરડે છે, પોતાની શાંતિનું ગળું પોતે મરડે છે. ગંભીરતાથી વિચાર કરીને પોતાનું આત્મકલ્યાણ સાધવાનું છે. પોતે પોતાને નુકસાન કરે છે, પોતાના નુકસાનથી પોતાને બચવાનું છે. પોતાને બીજો કોઈ નુકસાન કરતો નથી. નુકસાન પોતે પોતાને કરે છે. પરરસ લઈ-લઈને. જેને જે સંયોગો, જે પ્રકાર હોય એમાં. સંયોગ-વિયોગના કોઈ રસ લેવા જેવા નથી. કોઈ મારું નથી, આ જગતમાં મારું આત્મકલ્યાણ કરવા હું તૈયાર થયો છું ને મારે ક્યાંય પડવું નથી, ક્યાંય રસ લેવો નથી. મારું કામ કરી લેવું છે - એવો અંદરમાં દ્રઢ નિશ્ચય કરવો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! દ્રઢ નિશ્ચય કેવી રીતે થાય?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનાથી થાય. ભાવના જોઈએ. એટલે તો વારંવાર બહેનશ્રી કહે છે, ભાવનાથી હૃદય ભીંજાયેલું હોવું જોઈએ. ભાવનાથી હૃદય ભીંજાયેલું હોવું જોઈએ.

પ્રશ્ન :- સ્વભાવ પ્રાપ્તિ માટે આપ કહો છો એવું પૂરું કારણ શું આપી શકાતું નથી? એટલે શું કાર્ય થતું નથી?

સમાધાન :- કારણ આપતો નથી તો કાર્ય આવે ક્યાંથી? જે જાતનો સ્વભાવ છે તે રૂપે પોતે પરિણમતો નથી. અંદરની શાંતિ જુદી હોય છે. ને બહારથી વિકલ્પ શાંત કરીને બેઠો છે એ તો શુભભાવની શાંતિ છે. શુભભાવનો આહ્લાદ છે. ક્યાંક તેનો રસ રોકાય છે તેને પ્રમાદ હોય છે તેથી કાર્ય આવતું નથી. બહારથી આટલું કર્યું, આટલા કલાક કર્યું. એમ તેમાં કલાકનું માપ ન હોય. કોઈ કહે ૧૫ મિનિટ આ કર્યું-૧૫ મિનિટ ધ્યાન કર્યું. છતાં કાર્ય થતું નથી. કારણ તે તો અંદરની તૈયારીથી થાય છે. અંદરનું સહજ જે ચાલતું હોય તેને આટલા કલાક કર્યું તેવા માપ ન હોય! અંદર જ્ઞાયકની સહજધારા ચાલે તેને કાળનું માપ ન હોય; સહજધારામાં પોતે જ આગળ જાય, બહારથી અમુક વિકલ્પ મંદ કર્યા હોય તો તેને શાંતિ જેવું લાગે તેમ નહિ પણ તેનું હૃદય અંદરથી ભેદાવું જોઈએ. અંદરથી તેને ક્યાંય રસ ન હોય, જ્ઞાયકને ઓળખવા માટે એટલી હદે ઉદાસીનતા અંતરમાંથી આવવી જોઈએ. બહારથી બધું છૂટી જાય એમ હોતું નથી. પણ કાર્ય ન થાય ત્યાં સુધી વાંચન કરે, મનન કરે, સ્વાધ્યાય કરે, ધ્યાન કરે પણ આટલું મેં કર્યું છતાં કેમ નથી થતું? એમ તેને ન થાય.

કાર્ય ન થવામાં પોતાનું કારણ છે તેમ જાણી, બહારમાં ક્યાં રસ છે તે અંદરમાં પોતે વિચારી જોવે. ૧૪૮.

## તા. ૨૭-૦૩-૧૯૯૭, પ્રશ્ન-૧૪૮
## પ્રવચન નં. ૧૦૦

સ્વાનુભૂતિદર્શન, ૧૪૮મો પ્રશ્ન, પાનું-૧૦૩

'પ્રશ્ન :- સ્વભાવ પ્રાપ્તિ માટે આપ કહો છો એવું પૂરું કારણ શું આપી શકાતું નથી? એટલે શું કાર્ય થતું નથી?' શું એટલે કાર્ય થતું નથી? પ્રશ્ન ઉઠાવેલો છે કારણ-કાર્યનો. કેમકે વસ્તુના સ્વભાવમાં કારણ-કાર્યની નિયમિત વ્યવસ્થા છે. નિયમબદ્ધ વ્યવસ્થા

છે. જો કારણ-કાર્યને ન સ્વીકારવામાં આવે તો વસ્તુના સ્વરૂપનો જ અસ્વીકાર થાય. એટલે વસ્તુની સિદ્ધિ પણ કારણ-કાર્યથી છે. એટલે દિપચંદજીએ શક્તિઓમાં પણ કારણ-કાર્યની પદ્ધતિઓ લઈ લીધી છે.

**'સમાધાન :- કારણ આપતો નથી તો કાર્ય આવે ક્યાંથી?'** એટલે કારણરૂપ પરિણામ ન થાય તો કાર્યરૂપ પરિણામ ન થાય. જે નિરપેક્ષપણું અને સાપેક્ષપણું બન્ને પોત-પોતાના સ્થાનમાં છે. પ્રત્યેક પર્યાય એક ન્યાયથી નિરપેક્ષ છે અને પ્રત્યેક પર્યાયને આમ સાપેક્ષપણું અને નિરપેક્ષપણું પ્રત્યેક કાર્યનું પોત-પોતાના સ્થાનમાં છે. અને એને તે પ્રકારના દૃષ્ટિકોણને સાધ્ય કરીને સમજી શકાય છે. એને સમજવા માટે તે-તે પ્રકારનો દૃષ્ટિકોણ હોવો જોઈએ. પર્યાય સાપેક્ષ પણ છે અને પર્યાય નિરપેક્ષ પણ છે. એમ પર્યાયમાં પરસ્પર વિરુદ્ધ ધર્મો છે. એવી વસ્તુની વ્યવસ્થા ઘણી વિચિત્ર હોવાથી બધાને નથી સમજાતું. અને નહિ સમજાવાના કારણે જ અન્ય મતો ઉત્પન્ન થયેલા છે. કારણ આપતો નથી તો કાર્ય આવે ક્યાંથી?

મુમુક્ષુ :- બન્ને દૃષ્ટિકોણથી જોવામાં આત્મકલ્યાણ છે, એ સાધ્ય તો એક જ રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સાપેક્ષપણે જોવામાં પણ આત્મકલ્યાણ સાધવું છે, નિરપેક્ષપણે જોનારને પણ આત્મકલ્યાણ જ સાધવું છે અને એ બન્ને પ્રકારમાં આત્મકલ્યાણ સધાય છે. સાધી શકાય છે, એમ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સાપેક્ષપણે જોવે એટલે કેવી રીતે? અને નિરપેક્ષપણે એટલે કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- સાપેક્ષપણે જોવે એટલે કારણ-કાર્યથી જોવે કે ભાઈ મુમુક્ષુતા ન આવે તો જ્ઞાનદશા ક્યાંથી પ્રગટે લ્યો? જે જીવમાં મુમુક્ષુતા જ ન હોય, સંસારી જીવ છે તો એને જ્ઞાનદશા સીધી અદ્ધરથી આવે કાંઈ? કે, ન આવે. તો એને સાપેક્ષપણું સ્વીકારવું રહ્યું. હવે પ્રત્યેક પર્યાય છે, તે તે કાળમાં પોતે જ કારણ-કાર્યરૂપે હોવાથી નિરપેક્ષ છે. હવે આગલી પર્યાય તો વ્યય થઈ ગઈ. નવી પર્યાય ઉત્પન્ન થઈ તે સ્વતંત્ર થઈ અને તે કાળની તે સ્વતંત્ર યોગ્યતા ધારણ કરે છે. એ એનો સ્વકાળ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સાપેક્ષકા મતલબ.

પૂજ્ય ભાઈશ્રી :- સાપેક્ષ માને અપેક્ષા રખના, અપેક્ષા રખના. કારણકી અપેક્ષાપૂર્વક કાર્ય હૈ. તો કાર્ય સાપેક્ષ હો ગયા ન?

મુમુક્ષુ :- અપેક્ષા સહિત.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અપેક્ષા સહિત. સાપેક્ષ માને અપેક્ષા સમેત. ઉસકો સાપેક્ષ

કહતે હૈં. નિરપેક્ષ માને અપેક્ષા નહિ, કોઈ અપેક્ષા નહિ. 'કારણ **આપતો નથી તો કાર્ય આવે ક્યાંથી?**' આ કાર્ય-કારણનું સાપેક્ષપણું છે.

મુમુક્ષુ :- બન્નેમાં પરમાર્થ કેવી રીતે સધાય?

પૂજ્ય ભાઈશ્રી :- એક તો મુમુક્ષુતા આવે તો જ્ઞાનદશા થાય, તો ઈ રીતે સાપેક્ષપણું સ્વીકારવું જોઈએ. બીજું કે જ્ઞાનદશા છે એ એક સ્વતંત્ર પર્યાય છે. કે ઓલી તો હીણી પર્યાય છે. હીણી પર્યાય કારણ અને ઉપરની પર્યાય કાર્ય એમ ન્યાય લાગુ પડતો નથી, જેમકે મોક્ષમાર્ગ કારણ છે ને મોક્ષ કાર્ય છે. પણ મોક્ષમાર્ગ તો અધૂરી પર્યાય છે. તો અધૂરી પર્યાય પૂરી પર્યાયનું કારણ? કે નહિ પૂરી પર્યાય, પૂરી પર્યાયના પુરુષાર્થે થઈ છે. અધૂરી પર્યાયના પુરુષાર્થથી નથી થઈ, પણ પૂરી પર્યાયના પુરુષાર્થથી પૂરી પર્યાય થઈ છે. એટલે એક-એક પર્યાયનો તે તે કાળનો પુરુષાર્થ સ્વતંત્ર લીધો.

મુમુક્ષુ :- અહેતુક સત્ લીધું છેને!

પૂજ્ય ભાઈશ્રી :- અહેતુક સત્ લીધું એને. પ્રત્યેક પર્યાય છે તે અહેતુક સત્ છે. એને કોઈ હેતુ લાગુ પડતો નથી. ઈ એનું નિરપેક્ષપણું છે. નહિતર તો શું થાય? પહેલી પર્યાય સાધન છે, ને બીજી પર્યાય સાધ્ય છે. પણ ભૂલ ક્યાં થાય છે? સાધનને સાધ્ય કરી લેવામાં આવે ત્યાં ભૂલ થાય છે. ઈ મુમુક્ષુતા ઉપર જેટલું વજન જાય કે જ્ઞાનદશા આવે નહિ. હું મુમુક્ષુ, હું મુમુક્ષુ, હું મુમુક્ષુ, તો જ્ઞાની ક્યારે? એટલે જો વજન વધારે જાય, સાપેક્ષ છે પણ છતાં વજન વધારે જાય તો ઈ સાધ્ય થઈ જાય. સાધન ન રહે. જેમકે, આપણે સ્વાધ્યાય કરીએ છીએ એ એક સાધન છે અથવા એક કારણ છે. સાધન ને કારણ એકાર્થમાં વપરાય છે ઘણી જગ્યાએ. હવે આ એક કારણ છે, એક સાધન છે જ્ઞાન પ્રાપ્તિનું. જો એને સર્વથા ઉડાડો તોપણ જ્ઞાન પ્રાપ્તિ નથી. અને પૂરું વજન ત્યાં જાય (જેમકે) ભાઈ સ્વાધ્યાય કરવો, સ્વાધ્યાય કરવો, બને એટલો વધારે સ્વાધ્યાય કરવો, તો ઈ સાધ્ય થઈ ગયું - ઈ સાધન ન રહ્યું. કેમકે તમે એને જ સાધવા મંડ્યા. તમે સ્વાધ્યાયને જ સાધવા મંડ્યા. તો એ સાધ્ય થઈ ગયું. ઈ સાધન ન રહ્યું. અને સાધન સાધનના સ્થાનમાં રહેવું જોઈએ, સાધ્યના સ્થાનમાં આવે તો વિપરીતતા થાય. અને ઈ આખો આધાર weightage ઉપર છે. વજન વધારે હોવું (એના ઉપર છે.) વજન સંતુલિત પ્રમાણમાં રહેવું જોઈએ. એટલે જ આખું પ્રકરણ સંતુલન ઉપર આપણે લીધું. પરિણામનું સંતુલન ઉપર. જો વજન ફેર થઈ જાય તો આખી બાજી અવળી થઈ જાય. આપણે નથી કહેતા, જેમકે response આપવો કોઈપણ વ્યક્તિને પણ માથે ચડી જાય ત્યાં સુધી નહિ. આદર કરવો, ને પછી પોતે જ માથે ચડી જાય એવી રીતે (નહિ). કે દરેક વિષયની અંદર સંતુલન તો જાળવવું જ પડે

છેને? પૌષ્ટિક ખોરાક ખાવો પચે એટલો. પૌષ્ટિક ખોરાક વધારે ખાવો, પણ કેટલો વધારે? પચે એટલો. એથી વધારે વજન ગયું એટલે જે શક્તિનું કારણ હતું ઈ અશક્તિનું કારણ થઈ જશે. કાં ઊલટી થશે ને કાં ઝાડા થશે. અશક્તિ આવશે, કાં તાવ આવશે, કાં અપચો થાય. એટલે જે શક્તિ માટે ખાતો હતો ઈ અશક્તિનું કારણ થાશે. દરેક બાબતમાં વૈજ્ઞાનિક પરિસ્થિતિ સમજવી જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપશ્રીએ કહ્યુંને કે એક જ વાતમાંથી ઝેર પણ નીકળે છે ને અમૃત પણ નીકળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અમૃત પણ નીકળે છે એક સિદ્ધાંતમાંથી, અને કોઈપણ સ્તરના સિદ્ધાંતમાંથી પાછું. આમ અવળો પણ પડે ને સવળો પણ પડે. એટલે તો ભગવાનની દિવ્યધ્વનિમાંથી સિદ્ધાંત એટલે વસ્તુના સ્વરૂપને નહિ સમજતા કોઈ સ્તરે કોઈ વિપરીત પરિણમ્યા તો ઈ મત નીકળ્યો. કોઈ સ્તરે કોઈ બીજા વિપરીત પરિણમ્યા તો બીજો મત નીકળ્યો. એમ બધા જુદાં-જુદાં મત નીકળ્યા.

મુમક્ષુ :- એકાંત પકડ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- એકાંત પકડ્યું છે. વજન જવામાં ફેર પડ્યો. વ્યવહાર જૂઠો છે એમ કહ્યું રાજમલજીએ. વ્યવહાર જૂઠો છે તોપણ કેવળજ્ઞાન પણ એક વ્યવહાર છે. માટે કેવળજ્ઞાન જૂઠું છે એમ ન ચાલે. એવું થયું હતું. ગુરુદેવની હાજરીમાં આપણે પર્યુષણના દશલક્ષણ પર્વમાં ગુરુદેવ સ્વાધ્યાય હોલમાં બેસેને ત્યાં કોઈને કોઈ વાંચનકારનું વાંચન ચાલે, ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં ચાલે. એમાં એ પર્યાય જૂઠું છે એ ચાલ્યું. એ એકાંત થયું, વજન વધારે વયુ ગયું, તો કહ્યું કે એવું ન હોય. વ્યવહાર-વ્યવહારના સ્થાનમાં છે પાછો. એકાંતે જૂઠો છે એમ ન લેવાય. તો તો કેવળજ્ઞાન જૂઠું ઠરશે એમ કીધું. પર્યાયબુદ્ધિ થાય તો જૂઠાપણું છે. પર્યાય ક્યારે જૂઠી છે? કે પર્યાયબુદ્ધિ થાય ત્યારે. બાકી દ્રવ્યદૃષ્ટિએ પર્યાય-પર્યાયના સ્થાનમાં બરાબર છે. એવું છે. '**જે જાતનો સ્વભાવ છે તે રૂપે પોતે પરિણમતો નથી.**' કાર્ય નથી આવતું એટલે જે જાતનો સ્વભાવ છે, સ્વભાવરૂપે પરિણમતો નથી. મોક્ષ છે તે સ્વભાવસ્વરૂપ પરિણમન છે. કૃપાળુદેવે મોક્ષની વ્યાખ્યા એવી કરી છ પદમાં. સ્વભાવસ્વરૂપ પરિણમન તે મોક્ષ છે. '**અંદરની શાંતિ જુદી હોય છે.**' અંદરની એટલે સ્વભાવ જે શાંત સ્વરૂપે છે એ વસ્તુનું-આત્માનું સ્વરૂપ છે શાંતિ એ. શાંતતા એ આત્માનું સ્વરૂપ છે. એની શાંતિ આખી જુદી છે. માનસિક શાંતિ જુદી છે અને સ્વભાવની શાંતિ જુદી છે. '**ને બહારથી વિકલ્પ શાંત કરીને બેઠો છે એ તો શુભભાવની શાંતિ છે.**' ક્યાં ભૂલ થાય છે, કારણ-કાર્યમાં. કે જે વિકલ્પની શાંતિ છે, શુભભાવની - મંદ કષાયની શાંતિ છે એ શાંતિ વિભાવ

સ્વરૂપે છે. એ શાંતિ સ્વભાવનું સ્વરૂપ નથી. ને એવી શાંતિને સાધવાનો પ્રયત્ન કરે એ વિભાવને સાધવાનો પ્રયત્ન કરે છે, સ્વભાવને સાધવાનો પ્રયત્ન નથી કરતો. અને ધાર્મિક ક્ષેત્રમાં મોટાભાગના જીવો અહીંયાં ભૂલ કરે છે. જ્યાં એને થોડીક શાંતિ થઈ ત્યાં એ વિભાવની ને સ્વભાવની ઓળખાણ નહિ હોવાથી ભૂલો પડ્યો. કેમ ભૂલો પડ્યો?

મુમુક્ષુ :- ઓળખાણ નહિ હોવાથી.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવ અને વિભાવની જાતિ ન પરખી, ઓળખાણ ન થઈ માટે એ ભૂલો પડ્યો. '**એ તો શુભભાવની શાંતિ છે. શુભભાવનો આહ્લાદ છે.**' એટલે આનંદ પણ આવે શુભભાવમાં. શાંતિ પણ લાગે, આનંદ પણ લાગે, સુખ પણ લાગે. એટલે અવલોકનના પ્રયોગમાં અને practiceમાં પરખ આવે છે. સ્વભાવ-વિભાવની પરખ આવે છે. એ આપણે સુવિધિના પ્રકરણમાં એ વાત લીધી છે. '**શુભભાવનો આહ્લાદ છે. ક્યાંક તેનો રસ રોકાય છે...**'

મુમુક્ષુ :- ભાઈશ્રી! આહ્લાદકા મતલબ ?

પૂજ્ય ભાઈશ્રી :- આહ્લાદ માને ઉલ્લાસ. આનંદકા ઉલ્લાસ. ઉસકો આહ્લાદ ભી કહતે હૈં.

મુમુક્ષુ :- જે આહ્લાદ આવ્યો ઈ દર્શનમોહની તીવ્રતા થઈને ત્યાં?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, આહ્લાદ આવ્યો તેમાં ઠીકપણું માન્યું તો.

મુમુક્ષુ :- ઠીકપણું માન્યું. અંતે તો શુભભાવ જ છેને?

પૂજ્ય ભાઈશ્રી :- શુભભાવ છે પણ શુભભાવમાં ઠીકપણું ન માનવું જોઈએ. અથવા એને આત્માનો આહ્લાદ ન માનવો જોઈએ. આનંદ, આત્માના આનંદનો આહ્લાદ ન માનવો જોઈએ. નહિતર ભૂલ પડે, વિપરીતતા થાય, દર્શનમોહ વધે. '**ક્યાંક તેનો રસ રોકાય છે**' ક્યાંક તેનો રસ રોકાય છે અને એ સૂક્ષ્મ અવલોકનથી પકડવું જોઈએ. પોતાનો રસ ક્યાંક રોકાય છે એ સૂક્ષ્મ અવલોકનથી પકડવું જોઈએ. જ્યાં રસ રોકાતો હશે ત્યાં વજન જતું હશે. જ્યાં રસ ને વજન હશે ત્યાં મુખ્યતા થતી હશે. પકડી શકાય એવું છે. કેવી રીતે પકડવું? પકડવું આવી રીતે કે, જ્યાં વજન જાયને ત્યાંની મુખ્યતા આવી જાય ને ત્યાં રસ છે એમ સમજી લેવું. રસથી રોકાય છે અથવા '**તેને પ્રમાદ હોય છે તેથી કાર્ય આવતું નથી.**' પ્રમાદના કારણે પણ કાર્ય આવતું નથી. પ્રમાદ એટલે શું? કે ઉલ્લસિત વીર્યથી જે કામ કરવું જોઈએ એવી રીતે ઉત્સાહથી કામ કરવાનો ઉત્સાહ ન આવે, એને અહીંયાં પ્રમાદ કહે છે. '**તેથી કાર્ય આવતું નથી. બહારથી આટલું કર્યું, આટલા કલાક કર્યું. એમ તેમાં કલાકનું માપ ન હોય.**' ગણતરીને તો ભૂલી

જ જાજે તું, એમ કહે છે. અથવા ભૂલથી પણ ગણતરી કરતો નહિ. મેં આટલા કલાક સ્વાધ્યાય કર્યો, આટલા કલાક વાંચન કર્યું, આટલા કલાક ચિંતવન કર્યું, તું પારકા માટે કરે છો, તારા માટે કરતો નથી. **'કોઈ કહે ૧૫ મિનિટ આ કર્યું-૧૫ મિનિટ ધ્યાન કર્યું. છતાં કાર્ય થતું નથી.'** કે **'કારણ તે તો અંદરની તૈયારીથી થાય છે.'** બહારથી આમ તું કર એટલે કાર્ય થાય એવું કાંઇ નથી. કોઇની ભક્તિ બહારમાં વધારે દેખાય અને કોઇની બહારમાં ઓછી દેખાય માટે ભક્તિ ઓછી છે એમ છે? સોગાનીજીની ભક્તિ બહારમાં બહુ દેખાતી નહોતી અથવા લગભગ દેખાતી નહોતી. પણ અંદરમાં કેટલી ભકિત હતી ઈ એમના વચનો એના પુરાવારૂપે છે. એટલે બહારમાં દેખાય તો જ કાર્ય હોય એવું કાંઇ નથી. ઈ તો અંદરની વાતો છે બધી. અંદરના પરિણમનનો વિષય છે.

**'કારણ તે તો અંદરની તૈયારીથી થાય છે. અંદરનું સહજ જે ચાલતું હોય તેને આટલા કલાક કર્યું તેવા માપ ન હોય!'** શું લીધું? આ વાત બહુ સરસ લીધી છે કે, જેને અંદરથી સહજ ચાલતું હોય પરિણમન, પોતાનો પ્રયોગ ચાલ્યા કરતો હોય એને ઈ વિકલ્પ જ ન આવે કે મેં આટલા કલાક આ કામ કર્યું, એ વિકલ્પ એને ન આવે. અને જે કૃત્રિમતાથી કરતો હોય, કર્તાબુદ્ધિથી કરતો હોય ઈ ગણતરી કર્યા કરશે. મેં આટલા કલાક આ કર્યું, આટલા મિનિટ આ કર્યું, આ આમ કર્યું, આ આમ કર્યું. આ બેયનું લક્ષણ સમજાય એવું છે કે એકને ગણતરી થાય ને એકને ગણતરી ન થાય. આ સમજાય એવું છે. બીજું, કે જેને આખું જીવન બદલવું છે તેને આખું પરિણમન બદલવું છે, પછી ગણતરી... ઈ થોડા-થોડાની ગણતરી કરવાનો પ્રશ્ન જ ક્યાં ઊભો થાય છે? તમારે શું કરવું છે? કે તમારું આખે-આખું પરિણમન બદલો, આખે-આખું જીવન બદલો ઈ તમારું ધ્યેય છે. તો પછી મેં આટલો ટાઈમ આ કર્યું, અડધો કલાક આ કર્યું, કલાક આ કર્યું, બે કલાક આ કર્યું, ચાર કલાક આ કર્યું, તો આખું જીવન કેવી રીતે તારાથી સહન થાશે? હજી તો કલાક, અમુક કલાકોથી વધારે જાય તો એનો અર્થ કે તું સહન નથી કરી શકતો.

મુમુક્ષુ :- પરાણે કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો પરાણે કરે છે. આત્મગુણોનો પ્રેમ હોવો જોઈએ, એમ કહે છે અને સ્વરૂપ નિશ્ચય થાય છે એટલે સ્વરૂપની ઓળખાણ થાય, બીજા સમકિતમાં ત્યારે જે ગુણનો પ્રેમ છે ઈ ખરેખરો પ્રગટે છે. કેમ? કે અનંત ગુણનું નિધાન પોતામાં જોયું. શું થયું? અનંત ગુણનું નિધાન પોતામાં જોયું. કોઇના એક ગુણ પ્રત્યે પણ એને પ્રમોદ આવતો હતો, તો પોતામાં અનંત ગુણનું નિધાન જોયું, હવે એને કેટલો

પ્રેમ આવે? એવી એક પરિસ્થિતિ પ્રગટે છે. ગુરુદેવ કહેતા ઘણીવાર તને તારા સ્વરૂપનો પ્રેમ જ આવ્યો નથી એમ કહેતા! એટલે જાણે પરાણે-પરાણે તું ધ્યાન કરે છો, ખેંચી-ખેંચીને કરે છો. ઈ તો પરાણે-પરાણે છે. ખેંચી-ખેંચીને કરવું પડે ઈ પરાણે-પરાણે થયું કે ન થયું? એટલે પુરુષાર્થ પણ સહજ છે. કરવો પડે એમ નહિ પણ સહજ છે. આ વાત સરસ લીધી છે. **'અંદરનું સહજ જે ચાલતું હોય'** જેને એવું સહજ ચાલતું હોય તેને 'જેને' અધ્યાહાર રાખ્યું છે. જેને અંદરનું સહજ જે ચાલતું હોય **'તેને આટલા કલાક કર્યું તેવા માપ ન હોય! '** એવું એ માપ કાઢ્યા કરે નહિ. હવે આજ તો અમે દસ કલાક સ્વાધ્યાય કર્યો. અધધધ...થઈ ગયું ઠીક! રુચિવાળાને ગણતરી હોય નહિ. હવે બહારમાં પણ એને પરિગ્રહ જોઈએ છે, તો કેટલો જોઈએ છે? એનું કાંઈ માપ છે? કોઈને માપ છે? તો ત્યાં તો ગણતો નથી, ઘણું આવી ગયું હવે નથી જોઈતું. ત્યાં તો હજી નવું-નવું જોઈએ જ છે. નવું નીકળ્યું ઈ બધું લાવ, નવું નીકળ્યું ઈ બધું લાવ. ભલે ને ઢગલો પડ્યો રહે તોય તે લાવ, બીજું લાવ, બીજું લાવ, બીજું લાવ. તો પછી અહીંયાં તને કેમ માપ આવી ગયું? ધરાઈ ગયો? એમ કહે છે. એટલે એના માપ ન હોય.

**'અંદર જ્ઞાયકની સહજધારા ચાલે તેને કાળનું માપ ન હોય;..'** અને ઈ તો સહજ સાદી અનંતકાળ આનંદ રહેવાનો છે. સાદી અનંતકાળ સુખ થવાનું છે, શાંતિ થવાની છે. જે જ્ઞાયકધારામાં સુખ-શાંતિ પ્રગટી એનું માપ કાઢવાનો ક્યાં સવાલ ઊભો થયો! એનું માપ હોય નહિ. **'સહજધારામાં પોતે જ આગળ જાય, બહારથી અમુક વિકલ્પ મંદ કર્યા હોય તો તેને શાંતિ જેવું લાગે તેમ નહિ પણ તેનું હૃદય અંદરથી ભેદાવું જોઈએ.'** હૃદય એટલે આ નહિ, અંતરની પરિણતિ એને હૃદય કહેવામાં આવે છે. અંતર પરિણતિ સંસારની ભેદાય જવી જોઈએ. એને અંતરભેદજાગૃતિ કહેવામાં આવે છે. ફરીથી **'સહજધારામાં પોતે જ આગળ જાય,'** જે પોતાની આત્મધારા છે, સ્વભાવધારા છે, જ્ઞાનધારા છે, ચૈતન્યધારા, અમૃતધારા છે ઈ એમાં પોતે આગળ જાય. **'બહારથી અમુક વિકલ્પ મંદ કર્યા હોય તો તેને શાંતિ જેવું લાગે..'** વિકલ્પની મંદતા થાય ત્યારે શાંતિ લાગે. **'તેમ નહિ..'** ત્યાં શાંતિ ન લાગવી જોઈએ. ત્યાં પણ અશાંતિ લાગવી જોઈએ. શાંતિ તો ન લાગવી જોઈએ પણ અશાંતિ લાગવી જોઈએ. એ વિષય અમૃતચંદ્રાચાર્ય દેવે ૧૪૪ ગાથાની ટીકામાં લીધો છે. સૂક્ષ્મ અંતરજલ્પ ઉત્પન્ન થાય એની આકુળતા, ત્યાં એની આકુળતા લીધી છે. એ આકુળતાથી છૂટો પડીને નિર્વિકલ્પ, નિરાકુળ શાંત સ્વરૂપમાં પરિણમન આવે છે. એટલે સૂક્ષ્મ વિકલ્પથી પણ આકુળતાને કારણે ખસવાની જેની તૈયારી થઈ તે નિર્વિકલ્પ શાંતિમાં આવે. આમ કારણ-કાર્યનો

સબંધ છે. આ કારણ-કાર્યનો સબંધ છે.

મુમુક્ષુ :- ફિરસે લીજિયે.

પૂજ્ય ભાઈશ્રી :- ઐસા હૈ કિ, વિકલ્પ મંદ હો જાતે હૈં તો શાંતિ લગતી હૈ. ક્યા લગતી હૈ? શાંતિ લગતી હૈ. તો વો શાંતિ માનસિક શાંતિ હૈ. વાસ્તવમેં દેખા જાયે તો વહાઁ-વિકલ્પમેં આકુલતા હૈ, તો જિસકો પહચાન હૈ ઉસકો આકુલતા માલૂમ પડ જાતી હૈ, પર વો આકુલતાસે વહાઁસે ખીસકનેકા પ્રયાસ કરેગા. તો ઉસ વક્ત કૈસે હોતા હૈ? અંદરકા ચિત્ર જો ખીંચે તો, કિ જો ભેદજ્ઞાન ચલતા હૈ ઉસમેં જ્ઞાનકે સાથ ઉસકી મિંઢવણી હોતી હૈ. જ્ઞાન નિરાકુલ શાંત સ્વરૂપ હૈ. જ્ઞાન સ્વયં શાંત સ્વરૂપ હૈ. ઔર ઉસકી બરાબરીમેં મિલાન કરે તો વિકલ્પકા એક કણ ભી અશાંત હૈ. કાલે આપણે લીધુંને સમ્યક્ત્વમાં. એક કણને જે અંદર મેળવવા દેતો નથી. સમ્યક્ત્વના પ્રકરણમાં લીધું હતુંને.

મુમુક્ષુ :- પોતામાં ભેળવવા દેતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પોતામાં ભેળવવા દેતો નથી એક કણને પણ. કારણકે પોતે એકાંત શાંત સ્વરૂપ છે. એમાં વિકલ્પનો એક કણ છે એ foreign element છે. બહિર્તત્ત્વ છે, અન્ય તત્ત્વ છે. બેને મેળ નથી બિલકુલ. એટલે અમુક વિકલ્પ મંદ કર્યા હોય તો તેને શાંતિ જેવું લાગે તેમ નહિ. એમ ન થવું જોઈએ. ત્યાં પણ અશાંતિ લાગવી જોઈએ. '**પણ તેનું હૃદય અંદરથી ભેદાવું જોઈએ.**' અંદરથી અશાંતિની પરિણતિ તૂટી જવી જોઈએ. '**અંદરથી તેને ક્યાંય રસ ન હોય,**' ક્યાંય અંદર, અંદરથી ક્યાંય રસ ન આવે. બધા બહારના કામ ઉદય અનુસાર પતાવે. શું? પતાવે. તો એમાં ઉત્સાહ નથી, એમાં રસ નથી, પ્રેમ નથી, એવી રીતે અંદરથી ક્યાંય રસ ન હોય. '**જ્ઞાયકને ઓળખવા માટે એટલી હદે ઉદાસીનતા અંતરમાંથી આવવી જોઈએ.**' ઓળખતી વખતે હો હજી તો, પછી ઓળખાય જાય પછી અનુભવ થાય એ વળી આગળની વાત છે. આ તો ઓળખતી વખતે એટલી ઉદાસીનતા આવવી જોઈએ. મુંબઈમાં સ્વાધ્યાયમાં લીધું હતું કે પોતાના સ્વરૂપની જિજ્ઞાસા, અપૂર્વ જિજ્ઞાસા, જિજ્ઞાસા પણ કેવી? અપૂર્વ જિજ્ઞાસા. એ જાગૃત થયા વિના સ્વરૂપની ઓળખાણ ન થાય, કેમ? કે ઓળખવા માટે જ્ઞાનમાં જે અવકાશ થવો જોઈએ, ખાલી જગ્યા થવી જોઈએ, એ છે નહિ અત્યારે. એ અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થતા એ અવકાશ ઉત્પન્ન થાય છે અને એ જિજ્ઞાસાપૂર્વક અંતરમાં અને અંતરમાં એટલે કે જ્ઞાન પોતે જ્ઞાનમાં ને જ્ઞાનમાં. અંતરમાં અને અંતરમાં એટલે પોતામાંને પોતામાં. જ્ઞાન પોતે જ જ્ઞાનમાં ને જ્ઞાનમાં જે પ્રગટ સ્વભાવ છે, તેને શોધે છે. અપૂર્વ જિજ્ઞાસાથી શોધે છે. તો એ શોધવાવાળો જીવ પોતાના ખોવાયેલા

સ્વરૂપને શોધે છે, ત્યારે એ શોધવામાં ઈ પોતે ખોવાય જાય છે.

મુમુક્ષુ :- પોતે ખોવાય જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાનું જે ખોવાયેલું સ્વરૂપ છે એને શોધવા નીકળેલો એ શોધમાં જ ખોવાય જાય છે. કેવો ખોવાય જાય છે? એવો ઉદાસીન થઈ જાય છે અંદરથી, કે બહારમાં એક દૃષ્ટાંત લઈએ,

કે પોતે જમવા બેઠો હોય તો એણે શું ખાધું છે ઈ ખબર ન હોય. શું ખાય છે ઈ ખબર ન રહે. અને કોઈ ચીજ ભાણામાં ખૂટી ગઈ હોય ને બાજુમાં પીરસનારા હોય એમ કહે, જરાક આ તમને આપું? મૂકું? સાંભળે કોણ? ધ્યાન ન જાય, એટલે સાંભળે નહિ. ઓલાને ખબર પડી જાય. કે ક્યાં ખોવાય ગયા છો? આ પૂછ્યું પણ તોય જવાબ ન દીધો. કે ઠીક-ઠીક હાલો મૂકી દ્યો. એવી ઉદાસીનતા આવે. પછી ખાવામાં રસ પડવાનો ક્યાં સવાલ ઊભો થયો? કે રસને રોકવાનો સવાલ ક્યાં ઊભો થયો? એવી ઉદાસીનતાના ક્રમમાં આગળ વધે ત્યારે એવી બધી ઉદાસીનતા આવે છે. પછી સ્વરૂપનો પત્તો લાગે છે. એવી અંતર શોધ, એવી અપૂર્વ અંતર શોધ થયા વિના, અંદરથી સ્વરૂપનો પત્તો લાગતો નથી આમ છે. આમ પચીસ વર્ષનો જુવાન છોકરો ખોવાય ગયો હોય. હમણા મુંબઈમાં kidnap કરી જાય છેને? ગાંડો થઈ જાય કે નહિ? આનું થયું હતુંને, એક મુમુક્ષુના મામાનું. એના દાદા ને ઈ વખતે હું કલકત્તામાં હતો. ઈ ખોવાણા ત્યારે. એ લોકો ભાગીદાર છેને, સગા પણ થાય આમ. લઈ ગયા હતા એમના ઘરે કે આનું મગજ કાંઈ ઠેકાણે નથી. વીસ ગાડીઓ દોડે છે અત્યારે, રાત અને દિવસ. ચોવીસ કલાક એને ગોતવા માટે. કેટલી? વીસ ગાડીઓ દોડાવી હતી. પૈસાવાળા માણસો અને પચીસ વર્ષનો જુવાન છોકરો. રાત્રે નવ-સાડાનવ-દસ વાગ્યે ઘરની બહાર કે પાન ખાયને આવું છું. પાન ખાવાના બહાને, સામાન્ય કોઈ એવા કામે જઈને આવું છું. ગ્યો ઈ ગ્યો. આજે વર્ષ થઈ ગયા એને બીજા ત્રેવીસ. ૨૦૩૦ની સાલમાં હું ત્યાં હતો. ત્યારે આ પ્રસંગ બનેલો. આપણા મુમુક્ષુ એને સ્વાધ્યાયમાં લઈ આવ્યા. નાના થાય, દાદા-દાદા કહીએ. ઈ વૃદ્ધ ઉંમરે એવા રૂપાળા હતા. પર્સનાલિટીવાળા હતા. સ્વાધ્યાયમાં લઈ આવ્યા હતા. સ્વાધ્યાયમાં ચિત્ત ચોંટે નહિ. ક્યાંય ઉપયોગ લાગે નહિ. ખાવામાં ઉપયોગ લાગે નહિ. રાત્રે ઊંઘ આવે નહિ. ક્યાં ગ્યો આ જુવાન છોકરો? કોઈએ મારી નાખ્યો હશે? કોઈ એને પૂરીને મારતું હશે? સતાવતું હશે? જુલમ કરતું હશે? અને શું હશે? હજાર વિકલ્પ આવે. ક્યાંય ચેન પડે નહિ. આત્મા ખોવાય ગયો છે એના કરતા સસ્તો છે. છોકરો મોંઘો છે ને આત્મા સસ્તો છે. એટલે એની ચિંતા જીવ કરતો નથી. ખોવાય ગયો છે એટલે એની ચિંતા જીવ કરતો નથી આમ છે લ્યો.

પછી કહે છે કે, આત્મા મળતો નથી. પણ ક્યાંથી મળે? ક્યાંથી મળે? એટલે કહે છે કે, '**જ્ઞાયકને ઓળખવા માટે એટલી હદે ઉદાસીનતા અંતરમાંથી આવવી જોઈએ.**' એટલી હદે એટલે આટલી હદે. એટલી એટલે કેટલી? કે આટલી. કે પચીસ વર્ષનો જુવાન છોકરો ખોવાય જાય એથી વધારે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મુમુક્ષુની ભૂમિકામાં જે ભૂમિકા જે પ્રયાસ - પરિભ્રમણની વેદનાનો એ ભૂમિકામાં ખોવાય જવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક લયથી. એ ભૂમિકામાં ખોવાય જવું. '**બહારથી બધું છૂટી જાય એમ હોતું નથી.**' વેદના આવે ત્યારે વેદનામાં ખોવાય જાય. બહારથી બધું છૂટી જાય એમ હોતું નથી મુમુક્ષુને, કે ભાઈ બધો ત્યાગ કરી નાખીએ, ઘર છોડીને ચાલ્યો જાય, દુકાન છોડીને ચાલ્યો જાય, એમ નહિ. અંદરથી આ ફેરફાર ઉદાસીનતાનો થવો જોઈએ. બહારથી બધું એમને એમ હોય. કેમકે એ પૂર્વકર્મ અનુસાર બધા ગોઠવાણા છે સોગઠા. સંયોગોના સોગઠા. સોગઠાબાજી છે આ બધી. એ પૂર્વકર્મ પ્રમાણે ગોઠવાણા છે. એમાં તારું કાંઈ ચાલે એવું નથી. અંદરથી ફરી જા! એમ કહે છે. કૃપાળુદેવ લખે છે, માંહેથી આત્મા ફરવો જોઈએ, આ શબ્દ વાપરે છે. '**બહારથી બધું છૂટી જાય એમ હોતું નથી. પણ કાર્ય ન થાય ત્યાં સુધી વાંચન કરે, મનન કરે, સ્વાધ્યાય કરે, ધ્યાન કરે પણ આટલું મેં કર્યું છતાં કેમ નથી થતું? એમ તેને ન થાય.**' ઘણું કરે છતાં કરું છું, આમ કરું છું, તેમ કરું છું, એમ ન થાય. કેમકે જ્યાં આત્મીયતા છે ત્યાં ભેદ હોતો નથી અને ભેદ પડે છે ત્યાં આત્મીયતા રહેતી નથી, ખલાસ થઈ ગઈ, આમ છે.

'**કાર્ય ન થવામાં પોતાનું કારણ છે તેમ જાણી,..**' કાર્ય ન થવામાં પોતાનું જ કારણ છે તેમ જાણી '**બહારમાં ક્યાં રસ છે તે અંદરમાં પોતે વિચારી જોવે.**' ઓલામાં ઈ છેલ્લું વાક્ય લીધું હતું. ૧૪૭માં. પોતાનો રસ ક્યાંક રોકાતો હોય છે તે પોતે વિચારવું, વિચારવામાં શોધવું, અવલોકવું, એ બધી sense આવી જાય છે કે મારો રસ ક્યાં રોકાય છે. અહીંયાં પણ એટલું (કહ્યું.)

મુમુક્ષુ :- હજી આગળનો પ્રશ્ન એવો જ છે. સળંગ ચર્ચા હોય એવું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ સળંગ ચર્ચામાં વચ્ચે-વચ્ચે પ્રશ્ન ઉઠાવ્યા છે કે, બધું કાર્ય ન થવામાં પોતાનું કારણ છે. એટલે એક તો વાત લઈ લેવી. કે આવા સંયોગ-વિયોગ થયા છે ઈ કારણ છે, એટલે મારું કાર્ય થતું નથી - ઈ તો ભૂલી જ જા તું. પરિસ્થિતિને કારણે મારું કાર્ય થતું નથી એ વાત તો સાવ છોડી દેજે. કાર્ય ન થવામાં પોતાનું જ કારણ છે, એમ જાણી બહારમાં પોતાનો રસ ક્યાં રોકાય છે એ અંતર જોઈને

બરાબર અવલોકીને, વિચારીને, શોધીને તપાસી લેવું, જાણી લેવું અને એ રસ તોડી નાખવો તો કાર્ય થાય. અહીં સુધી રાખીએ.

મુમુક્ષુ :- આનો આશય લખી લેશું?

પૂજ્ય ભાઈશ્રી :- આશય એ છે કે, **આત્મકલ્યાણના હેતુથી કારણ-કાર્યની શ્રૃંખલાને સમજવી જોઈએ અને તદ્અનુસાર કારણને પ્રાપ્ત કરી સાધવા યોગ્ય સાધવું જોઈએ.** ટૂંકું કરવું હોય તો સાધ્યને સાધવું જોઈએ.

❁

**અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે. કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો ક્યા ભવે કરશે? હે જીવ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહિ મળે.**

– બહેનશ્રીનાં વચનામૃત – ૬૦

પ્રશ્ન :- શેનો રસ છે તે પોતાને ખ્યાલમાં આવી જાય?

સમાધાન :- ખરો જિજ્ઞાસુ હોય તો ખ્યાલમાં આવે કે હું ક્યાં રોકાઉં છું. બાકી તો જેને એકલી ઉતાવળ કરવી છે કે મારે કરવું છે છતાં મને કેમ કાંઈ થતું નથી એમ ખોટી ઉતાવળથી કરવું હોય તો ખ્યાલમાં ન આવે.

જેને ખરી લાગી હોય કે મારે આત્માનું કરવું જ છે. હું ક્યાં જાઉં છું? ક્યાં રોકાઉં છું? તે ખરું પકડવું હોય તો પોતે પકડી શકે છે. પોતે એકાંતમાં જેટલીવાર બેઠો તો તે વખતે વિચારો ક્યા ચાલે છે, પરિણામ ક્યાં જાય છે, પોતે કેટલો ન્યારો રહે છે, જ્ઞાયકની કેટલી ધારા ચાલે છે, કેટલી દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે, ને વિભાવોથી કેટલો છૂટો પડ્યો છે તે પોતે વિચારે તો ખબર પડે.

અમુક કલાક બેઠો એટલે કામ થઈ જાય એમ નથી. શરીર તો બેઠું રહે પણ તે વખતે પોતાને અંદર શું થાય છે તે જોવાનું રહે છે.

'' અબ ક્યોં ન વિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે. ''

તે સાધનથી કાંઈક જૂદું જ રહી જાય છે. અંતરની પરિણતિ અંદરથી કામ કરવી જોઈએ, છૂટી પડીને કામ કરવી જોઈએ. પણ પોતે એટલો ઊંડો ઊતરતો નથી, પોતાને ગ્રહણ કરતો નથી. પોતે પોતાને પ્રગટ કરવો છે તે જ્ઞાયકને ગ્રહણ કરે તો થાય ને! ભેદજ્ઞાનની ધારા ચાલે તો છૂટો પડે. ભેદજ્ઞાનની ધારા ચાલતી નથી તો કેવી રીતે છૂટો પડે? માત્ર વિકલ્પને શાંત કરવાથી કાંઈ છૂટો પડતો નથી. હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું એમ કર્યા કરે ને વિકલ્પ શાંત થાય એટલે શાંતિ-શાંતિ લાગે. પણ અંદર પરિણતિ પ્રગટ કરવાથી, અંદર ન્યારાપણું આવે તો સાચી શાંતિ થાય છે. હું જ્ઞાયક છું, મારામાં કાંઈ નથી-મારામાં કાંઈ નથી એમ કર્યા કરે તો પણ કાંઈ ન થાય. યથાર્થપણે જ્ઞાયકને ગ્રહણ કરે તો થાય. અનાદિથી એકત્વબુદ્ધિ થઈ રહી છે. બહારથી પુરુષાર્થ ઘણા કરે છે, પણ કરવાનું અંદર છે, તેનું હૃદય અંદરથી ભીંજાવું જોઈએ અને તત્ત્વને ગ્રહણ કરવાની અંદરથી તાલાવેલી કોઈ જુદી લાગવી જોઈએ!

મુમુક્ષુ :- અંદરથી તાલાવેલી તો ઘણી લાગે છે.

બહેનશ્રી :- ઘણું લાગે પણ ઘણું નથી. વિકલ્પમાં થાય છે પણ અંદરથી થવું જોઈએ, તે થતું નથી, તેમ થાય તેને આકુળતા ન હોય; ધીરજ હોય, શાંતિ હોય. જ્ઞાયકને ગ્રહણ કરવો છે છતાં નથી થતું તે મારા પુરુષાર્થની ખામી છે, મારો દોષ છે, હું જ ક્યાંક રોકાઉં છું, એમ પોતાને લાગવું જોઈએ. બહારનું બધું કાંઈ છૂટી

**જતું નથી પણ મારે કાંઈ જોઈતું નથી, એવો અંદરથી જોરદાર પલટો આવવો જોઈએ. બસ, મારે કાંઈ જોઈતું નથી તેમ અંદરથી લાગવું જોઈએ. એટલો અંદરથી પલટો થવો જોઈએ. અંતરમાંથી એવો પલટો આવે કે બસ, એક આત્મા સિવાય કાંઈ જોઈતું નથી. આત્મા જ જોઈએ છે એટલી અંદરથી તાલાવેલી લાગવી જોઈએ. જો અંદરથી લાગે કે મને કોઈનો આશ્રય નથી, કોઈ પર સુખરૂપ નથી; તો એક આત્મા સિવાય બીજે ક્યાંય તેની દૃષ્ટિ અંદરથી ટકતી નથી. પછી ભલે કોઈને લાંબા કાળે કાર્ય થાય કે કોઈને અંતર્મુહૂર્તમાં થાય, પણ અંતરથી બધું છૂટી જવું જોઈએ કે બહારમાં એક રજકણથી માંડીને કોઈપણ પરદ્રવ્ય મારું નથી, એમ શ્રદ્ધામાં આવવું જોઈએ. ૧૪૯.**

## તા. ૨૮-૦૩-૧૯૯૭, પ્રશ્ન-૧૪૯
## પ્રવચન નં. ૧૦૧

સ્વાનુભૂતિદર્શન, પ્રશ્નઃ-૧૪૯ પાનું-૧૦૩.

ચર્ચા ચાલી છે કે પોતે ક્યાંક રોકાય છે. રોકાય છે એટલે પોતાના આત્મા કરતા બીજે અધિકતા આપે છે. જીવ બહારમાં ક્યાંક રોકાય છે એટલે કે પોતાના આત્મા કરતા બીજે અધિકતા આપે છે. કોઈપણ સંયોગિક પદાર્થમાં સચેત-અચેત કે સચેત-અચેત મિશ્ર, કોઈ પદાર્થમાં પોતાના આત્મા કરતા વધારે અધિકાઈ આવે એટલે જીવ ત્યાં રોકાય છે. એ રોકાવાના પરિણામને રસ કહે છે. એવા રોકાવાના પરિણામને રસ કહે છે. રસ, રસની ચર્ચા કરે છે. આપણે રસની ચર્ચા વિશેષ કરીએ છીએ અહીંયાં, પણ ત્યાં પણ રસની ચર્ચા ચાલી છે આ દિવસોમાં. ૧૪૭માં પણ પોતે એમ કહ્યું કે, મારો રસ ક્યાં રોકાય છે એ વિચારવું. ૧૪૮માં પ્રશ્નમાં પણ એ આવ્યું કે, અંદરથી ક્યાંય રસ ન હોય એવી ઉદાસીનતા આવવી જોઈએ. પાછી હજી રસની ચર્ચા ચાલે છે.

**'પ્રશ્ન :- શેનો રસ છે તે પોતાને ખ્યાલમાં આવી જાય?'**

પ્રશ્ન એવો ઉઠાવ્યો છે. શેનો રસ છે? ક્યાં મારો રસ રેડાય છે? હું કોને અધિકતા આપુ છું? એ પોતાને ખબર પડે કે ન પડે? આવો પ્રશ્ન કર્યો છે. તો કે પડે ખરી પણ કોને ખબર પડે? બધાને ખબર નથી પડતી પાછી. કેટલાક તો તીવ્ર રસના પ્રવાહમાં

એવા તણાય જાય છે કે, એને ખબર જ નથી હોતી કે હું ક્યાં તણાવ છું. ત્યારે અહીંયાં એ ઉત્તર આપ્યો છે કે,

'**સમાધાન :- ખરો જિજ્ઞાસુ હોય તો...**' તેને. કોને ખ્યાલમાં આવે? જિજ્ઞાસુ એટલે અહીંયાં ભાવનાવાળો. આત્મકલ્યાણની ખરી ભાવનાવાળો હોય તો. જિજ્ઞાસાના બે અર્થ થાય છે, એક તો જાણવાની આકાંક્ષાને જિજ્ઞાસા કહે છે. સમજવાની તત્પરતાવાળી વૃત્તિ, સમજવાની તત્પરતાવાળી વૃત્તિને પણ જિજ્ઞાસા કહે છે અને આત્મકલ્યાણની ભાવના હોય એને પણ જિજ્ઞાસા કહે છે. 'તે કહિયે જિજ્ઞાસ' એમ લીધુંને. એમાં પણ ત્યાં ભાવનાવાળો લેવો છે - 'આત્મસિદ્ધિ' શાસ્ત્રમાં. અહીંયાં પણ ખરો જિજ્ઞાસુ હોય કે ખરેખર આત્મકલ્યાણની ભાવનાવાળો હોય તો એને '**ખ્યાલમાં આવે કે હું ક્યાં રોકાઉં છું.**' કેમકે એની ભાવનાને ઠેસ પહોંચે છે. કેમ ખબર પડે છે એને? કે એની ભાવના જે વર્તી રહી છે એમાં એને ઠેસ પહોંચે છે. '**બાકી તો જેને એકલી ઉતાવળ કરવી છે કે મારે કરવું છે છતાં મને કેમ કાંઈ થતું નથી એમ ખોટી ઉતાવળથી કરવું હોય તો ખ્યાલમાં ન આવે.**' શું કહે છે? પ્રશ્ન બહુ વિસ્તારથી ચાલ્યો છે. આ રસનો પ્રશ્ન ઉઠાવ્યો છેને. વિસ્તારથી જરા લીધો છે. ઈ બીજું પડખું લીધું, કે કોને ખ્યાલમાં ન આવે? હવે ધાર્મિક ક્ષેત્રમાં એની પ્રવૃત્તિ હોય છતાં કોને ખ્યાલમાં ન આવે આ પણ પ્રશ્ન ઉઠાવ્યો છે. ચોખવટ કરી છે એમણે પોતે. કે એકલી ઉતાવળ કરવી હોય, એકલી ઉતાવળ કરવી હોય એટલે શું? સ્થૂળ ઉપયોગ હોય અને જટ-જટ કરી લેવું છે, જટ-જટ કરી લેવું છે - એવા સ્થૂળ ઉપયોગવાળાને ખ્યાલમાં ન આવે, એને એમ આવે કે મારે થતું નથી, મારે કાંઈ થતું નથી, મને કાંઈ થતું નથી, કેમ થતું નથી ખબર પડતી નથી. ઉપયોગ એટલો સ્થૂળ થઈ ગયો હોય છે કે, પોતાનો રસ ક્યાં રોકાય છે એ પોતાને ખ્યાલમાં નથી આવતું.

મુમુક્ષુ :- તો ભાઈશ્રી! સ્થૂળ ઉપયોગ હોય એને જટ ઉતાવળનું કારણ શું હોય?

પૂજ્ય ભાઈશ્રી :- જટ ઉતાવળનું કારણ તો એને એમ હોય કે, હું કરું છું ને મારે થતું નથી, કરું છું ને મારે થતું નથી એમ જરાક અંદરથી થયા કરતું હોય છે.

મુમુક્ષુ :- અને ઉપયોગ સ્થૂળ હોય?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું લીધું છે? એકલી ઉતાવળ અને ખોટી ઉતાવળ. એમ બે શબ્દ વાપર્યા છે.

મુમુક્ષુ :- કેવો પ્રકાર હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રકાર જોઈએ તો મોટાભાગે બહુ ક્રિયામાં રહેતા હોય, બાહ્ય ક્રિયામાં. એટલે કે બહુ કલાકો સુધી શાસ્ત્રો વાંચે, કલાકો સુધી પૂજા કરે, એવી રીતે.

બહારમાં બાહ્ય પ્રવૃત્તિમાં ઘણાં રહે. અંદર ઉપયોગ ન ચાલે અને ઈ બાહ્ય પ્રવૃત્તિમાં એટલા માટે રહે કે ઈ જાતની એને ઉતાવળ છે કે, આનાથી જટ કરી લવ હું. આપે ત્યારે જટ કરી લવ, આપે ત્યારે જટ કરી લવ.

મુમુક્ષુ :- ઉપયોગ સ્થૂળપણે કામ કરે છે, પ્રયોજનનો દૃષ્ટિકોણ જ નથીને?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયોજનનો દૃષ્ટિકોણ નથી અને આત્મકલ્યાણની એવી રુચિ નથી કે જેને લઈને ઉપયોગની સૂક્ષ્મતા આવે. હવે મુદ્દો જે વિચારવાનો છે ઈ એટલો છે કે, ઉપયોગ સ્થૂળ કેમ થયો? અને ઉપયોગ સૂક્ષ્મ કેમ થાય? આ pinpoint વિચારવાનો વિષય છે અહીંયાં. તો એનો નિયમ એવો છે, એનો સિદ્ધાંત એવો છે કે, જેને આત્મકલ્યાણની રુચિ વધે એને ઉપયોગ સૂક્ષ્મ થાય. અને આત્મકલ્યાણની રુચિ ન હોય તો ઉપયોગ સ્થૂળ થાય. એટલે પ્રવૃત્તિ તો પ્રવૃત્તિ છે બહારમાં. પણ ઉપયોગની સૂક્ષ્મતા છે કે ઉપયોગની સ્થૂળતા છે, એનો આધાર પોતાની આત્મકલ્યાણની રુચિ ઉપર છે. હવે જુઓ રુચિવાળા જીવને શું થાય છે? કે પોતાના કામની વાત આવે ઈ પકડે છે, શાસ્ત્રમાંથી કે સ્વાધ્યાયમાંથી. જ્યારે રુચિ નથી ને સ્થૂળ ઉપયોગ છે એ પોતાની વાત આવે ત્યારે પકડતો નથી, ઉપરથી જાય છે. તો એ ઉપરથી જાય છે એનો અર્થ એ કે એ ખોટી ઉતાવળમાં છે અથવા એટલી ઉતાવળમાં છે. જેમ માણસ ઉતાવળે જાય એને ખબર ન પડેને એમ. ધીમે હાલતો હોય એને વાંધો ન આવે કે, મને ક્યાં ઠેસ વાગે, ક્યાં ખાડો આવે છે, ક્યાં શું છે? ઉતાવળે ચાલતો હોય ઈ ગમે ત્યાં અથડાઈ જાય, ભટકાઈ જાય.

મુમુક્ષુ :- ભાવુકતાનો પ્રકાર?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, ભાવુકતા કોઈને હોય છે, કોઈને નથી હોતી. ભાવુકતા કોઈ પ્રકૃતિગત વિષય છે. કોઈ ભાવુકતાવાળા હોય છે, કોઈ ભાવુકતાવાળા નથી પણ હોતા, પણ સ્થૂળ ઉપયોગવાળાને પોતાને યોગ્ય કામની વાત ઉપર લક્ષ નથી જતું. એટલે પ્રયોજનની દૃષ્ટિ એની ઘણી સ્થૂળ થઈ છે. એટલે રુચિનો ત્યાં અભાવ છે. એટલે ત્યાં મૂળમાં રુચિનો factor કામ કરે છે. જેમ-જેમ આત્મભાવ અને આત્મકલ્યાણ વધારે રુચે અંદરમાં, તેમ-તેમ ઉપયોગ સૂક્ષ્મ થાય. જેમ-જેમ ઉપયોગ સૂક્ષ્મ થાય તેમ-તેમ પ્રયોજનનો વિષય બરાબર પકડાય, પોતાના વર્તમાન પ્રયોજનનો. પોતાને જે પ્રયોજનભૂત હોય, વર્તમાનમાં લાગુ પડે એવું ઈ પકડાય. નહિતર ઈ વિષયમાં અદ્ધરથી જાય એમ બને.

મુમુક્ષુ :- ભાઈશ્રી! લાંબા સમયથી સ્વાધ્યાયમાં બેસવું, છતાંય સ્થૂળ ઉપયોગ રહેવો, તો બેસવાનું કારણ શું?

પૂજ્ય ભાઈશ્રી :- બસ, ઈ જ બેસવાની બાહ્ય ક્રિયાની પક્કડ છે. કારણકે લાંબા સમયથી સ્વાધ્યાયમાં બેસવું કે લાંબા સમયથી શાસ્ત્રો વાંચવા એ પણ એક બાહ્ય ક્રિયા છે.

મુમુક્ષુ :- સૂક્ષ્મતા વઈ ગઈ?

પૂજ્ય ભાઈશ્રી :- સૂક્ષ્મતા ન હોય. કેમકે એને રુચિ એવી નથી. લાંબા સમયથી કામ કરે છે પણ રુચિ નથી.

મુમુક્ષુ :- રુચિ નથી તોપણ લાંબા સમય સુધી...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ હું તમને કહું, એક ક્રિયામાં એવું જ થાય. આ તો આપણે આપણી બાહ્યક્રિયા શાસ્ત્ર સ્વાધ્યાય અને એ પ્રકારની છે. એકાંતમાં કે સમૂહમાં, શાસ્ત્ર સ્વાધ્યાયની છે. પણ બીજા ક્ષેત્રોમાં પણ લોકો ધાર્મિક બાહ્યક્રિયામાં આવેલા છે કે નથી આવતા? લાંબા સમયથી નથી આવેલા હોતા? આખી જિંદગી સુધી નથી હોતા? અરે એનું એવું બાહ્ય જીવન હોય કે લોકો એને ભગત જ કહે. આ એવા માણસો નથી હોતા - ભગત માણસ. એનું બધું ઈ જ હાલતું હોય છે. પણ ઉપયોગ સાવ સ્થૂળ હોય એનો. ઉપયોગ સાવ સ્થૂળ થઈ ગયો હોય. એવું બને છે. જ્ઞાનીઓએ આ વિષયની અંદર છાનબીન કરી છે, ચર્ચા કરી છે, છંછેડ્યો છે, વિષયને છંછેડીને ચોખવટ કરી છે. ખૂણે-ખાંચરે પણ ક્યાંય ભૂલ ન રહી જાય. હવે એની સામે બીજું પડખું આપ્યું છે, તો પછી હોવું શું જોઈએ? કેવા પરિણામ હોવા જોઈએ તો રસ પકડાય કે, '**જેને ખરી લાગી હોય..**' અંદરથી ખરેખરી લાગી હોય, લાગી આવે. મારું આત્મકલ્યાણ થતું નથી, મારો ભવ ચાલ્યો જાય છે, મારો ભવ ચાલ્યો જાય છે. '**જેને ખરી લાગી હોય કે મારે આત્માનું કરવું જ છે. હું ક્યાં જાઉં છું? ક્યાં રોકાઉં છું?**' દરકાર આવે એને. અંદરથી લાગી હોય એને દરકાર આવે. મારા પરિણામ ક્યાં જાય છે? ક્યાં રોકાય છે? તે પોતે પકડી શકે, તે ખરું પકડવું હોય તો પકડી શકે.

મુમુક્ષુ :- ઉતાવળ અને સંવેગ બેય વચ્ચેની ભેદરેખામાં ઘણો ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણો ફેર છે. સંવેગ તો આત્મકલ્યાણની દિશામાં ઉત્પન્ન થતું જોર છે. ઈ તો જાત જ જુદી છે આખી. આત્મકલ્યાણના વિષયમાં જે જોરથી પરિણામ ચાલે એને સંવેગ કહે છે. એમાં તો ઉપયોગ સૂક્ષ્મ થાય છે. આમાં તો સ્થૂળ ઉપયોગ રહે છે.

મુમુક્ષુ :- આ જે આ વાત કરી ને હું ક્યાં જાવ છું, હું ક્યાં રહું છું...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ કાંઈ એને પોતે પકડી ન શકે. ઉતાવળમાં ઈ ન પકડી શકે. લગનીવાળો હોય, સંવેગવાળો હોય ઈ પકડી શકે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પોતાને જ ખબર પડતી હોય પણ વેગ એટલો હોય કે છૂટવું (અઘરું પડે છે.)

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવું પણ બને, કોઈને પોતાનો વેગ એટલો હોય તો ન છૂટી શકે પણ પ્રયત્ન કરે તો છૂટી શકે. એને વારંવાર પ્રયત્ન કરવો જોઈએ. આ કામ પ્રયત્ન સાધ્ય જરૂર છે. પ્રયત્ન કરો તોપણ ન સધાય એવું તો નથી. ઈ વાત નક્કી છે. એ વાત નક્કી છે કે, પ્રયત્ન સાધ્ય છે. તો પ્રયત્ન કરવો રહ્યો.

મુમુક્ષુ :- બહેનશ્રીએ લીધું છેને? ડગલે ને પગલે પુરુષાર્થની જરૂર છે.

પૂજ્ય ભાઈશ્રી :- જરૂર પડે જ, એમ જ છે.

મુમુક્ષુ :- એક પણ પર્યાય પુરુષાર્થ વગર નથી પ્રગટ થતી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ એક પણ પર્યાય નહિ. એક પણ પર્યાય પુરુષાર્થ વગર પ્રગટતી નથી. '**તે ખરું પકડવું હોય તો પોતે પકડી શકે છે. પોતે એકાંતમાં જેટલીવાર બેઠો તો તે વખતે વિચારો ક્યા ચાલે છે, પરિણામ ક્યાં જાય છે,..**' આમ ઉદયમાં ન પકડાય (તો) ગમે ત્યારે દિવસમાં કે સવારે કે રાત્રે એકાંતમાં બેસી જવું, પછી જોવું કે હવે પરિણામ ક્યાં જાય છે? જ્યાં રુચિનો વિષય હશે ત્યાં પરિણામ ગયા વગર નહિ રહે. એટલે તરત પોતાને ખ્યાલમાં આવશે કે, મારા પરિણામ ક્યાં જાય છે? કેમકે કાં પરિણામ સ્વમાં જાય ને કાં પરિણામ પરમાં જાય. સ્થાન બે જ છે. જેમ નામામાં બે જ પાસા છે, એક જમા અને એક ઉધાર. ત્રીજું છે કોઈ? કાં તો જમા કરો ને કાં રકમ તમે ઉધારો. એમ અહીંયાં બે જ વાત છે પરિણામની. કાં પોતાનો આત્મા, કાં પોતાના આત્મા સિવાય કોઈ પર. હવે એકાંતમાં બેસો તમે તો પરિણામ ક્યાં જાય છે, એનો જરાક ખ્યાલ કરો તો તરત ખબર પડે કે મારી રુચિ હજી ત્યાં-ત્યાં કામ કરે છે. કેટલું માર્ગદર્શન આપ્યું છે જુઓ! '**પોતે એકાંતમાં જેટલીવાર બેઠો..**' જેટલીવાર થોડીકવાર, જેટલીવાર બેઠો એટલીવાર. '**તો તે વખતે વિચારો ક્યા ચાલે છે, પરિણામ ક્યાં જાય છે, પોતે કેટલો ન્યારો રહે છે,**' હવે અહીંયાં તો રુચિ નથી આવતી ત્યાં ન્યારો રહેવાનો તો સવાલ છે નહિ. આ તો પોતાને હિસાબે બધું કહે છે. પોતે તો શું છે કે, એક જાતનું સાધેલું પહેલેથી અને યથાર્થ લાઈન ઉપર આવી ગયેલા એટલે પોતાના અનુભવની વાત લખે છે. '**પોતે કેટલો ન્યારો રહે છે, જ્ઞાયકની કેટલી ધારા ચાલે છે,..**' હવે જ્ઞાયકની ધારા તો બહુ આગળનો વિષય છે. '**કેટલી દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે,..**' એ રીતે જ્ઞાનદશાનો વિષય છે. જ્ઞાયકની ધારા જ્ઞાનદશાનો વિષય છે, ભિન્ન પડવું એ પણ જ્ઞાનદશાનો વિષય છે. '**ને વિભાવોથી કેટલો છૂટો પડ્યો છે..**' કે વિભાવમાં તન્મય છે? વિભાવનો વિષય છે હજી ચાલતો. એટલે એનું

અવલોકન કરી શકે. '**તે પોતે વિચારે તો ખબર પડે.**' એકાંતમાં બેસીને પોતાના પરિણામને જોવે તો ખબર પડે કે મારા પરિણામ શું કામ કરી રહ્યા છે? બસ, એના ઉપર એની રુચિનો પોતે હિસાબ-કિતાબ નક્કી કરી શકે છે.

'**અમુક કલાક બેઠો એટલે કામ થઈ જાય એમ નથી.**' ઈ પાછી એવી રીતે વાત નથી કે અમુક કલાક બેઠો એટલે કામ થઈ જાય. ઈ પાછી બાહ્ય ક્રિયાની વાત થઈ ગઈ. બેઠો, ઈ બહારમાં અમુક કલાક બેઠો માટે કામ થઈ જાય એમ કાંઈ નથી. '**શરીર તો બેઠું રહે પણ તે વખતે પોતાને અંદર શું થાય છે તે જોવાનું રહે છે.**' અહીંયાં જોવાનું લીધું ને વિચાર-વિચાર શબ્દ આવતો હતો. એ જોવાનું રહે છે. હવે પોતે તો ગમે ઈ શબ્દ બોલ્યા હોય, લખવાવાળા એ પોતાના ધારણા પ્રમાણે, યોગ્યતા પ્રમાણે લખી લીધું આ. પણ એકાંતમાં બેસીને જોવાનો જ સવાલ છે. વિચારવાનો સવાલ નથી પણ જોવાનો સવાલ છે. અવલોકન કરવાનો સવાલ છે કે, મારા પરિણામ ક્યાં-ક્યાં જાય છે? ને શું-શું કામ કરે છે? ને એમાં હું શું અનુભવ કરું છું? એ અનુભવને જોઈને તપાસે, '**અબ ક્યોં ન વિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે.**' એટલે કે જે કાંઈ સાધન કરું છું, એમાંથી હજી મને કાંઈ મળ્યું નથી, 'તદપિ કછુ હાથ હજુ ન પર્યો.' ત્યારે એમ કીધું કે અબ ક્યોં ન વિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે. કે હું જે બાહ્ય સાધન કરું છું એનાથી કાંઈક બીજો પ્રકાર છે, એમ કેમ વિચારતો નથી તું. ઉધરસ થાય કે તાવ આવે અઠવાડિયું દવા લ્યે ને લાગુ ન પડે એટલે પાછો ડૉક્ટર પાસે જાય. ડૉક્ટરે પંદર દિવસની લખી દીધી હોય. ભાઈ આ પંદર દિવસનો કોર્સ છે તમારો, તો તમારું દર્દ જાશે. અઠવાડિયું થાય અને ફેર ન પડેને તો પાછો ડૉક્ટરને હલાવે અથવા ડૉક્ટરનું માથું ખાય.

મુમુક્ષુ :- કાંઈ ફેર કેમ નથી પડ્યો?

પૂજ્ય ભાઈશ્રી :- તો ડૉક્ટર કહે પંદર દી' ક્યાં થયા છે? તો કહે વાત સાચી છે પણ અઠવાડિયામાં કાંઈ ફેર તો પડવો જોઈએને ડૉક્ટર સાહેબ. માથું ખાવાનું શરૂ કરી દ્યે. તો કહે નહિ પંદર દી' પૂરા કરો પછી આ વાત કરજો. ત્યાં કાળજી લ્યે છે, કહેવાનો મતલબ શું છે? અને અહીંયાં કાળજી લેતો નથી કે, '**અબ ક્યોં ન વિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે.**' ઈ નું ઈ કર્યે જાય, ઈ નું ઈ કર્યે જાય. શાસ્ત્ર વાંચતો હોય તો શાસ્ત્ર વાંચે જાય, સાંભળતો હોય ઈ સાંભળે જાય. પૂજા કરે ઈ પૂજા કર્યે જાય, ઉપવાસ કરતો હોય ઈ ઉપવાસ કર્યે જાય અને ત્યાગ કરવાનો નિયમ લીધો હોય કે આ છોડ્યું તો ઈ કર્યે જાય વારેઘડિયે.

મુમુક્ષુ :- આને જડતા જ કહેવાયને?

પૂજ્ય ભાઈશ્રી :- તો શું જડ ક્રિયા જ કીધી છે. એને શું કીધું છે? કોઇ ક્રિયા જડ થઈ રહ્યાં, શુષ્કજ્ઞાનમાં કોઇ, માને મારગ મોક્ષનો કરુણા ઉપજે જોઈ. ઈ જડ ક્રિયા થઈ ગઈ. ત્યાગની વૃત્તિવાળા વારંવાર આનો ત્યાગ, આનો ત્યાગ, આનો ત્યાગ, શાસ્ત્ર વાંચવાવાળા એની પાછળ મંડી જાય, બે કલાક-ચાર કલાક-છ કલાક, હાલો ઠીક! અને **'અબ ક્યોં ન વિચારત હૈ મનસે કછુ ઔર રહા ઉન સાધનસે.'** કેમ વિચારતો નથી તું? કે તું કરે છો એના કરતા કાંઈક બીજું સાધન છે, એમ તને કેમ વિચાર આવતો નથી. ઓલાપણે એમ લાગે છે કે, ભાઈ આ દવા લાગુ નથી પડતી કાંઈ દવા બીજી હોવી જોઈએ. લાવ ડૉક્ટરને પુછીએ. અહીંયાં કેમ ડૉક્ટરની પાસે જાતો નથી એમ કહે છે. હું આટલું-આટલું કરું છું, મને કાંઈ હાથમાં આવ્યું નથી, મારી ભૂલ ક્યાં રહી ગઈ એ તો દેખાડો. હવે એમાં શરમ આવે. મારી ભૂલ ક્યાં છે? પોતે ગોતી શકતો નથી અને બીજા પાસેથી ગોતાવવી હોય તો એમાં શરમ આવે! અને કાં તો એને ભૂલ સ્વીકારવાનું મન છે નહિ. એને ભૂલ ભાંગવાનું પણ મન છે નહિ. એની ઈચ્છા નથી કે ભૂલ સ્વીકારવી, એની ઈચ્છા નથી કે એની ભૂલ ભાંગવી.

મુમુક્ષુ :- તો તો પોતાને જ ભૂલી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- બીજું શું થયું? **'તે સાધનથી કાંઈક જુદું જ રહી જાય છે.'** બાહ્ય સાધનથી કાંઈક જુદું જ રહી જાય છે. **'અંતરની પરિણતિ અંદરથી કામ કરવી જોઈએ,..'** ઈ શું જુદું રહી જાય છે, પરિણતિનો વિષય લીધો બહેનશ્રીએ પાછો. રસ, પરિણતિ. રસ અને પરિણતિ. લોકોનું ધ્યાન નથી ગયું. વિષય બહુ સારો ચાલતો હતો. અમે તે દિવસે પણ ઈ જ ચર્ચા કરતા હતા. જુઓ! બહેનશ્રી પરિણતિની વાત કરે છે. **'અંતરની પરિણતિ અંદરથી કામ કરવી જોઈએ, છૂટી પડીને કામ કરવી જોઈએ.'** અંદરથી પરિણતિ છૂટી પડી જવી જોઈએ. તારી પરિણતિ અંદર ભળી ગઈ છે, ઉપયોગ સ્થૂળ થઈ ગયો છે, તને ખબર પડતી નથી કે હું ક્યાં ભળી ગયો છું.

મુમુક્ષુ :- પરિણતિ છૂટી પડવી જોઈએ એટલે શું?

પૂજ્ય ભાઈશ્રી :- છૂટી પડવી જોઈએ એટલે જે કોઈ સંસારના પરિણામો છે એનાથી પરિણતિ છૂટી પડવી જોઈએ. પરિણામની કોઈ એક ધારા છૂટી પડી જવી જોઈએ. એટલી હદ સુધી કામ થવું જોઈએ. અંદરનું કામ જે કરવું છે, એ સાધન છે. એમાં અહીંયાં સુધીનું result આવવું જોઈએ. હવે જુઓ આપણે પદ્ધતિસર વિચારીએ તો પરિભ્રમણની વેદનામાં આવે અને એકધારું લયથી, એકલયે પરિભ્રમણની વેદનામાં આવે તો એની એક પરિણતિ ઊભી થાય છે. પછી પૂર્ણતાના લક્ષમાં આવે, દ્રઢ નિર્ધારમાં આવે એટલે સંવેગની પરિણતિ ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- આપોઆપ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એનું કારણ શું? કે ઠેઠ મોક્ષ સુધી જાવું એટલે અહીંયાં ટોચે જાવું છે ને હું તળિયે બેઠો છું. ઠાગાઠૈયા કરું તો કેમ ચાલે? એટલે પગ ઊપડે. સીધા ઝડપથી હાલવાના પગ ઊપડે એનું નામ સંવેગ છે. તો ઈ સંવેગની પરિણતિ થઈ જાય. અહીંયાં આત્મકલ્યાણની ભાવનાની પણ પરિણતિ થઈ જાય છે. ઈ તો પહેલેથી જ શરૂ થઈ છે, આત્મકલ્યાણની ભાવનાની પરિણતિ. એવી એક જુદી પરિણતિ, છૂટી પડેલી પરિણતિ જોઈએ કે જે ઉદયભાવ સાથે ભળતી નથી. જો આ પરિણતિ ઉદયભાવ સાથે નથી ભળતી. જે-જે ભૂમિકામાં જેવી-જેવી પરિણતિ થાય છે એ છૂટી પડે છે, ઉદયભાવ સાથે ભળતી નથી પણ ઉદયભાવથી છૂટી પડે છે.

મુમુક્ષુ :- એ એનું અનુદય પરિણામ થયું.

પૂજ્ય ભાઈશ્રી :- અનુદય પરિણામ થયા. પરિણતિ છૂટી પડવી જોઈએ. ઉદયથી પરિણતિ છૂટી પડે. અનૂકુળતા આવે - પ્રતિકૂળતા આવે, ઈ પૂર્વકર્મનુસાર બધું આવ્યા કરશે. તારી પરિણતિ છૂટી પડી જવી જોઈએ. એમાં આવે તો કોઈપણ ઉદય આવે અને કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં હું હોઉં પણ મારું કામ ચાલુ રાખીશ. મારું આત્મકલ્યાણની દિશામાં મારું કાર્ય તો, સ્વકાર્ય તો ચાલુ રાખું, રાખુંને રાખું. એવી પરિણતિ થઈ જવી જોઈએ. એવી પરિણતિ છે એ એક oriented position છે. અમુક પ્રક્રિયાથી ઉત્પન્ન થયેલી એક પરિસ્થિતિ છે. એ પરિસ્થિતિ એ પોતાનું કામ કર્યા કરે. દરેક અવસરમાં, દરેક ઉદયમાં, દરેક પ્રસંગમાં પોતાનું કામ કર્યા જ કરે, કર્યા જ કરે.

મુમુક્ષુ :- રસ જામતો જામતો ઘટ્ટ થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે પરિણતિ બંધાય ગઈ. પરિણતિ બંધાય ગઈ. શું કહે છે? '**અંતરની પરિણતિ અંદરથી કામ કરવી જોઈએ, છૂટી પડીને કામ કરવી જોઈએ.**' છૂટી પડીને કામ કરવી જોઈએ એમાં આ વાત છે. ઉદયની સાથે ભળે નહિ. જ્ઞાનદશાની પરિણતિ તો ન ભળે અહીંયાં મુમુક્ષુની વાત લીધી છે. પણ તો જ તમે જ્ઞાનદશામાં જઈ શકોને! તમારી મુમુક્ષુની ભૂમિકા જ્ઞાનદશા સાથે મેળ ખાતી હોય તો જ તમે ત્યાં પહોંચોને! વિરુદ્ધ જાતિ હોય તો તમે ક્યાંથી પહોંચો. એને અનુસરતી હોય તો પહોંચો. એથી વિરુદ્ધ અનુસરણ હોય તો ક્યાંથી પહોંચો. દીવા જેવી વાત છે. '**છૂટી પડીને કામ કરવી જોઈએ. પણ પોતે એટલો ઊંડો ઊતરતો નથી, પોતાને ગ્રહણ કરતો નથી.**' ઊંડો ઊતરતો નથી. એનું ઊંડું ઊતરવાનું પ્રયોજન નથી. પ્રયોજનભૂત શું, અપ્રયોજનભૂત શું? અપ્રયોજનભૂતને જવા દ્યો, અપ્રયોજનભૂતને ગૌણ કરો. પ્રયોજનભૂત ઉપર પક્કડ કરો. આ રીતે આવવું જોઈએ. પછી પોતાને ગ્રહણ કરવાની વાત છે.

પોતે તો સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવે છે. ઉપયોગ ઘણો સૂક્ષ્મ થાય તે દી' ગ્રહણ થાય, એ વાત તો આગળની છે. પણ અહીંયાં પહેલા પ્રયોજનમાં દૃષ્ટિ સૂક્ષ્મ થવી જોઈએ. કેમકે, પર્યાય વિષયક છે. આ દ્રવ્ય વિષયક છે. પર્યાયથી દ્રવ્ય સૂક્ષ્મ છે. પર્યાય ઉત્પાદ-વ્યયવાળી છે એટલે પકડાય છે. દ્રવ્ય ધ્રુવ છે એટલે પકડાતું નથી, એમ છે. દડતો હીરો પકડાય - એના જેવું છે. **'પોતાને ગ્રહણ કરતો નથી. પોતે પોતાને પ્રગટ કરવો છે તે જ્ઞાયકને ગ્રહણ કરે તો થાય ને!'** ઉપયોગને સૂક્ષ્મ કરીને અંદરમાં ગ્રહણ કરે તો થાયને, એમ કહે છે. ઈ પ્રકારમાં ન આવે તો ક્યાંથી કામ થાય? પોતાના સ્વરૂપને ગ્રહણ ન કરે તો આનું કામ ક્યાંથી થાય? કે કામ થતું નથી. **'ભેદજ્ઞાનની ધારા ચાલે તો છૂટો પડે.'** ગમે એમ કરીને ભેદજ્ઞાન સુધી પહોંચી જા. અને યથાર્થ પદ્ધતિએ ચડે તો ભેદજ્ઞાન સુધી પહોંચવામાં વાર નહિ લાગે. અને જે મૂળ પહેલો જે એકડો શરૂ ન થાય એમાં ભેદજ્ઞાન આઘું દેખાય. ભેદજ્ઞાન તો હજી ઘણું દૂર છે. પણ જો પ્રવેશ કરે તો ભેદજ્ઞાન સુધી પહોંચવામાં વાર નથી. કેમ? કે વેદના સાથે ઉદાસીનતા સંકળાયેલી છે. એક સિકકાની બે બાજુની જેમ. એ સ્થિતિમાં પૂર્ણતાનું લક્ષ સહજ અને સ્વાભાવિક છે. પૂર્ણતાના લક્ષ સાથે સંવેગ અને આત્મકલ્યાણની ભાવના સ્વાભાવિક છે. જ્યાં સંવેગ આવ્યો ત્યાં પ્રયોજનનું દષ્ટિકોણ સૂક્ષ્મ અને તીક્ષ્ણ થયા વિના રહે નહિ. એટલે અવલોકન સ્વાભાવિક છે. અવલોકન કરે એને ભેદજ્ઞાનનું stage આવ્યા વિના રહે નહિ. અવલોકન છે એ ભેદજ્ઞાન પહેલાનું stage છે. એટલે વાર લાગે નહિ કાંઈ, વાર લાગવાનો સવાલ નથી. એટલે પોતે એમ કહે છે, **'ભેદજ્ઞાનની ધારા ચાલે તો છૂટો પડે. ભેદજ્ઞાનની ધારા ચાલતી નથી તો કેવી રીતે છૂટો પડે?'** ભેદજ્ઞાન ન થતું હોય તો છૂટો ક્યાંથી પડે એમ કહે છે. **'માત્ર વિકલ્પને શાંત કરવાથી કાંઈ છૂટો પડતો નથી.'** મંદકષાય થાય માટે કાંઈ છૂટો પડે એમ છે નહિ. મંદકષાયની પ્રક્રિયાની લાઈન જુદી છે, અંદરથી ભિન્ન પડવાની લાઈન જુદી છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- બેય વાત વચ્ચે ફરક પાડ્યો છે, મંદકષાય અને ભેદજ્ઞાનની ધારા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સાવ જુદી-જુદી વાત છે. આ પરિણતિ ઉપર લેવું છે ને? પરિણતિનો વિષય અવાર-નવાર આવે છે. બહેનશ્રીનાં ચર્ચામાં તો પરિણતિનો વિષય આવે જ છે. ઘણો આવે છે. **'ભેદજ્ઞાનની ધારા ચાલતી નથી તો કેવી રીતે છૂટો પડે?'** એટલે ભિન્ન પડવામાં એક ભેદજ્ઞાનની ધારા, ભેદજ્ઞાનની પ્રક્રિયા સિવાય બીજી કોઈ પરિસ્થિતિ, કોઈ બીજી રીત કે વિધિ નથી. **'માત્ર વિકલ્પને શાંત કરવાથી કાંઈ છૂટો પડતો નથી. હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું એમ કર્યા કરે ને વિકલ્પ શાંત થાય એટલે શાંતિ-શાંતિ લાગે.'** ઘણાં શું કરે છે, જ્ઞાયકના રટણમાં ચડી જાય.

વિકલ્પો બીજા બહુ ન ચાલે. કોઈ વિકલ્પ ન ચાલે અને જ્ઞાયકના વિકલ્પો ચાલે એટલે એને થોડીક શાંતિ પણ અનુભવાય. એને એમ થાય કે બહુ સરસ આત્માની શાંતિ પ્રગટી. આમ કરતા-કરતા તો આત્માની શાંતિ પ્રગટી. ભૂલમાં આવી ગયો. '**પણ અંદર પરિણતિ પ્રગટ કરવાથી, અંદર ન્યારાપણું આવે તો સાચી શાંતિ થાય છે.**' તને શાંતિ થઈ? ઊભો રહેજે! તારી પાસે પરિણતિ (છે?) તો ભૂલથી કહી દે કે, હા મને બહુ શાંતિ રહે છે. પણ તને રાગ અને વિકલ્પ રીતસર ભિન્ન દેખાય છે? કેવા? એક મગની બે ફાડ પડી જાય, એક મગની બે દાળ થઈ જાયને, એમ રાગ છૂટો પડ્યો છે અને તને શાંતિ વેદાય છે? ઈ વાત કર. નહિતર વિકલ્પને અંદર તારી શાંતિમાં ભેળવી દીધો છે. તને ખબર નથી કે વિકલ્પમાં આકુળતા છે. કષાય મંદ થયો, શાંતિ લાગી (બસ વિકલ્પને) ભેળવી દીધો પોતામાં. એણે મિથ્યાત્વ દ્રઢ કર્યું. '**પણ અંદર પરિણતિ પ્રગટ કરવાથી, અંદર ન્યારાપણું આવે તો સાચી શાંતિ થાય છે.**' એટલે પહેલેથી પરિણતિનો વિષય છે. પરિણતિ પ્રગટ કરી હોય અને ભિન્નપણું, ન્યારાપણું એટલે ભિન્નપણું આવે તો સાચી શાંતિ થાય. બહુ સરસ પેરેગ્રાફ છે આ. '**હું જ્ઞાયક છું, મારામાં કાંઈ નથી- મારામાં કાંઈ નથી એમ કર્યા કરે તોપણ કાંઈ ન થાય.**' એવો વિકલ્પ કર્યા કરે પણ એવું અવલોકન ન કરે. વિકલ્પ કરવો એક વાત છે, અવલોકન કરવું એ બીજી વાત છે. વિચાર કર્યા કરે હું ભિન્ન છું, હું ભિન્ન છું, મારામાં કાંઈ નથી, રાગ મારામાં નથી, રાગ મને અડતો નથી. પણ ઈ રાગ મને અડતો નથી ઈ વિકલ્પમાં ઘુસી ગયો હોય ઈ. ઈ વિકલ્પમાં એકત્વ સાધ્યું હોય ઈ એને ખબર પડે નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્ઞાનતંતુ હોયને એ થોડો ટાઈમ ઠંડા પડે.

પૂજ્ય ભાઈશ્રી :- ઠંડા પડે!

મુમુક્ષુ :- અને એને એમ લાગે કે મારું કામ થયું.

પૂજ્ય ભાઈશ્રી :- મને શાંતિ થઈ, મને શાંતિ થઈ એમ એને લાગે. એ વાતમાં કાંઈ માલ નથી. એનાલજીનની ટીકડી લ્યે તો થોડોક દુખાવો ઓછો લાગે. એને એમ થાય કે મારો દુખાવો મટ્યો, પણ હમણા વધી જશે પાછો જેવો પાવર ઉતર્યો ટીકડીનો. ટીકડી એટલે ટેબ્લેટ. ટિકીયા કહતે હૈં ન, દવાઈ.. '**તોપણ કાંઈ ન થાય. યથાર્થપણે જ્ઞાયકને ગ્રહણ કરે તો થાય.**' વિચારે, વિકલ્પ કરે તો ન થાય પણ ગ્રહણ કરે તો થાય. ગ્રહણ કરવું એટલે 'હું પણે' અનુભવવાનો પુરુષાર્થ કરવો. એનું નામ ગ્રહણ કરવું છે. 'હું પણે' ગ્રહણ કરવાની વાત છે. 'હું પણે' ગ્રહણ કરવામાં પુરુષાર્થ જોઈએ, જોઈએ ને જોઈએ. '**યથાર્થપણે જ્ઞાયકને ગ્રહણ કરે તો થાય. અનાદિથી એકત્વબુદ્ધિ થઈ રહી છે.**' આ જે એકપણું છે ઈ તો અનાદિથી ચાલુ છે, એટલે ઈ practice

છે પાછી, ઈ ઊલટી practice છે, ઈ વિચાર નથી. જે એકત્વ થઈ રહ્યું છે એ ઊંધી practice છે.

મુમુક્ષુ :- ઊંધો અનુભવ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઊંધો અનુભવ છે, એ કંઈ વિચાર નથી. તે ઊંધી practiceથી જે દ્રઢ કર્યું છે એને તોડવા માટે સવળી practice જોઈએ.

મુમુક્ષુ :- સતત જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- જોરથી, બળવાન અને સતત. સતત ક્યારે થાય? બળવાન હોય ત્યારે. બળ ન હોય તો તૂટી જાય. '**અનાદિથી એકત્વબુદ્ધિ થઈ રહી છે. બહારથી પુરુષાર્થ ઘણા કરે છે,**' બહારથી એટલે શું? એકાંતમાં બેસી જાય, સત્સંગમાં બેસી જાય, શાસ્ત્ર વાંચવા બેસી જાય. '**બહારથી પુરુષાર્થ ઘણા કરે છે, પણ કરવાનું અંદર છે,**' જે કાંઈ કરવાનું છે ઈ અંદરમાં છે. બાહ્ય ક્રિયામાં કાંઈ છે નહિ, ઈ તો ખાલી ખોખું છે ઉપર-ઉપરથી. અંદરમાં તારો રસ કેટલો છે ઈ જો. પોતાનો રસ અંદરમાં કેટલો છે? એકદમ અંદરથી રસથી ધસવું જોઈએ. '**બહારથી પુરુષાર્થ ઘણા કરે છે, પણ કરવાનું અંદર છે, તેનું હૃદય અંદરથી ભીંજાવું જોઈએ..**' એ રસ factor છે. આ રસમાં ભીંજાય, આત્મરસમાં ભીંજાય. '**તેનું હૃદય અંદરથી ભીંજાવું જોઈએ અને તત્ત્વને ગ્રહણ કરવાની અંદરથી તાલાવેલી કોઈ જુદી લાગવી જોઈએ!**' જુદી એટલે જુદી જાતની. શું? સ્વસ્વરૂપને ગ્રહણ કરવા માટેની તાલાવેલી જુદી જાતની અંદરથી લાગવી જોઈએ અથવા એ ઉત્પન્ન થઈ જવી જોઈએ. જુદી જાતની એટલે શું? એ તો ગોળ ગોળ થાયને! ચોખ્ખું કરવું આપણે. જુદી જાતની એટલે એ જ્યાં સુધી કાર્ય સંપન્ન ન થાય ત્યાં સુધી ચેન પડે નહિ. એ થાકીને એકકોર બેસે નહિ, વિરામ લ્યે નહિ આમ છે. ઈ જુદી જાતની થઈ ગઈ. લાગી કે દાગી? પાછળ પડી જાય. એક વખત તો એવો પાછળ પડી જાય, એવો પાછળ પડી જાય.

મુમુક્ષુ :- લીધે જ છૂટકો.

પૂજ્ય ભાઈશ્રી :- લીધે છૂટકો. મૂકે નહિ. એવી જુદી જાતની તાલાવેલી લાગવી જોઈએ. મૂકે નહિ, આમ ભજનમાં ગાય 'મૂકું નહિ તારો કેડલો ને મૂકું નહિ તારો છેડલો,' પણ અંદરમાં એવી લાગવી જોઈએ. હે આત્મા! હવે આ તારો કેડો હું મૂકવાનો નથી. કેડી છે ઈ મોક્ષમાર્ગ પહોંચવાની પહેલાનો રસ્તો છે. approach રસ્તો છે, હાઈવેનો. હવે ન મૂકું. આ કેડી હવે ન મૂકું. એમ આવવું જોઈએ. એનું નામ તાલાવેલી જુદી જાતની છે અથવા લગની જુદી જાતની છે. નહિતર ક્યારેક ઊભરો આવે ને બેસી જાય, ક્યારેક ઊભરો આવે ને બેસી જાય. કોઈ દી' કામ થાય નહિ. એનું કોઈ દી'

કામ ન થાય. કેમકે જ્યાં ઊભરો સમાઈ ગયો ત્યાં અસત્સંગ, અસત્ પ્રસંગ એનો તો ઘેરાવો છે, એનાથી ઘેરાયેલો છે. એની અસર લીધા વગર રહેશે નહિ. કેમકે ત્યાં રસ પડ્યો છે, અહીંયાં રસ પડતો નથી એટલે છૂટી જાય છે, ત્યાં રસ પડ્યો છે એટલે જોડાય જાય છે. મર્યો - ગયો એ એમ છે. બહુ સરસ (વાત) લીધી. કાલ થોડુંક વધારે લઈશું એના ઉપરને એના ઉપર.

**ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. ભવભ્રમણ કેટલાં દુઃખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર તો કર! નરકનાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળનાં આયુષ્ય કેમ પૂરાં થયાં હશે? નરકનાં દુઃખ સાંભળ્યાં જાય એવાં નથી. પગમાં કાંટો વાગે તેટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણાં દુઃખ પડ્યાં છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી? ગફલતમાં કેમ રહે છે? આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે? તું મિથ્યાત્વ છોડવાને મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતા-અશાતાથી ભિન્ન તેમ જ આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એ જ આ ભવમાં કરવા જેવું છે.**

- બહેનશ્રીનાં વચનામૃત - ૪૧૬

## તા. ૨૯-૦૩-૧૯૯૭, પ્રશ્ન-૧૪૯
## પ્રવચન નં. ૧૦૨

૧૪૯મો પ્રશ્ન ચાલે છે. રસ ક્યાં રોકાય છે પોતાનો એની પોતાને ખબર પડે, પોતાનો રસ ઉદયમાં કેવી રીતે, ક્યા વિષયમાં, કેટલો રોકાય છે એવી પોતાને ખબર પડે? તો કહે હા, ખબર પડે. પણ કોને ખબર પડે? કે જે જિજ્ઞાસુ એટલે ભાવનાવાળો હોય એને ખબર પડે. કેમકે ભાવના હોય તો ઉપયોગ સૂક્ષ્મ રહે, ઉપયોગ સૂક્ષ્મ હોય તો પકડાય, સ્થૂળ ઉપયોગ હોય તો ન પકડાય. એ વિષય ચાલી ગયો આપણે કાલે. બીજું વિશેષ ચર્ચા એમણે એ કરી છે કે પોતે જે કોઈ ધર્મ સાધન કરે છે એમાં બાહ્ય ક્રિયા પણ છે અને શુભભાવના પરિણામો પણ છે. એ પ્રકારે અનંતવાર પરિણમન થયું છે પણ જીવનું આત્મકલ્યાણ થયું નથી. ત્યારે કૃપાળુદેવનું એક વચનામૃત એમણે ઉદ્ધરણ કર્યું કે, **'અબ ક્યોં ન વિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે.'** આત્મકલ્યાણ થયું નથી ત્યારે કોઈ બીજા પ્રકારે સાધન છે એમ કેમ તું વિચારતો નથી? એવું તને કેમ વિચારમાં નથી આવતું? એનો અર્થ કે કાળજી નથી તને. સામાન્ય ઉધરસ જેવો રોગ થયો હોય ને મટે નહિ પાંચ-પંદર દી' એટલે એમને એમ ઉધરસ ખાધા કરતો નથી, investigationમાં જાય છે કે, આની ઊંડી તપાસ કરાવો. એક્સરે લેવડાવો, લોહીની તપાસ કરાવડાવો. કફનું culture કરાવો, ફલાણું કરાવો, કેમ? કે કાળજી છે. તો જો આવી રીતે ગૌણ કરવામાં આવશે તો આ રોગ ઘર કરી જશે અને રોગ ઘર કરી જશે તો મટવો મુશ્કેલ પડશે.

અહીંયાં આત્મકલ્યાણ થતું નથી તોપણ કાળજી નથી ને વિચારતો નથી કે આ કાંઈક સાધન બીજું હોવું જોઈએ. ત્યારે એ વિષયમાં સ્પષ્ટીકરણ આપતા એમ કહે છે કે, સાધન જે બીજું છે એમાં અંદરની પરિણતિ અંદરથી કામ કરે એવું સાધન છે આમાં. ઉપર-ઉપરથી જીવ શુભભાવ કરે એ કોઈ સાધન નથી. કે બાહ્ય ક્રિયા ગમે તેટલી થાય એ કોઈ સાધન નથી એમ કહેવું છે. પરિણતિ છૂટી પડવી જોઈએ. એટલે જૂની પરિણતિ - સંસાર પરિણતિમાં ફેર પડે ત્યારે બીજી પરિણતિ ઊભી થાય ઈ પરિણતિ છૂટી પડે. વચ્ચે પણ લીધું છે, **'પણ અંદર પરિણતિ પ્રગટ કરવાથી, અંદર ન્યારાપણું આવે તો સાચી શાંતિ થાય છે.'** છેલ્લી ત્રણ લીટીથી લઈએ. **'અનાદિથી એકત્વબુદ્ધિ થઈ રહી છે. બહારથી પુરુષાર્થ ઘણા કરે છે,..'** બહારની એકત્વબુદ્ધિ

અનાદિની છે જીવને. '**બહારથી પુરુષાર્થ ઘણા કરે છે, પણ કરવાનું અંદર છે,..**'

મુમુક્ષુ :- એકત્વબુદ્ધિ અંદરમાં ચાલે છેને!

પૂજ્ય ભાઈશ્રી :- એકત્વબુદ્ધિ અંદરમાં ચાલે છે, બહારથી પુરુષાર્થ કરે એમાં શાસ્ત્ર વાંચે, સ્વાધ્યાય કરે, સત્સંગ કરે કે બીજા કોઈ ધર્મ સાધન કરે, ઈ તો કોઈ અંદરમાં કાંઈ કામ કરવાના નથી. સ્વાધ્યાય, સત્સંગ, કંઈક સાધન તરીકે વિશિષ્ટ છે. તોપણ બહારથી કરે અને અંદર પરિણતિમાં ફેર ન કરે તો એ સત્સંગ અભિપ્રાય બદલ્યા વિનાનો હોવાથી વિપરીત અભિનિવેશપૂર્વક સત્સંગ છે. જેમ વિપરીત અભિનિવેશપૂર્વકની તત્ત્વ શ્રદ્ધા તે સમ્યગ્જ્ઞાન નથી, સમ્યગ્દર્શન નથી એમ વિપરીત અભિપ્રાયપૂર્વકનો સત્સંગ ચાલુ રાખે તોપણ એ સત્સંગ ફળવાન નહિ થાય. '**બહારથી પુરુષાર્થ ઘણા કરે છે,..**' એટલે વર્ષો સુધી સત્સંગ કરે. '**પણ કરવાનું અંદર છે,..**' આ બહુ ધ્યાન ખેંચ્યું છે. અંદર કરવાનું છે, અંદર કરવાનું છે.

'**તેનું હૃદય અંદરથી ભીંજાવું જોઈએ..**' અંદરથી પલળવું જોઈએ. આપણે નથી કહેતા ભાઈ! આત્મા અંદરથી પલળવો જોઈએ. '**અને તત્ત્વને..**' એટલે સ્વરૂપને. તત્ત્વને એટલે સ્વતત્ત્વને - સ્વરૂપને '**ગ્રહણ કરવાની અંદરથી તાલાવેલી કોઈ જુદી લાગવી જોઈએ!**' તાલાવેલીનો પ્રકાર જ કોઈ જુદો હોવો જોઈએ. કે જ્યાં સુધી સ્વરૂપ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી થંભે નહિ, અટકે નહિ અને વધતી જાય. જુદી એટલે કેવો પ્રકાર? કે અટકે નહિ ને વધતી જાય એવો પ્રકાર. જેમ તરસ છે, તરસ છે ઈ પાણી ન મળે એટલે બંધ ન થઈ જાય કે, ચાલો ભાઈ પાણી નથી મળતું મૂકોને માથાકૂટ! હવે મળશે ત્યારે પી લેશું. એ તરસ ચાલુ જ રહે અને તરસ વધતી જાય. એવી પોતાના આત્મકલ્યાણની, સ્વરૂપ ગ્રહણ કરવાની એવા પ્રકારની તાલાવેલી હોય તો એ જુદી જ તાલાવેલી છે. નહિતર શું થાય છે, માણસ કાંઈક ઉપડે, પરિણામ ઉપડે ને પાછો ઠંડો થઈ જાય, વળી પરિણામ ઉપડે ને પાછો ઠંડો થઈ જાય. એ પ્રકારમાં કોઈ દી' વારો આવે નહિ. આત્મકલ્યાણ થવાનો વારો, અવસર ન આવે એવું થાય. ત્યારે કોઈએ એમ કહ્યું છે કે, '**મુમુક્ષુ :- અંદરથી તાલાવેલી તો ઘણી લાગે છે.**' એટલે પોતાને ઘણું લાગે છે, કે હવે ઠીક છે! આ ચિહ્ન ખોટું છે, આ લક્ષણ ખોટું છે - એને અતિ પરિણામીપણું કહે છે. ગમે એટલું ઘણું થાય તો ઓછું લાગવું જોઈએ. થાય ઘણું ને લાગે ઓછું. અહીંયાં થાય ઓછું ને લાગે ઘણું, આમ છે. ઊલટું-સૂલટું છે. કહે છે કે, ભાઈ અમને તાલાવેલી તો ઘણી લાગે છે પણ તોપણ થતું નથી, તો શું કરવું એમ કહે છે. એ ખોટી વાત છે. એ વાત સાચી નથી.

'**બહેનશ્રી :- ઘણું લાગે પણ ઘણું નથી.**' શું કીધું? ઘણું લાગે છે પણ ખરેખર

એ ઘણું નથી. આમ તો શું છે, જીવને ખબર નથી કે ક્યાં-ક્યાં પોતે અટક્યો છે, ને ક્યાં-ક્યાં રસ રેડે છે એ પોતાને કાંઈ ધ્યાન હોતું નથી અને થોડું કરે ને લાગે ઘણું અને એમ થાય કે ઘણું કર્યું ને કેમ થાતું નથી. કરે થોડું લાગે ઘણું, અને પાછું એને એમ લાગે કે આ ઘણું કરું છું છતાં મને કેમ લાભ થતો નથી. ક્યાંથી થાય? **'વિકલ્પમાં થાય છે પણ અંદરથી થવું જોઈએ, તે થતું નથી,..'** ઉપર-ઉપરથી વિકલ્પ થાય છે. ઉપર-ઉપરની પરિસ્થિતિ તો એટલી બધી છેતરામણી છે. એક મુમુક્ષુ હતા, નિવૃત્ત થઈ ગયેલા કુટુંબથી. કુટુંબ હતું. કુટુંબ છોડી સોનગઢ આવીને રહી ગયા. કુટુંબવાળાને કહે કે, મને કાંઈ તમારા પ્રત્યેનો ભાવ નથી મારે તો સોનગઢ રહેવું છે. ગુરુદેવના સત્સંગમાં, સાન્નિધ્યમાં રહેવું છે અને મારે તો આ લાઈન પકડી લેવી છે હવે. એટલે ઓરડી લઈને રહી ગયા. ગુરુદેવ તો મુખ્યપણે ઈ વાત કરે કે, તું જ્ઞાયક છો, તું જ્ઞાયક છો, ભાઈ તું જ્ઞાયક છો, ઈ જો અંદર તું જ્ઞાયક છો, એમણે પણ ઈ વિચાર કરી લીધો કે આપણે જ્ઞાયક ઉપર ચડી જાવ, બીજી માથાકૂટ બંધ કરો આપણે. આપણે કાંઈ ન્યાયે સમજવા નથી, આપણે કાંઈ બીજી લાંબી-ચૌડી તત્ત્વજ્ઞાનની આંટી-ઘૂંટીમાં પડવું નથી બસ હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, લઈ લ્યો આપણે. રટણે ચડી ગયા. શું થયું? રટણ થઈ ગયું. એકવાર મળ્યાને, એ મારા ઘરે આવેલા ભાવનગર. મને કહે મારી દશા એવી છે, ખાતાં-પીતાં, હાલતાં-ચાલતાં, ન્હાતા-ધોતા, બસ જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું, મારે ચાલ્યા જ કરે છે. સહજ ચાલે છે કહે. શું?

મુમુક્ષુ :- સહજ ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- રટણ થઈ ગયું એટલે એને ખબરે પણ ન હોય કે મારો ઉપયોગ બીજો ચાલે છે ને આ અંદરમાં રટણ ચાલે છે ને ઉપયોગ બીજે ક્યાંક, જેમ માળા ફેરવતાં-ફેરવતાં કેમ બીજે ચાલ્યો જાય, નમો અરિહંતાણં, નમો અરિહંતાણં કર્યા કરે ને ઉપયોગ ક્યાંય હાલતો હોય, ખબર ન રહે પોતાને. મને કહે, મને એમ લાગે છે કે મારી સમ્યક્(દશા) નથી થઈ કે નિર્વિકલ્પદશા નથી આવી, આનંદ અને શાંતિનો અનુભવ નથી થયો એની મને ખબર છે, પણ સમ્યક્સન્મુખ હોય એવું તો મને લાગે છે. તો તમને કેમ લાગે છે આ વાત ઉપર. મેં કીધું શંકા કેમ પડી તમને? સમ્યક્સન્મુખ હોય એને શંકા પડે નહિ. તો કહે ના,ના,ના, મને શંકા નથી. આ તો એક તમારા અભિપ્રાય સાથે મેળવવા માટે વાત કરું છું. (મેં કીધું) નહિ, નહિ હવે તમે જે ક્હો પણ અંદરમાં ઊંડે-ઊંડે (પોલાણ છે). કોઈના અભિપ્રાય સાથે મેળવવાની જરૂર શું? તમારી નિઃશંકતા બસ છે તમને. કાંઈ વાંધો નહિ, (મેં કીધું) તમે ચેક કરી લ્યો! તમે

ચેક કરો ચાલો. (પૂછ્યું કે,) કેટલો વખત થયો આવી પરિસ્થિતિ ઊભી થઈ કે હું જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું, કેટલો વખત થયો હશે? દોઢેક વર્ષ તો થઈ ગયું, સવાથી દોઢ વર્ષ થયું. (મેં કીધું) નહિ, સવા-દોઢ વર્ષથી સમ્યક્‌સન્મુખ છો? તો જવાબ દીધો હા, એવું લાગે છે. સમ્યક્‌સન્મુખ એક-બે મહિનાનું કામ છે. maximum છ મહિનાનું કામ છે. એમણે વિશેષ લીધું નથી, એમને બેઠું ન બેઠું ઈ જાણે. છેલ્લે એની પરિસ્થિતિ એવી હતી, આગળ જતાં પછી જ્ઞાયકની ધૂનમાં ને જ્ઞાયકના રટણમાં રહે, અર્ધપાગલ જેવી દશા હતી. કેવી?

મુમુક્ષુ - અર્ધપાગલ જેવી.

પૂજ્ય ભાઈશ્રી :- એને ખબર ન હોય કે, હું શું બોલું છું ને શું કરું છું. ગમે ઈ બોલવાનું થાય, ગમે એમ વાત કરવાનું થઈ જાય અને હાલતાં-ચાલતાં આમ (વિચિત્ર વર્તનને) એવું બધું (કરે એટલે) બીજાને ખબર પડી જાય કે આનું ઠેકાણે નથી. જે શાંતિ આવવી જોઈએ, જે ચંચળતા ઘટવી જોઈએ એના બદલે ઊલટાની અશાંતિ અને ચંચળતા દેખાવા મંડી. સામાન્ય માણસને ખબર પડે કે આનું ઠેકાણે નથી. આ જુઓ વિકલ્પે ચડી જાય તો આવું થાય છે. વિકલ્પે ચડી ગયેલા. અંદરથી પરિણતિ ન ફરી. આપણે શું મુદ્દો લેવો છે? અંદરથી પરિણતિ ન ફરી અને બહારમાં કર્યું, ઘણું કર્યું ને વિકલ્પે ચડી ગયા.

મુમુક્ષુ :- ...ઝેર નીકળ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- ઉતાવળે લેવા જતા. ક્રમમાં આવ્યા ન હોય, સીધો જ્ઞાયક ક્યાંથી હાથમાં આવશે? અને ક્રમની ખબર નથી એટલે ઘણાં ચડી જાય છે. કોઈની આ દશા થાય, કોઈને આથી ઓછી દશા થાય પણ કાંઈ હાથમાં આવે નહિ. આત્મકલ્યાણની દિશામાં એક અંશ પણ કામ થાય નહિ, વિપરીત અભિપ્રાયમાં આવી જાય, ગૃહીત મિથ્યાત્વમાં આવી જાય, દર્શનમોહ વધી જાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી અહીંયાં જે ખુલાસો કર્યો છે, ઈ જ એમ દેખાડે છે કે સમ્યક્ત્વ સુધી પહોંચવાની જે લાઈન છે ઈ જુદી જાતની છે.

પૂજ્ય ભાઈશ્રી :- જુદી જ છે. એ '**વિકલ્પમાં થાય છે પણ અંદરથી થવું જોઈએ, તે થતું નથી, તેમ થાય તેને આકુળતા ન હોય;..**' અંદરથી થાય એને આકુળતા ન હોય. ધીરજ હોય, ઉતાવળ ન હોય. '**ધીરજ હોય, શાંતિ હોય.**' ચંચળતા ન હોય. '**જ્ઞાયકને ગ્રહણ કરવો છે છતાં નથી થતું તે મારા પુરુષાર્થની ખામી છે,**' શું લીધું છે? મારે મારા સ્વરૂપને ગ્રહણ કરવું છે. સ્વરૂપના આશ્રયે રહેવું છે, પણ એમ થતું નથી એ મારી ખામી છે. મારા પુરુષાર્થની, તે પ્રકારના પુરુષાર્થની ખામી છે માટે.

સમજણ આવી એથી શું થઇ ગયું? સમજણની સાથે યથાર્થ સમજણ હોય તો સમજણનું બળ પણ ઉત્પન્ન થવું જોઇએ અને થયું હોય. **'મારો દોષ છે,..'** મારો દોષ છે **'હું જ ક્યાંક રોકાઉં છું,..'** નક્કી વાત છે કે હું ક્યાંક રોકાઉં છું. મારો દોષ છે ને હું ક્યાંક રોકાઉં છું, એ વાતનો નિશ્ચય કરવો. એ પ્રકારે નિશ્ચય કરવો. **'એમ પોતાને લાગવું જોઇએ.'** એ વાત પોતાને લાગવી જોઇએ ને સમજાવી જોઇએ.

મુમુક્ષુ :- અંતર અવલોકન વગર આ કેવી રીતે ખબર પડે?

પૂજ્ય ભાઈશ્રી :- ન ખબર પડે. એટલે તો પહેલું - pre stage અંતર અવલોકનનું છે. પછી ભેદજ્ઞાન છે ને પછી જ્ઞાયકને ગ્રહણ કરવાની વાત છે. હવે ન અવલોકન હોય ને ન ભેદજ્ઞાન હોય ને મારે જ્ઞાયકને ગ્રહણ કરવો છે, હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, લાગી પડો! ક્યાંથી આવવાનો હતો? **'બહારનું બધું કાંઇ છૂટી જતું નથી..'** એટલે શું બહારમાં ત્યાગ થઇ જાય છે ઇ વાત નથી અહીંયાં. કે, ચાલો ભાઈ! ધંધો મૂકી દીધો, ઘરબાર મૂકી દીધા એમ કાંઇ નથી, એ તો પૂર્વકર્મ અનુસાર જે હોય તે હોય. **'બહારનું બધું કાંઇ છૂટી જતું નથી પણ મારે કાંઇ જોઇતું નથી,..'** મારે મારો આત્મા હવે જોઇએ છે. અહીંથી ઊપડવું જોઇએ. જે હોય તે ભલે એના સ્થાને હો, મારે શું? હવે મારે કામનું કાંઇ નથી. મારે કાંઇ કામનું નથી.

**'બહારનું બધું કાંઇ છૂટી જતું નથી પણ મારે કાંઇ જોઇતું નથી, એવો અંદરથી જોરદાર પલટો આવવો જોઇએ.'** અહીંથી ઊપડવું જોઇએ કે મારે એક મારો આત્મા, હવે મારે બીજું કાંઇ જોઇતું નથી. જોઇતું નથી એટલે ફેરવવા મંડે માટે જોઇતું નથી એમ નથી, છોડવા મંડે માટે જોઇતું નથી - એમ નથી. પરિણામ અંદરથી ફરી જવા જોઇએ. કેમકે રસ ઉડી જાય, અહીંયાં તો પહેલો રસ ઉડાડ તું. અભિપ્રાય પલટીને રસ ઉડાડી દે. આ ક્રમ છે આનો. ત્યાગ કરવો ઇ ક્રમ નથી. જુઓ! ત્યાગ કરવો ઇ ક્રમ નથી. કેમ? કે રસ રહી ગયો ને ત્યાગ કર્યો તો તારે દમન થઇ ગયું વૃત્તિનું. તને અંદર રસ પડ્યો છે (અને) બહારમાં ત્યાગ કરી નાખ્યો. શું કરી નાખ્યું? દમન કર્યું વૃત્તિનું. એ રોગ અંદર રહી ગયો છે. એ પાછો ઉછળીને બહાર આવશે ગમે ત્યારે. દબાવી રાખીશ તો ક્યાં સુધી દબાવી રાખીશ તું? બહુ બહુ તો આ ભવ પૂરતો. પછી? બીજા ભવમાં તો ખબરેય નહિ હોય શું થયું હતું ને શું નહિ. પરિણામો સીધા બહાર આવી જશે, યોગ્યતા બહાર આવી જશે. **'બહારનું બધું કાંઇ છૂટી જતું નથી પણ મારે કાંઇ જોઇતું નથી, એવો અંદરથી જોરદાર પલટો આવવો જોઇએ.'** મારે એક મારો આત્મા જ જોઇએ, આત્મકલ્યાણ જ કરવું છે હવે કાંઇ મારે જોઇતું નથી. ન સ્થાન, ન માન અને ન ધન. આમ શું છે? મોટાભાગે માણસ - જીવ ધનાર્થી છે.

જ્યાં સુધી મોક્ષાર્થી ન થાય ત્યાં સુધી ધનાર્થી છે અને માનાર્થી છે. બે પ્રકૃતિ કામ કરે છે, લોભ અને માનની. મોક્ષાર્થી થાય એટલે આખા સંસારનો અભિપ્રાય છોડે, સંસારને ઉપાસવાનો અભિપ્રાય છોડે ત્યારે મોક્ષાર્થી થાય. કે, હવે મારે સંસારને ઉપાસવો નથી, મારે મારું આત્મકલ્યાણ કરી લેવું છે. એટલે આ સંસારને ઉપાસવો નથી એટલે સંસારમાંથી કાંઈ જોઈતું નથી. એ વાત આવી ગઈ. '**એવો અંદરથી જોરદાર પલટો આવવો જોઈએ. બસ, મારે કાંઈ જોઈતું નથી તેમ અંદરથી લાગવું જોઈએ.**' ફરીથી લીધું. મારે કાંઈ જોઈતું નથીને એમાં શું છે જોરથી આવ્યુંને? કે બસ, મારે કાંઈ જોઈતું નથી એમ અંદરથી લાગવું જોઈએ. એટલે પછી બધા સંયોગો નકામા લાગે અને સંયોગો મેળવવાનો પરિશ્રમ વ્યર્થ લાગે. જેમ પૂર્વના ભવોમાં કરેલો પરિશ્રમ વ્યર્થ ગયો છે, મને અત્યારે કાંઈ કામમાં આવતું નથી, એમ જ આ ભવમાં કરેલો પરિશ્રમ વ્યર્થ જશે, કાંઈ મને કામમાં નહિ આવે અને એ પરિશ્રમ કરતી વખતે જે પરિણામ કરીને કર્મ બાંધ્યા એ ભોગવવામાં આકરું લાગશે. એ આકરું પડી જશે. એમ જો યથાર્થ સમજણ કરે તો એ તરફનો ઉત્સાહ છે એ ખલાસ થઈ જાય.

મુમુક્ષુ :- ઓસરી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ઓસરી જાય, ઉત્સાહ છે એ ગળી જાય, ઓગળી જાય. કે આ વ્યર્થ પરિશ્રમ કરી-કરીને અનંત ભવ કાઢ્યા. દિપચંદજીએ શું લખ્યું ખબર છે? ચોરાસી લાખ યોનિમાં જન્મ લઈને ભીંતડા સુધાર્યા. શું કર્યું? જે ઘરમાં ગયો, આ ઘરમાં આમ તો બધું બરાબર છે પણ અહીંયાં જરાક બરાબર નથી. આ ઠેકાણે ભીંત બરાબર નથી, આટલું રીપેર કરી નાખું. અહીંયાં થોડો કલર ઉખડી ગયો છે તો ત્યાં થોડોક લગાડી દઉં. આ ભીંતડા સુધાર્યા છે. જે ઘરમાં ગયો ઈ ઘરના ભીંતડા સુધાર્યા. ચોરાસી લાખ ઘર છે. ગમે એટલા ભીંતડા સુધાર તારા હાથમાં કાંઈ આવે એવું નથી. તારા આત્માને શાંતિ આપે એવું નથી કાંઈ. હાથમાં કાંઈ એવું નથી એનો અર્થ આત્માને શાંતિ થાય એવું નથી.

મુમુક્ષુ :- સંપ્રદાયમેં હમને ઈતના યમ-નિયમ કિયા, મહારાજ કે પીછે કિતના ભાગદોડ કિયા..

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, વહ તો ક્યા વ્યર્થ પરિશ્રમ કિયા, બિના સમજે જહાઁ પરમાર્થ હૈ હી નહીં, વહાઁસે પરમાર્થ મિલેગા કહાઁસે? વો ખુદ તો જાનતે નહીં. જિનકે પાસ જીવ જાતા હૈ ઉનકે પાસ માલ નહીં હૈ, વો દેગા કહાઁસે? આપ સબ્જી માર્કેટમેં ગયે. કહાઁ ગયે?

મુમુક્ષુ :- સબ્જી માર્કેટમેં.

પૂજ્ય ભાઈશ્રી :- ઔર બોલા કે ભાઈ હમકો હીરેકા necklace ખરીદના હૈ. વો કહાઁસે દેગા. વો તો બોલેગા કિ, મેરે પાસ તો યે ભાજી હૈ, મેરે પાસ તો યે ભાજી હૈ! બહુત બઢિયા હૈ, ચાહિયે તો લે જાઓ. બાકી હીરે કા necklace તો યહાઁ નહીં મિલેગા, વો તો જવેરી બાઝારમેં મિલેગા. અબ તકલીફ વો હૈ, બહુભાગ જીવ ભાજી કો હી હીરા સમજતા હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ખરેખર હીરો લેવા નીકળ્યો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હીરો લેવા નથી નીકળ્યો. દો બાત ધર્મકી સુને અચ્છી લગે, ક્યા? દો બાત ધર્મકી સુને ઔર અચ્છી લગે વાહ! વાહ! સમર્પિત થઈ જાય. શું થઈ જાય. સમર્પિત થઈ જાય. એમ ન હોવું જોઈએ. કાળજી હોવી જોઈએ. આ પ્રકારના માર્ગથી, ઉપાયથી આત્મકલ્યાણ થાય તો કેવી રીતે થાય? એમ કોઈ ધંધો કરે તો પૈસા મળે તો કેવી રીતે મળે? નફો કેવી રીતે થાય? ઈ પહેલા સમજીને સાતવાર ગળણે ગળે પછી દુકાન માંડે. નહિતર establishmentનો ખર્ચો માથે પડે. પછી લાખ-બે લાખનું ફર્નિચર કર્યું હોય તો એ વેચવા જાય તો કેટલા હાથમાં આવે? દસ-વીસ હજાર આવે. નેવું ટકા જાય. એમ અહીંયાં તો ઊંધા રસ્તે જ ચડી જાય, ત્યાં તો દસ-વીસ હજાર પણ હાથમાં આવે અહીંયાં તો ઊંધે રસ્તે જ ચડી જાય. ગૃહીત મિથ્યાત્વમાં ચાલ્યો જાય. થોડું પણ યથાર્થ, થોડું પણ યથાર્થ થવું જોઈએ. ઈ ધ્યાન રાખવાનું છે. '**બસ, મારે કાંઈ જોઈતું નથી તેમ અંદરથી લાગવું જોઈએ. એટલો અંદરથી પલટો થવો જોઈએ.**' અંતરમાંથી એવો પલટો આવે કે બસ! એક આત્મા સિવાય કાંઈ જોઈતું નથી. જુઓ! આ ત્રીજી વખત આવ્યું. અંદરમાંથી આવે હવે એક આત્મા સિવાય બીજું મારે કાંઈ ન જોઈએ. પાત્રતાના પ્રકરણથી વિચારીએ તો, પાત્રતાના દૃષ્ટિકોણથી વિચારીએ તો આ ખાસ પ્રકારની પાત્રતા છે. બહેનશ્રીને કોઈએ પૂછ્યું છે, બહેનશ્રીનાં વચનામૃતમાં ૪૨૫ નંબરનો (બોલ) છે કે, તત્ત્વને અમે યથાર્થપણે, બરાબરપણે સમજીએ છીએ, ધારીએ છીએ છતાંય કાંઈ થતું નથી એનું કારણ શું? તો કે ધારણા તો બરાબર છે, બાહ્ય ક્રિયામાં પણ કાંઈ વાંધો નથી. સવારે પૂજા કરું, પછી સ્વાધ્યાય કરું, પછી આમ કરું, પછી આમ કરું, નિવૃત્તિ લઈને સોનગઢમાં તો બધાય એવી રીતે, સરખી રીતે રહ્યા હોય વર્ષો વીતી ગયા કાંઈ થયું નહિ, તો કહે ખાસ પ્રકારની પાત્રતાનો અભાવ હોવાથી. શું? ખાસ પ્રકારની પાત્રતાનો અભાવ હોવાથી કામ થતું નથી. તો કહે એ ખાસ પ્રકારની પાત્રતા કઈ? કેવી? કે અંતરમાંથી... આ શબ્દો લ્યો, એવો પલટો આવે કે '**અંતરમાંથી એવો પલટો આવે કે બસ, એક આત્મા સિવાય કાંઈ જોઈતું નથી. આત્મા જ જોઈએ છે એટલી અંદરથી તાલાવેલી લાગવી જોઈએ.**' આ ખાસ પ્રકારની

પાત્રતા છે. તો પ્રાપ્ત થયા વિના રહે નહિ એ guaranteed વાત છે. અને ખાસ પ્રકારની પાત્રતા ન આવે તો મળી જાય કાંઇ એવું બનવાનું નથી ઈ પણ guaranteed છે. કદી ન મળે. અહીંયાં આવે છૂટકો. આજે આવે, કાલે આવે, આ ભવમાં આવે કે લાખ ભવે આવે, આ જ દશા થયે છૂટકો છે મુમુક્ષુની ભૂમિકામાં. એકવાર આ દશા નહિ થાય ત્યાં સુધી પરમાર્થના માર્ગમાં એક ડગલું આગળ વધવાની જગ્યા નથી, બાહ્ય ક્રિયા તો અનંત કાળથી કરતો જ આવ્યો છે ને કરતો આવશે. બાહ્ય ક્રિયા તો કરતો આવ્યો છે.

મુમુક્ષુ :- કૃપાળુદેવ લખે છેને કે, અનંતકાળમાં એક સત્પાત્રતા થઈ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનંતકાળમાં સત્પાત્રતા થઈ નથી. બાકી તો બધું થઈ ગયું છે. બાકી બધું થઈ ગયું છે.

મુમુક્ષુ :- સત્પુરુષોનો યોગ પણ અનંતવાર થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- અરે! તીર્થંકરનો યોગ અનંતવાર થયો છે. તીર્થંકર કરતા સત્પુરુષ તો ઘણા થાય છે. જેટલા સત્પુરુષ થાય એટલા તીર્થંકર ન થાય કાંઈ. તીર્થંકરના સમવસરણમાં અનંતવાર ગયો છે. બાહ્યક્રિયા અને ઉપરછલ્લા ઉપયોગથી. મોટાભાગે તો જીવ દેખાદેખીથી કરે છે. અંદરથી ઉગતું જ નથી એને. બીજા કરે એમ પોતે કરે, બીજા કરે એમ પોતે કરે, દેખાદેખીમાં ચાલ્યો જાય.

મુમુક્ષુ :- મારે કાંઈ જોઈતું નથી એમાં મમત્વ જ મૂકવાનું છેને?

પૂજ્ય ભાઈશ્રી :- સીધી જ વાત છે.

મુમુક્ષુ :- ૫૩૭માં કૃપાળુદેવમાં એ જ વાત આવી.

પૂજ્ય ભાઈશ્રી :- મારે કાંઈ જોઈતું નથી હવે. ઉદાસીન થઈ જાય. સર્વ પરદ્રવ્ય, ક્ષેત્ર-કાળ-ભાવથી ઉદાસીન થઈ જાય. લ્યો! આમ છે. આ લોકો બાહ્ય ત્યાગ જલ્દી કરે પણ અંદરથી ઉદાસીન નથી થઈ શકતા. બહારથી દીક્ષા લઈ લે. અંદર બધું એમને એમ રહે. પછી કાગળ લખે ને પછી મદદ કરે ને આ બધું પછી પાછળથી શું કરવા થાય છે? બહારમાં કપડાં છોડી દીધા, પછી કાગળ લખે અને એક સબંધ નહિ અનેક સબંધો બાંધે પાછા. કેટલા?

મુમુક્ષુ :- અનેક.

પૂજ્ય ભાઈશ્રી :- ગામે ગામ જાય, ગામે ગામના પાણી પીએ. ગામે ગામના સબંધીઓ વધે.

મુમુક્ષુ :- પ્રકાર બદલાણા છે સંસારના.

પૂજ્ય ભાઈશ્રી :- ઊલટાનું વધ્યું. પળોજણ વધી. ને પછી જેના ઉપર મમત્વ

હોય, જેનો પક્ષ હોય એને મદદ કરે પછી. શું કરે? એને મદદ કરે.

'**જો અંદરથી લાગે કે મને કોઈનો આશ્રય નથી, કોઈ પર સુખરૂપ નથી; તો એક આત્મા સિવાય બીજે ક્યાંય તેની દૃષ્ટિ અંદરથી ટકતી નથી.**' બહુ સરસ વાત લીધી છે અહીંયાં. એક બાજુ એમ કહે છે કે અંતરથી એમ લાગવું જોઈએ કે, મારે આત્મા સિવાય કાંઈ જોઈતું નથી. પણ અંદરથી બીજે લાભ, મને આધાર, મને સુખ, મને લાભ ઈ અંદર રહી ગયું હોય અભિપ્રાયમાં તો એ ક્યાંથી થાય? ન થાય. તો કે બીજી સાઈડમાં શું છે? કે હું જેનાથી લાભ માનું (છું) શું? જેનાથી સુખ માનું, જેનો આધાર લઉં, ઈ કાંઈ થવાનું નથી, કોઈ સુખ આપવાનું નથી, કાંઈ આશ્રય મળવાનો નથી, કાંઈ આધાર મળવાનો નથી, કાંઈ લાભ થવાનો નથી, મને કોઈ સુખરૂપ છે જ નહિ, કોઈ સુખનું કારણ છે જ નહિ. આમ જ્યારે લાગે ત્યારે એક આત્મા સિવાય હવે બીજો કાંઈ આરો-વારો નથી એ આપોઆપ આવે. એમ બેય પડખેથી થાવું જોઈએ. બીજી સાઈડ લઈ લીધી. ચોખ્ખું ઘણું કર્યું છે. ઘણું ચોખ્ખું કર્યું છે. આખું summarize કરીએ, સંક્ષેપમાં લઈએ તો મૂળ પ્રશ્ન તો ઈ ઉપડ્યો છે કે રસ ક્યાં રોકાય ઈ ખબર પડે કે ન પડે? પછી આ તો બધો વિસ્તાર કર્યો છે. તો કે ભાવના હોય તો ખબર પડે, નહિતર ન ખબર પડે. ઉપયોગ સૂક્ષ્મ થાય તો ખબર પડે, નહિતર ન પડે. પછી એમ લીધું કે બાહ્ય ક્રિયામાં લોકો જાય છે, બાહ્ય ક્રિયામાં ઘણું કરે છે, (પણ) અંદરથી ફરતો નથી. અંદરથી ઉપડતો નથી, અંદરથી તાલાવેલી લાગતી નથી, આત્મા સિવાય કંઈ જોઈતું નથી ઈ જગ્યાએ આવતો નથી, પણ આવે ક્યારે? આવે ક્યારે? કે જો અંદરથી, આ શરત લીધી છે, જો અને તો. શરતવાચક વાત છે. જો ને તો છે એ શરતવાચક છે. કે જો અંદરથી લાગે કે મને આ એક આત્મા સિવાય કોઈનો આશ્રય નથી, મને કોઈ શરણભૂત થાય એવું નથી, અશરણભાવના બરાબર પકડાણી હોવી જોઈએ. મને કોઈ શરણ નથી, મને કોઈ સુખનું કારણ નથી, મને કોઈ આધાર આપી દે એમ નથી. હું છેવટે નિરાધાર થઈને દુઃખી થતો, થતો, થતો દેહ ત્યાગ કરીને દુર્ગતિમાં ચાલ્યો જઈશ. મરણ વખતે એમ લાગશે કે અરેરે...! કોઈ સંપત્તિનો આધાર - આશ્રય નથી, આધાર નથી, સગાનો આધાર નથી, દવા-ડૉક્ટરનો આધાર નથી, કોઈ આધાર નથી, બધાએ હાથ ઉંચા કર્યા છે. હવે અમે કાંઈ કરી શકીએ એમ નથી. દુઃખી થતો.. થતો.. દુર્ગતિમાં ચાલ્યો જાય છે. પણ પહેલેથી સમજાય જાય, એવી લાચાર અને દીનતામાં આવ્યા પહેલા પહેલેથી સમજાય જાય કે આ જગતમાં મને કોઈનો આધાર, અવલંબન, આશ્રય છે જ નહિ. કોઈ મને સુખનું કારણ નથી. વ્યર્થ ફાંફાં મારું છું, એ ફાંફાં મારવા છોડી દઉં હું.

મુમુક્ષુ :- ગુરુનું કહ્યું ન માને તો ગુરુ પણ શરણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુ રસ્તો બતાવે એ રસ્તે હાલ્યો જાય તો ગુરુનું શરણ કહેવાય. પણ ગુરુનું કીધું ન માને તો ગુરુનું શરણ લીધું છે જ ક્યાં? પછી ક્યાંથી એને લાભ થાય? (ગુરુનું શરણ લ્યે) તો એની દૃષ્ટિ સીધી આત્મા ઉપર જાય.

મુમુક્ષુ :- કૃપાળુદેવે ૨૧૩ પત્રમાં પહેલો પેરેગ્રાફ લખ્યોને, એવી અશરણતાવાળા આ સંસારને વિશે...

પૂજ્ય ભાઈશ્રી :- એક સત્પુરુષ સિવાય બીજું કોઈ શરણ નથી. એક વિચાર આવ્યો હતો. કાલે પેલું વાંચતો હતોને દિપચંદજીનું એમાંથી બહુ સારી કડી હતી સંસારમાં જીવને પરનું મમત્વ છે. પરમાં સચેત-અચેત બંન્ને જાતના પદાર્થો છે અને એનું મમત્વ છે. હવે મમત્વ છે એટલે એનો સંયોગ ઇચ્છે છે. સંયોગ કોઈનો કાયમ રહેતો નથી એટલે વિયોગનું દુઃખ થાય છે અને વિયોગનું દુઃખ વસમું બહુ લાગે છે. કેવું લાગે છે?

મુમુક્ષુ :- વસમું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ તમારે (હિન્દી) ભાષામાં વસમું જ કહે છે કે બીજું કાંઈ? વિયોગ કા દુઃખ બહુત લગતા હૈ તો ક્યા બોલતે હૈં?

મુમુક્ષુ :- બહુત કઠિન ...

પૂજ્ય ભાઈશ્રી :- કઠિન લગતા હૈ. અમારે ખાસ શબ્દ છે એનો. કઠણ તો કહે, વસમું શબ્દ છે... આકરું. આ વિયોગનું દુઃખ. ગામમાં ને ગામમાં તમે બેટીને પરણાવી હોય, પણ વળાવતી વખતે કેટલું બધું દુઃખ થાય. હજી ખબર છે કે કાલે તો જમવા આવવાના છે. જમાઈને બીજે દિવસે ઘરે જમવા બોલાવે અને પાછું મીઠું મોઢું કરાવે ને એને બે પૈસા આપેને! એ કાલ આવવાના છે ઈ ખબર છે તોપણ અત્યારે વળાવે એનું દુઃખ કેટલું લાગે છે? કે ભાઈ કાયમ માટે એના ઘરે જાય છે, પાછું સગપણ પોતે કર્યું છે, લગ્ન પોતે કરી દે છે, છતાં વળાવતી વખતે રોવે છે ઠીક! આ વિયોગનું દુઃખ. વિયોગનું દુઃખ વસમું લાગે છે. તો કહે હવે એવું, એવું, એવું દુઃખી ન થવું પડે, એવું દુઃખી જ ન થવું પડે એના માટે શું કરવું? તો કે એકવાર તને સત્પુરુષ અને તારા સત્સ્વરૂપના વિયોગનું દુઃખ લાગવું જોઈએ. તારી જે દુઃખ લાગવાની tendency છે ઈ tendencyમાં એક થોડો આટલો ફેરફાર કર. ભલે તને દુઃખ લાગે. વિયોગનું દુઃખ લાગે છેને! હાલ તને વિયોગનું દુઃખ લગાડીએ.

મુમુક્ષુ :- એના માટે પ્રેમ થવો જરૂરી છેને? સત્પુરુષની સાથે પ્રેમ થયો હોય તો વિયોગનું દુઃખ લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- તો તને વિયોગનું દુઃખ લાગે, તારું પરમાત્મસ્વરૂપ અંદરમાં બિરાજે

છે એનો તને વિયોગ છે, બહારમાં સત્પુરુષ નથી મળતા એનું જો તને દુઃખ લાગે તો સાદી અનંત કાળ તને એવો સંયોગ થશે, સાદી અનંત કાળ તને એવો સંયોગ થશે, તારા સત્સ્વરૂપનો અને સંયોગ શું કહેવો? એ તો તું પોતે જ છો. કે પછી કોઈ દિવસ વિયોગનું દુઃખ નહિ થાય જા! કોઈના વિયોગનું દુઃખ નહિ થાય. તને કોઈ પ્રકારનું દુઃખ નહિ થાય જાને! વિયોગનું દુઃખ શું, કોઈ પ્રકારનું દુઃખ નહિ થાય. શરણ નથી અશરણ છે એમ લાગે, શું? એમ વિચારે નહિ, એમ feel થાય, એમ લાગે તો એક આત્મા સિવાય બીજે ક્યાંય જીવની દૃષ્ટિ જતી નથી. '**પછી ભલે કોઈને લાંબા કાળે કાર્ય થાય કે કોઈને અંતર્મુહૂર્તમાં થાય,..**' એટલે એમાં ટાઈમ બધાનો એક સરખો ન હોય, કોઈને અંતર્મુહૂર્તમાં પણ કામ થઈ જાય અને કોઈને થોડો વખત પણ લાગે '**પણ અંતરથી બધું છૂટી જવું જોઈએ..**' અંદરથી તો લગવાડ છૂટી જવો જોઈએ. અંદરનો લગાવ ન હોય, બહારનો ભલે સંયોગ હોય. '**કે બહારમાં એક રજકણથી માંડીને કોઈપણ પરદ્રવ્ય મારું નથી, એમ શ્રદ્ધામાં આવવું જોઈએ.**' ખાત્રી થઈ જવી જોઈએ. કોઈ મારું નથી ને કોઈ મને શરણભૂત પણ નથી જાવ! મને કોઈ શરણ થાય એમ નથી. મારા આત્મા સિવાય મને કોઈ શરણભૂત નથી અને ઈ હજાર હાથવાળો નહિ, અનંત હાથવાળો છે. અનંત શક્તિવાળો છે. તારે કોઈનું શરણ ગોતવાની જરૂર પડશે નહિ. એનું શરણું લીધા પછી બીજા કોઈને શરણે જાવાની તારી પરિસ્થિતિ નહિ રહે. આથી વિશેષ શું જોઈએ તારે - એમ કહે છે. આ ૧૪૯ બહુ સરસ છે. સરસ લીધું છે.

❁

**જીવ પોતે આખો ખોવાઈ ગયો તે જોતો નથી, ને એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે આખો ખોવાઈ ગયો, રોકાઈ ગયો; રૂપિયા, ઘર, શરીર, પુત્ર આદિમાં તું રોકાઈ ગયો. અરે! તું વિચાર તો કર કે તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો! બહારમાં ને બહારમાં રોકાઈ ગયો, ત્યાં ભાઈ! આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય?**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૫૬**

પ્રશ્ન :- આપ કહો છો ત્યારે સહેલું લાગે છે પણ પ્રયત્ન કરીએ ત્યારે અઘરું લાગે છે અને થતું નથી. તો શું કરવું?

સમાધાન :- ધીરજથી કરવાનું છે. ન થાય તો મૂંઝાવું નહિ. જ્ઞાયકની ભાવના, જ્ઞાયકનું વારંવાર રટણ, ને જ્ઞાયકના વિચાર કરવા પણ મૂંઝાવું નહિ. તેમાં ઉતાવળ કરીને કાંઈ બીજાું કરવાનો અર્થ નથી. અનાદિનો એકત્વનો અભ્યાસ છે એટલે અઘરું લાગે છે પણ સ્વભાવ તો પોતાનો જ છે તેથી અઘરું નથી, એકત્વબુદ્ધિને લઈને અઘરું થઈ પડ્યું છે.

પોતાનો સ્વભાવ સમીપ છે. બહાર ગોતવા જવું પડે તેમ નથી. પરાધીન નથી. કોઈ આપે તો થાય એવું પણ નથી. પોતાની આગળ છે પણ પોતાના પુરુષાર્થની ખામીને લઈને થતું નથી. દૃષ્ટિ એટલી બધી બહાર થઈ ગઈ છે કે અંતરમાં જઈ શકતો નથી અને સ્થૂલતામાં ચાલ્યો જાય છે. ૧૫૦.

## તા. ૩૦-૦૩-૧૯૯૭, પ્રશ્ન-૧૫૦
## પ્રવચન નં. ૧૦૩

સ્વાનુભૂતિદર્શન, ૧૫૦મો પ્રશ્ન, પાનું - ૧૦૫.

'**પ્રશ્ન :- આપ કહો છો ત્યારે સહેલું લાગે છે પણ પ્રયત્ન કરીએ ત્યારે અઘરું લાગે છે અને થતું નથી. તો શું કરવું?**' શું કહે છે? કે સમજવું સહેલું લાગે છે કહો છો ત્યારે. એનો અર્થ શું છે એ સમજવું સહેલું છે, અમલીકરણમાં જતા અઘરું લાગે છે અથવા અમલીકરણ કરવા જતા કરી શકતા નથી, થઈ શકતું નથી. એનું શું કરવું? આવી સ્થિતિમાં શું કરવું?

'**સમાધાન :- ધીરજથી કરવાનું છે.**' ધીરજથી કરવાનું એટલે શું છે? કે નાસીપાસ થવાનું નથી. હિંમત હારવાની નથી, નિરાશ થવાનું નથી. કામ ન થતું હોય તોપણ નિરાશ ન થવું. પ્રયત્ન માટે ઉત્સાહિત રહેવું. નિરાશ તો ન થવું, પણ પ્રયત્ન માટે ઉત્સાહિત રહેવું એનું નામ ધીરજ. ફરીથી, નિરાશ ન થવું અને પ્રયત્ન ચાલુ રાખવો એનું નામ ધીરજ. '**ન થાય તો મૂંઝાવું નહિ.**' મૂંઝાવું નહિ એટલે શું? depression માં આવે એમ ન થવું. એમ મૂંઝાવું નહિ. ન થાય એટલે થોડી આકુળતા થવાની,

મૂંઝવણ થવાની, એની ના નથી, depressionમાં આવે, નિરાશામાં આવી જાય એવું ન થવું જોઈએ, એમ કહેવું છે. **'જ્ઞાયકની ભાવના, જ્ઞાયકનું વારંવાર રટણ, ને જ્ઞાયકના વિચાર કરવા પણ મૂંઝાવું નહિ.'** એટલે કે પ્રયત્ન ચાલુ રાખવો. બે-ત્રણ બોલ લીધા, સંક્ષેપ લઈએ તો પ્રયત્ન ચાલુ રાખવો. ભાવના છોડવી નહિ અને એના વિચાર પણ છોડવા નહિ. **'તેમાં ઉતાવળ કરીને કાંઈ બીજાું કરવાનો અર્થ નથી.'** અથવા જ્ઞાનીએ જે રીતે માર્ગદર્શન આપ્યું એ રીતે પોતે કામ કરી શકતો ન હોય, એ રીતે કામ ન કરી શકતો હોય એટલે બીજી રીતે કરવાની ઉતાવળ ન કરવી. બીજી રીતે પ્રયત્ન કરવો એનો અર્થ કે ઉતાવળ કરે છે. એનું નામ ઉતાવળ અથવા એનું નામ અધીરજ અને એનું નામ સ્વચ્છંદ. બધી ગડબડ થઈ. મોટાભાગે જીવ આવું કરી બેસે છે કે એને જે હોમવર્ક આપ્યું હોય, માર્ગદર્શન આપ્યું હોય એ રીતે પોતે આગળ ન વધી શકતો હોય એટલે બીજી રીતે કામ કરવા માટે એ પ્રેરાય જાય છે. શું કરે છે? બીજી રીતે કામ કરવા માટે પ્રેરાય જાય છે. કામ થતું નથી ત્યારે તો પછી આમ કરીએ તો કેમ? તો આમ કરીએ તો કેમ? એ અધીરજ છે, એ સ્વચ્છંદ છે, એ ઉતાવળ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કભી 'હું જાણું છું' ઐસા હો જાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ભલે જાણું છું એવું ન થાય તોપણ એ પોતે રીત પકડી શકતો નથી. એટલે સહેજે-સહેજે બીજી રીતે કામ કરવાનું થઈ જાય છે એનાથી. જેમ કોઈ પોતાની ભૂલ સ્વીકારવા ન માંગતો હોય તો તરત બીજી રીતે જવાબ દઈ દેશે, કે ભાઈ! આ તો આ કારણ હતું ને એટલે આમ થઈ ગયું. કોઈ કહે કે તમારી ભૂલથી આ જરા આમ થયું, તો કહે નહિ.. નહિ.. આ કારણ હતું એટલે આમ થયું. હવે ઈ સહેજે થઈ જાય એમ સહેજે થઈ જવાનું કારણ શું? કે પોતાને ભૂલનો સ્વીકાર નથી કરવો, દોષનો સ્વીકાર નથી કરવો. એમ આમાં પણ જે રીત કહે છે એ રીતે ન કરી શકતો હોય એટલે એને એમ થાય કે તો પછી આમ કરું, તો પછી આમ કરું, તો કાંઈક આમ કરું તો થાય? તો કાંઈક આમ કરું તો થાય? એમ એની બુદ્ધિ છે ઈ ફંટાય છે, બીજી દિશામાં ફંટાય છે. યોગ્ય દિશામાં ન કામ કરે ત્યારે સહેજે-સહેજે બીજી દિશામાં બુદ્ધિ ફંટાઈ જાય છે. એમ નહિ થવું જોઈએ, એમ કહે છે.

**'અનાદિનો એકત્વનો અભ્યાસ છે..'** અનાદિનો એકત્વનો અભ્યાસ છે. એટલે પોતાપણાનો - શરીર મારું, આ ઘર મારું, આ ચીજ-વસ્તુઓ મારી, એમ પોતાપણાનો અભ્યાસ છે. રાગમાં પણ એકત્વપણાનો અભ્યાસ છે. રાગ મને થયો, ક્રોધ મને થયો, મારામાં થયો, મારા સ્વરૂપમાં જાણે થયો હોય એવી રીતે અનુભવ કરે છે. ઈ અભ્યાસ છે એટલે ઊલટી practice છે. અનાદિનો અભ્યાસ છે એકત્વનો એટલે ઊલટી, વિપરીત

practice અનાદિની છે. practiceની સામે સવળી practice જોઈએ. અવળી practiceની સામે સવળી practice જોઈએ. ઊલટી સમજણની સામે સૂલટી સમજણ જોઈએ. અને ઊલટી practiceની સામે સૂલટી practice જોઈએ. આ અભ્યાસ એટલે practice ઊલટી છે. practice કહો કે પ્રયોગ કહો. ઊલટો પ્રયોગ ચાલી રહ્યો છે અનાદિનો. એની સામે સૂલટો પ્રયોગ જોઈએ. માત્ર વિચાર ન કામ આવે. પ્રયોગની સામે પ્રયોગ જોઈએ પછી.

મુમુક્ષુ :- ભાઈશ્રી આપ બોલે ન કિ, દૂસરે તરીકેસે કામ કરના, ઐસા હો જાતા હૈ તો ઈસે કૈસે handle કરના?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, અપનેકો જો બોલા હૈ વૈસા કરના હૈ, ઐસા અંદર કરના. દૂસરી તરહસે કરનેકા પ્રયત્ન નહીં કરના. જો બતાયા હૈ વૈસે હી કરના. 'મુમુક્ષુતા આરોહણ ક્રમ'માં (પુસ્તકનું title જોતા) દોરડું પકડાવ્યું છેને! ગુરુ આજ્ઞાનું!! ઈ દોરડું મજબૂત પકડી રાખવું.

મુમુક્ષુ :- છોડે તો પડે તે, ઈ વસ્તુ જ એવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- દોરડું પકડીને થોડું આગળ તો ચાલ્યો છે. હવે દોરડું મૂકી દ્યે તો શું થાય? પડે હેઠો.

મુમુક્ષુ :- ઈ મુકાય એવું જ નથી જો ચડવું હોય તો.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ મૂક્યું એટલે ગયો. મૂક્યું એટલે ગયો. '**અનાદિનો એકત્વનો અભ્યાસ છે એટલે અઘરું લાગે છે..**' એટલે ઊલટો, ઊલટો પ્રયોગ અને ઊલટી practiceથી દ્રઢ થઈ ગયું છે એટલે અઘરું લાગે છે. '**પણ સ્વભાવ તો પોતાનો જ છે..**' પણ સવળું પરિણમવાનો સ્વભાવ તો એ પોતાનો સ્વભાવ છે '**તેથી અઘરું નથી,..**' એ પોતાનો સ્વભાવ છે માટે અઘરું નથી.

એમાં શું છે કે, એક વકીલ છે ઈ બે-બે જાતના કેસ લડે છે. એક ખોટાને સાચું કરવાનો અને એક સાચાને સાચું કરવાનો. તો એના હાથમાં સાચો એવો કેસ આવ્યો હોય તો એને સાચું કરવું હોય તો લડવું સહેલું છે અને ખોટાને સાચું કરવું (અઘરું છે.) હવે, શરીર અને સંયોગો,.. શરીર પણ સંયોગ જ છે - એ તારું નથી ને તું તારું કરવા માંગે છો એ અઘરું કામ છે. અને જે તારું સ્વરૂપ છે એને તારે તારું કરવું ઈ તને અઘરું લાગે છે!! હવે તો તારે સાચો કેસ લડવામાં આવ્યો છે એટલે ખરેખર અઘરું નથી, ખરેખર અઘરું નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! હિન્દીમેં સમજાઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- જૈસે કિસીકો જૂઠકો સચ કરનેકા પ્રયત્ન કરના હો તો વો કઠિન

કામ હૈ. લેકિન સચકો સચ કરનેકી બાત હોવે તો વો કઠિન નહીં હૈ. ઐસે પરકો અપના કરના વો કઠિન હૈ ઔર સ્વભાવ મેં અપનત્વ કરના વો કઠિન કહાઁસે હૈ?

મુમુક્ષુ :- લગ તો રહા હૈ ન?

પૂજ્ય ભાઈશ્રી :- તો ઉસકા કારણ વો હૈ કિ, પરકા અપનત્વ દ્રઢ કર લિયા હૈ, ઉતની-સી બાત હૈ. તો ઉસકો ઢીલા કરો ઔર ઉસકો ઢીલા કરના યહી મુમુક્ષુકી ભૂમિકા હૈ. જિસકો ઢીલા કરના ઔર ઢીલા કરનેકા પ્રયોગ કરના યે તો મુમુક્ષુકી ભૂમિકા હૈ. કિ જહાઁ ભી અપનત્વ હોતા હૈ વહાઁ તુમ દેખો કિ તુમ્હારા અસ્તિત્વ હૈ કિ નહીં હૈ?

મુમુક્ષુ :- એક સેકન્ડમેં પરકો અપના કર લેતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- બસ, તો ઉસકો બાર-બાર પ્રયોગ કરકે ઢીલા કર દો. દેખતે હી માલૂમ પડેગા કિ મેરા તો અસ્તિત્વ વહાઁ હૈ નહીં, મૈં કલ્પના કર લેતા હૂઁ કિ, યે ચીજ મેરી હૈ, યે મેરા હૈ, યે મેરા હૈ, મૈં તો વહાઁ હૂઁ હી નહીં. બાર-બાર practice કરકે અપનત્વકો ઢીલા કરો. '**અનાદિનો એકત્વનો અભ્યાસ છે એટલે અઘરું લાગે છે પણ સ્વભાવ તો પોતાનો જ છે..**' પોતામાં પોતાપણુ કરવું ઈ પોતાનો સ્વભાવ છે. આ તો વિભાવ છે. '**પણ સ્વભાવ તો પોતાનો જ છે..**' પણ તેથી ઊલટું દ્રઢ કર્યું છે એટલે અઘરું લાગ્યું છે. પણ પોતાનો સ્વભાવ હોવાથી ખરેખર અઘરું નથી. ખરેખર અઘરું નથી. એમ પરિણમવાનો સ્વભાવ છે. પાણીને ઉપર ચડાવવા માટે મોટર મૂકવી પડે પણ ઉપરથી નીચે ઉતારવા માટે મોટર મૂકવી પડતી નથી. નળ ખોલી દ્યો એટલે પાણી નીચે. નળમાં વાલ્વ સુધી તો આવેલું જ છે. તમે પાણી ઉપર ચડાવ્યું ઈ તમારા નળના નીચે વાલ્વ છે ચકલીનો ત્યાં સુધી તો આવી ગયું છે. ખાલી તમે ચકલી ખોલો એટલે બહાર. એમ તમારો કારણ પરમાત્મા છે એ પ્રગટ થવા માટે તૈયાર જ છે. એકવાર લીધું હતું કે, તમારો conscious bite કરે છે એનો અર્થ શું? અંદરથી આત્મા એમ કહે છે કે આ બરાબર નહિ, આ બરાબર નહિ, આ બરાબર નહિ, હું ઊલટું કરું છું ઈ બરાબર નહિ. એનો અર્થ શું? કે તમારો કારણ પરમાત્મા, તમારું કમાડ ખખડાવે છે, કમાડ તો ખખડાવે છે કે ખોલ તું! તારે પરમાત્માના દર્શન કરવા હોય તો હું ઊભો જ છું. ઊભો જ છું અને ખખડાવું છું. આ જીવ ધ્યાન દેતો નથી, ઉપેક્ષા કરે છે, શું કરે છે? આ જીવ ઉપેક્ષા કરે છે. કમાડ ખોલે એટલી વાર છે. પરમાત્માના દર્શન થાય એવું છે. અને અનંતકાળથી ઉપેક્ષા કરે છે તોપણ એ રિસાયને ચાલ્યો જાતો નથી. બોલો! કરુણાનો સાગર કહેવાય કે ન કહેવાય? અનંતકાળથી જીવ પોતાના સ્વરૂપની ઉપેક્ષા કરે છે તોપણ એ ખખડાવતો ઊભો જ રહે છે. જરાય રિસાતો

નથી, ખોટું લગાડતો નથી. અહીંયાં તો એક વખત આદર ન મળેને તો કે આપણે કોઈ દી' એનું પગથિયું ચડવું નહિ. શું કહે? આપણને બોલાવ્યા નહિ, આપણને આવજો ન કીધું, આપણને પાણી ન પાયું, આપણો જરાય આદર-સત્કાર ન કર્યો, આપણે એના ઘરનું પગથિયું ચડવું નથી. આ પરમાત્મા અનાદિથી ઊભો છે, ખખડાવે છે (પણ) પોતે ઉપેક્ષા કરે છે તોપણ એને જરાય ખોટું લાગતું નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ કારણપરમાત્મા અને પરમપારિણામિક ભાવ - બેય એક જ વસ્તુ છેને?

પૂજ્ય ભાઈશ્રી :- બેય એક જ છે. નામ જુદાં. એક જ વસ્તુ છે.

મુમુક્ષુ :- તો પછી કારણશુદ્ધપર્યાય?

પૂજ્ય ભાઈશ્રી :- ઈ વર્તમાન લીધું છે. કારણ પરમાત્માનું વર્તમાન તે કારણશુદ્ધપર્યાય. કેમકે અવલંબન તો વર્તમાનનું આવે છેને! અવલંબન આવે એટલે કાર્ય શુદ્ધ થાય છે. જેવું અવલંબન લીધું એટલે કાર્ય શુદ્ધ થાય તો અવલંબન કોનું લીધું? કે વર્તમાનનું લીધું. વર્તમાનમાં, અવલંબન તો વર્તમાનમાં જ લેવાયને! વસ્તુ તો ત્રિકાળી છે. છતાં ભૂત-ભવિષ્યનું અવલંબન ન આવે કાંઈ. અવલંબન તો વર્તમાન હયાતીનું જ આવે. માટે વર્તમાન હયાતીને કારણશુદ્ધપર્યાય કહે છે, કેમકે એને અવલંબતાવેંત કાર્ય શુદ્ધ થઈ જાય છે. માટે એને કારણશુદ્ધપર્યાય કીધી.

મુમુક્ષુ :- એ આમ ખરેખર પર્યાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- ના, પર્યાય નથી પણ એના વર્તમાનનો ભેદ પાડ્યો માટે પર્યાય કીધી. ત્રિકાળી વસ્તુ હોવા છતાં અત્યારે હું આવો છું, એમ વર્તમાનને અવલંબ્યો. વર્તમાનને અવલંબ્યો ત્યારે શું લીધું કે હું તો અત્યારે જ આમ છું, અત્યારે જ પૂર્ણ છું અને અત્યારે જ શુદ્ધ છું, એમ ધ્યાનમાં છે. ધ્યાનમાં અવલંબન લે છે ત્યારે પોતાના વર્તમાનને પકડે છે. વસ્તુ ત્રિકાળી હોવા છતાં વર્તમાનનો ભેદ પકડાણો માટે એને પર્યાય એવું નામ આપ્યું. અને ત્યાં ચોખવટ પણ કરી છે ટીકાકારે નિયમસારમાં. પર્યાય એટલા માટે કહીએ છીએ કેમકે ભેદ પડે છે. **'परिसमंतात भेदंम् एति इति पर्यायः'** આવું લખ્યું છે સંસ્કૃતમાં. સંસ્કૃત ટીકામાં કે **'परिसमंतात भेदंम् एति इति पर्यायः'** ચારેય બાજુથી એનો ભેદ કરી નાખ્યો. એકલા વર્તમાનને પકડી લીધું માટે અહીંયાં પર્યાય કીધી છે. પર્યાય નથી, ઉત્પાદ-વ્યયવાળી પર્યાય નથી. એ ઉત્પાદ-વ્યયવાળી પર્યાય નથી અને છે એનો વાંધો પડ્યો આ લોકોને. .....પર્યાય એમ નહિ - ઉત્પાદ-વ્યયવાળી પર્યાય નહિ એમ. કેમકે ગુરુદેવે પ્રવચન કર્યું છે (એમાં) વર્તતું વર્તમાન લીધું છે. શું શબ્દ વાપર્યો છે. વર્તતું વર્તમાન. પ્રત્યેક સમયે વર્તતું વર્તમાન. વર્તતું એટલે પરિણમતો

એવો ભાવ આવી જાય અને એમ કહેવા માંગતા નથી. વર્તતું એટલે પ્રતિ સમયે હયાત રહતું વર્તમાન. પ્રતિ સમય જેની મોજૂદગી છે એવું વર્તમાન એમ કહેવું છે. વર્તતું એટલે જાણે પરિણમતું હોય, વર્તતું એટલે પરિણમતું એમ લાગે. એટલે એમાં વિચારભેદ થઈ ગયો.

મુમુક્ષુ :- વર્તતામાં આમ તો પ્રત્યક્ષતાનો tone છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રત્યક્ષતાનો tone છે.

મુમુક્ષુ :- હવે ઈ કમાડ ખોલી નાખવા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એકત્વનું કમાડ છે. પર સાથે એકત્વ કર્યું છે ઈ કમાડ બંધ કર્યું છે. શરીર મારું, હું ફલાણો અને આ બધા સંયોગો મારા છે, એમાંય ઝાઝું તો કુટુંબ વળગ્યું છે.

મુમુક્ષુ :- પોતે વળગ્યો કુટુંબને.

પૂજ્ય ભાઈશ્રી :- ડોકે કુટુંબને વળગાડ્યું છે એમ કહેવાય. ડોકે બાંધ્યું છે. ડોકે બાંધીને ફરે છે. નડે તોપણ છોડતો નથી. પેલા હોયને બહુ તોફાની ગાય કે વાછડો કે ભેંસ હોય તો એના ડોકે લાકડું બાંધી દે. એનું કાંઈક નામ છે, આપણે ત્યાં કહેવાય છે. વચ્ચે નાખી દ્યે. બહુ તોફાન કરેને દોડી ન સકે ને એના પગમાં ભરાય.

મુમુક્ષુ :- વજન લાગેને ડોક ઉપર.

પૂજ્ય ભાઈશ્રી :- વજન કરતાંય તે પગમાં ભરાય. આગલા જે બે પગ હોયને એમાં આડું આવે (તો) પડી જાય. આડું આવે પગમાં લાકડું. એને કાંઈક કહે છે. હું ભૂલી ગયો છું. ગામડામાં એને ખાસ કાંઈક નામ કહે છે. આ લોકો ડાંગરો કહે છે, પણ આપણે કાંઈક કહે છે ગુજરાતીમાં. એમ પરમાર્થ કરવામાં આડું તો આવે છે, તોય વહાલું કરે છે.

મુમુક્ષુ :- દોડી શકતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ડોકે બાંધ્યું છે અને આડું પણ (આવે છે.)

મુમુક્ષુ :- માર પણ ખાય છે, પડી પણ જાય છે પાછો.

પૂજ્ય ભાઈશ્રી :- પડે છે પણ તોય છોડતો નથી. ઈ પછી દિપચંદજીએ બહુ ઠપકો આપ્યો છે કે ધીટ છે. કેવો કીધો છે એને?

મુમુક્ષુ :- ધીટ...

પૂજ્ય ભાઈશ્રી :- ધીટ છે.

મુમુક્ષુ :- સમજતો નથી. સંસાર ચાતુરીનો ચતુર ધીટ થઈને ઊંધી રીતી પકડી છે એને છોડતો નથી એમ લીધું છે. ઊંધી રીત પકડી છે ને છોડતો નથી. ધીટ કીધું

છે. ધીટ એટલે શું જિદ્દી, પોતાની વાત છોડે નહિ એને ધીટ કહે છે.

મુમુક્ષુ :- હમારે યહાઁ બોલતે હૈં ધેટા હો ગયા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, ધેટા હો ગયા હૈ – ઈ શબ્દ પ્રચલિત છે. સંસારમાં ચતુર, સંસારમાં ચતુર. ગુરુદેવ તો બહુ મલાવતા. એક કન્યા પસંદ કરવી હોયને તો હજાર બહાના કાઢે. નાક થોડુંક આમ છેને આમ થોડો મસ થયો છેને, ફલાણું આમ છેને, બરાબર નમણાશ ઓછી છે ને ઢીંકણું છે, ભીંડાનું શાક આવડે છે કે નહિ એ પૂછી લેવું શું? કાંઈક જાતના ફંદા કાઢે. ત્યાં બધી ચતુરાઈ કરે. પણ પોતાનું આત્મહિત કરવામાં ચતુરાઈ કામ નથી કરતી, ત્યાં બુદ્ધિ કામ નથી કરતી, ત્યાં જ્ઞાન કામ નથી કરતું. એટલે ધીટ કીધો છે. **'અનાદિનો એકત્વનો અભ્યાસ છે એટલે અઘરું લાગે છે..'** પણ ખરેખર અઘરું નથી કેમકે સવળું પરિણમવાનો પોતાનો સ્વભાવ છે. **'એકત્વબુદ્ધિને લઈને અઘરું થઈ પડ્યું છે.'** હવે એકત્વ અને એકત્વબુદ્ધિમાં શું છે? એકત્વ છે એ પરિણમન છે અને એકત્વબુદ્ધિ એટલે એકત્વ-પોતાપણાનો અભિપ્રાય. પરિણમન અભિપ્રાયપૂર્વક છે, એમ કહેવું છે. બુદ્ધિનો અર્થ બધી જગ્યાએ, (અહીંયાં) બુદ્ધિનો અર્થ અભિપ્રાય છે. સુખબુદ્ધિ એટલે સુખનો અભિપ્રાય. આધારબુદ્ધિ એટલે આધારપણાનો અભિપ્રાય. એકત્વબુદ્ધિ એટલે એ પોતાપણાનો અભિપ્રાય. કર્તાબુદ્ધિ એટલે કરવાપણાનો અભિપ્રાય, ભોક્તાબુદ્ધિ એટલે ભોગવી શકું છું એવો અભિપ્રાય. બુદ્ધિનો અર્થ અભિપ્રાય થાય છે બધે.

**'પોતાનો સ્વભાવ સમીપ છે.'** પોતાનો સ્વભાવ સમીપ છે. **'બહાર ગોતવા જવું પડે તેમ નથી. પરાધીન નથી.'** કેટલી વાત લીધી? કે સ્વભાવ દૂર નથી. કે અહીંથી સમ્મેદશીખર જઈએ ત્યારે પ્રાપ્ત થાય એવું નથી, કે એકાંત સ્થળમાં જઈએ ત્યારે પ્રાપ્ત થાય એવું નથી. પોતે જ છે. સ્વભાવ સમીપ છે. ક્યાંય ગોતવા જવું પડતું, પુસ્તકમાં પણ ગોતવા જવું પડે એમ નથી કે સ્વભાવ ક્યાં સમજાવ્યો છે? તારો આત્મા તારી સાથે જ છે. ત્રણેય કાળ તારી સાથે જ છે. પુસ્તકમાં પણ નથી ને મંદિરમાં પણ નથી. તારો આત્મા તારી પાસે છે. બહાર ગોતવા જવું પડે તેમ નથી.

મુમુક્ષુ :- મોકો કહાઁ ઢૂંઢે રે બંદે મૈં તો તેરે પાસ હૂઁ. કબીરજીનું ગીત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અચ્છા! ઠીક!

મુમુક્ષુ :- સત્ દૂર લાગે છે એ જ જીવનો મોહ છે, કૃપાળુદેવે લીધું છેને.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ જીવનો મોહ છે ને ઈ ભ્રમ છે. હા, ભ્રમ છે. મોહને લઈને દૂર લાગે છે. અઘરું લાગે છે, બાકી છે પોતાનો સ્વભાવ પોતે જ, એટલે અત્યંત સમીપ છે. સમીપ છે નહિ, અભેદપણે અત્યંત સમીપ છે એને બહાર ગોતવા જવું

પડે તેમ નથી. વળી પરાધીન નથી. સ્વાધીન સ્વભાવ છે. અને એ સ્વભાવ મને પહોંચવામાં પણ સ્વાધીનતા છે. સ્વભાવ પણ સ્વાધીન છે. 'કોઈ આપે તો થાય એવું પણ નથી.'ઈ પરાધીનતા થઈ. કોઈ આપે તો થાય ને નહિતર ન થાય. તો કે પણ ગુરુ સમજાવે પછી સમજાયને? એટલી તો પરાધીનતા ખરી કે નહિ?

મુમુક્ષુ :- ત્યારે એને કોઈ નથી હોતું ને?

પૂજ્ય ભાઈશ્રી :- કે જેણે એમ માન્યું કે ગુરુ સમજાવે એવું નિમિત્તાધીનપણું એ બરાબર-યોગ્ય નથી - એને એના ગુરુ સાથે આત્મીયતા નથી. એને આત્મામાં ને ગુરુમાં ભેદબુદ્ધિ છે, અભેદબુદ્ધિ થઈ નથી. એમ છે લ્યો! કે એકકોરથી તું ગુરુ કહે છો અને બીજીકોરથી એને પારકો માને છો! એકકોરથી એને તું ગુરુ કહેશ ને બીજીકોરથી એને આત્મીયતા નથી ને પારકાપણું તને આવ્યું કે આ તો હું પરાધીન થઈ ગયો. ગુરુ સમજાવે ત્યારે સમજું તો મારી પરાધીનતા છે. તો આ ભેદબુદ્ધિમાં તે ગુરુને ગુરુના સ્થાનમાં રાખ્યા નથી. કહેવામાત્ર ગુરુ છે, આમ છે. કૃપાળુદેવે તો ત્રણને સાથે લીધા છે. સંત, ઈશ્વર અને સત્. એ ત્રણેયમાં અમને ભેદબુદ્ધિ નથી. ઠીક! એમણે વળી ત્રણ લીધા છે. કેમકે ત્રણેય સત્‌સ્વરૂપે છે. અમને એમાં ભેદબુદ્ધિ નથી. આમ પાછો જ્યાં પોતાપણું હોય ત્યાં પાછો ભેદ નથી રાખતો. પોતાપણું જ્યાં કરે છે ત્યાં ભેદ પાડતો નથી. કાંઈ ગણતરી ન કરે. જેમકે પોતે કમાણો હોય અને છોકરાને એમ કહે કે આ તું પારકો છો, હું તને આટલા આપીશ! એ બધું તારું જ છેને! શું કહે?

મુમુક્ષુ :- તારું જ છેને!

પૂજ્ય ભાઈશ્રી :- આ બધું છે ઈ તારું જ છેને!

મુમુક્ષુ :- હું ક્યાં સાથે લઈને જાવાનો છું.

પૂજ્ય ભાઈશ્રી :- હું કાંઈ સાથે લઈને જાવાનો નથી. આ બધું તારું જ છે. ભેદ પાડે છે? નથી પાડતો.

મુમુક્ષુ :- ત્યાં સાથે નથી લઈ જઈ શકાતું એટલે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ નથી જુઓ! ઈ તો ઠીક છે. આમ એકત્વ કેવી રીતે કરે છે ઈ લઈએ તો, એક ઘરમાં જેટલી સંપત્તિ છે ઈ બધાય પોતાની ગણીને જ ચાલે છેને! દસ જણા હોય તો કાંઈ દસગણી સંપત્તિ થોડી છે? દસેય એમ કહે છે કે આ મકાન મારું, આ બંગલો મારો. દસે-દસ જણા એમ કહે છે. દસ બંગલા છે? ભાગ પાડો તો દસમો ભાગ હાથમાં આવે. એક લાખ રૂપિયાની મૂડી હોય અને દસ જણા હોય, વહેંચવા બેસો તો દસ-દસ હજાર આવે. પણ આત્મીયતા છે ભેગા રહે

છે એટલે બધા એમ કહે છે કે, અમે લખપતિ, અમે લખપતિ, અમે લખપતિ. એમ પરિવાર સાથે આત્મીયતા રાખે છે કે નથી રાખતો? એમ અહીંયાં પણ પરાધીનપણું માને છે કે ગુરુને પરાધીન મારે રહેવું છે, આત્મીયતા થઈ નથી એમ છે. દૃષ્ટિ ફેરે ફેર છે. એટલી આત્મીયતા આવે, એટલી આત્મીયતા આવે કે એને કાંઈ પારકાપણું જરાય લાગે નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનીને નહિ ઓળખવામાં આ મુદ્દો લીધો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઓળખાણ થતાં અભેદબુદ્ધિ થાય છે. શું થાય છે? ઓળખાણ થતાં અભેદબુદ્ધિ થાય છે. પરાધીન નથી એમ કહે છે. ને પેલા-દલીલબાજો તર્ક કાઢે કે તમે તો 'પાવે નહિ ગુરુગમ બિના યહી અનાદિ સ્થિત' (એમ માનો છો એટલે) પરાધીનતા તો પહેલેથી જ તમે સ્વીકારો છો. તો કહે છે કે નહિ, અહીંયાં ઈ વાત નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે, દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે એમ કહે, તો કે એકવાર તો સ્વદ્રવ્ય કર પછી પરદ્રવ્ય કરજે. પહેલા એકવાર તું એને સ્વદ્રવ્ય કર! આ તો સ્વદ્રવ્ય કર્યા વિના પરદ્રવ્ય, પરદ્રવ્ય કરે છો, સ્વચ્છંદ થઈ જશે, બીજું કાંઈ નહિ થાય. શું થાશે? સ્વચ્છંદ થઈ જશે. બહુ આંટી-ઘૂંટીવાળું કામ લાગે છે. '**કોઈ આપે તો થાય એવું પણ નથી. પોતાની આગળ છે પણ પોતાના પુરુષાર્થની ખામીને લઈને થતું નથી.**' પ્રયત્ન કરે ને સફળ ન થાય એવું બને જ નહિ. આવો માર્ગ જ નથી. એમ છે જ નહિ બિલકુલ. પણ પોતાના પુરુષાર્થની ખામીને લઈને એટલે પુરુષાર્થના અભાવને લઈને થતું નથી અથવા વિપરીત પુરુષાર્થને લઈને પણ થતું નથી. ખામી તો ત્યારે કહેવાય કે યથાર્થ પુરુષાર્થ કરતો હોય પણ પર્યાપ્ત ન કરતો હોય, પૂરતો ન કરતો હોય તો ખામી કહેવાય. પણ ઊંધો કરતો હોય એને ખામી કહેવાય નહિ. ઈ ગુરુદેવે લીધું છે, કોઈકે પ્રશ્ન પૂછ્યો છે, આ બધું સમજાય છે હવે અમારે પુરુષાર્થની ખામી છે એટલે નથી થતું ને? તો કે ના, ઊંધો પુરુષાર્થ છે એટલે નથી થતું.

મુમુક્ષુ :- વિપરીતતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વિપરીત પુરુષાર્થ છે એટલે નથી થતું. મોટા દોષને નાનો દોષ માને છો! એમ કીધું છે. વિપરીતતા છે ઈ મોટો દોષ છે અને તું મારી થોડીક ખામી-નબળાઈ છે, મારી નબળાઈ છે, થોડી ક્ષતિ છે; એમ નાનો દોષ કરી દે છો?! મોટા દોષને નાનો ગણી લ્યે છે. એવી ચોખવટ કરી છે. પરમાગમસારમાં લીધું છે. '**દૃષ્ટિ એટલી બધી બહાર થઈ ગઈ છે કે અંતરમાં જઈ શકતો નથી અને સ્થૂલતામાં ચાલ્યો જાય છે.**' દૃષ્ટિ એટલી બધી બહાર થઈ ગઈ છે એટલે બહારને બહાર, બહારને બહાર, જાણે ક્યાંક બહારથી મળી જશે, બહારથી કાંઈક પ્રાપ્ત થઈ જશે અને સુખબુદ્ધિ

એટલી. એટલી બધી દૃષ્ટિ બહાર થઈ ગઇ છે અથવા પરિણતિ એવી થઈ ગઇ છે, બાહ્ય પરિણતિ એટલી બધી સંસારની થઈ ગઇ છે કે અંતરમાં જઇ શકતો નથી. પરિણતિ નડે છે. એક મુમુક્ષુ સાથે કાંઇ વાત થઈ હતી, મહેનત તો હું કરું છું અને ગંભીરપણે મહેનત કરું છું (પણ) કેમ નહિ થતું હોય સમજાતું નથી. ઊંધી પરિણતિ નડતી હશે? મેં કીધું હા એમ પણ હોય. અત્યારે ઉપયોગ એટલો ઊંધો ન ચાલતો હોય, પણ પરિણતિ ઊંધી થઈ ગઇ હોય ઈ તોડે નહિ ત્યાં સુધી અંદર જઇ શકતો નથી, એમ બને છે.

મુમુક્ષુ :- જેમકે ઊંધી પરિણતિ તોડવા પ્રયોગ કરવો જોઈએ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સતત પ્રયોગ કરવો જોઈએ તો પરિણતિ થઈ જાય. અને feeling stage તો પરિણતિ કરવાના જ stage છે બધા. જેટલા feeling stage છે ઈ બધા પરિણતિ માટેના જ છે. અભિપ્રાય પલટાય, પરિણતિ પલટાય. અભિપ્રાય પલટાય, પરિણતિ પલટાય. આખી લાઈન જ ઈ લીધી છે.

મુમુક્ષુ :- મારાપણે જ સતત જોવે છે ત્યાં દૃષ્ટિકોણ કેળવવો તો પડશેને? કે મારું નથી એમ જોવાનો પ્રયત્ન તો ચાલુ જ રાખવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. જેમ કોઇ રોગ ઉપર કોઈ prescribe દવાનો course હોય છે. હવે આ રોગ detect થયો એટલે એને આ દવા દ્યો એટલે મટી જાય. એને prescribe course કહેવામાં આવે છે. એ લાગુ પડે, પડે ને પડે જ. એમ આ course છે. જે લાઈન ચોકઆઉટ કરી છે, feeling stageની ઈ એનો course છે. course કરો એટલે success જ છે બીજી કાંઇ વાત નથી એવી રીતે લેવું. ૧૫૦ થયો. ૧૫૧માં શ્રીમદ્જીનો આધાર લઈને કંઈક વાત છે.

**'પ્રશ્ન :- શ્રીમદ્જીમાં આવે છે કે પોતાના મનથી કરેલો સ્વરૂપનો નિશ્ચય માનવા કરતાં જ્ઞાની કહે છે તે નિશ્ચય માનવામાં કલ્યાણ છે.'**

એમાં શું આશય છે? પૂછવું ઈ છે, એટલું પૂછવું છે. આશય પૂછવો છે કે, આમ કહેવા પાછળ શું આશય છે? હું નિશ્ચય કરું એ બરાબર નહિ. મારું માનવું એના કરતા ગુરુ કહે ઈ મારે માનવું. એમ કેમ? તો કે ભાઈ! તને પહેલા તારી ન પણ ખબર પડે. જ્ઞાની તો ઉપર બેઠા છે, નીચેવાળો ક્યાં ચાલે છે એને ખબર છે. નીચેવાળો ક્યાં છે એ જ્ઞાનીને ખબર છે. એટલે પોતે ભૂલ કરે ઈ ન સમજાય પોતાને. પોતાની ભૂલ ન પણ સમજાય એમ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આમાં બેયનો આશય લખવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૧૫૦નો આશય લખી નાખીએ.

મુમુક્ષુ :- ૧૪૯નો પણ બાકી છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૧૪૯માં.. આમ તો બે વિષય થઈ ગયા છે. આશય લખો.

**ખરી ભાવનાવાળાને ઉપયોગ સૂક્ષ્મ થવાથી પોતાના રસ વડે પોતે ક્યાં રોકાય છે તે ખ્યાલમાં આવે છે. પરંતુ જેની અંતરની ઊંડી ભાવના નથી તેને ઉપયોગ સ્થૂળ હોવાથી પોતે પોતાના રસથી ક્યાં રોકાય છે તે ખ્યાલમાં આવતું નથી. આશય એ છે કે આત્મહિતની ભાવનાથી તીવ્ર રસ દ્વારા અંતર પરિણતિ ઉત્પન્ન થવી જોઈએ. ભાવનાથી હૃદય ભીંજાયેલું હોય, તાલાવેલી લાગે તો અવશ્ય પરિણતિ થઈને કાર્યસિદ્ધિ થાય જ. બહારમાં વિકલ્પ કે ક્રિયા તેમાં અતિપરિણામીપણું થવું ન જોઈએ.**

હવે, ૧૫૦નો આશય

**સમજણમાં સહેલું લાગે પણ પ્રયોગ કરતા જતાં અઘરું લાગે તોપણ ધીરજથી વારંવાર મુંઝાયા વિના પ્રયત્ન કરીને આગળ વધવું. એવો અહીં આશય છે. સ્વભાવસ્વરૂપ સ્વયં હોવા છતાં પર્યાયબુદ્ધિથી સંસાર પરિણતિ દઢ થઈ ગઈ છે તેથી સ્થૂળતામાં ચાલ્યો જાય છે અને અંતરમાં જઈ શકતો નથી. અહીં ગુરુ વિના જ્ઞાન થતું નથી, એવો જે સનાતન સિદ્ધાંત છે તે સિદ્ધાંતમાં પરાધીનતા સ્થાપિત થાય છે - તેમ વિચારવા યોગ્ય નથી. કારણકે જે જિજ્ઞાસુને જે ગુરુના નિમિત્તે આત્મલાભ થાય છે, ત્યારે ગુરુ પ્રત્યે ભેદબુદ્ધિ રહેતી નથી. અને તેથી પોતાને પરાધીનતાનો અનુભવ થતો નથી. એવી પારમાર્થિક વાસ્તવિકતા છે.**

તત્ત્વનો ઉપદેશ અસિધારા જેવો છે; તદનુસાર પરિણમતાં મોહ ઊભો રહેતો નથી.

- બહેનશ્રીનાં વચનામૃત - ૩૦૭

પ્રશ્ન :- શ્રીમદ્જીમાં આવે છે કે પોતાના મનથી કરેલો સ્વરૂપનો નિશ્ચય માનવા કરતાં જ્ઞાની કહે છે તે નિશ્ચય માનવામાં કલ્યાણ છે.

સમાધાન :- જ્ઞાનીએ યથાર્થ સ્વરૂપ સમજીને કરેલો નિશ્ચય યથાર્થ છે. તારા મનથી કરેલો નિશ્ચય તેમાં ભૂલ હોય અને કલ્પિત હોય. મને આમ બરાબર લાગે છે, પણ જ્ઞાનીના કહેવાનો શું આશય છે? જ્ઞાનીએ-ગુરુને શું કહેવું છે, એનું શું રહસ્ય છે; તે વિચારીને, મેળવીને, પોતે નક્કી કરવું જોઈએ. પોતાની કલ્પનાએ નક્કી કરે તો ભૂલનો અવકાશ છે. પોતે સ્વચ્છંદથી નક્કી કરેલું છે. અનંતકાળથી માર્ગ અજાણ્યો છે, તું પોતે કાંઈ સમજતો નથી તેથી પોતાની મેળાએ નક્કી કરે કે આમ વસ્તુ છે, આ માર્ગ છે. આમ મુક્તિનો પંથ આવી રીતે છે. એમ નક્કી કરે તેમાં ભૂલ થાય છે. જ્ઞાનીએ જે નક્કી કરેલું હોય, ગુરુએ જે કહ્યું હોય, તે બરાબર જ છે. હવે કેવી રીતે પ્રવર્તવું તે પોતે પોતાથી વિચારીને પોતાથી નક્કી કરે. જ્ઞાનીએ જે કહ્યું હોય એના રહસ્ય અને આશય સમજે તો તે યથાર્થ છે. નહિ તો કલ્પિત છે. પોતાની મેળે કરેલા નિશ્ચયમાં ભૂલ થાય છે.

જ્ઞાનીના કહેવામાં ઘણા આશય અને ગંભીરતા ભરેલી હોય છે. કારણ તે નિશ્ચય યથાર્થ હોય છે. દ્રવ્યનું સ્વરૂપ, નિશ્ચયનું સ્વરૂપ, વ્યવહારનું સ્વરૂપ, નિમિત્ત-ઉપાદાનનું સ્વરૂપ જે ગુરુએ કહ્યું હોય તે રીતે વિચાર કરીને નક્કી કરે તો તે બરાબર છે.

પોતાની મતિ કલ્પનાએ શાસ્ત્ર વાંચે તો શાસ્ત્ર સમજાય નહિ. તેમાં પોતાની ભૂલ થાય છે. અને ક્યાંક ક્યાંક પોતે રોકાતો હોય છે. પોતાની ઈચ્છા પ્રમાણે મતિ-કલ્પનાથી અર્થ કરતો હોય છે. જેને આત્માર્થતા હોય તે ગુરુએ કહેલા રહસ્ય અનુસાર નક્કી કરે છે. આ બરાબર છે, વસ્તુસ્વરૂપ આમ જ છે. પોતે યથાર્થ માર્ગ ગ્રહણ કરીને, નિશ્ચય કરે કે વસ્તુસ્વરૂપ આ રીતે જ છે. નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ કઈ રીતે કહ્યું છે તેનો મેળ કરીને, યથાર્થ નક્કી કરે. ૧૫૧

## તા. ૩૧-૦૩-૧૯૯૭, પ્રશ્ન-૧૫૧
## પ્રવચન નં. ૧૦૪

૧૫૧મો પ્રશ્ન છે. કાલ પૂછ્યો હતો. આ પ્રશ્ન ઉઠાવેલા નહિ, પ્રશ્ન થયેલા છે પણ કોઈ પ્રશ્નો ઠીક કર્યા છે. વ્યવસ્થિત કર્યા છે.

મુમુક્ષુ :- હિન્દીમેં લીજિયે.

પૂજ્ય ભાઈશ્રી :- અચ્છા. પ્રશ્ન સબ હુએ હૈં. વહી પ્રશ્નકા ઉત્તર દિયા હૈ. સંકલનમેં થોડા વ્યવસ્થિત કિયા હૈ ઉતની બાત હૈ. તો એક પ્રશ્નમેં કિસીને પૂછા હૈ કિ, શ્રીમદ્જી લિખતે હૈં કોઈ પત્રમેં કિ, અપના મનસે કિયા હુઆ સ્વરૂપકા નિશ્ચય માનને કે બજાય જ્ઞાની કહતે હૈં યહ નિશ્ચય માનનેમેં કલ્યાણ હૈ. ક્યા હૈ? શાસ્ત્ર પઢકરકે ઔર કુછ પ્રવચન વગેરે સુનકરકે મનસે આત્મસ્વરૂપકા નિશ્ચય કરતા હૈ કિ આત્મા ઐસા હૈ, આત્મા ઐસા હૈ, આત્મા ઐસા હૈ... ઔર ઐસી માન્યતા કર લેતા હૈ. વો ઠીક નહીં હૈ. જ્ઞાની જૈસા કહતે હૈં ઐસા માનના. તો ઉસ વિષયમેં સ્પષ્ટીકરણ ચાહા હૈ કિ, ઈસકે પીછે ક્યા કહના ચાહતે હૈં?

'**સમાધાન :- યથાર્થ સ્વરૂપકો સમજકર જ્ઞાનીકે દ્વારા કિયા હુઆ નિશ્ચય યથાર્થ હૈ.**' યાની જ્ઞાનીને સ્વરૂપાનુભવ કરકે,.. ઉનકે નિશ્ચયમેં તો સ્વરૂપકા અનુભવ રહા હૈ. ઔર નિશ્ચય ભી અનુભવાંશસે કિયા હૈ, મનસે નહીં કિયા હૈ. સ્વરૂપનિશ્ચય અનુભવાંશસે હોતા હૈ, મનસે નહીં હોતા હૈ. જૈસે ખાનેકી ચીજ ચખનેસે માલૂમ પડતી હૈ, દેખનેસે યા સુનનેસે માલૂમ નહીં પડતી હૈ. કોઈ સુના દે કિ, ચીજ બહુત બઢિયા હૈ (તો) ઈસસે ઉસકા જ્ઞાન નહીં હોતા હૈ ઔર દેખ લેનેસે ભી નહીં હોતા હૈ, ચખનેસે હી હોતા હૈ. વૈસે આત્મસ્વરૂપ અનુભવકા વિષય હૈ, મનકે વિચારકા વિષય નહીં હૈ. ઈસલિયે ઉસકા અનુભવસે હી જ્ઞાન કરના જરૂરી હૈ. તભી ઉસકા ફાયદા હૈ.

'**અપને મનસે કિયે ગયે નિશ્ચયમેં ભૂલ હોતી હૈ ઔર વહ કલ્પિત હોતા હૈ.**' ભૂલ હોતી હૈ ઔર કલ્પના હોતી હૈ, ક્યોંકિ અનુભવ તો હુઆ નહીં. જો અનુભવસે જ્ઞાનમેં લેનેકી ચીજ હૈ, વહ બિના અનુભવ કલ્પના કરે, ભૂલ કરે યહ સંભવ હૈ. ઈસલિયે અનુભવસે હી ઉસકા જ્ઞાન હોના જરૂરી હૈ, મનસે-વિચારસે નહીં. યહ નિશ્ચય ભી પક્કા રખના કિ, યહ અનુભવકા હી વિષય હૈ. વિચારકા વિષય નહીં હૈ, અનુભવકા હી વિષય હૈ. વહ નિશ્ચય ભી પક્કા રખના. મુજે ઐસા બરાબર લગતા હૈ, '**પરન્તુ જ્ઞાનીકે કહનેકા ક્યા આશય હૈ?**' ભલે હી મુજે બરાબર લગતા હૈ લેકિન '**જ્ઞાનીકે કહનેકા ક્યા આશય હૈ?**' વહ જગહ રખની ચાહિયે, વહ અવકાશ રખના ચાહિયે. ભલે હી અપનેકો બરાબર લગતા હો ફિર ભી. '**જ્ઞાનીકો-ગુરુકો ક્યા કહના હૈ, ઉસકા ક્યા રહસ્ય હૈ? ઉસે વિચાર કરકે, મિલાન કરકે, સ્વયં નિર્ણય કરના ચાહિયે.**' નિશ્ચય કરના ચાહિયે. ક્યા બોલે? કહાઁ તક જાના ચાહિયે? કિ, ઉસકા જો રહસ્ય હૈ માને પારમાર્થિક રહસ્ય હૈ, ઉસમેં આત્મકલ્યાણ કૈસે સધતા હૈ? વહાઁ તક પહુઁચ કરકે, ઈસકા વિચાર કરકે ઔર અપને પરિણામોંસે મિલાન કરકે - વહ બાત પ્રયોગકી હો ગઈ.

મિલાન કરના વહ બાત પ્રયોગકી હો ગઈ. પરિણમનસે જો મિલાન કર લે ઔર ફિર નિશ્ચય કરના ચાહિયે. અપની કલ્પનાસે નિશ્ચિત કિયા તો ભૂલકા અવકાશ હૈ. તર્કસે, અનુમાનસે, કલ્પના કરકે નિશ્ચય કિયા હોગા ઉસમેં - કલ્પનામેં ભૂલ આ જાયેગી. કલ્પના હૈ વહ એક પ્રકારકા વિપર્યાસ હૈ ઔર કલ્પનાકા ફલ દુઃખ હૈ, વિપર્યાસકા ફલ દુઃખ હૈ, ઐસા સમજના.

મુમુક્ષુ :- ભાઈશ્રી અહીંયાં જે વાત આવીને કે મેળવીને નક્કી કરવું જોઈએ, એમાં પરમદિવસે ડાયરીનો બોલ ચાલ્યો કે બાહ્ય પદાર્થો રમણીય હોય કે અરમણીય, જ્ઞાનમાં વિક્રિયા ઉત્પન્ન કરી શકતા નથી. એ વાત પોતે જ્ઞાન સાથે મેળવીને નક્કી કરે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, મેળવીને નક્કી કરે. મેળવીને નક્કી કરે. અહીંયાં તો સ્વરૂપનિશ્ચયમાં સ્વરૂપનું જે જ્ઞાન સ્વભાવપણું છે, જ્ઞાનસ્વભાવથી નિશ્ચય થાય છે અને જ્ઞાનસ્વભાવથી નિશ્ચય થતા સ્વરૂપમેં જો અનંત સુખ હૈ ઉસકા ભી નિશ્ચય સાથ-સાથ હોતા હૈ. ઔર સ્વરૂપ શાશ્વત ધ્રુવ હૈ ઉસકા ભી નિશ્ચય સાથ-સાથ હોતા હૈ. તો ઉસસે ક્યા હુઆ? કિ, એક તો મેરા નાશ કભી હોનેવાલા નહીં - એક, દૂસરા મેરે સુખકે લિયે મુજે કહીં જાનેકા નહીં હૈ. મેરા સુખ મેરેમેં ભરપૂર હૈ.

મુમુક્ષુ :- સુખ માટે કાંઈ દીનતા કે પરાધીનતા કરવાની જરૂર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ જરૂર નથી. યહ એક તસલ્લી હો ગઈ કિ, મેરા નાશ કભી નહીં, મેરા અભાવ હોનેવાલા નહીં હૈ, મેરી મૃત્યુ હોનેવાલી નહીં હૈ. એક guarantee હો ગઈ. દૂસરા નિશ્ચય હો ગયા - એક. દૂસરા કિ, મેરા પૂરાપૂરા સુખ - બેહદ સુખ મેરેમેં હૈ. જિતના ભી મેરેમેં મૈં એકાગ્ર હુંગા ઉતના સુખ મુજે અંદરસે અનુભવ હોગા. યે દો બાતસે સભી પ્રકારકી ચિંતા, આકુલતા ખતમ હો જાતી હૈ. નિશ્ચય કરના મિલાન કરકે. અપને પરિણમનકે અંશસે મિલાન કરકે નિશ્ચય કરના.

મુમુક્ષુ :- ભાઈશ્રી, આપે કીધુંને કે કલ્પના એ વિપર્યાસ છે, તો કેવા પ્રકારે વિપર્યાસ છે?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપ જેવું છે એવું નથી, બીજી રીતે એની કલ્પના થાય છે એટલે વિપરીત થયું કે ન થયું? જેવું સ્વરૂપ છે એવું જ્ઞાનમાં નહીં આવ્યું અને બીજી રીતે એણે જ્ઞાનમાં નક્કી કરી લીધું તો વિપર્યાસ થયો કે ન થયો? વિપર્યાસ થઈ ગયો.

'**અપની કલ્પનાસે નિર્ણય કરે તો ભૂલ હોનેકા અવકાશ હૈ. ક્યોંકિ વહ સ્વયંકે સ્વચ્છંદસે કિયા હુઆ નિર્ણય હૈ.**' ખુદને સ્વચ્છંદસે વહ નક્કી કિયા હુઆ હૈ. ઉસમેં સ્વચ્છંદ લે લિયા. મિલાન કરના ચાહિયે. જ્ઞાનીકા અનુભવ ઔર અપના અનુભવ -

દોનોંકા મેલ ખાના ચાહિયે. **'અનન્તકાલસે અનજાના માર્ગ હૈ;..'** અનન્તકાલસે માર્ગ મિલા નહીં હૈ, ક્યોંકિ અનજાના માર્ગ હૈ ઈસલિયે મિલા નહીં હૈ. બહુત ભટકા હૈ, ધર્મ સાધન ભી બહુત કિયા હૈ, લેકિન આત્મકલ્યાણ હુઆ નહીં, મોક્ષ હુઆ નહીં, મોક્ષમાર્ગ મિલા નહીં તો ઉપાય... માર્ગ માને ઉપાય તો અનજાના હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી, યહાઁ પર એક પ્રશ્ન ખડા હોતા હૈ કિ, શાસ્ત્રકે અનુરૂપ હી કોઈ મુમુક્ષુ અપના કાર્ય કરતા હૈ ઔર સત્પુરુષકા વહ સાન્નિધ્ય નહીં કરતા, તો વહ વિપર્યાસ નહીં હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- વહ ભી વિપર્યાસ હૈ, ક્યોંકિ શાસ્ત્રમેં પૂરી બાત તો નહીં હૈ. શાસ્ત્રમેં જો લિખાવટ હૈ વહ theory હૈ. ક્યા હૈ? વ્યાખ્યા હૈ. વ્યાખ્યા કહો યા theory કહો, practical બાત તો રહ જાતી હૈ. ઔર જો કુછ વિશેષરૂપસે રહસ્યભૂત ઔર પારમાર્થિક બાત સમજની હૈ વહ તો practical sideકી હૈ. theory હૈ વહ તો practical કા outline હૈ. ક્યા હૈ? outline હૈ. જૈસે હમેં કોઈ નક્શા મિલતા હૈ તો નક્શેમેં કોઈ ગાડી park થોડી હોતી હૈ? નક્શેકે મુતાબિક હમ ચલ સકતે હૈં લેકિન નક્શેમેં ચલ સકતે હૈં ક્યા? વહ તો બનતા નહીં હૈ. મકાનકા નક્શા બનાતે હૈં ઉસમેં bedroom આયેગા તો વહાઁ સો સકતે હૈ ક્યા? નક્શામેં કુછ નહીં હોતા. નક્શેકે મુતાબિક કામ કરના પડતા હૈ practical side સે. ઐસે શાસ્ત્ર તો એક નક્શા હૈ, ફિર કૈસે ચલના? વહ બાત જો ઉસ માર્ગ પર ચલે હૈં ઉનસે ચલનેકો સિખના પડતા હૈ. બચ્ચેકો કિતાબ દે દિયા, લેકિન બિના માસ્ટરકે કોઈ પઢ લેગા બચ્ચા? 'ક' કિસકો કહના વહ બતાના પડેગા? પૂરે alphabet કી કિતાબ દે દિયા, હાઁ! બડે-બડે અક્ષરકી, લેકિન 'ક' કિસકો બોલના, 'ખ' કિસકો બોલના, વહ તો ઉસકો બતાના હી પડેગા ના! વહ અપને આપ કૈસે સમજેગા કિ, યહ 'ક' હૈ ઔર યહ 'ખ' હૈ. ઔર યહ માર્ગ તો સૂક્ષ્મ હૈ. અંતર્મુખ હોનેકા જો માર્ગ હૈ વહ બહુત સૂક્ષ્મ હૈ ઔર હમારે અનંતકાલકે પરિણમનસે બિલકુલ વિરુદ્ધ હૈ. હમારા અનંતકાલકા પરિણમન બહિર્મુખ ચલ રહા હૈ ઔર યહ માર્ગ અંતર્મુખકા હૈ. ઉલટા હૈ. તો હમ ઉલટે તો બહુત ચલે હૈં. અનંતકાલસે ઉલટે હી ચલે સમજો. અબ સૂલટા હોનેમેં હમકો, અનજાને માર્ગમેં હમકો અનુભવી પુરુષકી જરૂરત પડતી હૈ. **'અનંતકાલસે અનજાના માર્ગ હૈ, તૂ સ્વયં કુછ સમજતા નહીં હૈ, ઈસલિયે અપને આપ નિર્ણય કરે કિ, વસ્તુ એસી હૈ, માર્ગ યહ હૈ, મુક્તિકા પંથ ઈસપ્રકાર હૈ,** (એસે નક્કી કરે) **તો ઉસમેં ભૂલ હો જાતી હૈ.'** ક્યા હોતી હૈ? ભૂલ હો જાતી હૈ. **'અપની કલ્પનાસે નિર્ણય કરે તો ભૂલ હોનેકા અવકાશ હૈ.'** ખુદ તો સમજતા નહીં હૈ ઔર ફિર નક્કી કર લે તો કહાઁ સે નક્કી હોગા? ઔર જો નક્કી હોગા વહ ગલત હો જાયેગા.

જૈસે કિ, અપને સંપ્રદાયમેં હી ચલતા હૈ કિ કોઈ ભજનમેં લગ જાતા હૈ ઘંટોં ભર તક. માન લેતા હૈ કિ, હમ ધર્મ કરતે હૈં. ફિર કોઈ ઉપવાસ, વ્રત, નિયમ લે લેતે હૈં (ઔર) માન લેતે હૈં કિ ધર્મ હો ગયા, કલ્યાણ હો ગયા. ફિર દીક્ષા લે લેતે હૈં, ત્યાગ કર દેતે હૈં. દાન દે દેતે હૈં, માન લિયા કિ ધર્મ હો ગયા. તો અપને આપ મુક્તિકા પંથ, યે મુક્તિકા માર્ગ હૈ ઐસા નક્કી કર લેતે હૈં. લેકિન ઉસમેં ભૂલ રહતી હૈ. ઐસી કોઈ પરિસ્થિતિ નહીં હૈ ઔર ઉસમેં ક્યા મિલાન કરતે હૈં? દેખો જ્ઞાનિયોંને ભી એસા કિયા હૈ! જૈસા હમ કરતે હૈં વૈસા જ્ઞાનિયોંને ભી કિયા હૈ, ઇસલિયે હમ ભી એસા કરતે હૈં. મહાવીરસ્વામીને ભી સાઢે બારહ સાલ તપશ્ચર્યા કી થી, તો હમકો ભી કરની ચાહિયે. ઋષભદેવ ભગવાનને ભી, વો ક્યા કહતે હૈં? વર્ષીતપ કિયા થા, તો હમ ભી વર્ષીતપ કરેં. તો ક્યા હૈ કિ, જો બડે લોગ હૈં, બડે મહાત્મા તીર્થંકર આદિ હૈં ઉન્હોંને જો કિયા વહ હમ કરેં તો ઉનકી નકલ કરને લગ જાતે હૈં. નકલ કરતે હૈં. ઉસમેં અંદરકી રહસ્યવાલી અસલ બાત ક્યા હૈ ઉસકા પતા નહીં રહતા હૈ, તો વહાઁ ભૂલ હો જાતી હૈ. ગુરુદેવ દૃષ્ટાંત દેતે થે કિ ઝાડેકે દિનમેં જંગલમેં કુછ લોગ મુસાફિરી કર રહે થે, ઠંડી બહુત થી. લગા કિ ઐસે ઠંડી ખાતે-ખાતે ચલેંગે તો મર જાયેંગે. તો થોડી લકડી-વકડી ઇકટ્ઠી કરકે જલા કરકે.. હમારે તાપણા હોતા હૈ.

મુમુક્ષુ :- સિગડી સડગાઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, સિગડી બનાઈ, કુછ ગરમી (હુઈ) ઘંટાભર લેકરકે ફિર ચલના શુરુ કિયા, તો કુછ બંદર લોગ ભી થે વહાઁ, ઉનકો ભી બહુત ઠંડી લગ રહી થી. ઉન્હોંને સોચા અચ્છા હૈ! યે લોગ લકડી-વકડી કરકે ગર્મી પેદા કરકે ઠંડીસે આરામ કરતે હૈં ચલો અપન ભી કુછ કર લેં. તો ઉનલોગોંને ભી લકડી-વકડી તો ઇકટ્ઠા કિયા, લેકિન અગ્નિ કહાઁસે જલાયે? માચિસ તો ઉનકે પાસ હોતી નહીં. તો ઉન લોગોંને જુગનૂ થે, પકડ-પકડકે ડાલને લગે. જુગનૂકો પકડ-પકડકે ડાલને લગે. ઐસે તો કોઈ અગ્નિ જલેગી, લકડી જલેગી નહીં ઔર ઠંડી જાયેગી નહીં. તો ઐસે નકલ કરનેસે કોઈ કામ નહીં હોતા હૈ. તો ચલો ઉસને ઉપવાસ કિયા હમ ભી ઉપવાસ કર લેં, વો ભક્તિ કરતા હૈ તો હમ ભી ભક્તિ કર લેં. જ્ઞાની શાસ્ત્ર પઢતા હૈ તો હમ શાસ્ત્ર પઢ લેં, ઐસે કામ નહીં હોતા હૈ. **'જ્ઞાનીને જો નિર્ણીત કિયા હો, ગુરુને જો કહા હો સો બરાબર હી હૈ.'** વહી બરાબર હૈ ઐસા લેના પડે, મેરી કલ્પના નહીં ચલેગી ઉસકા અનુભવ બોલતા હૈ મેરેકો ભી અનુભવમેં આના પડેગા. **'અબ કિસ પ્રકાર પ્રવર્તના સો અપને આપ** (સે) **વિચાર કરકે સ્વયં નિશ્ચિત કરે.'** નક્કી તો સ્વયં કરના પડેગા કિ, મેરેકો કૈસા કરના હૈ, અબ ક્યા કરના હૈ ઉસકા વિચાર કરના પડેગા ઔર ઉસકા

નિશ્ચય ભી કરના પડેગા. **'જ્ઞાનીને જો કહા હો ઉસકા રહસ્ય ઔર આશય સમજે...'** ક્યા બાત લિયા? દો શબ્દ લિયા હૈ. **'ઉસકા રહસ્ય ઔર આશય સમજે..'** આત્મકલ્યાણ કૈસે હો વહ બરાબર રહસ્યભૂત બાત રહી હૈ, secret. રહસ્ય માને secret હૈ. ઔર વહ બરાબર **'...સમજે તો વહ યથાર્થ હૈ;..'** અંધશ્રદ્ધાસે કિસીકે પીછે-પીછે ચલે વહ યથાર્થ નહીં હૈ. સમજ કરકે, રહસ્ય સમજ કરકે, આશય સમજ કરકે નિર્ણય કરે, વરના કલ્પિત હૈ, **'...નહીં તો કલ્પિત હૈ.'** રહસ્ય પકડના ચાહિયે, આશય પકડના ચાહિયે કિ, આપ કહતે હૈં લેકિન ઈસમેં આત્મકલ્યાણ હોતા હૈ કિસ તરહસે? વહ બતાઈયે. વહ બાત - રહસ્ય પકડનેમેં નહીં આયે, આશય સમજનેમેં નહીં આયે તો અપની મતિકલ્પનાસે કોઈ કલ્પના નહીં કરના. ઔર વહ આશય ઔર રહસ્ય સમજમેં કબ આતા હૈ? કિ જો જ્ઞાની કહતે હૈં ઉસી અનુસાર પ્રયોગ કરે, અમલીકરણ કરે તબ વિશ્વાસ આતા હૈ કિ ઠીક! બાત બરાબર બૈઠતી હૈ. તો ઉસમેં અનુભવાંશકા મિલાન હોતા હૈ, તબ રહસ્ય સમજમેં આતા હૈ ઔર આશય પકડનેમેં આતા હૈ. વરના નહીં આતા હૈ. મતલબ યે હુઆ કિ જ્ઞાનીકા માર્ગ જો અનુભવકા હૈ, તો હમકો ભી અનુભવકી line પકડની ચાહિયે, તભી કામ હોગા. સબસે જો પહલા stage હૈ વહ વેદનાકા હૈ, તો વેદના હૈ વહ વિચારકા વિષય હૈ યા અનુભવકા વિષય હૈ? અનુભવકા વિષય હૈ. તો શુરુસે હી અનુભવ પદ્ધતિ હૈ, કામ કરનેકી જો પદ્ધતિ હૈ વહ અનુભવકી રહી. અનુભવકી તો બાત આયે નહીં ઔર પઢતે જાયે, પઢતે જાયે - ઉસસે ક્યા હોગા? દો શબ્દકા પ્રયોગ કિયા હૈ, એકદમ માર્મિક બાત હૈ કિ, **'જ્ઞાનીને જો કહા હો ઉસકા રહસ્ય ઔર આશય સમજે તો વહ યથાર્થ હૈ; નહીં તો કલ્પિત હૈ.'** આશય ઔર રહસ્ય પકડનેમેં નહીં આયે, સમજમેં તો કલ્પના હો જાયેગી ઔર વહ કબ આયેગા? વહ કહતે હૈં ઉસી અનુસાર પરિણમન ચાલૂ કરેગા તબ. યે જો કૃપાલુદેવને લિખા હૈ ૧૯૫ પત્રમેં કિ યે વેદના ઔર ઝુરણા આનેકે બાદ હી માર્ગકી દિશાકા અલ્પભાન હોતા હૈ ઔર ક્યા કરના વહ બાદમેં સમજમેં આતા હૈ. ઈસકા મતલબ ક્યા હૈ? કિ ઈસકે પહલે કલ્પના કરતા હૈ જીવ. પરિણમન કી line હાથમેં નહીં આયી, અનુભવ પદ્ધતિમેં નહીં આયા તો કલ્પના કર લેતા હૈ - એસા કરના ચાહિયે, વૈસા નહીં કરના ચાહિયે. વિધિ-નિષેધ દોનોં કલ્પના કર લેતા હૈ, માર્ગકી કલ્પના કરતા હૈ, - ઐસા કરના ચાહિયે ઔર વૈસા નહીં કરના ચાહિયે, નહીં ઐસે આતા હી નહીં, યે વેદનાકે બાદ હી સમજમેં આતા હૈ કિ ક્યા કરના, ઈસકે પહલે સમજમેં આતા હી નહીં ઔર વેદના વિચારકા વિષય નહીં હૈ, અનુભવકા વિષય હૈ, પરિણમનકા વિષય હૈ.

મુમુક્ષુ :- એક ક્ષણ જેટલો પણ અનુભવ તો થતો નથી ભાઈશ્રી!

પૂજ્ય ભાઈશ્રી :- હા, વાત તો જરા એવી છે પણ જ્ઞાની જે રસ્તો બતાવે છે એ રસ્તે આપણે શરૂઆત કરવી જોઈએ કે, આ આત્મા અનંતકાળથી પરિભ્રમણ કરી રહ્યો છે એ પરિભ્રમણ કેમ મટે? પરિભ્રમણ કેમ થઈ રહ્યું છે? અનંતકાળથી પરિભ્રમણ કરી રહ્યો છે એ શું કારણથી? - કિસ કારણસે કર રહા હૈ? ઔર વહ કૈસે મિટે? ઉસકે પીછે લગે બિના ક્યા કરના-ક્યા નહીં કરના (ઈસકી) કોઈ સૂઝ-બૂઝ આયેગી નહીં. ઉસકે પીછે લગનમેં વેદના આયેગી, પહલે વહ અનુભવ હોગા. વેદનાકા અનુભવ હોગા, ક્યા હોગા? વેદનાકા. મુમુક્ષુતા બાદમેં શુરુ હોતી હૈ ઔર મુમુક્ષુતાકી ચરમસીમા, પૂરી મુમુક્ષુતા આનેકે બાદ ફિર જ્ઞાનદશા હોતી હૈ. મોક્ષમાર્ગ ચાલૂ હોતા હૈ ઔર મોક્ષમાર્ગ પૂરા હોનેકે બાદ મોક્ષ હોતા હૈ. તો અબ તો જો મુમુક્ષુતા હૈ ઉસકા પ્રથમ ચરણ યે વેદના હૈ. વહાઁ હી નહીં આયે, વેદનામેં ભી ન આયે તો મુમુક્ષુતા ચાલૂ નહીં હુઈ. કુછ ભી કર લિયા ક્યા હો ગયા? કુછ ભી કિયા તો ક્યા હુઆ? કિ કુછ નહીં હુઆ. સબ નિકમ્મા ગયા, વ્યર્થ હો ગયા. યે કોલ્હૂકા બૈલ હોતા હૈ ના! સુબહસે શામ તક ચલતા હૈ, કહાઁ ગયા? કિ, વહાઁ કા વહાઁ. ઐસે અનંતકાલ હમને ધર્મસાધન કિયે, કોલ્હૂકે બૈલ કી તરહ. વહાઁ કે વહાઁ હૈ. મુમુક્ષુતા ભી ચાલૂ નહીં હુઈ, જ્ઞાનદશાકી બાત તો ખૈર બહુત દૂર-દૂરકી હૈ, મુમુક્ષુતા ભી ચાલૂ નહીં હુઈ. **'જ્ઞાનીને જો કહા હો ઉસકા રહસ્ય ઔર આશય સમજે તો વહ યથાર્થ હૈ; નહીં તો કલ્પિત હૈ. અપને આપ કિયે ગયે નિશ્ચયમેં ભૂલ હોતી હૈ.'** તો ભૂલ હોતી હૈ તો માર્ગ બદલ જાતા હૈ પૂરા. ઉન્માર્ગમેં જીવ ચઢ જાતા હૈ. માર્ગ હાથમેં નહીં આતા તો ઉન્માર્ગમેં ચઢ જાતા હૈ. **'જ્ઞાનીકે કથનમેં અનેક આશય એવં ગંભીરતા ભરી** (હુઈ) **હોતી હૈ;..'** દેખો, એક વચનમેં અનંત આગમ રહે હુએ હૈં ઐસી બાત હૈ. જ્ઞાનીકે કહનેમેં બહુત આશય ઔર ગંભીરતા, ગંભીરતા માને ગહરાઈ બહુત હૈ ઈસમેં. **'ક્યોંકિ વહ નિશ્ચય યથાર્થ હોતા હૈ.'** યહ નિશ્ચય અનુભવસે નિકલા હુઆ યથાર્થ હોતા હૈ. **'દ્રવ્યકા સ્વરૂપ,..'** દ્રવ્યકા સ્વરૂપ માને અપને આત્માકા સ્વરૂપ, **'નિશ્ચયકા સ્વરૂપ,..'** નિશ્ચય માને મૂલસ્વરૂપ ઔર નિશ્ચય મોક્ષમાર્ગકા સ્વરૂપ દોનોં નિશ્ચયમેં આતા હૈ. આત્માકા મૂલસ્વરૂપ ઔર મૂલસ્વરૂપકે અવલંબનસે જો શુદ્ધ અવસ્થા હોતી હૈ વીતરાગભાવરૂપ વહ નિશ્ચય મોક્ષમાર્ગ હૈ. **'વ્યવહારકા સ્વરૂપ,..'** માને ગુણસ્થાન અનુસાર શુભભાવ કૈસે હોતે હૈં ઉનકા સ્વરૂપ, **'નિમિત્ત-ઉપાદાનકા સ્વરૂપ જો ગુરુ ને કહા હો..'** (ઉસ રીતિસે) તદ્નુસાર વિચાર કરકે, ક્યા? ગુરુને કહા હો ઉસ રીતિસે, અપની રીતિસે નહીં. ઉસ **'તદ્નુસાર વિચાર કરકે નિર્ણય કરે તો વહ બરાબર હૈ.'** યાની કિ, ગુરુને જો line બતાઈ ઉસી line પર આગે જાના. અનજાને માર્ગ પર અપનેઆપ આગે બઢનેકા પ્રયાસ કરેગા તો ગુમરાહ

હો જાયેગા. ક્યા હો જાયેગા? ગુમરાહ હો જાયેગા, યે પૂરા સંભવ હૈ. **'અપની મતિ-કલ્પનાસે શાસ્ત્ર પઢે...'** કઈ લોગ ક્યા કરતે હૈં? પઢે લિખે હૈં, દિમાગવાલે હૈં (તો) શાસ્ત્ર પઢને લગ જાતે હૈં. **'અપની મતિ-કલ્પનાસે શાસ્ત્ર પઢે...'** ફિર કલ્પના કરતા હૈ કિ યહાઁ એસા કહના ચાહતે હૈં, યહાઁ એસા કહના ચાહતે હૈં. દેખો યહ ભી એક, જૈસે કોઈ સતર્ક હોતા હૈ તો વિચાર કર લેતા હૈ કિ, એક શબ્દકા તો બીસ અર્થ હોતા હૈ, ક્યા? શબ્દકોશ દેખે, dictionary દેખે તો એક શબ્દકા બીસ અર્થ હોતા હૈ. અબ શાસ્ત્રમેં યહ શબ્દ આયા, ઈસકા અર્થ ક્યા કરના મુઝે ક્યા પતા ચલેગા? યહ તો અનુભવકા વિષય હૈ. ગુમરાહ હોનેકા, ભૂલ હોનેકા, કલ્પના હોનેકા પૂરા અવકાશ હૈ. ક્યા માલૂમ પડે ઉધર ક્યા કહના ચાહતે હૈં? ઈસલિયે **'અપની મતિ-કલ્પનાસે શાસ્ત્ર પઢે તો શાસ્ત્ર (મર્મ) સમઝમેં નહીં આતા.'** શાસ્ત્ર સમજમેં નહીં આયેગા. શાસ્ત્ર હૈ સો અનુભવી પુરુષોંકે અનુભવકે બાદ કિયે હુએ કથન હૈં. ઈસકે નીવમેં અનુભવ પડા હૈ. કથન બાહર આયા ઔર અનુભવ કી line પર નહીં ગયા તો કથનકા અર્થ સમજમેં નહીં આયેગા ઔર કલ્પના કર બૈઠેગા. કુછ ન કુછ કલ્પના કર બૈઠેગા. યે બાત બન જાયેગી. **'અપની મતિ-કલ્પનાસે શાસ્ત્ર પઢે તો શાસ્ત્ર (મર્મ) સમઝમેં નહીં આતા. ઉસમેં અપની ભૂલ હોતી હૈ ઔર કહીં ન કહીં સ્વયં રુકતા હૈ.'** ભૂલ ભી હોતી હૈ ઔર કહીં રુકતા હૈ. રુકતા હૈ મતલબ ક્યા હૈ, વજન ચલા જાતા હૈ. જહાઁ વજન નહીં દેના ચાહિયે વહાઁ વજન ચલા જાતા હૈ. યે ભૂલ હો જાતી હૈ. દેખો, પ્રત્યક્ષ ઔર પરોક્ષમેં યે ફર્ક હૈ. શાસ્ત્રમેં સબ બાતેં હૈં. લેકિન કિસ બાત પર, કિસ અવસરમેં, કિતના વજન દેના વહ બાત નહીં આ સકતી. વહ બાત તો પ્રત્યક્ષ સત્સંગમેં હી માલૂમ પડતી હૈ. વહ શાસ્ત્રમેં નહીં આતી હૈ. કિસ બાત પર વજન દેના, કિતના વજન દેના ઔર કબ દેના વહ બાત નહીં આતી. જૈસે કુછ દવાઈયાઁ પ્રસિદ્ધ હૈં, હાઁ! લેકિન ડોક્ટરકી જરૂરત કહાઁ પડતી હૈ? કિ આપકો કિતની માત્રામેં લેના હૈ, કબ લેના હૈ, ખાનેકે પહલે લેના હૈ, ખાનેકે બાદ લેના હૈ - યે સબ ઉસકી સૂચનાકે અનુસાર ચલના પડેગા. વહ દવા કબ બંદ કરના હૈ, કિસ તરહસે બંદ કરના હૈ, સબમેં ઉસકી જરૂરત પડતી હૈ. **'ઉસમેં અપની ભૂલ હોતી હૈ ઔર કહીં ન કહીં સ્વયં રુકતા હૈ. અપની ઈચ્છાનુસાર મતિ-કલ્પનાસે અર્થ કરતા હૈ.'** જીવ. મતિ-કલ્પનાસે. એક તો અપના મતિ-વિપર્યાસ તો અનાદિસે ચાલૂ હૈ, વિપરીત સંસ્કાર લે કરકે તો પરિભ્રમણ કર રહે હૈં ઔર વહ મતિ તો વિપરીત કામ કર રહી હૈ, ઉસ વિપરીત મતિ અનુસાર અપન વર્તન કરનેકો જાયેંગે તો વિપર્યાસ હો હી જાયેગા, ભૂલ હો હી જાયેગી, બહુત સંભવ હૈ વો તો. બરાબર સમજમેં આતા હૈ? આતા હૈ બરાબર સમજમેં? ઠીક! કહીં

સમજમેં નહીં આયે તો પૂછ લેના.

મુમુક્ષુ :- આ જાતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- આ જાતા હૈ ના! જબ તો ઠીક હૈ. અબ દેખો બહુત મહત્ત્વકી બાત કરતે હૈં. કિ **'જિસે આત્માર્થિતા હો...'** ક્યા બોલા? આત્માર્થિતા માને ક્યા? એક આત્મકલ્યાણકા હી પ્રયોજન, દૂસરા કોઈ પ્રયોજન નહીં. હમકો કુછ નહીં ચાહિયે. ન અનુકૂલતા ચાહિયે, ન સ્થાન ઔર માન ચાહિયે. દો ગડબડ હૈ. હમારા આત્મકલ્યાણ હો ઉતના હી હમારા અભિપ્રાય હૈ **'જિસે આત્માર્થિતા હો, વહ ગુરુ દ્વારા કહે હુએ રહસ્યકે અનુસાર નિર્ણય કરતા હૈ...'** આત્માર્થિતા ચાહિયે. ક્યા બાત આયી? કિ નિશ્ચય કરનેમેં આત્માર્થિતા ચાહિયે. તો વહ ક્યા હૈ કિ ગુરુ જો કહતે હૈં ઉસકા રહસ્ય પકડ કરકે નિશ્ચય કરેગા ઔર જિસકો આત્માર્થિતા નહીં હૈ વો અપની મતિ-કલ્પનાસે ચલેગા. વહ ફરક પડ જાયેગા.

મુમુક્ષુ :- આત્માર્થીપણું છે એ એની પૂર્વભૂમિકા થઈ ગઈને?

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ! આત્માર્થિતા ચાહિયે. આત્મકલ્યાણ કરનેકે લિયે આત્માર્થિતા ચાહિયે, તો ક્યા હૈ કિ મતિ ઉસ તરહસે કામ કરેગી કિ મૈં તો જાનતા નહીં, મૈં સમજતા નહીં. વો ક્યા કહ રહે હૈં ઈસકે રહસ્યકો મૈં નહીં સમજુંગા તો મૈં ભટક જાઉંગા. યહ બાત સમજમેં આ જાતી હૈ શુરુસે હી. વરના ક્યા હૈ કિ, અપનેઆપ કરને લગ જાતા હૈ તબ ગુમરાહ હો જાતા હૈ, ભૂલ હો જાતી હૈ.

મુમુક્ષુ :- પૂર્વભૂમિકા કોઈ છે જ નહીં, એ વાત નથી રહેતી.

પૂજ્ય ભાઈશ્રી :- સવાલ હી પૈદા નહીં હોતા. ઉનકે કારણ-કાર્યકા સંબંધ હી નહીં રહતા તો ફિર તો વસ્તુકા સ્વરૂપ હી નહીં રહતા. કારણ-કાર્ય વહ વસ્તુકા સ્વરૂપ હૈ.

મુમુક્ષુ :- જ્ઞાનદશાકે બાદ ભી કારણ-કાર્યકા સંબંધ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, ગુણસ્થાન હૈ. કારણ-કાર્ય. મોક્ષમાર્ગ કારણ હૈ. મોક્ષ ઈસકા ફલ હૈ, મુમુક્ષુતા કારણ હૈ, યથાર્થ મુમુક્ષુતા કારણ હૈ (ઔર) મોક્ષમાર્ગ ઈસકા કાર્ય હૈ ઔર યે ચર્ચા તો જ્ઞાની કરતે હૈં, યે ચર્ચા તો જ્ઞાની ખુદ હી કરતે હૈં કિ જિસકો આત્માર્થિતા હો વો ગુરુકા કહા હુઆ રહસ્ય અનુસાર, રહસ્ય અનુસાર નિશ્ચય કરતા હૈ. કથન અનુસાર નહીં, રહસ્ય અનુસાર. **'...યહ બરાબર હૈ. વસ્તુકા સ્વરૂપ એસા હી હૈ. સ્વયં** (અપના) **યથાર્થ માર્ગ ગ્રહણ કરકે નિશ્ચય કરતા હૈ કિ વસ્તુસ્વરૂપ ઈસી પ્રકાર હી હૈ.'** વો સ્વયં નક્કી કરે લેકિન ગુરુકે કહે રહસ્ય અનુસાર. **'નિશ્ચય વ્યવહારકા સ્વરૂપ કિસ પ્રકાર કહા હૈ, ઉસકા મિલાન કરકે, યથાર્થ નિશ્ચય કરતા હૈ.'** નિશ્ચય

ઔર વ્યવહાર માને મુમુક્ષુતામેં વ્યવહાર કૈસા હોતા હૈ? જ્ઞાનદશામેં વ્યવહાર કૈસા હોતા હૈ? ઉસમેં શુદ્ધતા કૈસી હો? મુમુક્ષુતામેં નિર્મલતા કૈસે આતી હૈ? સબ ઉસકા સ્વરૂપ મેલ-મિલાન કરકે, ભાવોંસે મિલાન કરના ચાહિયે ઔર ફિર નિશ્ચય કરે. તો કૃપાલુદેવને જો કહા હૈ કિ જ્ઞાનીકા કહા હુઆ વહ નિશ્ચય હી યથાર્થ હૈ. અપની કલ્પનાસે ચલના નહીં હૈ, વહ બરાબર હૈ. સમર્થન કિયા હૈ. કૃપાલુદેવકે વચનકા સમર્થન કિયા હૈ, વે ઠીક કહતે હૈં બરાબર ઐસી હી બાત હૈ. વરના તુમકો ભૂલ હો જાયેગી ઔર ઉન્માર્ગમેં ચઢ જાયેગા.

મુમુક્ષુ :- ત્રણ જગ્યાએ આશય શબ્દનો પ્રયોગ કર્યો. આશય ઔર રહસ્ય.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, આશય ઔર રહસ્યકી બાત ખાસ કહી હૈ. સિર્ફ કથનકો નહીં લેના હૈ. આશય ક્યા હૈ? રહસ્ય ક્યા હૈ? વો પકડના ચાહિયે.

મુમુક્ષુ :- રહસ્ય પકડવા માટે પોતે પરિણમનમાં આવવું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, ખુદકો પ્રયોગ કરના પડેગા તભી રહસ્ય સમજમેં આયેગા, ક્યોંકિ કથનમેં રહસ્ય છિપા હુઆ હૈ. શબ્દાર્થમેં રહસ્ય નહીં હૈ. વો કથન આત્મકલ્યાણમેં કૈસે પરિણમન કર સકતા હૈ ઉસ પ્રકારકા જો પરિણમનકા વિષય હૈ વો રહસ્યભૂત હૈ, તો પરિણમનમેં સમજા જાતા હૈ. તો ખુદકો પરિણમન કરકે વહ બાતકો સમજના પડેગા. યે બાત હો ગઈ.

મુમુક્ષુ :- આખો અનુભવ પદ્ધતિનો જ માર્ગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકદમ.

આશય :- (૧૫૧) **અહીં આશય એમ છે કે પોતાના અનાદિ મતિ વિપર્યાસને લક્ષમાં રાખી, જ્ઞાનીની આજ્ઞાએ ચાલવાનો નિશ્ચય કરવો જોઈએ, જેથી સ્વચ્છંદ રોકાય. જ્ઞાનીના વચનોમાં પણ જે રહસ્ય રહ્યું છે અથવા આત્મકલ્યાણનો આશય રહેલો છે તે આશય જ્ઞાનીની આજ્ઞા અનુસાર પ્રયોગ કરીને પકડે તો યથાર્થ થાય, નહીં તો કલ્પનાએ ચઢવાનો પૂરો અવકાશ છે.**

પ્રશ્ન :- વીતરાગમાર્ગમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પૂરેપૂરી શરણાગત સ્વીકારવી?

સમાધાન :- વીતરાગમાર્ગમાં બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુની અને અંદર આત્માની પૂરેપૂરી શરણાગત સ્વીકારવી. આ વીતરાગ માર્ગ છે. દેવ-શાસ્ત્ર-ગુરુ કરી દેતા નથી, પણ સાથે હોય છે. તેમનું શરણ હોય છે. શુભભાવમાં તેમનું આલંબન હોય છે ને અંદરમાં પોતાના પરમાત્માનું આલંબન હોય છે.

તીર્થોમાં જાય ત્યાં ભગવાનને ગોતે છે. ક્યાં ભગવાન છે? પણ તું પોતે ભગવાન છો. તારી પાસે ભગવાન છે તેને જોતો નથી. તીર્થોમાં જવાથી ભગવાનનાં સ્મરણો યાદ આવે છે, કે ભગવાન અહીંથી મોક્ષે ગયા. ભગવાને અહીંયાં સાધના કરી હતી, તે સ્મરણો આવતાં પોતાને ભાવના જાગે છે. બાકી તો ચૈતન્ય ભગવાન તો પોતાની પાસે છે. ''દૌડત દૌડત દોડીયો જેતી મનની દોડ'' બધે દોડે છે પણ અંદર બધું છે ત્યાં જોતો નથી.

''ગુરુગમ લેજો રે જોડ'' ગુરુગમથી તું ચાલજે.

ગુરુદેવ કહે છે કે તું પોતે જ ભગવાન છો. તું તારામાં છે, અંદર શોધી લે. અનંતકાળ ગયો. અરે! પોતે ભગવાન હોવા છતાં બહાર ભમ્યો. પોતાની પરિણતિને જોવે તો વેદનામાં બધા વિભાવભાવો, રાગ-દ્વેષ, કલુષિતતા અને આકુળતા દેખાય છે. ચૈતન્યભગવાન અંદર શુદ્ધતાથી ભરેલા છે તે તેને દેખાતા નથી એટલે તેને વિશ્વાસ આવતો નથી. ગુરુદેવ કહે છે કે તું ભગવાન છો તો પણ તેને એમ થાય છે કે ભગવાન તો કોઈ જુદા હોય. અંદરમાં હું ભગવાન છું એવો વિશ્વાસ આવવો મુશ્કેલ પડે છે.

આ તો પૂજ્ય ગુરુદેવના પ્રતાપે વાણીના ધોધ છૂટ્યા અને તું ભગવાન છો એમ સમજાવ્યું તેથી તેને વિશ્વાસ આવે છે. નહિ તો એમ થાય કે આપણે ભગવાન ક્યાંથી હોઈએ? કારણ કે તેના વેદનની અંદર એકલી કલુષિતતા ભાસે છે. પણ ગુરુદેવે એટલા જોરથી કહેલ છે જેથી વિશ્વાસ બેસે, એટલે એમ થાય છે કે આપણે ભગવાન આત્મા છીએ. ૧૫૨.

## તા. ૦૧-૦૪-૧૯૯૭, પ્રશ્ન-૧૫૨
## પ્રવચન નં. ૧૦૫

સ્વાનુભૂતિદર્શન, પાનું ૧૦૬, ૧૫૨મો પ્રશ્ન છે. '**પ્રશ્ન :- વીતરાગમાર્ગમેં ક્યા દેવ-શાસ્ત્ર-ગુરુકા સમ્પૂર્ણ શરણાગત સ્વીકાર કર લેના ચાહિએ?**' પૂરેપૂરી શરણાગત એટલે total surrendership. એટલે એમ કે થોડું માનવું ને થોડું ન માનવું એમ કરવું? કે પૂરેપૂરું માનવું. પૂરેપૂરું માનવા જાય તો પોતાને કેટલીક તકલીફ પડે છે અને થોડું ઘણું બાંધછોડ રાખે તો સગવડ રહે છે આમ છે. પૂરા માનનેમેં પસીના આ જાયે ઐસી બાત હૈ. ક્યોંકિ, કઈ બાતેં અપનેકો પ્રિય હૈ, ઉનકી પ્રિયતા છોડની પડે. કોઈ બાત અપ્રિય હૈ, ઉસકી અપ્રિયતા ભી છોડની પડે. ઔર કુછ બાંધછોડ કરનેમેં સગવડ રહ જાતી હૈ. ક્યા કરે? પૂરી માનના યા અધૂરી માનના? નહીં માનના વો બાત નહીં હૈ. લેકિન માનતે તો હૈં, લેકિન કુછ બાતમેં હમકો અનુકૂલ નહીં પડતા હૈ, વહ હમારેસે નહીં હો સકતા હૈ, ઈસલિયે હમ નહીં કરતે. બાકી માનતે તો હૈં. ઐસા હૈ.

મુમુક્ષુ :- સોમેં સે નવ્વાણું!

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુત બાતેં માનતે હૈં, કુછ એક નહીં માનતે, ઐસા લે લેતે ઔર સંતોષ ભી પકડતે.

'**સમાધાન :- વીતરાગમાર્ગમેં બાહ્યમેં દેવ-શાસ્ત્ર-ગુરુકા ઔર ભીતરમેં આત્માકા સંપૂર્ણ શરણાગત સ્વીકારના.**' અધૂરી સ્વીકારનેકી બાત નહીં હૈ, પૂરી-પૂરી સ્વીકારના. '**યહ વીતરાગમાર્ગ હૈ.**' રાગ રખનેકા માર્ગ નહીં હૈ, રાગ કરનેકા માર્ગ નહીં હૈ - વીતરાગ માર્ગ તો રાગ છોડનેકા માર્ગ હૈ. '**દેવ-શાસ્ત્ર-ગુરુ (કુછ) કર નહીં દેતે,..**' હમારા કાર્ય તો હમકો હમારે પુરુષાર્થસે કરના હોતા હૈ. દેવ, શાસ્ત્ર ઔર ગુરુ કુછ હમારા કાર્ય કર દેવે એસા તો બનતા નહીં હૈ ઔર ઐસી હમેં અપેક્ષા ભી રખની નહીં ચાહિએ કિ હમારા કામ વો કુછ કર દે. વો બાત તો હો ગઈ service લેનેકી ઔર અપના servant બનાનેકી!! ભાઈ આપ હમકો ઉતના service દેના. વો તો કુછ service ભી દેંગે નહીં ઔર કુછ કર દેંગે ભી નહીં, કર સકતે ભી નહીં. અપના આત્મકલ્યાણ ઔર અપના હિત તો અપનેકો હી કરના પડે. કૈસે કરના વો માર્ગદર્શન લેનેકી બાત હૈ. બાકી પુરુષાર્થ તો હમકો હી કરના હોતા હૈ. '**દેવ-શાસ્ત્ર-ગુરુ (કુછ) કર નહીં દેતે, કિન્તુ સાથ હોતે હૈં,..**' ઔર સાથ દેતે હૈં. ક્યા કહતે હૈં? માર્ગદર્શન મિલતા હૈ તો

કહતે હૈં કિ વો સાથ દેતે હૈં. સાથમેં હોતે હૈં. **'ઉનકી શરણ હોતી હૈ.'** ઔર હમલોગ ઉનકા શરણ લેતે હૈં ઈસલિયે વો સાથ હોતે હૈં, ઐસા કહનેમેં આતા હૈ. અગર શરણ નહીં લેતે હૈં તો વો અપની જગહ હૈં - સાથ નહીં હૈં. હમ શરણ લેતે હૈં તો વો સાથ હૈં. બસ ઉતની બાત હૈ. **'શુભભાવમેં ઉનકા આલંબન હોતા હૈ...'** જબ-જબ શુભભાવ આતા હૈ તો દેવ-શાસ્ત્ર-ગુરુકા **'આલંબન હોતા હૈ ઔર અંદરમેં અપને પરમાત્માકા આલંબન હોતા હૈ.'** ભીતરમેં અપના પરમાત્મસ્વરૂપકા આલંબન હોતા હૈ. ઔર બાહરમેં દેવ-ગુરુ-શાસ્ત્રકા આલંબન હોતા હૈ. **'તીર્થોં મેં જાતા હૈ વહાઁ ભગવાનકો ઢૂંઢતા હૈ.'** લોગ ક્યા કરતે હૈં? તીર્થોં મેં જાકરકે ભગવાનકા દર્શન કરના ચાહતે હૈં. તો દેખતે હૈં કિ, **'કહાઁ હૈં ભગવાન?'** તો હર જગહ મંદિર ઔર મૂર્તિ હૈં, સાક્ષાત ભગવાન તો કહીં દેખનેમેં નહીં આતે લેકિન અપેક્ષા રખકરકે જાતે હૈં. ઔર ભગવાનકા દર્શન નહીં હોતા તો થોડા નિરાશ ભી હોતે હૈં કિ ઈતના લંબા સફર સર કરકે આયે પ્રતિકૂલતા સહન કરકે આયે ઔર ઈધર તો ખાલી-ખાલી. જૈસે હમ સમ્મેદશિખર જાતે હૈં વહાઁ તો સબ જગહ ચરણ હૈં. (ઔર) કુછ હૈ હી નહીં. વહાઁ જાયે તો ક્યા લગે? કુછ દિખનેમેં હી નહીં આયે. ચરણ રખે હુએ હૈં, અર્ઘ ચઢાકરકે નિકલ જાયે, હો ગઈ યાત્રા!! ભગવાનકા દર્શન તો હુઆ નહીં. ધર્મદાસજી ક્ષુલ્લકને ઐસી સૈંકડો યાત્રા કી થી સમ્મેદશિખરકી. ફિર ઉનકે ગુરુને બોલા, ભગવાનકા દર્શન કિયા કિ નહીં કિયા? કહતે હૈં 'અભી તક તો નહીં કિયા.' તુમ સમ્મેદશિખર જાતા હૈ, વહ તો સિદ્ધક્ષેત્ર હૈ ઔર સિદ્ધ ભગવાનકા તુમકો દર્શન નહીં હોતા હૈ? તૂ અંધા હૈ, ક્યા હૈ? અંધા હૈ અંધા - ઐસા બોલા. દો-તીન દફે બોલ દિયા કિ તૂ અંધા હૈ અંધા..!! ફિર જાકર આયે એક દફે ઔર. ગુરુકો બોલે કિ હમકો તો દર્શન નહીં હુઆ. તો ફિર બોલે, તૂ અંધા હૈ, દેખનેવાલેકો નહીં દેખતા કિતના અંધા હૈ. બસ ઉનકા પરિણમન બદલ ગયા. ઉનકો, દેખનેવાલેકો દેખા તો નિજ પરમાત્માકા દર્શન હુઆ. નિજ પરમાત્માકા દર્શન હુઆ તો વો પરમાત્માકા સ્વરૂપકા દર્શન હો ગયા. વો પરમાત્મા કૈસે હુએ?! લોગ તીર્થોં મેં જાતે હૈં વહાઁ ભગવાનકો ઢૂંઢતે હૈં. કહાઁ હૈં ભગવાન? **'પરંતુ, તૂ સ્વયં ભગવાન હૈ,..'** ક્યા? તુમ સ્વયં હી ભીતર મેં ભગવાન સ્વરૂપ હી હો. જબ ખુદકો ભગવાન સ્વરૂપ ભીતરમેં દેખતે હૈ તો દૂસરોંકો ભી ભગવાન હી દેખને લગતે હૈં. નજર બદલ જાતી હૈ. અપનેકો વર્તમાન પર્યાયરૂપ દેખતે હૈં તો સામનેવાલેકો ભી વર્તમાન પર્યાયરૂપ દેખતે હૈં. ઔર અપનેકો ભગવાન દેખતે હૈં તો સામનેવાલેકો ભી ભગવાન હી દેખતે હૈં.

મુમુક્ષુ :- ગુરુદેવ કહતે થે ન?

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુદેવકો તો વો ઘટના વહાઁ તક બનતી થી કિ, અપને જો ધાર્મિક અખબાર હૈ - દિગંબર સંપ્રદાયવાલે તો વિરોધમેં બહુત રહે, તો કુછ લોગ તો અંટસંટ લિખતે થે. ગાલિયાઁ ભી દેતે થે. ઔર વો ગુરુદેવકો પઢને કે લિયે post મેં ભેજ દેતે થે, દેખો હમને કૈસા પરાક્રમ કિયા હૈ!! આપકો ભી હમ ગાલી દે સકતે હૈં!! ગુરુદેવ પઢતે ભી થે, કાનજી ઐસે હૈં ઔર કાનજી ઐસે હૈં. બહુત લિખતે થે, ગુરુદેવ પઢકરકે ક્યા બોલતે થે માલૂમ હૈ? કિ અરે! ભગવાન! ક્યા બોલતે થે ગાલી દેનેવાલેકો? કિ અરે! ભગવાન તુમકો યે કૈસે પરિણામ આતે હૈં - દેખો તુમકો કૈસે પરિણામ આતે હૈં. તુમ ભગવાન હો કરકે કૈસે પરિણામ કર રહે હો, હઁ! યે ક્યા સૂઝતા હૈ તુમકો? તુમ તો ભગવાન હૈ ન પ્રભુ!! ઉનકો પ્રભુ-પ્રભુ કહતે થે. બહુત કરુણા!!

મુમુક્ષુ :- યાત્રા આદિ મંદકષાયસે કોઈ લાભ નહીં હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- પુણ્યકા લાભ હોતા હૈ અગર પુણ્યકી અપેક્ષા નહીં રખે તો. પુણ્યકી અપેક્ષા રખકરકે જાતે હૈં તો અપેક્ષાકે કારણસે પાપકા લાભ ભી સાથમેં હો જાતા હૈ. ઐસેમેં યાત્રા કરેંગે તો હમારી કુછ કઠિનાઈયાઁ દૂર હો જાયેગી. જો ભી, જિસ પ્રકારકી કઠિનાઈયાઁ હો દૂર હો જાયેગી. જો ભી, જિસ પ્રકારકી કઠિનાઈયાઁ હૈં, ચલો યાત્રા કર લે, તો ઉસમેં પાપ બંધતા હૈ. ઔર કોઈ સિર્ફ ધર્મબુદ્ધિસે કરતા હૈ તો ઉસકો સિર્ફ પુણ્ય બંધતા હૈ ઔર જ્ઞાની યાત્રા કરતે હૈં, જ્ઞાની ભી કરતે હૈં તો જ્ઞાની ક્યા કરતે હૈં યાત્રામેં? વો પુણ્યકો નહીં ગિનતે હૈં, ધર્મબુદ્ધિસે પુણ્યકા કોઈ વિચાર નહીં રખતે હૈં કિ, અપનેકો ચલો વહાઁ જાનેસે કોઈ ધર્મ હો જાયેગા. ઉસ પ્રકારકી ધર્મબુદ્ધિ નહીં (રખતે). લેકિન વહાઁ જો-જો મહાપુરુષને સાધના કી હૈ - આરાધના કી હૈ ઔર સિદ્ધક્ષેત્ર હોતા હૈ તો સિદ્ધાલયમેં પધારે હૈં ઉનકી આરાધનાકા વે સ્મરણ કરતે હૈં. તો ઉનકો ખુદકે આરાધનાકે ભાવ જાગૃત હો જાતે હૈં, ઈસલિયે ઉનકો ધર્મ હોતા હૈ, આરાધના હોનેસે. ઔર સિદ્ધક્ષેત્રમેં ક્યા હૈ કિ, જહાઁસે કોઈ આખિરી ચરમશરીર છોડકરકે કેવલજ્ઞાની તેરવેં ગુણસ્થાનકો પાર કરકે જબ સિદ્ધાલયમેં જાતે હૈં, ઉપર તો બિલકુલ vertically જાતે હૈં - સમશ્રેણીમેં. જૈસે ઇધરસે કોઈ ગયા તો ઉધર હી હૈ, આગે પીછે નહીં હૈ. તો વહાઁ જાતે હૈં તો ઉનકો લગતા હૈ કિ, હમારે સિર પર, માથે પર ભગવાન બિરાજમાન હૈં. જૈસે અપને ભગવાનકી પ્રતિમાજીકો સિર પર રખકર હી બિરાજમાન કરતે હૈં ન! જબ હમ અભિષેક કરતે હૈં યા રથયાત્રા નિકાલતે હૈં, તો પ્રતિમાકો બહુમાનસે સિર પર રખતે હૈં. તો એસા હી લગતા હૈ વહાઁ કિ, હમારે સિર પર ભગવાન બિરાજમાન હૈં, ઇધર હી બિલકુલ ઇધર હી બિરાજમાન હૈં. હમ

ઈસકે નીચે હી બરાબર ખડે હૈં - એસા. તો અપના ઉપયોગ ભી સિદ્ધાલયમેં જાતા હૈ ઔર ધર્માત્માકો ઈનકા-સિદ્ધ ભગવાનકા જો અનંત સ્વસંવેદન સ્વરૂપ હૈ વો visualize હોતા હૈ. ઉનકે પરિણમનકા ઐસે-ઐસે પ્રકાર બનતા હૈ ઔર કુછ ધર્માત્મા ઐસે હી હૈં કિ યહાઁ હમ... હમારે યહાઁ હમ સિદ્ધક્ષેત્રમેં આ કરકે સ્વરૂપકા ધ્યાન કરતે હૈં ઔર સિદ્ધોંકા સ્મરણ કરતે હૈં. હૈ તો સિદ્ધાલયમેં જો સિદ્ધ બિરાજ રહેં હૈં, બિરાજમાન હૈં ઉનકો હમ હમારે હૃદયમેં ખીંચ લે આતે હૈં, નીચે ઉતારતે હૈં હમ તો. ઈધર હી હમ તો ઉસકા અનુભવ કરતે હૈં. ઐસે કઈ પ્રકારકે અલગ જાતિકે પરિણામ ધર્માત્માઓંકો હોતે હૈં ઔર સામાન્ય લોગ જો હૈં જિનકો ધર્મ ક્યા હૈ ઉસકે વિષયમેં કુછ પતા નહીં હૈ ઔર સાંપ્રદાયિકબુદ્ધિસે યાત્રા કરતે હૈં. બહુભાગ લોગોંને તો અનુકૂલતામેં સુખ માના હૈ તો ઉસી અપેક્ષાસે યાત્રા કરતે હૈં, તો કોઈ ધર્મબુદ્ધિસે કરતે હૈં કિ, ચલો, ધર્મ હો જાયેગા. તો ઉસકો ધર્મ નહીં હોતા હૈ. પુણ્ય બંધતા હૈ ઔર અપેક્ષા રખનેવાલેકો અનુકૂલતા જુટાને (કે અભિપ્રાય) કે કારણસે પાપ ભી બંધતા હૈ. જબકિ જ્ઞાનિયોંકો અલગ પ્રકારકે પરિણામ હોતે હૈં.

મુમુક્ષુ :- ધર્મબુદ્ધિએ કરે એટલે મિથ્યાત્વ પાછું દ્રઢ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, મિથ્યાત્વ તો દ્રઢ હોતા હી હૈ કિ યે ધર્મ કર લિયા હમને, તો વો મિથ્યાત્વ હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મુમુક્ષુ અગર જ્ઞાનીકો છોડકરકે તીર્થક્ષેત્રમેં જાયે તો વો અધિક લાભકા કારણ હૈ યા કમ લાભકા કારણ હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- પરિણામ જૈસે કરેંગે વૈસા હોગા. મુમુક્ષુ કોઈ એક દર્જેકા તો હોતા નહીં હૈ. હમ પ્રશ્ન ઉઠાતે હૈં મુમુક્ષુકા લેકિન કૌનસા દર્જાવાલા?

મુમુક્ષુ :- જઘન્યકો હી લેંગે.

પૂજ્ય ભાઈશ્રી :- તો જઘન્ય હૈ ઉનકો જઘન્ય પરિણામ હોંગે. ઉત્કૃષ્ટ હોંગે ઉનકો ઉત્કૃષ્ટ પરિણામ હોંગે. જૈસે પરિણામ હોંગે વૈસા હી કામ હોગા.

મુમુક્ષુ :- નહિ, એને એમ કહેવું છે કે જ્ઞાની બિરાજમાન હોય તોપણ એને છોડીને જાય?

પૂજ્ય ભાઈશ્રી :- નહીં વો બાત નહીં, વો તો જાના હી નહીં ચાહિયે. સત્સંગ છોડકરકે, પ્રત્યક્ષકો છોડકરકે તો જાના હી નહીં ચાહિયે. કોઈ **'તીર્થોંમેં જાનેસે ભગવાનકે સંસ્મરણ યાદ આતે હૈં..'** ભગવાનકે સ્મરણ આતે હૈં કિ, યહાઁ વો વિચરે હૈં. જૈસે ગિરનારજી જાતે હૈં, ગિરનારમેં નેમિનાથ ભગવાનકે તીન કલ્યાણક હુએ હૈં, દીક્ષા કલ્યાણક ભી ગિરનારમેં હુઆ હૈ, કેવલજ્ઞાન કલ્યાણક ભી ગિરનારમેં હુઆ હૈ ઔર નિર્વાણકલ્યાણક

ભી ગિરનારમેં હુઆ હૈ. વે વહાઁ બહુત વિચરે હૈં તો હમેં ઉનકી યાદ આતી હૈ કિ, નેમિનાથ ભગવાન યહાઁ કૈસે વિચરતે હોંગે કૈસે આરાધના કરતે હોંગે! વો સબ સ્મરણમેં આતા હૈ ઔર સિદ્ધક્ષેત્રમેં લગતા હૈ કિ ભગવાન યહાઁસે સિદ્ધાલયમેં - મોક્ષમેં ગયે. ભગવાનને યહાઁ પર સાધના કી થી. યહ સ્મરણ આતે હી અપનેકો ભી સાધનાકે ભાવ જગતે હૈં. ધર્માત્માકો નિવૃત્તિક્ષેત્રમેં વિશેષરૂપસે આરાધનાકે ભાવ જગતે હૈં. '**બાકી તો ચૈતન્ય ભગવાન તો અપને પાસ હૈ.**' અપના ચૈતન્ય ભગવાન તો કહીં ઇધર-ઉધર હૈ હી નહીં વો તો અપને પાસ હૈ માને સ્વયં હી હૈ. '..**તો અપને પાસ હૈ.** કિંચિત ભી દૂર નહીં હૈ, થોડા ભી દૂર નહીં હૈ. '**દૌડત દૌડત દૌડિયો, જિતની મનકી દૌડ,..**' આનંદઘનજીકા પદ હૈ. તેરહવેં ધર્મનાથ ભગવાન હુએ ન! ઉનકી સ્તુતિ કી હૈ કિ, '**દૌડત દૌડત દૌડિયો, જિતની મનકી દૌડ,..**' જિતની મનકી દૌડ થી કિ, ઇધર જાના, મુઝે ઇધર જાના ઉધર જાના સબ જગહ ઘુમકે દૌડ-દૌડ આયા. સબ જગહ દૌડતા હૈ.

મુમુક્ષુ :- પ્રેમ પ્રતીત વિચારો ઢૂકડી ગુરુ ગમ લેજો જોડ જિનેશ્વર.

પૂજ્ય ભાઈશ્રી :- વો નીચે લિયા હૈ. સબ જગહ દૌડતે હૈં પરંતુ ભીતરમેં દેખતા નહીં હૈ. ભીતરમેં પૂરા પરમાત્મા હૈ, સબ કુછ હૈ વહાઁ દેખતા નહીં હૈ ઔર ઇધર-ઉધર ભાગતા હૈ. તો કહતે હૈં કિ ઉસકો દેખનેકે લિયે '**ગુરુગમ લેના રે જોડ.**' - ગુરુગમસે વો બાતકો જોડ દેના. તુમકો અંદરમેં જાના હૈ ઉસ બાતકો જોડના હૈ, જુટાના હૈ, તો ગુરુગમસે લે લેના ઔર ગુરુગમસે કૈસે હોગા? ઉસમેં short cut ક્યા હૈ? ઢૂકડી માને સમજતા હૈ? ગુજરાતીમેં ઢૂકડી શબ્દ હૈ, મારવાડીમેં ભી હોના ચાહિયે. ઢૂકડી માને short cut. જેમકે આ રસ્તો આમ જાય છે પણ આ ગલી ઢૂકડી છે. એમ કહે કે આ ગલીમાંથી જાઓ તો તરત સામે પહોંચી જાશો. આ highway છે અને જરા ફરી-ફરીને જાય છે, આ કેડીથી જાઓ તો ઢૂકડું છે.

મુમુક્ષુ :- ટ્રાફિક પણ ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ટ્રાફિક ન હોય, પણ રસ્તો થોડો સાંકડો હોય, જો પ્રેમ પ્રતીત ઢૂકડી રે. ગુરુના ગુણો પ્રત્યે પ્રેમ આવ્યો, ગુરુ પ્રત્યે પ્રેમ આવ્યો તો આ રીત સાવ સહેલી છે. પાછી ઢૂકડી રીત છે એમાં કોઈ આંટીઘૂંટી નથી.

મુમુક્ષુ :- જ્ઞાનમાર્ગસે જ્યાદા ઢૂકડી હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનમાર્ગસે ઢૂકડી હૈ. જ્ઞાનમાર્ગ રાજમાર્ગ હૈ લેકિન ભક્તિમાર્ગ હૈ ઉસમેં short cut હૈ. વો ઉસને રખા હૈ, આનંદઘનજીને વો બાત રખા હૈ કિ, પ્રેમ પ્રતીત ઢૂકડી રે. ગુરુગમ લેજો રે જોડ જિનેશ્વર, એસે ગુરુગમસે તુમ ચલના, સ્વચ્છંદસે

નહીં ચલના. **'ગુરુગમસે ચલના.'** ગુરુદેવ કહતે હૈં કિ, તુમ સ્વયં હી ભગવાન હો! ક્યા કહતે હૈં ગુરુદેવ? **'ગુરુદેવ કહતે હૈં કિ, તૂ સ્વયં હી ભગવાન હૈ.'** તૂ તેરેમેં હૈ, ભીતરમેં ખોજ લે તૂ તેરેમેં હૈ. ભીતરમેં ઈસકા ખોજ કરો. કૈસે ખોજ કરોગે? કિ ખોજ કરતે-કરતે સારી દુનિયામેં સે તુમ ખુદ હી ખો જાઓ, ઐસી ખોજ કરો! તૂ ખો જાયે મતલબ દુનિયાકા વિસ્મરણ, જગતકા વિસ્મરણ હો જાય ઐસી ખોજ કરો. સત્‌કી ખોજમેં જગતકા વિસ્મરણ હો જાયે, ઐસી ખોજ કરના.

મુમુક્ષુ :- અંદરમેં વિશ્વાસ હોના ચાહિયે કિ વસ્તુ અંદર હૈ તો અંદર હી મિલેગી.

પૂજ્ય ભાઈશ્રી :- કહ તો રહે હૈં, જિસને વસ્તુકા અનુભવ કિયા વો તો બતા રહે હૈં, કહ રહે હૈં, ફિર વિશ્વાસ નહીં કરનેકા ક્યા કારણ હૈ બોલો? કૃપાલુદેવને લિખા હૈ કિ, જો સત્‌કા સ્મરણ કરતા હૈ વો જગતકા વિસ્મરણ કરતા હૈ ઔર જો જગતકા સ્મરણ કરતા હૈ વો સત્‌કા વિસ્મરણ કરતા હૈ. ક્યોંકિ સત્ ભીતરમેં હૈ ઔર જગત બાહર હૈ ઈધરકા સ્મરણ હોતે હી બાહરકા વિસ્મરણ હોતા હૈ ઔર બાહરકા સ્મરણ કરનેમેં ભીતરકા વિસ્મરણ હો હી જાતા હૈ. **'તૂ સ્વયં હી ભગવાન હૈ.'** **'ભીતર ઢૂઁઢ લે. અરે! અનંતકાલ બીત ગયા;..'** ઈસ સંસારમેં પરિભ્રમણ કરતે હુએ દુઃખી-દુઃખી હોતે હુએ તેરા અનંતકાલ ગયા. અરે! **'સ્વયં ભગવાન હોનેપર ભી બાહર ભટકતા રહા.'** સ્વયં ભગવાન હોનેપર ભી અપનેકો ભૂલકરકે ભટકા. અગર અપનેકો સંભાલતા હૈ તો ભટકના બંદ હો જાયેગા. બસ બાત તો ઉતનીસી હૈ કિ, અપની નિધિકો સંભાલો. જૈસે પિતાજીકી દી હુઈ સંપત્તિ વારસદારકો મિલતી હૈ ન! તો હમારે તીર્થંકર આદિ પિતાજી લાવારિસ નહીં થે. અગર હમ fail હો જાયેંગે તો વો લાવારિસ હો જાયેંગે. ઉનકો લાવારિસ બનાના હૈ યા ઉનકી સંપત્તિકો સંભાલના હૈ?

મુમુક્ષુ :- સંભાલના હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- ઉન્હોંને (વે) ભંડાર રખકર ગયે...

મુમુક્ષુ :- પ્રદત્ત નિધિ.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, જિનેશ્વરને સમોવસરણમેં સે ઉઠકરકે, ક્યા? હમકો નિધિ દિયા ઔર તિલક ભી કિયા. સમોવસરણ મેં ઉઠકરકે તિલક કિયા કિ, તુમ હમારે વારિસદાર હો ઔર હમારી નિધિકો તુમ સંભાલના. હમ તો જા રહે હૈં સિદ્ધાલયમેં. ઠીક હૈ! તો ફિર સંભાલના ચાહિયે કિ નહીં સંભાલના ચાહિયે? ઉસકો કિતના તુલ્ય દેના ચાહિયે?

મુમુક્ષુ :- પ્રાણસે ભી અધિક.

પૂજ્ય ભાઈશ્રી :- તો ઉસ નિધિકો સંભાલનેમેં હમેં હમારે પ્રાણકી ભી દરકાર નહીં કરની ચાહિયે. વો હમારે પ્રાણસે ભી અધિક બાત હૈ. જબ તીર્થંકરદેવને સમોવસરણમેં

સે ઉઠકરકે તિલક કિયા તો સત્કાર કિતના કિયા! આદર કિતના કિયા! કિતને આદરસે નિધિ દિયા હૈ! અગર હમ નહીં સંભાલે તો, તો હમારે જિતને મહામૂર્ખ ભી કૌન હોંગે? જબ સંસારમેં ભટકેંગે, દુઃખી હોંગે ઔર સુખી હોનેકી બાત તો છોડ દિયા. અરે સ્વયં ભગવાન હોનેપર ભી બાહર હી ભટકા. **'અપની પરિણતિકો દેખે તો વેદનમેં સર્વ વિભાવભાવ, રાગ-દ્વેષ, કલુષિતતા એવં આકુલતા દિખાઈ દેતી હૈ...'** ભીતરમેં દેખે તો પહલે તો મોટી-મોટી ચીજ દિખેગી તો મોટી-મોટીમેં તો અનેક પ્રકારકે વિભાવ હૈ, રાગ હૈ, દ્વેષ હૈ, દુઃખ હૈ, આકુલતા હૈ, યે સબ દિખનેમેં આયેગા. ઔર જૈસે-જૈસે વો અવલોકન કરતા રહેગા, દેખતા રહેગા તો દેખનેમેં નજર પૈની હોતી રહેગી ઔર નજર સૂક્ષ્મ હોનેસે વો સૂક્ષ્મરૂપસે સૂક્ષ્મ સ્વભાવરૂપ જો પરમાત્મા હૈ ઉસકો દેખનેકા અવસર આયેગા. લેકિન ભીતરમેં દેખનેવાલેકો બાહરકી પંચાયત સબ બંદ કર દેની પડેગી. બાહરકી પંચાયત બંદ કર. બાહરમેં દેખનેકી દિલચસ્પી, કૌતૂહલ હૈ જિસકો ઉનકો ભીતરકા ભગવાન દિખનેમેં નહીં આતા. **'અપની પરિણતિકો દેખે તો વેદનમેં..'** માને અનુભવમેં. વેદનમેં માને અનુભવમેં સભી વિભાવભાવ જો હોતે રહતે હૈં, રાગ-દ્વેષ જો હોતે રહતે હૈં, કલુષિતતા ઔર આકુલતા હોતી હૈ, કલુષિતતા માને અકુલાહટ - વો સબ દિખનેમેં આતા હૈ. **'અંતરમેં ચૈતન્યભગવાન શુદ્ધતાસે પરિપૂર્ણ હૈ; વહ ઉસે દિખાઈ નહીં દેતા,..'** પહલે તો અંદરમેં-ભીતરમેં દેખનેવાલેકો વો દિખેગા કિ યહાઁ તો યે સબ ભૂતાવલકા નૃત્ય હૈ. યે શંકર ભગવાન હૈં ન! અન્યમતકી ઐસી-ઐસી બાતેં હૈં કિ, શંકર ભગવાનકા જહાઁ નિવાસ હોતા હૈ વો જ્યાદા કરકે સ્મશાનમેં હી ધ્યાન કરનેકો જાતે થે. ક્યા? ઔર વહાઁ અનેક ભૂત-પ્રેત વો સબ નાચે, ઉનકા નૃત્ય હોવે વો શંકર ભગવાન બૈઠે-બૈઠે દેખે. તો અનેક ભૂત હોવે ઉસકા સમૂહ દિખાનેકે લિયે ઉસકો ભૂતાવલ કહતે હૈં. ક્યા કહતે હૈં? જૈસે જ્યાદા આદમીકી ઈકટ્ઠા હોનેકી પરિસ્થતિકો બોલતે હૈં કિ યહ સભા હૈ. ક્યા બોલતે હૈં કિ યે સભા બૈઠી હૈ. તો સભા એક શબ્દમેં ક્યા આયા કિ બહુતસે લોગ બૈઠે હૈં. ઔર જગતમેં યા વિશ્વમેં સારે પદાર્થ આ જાતે હૈં એક શબ્દ મેં. એસે ભૂતાવલમેં અનેક ભૂતડા નૃત્ય કરતે હૈં, વો આ જાતે હૈં. તો પહલે તો ભીતરમેં દેખોગે તો યે રાગ-દ્વેષ-કષાયકી ભૂતાવલ દિખનેમેં આયેગી કિ બહુત ભૂતડે નૃત્ય કરતે હૈં. યહાઁ તો ભૂતલોગ હી નૃત્ય કરતે હૈં. ક્યા? ભય લગેગા થોડા. યે ભૂતકો દેખકરકે ભય લગતા હૈ ન! વૈસે થોડા ભય લગેગા ઔર ચૈતન્ય ભગવાન ભીતરમેં શુદ્ધતાસે ભરે હુએ હૈં, ચૈતન્યભગવાન ભીતરમેં પવિત્રતાસે ભરે હુએ હૈં. વો ઉસકો દિખતા નહીં હૈ, યે સબ ભૂતાવલ દિખતી હૈ, યે નહીં દિખતા હૈ - યે બનતા હૈ. જિતને ભી રાગ, દ્વેષ, વિભાવ, કલુષિતતા, આકુલતા યે સબ દિખનેમેં આયેગી ઔર

ભગવાન જો શુદ્ધ પવિત્રતાસે ભરા હુઆ હૈ વો પરમાત્મસ્વરૂપ દિખનેમેં નહીં આતા હૈ. **'ઇસલિએ વિશ્વાસ નહીં આતા.'** હૈ. ક્યા હોતા હૈ? વિશ્વાસ નહીં આતા હૈ કિ યે ભગવાન કહતે હૈં કિ તેરે અંદર પરમાત્મા હૈ. તેરા પરમાત્મા તેરે ભીતર હૈ. લેકિન જબ હમ અંદર દેખતે હૈં તો યે ભૂતાવલકા નૃત્ય દેખનેમેં આતા હૈ. ભગવાન તો દિખા નહીં, તો વિશ્વાસ નહીં આતા હૈ.

મુમુક્ષુ :- પહલે ઇધરકી સફાઈ હોગી તબ અંદરકા દિખેગા.

પૂજ્ય ભાઈશ્રી :- ઐસા હૈ કિ, કહીં ભી જાઓ, પહલે સ્થૂલ ચીજ દિખેગી. જૈસે હમ યહાઁ સે ગાડીમેં સોનગઢ જાતે હૈં, તો તીન-ચાર કિલોમીટર દૂર રહતે હૈં તો અપને મંદિરકે બડે-બડે શિખર દિખનેમેં આતે હૈં. ભગવાન દિખતે હૈં ક્યા? પહલે તો મંદિર કે શિખર દિખતે હૈં. તો હમ બોલતે હૈં કિ, ચલો મંદિર દિખનેમેં આયા, શિખર નહીં બોલતે હૈં, ક્યા બોલતે હૈં? મંદિર દિખને મેં આયા. ફિર સમીપ જાયેંગે ઔર અંદર જાયેંગે તો ભગવાનકા દર્શન હોગા. ફિર ગાઁવમેં ગયે, ફિર મંદિરકે સમીપ ગયે, ફિર મંદિરમેં ભીતરમેં ગયે તો ભગવાનકા દર્શન હોતા હૈ કિ નહીં હોતા હૈ? તો પહલે તો શિખર દિખેગા. ઐસે અંદરમેં ભી પહલે મોટી-મોટી ચીજ દિખતી હૈ. ફિર જૈસે દૃષ્ટિ સૂક્ષ્મ હોતી જાતી હૈ તો સૂક્ષ્મસ્વભાવ ભી દિખનેમેં આતા હૈ ઔર વહી સૂક્ષ્મસ્વભાવ હી પરમાત્મા હૈ. વો સૂક્ષ્મસ્વભાવ હી પરમાત્મા હૈ. તો **'ગુરુદેવ કહતે હૈં કિ 'તૂ ભગવાન હૈ' તથાપિ ઉસે ઐસા લગતા હૈ કિ ભગવાન તો કોઈ અલગ હોતે હૈં.'** ગુરુદેવ કહતે હૈં કિ તુમ ભગવાન હો, ફિર ભી વિશ્વાસ નહીં આતા હૈ. લગતા હૈ કિ ભગવાન કોઈ દૂસરા હોગા. મેરે જૈસા ભગવાન કૈસે હોતા હૈ? મેરેકો તો રાગ હોતા હૈ, દ્વેષ હોતા હૈ, આકુલતા હોતી હૈ, દુઃખ હોતા હૈ. મૈં ભગવાન હૂઁ તો ભગવાનકો ઐસા થોડી ન હોતા હૈ?! હાઁ, વિશ્વાસ નહીં આતા હૈ. **'અંતરમેં મૈં ભગવાન હૂઁ ઐસા વિશ્વાસ આના મુશ્કિલ પડતા હૈ.'** કઠિન પડતા હૈ કિ, ક્યા મૈં ભગવાન હૂઁ?! હમકો તો દિખતા નહીં હૈ. અંદરમેં તો રાગ-દ્વેષ દિખતા હૈ, ઔર કહતે હૈં કિ, અંદરમેં ભગવાન હૈ, લેકિન અંદરમેં તો હૈ હી નહીં.

મુમુક્ષુ :- સત્પુરુષને પહેલા ઓળખવાના થાય છે એનું કારણ એ જ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, ઇસકા કારણ વો હી હૈ. ઉસમેં ભી બાહરકી પરિસ્થિતિ અલગ, અંદરકી પરિસ્થિતિ અલગ હૈ. તો ભીતરમેં ભગવાન હૂઁ ઐસા વિશ્વાસ આના મુશ્કિલ પડતા હૈ. **'યહ તો પૂજ્ય ગુરુદેવકે પ્રતાપસે વાણીકા સ્રોત પ્રવાહિત હુઆ...'** ક્યા હુઆ, ગુરુદેવકી જો વાણી થી જૈસે કોઈ ધોધ ગિરતા હૈ પાનીકા, ઝરા નહીં ધોધ, ગુરુદેવકી વાણી અભી ભી ટેપમેં દેખો ધોધમાર વાણી હૈ, કૈસી હૈ? ધોધમાર! બરસાત

આતી હૈ ન, ઉસમેં ધીરે-ધીરે ભી પાની ગિરતા હૈ ઔર બહુત ગિરતા હૈ તો હમારે ગુજરાતીમેં કહતે હૈં કિ, ધોધમાર પાણી વરસે છે. મુસલધાર. મુસલધારસે ભી ધોધ બડા હોતા હૈ. જૈસે falls હોતા હૈ ન! water falls. તો એક સાથ બહુત પાની ગિરતા હૈ. ઉસમેં સબસે બડા falls niagara કા હૈ શાયદ. niagara falls. યે લોગ જાકરકે દેખકે આયે. આપ તો મેરે સાથ થે શિકાગોમેં. દૂસરે લોગ જો સાથમેં થે - ઔર ચૌદહ જન થે. (એક મુમુક્ષુ) નહીં ગયે થે. તેરહ આદમી ગયે થે, વો સબ ગયે થે niagara દેખનેકો. હમ શિકાગો ચલે ગયે થે. બહુત બડા ધોધ હૈ, આ તો ફોટો-બોટો દેખે. બહુત પાની ગિરતા હૈ. એક second મેં હજારો ટન પાની નીચે આતા હૈ. ઐસે **'ગુરુદેવકે પ્રતાપસે વાણીકા સ્રોત પ્રવાહિત હુઆ ઔર 'તૂ ભગવાન હૈ' ઐસે સમજાયા..' 'તૂ ભગવાન હૈ' ઐસે સમજાયા ઈસલિયે ઉસે વિશ્વાસ આતા હૈ.'** ગુરુદેવકી વાણી એસી હૈ કિ, વિશ્વાસ આ જાયે ઐસી વાણી થી. વાણીમેં ક્યા હૈ કિ, ખુદ ભી ભીતરમેં દેખકરકે બોલતે થે તો વાણીમેં ઉસકી ઝલક આતી થી. ક્યા ફરક હુઆ? કિ, ભીતરમેં અપને પરમાત્માકો દેખતે હુએ, દર્શન કરતે હુએ બતાતે થે કિ, તુમ હી ભગવાન હો. તો ઉસમેં વો ઝલક આતી થી. તો સુનનેવાલેકો પહલે વિશ્વાસ આતા હૈ. ફિર પુરુષાર્થ કરતા હૈ અંદર મેં દેખનેકા વિશેષરૂપસે, તો ઉનકો અપને નિજ પરમાત્માકા દર્શન ભી હોતા હૈ.

મુમુક્ષુ :- સોગાનીજીએ ભક્તિ કરીને કે, પામરને પરમાત્મા છું, પરમાત્મા છું - એવું રટણ તમારા જેવા અસાધારણ નિમિત્ત જ લગાડી શકે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બીજાનું કામ નથી. 'મુજ પામરકો પરમાત્મા હૂઁ, એસી રટન આપ જૈસે અસાધારણ નિમિત્ત હી કરા સકતે હૈં.' ઐસા કરકે લિખા હૈ. દેખો, કોઈ જાન-પહચાન નહીં થી. first time આયે. યોગ્યતા, પાત્રતા લેકરકે આયે થે. સંપ્રદાયમેં બહુભાગ લોગ તો વિરોધમેં રહે હૈં. વે ભી સંપ્રદાયમેં સે હી આ રહે થે. દિગંબર સંપ્રદાયમેં સે આયે. મૂલ દિગંબર થે વો. ઈસમેં ભી વો તો બીસપંથી થે. વો બીસપંથી થે. મૂલ આમ્નાય તેરાપંથીકી હૈ. કહનેકા મતલબ વો હૈ કિ, મૂલ આમ્નાય તેરાપંથીકી હૈ. ગુરુદેવકી વાણીસે વિશ્વાસ આયા **'..નહીં તો યોં લગે કિ, અપન ભગવાન કહાઁસે હોં?'** હમ તો સાધારણ આદમી હૈં. ચાયકે બિના નહીં ચલતા. હમ તો કૈસે ભગવાન હો સકતે હૈં? છોટી-મોટી ચીજકે બિના, થોડી પ્રતિકૂલતા આયે તો નહીં ચલતા, થોડી અનુકૂલતા આયે તો રાજી હો જાતે હૈં. હમ ભગવાન કૈસે હો? વિશ્વાસ નહીં આતા. જો બહુત પામરતામેં પરિણમન કરતે હૈં ઐસે જીવોંકો મૈં ભગવાન હૂઁ, ઈસકા વિશ્વાસ નહીં આતા હૈ. યા ઉસકા વિશ્વાસ ઉસકો કઠિન પડતા હૈ. ઈસલિયે પામરતા છુડાતે

હૈં. પામરતામેં બિલકુલ રહના (નહીં હૈ). જૈસે કોઈ inferiority of complex મેં આ જાતા હૈ તો વો ઉપર ઉઠકે આતા હી નહીં કભી, વો વિકાસ નહીં કર સકતા. ઐસે અભિપ્રાયમેં લે લિયા કિ, મૈં તો બિલકુલ પામર પ્રાણી હૂઁ - ઉસકો ભગવાન હોનેકા વિશ્વાસ આયેગા હી નહીં. ઈસલિયે જ્ઞાની પામરતાકો છુડા દેતે હૈં કિ, ફલાની-ફલાની ચીજ બિના ચલે નહીં, ઐસા મુમુક્ષુકો હોના નહીં ચાહિયે. યહાઁસે લેતે હૈં - વો આતા હૈ કૃપાલુદેવમેં. ક્યા કહતે હૈં? કિ નહીં તો એસા લગતા હૈ કિ, મૈં ભગવાન કહાઁસે હો સકતા? **'ક્યોંકિ ઉસે અપને વેદનમેં** (અનુભવમેં) **અકેલી કલુષિતતા** (હી) **ભાસિત હોતી હૈ.'** અકેલી કલુષિતતા હી લગતી હૈ. અનુભવમેં આતી હૈ. દૂસરા કુછ દિખનેમેં નહીં આતા. **'પરંતુ ગુરુદેવને ઈતના જોરસે કહા...'** ઔર ઐસે toneમેં કહા ક્યોંકિ દેખકરકે બોલતે થે તો ઉસકે toneમેં અલગ ઝલક આતી હૈ. ઐસે જોરસે કહા! તો સુનનેમેં ઔર પઢનેમેં યે ફરક હૈ કિ, **'જિસસે વિશ્વાસ બૈઠતા હૈ; તો ઐસે લગતા હૈ કિ અપન ભગવાન આત્મા** (હી) **હૈં.'** ઐસા વિશ્વાસ બૈઠતા હૈ. ગુરુદેવકે કહનેસે ઐસા વિશ્વાસ આતા હૈ. ઔર ગુરુદેવ તો ન્યાયસે ભી કહતે થે, આગમસે ભી કહતે થે, યુક્તિસે ભી કહતે થે. કઈ પ્રકારસે કિ, તૂ ભગવાન હો ઈસ બાતકો સિદ્ધ કર દેતે થે ઔર અનુભવસે ભી કહતે થે.

આશય :- (૧૫૨) **વીતરાગમાર્ગમેં મુમુક્ષુજીવકો આના હૈ તો દેવ-શાસ્ત્ર-ગુરુકી પૂરી-પૂરી શરણાગતકા સ્વીકાર કરના ચાહિયે. વૈસે તો નિશ્ચયસે અપના આત્મસ્વરૂપ હી શરણ હૈ, પરંતુ દેવ-શાસ્ત્ર-ગુરુકી પહિચાનપૂર્વક શરણાગત હોનેસે ભીતરમેં નિજપરમાત્માકા દર્શન હોતા હૈ. વર્તમાનકાલમેં સત્પુરુષ હી એક શરણ હૈ ઐસા આશય યહાઁસે નિકલતા હૈ.**

ઉપલક ઉપલક વાંચન-વિચાર આદિથી કાંઈ ન થાય, અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ.

- બહેનશ્રીનાં વચનામૃત - ૨૩

પ્રશ્ન :- જ્ઞાનીને ઓળખવા કઈ રીતે? મુમુક્ષુની ભૂમિકામાં એક ક્ષયોપશમ જ્ઞાનવાળો હોય અને એક સાચા આત્મજ્ઞાની હોય. તે બંનેને મુમુક્ષુ કઈ રીતે ઓળખે? બંને વચ્ચે અંતર કેમ પાડે?

સમાધાન :- બંનેનો પરિચય કરવાથી તથા અંતર ઓળખવાથી તફાવત ખ્યાલમાં આવી શકે છે.

સાચો મુમુક્ષુ હોય તેનાં હૃદયનેત્રો એવાં થઈ ગયાં હોય છે કે જ્ઞાનીની અપૂર્વ, અંતરમાંથી ભીંજાયેલી, ક્ષણે ક્ષણે ભેદજ્ઞાન પાડતી તથા અનુભવમાંથી નીકળતી આત્મસ્પર્શી વાણીને ગ્રહણ કરી શકે છે. તેનાં હૃદયનેત્રો તેવી જાતના ભાવને ગ્રહણ કરવા યોગ્ય થઈ ગયા હોય છે.

જ્ઞાનીનું ક્ષયોપશમ જ્ઞાન હોય પણ તે અનુભૂતિવાળું જ્ઞાન છે. જ્ઞાની અંતરથી બોલતા હોય તે જુદું જ નીકળતું હોય છે. જેમ કે પૂજ્ય ગુરુદેવ કહેતા હોય, ''તું જુદો છે-જુદો છે, આ તારું નથી'' એમ જે અનુભવમાંથી બોલે તેની ભાષા, તેનો વળાંક જુદો હોય છે.

જે માત્ર ક્ષયોપશમથી બોલે છે અને અંતરમાં સ્વાનુભૂતિ નથી તેની વાણીનું વજન ક્યાં જાય છે? તેની પરિણતિ શું કામ કરે છે? અર્થાત્ તેના અંતરની કઈ જાતની દિશા છે? હૃદય કઈ જાતનું ભીંજાયેલું છે અને વાણી કઈ રીતે નીકળે છે તે, તેનામાં જો મુમુક્ષુતા હોય અને વિશેષ પરિચય કરે તો, ઓળખી શકે છે. માત્ર ક્ષયોપશમ જ્ઞાનથી જે વાણી નીકળતી હોય તે જુદી જ રીતે નીકળે છે. ક્ષયોપશમથી બોલે તેની ભાષા અને વળાંક અમુક પ્રકારનો આવતો હોય છે. આમ બંનેનું અંતર મુમુક્ષુ હોય તે અંદરથી ગ્રહણ કરી લે છે. ૧૫૩.

## તા. ૧૪-૦૪-૧૯૯૭, પ્રશ્ન-૧૫૩,૧૫૪
## પ્રવચન નં. ૧૦૬

સ્વાનુભૂતિદર્શન, ૧૫૩મો પ્રશ્ન, પાનું-૧૦૭.

'પ્રશ્ન :- જ્ઞાનીને ઓળખવા કઈ રીતે? મુમુક્ષુની ભૂમિકામાં એક ક્ષયોપશમ જ્ઞાનવાળો હોય અને એક સાચા આત્મજ્ઞાની હોય. તે બંનેને મુમુક્ષુ કઈ રીતે ઓળખે? બંને વચ્ચે અંતર કેમ પાડે?'

સારો પ્રશ્ન ઉઠાવ્યો છે. આ વિષયમાં જીવ અનંતવાર ભૂલ કરી બેઠો છે. પહેલો પ્રશ્ન એ પણ સરસ ઉઠાવ્યો છે કઈ રીતે ઓળખવા? બીજું કે બે માણસ હોય, બેય મુમુક્ષુ હોય - એકને ક્ષયોપશમજ્ઞાન ઘણું હોય, એકને ક્ષયોપશમજ્ઞાન ન હોય પણ આત્મજ્ઞાની હોય તો મુમુક્ષુ એને કઈ રીતે ઓળખે? એવી પરિસ્થિતિમાં કઈ રીતે ઓળખવા? આવી પરિસ્થિતિમાં કઈ રીતે ઓળખવા? બે પ્રશ્ન થયા. અને ઓળખવામાં તો અંતર પડે તો જ ઓળખાય એટલે ઓળખવા માટેનો જ પેટા પ્રશ્ન છે કે બંને વચ્ચે અંતર કેમ પાડે? અને તો જ ઓળખ્યા ગણાયને! અંતર ન પડે તો કાંઈ ઓળખ્યા ન ગણાય. બીજેથી વાત લીધી છે.

'**સમાધાન :- બંનેનો પરિચય કરવાથી તથા અંતર ઓળખવાથી તફાવત ખ્યાલમાં આવી શકે છે.**' પહેલી વાત શું લીધી? પરિચય કરવાથી. બેયનો જવાબ આવી ગયો. કઈ રીતે ઓળખે? ઓળખવાનો એક જ process છે - પરિચય કરવો તે. પરિચય કર્યા વિના ઓળખાણ થવાની કોઈ પરિસ્થિતિ, કોઈ પ્રક્રિયા જ નથી. બીજું પરિચય કરવામાં શું કરવું કે અંતર ઓળખવું એટલે એની અંતર પરિણતિને ઓળખવી. એકની આત્મપરિણતિ છે એ મોક્ષ પરિણતિ છે, મુક્ત પરિણતિ છે. એકની પ્રતિબંધવાળી, પ્રતિબંધયુક્ત પરિણતિ છે એને સંસાર પરિણતિ છે. સંસાર પરિણતિ અને મોક્ષ પરિણતિમાં ઊગમણો-આથમણો ફેર છે. એટલે એનું અંતર ઓળખવાથી તફાવત ખ્યાલમાં આવે છે, આવી શકે છે. હવે કોણ ઓળખી શકે ઈ વાત લીધી. આ તો કઈ રીતે ઓળખવા અને ક્યાં તફાવત જોવો બે વાક્યમાં બે વાત કરી દીધી. એ જવાબ આવી ગયો ઉપરના પ્રશ્નમાં કે, કઈ રીતે ઓળખવા એ પણ આવી ગયું, ને બંનેમાં શું જોવાનું છે એ પણ આવી ગયું. હવે જોનારનું શું? એ વાત કરે છે. આ તો વાત એક પક્ષે થઈ.

'**સાચો મુમુક્ષુ હોય તેનાં હૃદયનેત્રો એવાં થઈ ગયાં હોય છે કે જ્ઞાનીની અપૂર્વ, અંતરમાંથી ભીંજાયેલી, ક્ષણે ક્ષણે ભેદજ્ઞાન પાડતી તથા અનુભવમાંથી નીકળતી આત્મસ્પર્શી વાણીને ગ્રહણ કરી શકે છે.**' શું લીધું છે? કે એક તો સાચો મુમુક્ષુ લીધો છે. સાચો મુમુક્ષુ એટલે શું કે જેને એકમાત્ર મોક્ષની કામના છે. એનું લક્ષ એક જ છે - પૂર્ણતાનું, મુક્ત થઈ જાવું છે. સંસારનો અભિપ્રાય જેનો પલટાય ગયો છે એટલે સંસારને ઉપાસવાનો જેનો અભિપ્રાય રહ્યો નથી, એ અભિપ્રાયનો જેણે સર્વથા ત્યાગ કર્યો છે. કોઈપણ ભોગે મુક્ત થઈ જવું છે, એવો સાચો મુમુક્ષુ હોય તો, એટલે દઢ મુમુક્ષુતા પ્રાપ્ત થઈ હોય તો... જે કૃપાળુદેવે ૬૭૪માં લીધું છે. તેના હૃદયનેત્રો એવા થઈ ગયા હોય છે, હૃદયનેત્રો એટલે શું કે એના જ્ઞાનમાં નિર્મળતા આવી હોય, જ્ઞાનની નિર્મળતા. એને હૃદયનેત્રો કહે છે. કેમકે આ નેત્રો છે ઈ હૃદયનેત્રો નથી. આ તો રંગ

જોવાનો, વર્ણ જોવાનો એક ક્ષયોપશમ છે જ્ઞાનનો અને તે ચક્ષુઈન્દ્રિય દ્વારા જણાય છે, આથી વધારે કોઈ એનું કામ નથી. જ્ઞાનીની અંતર પરિણતિને ઓળખવા માટે તે પરિણતિ નિર્મળ હોવાને લીધે, જ્ઞાનનું પણ નિર્મળપણું હોવું ઘટે છે. જ્ઞાનની અંતર પરિણતિ નિર્મળ છે તો નિર્મળને જોવા માટે સાધન પણ નિર્મળ જોઈએ જ્ઞાનનું. મલિન સાધન કામ ન આવે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! હીરાને જોવા માટે આંખ પણ ચોખ્ખી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- આંખ ચોખ્ખી જોઈએ, આંખમાં જો તકલીફ હોય તો હીરો કેવી રીતે ઓળખાય? એટલી પહેલી તો યોગ્યતા લીધી છે. બીજું એ યોગ્યતા શું કરે છે? સમજે છે એમ નથી લીધું અહીંયાં. ગ્રહણ કરે છે એમ લીધું છે. સમજવું ઈ તો પરલક્ષી જ્ઞાનમાં પણ બને છે એટલે ઈ ધારણા થાય છે કે, જ્ઞાની આમ કહેવા માંગે છે, જ્ઞાની આમ કહેવા માંગે છે, જ્ઞાની આમ કહેવા માંગે છે, ગ્રહણ કરવું એ બીજી વાત છે. એમાં પણ યોગ્યતાનો જ વિષય છે. યોગ્યતા વિના ગ્રહણ ન થાય. એ જ્ઞાનીની વાણીમાંથી કઈ-કઈ, ક્યા-ક્યા factorને ગ્રહણ કરે છે, એટલા મુદ્દા અહીંયાં બહેનશ્રીએ તારવ્યાં છે, જુદાં પાડ્યાં છે, એક તો એને જ્ઞાનીની વાણીમાં અપૂર્વતા ગ્રહણ થાય, અપૂર્વભાવો આવે છે, અપૂર્વભાવો બતાવે છે અને મને અપૂર્વતા, અપૂર્વતા, અપૂર્વતા ભાસે છે. એને પોતાને અપૂર્વતા લાગ્યા કરે. અંદરમાં પોતાને પણ અપૂર્વતા લાગે અને બહારમાં વાણીની પણ અપૂર્વતા લાગે છે. 'અપૂર્વ વાણી પરમશ્રુત સદ્‌ગુરુ લક્ષણ યોગ' એ અપૂર્વ વાણી લાગે. અંતરમાંથી ભીંજાયેલી વાણી લાગે. જે કહે છે એમાં લુખાશ ન હોય એટલે એમાં કહેનારનો જે રસ છે, કહેનારનો જે રસ છે, એ દેખાય આવે. અને એને પકડવા માટે, એને ગ્રહણ કરવા માટે અહીંયાં રસ ઉત્પન્ન થાય. રસનો વિષય એવો છે, રસની પ્રક્રિયા તે રાસ છે. આ લોકો ડાંડિયા-રાસ લે છેને, શરૂ થયું છે શ્રીકૃષ્ણના વખતથી એ રાસ લેતા હતા. એમાં શું છે? કે, રસ વધારે છે, રસ વધારે છે. એ અંતરમાંથી આત્મરસથી ભીંજાયેલી જે વાણી છે એ યોગ્યતાવાન જીવને આત્મરસની ઉત્પત્તિનું કારણ બને છે અને એ ગ્રહણ થાય છે, એમાંથી રસ પકડાય છે. આ interlink થઈ. બંનેના ભાવોની નિમિત્ત અને ઉપાદાન, એ બંનેના ભાવોની સામ્યતા, સદૃશ્યતા ઉત્પન્ન થઈ. degree ફરક છે. જ્ઞાનીનો રસ, આત્મરસની degree ઘણી આગળ છે. મુમુક્ષુને કોઈ અંશે ઉત્પન્ન થાય છે. આત્મરસ ઉત્પન્ન કરે છે વાણી.

મુમુક્ષુ :- વાણી સાંભળીને જીવ સહેજે ખેંચાય જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ખેંચાય. યોગ્યતા હોય તો ખેંચાય જાય છે. ક્ષણે-ક્ષણે

ભેદજ્ઞાન પાડતી વાણી. કેવી વાણી છે? વાણીમાં જે વાત ચાલે એમાં ભેદજ્ઞાનનો વિષય, કેમકે એ પોતે જુદાં પડીને, પરિણમીને કહે છેને? એટલે વાણીમાં પણ એ વિષય બહાર આવે છે. જુઓ! આપણે જોઈએ તો સોગાનીજી - એ મુમુક્ષુતામાં તૈયાર થઈને આવ્યા હતા. ઉત્કૃષ્ટ મુમુક્ષુતાની ભૂમિકામાં સોનગઢ આવી પહોંચ્યા. ક્યો વિષય પકડ્યો એમણે?

મુમુક્ષુ :- ભેદજ્ઞાનનો.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યાખ્યાનમાં એક કલાકમાં વિષય ગમે તે બીજો પણ ચાલે, અનેક વિષય ચાલે, એમને લાભ ક્યાંથી થયો?

મુમુક્ષુ :- ભેદજ્ઞાનમાંથી.

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાનના વિષયમાંથી. એટલે ગ્રહણ શું કર્યું એમણે? ભેદજ્ઞાન. બીજી ભૂમિકાની વાતો આવે છે અને જેટલી ભૂમિકાની વાતો તેટલી ભૂમિકાને યોગ્ય મુમુક્ષુને સ્પર્શે છે. અથવા યોગ્યતા પ્રમાણે એને વાણીનો સ્પર્શ છે અને તે-તે વિષય પણ આવે છે. જ્ઞાની થવા માટે ભેદજ્ઞાન, અનુભવ થવા માટે - સ્વાનુભવ થવા માટે ભેદજ્ઞાન એ છેલ્લું stage છે. તો જે ઉત્કૃષ્ટ મુમુક્ષુ છે એને એ દેખાય છે. એ ક્ષણે-ક્ષણે ભેદજ્ઞાન પાડતી વાણી છે. ભેદજ્ઞાન કરાવે છે મને. ભેદજ્ઞાન સ્પષ્ટ થાય છે. જ્ઞાન અને રાગ વચ્ચેનો ભેદ પડે છે એને. ત્યાં પણ જ્ઞાન અને રાગ વચ્ચેનો ભેદ પડેલો છે અને અહીંયાં પણ એ વાત ઊભી થાય છે. તથા અનુભવમાંથી નીકળતી આત્મસ્પર્શી વાણી, આત્માના અનુભવને સ્પર્શીને નીકળતી વાણી છે એ વાણીને સાચો મુમુક્ષુ છે તે ગ્રહણ કરી શકે છે. એમાં એને આટલા-આટલા મુદ્દા દેખાય છે. અપૂર્વતા, આત્મરસથી સરાબોર થયેલી વાણી છે - હિન્દીમાં કહીએ તો, ભીંજાયેલી આમ તો ગુજરાતી શબ્દ પણ એ વપરાય છે. સરાબોર થયેલી વાણી છે. ક્ષણે-ક્ષણે ભેદજ્ઞાન એ સ્પષ્ટ છે, એ વિષય પણ સ્પષ્ટ છે ભેદજ્ઞાનનો અને આત્માનુભવ. આટલા મુદ્દા પકડે છે. ક્ષયોપશમ જ્ઞાનવાળો મુમુક્ષુ હોય એમાં આ પ્રકાર નથી હોતા, ન એની પાસે સ્વભાવની અપૂર્વતા હોય છે, ન એની પાસે આત્મરસથી ભીંજાયેલું વાણીનું કારણ હોય છે. ભેદજ્ઞાન નથી, અનુભવ નથી, આ બધાય મુદ્દાઓ જુદાં જ પડી ગયા. '**તેનાં હૃદયનેત્રો તેવી જાતના ભાવને ગ્રહણ કરવા યોગ્ય થઈ ગયા હોય છે.**' કૃપાળુદેવે આ વિષયમાં પત્ર લખ્યો છે ૬૭૯મો. ૬૭૯મો પત્ર પણ આપણે ચાલી ગયો છે એકાદ-બેવાર. પણ જે ૪૪૯ અને ૬૦૯ને એવા જે પત્રો છે એમાં ૬૭૯માં આખા પત્રમાં તો ઘણો વિસ્તાર છે, પણ સોભાગભાઈએ જે પ્રશ્ન પૂછ્યા છે, એમાં બીજા પ્રશ્નનો આ ઉત્તર ચાલે છે. પાંચ પેરેગ્રાફ એક જ (પત્રમાં) આપ્યા છે. એમાં વાણીના વિષયમાં ઘણા વિશેષણો

એમણે વાપર્યા છે, એમાં અપૂર્વતા લીધી છે. અપૂર્વતા લીધી છે, અનુભવ લીધો છે અને એ સિવાય બીજી ઘણી-ઘણી વાતો એમણે (લીધી છે.)

મુમુક્ષુ :- આત્મજાગૃતિને ઉત્પન્ન કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મજાગૃતિને ઉત્પન્ન કરે છે. પૂર્વાપર અવિરોધપણું છે ઈ મુખ્ય લક્ષણ લીધું છે. એ મુખ્ય લક્ષણ લીધું છે.

મુમુક્ષુ :- આશય લીધો છે.

પૂજ્ય ભાઈશ્રી :- અને આશય રહેલો હોય છે. એટલે કે આત્મકલ્યાણ, પરમાર્થનો વિષય, વિધિનો વિષય ત્યાં પ્રગટ હોય છે. અજ્ઞાનીની વાણીમાં વિધિનો વિષય પ્રગટ હોતો નથી અને એ વિધિમાં ભેદજ્ઞાન આવે છે. એ વિધિમાં ભેદજ્ઞાન આવે છે. જ્ઞાનીની વાણીમાં એ પ્રકારના ભાવો બધા હોય છે. એ તો પોતે પણ સ્વરૂપજાગૃતિમાં છે, તો સામા જીવને પણ જાગૃતિનું કારણ બને છે. ઘણાં બીજા વિશેષણો વિશેષ લીધા છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપ શું બોલ્યા હતા? ૪૪૯ પત્ર..

પૂજ્ય ભાઈશ્રી :- ૪૪૯ના... આપણે બધા પત્રો(ના પ્રવચનો) લખાય છેને, આ પણ બહુ સારો વિષય ચાલી ગયેલો છે. એટલે જરા ટેપ જોઈ લેવાની. ત્યાં ઘાટકોપર જ્ઞાનમંદિરમાં ત્રણ દિવસ ૬૭૯ ચાલ્યો છે. આ તો એ હશે. ત્યાં બહુ ટેપ સરસ થાય છે, વ્યવસ્થિત છે.

**'જ્ઞાનીનું ક્ષયોપશમ જ્ઞાન હોય પણ તે અનુભૂતિવાળું જ્ઞાન છે.'** મુમુક્ષુને પણ ક્ષયોપશમ હોય, જ્ઞાનીને હોય, જ્ઞાનીને પણ ક્ષયોપશમ હોય (પણ) ફરક શું છે? અનુભૂતિવાળું જ્ઞાન છે. જ્ઞાનીના જ્ઞાનમાં સ્વાનુભવ સાથે છે. પેલામાં એ નથી. અભાવ છે એનો. સ્વાનુભવનો અભાવ છે અને આ મોટો ફરક છે. બેય આત્માની વાત કરે છે. જ્ઞાની પણ આત્માની વાત કરે છે, ક્ષયોપશમવાળા કહો કે વિદ્વાન કહો કે પંડિત કહો (જેને) અનુભવ નથી એ પણ આત્માની વાત કરે છે. બેય સમયસાર વાંચે છે. આપણે લ્યોને! સમયસારમાં તો એકલી આત્માની જ વાત છેને? જ્ઞાનીને અનુભૂતિવાળું જ્ઞાન છે. ક્ષયોપશમજ્ઞાન. પેલાને (અજ્ઞાનીને) એ વિષયમાં અંધારું છે. શું છે?

મુમુક્ષુ :- અંધારું ઘોર.

પૂજ્ય ભાઈશ્રી :- આપણે કુદરતી નામ સારું આવી ગયું- 'સ્વાનુભૂતિપ્રકાશ' (માસિક પત્રિકા) છ-સાત નામમાંથી ઈ નામ આવી ગયું. એ સ્વાનુભૂતિ છે એ પોતે જ પ્રકાશમય, પ્રકાશ સ્વરૂપ જ્ઞાનનો પર્યાય છે અને અનુભવ વિના આત્માની વાત કરનાર અંધારામાં ઊભો છે, એની પાસે ઈ પ્રકાશ જ નથી.

મુમુક્ષુ :- રાત-દિવસ જેટલું અંતર હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ મોટું અંતર છે. ઈ તો અંતર ક્યાં સમજાવવું પડે એવું છે. અંધારા-અજવાળાનું અંતર થોડું સમજાવવું પડે. પ્રત્યક્ષ છે ઈ તો. પ્રત્યક્ષમાં શું પ્રમાણ આપવાનું? પ્રત્યક્ષમાં બીજું શું પ્રમાણ આપવાનું હોય? પણ જે પ્રકાશનો વિષય છે ત્યાં જ અંધારું છે, હવે ઈ શું કહે ને શું સમજાવે. પોતે અંધારામાં ઊભો છે. '**જ્ઞાનીનું ક્ષયોપશમ જ્ઞાન હોય પણ તે અનુભૂતિવાળું જ્ઞાન છે. જ્ઞાની અંતરથી બોલતા હોય તે જુદું જ નીકળતું હોય છે.**' હવે અનુભવનું જે બોલે છે (એ) કોના આધારે બોલે છે? કે, અનુભવના આધારે બોલે છે, સ્વાનુભવરૂપ જે સ્વસંવેદનજ્ઞાન છે, ઈ વેદનના આધારે બોલે છે (અને) પેલા કોના આધારે બોલે છે? તો કે રાગના આધારે બોલે છે. એક જ્ઞાનના આધારે બોલે છે અને એક રાગના આધારે બોલે છે. આટલો મોટો ફરક છે. આધારબિંદુ જ જુદું-જુદું છે તદ્દન. રાગ તો મલિનભાવ છે. રાગ છે એ મલિનભાવ છે. મલિન છે, દુઃખરૂપ છે અને આત્મસ્વભાવથી વિરુદ્ધ છે. આપણે નથી કહેતા કે, બીજું બધું તો ઠીક પણ તમે વિરોધીનો આધાર લઈને કાં આવો? માણસ પક્ષમાં ભળી જાય ત્યારે શું કહે? એનો આશ્રય લ્યેને? વિરોધપક્ષમાં ભળે ત્યારે શું થાય? એનો આશ્રય લ્યે. એટલે આખો આશ્રય જ જુદો થઈ ગયો. આધાર જ જુદો થઈ ગયો. હવે પરિપૂર્ણ પવિત્ર એવા, પૂર્ણપવિત્ર એવા આત્માની વાત કરવી, મલિનભાવનો આધાર લઈને. કેવી રીતે એ વાત આવે? એ વાતમાં આત્માનું કાંઈ આવે નહિ. એટલે '**જ્ઞાની અંતરથી બોલતા હોય તે જુદું જ નીકળતું હોય છે.**' કેમકે આધાર આખો જુદો છે. આનો આધાર જુદો છે, આનો આધાર જુદો છે, background જુદું છે આખું.

મુમુક્ષુ :- પાર્શ્વભૂમિ જ જુદી છે.

પૂજ્ય ભાઈશ્રી :- પાર્શ્વભૂમિ જ જુદી છે. ક્યાં બેસીને બોલે છે એ તો મુખ્ય વસ્તુ છે. દૃષ્ટાંત આપ્યું છે. '**જેમ કે પૂજ્ય ગુરુદેવ કહેતા હોય, ''તું જુદો છે-જુદો છે, આ તારું નથી'' એમ જે અનુભવમાંથી બોલે તેની ભાષા, તેનો વળાંક જુદો હોય છે.**' વળાંક કહો, tone કહો, undertone કહો, આંતર્ધ્વનિ કહો, ઈ આખો એનો રણકાર જુદો હોય છે. પેલા - ક્ષયોપશમવાળા એમ કહે કે, તું જુદો છો, રાગથી તું જુદો છો, પણ એ રાગને પકડીને બોલે છે. ઓલા (જ્ઞાની) જુદાં પડીને બોલે છે. (અજ્ઞાની) બોલે છે રાગથી જુદો છું ને પકડે છે રાગને. એને ઈ જુદાંપણાનો પાવર આવે ક્યાંથી અંદરથી? જે રાગને પકડીને બોલે છે એને રાગથી જુદાંપણાની વાત કહેવાનો પાવર ક્યાંથી આવે? શક્તિ ક્યાંથી આવે? આવે જ નહિ. આ મોટો

ફરક છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કિસ પ્રકારસે રાગકો પકડતા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉસકો રાગકા એકત્વ હૈ, તો વહ રાગકો પકડતા હૈ. બોલતા હૈ રાગસે જુદા, રાગસે ભિન્ન ઔર પરિણમન કરતા હૈ અભિન્ન. અભિન્નતાકી પકડમેં ઔર ભિન્નતાકી બાત કરતે હૈં તો વો ભિન્નતાકા પાવર કહાઁસે આયેગા? વો બાત નહીં આયેગી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વજન ક્યાં જાય છે એનાથી કાંઈ ખબર પડે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વજન ફરી જાય છે. વજન ફરી જ જાયને.

પહેલો પેરેગ્રાફ જ્ઞાનીનો લીધો. હવે '**જે માત્ર ક્ષયોપશમથી બોલે છે અને અંતરમાં સ્વાનુભૂતિ નથી તેની વાણીનું વજન ક્યાં જાય છે?**' રાગ ઉપર જશે. એનું વજન ક્યાં જશે? રાગ ઉપર જશે. પુણ્યને ઉપાદેય કરે છે ઘણાં. મોટાભાગના વક્તાઓમાં પુણ્યની ઉપાદેયતા આવે છે. ગુરુદેવના અનુયાયી વક્તાઓમાં એ વસ્તુ ઓછી આવે છે. પણ જે લોકોમાં ફેરફાર થયો એમાં ઈ આવવા મંડ્યું છે. એમાં પુણ્ય હેય કહેવાનું જોર ન આવે. કેમકે પોતે જ પુણ્યના યોગો, વિધિ, વિધાન એની હિમાયત કરતા હોય, એની પ્રશંસા કરતા હોય, કરતા, કરાવતા, અનુમોદનામાં બધું ચાલતું હોય એનો નિષેધ એને કેટલો જોરથી આવે? આવે જ નહિ. વિધાનનો મહિમા કરે જ છેને? આ વિધાન સંપન્ન થયું, આ મોટું વિધાન સંપન્ન થયું. રૂઢિઅર્થ થઈ ગયો છે આ વિધાનનો. પૂજાનું વિધાન એ રૂઢિઅર્થ થયો છે. actually વિધાન શબ્દનો અર્થ જ સાવ જુદો છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિની વિધિ જે છે એને બતાવનારૂં, એને કહેનારૂં, એને દર્શાવનારું કથન તે વિધાન. વિધિને describe કરે તે વિધાન. એને વિધાન કહે છે. એના બદલે આ સ્વાહા, સ્વાહા કરે એને વિધાન કહે છે. એટલો બધો ફેર પડી ગયો. આ રૂઢિમાં ક્યાં વાત ચડી જાય છે.

મુમુક્ષુ :- સમજમેં નહીં આયા.

પૂજ્ય ભાઈશ્રી :- અપને યહાઁ પૂજન વિધાન ચલતા હૈ ન ઉસકો વિધાન બોલતે હૈં. મૂલમેં બાત અલગ હૈ. જો સ્વરૂપ પ્રાપ્તિકી વિધિ હૈ, ઉસકે કથનકો વિધાન કહતે હૈં. મૂલ બાત વો હૈ. એ શબ્દ પ્રયોગ કર્યો છે, રાજમલ્લજીએ કર્યો છે, જુઓ! કોઈ એમ જાણશે ૧૩માં કળશની ટીકા કરતા કહે છે, કોઈ એમ જાણશે કે બાર અંગનું જ્ઞાન તે કોઈ અપૂર્વ લબ્ધિ છે, પરંતુ એમ નથી. બાર અંગનું જ્ઞાન તે કોઈ અપૂર્વ લબ્ધિ નથી. મિથ્યાદૃષ્ટિને તો હોય જ નહિ, હોય તો સમ્યગ્દૃષ્ટિને જ હોય. તોપણ ઈ ભેદવાળું જ્ઞાન છે ને ક્ષયોપશમ જ્ઞાન છે, બહિર્જ્ઞાન છે. શાસ્ત્રના અવલંબને ઉત્પન્ન

થયેલું શાસ્ત્રજ્ઞાન છે બાર અંગ એટલે. તો કે અપૂર્વ લબ્ધિ નથી. તો કે અપૂર્વ લબ્ધિ શું? કે સ્વાનુભૂતિ થઈ એ અપૂર્વ લબ્ધિ છે. અને ઈ બાર અંગમાં તે - તેને સ્વાનુભૂતિને કહેવાનું વિધાન છે, ઈ શબ્દ ત્યાં એમણે વાપર્યો છે. બાર અંગ છે ઈ વિધાનરૂપ છે. શું? શેનું વિધાન છે? વિધિને કહે તે વિધાન છે. એટલે સ્વાનુભૂતિની કઈ રીત છે, એ બાર અંગ બતાવે છે, તો એમાં એનું વિધાન છે અને એમાં એનું ફરમાન છે કે તું સ્વાનુભૂતિ કર! એમ વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સોગાનીજી સાહેબે લખ્યું છેને, તીર્થંકર નામકર્મ જે બાંધે છે એ ભાવ પણ હેય છે એમ કહેવાનું સામર્થ્ય પણ આપનું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ છે. બરાબર છે તેટલું જોરથી કહી ન શકે. કેમ કહી ન શકે? કેમકે એ તો રોજ મંદિરમાં જઈને એમ કહે કે, સોડશકારણ ભાવના ભાય, સો એ તીર્થંકર પદ પાય. ઈ હેયપણું કેટલું જોરથી કહે? એવું છે. '**જે માત્ર ક્ષયોપશમથી બોલે છે અને અંતરમાં સ્વાનુભૂતિ નથી તેની વાણીનું વજન ક્યાં જાય છે? તેની પરિણતિ શું કામ કરે છે?**' જુઓ! એની પણ અંતર પરિણતિ લીધી. જ્ઞાનીની પણ અંતર પરિણતિ. આની પણ અંતર પરિણતિ. બેયની પરિણતિમાં જ મોટો ફેર છે. કેટલો? સંસાર અને મોક્ષ જેટલો. '**તેની પરિણતિ શું કામ કરે છે? અર્થાત્ તેના અંતરની કઈ જાતની દિશા છે?**' અંતરની દિશા અંતર્મુખ છે કે બહિર્મુખ છે? પેલી બહિર્મુખ પરિણતિ છે, આ અંતર્મુખ પરિણતિ છે. ઉપયોગમાં નહિ પકડાય તને. પરિણતિ પકડવી જોઈશે. એમ વાત છે.

મુમુક્ષુ :- પરિણતિ તો અભિપ્રાય અનુસાર ચલતી હૈ ન?

પૂજ્ય ભાઈશ્રી :- હં, અભિપ્રાય તો મુમુક્ષુકી ભૂમિકામેં બદલતા ગયા હૈ, ઐસે પરિણતિ ભી બદલતી ગઈ. '**તેના અંતરની કઈ જાતની દિશા છે? હૃદય કઈ જાતનું ભીંજાયેલું છે..**' રાગથી ભીંજાયેલું છે? કે જ્ઞાનરસથી ભીંજાયેલું છે? કે રાગરસથી ભીંજાયેલું છે? આ જોવાનું છે. '**હૃદય કઈ જાતનું ભીંજાયેલું છે અને વાણી કઈ રીતે નીકળે છે તે, તેનામાં જો મુમુક્ષુતા હોય અને વિશેષ પરિચય કરે તો, ઓળખી શકે છે.**' વાણી કઈ રીતે નીકળે છે તે, તેનામાં જો મુમુક્ષુતા હોય તો બે સામે-સામે નિમિત્ત-ઉપાદાન બેયમાં પ્રકાર બરાબર હોવો જોઈએ. વિશેષ પરિચય કરે એટલે ઘણો પરિચય કરે, ખાસ પરિચય કરે, અંગત પરિચયમાં જાય તો ઓળખી શકે છે.

મુમુક્ષુ :- બે મુદ્દા લીધા - મુમુક્ષુતા હોવી જોઈએ અને પરિચય હોવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક પક્ષી વાત છે જ નહિ, ઓળખવાની વાત એક પક્ષની નથી લીધી. જ્ઞાનીને કઈ રીતે ઓળખવા? કે બુદ્ધિવાળાને એમ થાશે કે બુદ્ધિ તો છે

મારી પાસે મને કોઈ ઓળખવાનું શીખવાડી દે તો હું જ્ઞાનીને ઓળખી લઉં. તો કે નહિ તારે યોગ્યતામાં આવવું પડશે. શું? એમ નહિ - બુદ્ધિથી નહિ ચાલે, યોગ્યતામાં આવવું પડશે. બહેનશ્રી તો પોતાની રીતે ઘણી વાત લ્યે છે, વચનામૃતમાં એમણે એક વાત કરી છે. ક્ષયોપશમવાળો નહિ પામે પાત્રતાવાળો જ પામશે. આવો એક બોલ છે. ક્ષયોપશમવાળો નહિ પામે, પાત્રતાવાળો પામશે. જુદું કાંઈ ઈચ્છે નહિ.

મુમુક્ષુ :- વિશેષ પરિચય.

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુતા હોય અને એ વિશેષ પરિચય કરે તો. ખાલી પરિચય કરે તો નહિ, મુમુક્ષુતા હોય અને વિશેષ પરિચય કરે તો ઓળખી શકે છે.

મુમુક્ષુ :- કૃપાળુદેવે ૨૫૪માં મુમુક્ષુનું લક્ષણ ઈ બાંધ્યું છે, કે એકમાત્ર મોક્ષને વિશે જ યત્ન કરે તે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક મોક્ષને વિશે જ યત્ન કરવો. પોતાના દોષને અપક્ષપાતપણે જોનાર અને ક્યાંય પણ જગતનાં સુખમાં સુખબુદ્ધિ, અલ્પ પણ સુખબુદ્ધિ ન હોય તો એનો અર્થ શું થયો? કે અલ્પ પણ સુખબુદ્ધિ, બુદ્ધિ અભિપ્રાયને બતાવે છે કે તેનો અભિપ્રાય પલટાઈ ગયો છે, કે જગતમાં ક્યાંય સુખ નથી. જગતમાં ક્યાંય સુખ નથી. જીવને તો સુખની જ ઉપાસના છે, સંસારમાં જે ઉપાસના છે એ પણ સુખ માટે જ છે. સંસાર શું કરવા ઉપાસે છે, સુખ માટે. હવે જ્યારે અભિપ્રાય પલટાઈ ગયો કે સંસારમાં બિલકુલ સુખ નથી તો સંસાર ઉપાસવાના અભિપ્રાયનો સર્વથા ત્યાગ થયો. અને જો સત્સંગ કરે તો એ સત્સંગનું ફળ બરાબર આવે. તો એ સત્સંગને ઉપાસે છે એમ નથી, ત્યાં તો પછી એવું લીધું કે, સંસારને ઉપાસવાના અભિપ્રાયનો ત્યાગ કરીને જે સત્સંગને ઉપાસે છે તે આત્માને ઉપાસે છે અને આત્માની ઉપાસના એ સત્સંગની ઉપાસના દ્વારા કરે છે, આમ છે. એમ થયા વિના સત્સંગ કરે તો એનો સત્સંગ ચવાય જાય છે, ખવાય જાય છે. સંસારની ઉપાસનાનો અભિપ્રાય એના સત્સંગને ચાવી જાય છે. હવે આટલા બધા વર્ષ સત્સંગ કર્યો ને કેમ કાંઈ લાભ ન થયો? તો કે અભિપ્રાયમાં સંસારને ઉપાસવાનું હતું ઈ કાંઈ ફેરફાર કર્યા વિના સત્સંગ કરે રાખ્યો, કરે રાખ્યો, ચવાઈ ગયું બધું જાવ!!

કૃપાળુદેવે ઉપદેશછાયામાં ઈ લીધું છેને, કોઈ ક્રિયાવાદી છે (એ) ઘણી ક્રિયા, આકરી ક્રિયા કરે છે. કેવી? આકરી ક્રિયા કરે છે છતાં પણ એને આત્મજ્ઞાનની પ્રાપ્તિ નથી થતી કેમકે તેની ક્રિયા અજ્ઞાનરૂપી પાડો ચાવી જાય છે. તો એ પાડાનું દૃષ્ટાંત કેમ લીધું? કે એક માણસ આંધળો હતો, એને ઘરમાં ભેંસ, પાડો, બીજું, ત્રીજું, બધું હશે. એને (માણસને) કામ સોંપ્યું, કે આલે આ સૂતર છે તો એને વણીને દોરડું કર.

વળ ચડાવતો જા ને દોરડું કરતો જા. દોરડું સવારથી સાંજ સુધી કર્યું ને ઓલો પાડો જેમ-જેમ દોરડું બને એમ દોરડાનો ઢગલો થાય, વીંટો થાય એવો ચાવતો જાય. એને એમ થયું કે સાંજ સુધીમાં મેં બહુ લાંબું દોરડું કરી નાખ્યું છે, લાવ જોવ કે આમ કરીને ઉપાડ્યું તો કટકો હાથમાં આવ્યો. દોરડું ચવાઈ ગયેલું. એમ અજ્ઞાનરૂપી ક્રિયાને, કઠોરમાં કઠોર ક્રિયાને અજ્ઞાનરૂપી પાડો ચાવી જાય છે. એમ સંસારને ઉપાસવાનો અભિપ્રાય એ પાડો, અભિપ્રાયનો પાડો સત્સંગને ચાવી જાય છે. નહિતર સત્સંગ તો એવી ચીજ છે કે, જીવ તરી જાય. ઉત્કૃષ્ટ તો એક જ સાધન છે.

મુમુક્ષુ :- સુખબુદ્ધિ અને મારાપણું બન્ને નિષ્ફળ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિષ્ફળ કરે છે. અને એ સંસારને ઉપાસવાના અભિપ્રાયમાં એ બન્ને વાતો છે. '**તેનામાં જો મુમુક્ષુતા હોય અને વિશેષ પરિચય કરે તો, ઓળખી શકે છે. માત્ર ક્ષયોપશમ જ્ઞાનથી જે વાણી નીકળતી હોય તે જુદી જ રીતે નીકળે છે.**' જુદી જ રીતે એટલે રાગના આધારે નીકળે છે ને જાણ્યે-અજાણ્યે એમાં રાગની ઉપાદેયતા આવ્યા વિના નહિ રહે. જાણ્યે-અજાણ્યે આવી જશે.

મુમુક્ષુ :- વિશેષ પરિચયમાં શું લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- વિશેષ પરિચયમાં ગાઢ પરિચય લેવો. આપણે એમ નથી કહેતા ભાઈ અમે તો બધા એક ઘરમાં રહીએ છીએ એટલે એકબીજાને ઓળખતા જ હોઈએને! એનો અર્થ શું? કે ગાઢ પરિચય છે. એકબીજાને એકબીજાનો ગાઢ પરિચય છે. ક્યાંથી પરિચય થયો? કે અનેક જાતના પ્રસંગો બન્યા. ક્યા પ્રસંગમાં કોને કેવા પરિણામ થાય છે એ તો સાથે જ રહે છે એટલે ખબર પડી જાય છે, વિશેષ એટલે ગાઢ. '**માત્ર ક્ષયોપશમ જ્ઞાનથી જે વાણી નીકળતી હોય તે જુદી જ રીતે નીકળે છે.**' આમાંય જુદી રીત અને આમાં પણ જુદી રીત. બેયની વાત જુદી-જુદી છે. '**ક્ષયોપશમથી બોલે તેની ભાષા અને વળાંક અમુક પ્રકારનો આવતો હોય છે. આમ બંનેનું અંતર મુમુક્ષુ હોય તે અંદરથી ગ્રહણ કરી લે છે.**' એની ભાષા જુદી હોય છે, બોલે તેમાં વળાંક એટલે એનું વજન અમુક પ્રકારનું આવતું હોય છે. એનું વજન જુદું હોય છે આનું વજન જુદું હોય છે. જેને જેનું આકર્ષણ, ખેંચાણ એ બાજુ એનું વજન જાય. એ બાજું વજન જાય છે. રાગ ઉપર વજન જાય છે (એ) રાગનું ખેંચાણ છે. આને (જ્ઞાનીને) શુદ્ધ-શુદ્ધ આત્મા જે છે, સહજ સ્વરૂપી પરમાત્મ તત્ત્વ છે એનું ખેંચાણ છે ત્યાં વજન જાય છે. ઓલાને ઈ વસ્તુ જ્ઞાનમાં આવી નથી (તો) ખેંચાણ આવે ક્યાંથી? એમ છે. '**ક્ષયોપશમથી બોલે તેની ભાષા અને વળાંક અમુક પ્રકારનો આવતો હોય છે. આમ બંનેનું અંતર મુમુક્ષુ હોય તે અંદરથી ગ્રહણ કરી લે છે.**' ઈ એનું

અંતર જ્ઞાન પકડે છે. એમાં ફેર પડે છે. ૧૫૩ થયો લ્યો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સંસારને ઉપાસવાનો ભાવ સર્વથા નાશ થાય ઈ વેદના વખતે થાય?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાંથી શરૂ થાય છે. વેદનામાં મોળો પડે છે અને પૂર્ણતાના લક્ષમાં એ ફરે છે. એટલે અહીંયાં સાચી મુમુક્ષુતા લીધી. વેદનામાં એ અભિપ્રાય મોળો પડી જાય અને પૂર્ણતાનું લક્ષ થાય. એટલે વેદના સાથે એ લક્ષ connected છે. નહિતર ઘણાં એમ કહે અમને વેદના તો આવે છે, એમ નહિ. અભિપ્રાય પલટાઈને લક્ષ બંધાણું? તો વેદના યથાર્થ છે, નહિતર વેદના યથાર્થ નથી. ભૂલ ન થવી જોઈએ. નહિતર ભૂલ પડી જાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જે જ્ઞાનીને ઈચ્છે છે, ઓળખે છે અને ભજે છે એમાં એ માત્ર જ્ઞાનીને ઈચ્છે છે ઈ વાત છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, માત્રમાં ઈ વાત છે. માત્ર ઈચ્છે છે એનો અર્થ શું થયો કે હવે આ જગતમાંથી મારે કાંઈ જોઈતું નથી. બસ! સાચો મુમુક્ષુ થઈ ગયો. જેને કાંઈ જોઈએ છે એ બીજી-બીજી વાત છે, ને નથી જોઈતું એની વાત જુદી જ છે. અહીંયાં મોક્ષ શબ્દ ન લીધો અને જ્ઞાની લીધા. તો કે જ્ઞાની એટલે શું? કે સાક્ષાત્ મોક્ષ. ૨૪૯ પત્રમાં લીધુંને સાક્ષાત્ મોક્ષ છે. મૂર્તિમાન મોક્ષ સ્વરૂપ છે. મૂર્તિમાન મોક્ષ સ્વરૂપ લીધા છે. મોક્ષ ન લીધો. મોક્ષની પ્રતિમા, મોક્ષની મૂર્તિ લીધી. બોલો! કાઢ્યું છે ઘણું એમણે. ઘણું કાઢ્યું છે. જે જ્ઞાનીને ઓળખે છે, ઈચ્છે છે તે ઓળખે છે, ઓળખે છે તે એને ભજે છે, કેમ? આત્માને કેમ ભજતો નથી?

મુમુક્ષુ :- આત્માને જ ભજે છે.

પૂજ્ય ભાઈશ્રી :- તો કે આત્માને જ ભજે છે. આત્મામાં અને એનામાં કાંઈ ફેર નથી - આમ વાત છે. એની પરિણતિ થઈ જાય છે. (સત્પુરુષની) પરિણતિ થઈ જાય છે બસ. પહેલા સમકિતમાં આવ્યો. ૧૫૩ થયો.

---

**પ્રશ્ન :- શ્રીમદ્જીએ અનેક જગ્યાએ લખ્યું છે કે જીવને આત્મપ્રાપ્તિ નહી થવામાં મૂળ કારણ તેની સ્વચ્છંદતા છે, તો સ્વચ્છંદતામાં શું કહેવું છે?**

**સમાધાન :- સ્વચ્છંદી જીવ પોતાની મતિ-કલ્પનાથી માર્ગનો નિર્ણય કરી લે છે કે માર્ગ આમ જ હોય, હું જે માનું છું તે સાચું જ છે. કાં બહુ શાસ્ત્ર-અભ્યાસ કર્યો હોય તો, શાસ્ત્રમાં આ રીતે આવે છે, આત્મા આમ જ હોય તેમ પોતાની**

**મતિથી જે નક્કી કર્યું હોય ત્યાં ને ત્યાં સ્વચ્છંદવૃત્તિથી અટકી જાય છે અથવા ગમે ત્યાં અટકતો હોય, પણ તેને કોઈને પૂછવાનું રહેતું નથી, કારણ કે હું બધું જાણું છું, મને બધું આવડે છે તેમ તેને થઈ જાય છે.**

**જેણે માર્ગ જાણ્યો છે તેવા અનુભૂતિવાળા જ્ઞાનીઓ શું કહે છે તે જોવાનો અવકાશ તેને રહેતો નથી અને જેને મતિ-કલ્પના ન હોય તેને અવકાશ રહે છે કે વિશેષ જાણનાર કોણ છે અને તેઓ શું કહે છે.**

**ગૌતમસ્વામી-ઈન્દ્રભૂતિ વેદાંતમાં માનતા હતા. ઈન્દ્રે આવીને તેની પરીક્ષા કરી. તેની એટલી તૈયારી હતી કે આ શું કહે છે? તેને આશ્ચર્ય લાગ્યું કે મને તો એટલું બધું આવડતું હોવા છતાં આ તો હું નથી જાણતો! આ જે પ્રશ્ન પૂછે છે કે દ્રવ્ય કેટલા ....(ઈત્યાદિ) તે મને કાંઈ આવડતું કેમ નથી? હું તો એમ માનતો હતો કે હું સર્વજ્ઞ છું...આમ આશ્ચર્ય લાગ્યું તેથી ત્યાં (ભગવાન પાસે) જવાની તૈયારી કરી. એટલી અંદરમાંથી યોગ્યતા થઈ કે હું નથી જાણતો, તો ત્યાં જવાનો અવકાશ રહ્યો. પણ હું બધું જ જાણું છું તેમ માનતો હોય તેને કાંઈ અવકાશ રહેતો નથી. ૧૫૪**

---

હવે ૧૫૪, '**પ્રશ્ન :- શ્રીમદ્જીએ અનેક જગ્યાએ લખ્યું છે કે જીવને આત્મપ્રાપ્તિ નહી થવામાં મૂળ કારણ તેની સ્વચ્છંદતા છે, તો સ્વચ્છંદતામાં શું કહેવું છે?**' સ્વચ્છંદને સમજાવો લ્યો! પ્રશ્ન એમ છે. સ્વચ્છંદ અને પ્રતિબંધ. સંસારનું મૂળ કારણ શું છે? સ્વચ્છંદ અને પ્રતિબંધ. સંસારનું મૂળ કારણ સ્વચ્છંદ અને પ્રતિબંધ. અહીંયાં positively વાત લીધી છે. આત્મપ્રાપ્તિ નહિ થવામાં સ્વચ્છંદ કારણ છે. સ્વચ્છંદ એટલે શું કહેવા માંગે છે?

'**સમાધાન :- સ્વચ્છંદી જીવ પોતાની મતિ-કલ્પનાથી માર્ગનો નિર્ણય કરી લે છે કે માર્ગ આમ જ હોય, હું જે માનું છું તે સાચું જ છે.**' આ ભૂલ છે એની. જ્ઞાનીએ કરેલો નિશ્ચય સાચો છે. પોતાના મનથી કરેલો નિશ્ચય તે સાચો નથી. કહ્યું છેને પોતે કે સ્વચ્છંદે કરેલો નિર્ણય છે. જ્ઞાનીએ કરેલો નિર્ણય એટલે અંધશ્રદ્ધાથી કરેલો નિર્ણય, એમ નથી લેવું. નિર્ણય તો ખરેખર પોતે કરે છે જીવ. પણ જેવો જ્ઞાનીનો અભિપ્રાય એવો પોતાનો અભિપ્રાય એટલે જ્ઞાનીએ કરેલો નિર્ણય લીધો ત્યાં. જ્ઞાનીના અભિપ્રાય પ્રમાણે ચાલ્યો એમ કહેવું છે. નિર્ણય તો પોતે જ કરે છે, કાંઈ પોતાનો નિર્ણય જ્ઞાની કરી દે છે એમ નથી ત્યાં કહેવું.

મુમુક્ષુ :- ૧૫૧માં પ્રશ્ન જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકસો ને?

મુમુક્ષુ :- એકાવન.

પૂજ્ય ભાઈશ્રી :- પાછો ૧૫૪માં ફરીથી લીધો છે. ચર્ચા ચાલી હશે. પોતાની મતિકલ્પનાએ શાસ્ત્ર વાંચે તે સમજાય નહિ. મનથી કરેલો સ્વરૂપનો નિશ્ચય માનવો કરતા જ્ઞાની કહે તે નિશ્ચય માનવો કલ્યાણ છે. તારા મનથી કરેલો નિશ્ચય તેમાં ભૂલ હોય છે, કલ્પિત હોય છે. આશય ગંભીરતા લીધી છે. પોતાની મતિ કલ્પનાએ.. છેલ્લા પેરેગ્રાફમાં. **'પોતાની મતિ કલ્પનાએ શાસ્ત્ર વાંચે તો શાસ્ત્ર સમજાય નહિ. જેને આત્માર્થતા હોય,'** એ પાત્રતા - ઉપાદાનની વાત, **'તે ગુરુએ કહેલાં રહસ્ય અનુસાર નકકી કરે છે,..'** નકકી પોતે કરે, જોયું! ગુરુએ કહેલા રહસ્ય અનુસાર પોતે નકકી કરે છે કે આ બરાબર છે. લીધું છે, ઠીક વાત લીધી છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આમાં જે લીધુંને કે પોતાની મતિકલ્પનાથી માર્ગનો નિર્ણય કરી લે છે, ત્યાં ભૂલ કરે છે એ વિધિના વિષયમાં જ કરે છેને?!

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલ કરે છે. ઈ તો શું છે, એનું કારણ શું છે, એ તો કાંઈકને કાંઈક તો કરે છે? અને એ કરે છે ઈ એની રીત છે અને ઈ રીત ખોટી છે. એટલે માર્ગનો નિશ્ચય જ ખોટો કર્યો છે. રીતનો નિશ્ચય જ ખોટો કર્યો છે.

**આચાર્યદેવ કરુણા કરી જીવને જગાડે છેઃ - જાગ રે! ભાઈ, જાગ. તને ઊંઘમાં દિશા સૂઝતી નથી. તું તારી ભૂલથી જ રખડ્યો છે. તું સ્વતંત્ર દ્રવ્ય છો; ભૂલમાં પણ સ્વતંત્ર છો. તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે. આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તું અંદર ઊંડો ઊતરીને જો, અસલી તત્ત્વને ઓળખ. તારું દુઃખ ટળશે, તું પરમ સુખી થઈશ.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૧૨૧**

## તા. ૧૫-૦૪-૧૯૯૭, પ્રશ્ન-૧૫૪
## પ્રવચન નં. ૧૦૭

સ્વાનુભૂતિદર્શન, ૧૫૪મો પ્રશ્ન છે. સ્વચ્છંદ ઉપર પ્રશ્ન કર્યો છે. આત્મપ્રાપ્તિ નહિ થવાનું મૂળ કારણ સ્વચ્છંદ છે. આ સ્વચ્છંદ મુમુક્ષુજીવનો સ્વચ્છંદ છે. પ્રશ્ન એના ઉપર છે. મુમુક્ષુજીવને આત્મપ્રાપ્તિ એટલે સ્વાનુભવ થતો નથી. સ્વચ્છંદને કારણે થતો નથી. એ સ્વચ્છંદ એટલે મુમુક્ષુ કેવા પ્રકારે સ્વચ્છંદ કરે છે? એવો પ્રશ્ન છે.

**'સ્વચ્છંદી જીવ પોતાની મતિ-કલ્પનાથી માર્ગનો નિર્ણય કરી લે છે કે માર્ગ આમ જ હોય, હું જે માનું છું તે સાચું જ છે.'** શું છે? જે કાંઈ પોતે ક્રિયા કરે છે, પરિણામ કરે છે ધર્મસાધન સબંધી, છે તો બાહ્યસાધન પણ એને એ વિધિ માને છે અથવા ઉપાય માને છે. માર્ગ એટલે ઉપાય. આત્મકલ્યાણનો જ આ ઉપાય છે અને ઉપાય સમજીને કરે છે. પોતાની માન્યતામાં એને બરાબર લાગે છે કે આમ જ હોય, સાચું લાગે છે, ખોટું નથી લાગતું. હવે એમાં પ્રકાર જુદાં-જુદાં છે. એ વાત કરે છે. **'કાં બહુ શાસ્ત્ર-અભ્યાસ કર્યો હોય તો, શાસ્ત્રમાં આ રીતે આવે છે, આત્મા આમ જ હોય તેમ પોતાની મતિથી જે નક્કી કર્યું હોય ત્યાં ને ત્યાં સ્વચ્છંદવૃત્તિથી અટકી જાય છે..'** એટલે પહેલી વાત એ લીધી છે શાસ્ત્રના અભ્યાસી જીવની. એમાં પણ પોતે જ પોતાની મતિથી ગોઠવી લ્યે છે ઉપાયને કે શાસ્ત્રમાં આમ કહે છે અને એ ત્યાં અટકે છે. જે એણે નક્કી કર્યું હોય ત્યાં અટકી જાય છે.

મુમુક્ષુ :- આત્માનું સ્વરૂપ શાસ્ત્રમાં આમ છે એમ લખ્યું હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આત્મા આમ છે, આ રીતે પ્રાપ્ત કરાય છે, આમ છે, આમ છે, પછી કોઈ ધ્યાનમાં ચડે છે. કોઈ બહુ શાસ્ત્ર વાંચે છે, કોઈ બીજાને સમજાવે છે, કાંઈને કાંઈ પ્રવૃત્તિ કરે છે.

મુમુક્ષુ :- ભૂતકાળમાં આ ભૂલ કરી હતી. ભૂતકાળમાં હું આ રીતે નથી વર્ત્યો, અત્યારે હું બરાબર વર્તું છું. એમ કરીને.

પૂજ્ય ભાઈશ્રી :- **'અથવા ગમે ત્યાં અટકતો હોય, પણ તેને કોઈને પૂછવાનું રહેતું નથી,..'** એણે ખાલી જગ્યા બાકી નથી રાખી, જિજ્ઞાસા નથી રાખી. પોતાના મનને બંધ કરી દીધું છે. mind ને closeup કરી નાખ્યું છે. હું જે કરું છું એ બરાબર

છે. એટલે એને કોઈને પૂછવાનું નથી રહેતું. નહિતર સ્વચ્છંદ ન હોય તો શું થાય? કે એને ભાન હોય કે હું અજાણ્યો છું અને મારે પૂછી-પૂછીને આગળ જવું જોશે. પૂછવું જ પડશે, પૂછ્યા વગર નહિ ચાલે. મને રસ્તાની ખબર નથી, ઉપાયની ખબર નથી. આને ઊલટું છે, કોઈને પૂછતો નથી અને પૂછવું જોઈએ એ વાત એના નિર્ણયમાં નથી, મને ખબર છે, હું સમજું છું એ બરાબર છે. **'પણ તેને કોઈને પૂછવાનું રહેતું નથી, કારણ કે હું બધું જાણું છું, મને બધું આવડે છે તેમ તેને થઈ જાય છે.'** બસ, આ સ્વચ્છંદ થયો. આપણે આપણા ક્ષેત્રની વાત કરીએ કે આપણને ગુરુદેવની કૃપાથી બધું સમજાય છે. ગુરુદેવે ઘણું સમજાવ્યું છે અને આપણને બધું સમજાય છે ને બધું સમજ્યા છીએ. બસ, બધું સમજ્યા છીએ એટલે પછી કોઈને પૂછવાનું રહેતું નથી - એ સ્વચ્છંદ થયો એમ કહે છે. એ સ્વચ્છંદનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એમાં એમ પણ આવેને કે આપણને તો સત્પુરુષ મળી ગયા છે, હવે આપણને સત્પુરુષની જરૂર નથી. ઈ રીતે પણ સ્વચ્છંદ થાય?

મુમુક્ષુ :- આશ્રયભક્તિથી સાવ વિરુદ્ધ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આગળ કહે છે કે, **'જેણે માર્ગ જાણ્યો છે તેવા અનુભૂતિવાળા જ્ઞાનીઓ શું કહે છે તે જોવાનો અવકાશ તેને રહેતો નથી..'** અથવા જેણે માર્ગ જાણ્યો છે. મોટાભાગે શું કરે છે? કે કોઈ એક જ્ઞાનીના વચનોને પકડે છે. આપણે તો કાનજીસ્વામીને માનવાવાળા, તો બીજા જ્ઞાનીનું ન સાંભળે. કોઈ એમ સમજે છે કે આપણે તો શ્રીમદ્જીને-કૃપાળુદેવને માનવાવાળા, એ બીજાનું ન સાંભળે - એ પણ સ્વચ્છંદ છે. બીજાનું સાંભળે નહિ, બીજાની ભક્તિ પણ ન કરે અને બીજા જ્ઞાની છે કે નહિ એ પણ એને કાંઈ સમજણ પડે નહિ. એટલે કાંઈ અવકાશ નથી રાખતા. ટૂંકામાં શું છે, અવકાશ નથી એને. મતિકલ્પનાવાળાની એવી દશા થાય છે. જેને મતિકલ્પના ન હોય તેને અવકાશ રહે છે કે વિશેષ જાણનાર કોણ છે? ને તેઓ શું કહે છે? જે જિજ્ઞાસુ છે-સાચો જિજ્ઞાસુ છે એને એમ રહે છે કે હું, ગમે એટલું સમજ્યો હોવ તોપણ શું? મને પ્રાપ્ત તો થયું નથી. પ્રાપ્ત નથી થયું માટે પ્રાપ્ત કેમ થાય એ વાત તો બાકી રહી ગઈ મારી, મને બધું સમજાય છે ને બધું આવડે છે એ વાત રહેતી નથી.

સમજણમાં ત્યાં સુધી ખબર પડે કે અંતર્મુખ થવાથી સ્વરૂપનો આશ્રય થઈને કલ્યાણ થાય, પણ અંતર્મુખ કેમ થવું? એ તો ખબર નથી. ખબર એટલી પડી કે અંતર્મુખ થવું, ત્યાં સુધીની ખબર પડી. પણ કેમ થવું એ ક્યાં ખબર પડી છે. તો એ વાત તો બાકી રહીને. માટે બધી ખબર છે એ વાત તો રહેતી નથી અમસ્તી પણ.

મુમુક્ષુ :- બધી વાતમાં મૂળભૂત વાત રહી જાતી હોય.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો મૂળ વાત છે. આ વાત તો રહી ગઈ, તો કામ નહિ થયું.

મુમુક્ષુ :- તો એકેય વાતની ખબર નથી એમ થયુંને.

પૂજ્ય ભાઈશ્રી :- જો કામ ન થયું તો પછી બીજી વાતનું પ્રયોજન તો રહેતું નથી. એ તો નિષ્પ્રયોજન થઈ ગયું સમજી લ્યો. કોઈ માણસ એમ કહે, ભાઈ અમે તો રસોઈ બનાવી નાખી છે, ભાણું પણ પીરસી રાખ્યું છે. ઓલો કહે કે પણ મને ખાવા મળવું જોઈએને! આપતા તો છો નહિ. વાત કરો છો, રસોઈ બનાવી છે ને ભાણું પીરસી રાખ્યું છે. ખાધા વગર તો કાંઈ પેટ ભરાય નહિ. હવે ઈ એમ કહે કે પણ અમે જમી લીધું છે તો? (પણ) હું જમું નહિ ત્યાં સુધી મારું પેટ ભરાય નહિ. એ 'અનુભવપ્રકાશ'માં 'દીપચંદજી'એ એક દૃષ્ટાંત લીધું છે. કોઈ નોકરના ખાવાથી શેઠનું પેટ ભરાતું નથી. એમ શરીર અને સંયોગો મળવાથી કંઈ આત્માનું પેટ ભરાતું નથી. આત્માને સુખ થતું નથી. આત્મા તો દુઃખી ને દુઃખી રહે છે. સુખ માટે એ ફાંફાં માર્યા કરે છે.

**'જેને મતિ-કલ્પના ન હોય તેને અવકાશ રહે છે કે વિશેષ જાણનાર કોણ છે અને તેઓ શું કહે છે.'** એ જિજ્ઞાસા રાખે છે. હવે ત્યાં શું છે, જ્ઞાની શબ્દ ન લીધો. વિશેષ જાણનાર કોણ છે અને તેઓ શું કહે છે - એ વાત પણ લીધી. પોતાથી આગળ હોય, કેટલીક ભૂમિકા પસાર કરી ગયા હોય. પોતાને તો જે શરૂ કરવાનું છે એ એની પાસેથી મળશે. કે ભાઈ તમારો અનુભવ શું બોલે છે, બોલો. તમે કેવી રીતે આગળ ચાલ્યા? એમ એની પાસેથી, વિશેષ જાણનાર હોય એનો અવકાશ રાખે છે. પોતે-મુમુક્ષુ જિજ્ઞાસુ હોય તો અવકાશ રાખે.

મુમુક્ષુ :- વિશેષ જાણનાર એટલે આગળ વધેલો મુમુક્ષુ?

પૂજ્ય ભાઈશ્રી :- સત્સંગમાં જ એ ખબર પડેને. સત્સંગમાં એ ખબર પડે. બધા વાત કરે એમાંથી ખબર પડે કે આ વસ્તુ હું નથી જાણતો, એ જાણે છે તો મારા કરતા વિશેષ જાણકાર છે. એમ આવેને? **'ગૌતમસ્વામી એ પહેલા ઈન્દ્રભૂતિ હતાં. વેદાંતમાં માનતા હતા. ઈન્દ્રે આવીને તેની પરીક્ષા કરી.'** ઈન્દ્રએ આવીને તેની પરીક્ષા કરી કે આ જિજ્ઞાસામાં ઊભા છે કે નથી ઊભા? નહિતર હજારો શિષ્યોના ગુરુ હતા. હજારો શિષ્યોના ગુરુ હતા અને ગુરુપદમાં આવે એને લગભગ ખાલી જગ્યા (સમજવાનો અવકાશ) ન હોય. કેમકે એ તો બીજાને સમજાવવાવાળા છે. હું સમજ્યો છું એ જ સમજાવે. એ વસ્તુ દૃઢ થઈ ગઈ હોય એને ખાલી જગ્યા રહેવી મુશ્કેલ છે. પણ **'તેની એટલી તૈયારી હતી કે આ શું કહે છે? તેને આશ્ચર્ય લાગ્યું કે મને તો એટલું બધું**

**આવડતું હોવા છતાં આ તો હું નથી જાણતો!'** આશ્ચર્ય લાગ્યું કે મને તો એટલું બધું આવડતું હોવા છતાં હું જાણતો નથી. વિદ્વતા ઘણી હતી. આમણે કોઈક pinpoint વાત એવી મૂકી દીધી. એને અંદર ખ્યાલ આવ્યો કે મારી પાસે આનો જવાબ નથી. એ રીતે. આમાં શું થાય છે કે, જે સ્વચ્છંદી હોય છે એને પણ કોઈ પ્રશ્ન તો એવા સામે આવી જાય. હું સમજું છું એવાને પ્રશ્નો સામે આવી જાય.

મુમુક્ષુ :- બોલ્ડ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- બોલ્ડ થઈ જાય, એટલે એની પાસે એનો જવાબ ન હોય. એને ખબર હોય કે આ હું નથી સમજતો. પણ છતાંય તે overtake કરીને ચાલે. એનું નામ સ્વચ્છંદ, એનું નામ સ્વચ્છંદ. એને ખબર છે કે મને પ્રાપ્તિ નથી થઈ. એને ખબર છે કે મારી પાસે અમુક વાતોનો જવાબ નથી. છતાં પણ હું સમજું છું એની મુખ્યતામાં ઓલી વાતને ગૌણ કરી જાય. તો એનું નામ પણ સ્વચ્છંદ. એવો પણ પ્રકાર બને છે.

મુમુક્ષુ :- આ વાત પ્રમાણે સત્પુરુષ વિદ્યમાન હોય તો ઓળખાણ થવા ન દે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મુખ્ય મુદ્દો છે. ૪૧૬ પત્રમાં એ મુખ્ય વાત લે છે કે હું સમજું છું એવું જે અભિમાન, હું સમજું છું એવું અભિમાન.

**'તેને આશ્ચર્ય જે લાગ્યું...'** કોને? ઈન્દ્રભૂતિને **'કે મને તો એટલું બધું આવડતું હોવા છતાં આ તો હું નથી જાણતો! આ જે પ્રશ્ન પૂછે છે કે દ્રવ્ય કેટલા..** (ઈત્યાદિ) **તે મને કાંઈ આવડતું કેમ નથી?'** એ લોકો તો એક પરમબ્રહ્મને માને છે. વેદાંતની અંદર એક જ દ્રવ્ય માને છે. બીજું દ્રવ્ય જ નથી માનતા. પ્રશ્ન તો ગમે તે હશે, આ તો એક દૃષ્ટાંત તરીકે લીધું છે. પ્રશ્ન શું પુછાણો એ તો કાંઈ અત્યારે કોઈને ખબર ન પડે. પણ ભલે ગમે તે પ્રશ્ન પુછાણો હોય એ પોતાને ખ્યાલ આવી ગયો કે મને ખબર પડતી નથી અને એ વાત એણે ગૌણ ન કરી. ભગવાન પાસે આવવાનો અવકાશ, મહાવીરસ્વામી પાસે આવવાનો અવકાશ ક્યારે રહ્યો? એ વાત એણે ગૌણ ન કરી. એ વખતે જ એને પોતાને અંદરમાં માન નહોતું. જો અભિમાન હોત તો ન આવે. ગમે તેમ ગોટો વાળીને જવાબ દઈ દેત. મોટાભાગે એવું જ થાય છે. વિદ્વાન હોય, પ્રશ્નો તો સામે આવે પછી ગોટો વાળી દે. જવાબ ન આવડતો હોય તો એમ ન કહે કે ભાઈ, ઈ મને ખબર નથી પડતી. પૂછે કંઈક ને જવાબ આપે કાંઈક. અને કાં તો જવાબ ન આપે ને બીજી બીજી વાતો ઉપર વાતને ખેંચી જાય. એ જિજ્ઞાસામાં નથી. જિજ્ઞાસામાં તો નથી પણ સ્વચ્છંદમાં છે. એ સ્વચ્છંદમાં જાય છે.

હું તો એમ માનતો હતો કે હું સર્વજ્ઞ છું. ઉઘાડ બહુ હતો. ઈન્દ્રભૂતિને ઉઘાડ,

મિથ્યાત્વ અવસ્થામાં ઉઘાડ ઘણો હતો. જ્ઞાન થયું, આત્મજ્ઞાન થયું, મુનિદશા થઈ, ગણધરપદ મળ્યું પછી તો ઉઘાડનો ક્યાં સવાલ છે. પછી તો લબ્ધિ પ્રગટ થાય છે. અંતર્મુહૂર્તમાં અગિયાર અંગ અને ચૌદપૂર્વની રચના કરે છે. ઉઘાડ તો પહેલેથી ઘણો હતો. કેવો? જાણે હું સર્વજ્ઞ છું બધું જાણું છું - એટલો બધો ઉઘાડ હતો. યોગ્યતા અંદર હતી પાછી. અન્યમતિ, ગૃહીત મિથ્યાદૃષ્ટિ છતાં યોગ્યતા હતી અંદર. જુઓ!

મુમુક્ષુ :- યોગ્યતા કેવી જગ્યાએ પડી હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- યોગ્યતા કેવી જગ્યાએ પડી છે. હમણાં મુંબઈમાં એક ચર્ચા ચાલી હતી. સોભાગભાઈનો દૃષ્ટાંત લ્યો કે સોભાગભાઈ સ્થાનકવાસી અને માન્યતા અન્યમતિ જેવી, ઈશ્વરકર્તાપણા જેવી માન્યતા. છતાં કૃપાળુદેવને ઓળખ્યા એ યોગ્યતા હતી. એક ન્યાયે એ પહેલું સમકિત છે. પરમેશ્વરબુદ્ધિ આવેલી. અને એમના કહેલા જ માર્ગે ચાલવું એવો અદ્ભુત નિશ્ચય એમને હતો. આ બધી યોગ્યતા હતી. યોગ્યતાને સમજવામાં તકલીફ પડે એવી કેટલીક વાત છે અને અંતે પામ્યા ઈ. યોગ્યતા એવી હતી કે કૃપાળુદેવને એમનો સત્સંગ કરવાનું મન થતું હતું. ઈ એમના સત્સંગના ઈચ્છુક અને ચાહક રહેતા હતા. પોતે ચાહતા હતા કે આપણે સત્સંગમાં રહીએ. વાંચનમાં એ લોકો, સોભાગભાઈના મંડળવાળા અમુક ભાઈઓ-બહેનો આવ્યા હતા. ત્યાં સ્વાધ્યાયમાં આવ્યા હતા. પછી એક દિવસ એક ભાઈ રોકાય ગયા હતા. દોઢેક કલાક પાછળથી ચર્ચા ચાલી હતી. તમે હતાને? બીજે દિવસે આવ્યા હતા. બહુ રસ પડ્યો એમને, દોઢેક કલાક બેઠા હતા. સ્વાધ્યાય પછી દોઢ કલાક બેઠા હતા. એ ઘણી વાતો કરતા હતા. ઈ કહે કૃપાળુદેવ અને સોભાગભાઈ સાત વર્ષના ગાળામાં ૫૬૦ દિવસ સાથે રહ્યા છે. છૂટક-છૂટક દિવસોનો સરવાળો કરીએ તો ૫૬૦ દિવસ સાથે રહ્યા. છેલ્લે ૧૦ દિવસ સાયલા રહ્યા છે અને ૧૦ દિવસ ઈડર રહ્યા છે. એ લોકોની માન્યતા છે કે ઈડરમાં જ એમને બીજજ્ઞાન આપ્યું એમણે, ભાવભાસન કરાવ્યું. પછી અહીંયાં અનુભવ થયો અઠવાડિયામાં, ભાવભાસન પછી. સોભાગભાઈની ઘણી પ્રશંસા કરતા હતા. અને અમે પછી બીજે દિવસે ચર્ચામાં એ વાત લીધી હતી કે જુઓ, આ યોગ્યતાને સમજવી એ સહેલી વાત નથી. સામાન્ય ઉપરછલ્લો માણસ એમ કહે હજી તો આ ઈશ્વરકર્તામાં માને છે. હજી તો ઈશ્વર ઈચ્છા બળવાન છે આને તો. ભગવાન કરે તે ખરું. એમને (કૃપાળુદેવને) એમની યોગ્યતા દેખાણી. એમને (સૌભાગ્યભાઈને) એમનામાં (કૃપાળુદેવમાં) ભક્તિ થઈ હતી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપ કહો છોને, શ્રદ્ધાનો દોષ છે એ દોષને પણ જોવાનો નથી, બધાની યોગ્યતા જોવાની છે.

પૂજ્ય ભાઈશ્રી :- ગૃહીત મિથ્યાત્વ તો શ્રદ્ધાનો જ દોષ છેને. નહિતર તો એમ કહે, ભાઈ ચારિત્રનો દોષ હતો તો આપણે એને ગૌણ કરીએ. શ્રદ્ધા તો સારી હતી ને? શ્રદ્ધામાં contradiction હતું. એકબાજુ સત્પુરુષને સ્વીકાર્યા છે, ભક્તિ આવી છે. બીજી બાજુથી હજુ ઈશ્વરકર્તાપણાનો ભાવ ગયો નથી. એ વિચિત્ર contradiction છે. બેય શ્રદ્ધાને જ સ્પર્શે છે. બેય વાત.

મુમુક્ષુ :- ભાઈશ્રી! બીજી વાત એ કે જ્ઞાનમાં નિર્મળતા ન આવી હોય તો સત્પુરુષને ઓળખી ન શકાય. આમ શ્રદ્ધાનો દોષ છે પાછો. શ્રદ્ધા અને જ્ઞાનનું એકબીજા પર bifurcation થતું હોય. તેમ છતાં...

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી વિચિત્ર પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- આર્થિક પ્રયોજનના પ્રશ્ન પૂછતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઈ પણ પૂછતા હતા. ઘણાં મહાત્માઓ થઈ ગયા. રિદ્ધિ-સિદ્ધિ યોગવાળા હોય છે. કૃપાળુદેવ પૂછે કે આવા પ્રશ્નો તમે મને શું કરવા પૂછો છો? આત્માર્થી આવા પ્રશ્ન ન પૂછે. પાછી કોઈ વાત એવી વાત કાઢે કે આવી વાત જ્ઞાની જ કહી શકે કાં જ્ઞાનીનો આશ્રયવાન હોય એ જ કહી શકે. હું તમારી સર્વોત્તમ પ્રજ્ઞાને નમસ્કાર કરું છું. શું લખે છે? તમારી સર્વોત્તમ પ્રજ્ઞાને નમસ્કાર કરું છું. એટલું બધું બહુમાન કરે.

મુમુક્ષુ :- ભાઈશ્રી, સકામતા જ લાગેને ચોખ્ખી, આર્થિક ઈચ્છા રાખે. ઓળખાણ થઈ ગયા પછી સકામતા રહે એવું લાગે...

પૂજ્ય ભાઈશ્રી :- અને એ પણ જ્ઞાની પાસે રાખે તો દર્શનમોહનું આવરણ થાય જ. એટલે તો એ વિષયમાં પોતે (કૃપાળુદેવ) બહુ કડક થઈ ગયા છે. કઠોર શબ્દમાં ઠપકો પણ લખ્યો છે. ઠપકો પણ કયારે આપે? એના પર વિશ્વાસ હોય ત્યારે.

મુમુક્ષુ :- એણે ઝીલેલો જ છેને ઠપકો! પછી કેવો જવાબ આપ્યો છે, તેમના એ વચનને નમસ્કાર કર્યા.

પૂજ્ય ભાઈશ્રી :- દીનતામાં નહિ આવીએ, માગી ખાયને ગુજરાન ચલાવશું પણ દીનપણું નહિ કરીએ. તમારા આ વચનને અમારા નમસ્કાર છે. વાત તો બધી એવી છે, અટપટી વાત છે આ બધી.

હવે એ હજારો શિષ્યોના ગુરુ (ઈન્દ્રભૂતિ) વેદાંતના સમર્થ આચાર્ય એને ગણધર પદ આપ્યું. સમવસરણમાં તો બધા બેઠા હોય. બીજા મુનિઓ પણ હોય, ભાવલિંગી મુનિ બેઠા હોય. જ્ઞાનીઓ બેઠા હોય. ગૃહીત મિથ્યાત્વવાળાને ખેંચી લાવ્યા. યોગ્યતાનો વિષય બહુ ઊંડો છે. સામાન્ય મુમુક્ષુનું તો કામ જ નથી. કોઈની યોગ્યતાના judgement

લેવાનું સામાન્ય મુમુક્ષુનું તો કામ જ નથી. છતાં પણ judgement કર્યા કરે, ઈ જીવનો સ્વચ્છંદ છે. એ પણ સ્વચ્છંદનો જ પ્રકાર છે.

મુમુક્ષુ :- જ્યાં સુધી આમને આવવાનું ન થયું ત્યાં સુધી ભગવાનની વાણી જ ન છૂટી.

પૂજ્ય ભાઈશ્રી :- વાણી ન છૂટી. વાણી રોકાઈ ગઈ હતી. ગૌતમસ્વામીની ગર્ભિત યોગ્યતાએ ભગવાનની વાણીને બૂચ મારી દીધું એકવાર, એટલી તાકાત છે. કુદરતને વશ કરી કહેવાયને! (વાણી તો) કુદરતી નીકળે છે. ભગવાનને તો કાંઈ ઇચ્છા નથી. પણ કુદરતે બૂચ મારી દીધું.

મુમુક્ષુ :- આટલી ગર્ભિત યોગ્યતા. એને ત્યારે એવો કોઈ ભાવ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ના, ના કાંઈ નહિને. વ્યક્ત યોગ્યતા તો હતી જ નહિ. વ્યક્ત યોગ્યતામાં તો ઈન્દ્ર પાસે હજુ આડંબર કર્યો થોડોક. હાલ, હાલ તારી સાથે કોણ વાત કરે? એવા સાધારણ માણસનું રૂપ લઈને ગયેલા. એવી રીતે જ પ્રશ્ન પૂછેલો. મારા ગુરુએ આવી કોઈ વાત કરી છે, એના ઉપરથી હું આપને પૂછું છું. આમને થયું આ માણસ આવું પૂછે તો એનો ગુરુ તો કેટલો સમર્થ હશે. યોગ્યતામાં એ વાત આવી હતી એને. એટલે અવ્યક્તપણે ભગવાન પ્રત્યે એને બહુમાન થઈ ગયું. બહુમાન થયું એટલે જવાની ઇચ્છા પણ થઈ ગઈ. આપણે જાવું, જાવું જોઈએ. જાવું કેવી રીતે? માન મૂકવું નહોતું. હાલ હાલ તારી સાથે કોણ વાત કરે? તારા ગુરુને મોકલ. એની સાથે હું વાત કરીશ. મારા ગુરુ તો આવી શકે એવું નથી. આપ પધારો તો હું વ્યવસ્થા બધી કરું આપને લઈ જવાની. લઈ ગયા તો જોયું કે સમવસરણની ઝાકઝમાળ. આને થયું કે મને ઈન્દ્રપુરીમાં લઈ ગયા? ક્યાં લઈ ગયા? ગુરુ ઈન્દ્રપુરીમાં બેસે છે? છે શું? ભગવાન તો પાંચસો ધનુષ ઊંચે બેસે. એટલે જોયું કે આ તો આખું વાતાવરણ જ દૈવી છે. જે એનું atmosphere હોય, એ તો બધું દૈવી વાતાવરણ હતું ત્યાં તો.

મુમુક્ષુ :- માનસ્તંભ આવેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે એ તો આખું ભવન જ ફરી ગયું પહેલેથી જ તે. જોતાં જ બધું ફરી ગયું, ફરવા જ મંડ્યું, ઓગળી ગયું બધું.

મુમુક્ષુ :- યોગ્યતા બળવાન કે ભાવના બળવાન? જો એમની યોગ્યતાએ ભગવાનની વાણી રોકી રાખી તો યોગ્યતા બળવાન કે ભાવના બળવાન?

પૂજ્ય ભાઈશ્રી :- એ વખતે હજી ભાવના નહોતી થઈ. ખાલી એની ગર્ભિત યોગ્યતા હતી. વિકલ્પમાં હજી કાંઈ ભાવના-બાવના તો આવી નહોતી. એને તો ખબર

પણ નહોતી. પણ યોગ્યતા એવી હતી કે અહીં વાણી નહોતી છૂટતી. ગણધરપદની યોગ્યતા હતી.

સોભાગભાઈ ભલે કાપલી લઈને આવ્યા, શ્રીમદ્દજીને જાગૃતિ આવી ગઈ. એમને પોતાને સ્વાનુભૂતિના પરિણામોની દશા બાજુ સંવેગ ચાલુ થઈ ગયો. પુરુષાર્થ ઉપડવા મંડ્યો. એમણે જોયું કે અરે..! આ વ્યક્તિ મળવામાત્રથી અહીંયાં આ ફેરફાર થાય છે, repercussion આવે છે. કોઈ પાત્ર જીવ છે જબરજસ્ત! અહીંયાં ફેરફાર કેમ થવા માંડ્યો? પછી પોતે મહિના, દોઢ મહિનામાં અનુભવ કરી લે છે. પ્રથમ ભાદરવામાં મળ્યા છે. દોઢેક મહિના પછી અનુભવમાં આવ્યા છે. આસો વદમાં લગભગ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! કાપલીમાં શું લખેલું?

પૂજ્ય ભાઈશ્રી :- બીજજ્ઞાન એટલે ભાવભાસનના વિષયમાં લખાણ હતું. પોતાને એ ભાવભાસનનું અનુસંધાન થયું ભૂતકાળના અનુભવ સાથે અને પુરુષાર્થની જાગૃતિ થઈ. ભાવભાસન આવે એટલે પુરુષાર્થ રોક્યો રોકાય નહિ. સીધો કંપો ઉપડે ઈ તો, બંબો ફાટે. ને એમને ઈ ચાલુ થઈ ગયું. વિચાર તો ઘણાં આવતા હતા. પંદર વર્ષની ઉંમરથી, ૧૨ વર્ષની ઉંમરથી આવતા હતા. આ તો એક તબક્કો જ નવો છે આખો.

મુમુક્ષુ :- એમને વચન આપ્યું કે આ ભવમાં તમને પમાડશું.

પૂજ્ય ભાઈશ્રી :- જ્યારે એના નિમિત્તે આ થયું તો આપણે એને પમાડશું અને એને અમે અમારું સૌભાગ્ય સમજશું. એમ લખ્યું પાછું. ઈશ્વર અમારા હાથે આવું કામ કરાવશે અને એને અમે અમારું સદ્ભાગ્ય માનશું. એટલો બધો ભાવ આવ્યો છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! યોગ્યતા અને પાત્રતા બે જુદી જુદી વસ્તુ કે એક જ?

પૂજ્ય ભાઈશ્રી :- યોગ્યતા છે એ બહુ વિશાળ અર્થમાં જાય છે. પાત્રતાનો એક સીમિત અર્થ છે. યોગ્યતા તો અયોગ્યતાને પણ યોગ્યતા જ કહેવાય. કોઈ માણસ આમ કેમ કરે છે? એની યોગ્યતા એવી. સારી ભાષામાં કહેવું હોય તો, નહિતર ચોખ્ખી ભાષામાં કહેવું હોય તો એમ કહેવાય કે એની અયોગ્યતા એવી. પણ અયોગ્યતા શબ્દ ન વાપરવો હોય તો એમ કહે કે જેની જેવી યોગ્યતા. આપણે કાંઈ ચર્ચા નથી કરવી. એ બહુ વિશાળ અર્થમાં યોગ્યતા શબ્દ વપરાય છે. પાત્રતામાં અપાત્રતા ન આવે. પાત્રતામાં પાત્રતા જ આવે, એ એની સીમા છે એમ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આપે જે કીધુંને, મુમુક્ષુ બીજા મુમુક્ષુ માટે judgement આપતા હોય, એવા જે પરિણામ થતા હોય તો...

પૂજ્ય ભાઈશ્રી :- એણે એમ નિર્ણય કરવો જોઈએ, અભિપ્રાય રાખવો જોઈએ કે આ મારા અધિકાર બહારનો વિષય છે અને એ પ્રકારના સ્વચ્છંદથી મને મોટું નુકસાન

છે. કેમકે યોગ્યતા તો બધા જીવની બદલતી વસ્તુ છે. તને તો શલ્ય રહી જશે કે, આ આવો જ, - તને નુકસાનનું કારણ થઈ જશે. એક તો આપણો અધિકાર નથી. જેનો આપણો અધિકાર નથી, પટાવાળાએ chairmanની ખુરશી ઉપર ન બેસાય. chairman બહારગામ ગયા હોય તો બેસાય કે ન બેસાય? તો કે ન બેસાય. એના જેવું છે.

મુમુક્ષુ :- પૂર્વગ્રહનું કારણ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્વગ્રહ થાય જ. અધિકાર નથી પછી શું? અધિકાર વગરનું કામ કેવી રીતે કરાય? અને સ્વચ્છંદને લઈને મોટાભાગના મુમુક્ષુ આ ભૂલ કરે છે. આ બધું સ્વચ્છંદમાં જાય છે. અનઅધિકૃત કાર્ય કરવું એ સ્વચ્છંદમાં જાય છે. સ્વચ્છંદ કરો એટલે આત્મપ્રાપ્તિ ન થાય.

મુમુક્ષુ :- દોષદૃષ્ટિને પોષણ મળેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા! દોષદૃષ્ટિને પોષણ મળે. પણ એ સ્વચ્છંદ તો મોટો દોષ છેને.

મુમુક્ષુ :- એમ કહી શકીએને કે, સોભાગભાઈની શ્રદ્ધામાં ખામી છે છતાં પણ સત્પુરુષની ઓળખાણ કરી એ જોવાનું છે. ત્યારે એ વસ્તુને જોવાની જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એટલે શ્રદ્ધાના દોષમાં આ શ્રદ્ધાનો દોષ ગૌણ કરવો જોઈએ એમ કહેવું છે. એણે સત્પુરષને ઓળખ્યા એ જે ગુણ છે શ્રદ્ધાનો એ મુખ્ય કરવો જોઈએ અને હજી ઈશ્વરકર્તામાં માને છે ઈ ગૌણ કરી નાખવું જોઈએ. અને એવું મુખ્ય-ગૌણ કરવું તે ન્યાયસંપન્ન છે. કેમ ન્યાયસંપન્ન છે? પેલું બધું નીકળી જશે અને આ વધી જશે માટે. હવે જે સત્પુરુષને એણે પકડ્યા છે. એ બધું નીકળી જવા માટે રહ્યું છે. રહેવા માટે રહ્યું નથી પણ નીકળવા માટે રહ્યું છે. એટલે એ ગૌણ કરવું જોઈએ એ ઉચિત છે, ન્યાયસર છે - એમ છે. દોષની મુખ્યતા હોય તો એ પકડે કે હજી તો આમ છેને! આમ કેમ કહો છો? હજી તો આમ છેને! સત્પુરુષને માને છે તો શું કરવા આવા ભાવ એને છે? એમ (પ્રશ્ન) ઉઠાવે. ખરેખર તો મુમુક્ષુએ એ પ્રકારની વિચારધારા-વિચારસરણીને બંધ કરી દેવી જોઈએ. મારું કામ નથી આ. મારે મારું એટલું સંભાળવાનું બાકી છે એમાં હું પારકી પંચાતમાં ક્યાં પડું? કે આને આમ કેમ થાય છે ને આને આમ કેમ થાય છે? મારું જ બધું બાકી છે હજી તો.

મુમુક્ષુ :- પોતે પોતાના પરિણામ ચેક કરતા હોય ત્યારે ખબર પડે કે મારા પરિણામ એટલા ઊંચા થયા જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પછી હું બીજાનું ક્યાં જોવા જાઉં? અને કોઈની ગડબડ

હશે તો એનું નુકસાન એને થવાનું છે. એમાં બીજા જીવે ક્યાં વચ્ચે વિચાર કરવાની આવશ્યકતા ઊભી થાય છે? જરૂર શું? સ્વચ્છંદને લઈને બિન જરૂરી અનર્થદંડના પરિણામો થાય.

મુમુક્ષુ :- સોભાગભાઈએ એમ કીધું કે, આત્મસિદ્ધિશાસ્ત્ર જ મારા માટે મોટું શાસ્ત્ર છે - એમાં બધું આવી ગયું. બધા પૂર્વનો સાર. પછી છેલ્લે જ્યારે અંબાલાલભાઈ એમને આત્મસિદ્ધિ સંભળાવતા હતા ત્યારે કહે મને મારામાં રહેવા દે!

પૂજ્ય ભાઈશ્રી :- હા, છેલ્લે ઈ તો પોતાના ઉપયોગમાં, સ્વરૂપના ઉપયોગમાં રહેવું હોય ત્યારે પરાલંબન છોડાવવું જ પડેને? ઈ તો પોતે-કૃપાળુદેવ પણ શું કામ હાજર ન રહ્યા? એમને ખબર હતી. એમને નહોતી ખબર કે, આમનો દેહ છૂટવાનો છે તો મારે હાજર રહેવું, મારે એને સંભળાવવું? અંબાલાલભાઈ કરતા પોતે વધારે સંભળાવી શકતા હતા અને ન બોલે તો એમના દર્શનમાત્રથી પરિણામ ફરી જાય. પણ એ દર્શનથી જે પરિણામ ફરે એવી જે યોગ્યતા એથી ઉપરની યોગ્યતામાં એ હતા. દર્શનની જરૂર નહોતી એને. કૃપાળુદેવે જોયું કે આને હવે એનું કામ કરવા દ્યો. હવે એને એનું કામ કરવા દ્યો. એની ગાડી પાટે ચડી ગઈ છે. હવે એની ગાડીને speed પકડવા દ્યો, એને આગળ ચાલવા દ્યો. જેટલું કામ કરે તેટલું કરી લેવા દ્યોને એને. પોતે અમદાવાદથી સરકીને મુંબઈ ચાલ્યા ગયા. અંબાલાલભાઈને ખંભાતથી મોકલ્યા અને આને સાયલા મોકલી દીધા. વિચિક્ષણ હતા બહુ. બહુ વિચિક્ષણ હતા.

'**હું તો એમ માનતો હતો કે હું સર્વજ્ઞ છું... આમ આશ્ચર્ય લાગ્યું તેથી ત્યાં (ભગવાન પાસે) જવાની તૈયારી કરી.**' જગ્યા હતી. યોગ્યતાને વશ એ જગ્યા હતી. સર્વજ્ઞ જેવો ઉઘાડ પોતાને લાગતો હતો. તોપણ એમાં જગ્યા હતી. ઈ યોગ્યતાએ એનું કામ કરી લીધું. '**એટલી અંદરમાંથી યોગ્યતા થઈ કે હું નથી જાણતો,..**' ઈ યોગ્યતા. હું જાણતો નથી ઈ યોગ્યતા. '**તો ત્યાં જવાનો અવકાશ રહ્યો. હું બધું જાણું છું તેમ માનતો હોય તેને કાંઈ અવકાશ રહેતો નથી.**' આશય ઈ નીકળે છે એમાંથી (કે,) મુમુક્ષુજીવે અભિપ્રાયમાં અવકાશ રાખવો જોઈએ. અને તદનુસાર આત્મપ્રાપ્તિ માટે જિજ્ઞાસા રાખી વિશેષ જાણનાર અથવા જ્ઞાનીના પ્રત્યક્ષ સમાગમમાં રહેવાની ભાવના રાખવી જોઈએ. જ્યાં સુધી સ્વાનુભવ નથી થયો ત્યાં સુધી હું કાંઈ સમજતો નથી એવા અભિપ્રાયથી સ્વચ્છંદને રોકવો જોઈએ. 'રોકે જીવ સ્વચ્છંદ તો પામે અવશ્ય મોક્ષ', કેવી કડી લખી છે! 'રોકે જીવ સ્વચ્છંદ તો પામે અવશ્ય મોક્ષ, પામ્યા એમ અનંત..' પામ્યા એમ અનંત કંઈ અને એ જ રીતે અનંતા પામ્યા છે. 'ભાખ્યું જિન નિર્દોષ.' નિર્દોષ જિન પરમાત્માએ આ વાત ભાખી છે. સ્વચ્છંદને રોક તું. નાનો-મોટો સ્વચ્છંદ પાછલા બારણેથી

કેવી રીતે ઘુસી જાય છે ખબર પડતી નથી. દોષ બહુ મોટો છે. હાનિ થઈ જાય મોટી, નુકસાન થઈ જાય મોટું. ઈ આશય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વિશેષ જાણનાર લીધો છે ત્યાં આગળ વધેલો મુમુક્ષુ લેવો? જાણકારી જેને વધારે હોય એવું નીકળી શકે? કોઈ કાઢે તો.

પૂજ્ય ભાઈશ્રી :- વિશેષ જાણનારને બદલે વિશેષ યોગ્યતાવાન શબ્દ કરી નાખો. વિશેષ યોગ્યતાવાન.... (વિશેષ જાણનારમાં) ક્ષયોપશમની કલ્પના થઈ જાય. ઠીક છે!

એ દૃષ્ટાંત જે ગૌતમસ્વામીનું છે. એ કથાનુયોગનો વિષય થયો. પરમાર્થ કેટલો બધો નીકળે છે! એવું નથી કે કથાનુયોગ છે એટલે સ્થૂળ છે. મુમુક્ષુજીવને સ્વચ્છંદ ન હોવો જોઈએ. તેનું જબરદસ્ત બહુ મોટું દૃષ્ટાંત છે. કેમકે ઈન્દ્રભૂતિ જેવા તો કોઈ મુમુક્ષુ અત્યારે છે નહિ એટલા ઉઘાડવાળા. ઈન્દ્રભૂતિ આગળ તો કોઈનો પત્તો અત્યારે લાગે નહિ. એટલા બધા ઉઘાડવાળા, કે સર્વજ્ઞ જેવા ઉઘાડવાળા, તોપણ એને સ્વચ્છંદ નથી. સ્વચ્છંદ નહોતો એ એક બહુ મોટી વાત હતી. અને અહીં તો કૂવાના દેડકા, ખાબોચિયાના દેડકામાં સ્વચ્છંદ વધી જાય, હું જાણું છું અને હું સમજું છું - એવું છે. બહુ મોટી વાત નીકળે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ઈ ટાઈપના જેના સંસ્કાર જ છે કે એને એ ભૂલ ન કરવી હોય તોપણ થાય એવું જ્યારે થઈ જતું હોય, નિષેધ આવતો હોય છતાં જો થઈ જતી હોય..

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો એ બહુ ગંભીરતા એની લેવી જોઈએ. વારંવાર થવાનો અર્થ શું છે? કે ગંભીરતા એટલી નથી લીધી. વિશેષ ગંભીરતાથી વાત આવે એટલે અભિપ્રાય પલટો મારી જાય, પછી ન થાય. ગંભીરતા ઓછી આવી હોય તો પરિણામ પાછા આવી જાય.

મુમુક્ષુ :- પરિભ્રમણની ચિંતા આવતા પહેલા જો આવી કોઈ ગડબડ હોય તો કાઢી નાખવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કાઢવી જ જોઈએ. ચોક્કસ કાઢવી જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મુમુક્ષુજીવમાં ગંભીરતાનો ગુણ પાયામાં હોવો ઘટે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આ વિષય જ ગંભીર છે. તત્ત્વજ્ઞાનનો વિષય જ ગંભીર છે. આત્મકલ્યાણનો વિષય ગંભીર છે. અગંભીરપણે એમાં પ્રવર્તવું એ ભૂલ છે. એ સ્વચ્છંદ છે. એ પણ સ્વચ્છંદ છે.

મુમુક્ષુ :- અનુપયોગે શ્રવણ કરવું - એમાં ગુપ્ત અનાદરભાવ રહેલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઈ સ્વચ્છંદ છે. ખબર ન પડે એવો. ગુપ્ત એટલે શું?

પોતાને ખબર ન પડે એવો અનાદરભાવ એમાં ઊભો છે. એ પછી તો બધા એને (ઈન્દ્રભૂતિને) અનુસરતા હતાને, આ તો top levelના ગુરુ હતા. બાકી બધા એને અનુસરતા હતા. અજાણપણે પણ યોગ્યતાવાનનો સંગ હતો તો ઈ લાભ મળ્યો. અને એમની પાછળ એમના હજારો શિષ્યો જૈન થઈ ગયા હશે. આ વેદાંતી હતા, હવે જ્યારે વેદાંતના ગુરુ પલટો મારે ત્યારે એના હજારો શિષ્યો પણ પલટો મારે. આપણા ગુરુએ ફેરફાર કર્યો, નક્કી કાંઈક હોવું જોઈએ આમાં. આવા સમર્થ પુરુષ જ્યારે ફેરફાર કરે ત્યારે એમાં કંઈ પૂછવાનું રહે નહિ. હવે જુઓ ગુરુદેવ સંપ્રદાયમાં હતા. એ સમર્થ પુરુષ હતા અને સમર્થ પુરુષ તરીકે સંપ્રદાયે એમને સ્વીકાર્યા હતા. એ જમાનામાં એમને સ્થાનકવાસીમાં કોહિનુર હીરો કહેતા હતા. એટલે કે આવો unique piece છે. આવું કોઈ હોય નહિ. પ્રતિભા સંપન્ન હતા. વ્યાખ્યાનકાર હતા. પ્રતિભા બહુ મોટી હતી. આપણે તો એમને વૃદ્ધ ઉંમરે જોયા છે. યુવાન ઉંમરે તો કેટલી પ્રતિભા હશે એમની! હવે એમણે પલટો માર્યો તો સ્થાનકવાસી વિરુદ્ધમાં આવી ગયા. ચાર જણાં સાથે રહ્યા હતા. જુઓ! કાળદોષ કેટલો છે! નહિતર તો કેટલાય સ્થાનકવાસીએ તે વખતે સાથે-સાથે પલટો ખાવો જોઈએ. પછી પાછળથી ઘણાંએ ખાધો. પાછળથી ઘણાં આવ્યા. પણ તોપણ પ્રમાણમાં ઓછા. આ કાળદોષ છે. નહિતર એવા સમર્થ પુરુષ જ્યારે પલટો મારે ત્યારે આખું ધણ એની પાછળ સડસડાટ કરતું ઘુસી જાય. કાળદોષ છે!! એટલો સ્વચ્છંદ સંપ્રદાયમાં હતો. એમ કહેવું છે.

અમારે એક મુમુક્ષુ આવ્યા હતા, સ્થાનકવાસી હતા. સાથે સ્નેહ હતો. મને કહે કે અમે પણ મૂળમાં સ્થાનકવાસી છીએ. સંપ્રદાયમાં તો કાનજીસ્વામીને બહુ માનતા હતા. પછી એમણે ફેરફાર કરી નાખ્યો પણ અમે ફેરફાર ન કર્યો. એમણે કરી નાખ્યો કે.. પછી મેં પૂછ્યું કે, તમે જ્યારે માનતા હતા ત્યારે તમારા કરતા વિશેષ જ્ઞાની હતા એવું માનતા હતા? તો કે હા! તો પછી વિશેષ જ્ઞાની ફેરફાર કરે અને આપણે ન સ્વીકારીએ ત્યારે આપણે વિશેષ જ્ઞાની થઈ ગયા કે નહિ એના કરતા? તમે કેવી રીતે વિશેષ જ્ઞાની તરીકે સ્વીકારતા હતા? પછી કાંઈ જવાબ ન આપ્યો. એ સ્વચ્છંદ થઈ જાય છે. જાણે-અજાણે સ્વચ્છંદ થઈ જાય છે. અહીં સુધી રાખીએ.

પ્રશ્ન :- શ્રીમદ્જીએ એક જગ્યાએ એમ લખ્યું છે કે જ્ઞાની પુરુષ કરતાં જો જીવને પરિગ્રહ પ્રત્યે વધારે પ્રેમ છે તો ખરી રીતે તે આત્માને સમજવાને કે પામવાને લાયક નથી, તો એનો શું અર્થ છે?

સમાધાન :- જેને જ્ઞાન પ્રાપ્ત થયું છે એવા જ્ઞાની કરતાં પરિગ્રહ પ્રત્યે પ્રેમ એટલે કે બહારનો રસ વધી જાય અર્થાત્ પરિગ્રહની મહિમા આવે અને જ્ઞાની પ્રત્યેની મહિમા ન આવે તો તે ખરેખર લાયક નથી. તેને પરિગ્રહ ગૌણ થઈ જવો જોઈએ, બહારનો રસ ઊતરી જવો જોઈએ; તો જ્ઞાનીની તેને મહિમા આવે.

તેને જ્ઞાન જોઈએ છે તેથી જ્ઞાનમાં તેને આત્મા તરફની મહિમા આવવી જોઈએ. જ્ઞાની તરફની મહિમા એટલે કે અંતરમાં આત્મા તરફની મહિમા એવો અર્થ નીકળે છે. માટે આ જાતની મહિમા હોય અને પરિગ્રહની ગૌણતા થઈ જાય તો જ તેને જ્ઞાની પ્રત્યેની અર્પણતા અને આત્મા તરફની મહિમા આવે છે. બંનેને મેળ છે.

મુમુક્ષુ :- શું જ્ઞાનીની અને આત્માની મહિમાને મેળ છે?

બહેનશ્રી :- હા, બંનેને મેળ છે. જ્ઞાનીની મહિમા કરે છે તેનો અર્થ એ છે કે તેને આત્મા જોઈએ છે, અંતરમાં આત્માનું એને ધ્યેય છે. ૧૫૫.

## તા. ૧૬-૪-૧૯૯૭, પ્રશ્ન-૧૫૫,૧૫૬
## પ્રવચન નં. ૧૦૮

સ્વાનુભૂતિદર્શન, ૧૫૫મો પ્રશ્ન છે. પાનું-૧૦૮.

'પ્રશ્ન :- શ્રીમદ્જીએ એક જગ્યાએ એમ લખ્યું છે કે જ્ઞાની પુરુષ કરતાં જો જીવને પરિગ્રહ પ્રત્યે વધારે પ્રેમ છે તો ખરી રીતે તે આત્માને સમજવાને કે પામવાને લાયક નથી, તો એનો શું અર્થ છે?' ૪૧૬માં પત્રમાં છે. જ્ઞાની કરતા પરિગ્રહ પ્રત્યે અધિક પ્રેમ. ત્યાં તો એમ લીધું છે કે જ્ઞાનીપુરુષને જ ઓળખતો નથી. એટલે એને પહેલું સમકિત થતું નથી. તો એને આત્માને સમજવા, આત્માને ઓળખવા, આત્માનો અનુભવ કરવો એ વાત તો રહેતી નથી.

મુમુક્ષુ :- નહિ ઓળખવાના કારણોમાં લીધું છેને!

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનીપુરુષને નહિ ઓળખવાના ત્રણ કારણોમાંથી આ બીજું કારણ લીધું છે. પહેલું 'હું સમજું છું' એ છે. બીજું આ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી, ૬૦૯માં પત્રમાં સત્સંગ નિષ્ફળ જવાના કારણોમાં લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં આ પૉઈન્ટ નથી લીધો. એમાં સત્સંગ નિષ્ફળ જવાના બીજા ચાર કારણ દીધા છે. સ્વચ્છંદ, પ્રમાદ, પૂર્વગ્રહ અને મિથ્યાગ્રહ. અને ઇન્દ્રિય વિષયની ઉપેક્ષા ન કરી હોય તે.

મુમુક્ષુ :- આગળ કીધુંને કે સત્સંગ કરતા પણ બીજી કોઈ વસ્તુ પ્રત્યે અધિક સ્નેહ થવા દેવો નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અધિક સ્નેહ થવા દેવો નહિ. આમાં તો ચોખ્ખી વાત લીધી છે પરિગ્રહની. '**સમાધાન :- જેને જ્ઞાન પ્રાપ્ત થયું છે એવા જ્ઞાની કરતાં પરિગ્રહ પ્રત્યે પ્રેમ એટલે કે બહારનો રસ વધી જાય અર્થાત્ પરિગ્રહની મહિમા આવે અને જ્ઞાની પ્રત્યેની મહિમા ન આવે તો તે ખરેખર લાયક નથી.**' પરિગ્રહનો અર્થ એ કર્યો છે કે બહારનો રસ વધી જાય. એ બધો પરિગ્રહમાં નાખ્યો. સંયોગની મહિમા આવે, ટૂંકામાં સંયોગની મહિમા વધારે રહે. પરિગ્રહમાં તો જ્યાં-જ્યાં પોતાપણું થાય છે એ બધો પરિગ્રહ છે. જે-જે જગ્યાએ જીવને પોતાપણું થાય છે, એ બધો પરિગ્રહ છે. અને એ પરિગ્રહનો રસ વધી જાય ત્યારે એની યોગ્યતા નથી રહેતી.

મુમુક્ષુ :- અનુકૂળતાનો રસ વધી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનુકૂળતાનો રસ વધી જાય, પ્રાપ્ત સંયોગોનો રસ વધી જાય. આબરૂ-કીર્તિનો રસ વધી જાય - બધું પરિગ્રહ જ છે. કોઈને એમ પણ અહીંયાં તર્ક થઈ શકે કે અમે તો જ્ઞાનીપુરુષનો પણ મહિમા કરીએ છીએ અને પરિગ્રહ પ્રત્યે પણ અમને રસ છે, છૂટતો નથી. તો કહે છે કે મહિમા ટળી જશે. પરિગ્રહ પ્રત્યેનો રસ છે એ જો બળવાન હશે, તો ઓળખાણ નહિ થાય અથવા અનુભવ નહિ થાય. એટલે એ રસ તૂટવો જોઈએ. આ રસ વધવો જોઈએ અને પેલો ઘટવો જોઈએ. '**પરિગ્રહ ગૌણ થઈ જવો જોઈએ અને બહારનો રસ ઊતરી જવો જોઈએ;..**' એ ઉદાસીનતા અને વૈરાગ્યમાં આવે, ઉદાસીનતા અને વૈરાગ્ય હોય તો પરિગ્રહ ગૌણ થાય અને બહારનો બધો રસ ઊતરી જાય.

મુમુક્ષુ :- સંસારને ઉપાસવાનો જે ભાવ છે, એના મૂળમાં સુખબુદ્ધિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં સુખબુદ્ધિ છે, આધારબુદ્ધિ છે. બેય છે. અને જ્યાં બહારમાં રસ છે, પરિગ્રહનો રસ છે ત્યાં બીજો રંગ ચઢે નહિને! એક રંગ ઉપર જેમ બીજો રંગ ચડતો નથી, એમ બને છે કે નહિ? કપડાંને પણ એક રંગ ઉપર બીજો

રંગ ચડતો નથી. કે આ કાળો રંગ છે એના ઉપર લાલ રંગ ચડાવવો છે એ નથી ચડતો.

મુમુક્ષુ :- આ તો અનાદિનો કાળો રંગ જ ચડેલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કાળો છે અને ઘણો ગાઢ છે. એના ઉપર બીજો રંગ કેવી રીતે ચડશે? અને એને તો પહેલા ઠંડો કરવો જોઈએ. વેદનાની સાથે ઉદાસીનતા જોડાયેલી છે. એ એક એવી treatment છે જીવની કે સાથે-સાથે જ ઉદાસીનતા શરૂ થાય છે. વેદના આવે એટલે ઉદાસીનતા શરૂ થઈ જાય. ઉદાસીનતા શરૂ થઈ એટલે આ રસ મોળો પડવા માંડે. આ રસ મોળો પડે તો કાંઈક બીજો રસ ચડેને! અથવા તો જ્ઞાની પ્રત્યેનો ભાવ એટલો વધી જાય કે automatic બીજો રસ આવે જ નહિ. ઉત્પન્ન જ ન થાય. એટલે ત્યાં લીધું કે અત્યંત ભક્તિ, ચાર કારણો લીધા એમ. અથવા તો.... એમ કરીને લીધું. જ્ઞાની પ્રત્યેની અત્યંત ભક્તિ એ આ દોષોને ઉત્પન્ન નહિ થવા દે. ચારેય પ્રકારના દોષોને ઉત્પન્ન નહિ થવા દે. અપૂર્વ ભક્તિ લીધી છે. એક નિષ્ઠા અને અપૂર્વ ભક્તિ એ વાત લીધી છે. એટલે તો નિષ્ઠા અને ભક્તિ તો સાથે જ રહે. નિષ્ઠા ન હોય તો ભક્તિ ક્યાંથી આવે? નિષ્ઠા ન હોય તો અભક્તિના પરિણામ થઈ જાય. (અપૂર્વ ભક્તિ) અનંત સુખનું કારણ છે, નિર્વાણપદનું કારણ છે. એમ એનું મૂલ્યાંકન આવે તો બીજો રસ, એની ગૌણતા થાય. મહિમા હટે, નહિતર તો ઘર કરી ગયેલી વાત છે. પરિગ્રહ ગૌણ થઈ જવો જોઈએ. બહારનો રસ ઊતરી જવો જોઈએ, તો જ્ઞાનીની મહિમા આવે, તો મહિમા આવે. બે એકસાથે - એક મ્યાનમાં બે તલવાર નહિ રહે, એમ કહેવું છે. પોતાને જ્ઞાન જોઈએ છે તેથી જ્ઞાનમાં પોતાને આત્મા તરફની મહિમા આવવી જોઈએ. સત્પુરુષ તરફની મહિમા આવવી જોઈએ અને પોતાના આત્મકલ્યાણની પણ મુખ્યતા હોવી જોઈએ. જ્ઞાની તરફની મહિમા એટલે કે અંતરમાં આત્મા તરફની મહિમા એવો અર્થ નીકળે છે. એ ૪૯૧માં પણ લીધું કે જે સત્સંગને ઉપાસે છે તે આત્માને ઉપાસે છે. જ્ઞાની તરફની મહિમા છે એ આત્મા તરફની મહિમા છે. કેમકે જ્ઞાની અને આત્મામાં એ ભૂમિકામાં ભેદ હોતો નથી. જ્ઞાની એ જ આત્મા અને આત્મા એ જ જ્ઞાની. માટે આ જાતની મહિમા હોય અને પરિગ્રહની ગૌણતા થઈ જાય, એકસાથે બન્ને કામ થાય છે. તો જ તેને જ્ઞાની પ્રત્યેની અર્પણતા અને આત્મા તરફની મહિમા આવે છે. બન્નેને મેળ છે. આત્મા તરફની મહિમા જ્ઞાની પ્રત્યેની અર્પણતા એ બંને મેળવાળી વાત છે, જુદી નથી પડતી.

મુમુક્ષુ :- ભાઈશ્રી, આ મેળવાળી વાત છે એટલે અનુદય ભાવ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરિગ્રહ ઉદયમાં જાય છે. તો ઉદયથી આ બાજુ વળ્યોને?

ઉદય તરફના ભાવને ફેરવી નાખ્યા એટલે. પરિણામ છે, જીવના પરિણામ છે એ કોઈ ને કોઈ પદાર્થનું આલંબન તો લે છે. આલંબન વિનાનું પરિણમન જ નથી. નિરાલંબી પરિણામ નથી. હવે કાં સ્વનું આલંબન હોય અને કાં પરનું આલંબન - બે આલંબન છે. તો અનાદિથી પરનું આલંબન છે. હવે સ્વ તરફ આવવું એકદમ મુશ્કેલ છે. એટલે એને પરના આલંબનમાં અને પરના આલંબનમાં (જ) ફેરફાર કરાવ્યો. જ્ઞાનીનો આશ્રય અને આલંબન લે તું. તને પરના આલંબનની તો ટેવ છે. એમાં તો તને કાંઈ વાંધો નથી આવતો. જગ્યા બદલ transfer કર તું. ત્યાંથી પછી આત્માના આલંબનમાં આવવું સહેલું પડશે. ઘડો આડો થયા વિના સવળો ન થાય. ઊંધો ઘડો પડ્યો હોય એ આડો થયા વિના સવળો ન થાય. આડો થાય તો જ સવળો થાય. શું? આડો થાય તો જ સવળો થાય. આડો ન થવો જોઈએ અને સવળો થવો જોઈએ. એવો કોઈ આગ્રહ રાખે તે વસ્તુના સ્વરૂપને સમજતો નથી. એ વાત તો ચોખ્ખી થઈ કે ન થઈ? કે વસ્તુના સ્વરૂપને જ એ સમજતો નથી. કે ભાઈ આડો થયા વગર બરાબર સવળો થાશે કેવી રીતે? એમ અહીંયાં એમ કહે છે કે, આ જાતની મહિમા હોય ને પરિગ્રહની ગૌણતા થઈ જાય તો જ તેને જ્ઞાની પ્રત્યેની અર્પણતા અને આત્માની મહિમા આવે. તો જ થાય નહિતર ન થાય. એ જ રીતે બંનેને મેળ છે. તો એ જ એનો process છે. બીજો કોઈ એનો process છે નહિ. તો ફરીને એ પ્રશ્ન ઉઠાવ્યો છે કે, શું જ્ઞાની અને આત્માની મહિમાને મેળ છે? તો કે હા, બંનેને મેળ છે. જ્ઞાનીની મહિમા કરે છે તેનો અર્થ એ છે કે તેને આત્મા જોઈએ છે. જ્ઞાનીની મહિમા કરે છે એનો અર્થ એ થાય છે કે એને આત્મા જોઈએ છે. સામે અનર્પિત એમ નીકળે છે, જ્ઞાનીની મહિમા કરતો નથી એને આત્મા જોઈતો નથી. એમ છે.

મુમુક્ષુ :- બહેનશ્રીની ચર્ચામાં મુમુક્ષુની ભૂમિકાની ચર્ચા વધારે ચાલી છે. આપણે જે રોજ વાત ચાલતી હોય તે બધી વાત આમાં આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનીની મહિમા કરે છે તેને અંતરમાં આત્માનું ધ્યેય છે. પૂર્ણતાનું લક્ષ થયું છે. પછી ઓળખાણ થાય છે. ઓળખાણ થાય ત્યારે મહિમા આવે છે.

મુમુક્ષુ :- મુમુક્ષુની ભૂમિકાનું માર્ગદર્શન મળવાનું આ પુસ્તક પ્રકાશિત થયું અને કોઈને નિષેધ આવ્યો તો આત્માનો જ નિષેધ થયોને?

પૂજ્ય ભાઈશ્રી :- આત્માનો જ નિષેધ થઈ ગયો. એ તો જ્ઞાનીના વચનનો નિષેધ છે એ જ આત્માનો નિષેધ છે.

મુમુક્ષુ :- એ એમકે અજાણતા થઈ ગયો તો...

પૂજ્ય ભાઈશ્રી :- હવે ઝેર તો અજાણતા ખાઓ કે જાણીને ખાઓ. ખાય એનું ફળ થાય. અગ્નિને જાણતા અડો કે અજાણતા અડો, દાઝો કે ન દાઝો? અજાણતા અડ્યા હોય તો ન દાઝો એવું છે કાંઈ?

મુમુક્ષુ :- 'સત્તાસ્વરૂપ'માં લીધેલું છે કે તારા ગુરુ કરતા તારા પરિવાર પ્રત્યે વધારે પ્રેમ છે, એના પ્રત્યે તું વધારે સમર્પણ કરે છો તો એ તારો સંસાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એને શું છે? કે એને ધર્મનો લાભ થવાનો કોઈ અવકાશ નથી.

મુમુક્ષુ :- આ દોષ રહી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં તો શું છે, આમ તો સાદી સમજણનો અભાવ દેખાય છે એમાં કે જે પરિગ્રહ, કુટુંબાદિ પ્રત્યેનો પ્રેમ છે એમાં તો પુણ્ય પણ નથી. એમાં તો પુણ્ય પણ નથી. એ તો ચોખ્ખા પાપના પરિણામ છે. હવે દેવ-ગુરુ-શાસ્ત્રની વાત તો ક્યાંયને ક્યાંય ઊંચી છે. એનું સ્તર જ ઘણું ઊંચું છે. જે વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર છે, જ્ઞાની છે એનું સ્તર તો ઘણું ઊંચું છે. એ તો આત્મકલ્યાણનું નિમિત્ત છે. પાપની સામે પુણ્ય નથી લેવું. એ તો આત્મકલ્યાણનું સ્તર છે. એની સામે જો આ પુણ્યનો નિષેધ છે, તો આ તો પાપનો આદર થઈ ગયો. તો સાદી સમજણ હોય તોપણ આમાં ફરક પડે એવું છે. હું પાપને ઉપાદેય કરું છું અને આત્મકલ્યાણને હેય કરું છું. આ શું? આવી વાત છે.

મુમુક્ષુ :- પોતાના પરિવારની જેટલી સંભાળ રાખે છે, એને ટાઈમ આપે છે, ભોગ આપે છે...

પૂજ્ય ભાઈશ્રી :- જિંદગી ઘસી નાખે છે. એની પાછળ જિંદગી ઘસી નાખે છે કે નહિ? આખી જિંદગી એની પાછળ જ ઘસે છે. શું કરે છે?

મુમુક્ષુ :- એની સામે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે નહિવત્ જેવી અર્પણતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- અને પછી કહે છે કે મને પ્રાપ્ત થતું નથી. થાય કયાંથી? હજી તો પાપ પણ છોડવું ગમતું નથી. એના જેવી વાત છે.

પ્રશ્ન :- નવમી ગ્રૈવેયક જનાર દ્રવ્યલિંગી મુનિએ અને ૧૧ અંગના શાસ્ત્રપાઠીએ જે તત્ત્વ ન પકડ્યું તે આપે બાળવયે અતિ સુલભપણે પ્રાપ્ત કરી લીધું અને સ્વાનુભવથી જૈનદર્શનની યથાર્થતા નક્કી કરીને અમૂલ્ય ચૈતન્ય-ચિંતામણિ સાધી લીધું. આ ક્ષેત્રે વર્તમાનકાળે જે અનેક-અનેક જીવરાશિ છે તેમાં આપ પૂજ્ય ગુરુદેવના પ્રતાપે આ અતિ ગૂઢ રહસ્ય ઉકેલી શક્યાં છો. આવા એક મહાપુરુષ આપ અમારી સામે બિરાજો છો. તો આપે કઈ વિધિએ ને કઈ વિદ્યાથી આ રહસ્ય ઉકેલ્યું? અને આ ચિંતામણિ હાથ આવતાં આપની ઊર્મિઓ કેવી હતી?

સમાધાન :- ૧૧ અંગ ભણ્યો પણ અંદર શું છે? તે જાણવાનો પ્રયત્ન કર્યો નહિ. જીવ અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો, ૧૧ અંગ ભણ્યો-એવું બધું તો અનંતવાર કર્યું છે. પણ ચૈતન્યતત્ત્વનો સ્વભાવ ઓળખવાનો પ્રયત્ન કર્યો નથી.

આ તો ગુરુદેવનો પ્રતાપ છે. ગુરુદેવે આ માર્ગ પ્રકાશ્યો કે કાંઈક તત્ત્વ જુદું છે. અંદર સ્વાનુભૂતિ થાય છે, તે સ્વાનુભૂતિમાં મુક્તિનો માર્ગ પ્રગટ થાય છે. ગુરુદેવે માર્ગ પ્રકાશ્યો અને બધું શ્રવણ કરતાં અંતરમાં એમ થઈ ગયું કે આ જ કરવા જેવું છે. આ મનુષ્યભવની અંદર આ એક મુખ્ય તત્ત્વની સ્વાનુભૂતિ પ્રાપ્ત ન થઈ તો આ બધું મળ્યું અને આ મનુષ્યભવ મળ્યો તે નકામો છે. આમ અંદરથી ભાવના થઈ કે આ જ કરવા જેવું છે, બીજું કાંઈ કરવા જેવું નથી. એક અંતરમાં સ્વાનુભૂતિ પ્રગટ કરવા જેવી છે.

આ જ કરવા જેવું છે એમ વારંવાર તેનો વિચાર, તેનું મંથન કરી કરીને અંતરમાંથી નક્કી કર્યું હતું કે આ ગુરુદેવે બતાવ્યો તે માર્ગ જ સાચો છે. અનેક પ્રકારના માર્ગની અંદર અનેક જાતની વાતો બધા કરી રહ્યા છે, તે બધું ખોટું છે. એક ગુરુદેવ બતાવે છે તે જ માર્ગ સાચો છે. કોઈ કહે કે અનેક પ્રકારના માર્ગ છે તેમાં આ માર્ગ કઈ રીતે સાચો છે? એ તો પોતે અંદરથી પુરુષાર્થ વડે નક્કી કરી શકે છે કે આ સાચું છે.

અંગત તો શું કહેવું? તેનો પુરુષાર્થ, તેનું મંથન, વારંવાર તેની લગની લાગે, કે એક જ-આ જ-પ્રાપ્ત કરવા જેવું છે. વારંવાર તે જાતનું ચિંતવન-મનન દિવસ અને રાત ચાલ્યા કરે, તેના વગર ચેન પડે નહિ, તેના વગર શાંતિ થાય નહિ. કેટલાય કલાકો સુધી બસ તેનું ધ્યાન, તેનું મનન-બધું તેનું તે ચાલતું હતું. તેમાં ગુરુદેવના પ્રતાપે (સમ્યક્ત્વ) પ્રગટ થઈ ગયું. ગુરુદેવનો કોઈ પ્રતાપ અને ઉપાદાન-નિમિત્તનો તેવો મેળ થઈ ગયો. તેમાં કોઈ જાતની ઉંમર કે બીજું કાંઈ લાગુ પડતું નથી. અંતરમાંથી ભેદજ્ઞાનની ધારા અને પુરુષાર્થ એવી રીતે પ્રગટ થયો.

રાત્રે જાગતાં-સૂતાં, સ્વપ્નમાં બસ એક જ વાત, તેની જ લગની હતી, બીજી કોઈ લગની ન હતી. થોડો ટાઈમ જાય તો એમ થાય કે હજી કેમ થતું નથી? હજી શું પરિભ્રમણનું દુઃખ નથી લાગ્યું? આ શું નથી કરવું? એમ અંતરમાંથી એકદમ આત્માનો પોકાર આવતો હતો કે હજી કેમ તાલાવેલી નથી લાગતી? હજી શું પરિભ્રમણની રુચિ છે? હજી જન્મ-મરણની રુચિ છે? વિભાવની રુચિ છે? કેમ, ક્યાં અટકી રહ્યો છે-એમ અંતરમાંથી-પોતાના આત્મામાંથી-જ આવતું હતું. તેને લઈને પુરુષાર્થ એકદમ તીવ્ર થઈ જતો હતો. ગુરુદેવનો પ્રતાપ અને ઉપાદાન ભેગું થઈ ગયું.

કામકાજ થાય, આ થાય, તે થાય પણ એક જ જાતની લગની હતી કે આત્મા જુદો છે, ગમે તે કામ કરતાં એમ થાય કે આ શરીર અને આ અંદર વિકલ્પ આવે, તેમાં આત્મા ક્યાં છે? તેનાથી તો આત્મા જુદો છે. આ બધામાં આત્મા જુદો કેવી રીતે છે? તેના જ વિચારો આવ્યા કરતા. ખાતાં-ખાતાં એમ થાય કે આત્મા જુદો છે. દરેક ક્ષણે તે વિચારો ચાલ્યા કરતા હતા, આના આ વિચારો આવતા. કપડાં હાથમાં હોય અને વિચારો આવે, દરેક કાર્યોમાં વિચારો આવે કે આ જુદું-આ બધું જુદું, ને ચૈતન્ય જુદો. ક્ષણે-ક્ષણે આનું આ રટણ રહ્યા કરતું હતું. તેના જોરમાં ત્રણ ત્રણ કલાક એમ ને એમ ધ્યાનમાં બેસી રહેતી હતી. કેમ હજી પ્રાપ્ત થતું નથી? એમ તેના ને તેના વિચારોમાં, તેની ને તેની એકાગ્રતામાં અને તેના ને તેના ધ્યાનમાં રહેતી. આ પ્રાપ્ત થયા વગર અંદરમાંથી સુખ અને શાંતિ થવાની નથી, એમ રહ્યા કરતું હતું. ૧૫૬.

---

(પ્રશ્ન-૧૫૬) '**પ્રશ્ન :- નવમી ગ્રૈવેયક જનાર દ્રવ્યલિંગી મુનિએ અને ૧૧ અંગના શાસ્ત્રપાઠીએ જે તત્ત્વ ન પકડ્યું તે આપે બાળવયે અતિ સુલભપણે પ્રાપ્ત કરી લીધું અને સ્વાનુભવથી જૈનદર્શનની યથાર્થતા નક્કી કરીને અમૂલ્ય ચૈતન્ય-ચિંતામણિ સાધી લીધું. આ ક્ષેત્રે વર્તમાનકાળે જે અનેક-અનેક જીવરાશિ છે તેમાં આપ પૂજ્ય ગુરુદેવના પ્રતાપે આ અતિ ગૂઢ રહસ્ય ઉકેલી શક્યાં છો. આવા એક મહાપુરુષ આપ અમારી સામે બિરાજો છો. તો આપે કઈ વિધિએ ને કઈ વિદ્યાથી આ રહસ્ય ઉકેલ્યું? અને આ ચિંતામણિ હાથ આવતાં આપની ઊર્મિઓ કેવી હતી?**' બહુ લાંબો પ્રશ્ન પૂછ્યો છે. વ્યક્તિગત પ્રશ્ન પૂછ્યો છે. જૈનદર્શનનું રહસ્ય એ આત્મજ્ઞાન છે. એ દ્રવ્યલિંગી અથવા અગિયાર અંગના શાસ્ત્રપાઠીને પણ નથી મળતું. એવું બને છે અને બન્યું છે અનંતવાર, તો આપને ક્યાંથી મળી ગયું? એમ કેવી રીતે મળી ગયું? શું એવું કર્યું?

આ તો ઠીક બાકી તિર્યંચ પણ પ્રાપ્ત કરે છે. અગિયાર અંગવાળા નથી પ્રાપ્ત કરતા એ તિર્યંચ પ્રાપ્ત કરે છે. દ્રવ્યલિંગી નથી પ્રાપ્ત કરતા એ તિર્યંચ પ્રાપ્ત કરે છે. કઈ વિધિએ કરે છે? આ સમજવાનું છે.

**'સમાધાન :- અગિયાર અંગ ભણ્યો પણ અંદર શું છે? તે જાણવાનો પ્રયત્ન કર્યો નહિ.'** અગિયાર અંગ છે એ શાસ્ત્રને અનુસરીને ઉત્પન્ન થયેલું જ્ઞાન છે. શાસ્ત્રને અવલંબીને એ જ્ઞાન પ્રવર્ત્યું છે, આત્માને અવલંબીને નહિ. અવલંબન કોનું લીધું છે? એ સવાલ છે. એટલે પહેલી વાત એ લીધી એમણે. કે અંદર શું છે? મારામાં શું? એ જાણવાનો પ્રયત્ન કર્યો નથી. શાસ્ત્ર સમજવાનો પ્રયત્ન કર્યો અને શાસ્ત્રનો વિષય તો પોતે છે. અગિયાર અંગના વાચક વચનો છે. એનું વાચ્ય કોણ છે? તો વાચ્યને છોડીને વચનની માથાકૂટ કરી. સાકર શબ્દ એમાં 'સ' આવો જ થવો જોઈએ. ત્રણ પ્રકારના 'સ' છે. એમાં આ જ 'સ' થવો જોઈએ. પણ સાકરનું શું? સાકરનું કાંઈ નહિ. 'સ' આ જ જોઈએ આની અંદર.

મુમુક્ષુ :- પછી ક્યાંથી ગળપણ ખ્યાલમાં આવે?

પૂજ્ય ભાઈશ્રી :- તો એમાં ઈ ગળપણનો વિષય તો લીધો નહિ, એનું વાચ્ય તો પકડ્યું નહિ. પદાર્થને તો લીધો નહિ. માથાકૂટ કરી બધી શાસ્ત્રના ન્યાયની, વ્યાકરણની.

મુમુક્ષુ :- સમજમેં નહીં આયા.

પૂજ્ય ભાઈશ્રી :- જો શાસ્ત્ર પઢતા હૈ વો શાસ્ત્રમેં તો આત્મા દિખાયા હે, તો અંદરમેં આત્માકો તો દેખતા નહીં ઔર શાસ્ત્રકે વચનોંકી ખૂબ ચર્ચા કર લેતા હૈ. ક્યારેક અગિયાર અંગ ભણવાવાળાની એ દશા છે એમ છે. અંદરમાં એણે જોયું નથી.

મુમુક્ષુ :- tally નહીં કિયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે આપણે પદ્ધતિ એ જ લઈએ છીએને કે શાસ્ત્ર ચર્ચા પછીની વાત છે, પરિણામ શું ચાલે છે? એ કહો. અંદરમાં શું છે એ જાણવાનો પ્રયત્ન કરો. આ લોકો નાના-નાના (છોકરાઓ) એ લાઈને ચડ્યા છે. મને આમ રસ આવે છે... કહેતી હતીને કાલે કે મને આ ચીજ ભાવતી હતી, મને એમાં રસ આવી ગયો. પછી મેં પ્રયોગ કર્યો. અંદર શું ચાલે છે? એ મુદ્દાની વાત એ છે. નહિતર તો તમે અગિયાર અંગ ભણોને શું કામનું? કાંઈ કામનું નથી.

મુમુક્ષુ :- એકની આમ દિશા છે, એકની આમ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પરલક્ષ અને સ્વલક્ષ જેટલો મોટો ફેર છે. જીવ અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો, પોતાનો જીવ હો! દ્રવ્યલિંગીપણું પાળીને પોતાનો જીવ અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો છે. એ વાત અનંત પંચપરાવર્તન થયા એનાથી સાબિત છે. કોઈ

છૂટ્યું નથી. કોઈકનો જીવ ગયો છે, એ વાત નથી લેવી. પોતે અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો છે. અગિયાર અંગ ભણ્યો એ પણ અનંતવાર છે.

મુમુક્ષુ :- અનંતવાર?

પૂજ્ય ભાઈશ્રી :- હા. અનંતવાર. લાખવાર નહિ, કરોડવાર નહિ, અબજવાર નહિ અનંતવાર.

મુમુક્ષુ :- પોતાના સ્વરૂપને ભૂલીને જ બધું કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અંદર જોયું નહિ. આ પરલક્ષ ક્યાં મારે છે કે આટલો બધો પરિશ્રમ નિષ્ફળ કરે છે. અત્યારે તો એના પ્રમાણમાં કાંઈ પરિશ્રમ જીવ કરતો નથી. તોપણ પરલક્ષ એને ખાય જાય છે. પરલક્ષી અગિયારઅંગનું જ્ઞાન નિષ્ફળ છે. પરલક્ષી દ્રવ્યલિંગની ક્રિયા નિષ્ફળ છે. આવું છે.

મુમુક્ષુ :- 'સુવિધિ'નું પ્રકરણ જે આપે લખ્યું છે એમાં શરૂઆતમાં જ સ્વલક્ષ-પરલક્ષના ભેદ પાડ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વલક્ષ-પરલક્ષના ભેદ પાડ્યા છે. '**પણ ચૈતન્યતત્ત્વનો સ્વભાવ ઓળખવાનો પ્રયત્ન કર્યો નથી.**' '**એવું બધું તો અનંતવાર કર્યું છે. પણ ચૈતન્યતત્ત્વનો સ્વભાવ ઓળખવાનો પ્રયત્ન કર્યો નથી.**' એ રહી ગયું છે. આ બાજુ બહારમાં ને બહારમાં ઘણું કર્યું છે. આ બાજુ અંદરમાં આવ્યો નથી. હવે એમ કહે છે, હવે એમ કહે છે કે આપે પ્રાપ્ત કરી લીધું... શું? એમ કીધુંને કે આપે પ્રાપ્ત કરી લીધું, તો (બહેનશ્રીએ કીધું) કે આ તો ગુરુદેવનો પ્રતાપ છે. શું? પહેલી વાત શું લીધી? આ તો ગુરુદેવનો પ્રતાપ છે. મેં મારા પુરુષાર્થથી કર્યું - એમ ન લીધું. કુદરતી નમ્રતા આવે છે. અને એ પણ એક હકીકત છે કે, જ્ઞાનીપુરુષ મળ્યા એ પહેલા મારા જીવની દશા કેવી હતી? પોતે જાણે છે કે પોતાની કેવી દશા હતી. એ પોતાને ખબર છે. એટલે પુરુષાર્થને ગૌણ કરે છે અને જ્ઞાનીને મુખ્ય કરે છે.

મુમુક્ષુ :- અગર શ્રીગુરુ નહીં બતાતે તો પુરુષાર્થ કહાઁસે કરેગા?

પૂજ્ય ભાઈશ્રી :- હા! વહ તો હૈ હી. ઉલટા પુરુષાર્થ તો ઈતના કિયા, અગિયાર અંગ ઔર દ્રવ્યલિંગીકા પુરુષાર્થ કિયા.

મુમુક્ષુ :- બતાવવાની વાત ક્યાં છે, એ તો આપે આપીયો એમ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કહે છે કે અમારી પર્યાય છે એ ગુરુદેવનો પ્રતાપ છે.

મુમુક્ષુ :- બે દ્રવ્યની ભિન્નતાનો સિદ્ધાંત વચ્ચે ન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- બે દ્રવ્યની ભિન્નતા છે, એને સવળું લ્યે અને અભિન્નપણે

જુદો પડીને અભિન્નપણે પોતાના સ્વરૂપમાં લીન થાય તો શુક્લધ્યાનની શ્રેણી માંડીને કેવળજ્ઞાન લે.

મુમુક્ષુ :- અવળું લ્યે તો?

પૂજ્ય ભાઈશ્રી :- અને અવળું લ્યે તો શુષ્કતા આવે, તો ગુરુને ઉડાડે. દેવ-ગુરુ-શાસ્ત્ર જ હેય છે એમ કરવા માંડે. એ ઉન્મતપ્રલાપદશા લીધી છે. આત્મામાં અને ગુરુમાં ફેર નથી. '**આ તો ગુરુદેવનો પ્રતાપ છે. ગુરુદેવે આ માર્ગ પ્રકાશ્યો કે કાંઈક તત્ત્વ જુદું છે.**' ગુરુદેવે માર્ગ પ્રકાશ્યો. આ યુગની અંદર, આ કાળની અંદર બહુ મોટી ક્રાંતિ આવી એમનાથી. સંપ્રદાયની સ્થિતિ જોઈએ તો એકદમ અંધારું છે. એકદમ ઘોર અંધારું છે. અને આ વાત સાંભળવા કોઈ તૈયાર નથી. તોપણ જેની યોગ્યતા હતી એ ખેંચાણા. યોગ્યતા હતી એ ખેંચાણા. '**અંદર સ્વાનુભૂતિ થાય છે, તે સ્વાનુભૂતિમાં મુક્તિનો માર્ગ પ્રગટ થાય છે.**' અંદરમાં જે સ્વાનુભવ થાય છે ત્યાંથી મોક્ષમાર્ગ પ્રગટ થયો. એટલે ત્યાંથી મુક્ત થયા. સ્વાનુભવ થયો ત્યાંથી અંશે મુક્ત થયો. સ્વાનુભવના પરિણામ છે એ મુક્તદશાના પરિણામ છે, અનઉદયભાવ છે. ને ઉદયભાવ છે તે બંધના પરિણામ છે. આ મોક્ષના પરિણામ છે.

મુમુક્ષુ :- કાલ બોલમાં આવ્યું હતુંને કે સંસારભાવ નિવૃત્ત થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સંસારભાવ નિવૃત્ત થઈ જાય છે. '**ગુરુદેવે માર્ગ પ્રકાશ્યો અને બધું શ્રવણ કરતાં અંતરમાં એમ થઈ ગયું કે..**' હવે પોતાની વાત કરે છે કે '**ગુરુદેવે માર્ગ પ્રકાશ્યો અને બધું શ્રવણ કરતાં..**' ગુરુદેવની વાત સાંભળતાં '**અંતરમાં એમ થઈ ગયું કે આ જ કરવા જેવું છે.**' શું? એ ક્યાંથી શરૂઆત થઈ? મૂલ્યાંકન થઈ ગયું, આજ કરવા જેવું છે. જીવનમાં આ એક જ કરી લેવા જેવું છે. બધું ગૌણ થઈ ગયું. ઉદાસીનતા કેટલી હતી? આ એક જ કરી લેવા જેવું છે. એની પાછળ બધું મૂકી દીધું હતું. ઘર છોડીને તો અમસ્તા પણ આવ્યા હતા. બધું મૂકી દીધું હતું. આ વજન આવી ગયું. શ્રવણ કરતા અંતરમાં એમ થઈ ગયું કે, ઉપર ઉપરથી નહિ, અંતરમાં એમ થઈ ગયું કે આજ કરવા જેવું છે. બસ એ વજન આવ્યું એક ઠેકાણે. કોણે વજન આપ્યું? કે આત્માએ, આત્માએ વજન આપ્યું એટલે અનંત શક્તિના ધણીએ વજન આપ્યું. પછી તાકાત છે દુનિયામાં કોઈ એને ફેરવી શકે? અનંત શક્તિનું વજન ત્યાં પડી ગયું. કોઈ ફેરવી દે એને? કાંઈ ન થઈ શકે. આ પાયો અહીંથી નખાણો. શું? જેને આ રસ્તો પકડવો હોય એને અહીંયાં પાયો નાખવો પડશે. આ જ કરવા જેવું છે. જીવનમાં આ એક જ કરી લેવા જેવું છે. બસ બધેથી ઉઠી જાય. ખાવું, પીવું, ઊંઘવું બધું. એકવાર તો હરામ થઈ જાય. (નહિતર) બીજે-બીજે પરિણામ રસ

લેતા થઈ જાય છે. શ્રવણ કરતા એમ થઈ ગયું કે, આ પાયો નાખ્યો એમણે. આ જ કરવા જેવું છે. બસ! અહીંયાં ધ્યાન ખેંચાવું જોઈએ. આ પ્રયોજનભૂત વાત આવી બધાય માટે. જે લાઈને ચડાતું નથી, એના માટે આ પ્રયોજનભૂત વાત આવી. આ જ કરવા જેવું છે, એ થઈ જવું જોઈએ. બીજું પણ કરવું છે ને આ પણ કરવું છે એનું કામ નથી. બીજું પણ કરવું છે ને આ કરવું છે, એને ફરિયાદ કરવાનો અધિકાર નથી કે, મને કેમ પ્રાપ્ત થતો નથી? એને ફરિયાદ કરવાનો અધિકાર નથી. આ એમણે કેમ પ્રાપ્ત કર્યું? જે બોલ્યા છે એ તો પોતાનો અનુભવ જ વ્યક્ત કર્યો છેને? શીખવા જેવી, સમજવા જેવી વાત આવી ગઈ. મને કેમ પ્રાપ્ત થતું નથી? આ જ કરવા જેવું છે, એમ મને થયું અંદરથી? કે હજી મારે બીજું બીજું કરવું છે. બસ નક્કી કરો પોતે. જ્યાં સુધી આ જ કરવા જેવું છે એમ નહિ આવે ત્યાં સુધી પરિણામની ગાડી પાટે ચડવાની નથી.

મુમુક્ષુ :- સોભાગભાઈએ જેમ જ્ઞાનીપુરુષની આજ્ઞામાં રહેવાનો main point કાઢ્યો હતો એમ આમાંથી આ નીકળ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- આ જ આજ્ઞા છે. આ જ કરવા જેવું છે. ઈ જ આજ્ઞા છે. '**આ મનુષ્યભવની અંદર આ એક મુખ્યતત્ત્વની સ્વાનુભૂતિ પ્રાપ્ત** (નહિ થઈ) **ન થઈ, તો આ બધું મેળવ્યું ને આ મનુષ્યભવ મળ્યો તે નકામો છે.**' આખો મનુષ્યભવ જ નકામો છે શું? જો સ્વાનુભૂતિ ન કરીએ તો આ મનુષ્યભવ સાવ નકામો છે. સ્વાનુભૂતિ કરી તો આ મનુષ્યપણાનું મૂલ્ય કોઈ રીતે ન થઈ શકે એટલું મોટું છે. અને સ્વાનુભૂતિ ન કરી તો ફૂટી કોડી જેટલું પણ મનુષ્યપણું નથી. મોટાભાગે તો દુર્ગતિમાં જીવ ચાલ્યો જાય છે. મનુષ્યપણું પૂરું થયા પછી જાય છે અધોગતિમાં, તિર્યંચગતિમાં. બહુભાગ આ દશા થાય છે. '**આમ અંદરથી ભાવના થઈ..**' જુઓ! '**જો આમ અંદરથી ભાવના થઈ કે આ જ કરવા જેવું છે. બીજું કાંઈ કરવા જેવું નથી.**' એ એમાં આવી ગયું. આજ કરવા જેવું છે. બીજું કાંઈ કરવા જેવું નથી. પછી કરવું પડે એ બીજી વાત થાય. પછી તો એ પરાણે માંદલા બળદને ગાડે જોડે... કેવો? માંદા પડેલા બળદને ગાડે જોડે તો ઈ ખેંચે બિચારો પરાણે-પરાણે પણ એમ એને હોંશ ચડે નહિ.

મુમુક્ષુ :- સંસારને ઉપાસવાનો અભિપ્રાય ટૂટી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- બહેનશ્રીને તો જ્ઞાનદશામાં એવું હતું કે ખાવાનો ટાઈમ થાય... એટલે સેવા કરતા હોય એ કહે કે, માતાજી જમવાનો ટાઈમ થઈ ગયો આપનો, (તો માતાજી કહે,) બસ તમારા તો આ જ પડઘમ વાગ્યા. ઈ વાત સાંભળવી એમને ગમે નહિ. હાલતા ને ચાલતા શું છે આ પણ બધું? બહુ ઉદાસીનતા હતી. '**અંદરથી ભાવના**

થઈ કે આ જ કરવા જેવું છે.' ફરીને લીધું જુઓ! વજન છેને ત્યાં! એટલે એ વાત ફરીને પાછી repeat થઈ છે ચર્ચામાં. **'અંદરથી ભાવના થઈ કે આ જ કરવા જેવું છે, બીજું કાંઈ કરવા જેવું નથી. એક અંતરમાં સ્વાનુભૂતિ પ્રગટ કરવા જેવી છે.'** આત્મજ્ઞાન કરી લેવા જેવું છે. આત્મજ્ઞાન કહો, સમ્યક્દર્શન કહો, સ્વાનુભૂતિ કહો બધું એ જ છે. **'આ જ કરવા જેવું છે...'** જો આ ત્રીજીવાર આવ્યું, આવ્યુંને. હવે ત્રણ-ત્રણવાર કહે અને ધ્યાન ન જાય પછી શું કરે? ચર્ચામાં ત્રણવાર વાત આવી. તોપણ ધ્યાન ન જાય તો શું કરવાનું? **'આ જ કરવા જેવું છે એમ વારંવાર તેનો વિચાર, તેનું મંથન કરી કરીને અંતરમાંથી નક્કી કર્યું હતું...'** કોણે? કે, પોતે. આ જ કરવા જેવું છે વારંવાર એનો વિચાર આવતો હતો, તેનું મંથન ચાલતું હતું. અને એનો નિર્ણય-નિર્ધાર કર્યો હતો કે આ જ કરવા જેવું છે. જ્યાં સુધી જીવ નિર્ધાર ન કરે, નિશ્ચય ન કરે ત્યાં સુધી તે નિશ્ચય અનુસાર પ્રયત્નનો ઉપાડ ન આવે. પ્રયત્નનો ઉપાડ નિર્ણય કરવાથી આવે, નિર્ધાર કરવાથી આવે. આ કરી લેવું છે. ગમે તેમ આ કરી લેવું છે. ગમે તે ભોગે કરી લેવું છે. એનો અર્થ શું? કે મને આ વાતનું મૂલ્ય સૌથી વધારે છે અને છે પણ મૂલ્ય વધારે. કેમકે શાશ્વત સુખનું કારણ છે. શાશ્વત સુખનું, શાશ્વત અનંત સુખનું કારણ છે. તો એ સર્વોત્કૃષ્ટ, સર્વોત્કૃષ્ટ કાર્ય હોવાથી એની top priority આવે, ઉત્કૃષ્ટ priority આવે. એ તો સ્વાભાવિક વાત થઈ કે ન થઈ? એમાં અનુચિત શું થયું છે? એ જ ઉચિત છે એ તો. આ જ કરવા જેવું છે, એમ વારંવાર તેનો વિચાર, તેનું મંથન કરી કરીને અંતરમાંથી નક્કી કર્યું હતું. અંદરથી નક્કી થયેલું, ઉપર-ઉપરથી નક્કી નહિ થયેલું. અંદરમાંથી નક્કી કર્યું હતું. કેવું અંદરમાંથી નક્કી કર્યું હતું? કે ફરે નહિ એવું. મક્કમતાનો એક ગુણ હોય છે. મક્કમતા ઊંધી પડે તો જીદ થઈ જાય, આગ્રહ થઈ જાય, વક્રતા થઈ જાય, હઠ થઈ જાય. અને સવળી પડે તો એ જ મક્કમતા આત્માનું કરી લેવા જેવું છે, કોઈપણ ભોગે આત્માનું કરી લેવા જેવું છે (એમ થાય.) મરણિયો પ્રયત્ન કરે. કેવો? મરણિયો પ્રયત્ન કરે. મક્કમતા બહુ હતી. પ્રકૃતિના એટલા નરમ હતા પણ મક્કમતા એવી જ હતી પાછી. તાકાત નથી કે કોઈ ફેરવી શકે પછી. આમ પ્રકૃતિના નરમ હતા, સરળ હતા. પણ એમની મક્કમતા એવી હતી. તાકાત નથી કોઈ ફેરવી શકે એમને એવા મક્કમ હતા.

મુમુક્ષુ :- મૂલ્યાંકનસે આતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, મૂલ્યાંકન તો આના ચાહિએ. વો તો સ્વાધ્યાય ઈસીલિયે હૈ. મૂલ્યાંકન આયે ઈસીલિયે તો સ્વાધ્યાય હૈ. સ્વાધ્યાયમેં તો વિચાર કરતે હૈં કિ, ઈસકા મૂલ્ય કિતના? ઉસકા તોલ ચલતા હૈ. જોખતે હૈં... અમારે જોખે છે એમ કહે

છે. ત્રાજવું લઈને જોખવા બેઠા છે કે, આમાં કોનું ક્યાં વજન છે? કોનું વજન દેવું છે? સંસારના કાર્યોનું કે આત્મકલ્યાણનું? વજન ક્યાં દેવું? જોખવા બેઠા છે. સ્વાધ્યાય કરવા બેઠા છે એટલે જોખવા બેઠા છે. સાચું વજન કરતા આવડે તો પરિણામોનો રસ્તો બદલાઈ જાય. એમ છે. નહિતર ઊલટું તો ચાલે જ છે. આ જ કરવા જેવું છે.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રીની વાતનું મૂલ્ય જ કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ ગુરુઆજ્ઞા માથે ચડાવી એમણે. શું કર્યું? ગુરુઆજ્ઞા માથે ચડાવી. આપણે આરોહણ ક્રમમાં લીધું છેને? દોરડું પકડવાનું છે. ગુરુઆજ્ઞાનું દોરડું મૂક્યું એ પડ્યો. પછી ક્યાં ગયા એનો પત્તો નહિ ખાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મક્કમતાનું lacking છે તે શેને કારણે છે?

પૂજ્ય ભાઈશ્રી :- મૂલ્યાંકન નથી કર્યું. મૂલ્યાંકનથી વજન આવેને! બહારમાં પણ કોઈ કામ પાછળ મક્કમપણે પડી જઈએ છીએ તો શું છે એનું કારણ? લાભ-નુકસાનનું મૂલ્ય છે. આમાં - ૧૨૮ (પત્રમાં) આવ્યું જ છેને કોઈપણ ભોગે આ કરવું જ તે. ગમે તે થઈ જાઓ...! એ સમજવા માટે સ્વાધ્યાય છે. એ સમજવા માટે સ્વાધ્યાય છે. પાયામાં તો જ્ઞાન જ છે. મક્કમતાના પાયામાં પણ સ્વલક્ષી સાચી સમજણ છે.

મુમુક્ષુ :- પોતાનો નિર્ણય મક્કમ નથી - તેવો પોતાની માટે prejudice થઈ જાય એવું બને? કારણકે નક્કી કરવા છતાં વારંવાર ભૂલ થઈ જતી હોય, તો જ્યારે પોતે નક્કી કરતો હોય ત્યારે અંદરથી એમ થાય કે, તું નક્કી તો કરે છો પણ એમાં કાંઈ હોતું નથી, એમ સાથે વિચાર આવે જે નક્કી કરવાના ભાવને તોડી નાખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવો અભિપ્રાય નહિ કરવો જોઈએ. અભિપ્રાય ન થવો જોઈએ. પછી વાંધો નહિ આવે. ઊલટો અભિપ્રાય નહિ કરવાનો.

મુમુક્ષુ :- મક્કમતા પોતે કરી શકે છે, હું નિર્ધારમાં આવી શકું છું - પણ એ વાતની સામે ભૂતકાળ આવી જાય કે, ભૂતકાળમાં તો અનેકવાર આવો નિર્ણય કર્યો પણ તું નિષ્ફળ ગયો એટલે નિર્ણયની જે પરિસ્થિતિ થવી જોઈએ એને આ ભૂતકાળનો વિચાર ખાય જાય છે - તોડી નાખે છે. એટલે એ ભૂતકાળની પરિસ્થિતિને ગૌણ કરવી જ રહીને?

પૂજ્ય ભાઈશ્રી :- totally. અનંતકાળ રખડ્યો છે, એ તો અનંતવાર ભૂલ કરીને જ રખડ્યો છે. હવે એનું શું છે? ગઈ તિથિ બ્રાહ્મણ વાંચતાં નથી. ગઈ ગુજરી ભૂલી જાઓ. કેમકે બધા જીવ અનંતકાળ નિગોદમાં જ રહ્યા છે. ઈતિહાસ તો કોઈનો સારો છે જ નહિ. નિગોદમાં ક્યારે જાય? પૂરા અનિષ્ટ પરિણામ થયા હોય ત્યારે. તો અનંતકાળ

શેમાં કાઢ્યો છે? ત્રસનો પર્યાય (કાળ) જ મર્યાદિત છે. એટલે એ તો, એ દશા તો અનંતવાર થઈ છે. હવે એનું કાંઈ વજન દેવાની જરૂર નથી. હવે રસ્તો સાચો પકડી લેવાનો.

**'અંતરમાંથી નક્કી કર્યું હતું કે આ ગુરુદેવે બતાવ્યો તે માર્ગ જ સાચો છે. અનેક પ્રકારના માર્ગની અંદર અનેક જાતની વાતો બધા કરી રહ્યા છે, તે બધું ખોટું છે.'** **'આ ગુરુદેવે બતાવ્યો તે માર્ગ જ સાચો છે. અનેક પ્રકારના માર્ગની અંદર અનેક જાતની વાતો બધા કરી રહ્યા છે, તે બધું ખોટું છે. એક ગુરુદેવ બતાવે છે તે જ માર્ગ સાચો છે.'** આ વિશ્વાસ આવ્યો. ગુરુદેવ પર વિશ્વાસ આવ્યો. પોતાના ગુરુ પર વિશ્વાસ આવ્યો.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એમને ક્યાંથી ઓળખાણ પડી? માર્ગની વિધિથી ઓળખાણ થઈને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, લીધું છેને! **'કોઈ કહે કે અનેક પ્રકારના માર્ગ છે તેમાં આ માર્ગ કઈ રીતે સાચો છે?'** સાચો છે તે કેવી રીતે આપે નક્કી કર્યું? એવું ઘણું કહે છે, બીજા એવું ઘણું કહે છે. બીજાઓ જુદું-જુદું કહે છે (પણ) આ જ સાચું છે એમ કેવી રીતે નક્કી કર્યું? **'એ તો પોતે અંદરથી પુરુષાર્થ વડે નક્કી કરી શકે છે કે આ સાચું છે.'** (આ જ છે.) પુરુષાર્થ અને પ્રયોગ કરે એટલે ખબર પડી જાય. પ્રયોગની સરાણે ચડે એટલે સાચા ખોટાનું પારખું થઈ જાય.

મુમુક્ષુ :- પરિણામ સાથે મેળ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અહીં સુધી રાખીએ.

❁

મુનિએ બધા વિભાવો પર વિજય મેળવી પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું છે. વિજયધ્વજ ફરકી રહ્યો છે.

- બહેનશ્રીનાં વચનામૃત - ૧૩૪

## તા. ૧૭-૪-૧૯૯૭, પ્રશ્ન-૧૫૬
## પ્રવચન નં. ૧૦૯

સ્વાનુભૂતિદર્શન, ૧૫૬મો પ્રશ્ન ચાલે છે. પ્રશ્ન એ ચાલ્યો છે કે, જીવ શાસ્ત્રજ્ઞાનમાં ૧૧ અંગ ભણ્યો અને દ્રવ્યલિંગી મુનિ થઈને મુનિદશાને યોગ્ય જિનોક્ત બાહ્ય ચારિત્રનું પાલન કર્યું. જૈન પરમેશ્વરના શાસ્ત્રમાં જેવું ચોખ્ખું બાહ્ય આચરણ મુનિને હોય એવું પાળ્યું તોપણ મોક્ષમાર્ગ સુધી ન પહોંચ્યો. શું રહી ગયું? આ પ્રશ્ન છે. આટલો પરિશ્રમ કર્યો છતાં શું રહી ગયું? ત્યારે અહીંયાં બહેનશ્રીના પોતાના અનુભવથી એમ કહ્યું કે અમને એમ થયું. ગુરુદેવના વચનોનું શ્રવણ કરતાં અમને એમ થયું કે આ જ કરવા જેવું છે. ત્યાંથી અમારી લાઇન ફરી. ત્યારે હવે આપણે cross questionથી થોડુંક વિચારીને ઊંડાણમાં જઈએ કે, દ્રવ્યલિંગી મુનિ આટલો પરિશ્રમ કરે કે ૧૧ અંગનું શાસ્ત્રજ્ઞાન પણ એને હોય અને મુનિ જેવું ચારિત્ર, વ્યવહારચારિત્ર પણ એને હોય, તો આ જ કરવા જેવું છે એટલું નહિ આવ્યું હોય એને?

મુમુક્ષુ :- શરૂઆત ત્યાંથી નહિ કરી હોય?

પૂજ્ય ભાઈશ્રી :- શરૂઆત કે વચમાં આદિ-મધ્ય-અંતમાં - કયાંય એવું આવ્યું નહિ હોય? ચાલો ગમે ત્યારે આવે પછી તો સાચી લાઈનની શરૂઆત થઈ જાયને? માનો શરૂઆતમાં ન આવ્યું હોય, વચ્ચે ન આવ્યું, પછી પણ ન આવ્યું, છેલ્લે છેવટ સુધી ન આવ્યું? કે નથી આવ્યું એ વાત નક્કી છે. કેમકે ૧૫ વર્ષની ઉંમરે બહેનશ્રીની મુમુક્ષુની લાઈન ફરી અથવા તો કોઈપણ જીવની ફરે, એ પ્રકારે આવે તો. એટલે સિદ્ધાંત, નિયમ તો બધાયને એક સરખો લાગુ પડે, તો મુનિને ન આવ્યું?

મુમુક્ષુ :- આ જ કરવા જેવું છે (એને બદલે) કેટલું બધું કર્યું. એ દઢતાથી કરે તો જ થાયને, આમને આમ તો થાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- દઢતા હોય, આત્મકલ્યાણના અર્થે કરે તો જ નવમી ગ્રૈવેયક સુધી જાય. નહિતર જઈ ન શકે નવમી ગ્રૈવેયક સુધી.

મુમુક્ષુ :- આત્મકલ્યાણ અર્થે કરે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આત્મકલ્યાણ અર્થે ન હોય તો ચોખ્ખા ભાવ ન થાયને? આશય કોઈ બીજો હોય સ્વર્ગનો હોય કે બીજો કોઈ હોય તો એટલા ચોખ્ખા ભાવ ન થાય કે નવમી ગ્રૈવેયક સુધી જાય. એટલું ચોખ્ખું પુણ્ય ન હોયને! ઉચ્ચ કોટિનું

પુણ્ય ન હોયને! વિચાર માગે એવો પ્રશ્ન છે. હવે શું છે કે, જીવને રાગ થાય છે, દ્વેષ થાય છે ચારિત્રમોહની પર્યાયમાં. તો ખબર પડી જાય છે કે, મારા ભાવ આવા ચાલ્યા. કેમકે સ્થૂળ ભાવો છે. જીવને મોહ-દર્શનમોહ થાય છે શ્રદ્ધામાં. તોપણ ખબર પડે છે કે મને છોકરો વહાલો છે કે મને પૈસા વહાલા છે કે મને મારું શરીર વહાલું છે. એને હું સાચવું છું. પણ પરલક્ષ થાય છે એ ખબર નથી પડતી. જ્ઞાનનો દોષ થાય છે. દોષ ત્રણ ગુણમાં થાય છે. મુખ્ય ત્રણ ગુણ છે. મોક્ષમાર્ગમાં પણ મુખ્ય ત્રણ ગુણનું પ્રવર્તન છે અને સંસાર માર્ગમાં પણ મુખ્યપણે આ ત્રણ ગુણોનું ઊલટું પ્રવર્તન છે. ઊલટા પ્રવર્તનમાં ચારિત્રગુણમાં રાગ-દ્વેષ થાય છે, શ્રદ્ધાગુણમાં દર્શનમોહ થાય છે, મોહ થાય છે અને જ્ઞાનમાં પરલક્ષ થાય છે અને આ સૌથી મોટો દોષ છે. શાસ્ત્રજ્ઞાન પણ પરલક્ષે થાય છે. કેમકે મુનિ છેને એ તો ઉપદેશ આપવાનો એને ભાવ છે. આ 'સ્વાનુભૂતિ-પ્રકાશ'માં (માસિક પત્રિકાના પ્રકાશનમાં ધ્યાન રાખવાનું) આપણે કે કોઈને ઉપદેશ આપવો નથી. ઉપદેશ આપવાની દૃષ્ટિએ આપણે કાંઈ તૈયારી કરવી નથી. એનું કારણ શું છે? કે અમુક પ્રકારના જીવોને તો ઉપદેશ લાગવાનો જ નથી. અને જેને લાગવાનો છે એને ઉદ્દેશીને લખવાથી કોઈ ફાયદો નથી.

મુમુક્ષુ :- પોતાને કાંઈ ફાયદો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને તો કોઈ ફાયદો નથી. માટે જે વાત પોતાને અસર કરે એ કામની છે પોતાને. એટલે આ જ કરવું છે, એની અંદર લક્ષ ફરે છે. અને લક્ષ ફરે છે તો મુમુક્ષુની ભૂમિકાની બધી વાત આગળ ચાલે છે. લક્ષ ફરે છે, લક્ષ ફરે છે તો દર્શનમોહ ગળે છે. ચારિત્રગુણમાં તો રસ મંદ થાય છે કષાયનો, રાગ-દ્વેષનો રસ મંદ થાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આત્મકલ્યાણ અર્થે ઈ પ્રવૃત્તિ કરી તો શું દ્રવ્યલિંગીનું લક્ષ નહોતું ફર્યું?

પૂજ્ય ભાઈશ્રી :- આત્મકલ્યાણ કરવું છે એ ભાવના તો - સામાન્ય ભાવના તો બધાને જ હોય. જે કોઈ ધર્મના ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરવા આવે, ધાર્મિક પ્રવૃત્તિ કરવા આવે એને આત્મકલ્યાણ કરવું છે એવી ભાવના લઈને તો સામાન્ય રીતે બધા આવે જ છે. પણ પરલક્ષ સાથે સાથે હોય જ છે. આપણા અનુભવથી જોઈએ આપણે તો પરલક્ષ સાથે સાથે હોય જ છે. આ સૂક્ષ્મ પરલક્ષ હોય છે. પરલક્ષમાં પણ સ્થૂળ-સૂક્ષ્મના ભેદો છે. સ્થૂળ ભેદોની અંદર તો જીવ પોતાના સમૂહમાં બીજા જે જીવો હોય એનું લક્ષ કર્યા કરે છે - આ સ્થૂળ પરલક્ષ છે. કુતૂહલવૃત્તિથી કે ગમે તે પ્રકારે પણ બીજા શું કરે છે? આ શું કરે છે? આ શું કરે છે? આ શું કરે છે? આ શું

કરે છે? ઈ જે પરલક્ષ થયું છે એ તો ઘણું નુકસાનકારક છે. અને એ તો ઘણાં, નહિ ધારેલા અનિષ્ટ પરિણામોને ઉત્પન્ન કરશે. સત્સંગ બધો એનો ચવાઈ જશે. એટલું જ નહિ યથાર્થ સત્સંગમાં કદાચ ટકી પણ નહિ શકે. કારણકે યથાર્થ સત્સંગમાં પરલક્ષને મારવાની ચર્ચા આવશે અને એને ઈ જો રુચશે તો બદલશે અને નહિ રુચે તો છૂટો પડી જશે, આઘો જતો રહેશે. અહીં સુધીના નુકસાનકારક પરિણામો પરલક્ષમાં પડ્યા છે. સૂક્ષ્મ પરલક્ષ એવું હોય છે કે, કોઈ બીજા જીવને ઉદ્દેશીને વિચારો ચાલે, વાંચન ચાલે, શ્રવણ ચાલે, ચર્ચા ચાલે, ઉપદેશ ચાલે, - પોતાને પોતાનું પ્રયોજન જે છે કે મારે આ જગ્યાએથી છૂટવું છે, આ જગ્યાએથી મને નુકસાન થાય છે, વર્તમાનમાં હું અહીંયાં જ અટક્યો છું - ઈ ધ્યાન નથી જતું. એ લક્ષ પર આવતું નથી એનું નામ પરલક્ષ, ઈ સૂક્ષ્મ હોય છે. તત્ત્વવિચારણા ચાલે, ઊંડી વિચારણા ચાલે, ઘણી વિચારણા ચાલે તોપણ મને અત્યારે આગળ વધવા માટે જ્યાં છું ત્યાંથી તો મારે શું કરવું જોઈએ અત્યારે? એના ઉપર લક્ષ નથી જતું. 'આ જ કરવું છે' એ જ્યારે મક્કમપણે આવે છે, દઢપણે આવે છે ત્યારે પહેલું-વહેલું લક્ષ ફરે છે અને લક્ષ ફરે છે ત્યારે શું કરવું તે સમજાય છે. એટલે કૃપાળુદેવે લીધું છે, ૧૯૫માં છેલ્લું વચનામૃત તેમનું આ છે કે, આવી વેદનામાં આવ્યા પછી શું કરવું તે સમજાય છે. તમારે સઘળાએ આ જ શોધવાનું છે. આ જ શોધવાનું છે એટલે કેવી રીતે વેદનામાં અવાય તે શોધવાનું છે. પછી શું કરવું તે સમજાય છે એટલે પછી પોતાના માટે શું કરવું તે સમજાય છે. પોતાના હિત માટે શું કરવું તે પછી સમજાય છે. ઈ પહેલા એને મારે ખરેખર શું કરવું જોઈએ? ઈ નથી સમજાતું. એટલે જીવ બે પ્રકારે પ્રવૃત્તિ કરે છે. એક ચારિત્રગુણમાં બાહ્યાચરણની અંદર ત્યાગ, વ્રત, નિયમ, સંયમ, પાલન કરે છે, એક મુનિદશા યોગ્ય ઈ એનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત છે. અને જ્ઞાનની પ્રવૃત્તિમાં શાસ્ત્રઅધ્યયન કરે છે તો ઉત્કૃષ્ટપણે ૧૧ અંગ સુધી પહોંચી જાય છે, પણ લક્ષ ફર્યું નહિ. લક્ષ ફર્યા વિના એમ કહો કે વેદનામાં આવ્યા વિના કહો.

મુમુક્ષુ :- સિદ્ધાંત થઈ ગયો આ! વેદના પહેલા કોઈને...

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષ ન ફરે. મોટી વાત એ છે. વેદનામાં આવે છે એ જીવને એટલી મક્કમતા આવે છે. આત્મકલ્યાણની ભાવનાની એટલી મક્કમતા વેદનાને લઈને આવે છે. કેમકે આંતરડીમાંથી ઉઠી એ વાત. આત્મકલ્યાણની ભાવનાની વાત ક્યાંથી ઉઠી? આંતરડીમાંથી ઉઠી. આંતરડી કકળી એની, આપણે ગુજરાતી ભાષામાં શું કહીએ છે એને? આંતરડી કકળી એની. એટલે આંતરડી કકળી એટલે ત્રાસ થઈ ગયો એને સંસારથી. ત્યારે એને યથાર્થ ઉદાસીનતા અને વૈરાગ્યનો પણ પ્રારંભ થઈ ગયો. એટલે

ઈ જે પડખું ચોખ્ખું નથી હોતું શાસ્ત્રઅધ્યયન કરવાવાળાને ઈ પડખું ચોખ્ખું થઈ ગયું. અને બાહ્ય ચારિત્ર પાળવાવાળાને તો વૈરાગ્ય ઘણો હોય છે કેમકે એ તો ઘર છોડી કુટુંબ-પરિવાર છોડીને દીક્ષા લ્યે છે. એટલે વૈરાગ્ય હોય છે પણ યથાર્થ વૈરાગ્ય નથી હોતો. વૈરાગ્ય હોવો અને યથાર્થ વૈરાગ્ય હોવો એમાં ફરક છે. એટલે જ્ઞાનીઓએ પોતાના અનુભવથી આ વાત મુકી કે એકવાર તારા પરિભ્રમણની સમસ્યા ઉપર વેદના તને આવવી જોશે. અને માર્ગ નથી મળતો એના માટે તને ઝૂરણા આવવી પડશે. માર્ગ માટે ઝૂરીશ ત્યારે જે યથાર્થ ઉદાસીનતા આવશે, ત્યારપછી તને શું કરવું તે સમજાશે, ત્યાં સુધી તને તારું પ્રયોજન નહિ સમજાય. અને તારું પ્રયોજન નથી પકડાતું એનું કારણ તને તારું સ્વલક્ષ નથી. આપણે પરિણામોની ચર્ચા લઈએ છીએ. એમાં સવાલ તો સરવાળે ઈ જ આવે છેને? સરવાળે સવાલ શું આવે છે? ultimately હવે મારે શું કરવું? તો તેનો અર્થ કે મારે શું કરવું એ મને ખબર નથી.

મુમુક્ષુ :- અંદરથી ઈ વાત સૂઝતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- સૂઝતી નથી. નહિતર કાંઈ બધાને બતાવનારા મળે છે અને આગળ વધે છે એવું તો કાંઈ નથી. ભલે ગુરુદેવ મળ્યા બહેનશ્રીને પણ ઈ કાંઈ આવી ચર્ચા કરીને પગલે પગલે કાંઈ માર્ગદર્શન મળે એવો scope તો હતો જ નહિ કે એ વારંવાર ચર્ચા કરી શકે, માર્ગદર્શન મેળવી શકે. એ વ્યાખ્યાનમાં જાય ને સાંભળીને આવતા રહે એમાંથી લેવાય એટલું લઈ લે. પણ જીવની જ્યારે પોતાની તૈયારી થાય છે ત્યારે વેદનામાં આવે છે. એ બહુ વેદનામાં આવ્યા છે, ખૂબ જ વેદનામાં આવ્યા છે. એટલે આ જ કરવું છે, ઈ એવી રીતે આવ્યું, આ જ કરવું છે. બસ આ લક્ષ થયું ત્યાંથી. પરલક્ષ બંધ થયું અને સ્વલક્ષ થયું એટલે પ્રયોજનની સિદ્ધિ અનિવાર્ય છે અને પરલક્ષમાં પ્રયોજનની અસિદ્ધિ પણ અનિવાર્ય છે. આમની અંદર જે મૂળ વાત પડી છે ઈ આ જગ્યાએ પડી છે. નહિતર વિચાર માંગે એવો પ્રશ્ન છે કે, જે જીવ ઘર સંસાર છોડીને બધું ત્યાગીને જંગલમાં જઈને મુનિ યોગ્ય જિનોક્ત ચારિત્રનું પાલન કરે અને ૧૧ અંગ સુધી ભણે એક જ જીવને બેય વાત હોય. બે જુદાં-જુદાં લેવા.

મુમુક્ષુ :- એક જ જીવને.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ જીવને બેય વાત હોય. જ્ઞાનનો ક્ષયોપશમ પણ ૧૧ અંગ સુધી જાય અને ચારિત્રનો ક્ષયોપશમ પણ દ્રવ્યલિંગી મુનિ સુધી જાય અને છતાં અનંત સંસાર ઉભો રહી જાય. જ્ઞાનનો ઉઘાડ એટલો બધો હોય એને કે કોઈ સત્પુરુષને શોધીને હું એની પાસેથી કાંઈક માર્ગ મેળવું એ સૂઝ જ ન આવે. શાસ્ત્રમાં બધું કીધું છે અને મને ખબર છે, ક્યાંય પણ અસમાધાન થતું નથી. બધું સમજાય છે પણ

લક્ષ ક્યાં છે? પરલક્ષી ૧૧ અંગનું શાસ્ત્રજ્ઞાન નિષ્ફળ જાય. એટલે ઈ સત્‌પુરુષ તો ચોથા ગુણસ્થાનમાં ગૃહસ્થમાં પણ હોય ને આ મુનિ થઈ ગયો હોય એટલે શું કરે? પછી ઈ ત્યાં એને નડે.

મુમુક્ષુ :- ગામમાં તો જઈ શકે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- અને જાય તો ઈ મુનિ થઈને ઓલાના ઘરે ક્યાંથી જાય? ગૃહસ્થના ઘરે. કે મને કાંઈ ખબર પડતી નથી એમ કેમ કહે? અને ૧૧ અંગનું શાસ્ત્ર ભણી ગયો હોય ને (પેલા) સત્‌પુરુષને તો કાંઈ એટલું જ્ઞાન હોય નહિ એની પાસે. એની પાસે તો એટલું શાસ્ત્રજ્ઞાન હોય નહિ ઈ એને કેવી રીતે કહે કે મને સમજાવો.

મુમુક્ષુ :- બીજા ભાવલિંગી મુનિ હોય તો એની પાસે પણ આ વાત..

પૂજ્ય ભાઈશ્રી :- ભાવલિંગી મુનિ હોય (પણ) એ સ્વલક્ષ હોય તો એ વિચાર આવે. નહિતર હું કરું છું એ બરાબર કરું છું...

મુમુક્ષુ :- તો તો ભાઈશ્રી એમ થાયને કે હું જે કામ માટે નીકળ્યો છું ઈ કામ હજી મારું થયું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે થોડોક ભ્રમ થાય છે એને અહીંયાં. બે પ્રકારે ભ્રમ થાય છે. કષાય અત્યંત મંદ થાય છે એટલે શાતાની શાંતિ ઘણી છે ત્યાં, માનસિક શાતાની એટલે ત્યાં અટકવું બને છે - ઈ ખબર નથી પડતી. એટલે કોઈવાર તો એમ પણ ભ્રમ થાય છે કે આ જ ભાવલિંગી મુનિદશા છે. ઘણી શાંતિ, ઘણી શાંતિ તમને કઈ ન શકું એટલી બધી મને શાંતિ છે એમ કહે. એને, માનસિક શાંતિને એ આત્મશાંતિ માને છે - એવું બને છે. અને જે શુભભાવો થાય છે એ શુભભાવોની જાતની પરખ નથી. કેમકે અવલોકન સુધી તો પહોંચ્યા ન હોય. સ્વલક્ષ ન હોય એટલે અવલોકન સુધી પહોંચ્યા ન હોય. આ નિજાવલોકન છે ઈ સ્વલક્ષમાં આગળ વધેલા જીવનું પરિણમન છે. મુમુક્ષુતામાં સ્વલક્ષમાં આગળ વધ્યો ત્યારે યથાર્થ નિજ અવલોકનમાં આવે છે. એટલે (દ્રવ્યલિંગી) અટકી જાય છે. શુભભાવમાં પણ અટકી જાય છે અને શાંતિમાં પણ અટકી જાય છે અને ઈ અટકી જાય છે એમાં ઊંડે-ઊંડે એને સંતુષ્ટપણું છે કે, આટલું હું બરાબર ચારિત્ર પાળું છું અને મને બરાબર જ્ઞાન પણ છે. મારામાં જ્ઞાન પણ છે અને મારામાં ચારિત્ર પણ છે.

મુમુક્ષુ :- સમ્યક્‌દર્શનની ખબર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એવી ખબર નથી પડતી. સમ્યક્ત્વ-મિથ્યાત્વની ખબર પડે તો તો શું જોઈએ? પોતાના પરિણમનને નથી ઓળખતો. આમ વ્યાખ્યા બધી આવડે. મિથ્યાત્વ આને કહેવાય, સમ્યક્ત્વ આને કહેવાય. પોતાના પરિણમનને ન પકડી શકે.

કારણકે સ્વલક્ષ જ absent છે. lacking point તો સ્વલક્ષનો જ છે.

મુમુક્ષુ :- આમ તો ભાઈશ્રી, દ્રવ્યલિંગીને ગૃહીત મિથ્યાત્વ ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- ગૃહીત ન હોય. ગૃહીત મિથ્યાત્વ ન હોય તો શું થઈ ગયું? જે સંતુષ્ટપણું ઊંડે-ઊંડે છે કે હું જે કરું છું એ બરાબર છે, એ સંતુષ્ટપણું દર્શનમોહની વૃદ્ધિ કરે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પોતે માર્ગે નહિ હોવા છતાં હું માર્ગમાં છું, એ ગૃહીત મિથ્યાત્વ થઈ ગયું?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઈ ગૃહીત, સૂક્ષ્મ ગૃહીત મિથ્યાત્વ થઈ ગયું. ઈ સૂક્ષ્મ ગૃહીત મિથ્યાત્વ છે. હોય એ કાં ન હોય તો ઈ એનો કાંઈ સવાલ નથી, પણ સંતુષ્ટ છે ને?

મુમુક્ષુ :- ભાઈશ્રી! પહેલેથી એમણે ગુરુમહારાજને માથે ન રાખ્યાને!

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જ્ઞાનીને (માથે ન રાખી) પોતાની રીતે આગળ વધી ગયા.

મુમુક્ષુ :- પણ અહીંયાં ભાઈશ્રી, મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી છે અને એક સમ્યગ્દષ્ટિ દ્રવ્યલિંગી છે, તો સમ્યગ્દષ્ટિ દ્રવ્યલિંગીને તો ખબર છે કે હું ભાવલિંગી નથી પણ મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગીને ખબર નથી કે આ....

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દષ્ટિ થયો ઈ તો સ્વલક્ષપૂર્વક થયો છેને? એટલે એને તો ક્યાં તકલીફ છે? એ તો સહજપણે તીવ્રકષાયમાં નથી માટે મંદકષાયમાં રહે છે. સહજપણે એને તીવ્ર કષાયો ઉદ્‌ભવતા જ નથી. એવી એની પ્રકૃતિ જ એવી ઠંડી છે તો સહજપણે મંદ કષાયમાં રહે છે.

મુમુક્ષુ :- સંતુષ્ટ ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- એનાથી કાંઈ એને સંતોષ નથી કે પોતાને મુનિ માનતા-મનાવતા નથી-એમ છે. પોતાને મુનિ માનતા પણ નથી અને મનાવતા પણ નથી. ઈ તો કષાયની મંદતાને લઈને પુણ્ય બંધાય છે. (દ્રવ્યલિંગી) ચારિત્ર, બાહ્યચારિત્ર પાળવામાં ખૂબ જ પોતે ચુસ્ત રીતે પાળે છે. એટલે કે કષાયની મંદતા ઘણી છે અને આધાર શું લીધો છે? કે હું જૈન મુનિ છું. જૈન મુનિ હોવાથી આ પ્રકારે જિનેશ્વરદેવે શાસ્ત્રમાં કહ્યાં તે પ્રમાણે જે આચરણના ગ્રંથો છે તે અનુસાર મારું ditto to ditto બરાબર ચારિત્ર પાલન થવું જોઈએ. એટલે એને વળગી રહે છે એ. અને પાળી શકે છે. એટલો ક્ષયોપશમ છે ચારિત્રગુણને તો પાળી શકે છે. તો એ બે વાતનો એને આધાર મળી ગયો કે ભગવાને કહેલું હું ચારિત્ર પાળું છું અને ભગવાનના કહેલા શાસ્ત્રો વાંચું છું, ‘જ્ઞાન ક્રિયાભ્યાં

મોક્ષઃ' જ્ઞાન પણ છે અને ક્રિયા પણ છે માટે મારો મોક્ષ છે. શ્રદ્ધાનો જે દર્શનમોહનો વિષય છે એનાથી અજાણ્યો છે પોતે અંદરમાં. પોતાના પરિણામોમાં, શાસ્ત્રમાં એ વિષય આવે ને સમજી ને સમજાવે. સમજે અને સમજાવે બેય. પોતાના પરિણમનમાં અજાણ્યો છે એમ થાય છે. એટલે આપણે ભૂમિકાને લાગે વળગે છે ત્યાં સુધી, કે 'આ જ કરવું છે' એવા નિર્ધારમાં લક્ષ ફરી જવું જોઈએ. ગોખી લેવાની વાત નથી, કે આ જ કરવું છે હવે મારે આ જ કરવું છે. લક્ષ ફરી જવું જોઈએ. લક્ષ ફરશે એટલે ક્રમ શરૂ થઈ જશે automatic. આપોઆપ ક્રમમાં આવશે આનુષંગિક પરિણામો બધા ઉભા થાશે. ભૂમિકા અનુસારના જે આવવા જોઈએ તે બધા આવશે.

મુમુક્ષુ :- અહીંયાં તો દ્રવ્યલિંગી બહુ સ્થૂળ ભૂલ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્થૂળ ભૂલ કરે છે. છેલ્લો પેરેગ્રાફ છે ૧૦૯ પાને. **'આ જ કરવા જેવું છે એમ વારંવાર તેનો વિચાર,..'** આવ્યા કરતો હતો એમ કહેવું છે. એ તો વારંવાર વિચાર આવ્યા કરતો હતો. તો તેનું મંથન પણ વારંવાર ચાલતું હતું. આ જ કરવું છે - એનું મંથન ચાલતું હતું, વિચાર ચાલતા હતા, મંથન ચાલતું હતું. આ લક્ષ કેવી રીતે ફરે છે? કે લક્ષ ફરવામાં process શું છે? એને **'અંતરમાંથી નક્કી કર્યું હતું..'** ઉપર-ઉપરથી નહિ. **'અંતરમાંથી નક્કી કર્યું હતું કે આ ગુરુદેવે બતાવ્યો તે માર્ગ જ સાચો છે.'** અનેક પ્રકારના માર્ગમાંથી આ જ માર્ગ સાચો છે. હવે, જુઓ કે અંતરમાંથી જ્યારે નક્કી કર્યું હોય કે આ જ કરવું છે અને ન થતું હોય તો વેદના આવ્યા વગર કેવી રીતે રહે? અને વેદના નથી આવતી... આપણે એમ કહીએ ના, ના મારે તો આજ કરવું છે પણ વેદના નથી આવતી, વાતને મેળ ખાતો નથી. તમારે તમને બહારમાં કોઈપણ કામ કરવાની પાક્કી જરૂરિયાત લાગી હોય અને ન થતું હોય તો ઊંચા-નીચા થાવ કે ન થાવ? કોઈ વાત તમને એમ લાગી, ભલે ગમે એ સામાન્ય વાત હોય કે વિશેષ વાત હોય; વાત કરવાની એકદમ જરૂરિયાત તમને લાગી હોય એ વખતે. હોય કે ન હોય એ પછી વાત છે. પણ તમને લાગી હોય અને ન થતું હોય તો ઊંચા-નીચા થઈ જાઓ કે ન થઈ જાઓ?

મુમુક્ષુ :- થઈ જાય, ધમપછાડા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- તો પછી અહીંયાં કેમ ધમપછાડા ન થયા? માટે ખરેખર અંતરથી નક્કી કર્યું નથી કે આ જ કરવું છે. ઈ અંતરથી નક્કી કર્યું નથી. સાવ એક ને એક બે જેવી વાત છે ચોખ્ખી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! માનો કે આ વાતની પણ ખબર પડી સત્સંગમાં રહીને કે આપણે અંતરમાંથી નક્કી કર્યું નથી, એટલે ઈ વાતનું પણ રટણ થઈ જાય છે કે,

આપણે અંતરમાંથી ક્યાં નક્કી કર્યું છે? આપણે અંતરમાંથી ક્યાં નક્કી કર્યું છે? એટલે આગળ વધવાની દિશામાં જે પ્રયાસ ચાલવો જોઈએ, આ વાત સાંભળીને યથાર્થપણે આ વાતને પરિણમાવે તોપણ તેનું result તો એમ આવવું જોઈએને કે મારે કોઈપણ હિસાબે આગળ વધવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા! અને ન આગળ વધે તો એને વેદના આવ્યા વગર રહે નહિ. વાસ્તવિકતા એ છે. એ પ્રકારની વાસ્તવિકતા એ છે કે આવ્યા વગર રહે નહિ. કેમકે જેને કરવું હોય ને ન થાય એને તો આકુળતા થવાની, થવાની ને થવાની. ઈ આકુળતાનું નામ વેદના છે. અનેક પ્રકારના માર્ગ એટલે ઉપાય. અનેક પ્રકારના ઉપાયની અંદર અનેક જાતની વાતો બધા કરી રહ્યા છે બીજા લોકો, તે બધું ખોટું છે. એટલે એ એમણે તારવ્યું કે, ગુરુદેવ કહે છે એ જ બરાબર છે. બાકી બધા કહે છે એ ખોટું છે. એટલે સત્પુરુષને નક્કી કરી લીધા. આ એક બહુ મહત્ત્વનું કામ થઈ ગયું કે, સત્પુરુષને નક્કી કરી લીધા. કોઈ કહે કે અનેક પ્રકારના માર્ગ છે તેમાં આ માર્ગ કઈ રીતે સાચો છે? તર્ક કરે, કે ગુરુદેવ કહે છે ઈ માર્ગ જ શું કરવા સાચો છે? બીજા પણ ઘણાં ઘણી વાતો કરે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આગળ જે વાત લીધીને હમણાં કે મંથન કરી-કરીને અંતરમાંથી નક્કી કર્યું હતું, તો આ માર્ગની દિશામાં વધારે મંથન ચાલ્યું હશેને કે ખરેખર માર્ગ શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- ખૂબ ચાલ્યું છે. હા, ખૂબ ચાલ્યું છે. આ માર્ગની દિશામાં તો ખરું, (અને) આ જ - આત્મકલ્યાણ જ કરવું છે. અને આ જ આ ભવમાં કરી લેવા જેવું છે, ઈ વિષય પર મંથન ખૂબ ચાલ્યું અને એ વિષય ઉપર ખૂબ મંથન ચાલ્યા પછી પણ માર્ગ ન મળ્યો. ટાઈમ લાગ્યો કેમકે એમને ત્રણ વર્ષ ગયા, ત્યારે વેદનામાં આવ્યા છે. એ ત્રણ વર્ષ દરમ્યાન એ વેદનામાં આવ્યા છે અને સારી રીતે વેદનામાં આવ્યા છે. એક બાજુ વેદનામાં આવ્યા છે, બીજી બાજુ સત્પુરુષ પણ મળ્યા છે અને એમના ઉપર પણ એમને વિશ્વાસ બેઠો છે. બીજો પણ પોતે પ્રશ્ન ઉઠાવ્યો કે ગુરુદેવ બતાવે છે તે જ માર્ગ સાચો છે એમ મને નક્કી થયું તો કોઈ તર્ક કરશે કે ઈ કઈ રીતે તમે સાચો નક્કી કર્યો અને બીજા બધા કહે છે ઈ બરાબર નથી ઈ કઈ રીતે નક્કી કરી લીધું? ઉંમર નાની હતી, એટલા બધા કાંઈ શાસ્ત્રો વાંચ્યા નહોતા. એટલો બધો ઉઘાડ પણ નહોતો પોતાને, એટલું બધું એમને સાંભળવા (પણ) નહોતું મળ્યું એમ કહીએ તો ચાલે. નક્કી કેવી રીતે કર્યું કે આ જ કહે છે એ બરાબર છે. આ જ સાચા છે અને બીજા સાચા નથી. એમ કેવી રીતે નક્કી કર્યું? તે તો પોતે

અંદરથી પુરુષાર્થ વડે નક્કી કરી શકે છે કે, આ સાચું છે. એટલે શું? કે જે વાત એમને સાચી લાગી એને એમણે અમલીકરણમાં - પ્રયોગમાં મૂકી. પ્રયોગ (અને) પુરુષાર્થ એકસાથે હોય છે. પ્રયોગ હોય અને પુરુષાર્થ ન હોય, અને પુરુષાર્થ હોય અને પ્રયોગ ન હોય એમ ન બને. એ વખતે ખબર પડી જાય છે, જ્યારે જીવ પ્રયોગે ચડે છે ત્યારે એને ખબર પડે છે કે આ કહેનાર સાચા છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પ્રાયોગલબ્ધિ આ જ કહેવાયને?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રાયોગલબ્ધિ તો એમાં આવી જતી હશે કેમકે એ વખતે યોગ્યતામાં પ્રાયોગલબ્ધિમાં શું થાય છે? કે દર્શનમોહ અંતઃ કોડાકોડીમાં આવી જાય છે. દર્શનમોહના જે પરમાણુ છે દ્રવ્યકર્મ એ અંતઃ કોડાકોડીની સ્થિતિમાં આવી જાય છે. એને, એવી યોગ્યતાને પ્રાયોગલબ્ધિ કહે છે. અહીંયાં આપણે શું લેવું છે કે, કહેનાર સાચા છે કે ખોટા છે? એનો નિર્ણય કેવી રીતે થાય? કેમકે કહેનારા ઘણાં છે અને પોતે આ વિષયનો અજાણ્યો છે. આમ બે બાજુ તકલીફ છે. જો એક જ કહેનાર હોત ચોથા આરાના આદિનાથ તીર્થંકરની જેમ તો-તો વાંધો નહોતો. કે ભાઈ, તારે કોઈ છે જ નહિ આ એક જ મહાપુરુષ છે અને આમાં કાંઈ બીજું વિચારવા જેવું છે નહિ. એમની અંતર્-બાહ્યદશા જ એવી છે કે કાંઈ શંકાનો કોઈ અવકાશ નથી. પણ અત્યારે તો દુકાનું ઘણી અને બધાય કહે કે મારી પાસે pure માલ છે. એક ઈ તકલીફ છે, બીજું પોતે અજાણ્યો છે ઈ તકલીફ છે. બે બાજુની તકલીફ છે. નિમિત્તમાં પણ તકલીફ છે, ઉપાદાનમાં પણ તકલીફ છે. એટલે વાત થોડી અઘરી થાય છે, કઠણ પડે છે. પણ એના બે ચિહ્નો છે કે જ્યાંથી વાત સાચી નક્કી કરી શકાય. એવા બે ચિહ્નો છે. એક તો આત્મકલ્યાણની દિશામાં તારા આત્મા ઉપર એના વચનોની અસર શું થાય છે? આત્મકલ્યાણના પ્રકરણમાં, આત્મકલ્યાણની બાબતમાં તને શું અસર થાય છે? તારો આત્મા કેવી રીતે ભીંજાય છે? ઈ નંબર વન, બીજું કે પ્રયોગ કર! તને અસર ન થતી હોય પણ તારે ચકાસણી જ કરવી હોય તો ઈ કહે છે એનો અમલ કરીને પ્રયોગ કર. પ્રયોગ કરતા એ કહે છે એવું result આવતું હોય તો કહેનાર સાચા છે, એનું proof આપણે તાળો મળી જાય છે. શું? આપણે કોઈ દાખલો ગણીએ અને જવાબ એનો આવ્યો હોય એને સાચો નક્કી કરવો હોય તો તાળો મેળવવો પડે. આઠ નવું બોતેર, આઠ નવું બોતેર. એ બોતેર સાચા છે કે કેમ નક્કી કરવું. તો કે બે ટુકડા કરો. ગુણાકારના બે ટુકડા કરી નાખો અને પછી બન્નેના result નો સરવાળો કરો એટલે મળી જશે.

મુમુક્ષુ :- આઠ નવ વખત લખી નાખો અને સરવાળો કરી નાખવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અથવા આઠને નવ વખત લખીને સરવાળો કર. તોપણ થઈ જશે. આઠ નવું બોતેર. કોઈપણ રીતથી તાળો મેળવવો હોય તો મેળવી શકાય છે. આ એનો તાળો મેળવી લેવાની વાત છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં પુરુષાર્થમાં શ્રદ્ધાની મુખ્યતાપૂર્વક પુરુષાર્થની વાત ન કરી માતાજીએ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પુરુષાર્થ છે એ તો વીર્યગુણની પર્યાય છે. પણ અહીંયાં આ પુરુષાર્થ કાંઈ સમ્યક્ પુરુષાર્થ તો છે નહિ. મુમુક્ષુની ભૂમિકા છે તો એને પુરુષાર્થ તો પ્રયોગમાં જ થાય બીજો કાંઈ તબક્કો નથી કોઈ.

આપણે દાખલો લઈએ કે ભાઈ ગુરુદેવે એમ કહ્યું કે રાગ માત્ર દુઃખરૂપ છે, બરાબર છે? અને દુઃખ તો અનુભવનો વિષય છે. વિચારીને નક્કી કરવાનો વિષય નથી, અનુભવીને નક્કી કરવાનો વિષય છે. ત્યારે પોતે પોતાના અનુભવને જોવે. તો કેટલાક રાગમાં એને દુઃખ થાય છે ને કેટલાક રાગમાં એને સારું લાગે છે, એમાં સુખ થાય છે. કેટલાક રાગમાં દુઃખ થાય છે અનુભવમાં કેટલોક રાગ સારો લાગે છે, એમાં સુખ થાય છે. ત્યારે કહે છે કે, ગુરુ એમ કહે છે - જેના વચનો હું સાંભળું છું એ એમ કહે છે કે રાગ માત્ર દુઃખરૂપ છે. તારો એકે એક રાગ દુઃખરૂપ છે. ત્યારે હવે એનો પ્રયોગ કરવો રહ્યો. કે જે રાગમાં એને સુખ લાગે એનું અવલોકન કર કે તને સુખ લાગ્યું ઈ વાસ્તવિક છે? કે ગુરુ કહે છે એવું કાંઈ છે એની અંદર? અનુભવને તપાસ! જ્ઞાન સુખરૂપ છે અને રાગ દુઃખરૂપ છે. તપાસતા મીંઢવણી કર જ્ઞાન સાથે કે જ્ઞાનમાં દુઃખ છે? જેવું રાગનું પરિણમન છે એવું જ્ઞાનનું પરિણમન છે? નહિ. જાત તો ફેર છે. કઈ રીતે ફેર છે? રાગમાં આકુળતા છે, જ્ઞાનમાં આકુળતા નથી - ઈ રીતે ફેર છે. એમ પોતાના પરિણમનને પ્રયોગમાં લ્યે એટલે શ્રીગુરુની વાત ઉપર વિશ્વાસ આવે કે કહેનાર સાચા છે. વાત ઉપર વિશ્વાસ આવે એટલે વ્યક્તિ ઉપર વિશ્વાસ આવે. અમારે તો એવું જ થયું હતું, ગીતા વાંચી એમાં શ્રીકૃષ્ણ આમ કહે છે.. શ્રીકૃષ્ણએ એમ કીધું કે ન કીધું? આજથી પાંચ-દસ હજાર વર્ષ પહેલા થઈ ગયા ઈ. મહાવીરસ્વામી પહેલા થયા છે એ તો. વધારે વર્ષ થયા છે, પાંચ હજાર વર્ષ તો એ લોકો કહે છે. એ લોકો શ્રીકૃષ્ણને પાંચ હજાર વર્ષ... આપણે તો વધારે કહે છે, કારણકે આપણે તો (નેમિનાથ ભગવાન) બાવીસમાં તીર્થંકર (ના સમકાલીન છે એમ આવે છે.)

મુમુક્ષુ :- આપણે ચોર્યાસી હજાર વર્ષ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલા વર્ષ વધારે થઈ ગયા. કારણકે (નેમિનાથ ભગવાન) બાવીસમાં તીર્થંકર છે. (વચ્ચે) પાર્શ્વનાથ તીર્થંકર થઈ ગયા. નેમિનાથ ભગવાન પછી

પાર્શ્વનાથ ભગવાન અને પછી મહાવીર સ્વામી છે. એટલે આમને તો ઘણાં વર્ષ થઇ ગયા. હવે ઇ તો જે છે એ... આજે ભૂતકાળની વાતને તો કાંઇ નક્કી કરી શકાય નહિ, કે આણે કીધું હતું કે નહોતું કીધું? એના નામે પુસ્તક તો અત્યારે પણ છપાવી શકાય છે. મહાવીર સ્વામીના નામે પુસ્તક છપાવી શકાય કે મહાવીર સ્વામીએ આમ કીધું. શ્રીકૃષ્ણના નામે પુસ્તક છપાવી શકાય કે શ્રીકૃષ્ણએ આમ કીધું હતું. બેય ભૂતકાળમાં થઇ ગયેલા મહાત્માઓ છે. કેમ નકકી કરવું? સમ્યગ્દર્શનની અપેક્ષાએ તો બેય કહેનાર એક જ છે અને એક જ વાત કહેવાના છે, પણ અહીંયાં તો જુદાં-જુદાં પંથ ચાલે છેને?! બેયના નામે જુદાં-જુદાં પંથ ચાલે છે. એટલે અભિપ્રાય ફેર છે એ વાત નકકી થઇ ગઈ. કોનું માનવું? કેવી રીતે માનવું? અને મહાત્માના નામે વાત હોય તો આપણે જલ્દી એનો અનાદર પણ ન કરીએ. કોનો અનાદર કરવો? કેવી રીતે કરવો? આ સવાલ મુમુક્ષુને સહેજે ઉભો થાય. ત્યારે પ્રયોગ કરવો પડે છે. કે જે-જે વાતો આવી એનો પ્રયોગ કર, જે-જે વાતો આવી એનો પ્રયોગ કર! તરત ખબર પડશે તને.

મુમુક્ષુ :- તમારે એવું થયું હતું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રયોગ કરવો પડે. અનેક વાતોનો પ્રયોગ કરવો પડે અને પ્રયોગ કરો એટલે ખબર પડે કે, આ બરાબર કહે છે. જો કે આમાં તો શું છે? અન્મતમાં ને જૈનમતમાં મોટો difference તો આ છે, મોટો તફાવત આ છે. બુદ્ધિ હોય તો થોડીક ખબર પડે એવી વાત છે. અને એ દિશામાં બુદ્ધિએ થોડુંક કામ કર્યું. કે જૈનદર્શનમાં જે વિજ્ઞાન છે એ વિજ્ઞાન ક્યાંય નથી. વસ્તુનું, સ્વરૂપનું વિજ્ઞાન ક્યાંય નથી અને વિજ્ઞાનને અનુસરીને બોધ એટલે ઉપદેશ નથી. ઉપદેશ છે બધે, અને જૈન જેવો જ ઉપદેશ છે પાછો. ગીતામાં-વેદાંતમાં જૈન જેવો જે ઉપદેશ છે, પણ એનો base વિજ્ઞાન જોઇએ, ઇ નથી. અહીંયાં એ વિજ્ઞાન છે. ઇ મોટો ફેર હતો.

મુમુક્ષુ :- ભાઈશ્રી. વિજ્ઞાન એટલે વિધિ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, નહિ, વિજ્ઞાન એટલે science. પદાર્થના ગુણધર્મો. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. કૃપાળુદેવે મનસુખરામ સૂરીરામને પ્રશ્ન શું મૂક્યો? કે કોઇપણ પદાર્થની પ્રજ્ઞાપનીયતા, પોતે શાસ્ત્રીય ભાષા વાપરી છે, સામે વિદ્વાન છે ને એટલે. વર્ષ તો હજી એકવીસ-બાવીસમું છે, ઉંમર મોટી નથી પણ ભાષા તો વિદ્વાનની સામે વિદ્વાન જેવી જ વાપરે. કે કોઇપણ પદાર્થની પ્રજ્ઞાપનીયતા તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી માલૂમ પડે છે, સમજી શકાય છે. તો આત્મા પણ એક પદાર્થ છે, હયાતી ધરાવતો પદાર્થ છે. તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તેની પ્રજ્ઞાપનીયતા, તેનું જ્ઞાન થઇ શકે છે, તો એ કેવી રીતે એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે? તે આપ જરૂર લખશો. શું લખે? ત્યાં તો

વિજ્ઞાન જ નથી. એ લોકો માને છે કે, આત્માનું ક્ષેત્ર આખા વિશ્વ પ્રમાણ છે. એક જ પરમબ્રહ્મ છે સર્વવ્યાપક. આત્માને સર્વવ્યાપક માને તો કેટલા પ્રદેશો એના એ કાંઈ નથી. અહીંયાં તો અસંખ્ય પ્રદેશો કે અનંત પ્રદેશોની સંખ્યા છે, ત્યાં તો એ પણ નથી. દ્રવ્ય અપેક્ષાએ એક દ્રવ્ય છે કે અનેક દ્રવ્ય છે એનું સ્પષ્ટીકરણ નથી. પ્રકૃતિને જડ માને છે, પણ ઈ દ્રવ્ય છે કે શું છે એ કોઈ એનું science નથી, એના ગુણધર્મોનું science નથી. આત્મામાં શક્તિ અનંત છે, પણ કેટલી-કેટલી ને કેવી-કેવી શક્તિ છે એના ભેદો નથી એમની પાસે. અભેદ સ્વરૂપને સ્વીકારે છે. ભેદમાં તો લોચા છે બધા ક્યાંય વર્ણન નથી. અને અગુરુલઘુગુણ ઈ એક એવો ગુણ છે કે એક દ્રવ્યને બીજા દ્રવ્યરૂપે ન થવા દે. એકગુણને બીજા ગુણરૂપે ન થવા દે, એક પર્યાયને બીજી પર્યાય(રૂપે ન થવા દ્યે.) એ વિષય તો એ લોકોના હાથમાં આવે એવું નથી. એ તો અહીંયાં સર્વજ્ઞ છે એટલે એ વિષય પરંપરાએ ચાલે છે. ત્યાં તો સર્વજ્ઞ નથી એટલે એ વિષય ચાલતો નથી. એ તો અત્યારે ખબર પડે છે, પણ તે દી' એટલી વાતની ખબર પડી ગઈ કે અહીંયાં (જૈનમાં) વિજ્ઞાન છે અને અહીંયાં (અન્યમતમાં) વિજ્ઞાન નથી.

મુમુક્ષુ :- કૃપાળુદેવના ગ્રંથ ઉપરથી?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ એક, બીજું એટલે એમ લાગ્યું કે જૈન છે એમાં વિજ્ઞાન છે.

મુમુક્ષુ :- એટલી ખબર પડી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે ઓલામાં અંધશ્રદ્ધા છે, આમાં અંધશ્રદ્ધા નથી. મોટી વાત આ છે. બીજું મારું પ્રયોજન સુખ-દુઃખનું છે. મારે દુઃખ નથી જોઈતું ને સુખ જોઈએ છે. અને સુખ-દુઃખનો problem છે એ scientifically આ લોકોએ ચર્ચ્યો છે. એટલે સંભવ છે કે એ લોકોએ solve કર્યો હોય. (વેદાંતમાં) માથું માર્યું હતું તો problem solve થતો ન હતો. બુદ્ધિ તો ત્યાં ઘણી લગાવી હતી. (કારણકે) એ તો પહેલા હાથમાં આવ્યું હતું. આમ, કુળધર્મને હિસાબે ત્યાં માથું તો માર્યું હતું. ત્યાંથી ઉકેલ આવ્યો નહિ. ગુરુદેવને પણ એ જ થયુંને! સ્થાનકવાસીના, શ્વેતાંબરના શાસ્ત્ર વાંચ્યા, માથું માર્યું પણ ઉકેલ ન આવ્યો, બુદ્ધિ તો હતી. ઉકેલ ક્યાંથી આવે ત્યાં વિધિ હતી જ નહિ. નહિતર તો ભગવાનના ઘણાં સૂત્રો ઈ લોકોએ લીધેલા છે, મૂળ સૂત્રો લીધા છે. પછી adulteration થયું છે. અમુક વાત તો જે ધારણામાં રહી હોય ઈ તો લીધી જ હોયને! એ લોકો તો આમાંથી જ જુદાં પડ્યા છે. એટલે કેટલી વાત તો ધારણામાં ને પરંપરામાં જ ચાલી આવી હોય એ, એ લોકોએ રાખી છે. ભૂલી ગયા ઈ ભૂલી ગયા. યાદ રહ્યું ઈ રાખી લીધું ને બાકીનું ઉમેર્યું. જ્ઞાન ભેગું

adulteration થઈ ગયું. પણ મૂળ વસ્તુ તો ન આવેને એનું કારણ કે પોતે ચૂક્યા પછી લખ્યું છે. માર્ગ ચૂક્યા પછી લખ્યું છે એટલે દર્શનમોહમાં, ગૃહીત મિથ્યાત્વમાં આવ્યા પછી શાસ્ત્રો થયા એટલે વિધિ તો આવે જ નહિ એની પાસે. વિધિનો વિષય આવે જ નહિ એની પાસે. એટલે ગુરુદેવે ત્યાં માથું માર્યું તો એમને પત્તો ન લાગ્યો. પછી સમયસાર આવ્યું ને પત્તો લાગ્યો. કેમ? કે એમાં એ વિધિ હતી. એટલે એમાં શું છે કે તફાવત છે, ઈ પોતાની અસરથી સમજી શકે છે કે મને આમાં માર્ગ મળતો નથી. અહીંયાં કાંઈક મળે છે, અહીંયાં મળતું નથી, અહીંયાં મળે છે એમ comparative-તુલનાત્મક બુદ્ધિએ ખૂબ તુલના કરે છે, ખૂબ તુલના કરે છે, જ્યારે મૂળ દિગંબર સંપ્રદાયમાં માણસ ન હોય અને માણસ બીજા સંપ્રદાયમાં જન્મે ત્યારે એની તુલનાત્મકબુદ્ધિ ખૂબ કામ કરે ને તોળી, તોળી, તોળી, તોળીને નક્કી કરે કે આ જ બરાબર છે. એટલે પાકકું થઈ જાય, એ તુલનાત્મકબુદ્ધિ ફળવી જોઈએ. જે બે વાત વિચારતો હોય એની પાસે તુલનાત્મકબુદ્ધિ હોવી જોઈએ. એટલે મૂળ દિગંબરમાં આવ્યા એને ઈ પરિશ્રમ બચી જાય છે, પણ ઈ રૂઢિમાં આવી જાય છે તો એમાં સલવાઈ જાય છે. પરિશ્રમ કરીને આવ્યો હોય એને વાંધો આવે નહિ એ તો સીધી વાત છે, ઈ તો મહેનતની કમાણી છે. ઓલી તો વગર મહેનતની કમાણી છે એટલે દુરુપયોગ પણ થાય, વેડફી પણ નાખે, એટલું જોખમ પણ છે ત્યાં.

મુમુક્ષુ :- ભાઈશ્રી! દિગંબર સંપ્રદાય હોય માનો કે અત્યારે ગુરુદેવશ્રીનો સંપ્રદાય ચાલે એમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની વાત તો ઘણી બધી મળી ગઈ પણ અહીંયાં સિવાય વિધિની વાત ક્યાંય નથી પાછી. તો અત્યારે તુલનાત્મક દૃષ્ટિકોણ ઈ રીતે કામ કરવો જોઈએને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, કરવો જ જોઈએ તો જ સત્યની ખબર પડે, નહિતર ખબર પડે નહિ.

❀

પ્રયોજન તો એક આત્માનું જ રાખવું. આત્માનો રસ લાગે ત્યાં વિભાવનો રસ નીતરી જાય છે.

– બહેનશ્રીનાં વચનામૃત – ૬૯

## તા. ૨૦-૪-૧૯૯૭, પ્રશ્ન-૧૫૬ થી ૧૫૮
## પ્રવચન નં. ૧૧૦

આજે ભગવાન મહાવીરસ્વામીનો જન્મ કલ્યાણક દિવસ છે. છેલ્લા અંતિમ તીર્થાધિનાથ થઈ ગયા એ. દરેક તીર્થંકરોના સમયમાં કાળ પ્રમાણે ધર્મ પ્રભાવના થાય છે. કાળ પ્રમાણે એટલે શું? ઉતરતો કાળ છે. પણ વાતાવરણ, ધર્મમય વાતાવરણ ઘણું જામે. અને એ તો ચોથો આરો તો હતો જ. પણ જેમ-જેમ કાળ જતો જાય છે એમ તીર્થંકરોના આયુષ્ય પણ ઘટતા જાય છે. એટલે એમનો પ્રભાવનાકાળ પણ ઓછો હોય. ભગવાન મહાવીરસ્વામીનો પ્રભાવનાકાળ ૩૦ વર્ષ જ હતો. કેમકે આયુષ્ય જ ૭૨ વર્ષનું હતું. અત્યારે તો પંચમઆરામાં પણ ૧૦૦ વર્ષના માણસો કોઈક-કોઈક જોવા મળે છે. એંશી-નેવુંના તો ઘણાંય. પણ હીનકાળ હોવાથી ભગવાનનું આયુષ્ય પણ, છેલ્લો દેહ - ચરમશરીર બોતેર વર્ષનું હતું. એમાં સાડાબાર વર્ષ તો મુનિદશામાં ગયા. ત્રીસ વર્ષ ગૃહસ્થાશ્રમમાં ગયા, બાર વર્ષ-સાડાબાર વર્ષ મુનિદશામાં ગયા, ત્રીસેક વર્ષ કેવળજ્ઞાનદશામાં ગયા. પણ ધર્મતીર્થની પ્રવૃત્તિ બહુ સારા પ્રમાણમાં થાય એવો જ કોઈ એમના તીર્થંકર પ્રકૃતિના ઉદય સાથે પાત્ર જીવોનો સુમેળ હોય છે. પાત્રતાવાળા જીવો પણ ખેંચાઈ-ખેંચાઈને આવી જાય છે અને એનો મોટો દૃષ્ટાંત છે ગૌતમસ્વામીનો. પાત્રતા હતી તો છેક વેદાંતમાંથી ખેંચાઈને આવી ગયા હતા. એ ઉપદેશની પરંપરા ગણધરદેવોના ઉપદેશથી ચાલી. ગણધરદેવોએ બાર અંગની રચના કરી. એના ઉપરથી આચાર્યોએ વાતને ઝીલી રાખી, ટકાવી રાખી. પોતે પણ ધર્મમાં પરિણમન કરીને ધર્મને ટકાવી રાખ્યો. શ્રુતને પણ પોતે પોતાની શક્તિથી ટકાવી રાખ્યું, કાળક્રમે ઘણાં આચાર્યો થયા, ઘણાં જ્ઞાનીઓ થયા. એ બધાનો ધર્મ ટકાવવામાં મોટો ફાળો છે. અને અત્યારે જે કાંઈ આપણે ધર્મ સાધન કરીએ છીએ, આપણા હાથમાં જે કાંઈ આ ચીજ આવે છે, તેમાં બધાનો ઉપકાર છે. ભગવાન મહાવીરસ્વામીથી લઈને ગણધરદેવોથી લઈને આચાર્યો, મુનિઓ અને સત્પુરુષો, જ્ઞાનીઓ એ બધા આ ધર્મ પ્રવર્તાવવામાં ઉપકારી થયા. અને એમને કારણે જે સાહિત્ય રહી ગયું એનો લાભ આપણે બધા અત્યારે લઈ શકીએ છીએ. મંદિરો થયા, શાસ્ત્રો રચાયા, એ બધા ધર્મ પ્રભાવનાના બાહ્ય સાધનો છે. અંતર સાધન સાથે એને જોડે એ ધન્ય થઈ જાય છે. અને એના સંસારનો નિવેડો આવી જાય છે. મોટી વાત એ છે કે અનંતકાળમાં જીવ એક વખત પણ ધર્મ પામે

તો એનો છુટકારો થઈ જાય છે. પરિભ્રમણના વંટોળમાંથી એ છૂટો પડી જાય છે. અને અંતે સ્થિર થઈને સિદ્ધાલયમાં પૂર્ણદશામાં, પૂર્ણાનંદની દશામાં બિરાજમાન થઈ જાય છે. આજનો દિવસ છે અને ગુરુદેવનો પણ આજે પરિવર્તન દિવસ છે. કેટલામો છે મને યાદ નથી. પણ લખ્યું હતું બોર્ડ ઉપર કેટલામો પરિવર્તન દિવસ છે. આજે ચૈત્ર સુદ તેરસ એટલે પરિવર્તન દિવસ છે.

મુમુક્ષુ :- એકાણુંમાં પરિવર્તન કર્યું હતું.

પૂજ્ય ભાઈશ્રી :- એકાણું. હા, હા! પચાસ, એકાવન ને પચાસ થયા. બાસઠમો પરિવર્તન દિવસ છે. અત્યારે તો બાસઠ વર્ષના ઓછા મળે. પરિવર્તન કર્યું એને બાસઠ થયા. ગુરુદેવનો જન્મ થયો સ્થાનકવાસી સંપ્રદાયમાં - શ્વેતાંબરમાં ત્યાં કાંઈ માર્ગ હતો નહિ, છે નહિ. અને (પોતે) ધર્મ પામવાના હતા એટલે શોધ કરતા-કરતા દિગંબર શાસ્ત્ર સુધી પહોંચ્યા. નહિતર તો સંપ્રદાયની બહાર ન નીકળી શકે અને એમાં પણ દીક્ષા લીધા પછી તો નીકળવું બહુ મુશ્કેલ પડે. ઈ પહેલા તો થોડોક free હોય છે, માણસ ગમે ત્યાં જાય કોઈ પૂછતું નથી. પણ અહીંયાં સંપ્રદાયમાં અત્યારે સાધુને તો સમાજનો પ્રતિબંધ ઘણો હોય છે, પછી જંગલમાં વસનારાઓને કાંઈ પ્રતિબંધ હોતો નથી. સમાજમાં રહે એટલે સમાજમાં પ્રતિબંધ તો લાગુ પડે જ. છતાંય આ તો વીર્યવાળા હતા. એટલે સંપ્રદાયનો વાડો તોડીને બહાર નીકળી ગયા. અને ધર્મ પામ્યા અને અનેકને ધર્મ પમાડ્યો. ગુરુદેવનું કામ પણ તીર્થંકર જેવું થઈ ગયું. એવા કોઈક મહાપુરુષો અમુક કાળમાં પણ થાય છે. બધા યુગપુરુષ જેવા છે. તેમને નિમિત્તે હજારો લોકો સન્માર્ગ પ્રત્યે વળે છે. પછી યોગ્યતા હોય એટલા પામે, પણ આ દિશામાં વળે છે. કે ઘણાં શ્વેતાંબરો, સ્થાનકવાસીઓ, દિગંબરો, અજૈનો આ બાજુ વળ્યાં. એ ગુરુદેવનો ઉપકાર છે!! એમ ગુરુદેવે પોતે શ્રુતની ઉપાસના ઘણી કરી. આચાર્યોના શાસ્ત્રો, જ્ઞાનીઓના શાસ્ત્રો, એની ઉપાસના ઘણી કરી. એટલું ભણ્યા નહોતા તોપણ અધ્યાત્મના અને સન્માર્ગના ગૂઢભાવોને ઉકેલી શકતા હતા અને બીજાને સમજાવી પણ શકતા હતા. અને સાચો દૃષ્ટિકોણ છે એની પાછળ ગુરુદેવનો ઉપકાર છે. શાસ્ત્ર વાંચવું એ એક વાત છે અને સાચો દૃષ્ટિકોણ પ્રાપ્ત થવો એ બીજી વાત છે. સાચી દૃષ્ટિથી શાસ્ત્ર વાંચે તો જ એનો લાભ થાય. જીવ અનાદિનો નિમિત્તાધિન દૃષ્ટિવાળો છે અને રાગની દૃષ્ટિવાળો છે અને રાગની પ્રધાનતામાં ઉભો છે. એમાં ગમે ઈ શાસ્ત્ર વાંચે તો એથી કાંઈ એનું ફળ ન આવે. ફળ ન આવે એટલે ભિન્ન જ્ઞાનમય આત્માનું જ્ઞાન ન થાય. એકત્વબુદ્ધિ પ્રવર્તી રહી છે. આવા મહાપુરુષ થાય ત્યારે એ ફરક પડે છે અને સાચો દૃષ્ટિકોણ પણ ખુલ્લો થાય છે. ગુરુદેવે બહુ ખોલ્યું, એ દૃષ્ટિએ ગુરુદેવે બહુ ખોલ્યું. બહેનશ્રી પણ ગુરુદેવના

પ્રતાપની અહીંયાં વાત કરે છે.

મુમુક્ષુ :- પરિવર્તન તો પહેલા થયું છે, આ તો જાહેર પરિવર્તનને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આ જાહેર પરિવર્તન. ધર્મ પરિવર્તનથી આત્મા તો પરિવર્તન પામી ગયો હતો તેર વર્ષ પહેલા. આ તો એક જાહેર પરિવર્તન એટલા માટે કર્યું કે લોકોને ભ્રાંતિ ન રહે કે, આ બેય જાતના માર્ગ સાચા છે. એટલે પોતે સ્પષ્ટ કર્યું, કે માર્ગ તો આ એક દિગંબર છે એ જ સાચો છે. બાકી બધી ગડબડ છે. જાહેર પરિવર્તન કરીને જગતને એ વસ્તુનો બોધ મળે એટલો એમનો હેતુ હતો. નહિતર લોકો છળ પકડે અને ભ્રાંતિ ફેલાવે. વિરોધ કરનારા તો ઘણી રીતે છળ પકડતા ને ભ્રાંતિ ફેલાવતા. કેટલાક દિગંબરો એમ કહેતા કે આ ભલેને અત્યારે દિગંબરની વાત કરે પાછા એ બધાને શ્વેતાંબરમાં ખેંચી જાશે. આ તો બધાની બનાવટ કરવા માટે આવું કરે છે, તેવું કરે છે. એ તો પોતાને જેવું માનસ હોય એ વાત કરે, જેવી પોતાની માનસિક પરિસ્થિતિ હોય એવી વાત કરે માણસ.

મુમુક્ષુ :- સ્વાનુભવ થયા પછી તેર વર્ષે પરિવર્તન કર્યું?

પૂજ્ય ભાઈશ્રી :- હા. તેર વર્ષે પરિવર્તન કર્યું.

મુમુક્ષુ :- તેર વર્ષ સંપ્રદાયમાં રહ્યાં?

પૂજ્ય ભાઈશ્રી :- સંપ્રદાયમાં રહ્યાં (પણ) ઉપદેશ આ બધો આપતા હતા સન્માર્ગનો. પણ થોડુંક દબાવવું પડતું હતું. ખુલ્લું ન કહી શકે કે આ સમયસાર આમ કહે છે, કુંદકુંદાચાર્ય આમ કહે છે, નામ ન લઈ શકે, ઉપકારીનું નામ ન લેવાય એટલે જરાક અંદરમાં દુઃખ થાયને! બાકી ઉપદેશ એ જ આપતા હતા. નહિતર છૂટા પડવાની વાત આવી ત્યારે પણ બધાએ એમ જ કીધું, તમને ક્યાં કોઈ રોક-ટોક છે, તમે તમારે સંપ્રદાયમાં રહીને જે કરવું હોય એ કરોને, સંપ્રદાય છોડવો રહેવા દ્યો, બહુ તોફાન થઈ જશે મોટું અને તોફાન થયું ઘણું. આવા ફેરફારો થાય ત્યારે તોફાન થાય પણ ખરું. પણ ગુરુદેવ તો બહુ અડીખમ વીર્યવાળા હતા એટલે કાંઈ એમને કાંઈ તોફાન-બોફાન કાંઈ કરી શકે નહિ. અને અંતે પાછું જે થવાનું હતું તે થયું. પરિવર્તન કરીને સોનગઢમાં નિવાસ કર્યો, વાસુદેવભાઈના મકાનમાં પરિવર્તન કર્યું. એમના પિતાશ્રી હતા વાસુદેવભાઈ તો નાના (હતા).

મુમુક્ષુ :- 'સ્ટાર ઑફ ઈન્ડિયા'

પૂજ્ય ભાઈશ્રી :- હા, મકાનનું નામ 'સ્ટાર ઑફ ઈન્ડિયા'. એમનાં પિતાશ્રી હીરાભાઈ હતાને? હીરાભગત કહેવાતા. હીરાભાઈના - એમના મકાનમાં રહ્યાં હતા અને એમણે મકાન ખાલી કરીને આપી દીધું હતું પોતે બીજા મકાનમાં રહેવા ગયા હતા. ગુરુદેવ

ત્યાં સ્વાધ્યાય કરતા. પછી ત્યાં વ્યાખ્યાન આપતા થઇ ગયા. પછી આ ૯૧'ની અંદર આ સ્વાધ્યાય હૉલ પહેલો-વહેલો કર્યો. મંદિર પછી ૯૪'માં થયું. પ્રવચન હોલ પછી ૨003માં થયો. ૨0૩0માં પરમાગમ મંદિર થયું, ૨0૪0, ૩૯ કે ૪0માં નંદિશ્વર જિનાલય થયું. એમ ફાલ્યું-ફૂલ્યું બધું.

પહેલા પેરેગ્રાફથી, ૧૧0માં પાને. શું કહે છે? કે **'અંગત તો શું કહેવું?'** અંગત તો શું કહેવું એટલે અમારી પોતાની વાત અમારા મોઢે શું કરવી એમ કહે છે. **'તે અંગેનો પુરુષાર્થ, મંથન, વારંવાર તેની લગની લાગે, કે એક જ, -આ જ -પ્રાપ્ત કરવા જેવું છે.'** અને નિર્ધાર થાય એટલે પ્રયત્ન ઉપડે. કેમકે નિર્ણય છે એ નિર્ણયબળને ઉત્પન્ન કરે છે. અને પુરુષાર્થ તો બળનું જ કામ છે. પુરુષાર્થ પોતે જ બળ સ્વરૂપે છે. એટલે મંથન, લગની, પુરુષાર્થ બધું એક જ દિશામાં પછી ચાલે. **'વારંવાર તે જાતનું ચિંતવન-મનન દિવસ અને રાત ચાલ્યા કરે, તેના વગર ચેન પડે નહિ,..'** આવી દશા પોતાની થયેલી. અને **'તેના વગર શાંતિ થાય નહિ,..'** એના વગર શાંતિ થાય નહિ. **'કેટલાય કલાકો સુધી બસ તેનું ધ્યાન, તેનું મનન - બધું તેનું તે ચાલતું હતું.'** કલાકોના કલાકો, દિવસોના દિવસો. એટલે શું થયું? એક લયે કામ ચાલતું હતું. આપણે ચર્ચા થાય છે, એક લયથી કામ ચાલવું જોઈએ. વચમાં દોર તૂટી જાય એનો અર્થ શું થાય છે? દોર તૂટી જાય એનો અર્થ કે જીવને આ મહત્ત્વના કાર્ય કરતા બીજું મહત્ત્વ લાગ્યું અને બીજામાં રસ પડ્યો, એમ સાબિત થઈ ગયું એને. આનું મહત્ત્વ ઘટ્યું એટલે ગયું, વાત પૂરી થઈ ગઈ. **'તેમાં ગુરુદેવના પ્રતાપે પ્રગટ થઈ ગયું.'** પ્રગટ થઈ ગયું એટલે સમ્યક્ત્વ પ્રગટ થઈ ગયું. એ ગુરુદેવના પ્રતાપે. થયું છે તો પુરુષાર્થથી પણ વિનયથી તો એવી રીતે જ વાત કરે. **'ગુરુદેવનો કોઈ પ્રતાપ અને ઉપાદાન-નિમિત્તનો તેવો મેળ થઈ ગયો.'** ઉપાદાનમાં પોતાની વાત, નિમિત્તમાં ગુરુદેવ છે - મેળ ખાય ગયો. **'તેમાં કોઈ જાતની ઉંમર કે બીજું કાંઈ લાગુ પડતું નથી.'** કોઈ પ્રકારનો ઉંમરનો ક્રમ એમાં નથી લાગુ પડતો. નાની ઉંમર હોય તો કાંઈ (ન) થાય એવું કાંઈ નથી. નાની ઉંમરવાળા આગળ નીકળી જાય અને મોટી ઉંમરવાળા રહી જાય. ઉંમરનો તો ક્રમ લાગુ ન પડે પણ કાળક્રમ પણ લાગુ ન પડે. કે આટલો કાળ તો આમાં જાય જ એવું નથી. ઓછા સમયમાં ઘણું પ્રાપ્ત કરનારા જીવો હોય છે. ઘણાં સમયમાં ઓછું પ્રાપ્ત કરનારા જીવો પણ હોય છે. એટલે આમાં ઉંમર પણ જોવાતી નથી, કાળક્રમ પણ જોવાતો નથી.

મુમુક્ષુ :- દિશા બદલી જાય ઈ મહત્ત્વની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ મહત્ત્વની વાત છે. પછી કાળની સાથે બહુ મહત્ત્વ નથી.

**'રાત્રે જાગતાં-સૂતાં, સ્વપ્નમાં બસ એક જ વાત, તેની જ લગની હતી, બીજી કોઈ લગની ન હતી.'** આત્મકલ્યાણની લગની બહુ લાગેલી. પછી સૂતાં કે જાગતાં, સ્વપ્નમાં પણ એક જ વાત, બીજી વાત નહિ. ખૂબ લાગેલી એટલે લગનીની વાત તો અત્યારે પોતે કરે છે એનું કારણ એ છે. અને ઈ લગની કૃત્રિમતાએ લગાડી શકાતી નથી. જેને મૂલ્યાંકન આવે કે આનું ફળ શું? કેટલું ફળ મળવાનું? કેવું મળવાનું? એને લગની લાગ્યા વગર રહે નહિ. ઈ દુનિયા સામું નહિ જોવે. દુનિયા-દુનિયાના ઘરે રહી હું મારું કામ કરીને નીકળી જાઉં. જેમ કોઈ આગ લાગી હોય, મકાનને ચારે બાજુથી તો કઈ ચીજ કિંમતી છે ઈ લેવા રોકાઈ જઉં એમ નહિ, પહેલા હું બચી જાવ પછી કિંમતી ચીજ કેવી રીતે નીકળે કે બચે એ વાત પછીની છે. નહિતર ન પણ થાય. હું બચી જાઉં. ઈ કિંમતી ચીજ તો હું કમાઈ લઈશ, એવી વાત છે. મિથ્યાત્વ અને અજ્ઞાનથી બધું સળગેલું છે ચારેબાજુથી, એમાંથી કૂદકો મારીને નીકળી જવાનું છે. **'થોડો ટાઈમ જાય તો એમ થાય કે હજી કેમ થતું નથી. હજી શું પરિભ્રમણનું દુઃખ નથી લાગ્યું?'** મૂળ મુદ્દા પર વાત આવે છે. કૃપાળુદેવે વાત કરી ૮૬ અને ૧૯૫ પત્રમાં. આ મુદ્દાની વાતમાં એમણે પાછી આ વાત લીધી, કે જીવને હજી પરિભ્રમણનું દુઃખ નથી લાગ્યું. કેમ વાર લાગી? હજી તને દુઃખ સરખું નથી લાગ્યું, હજી વેદના સરખી નથી આવી શું છે? શું તારે આ કરવું જ નથી? કરવું હોય તો થાય એવું છે, શું તારે નથી કરવું? છે શું? એમ અંતરમાંથી એકદમ આત્માનો પોકાર આવતો હતો. આત્મા અંદરથી પોકાર કરતો હતો કે, **'હજી કેમ તાલાવેલી નથી લાગતી.'** લગની હતી તોપણ ચટપટી લાગવી જોઈએ, અત્યારે ને અત્યારે. મોડું મને પોસાય નહિ, એમ થયા કરે. **'હજી શું પરિભ્રમણની રુચિ છે? જન્મ-મરણની રુચિ છે?'** તપાસી લ્યે પોતાને કે છે હજી તારી જન્મ-મરણ કરવાની રુચિ છે? હજી પરિભ્રમણ કરવાની રુચિ છે શું છે? **'વિભાવની રુચિ છે?'** રાગ સારો લાગે છે તને? મીઠો લાગે છે શું છે? અધિકાઈ લાગે છે રાગમાં. આજ તો મેં બહુ સારા ભાવ કર્યા! **'કેમ, ક્યાં અટકી રહ્યો છે? -એમ અંતરમાંથી -પોતાના આત્મામાંથી - જ આવતું હતું.'** આવું બધું સહેજે-સહેજે આવતું હતું. વિકલ્પો ઉભા કરવા પડે એમ નહિ. અંદરમાં આત્મામાંથી આવતું હતું. અંદરથી આત્મા સળવળીને બેઠો થાય અનંત શક્તિનો ધણી એટલે આ બધા પરિણામો ચાલવા મંડે. **'તેને લઈને પુરુષાર્થ એકદમ તીવ્ર થઈ જતો હતો.'** અંદર તો વીર્યની, અનંત વીર્યની ખાણ પડી છે એટલે પુરુષાર્થ જોરથી આવતો હતો. અને એમનો પ્રવેશ છે, એમના જે પત્રો છે, મુમુક્ષુની ભૂમિકાના પત્રો છે એ વાંચો તો ખ્યાલ આવે એવું છે કે, બહુ જોરથી પ્રવેશ થયો છે. ઘણાં પુરુષાર્થપૂર્વક પ્રવેશ થયો છે. એમ વિશેષતા પણ

બહુ હતી. મોક્ષમાર્ગમાં પ્રવેશ પણ બહુ તીવ્ર પુરુષાર્થથી થયેલો છે. કામકાજ થાય ઘરકામ વગેરે કરવા પડતા હતા. નાની ઉંમર હતી. (બહેનશ્રીના) માતાજીનો તો નાની ઉંમરમાં સ્વર્ગવાસ થયેલો. ભાઈઓને ત્યાં રહેતા હતા, ભાભીઓની સાથે ઘરકામ તો કરવા પડે. **'કામકાજ થાય, આ થાય, તે થાય પણ એક જ જાતની લગની હતી કે આત્મા જુદો છે, ગમે તે કામ કરતા એમ થાય કે આ શરીર અને આ અંદર વિકલ્પ આવે તેમાં આત્મા ક્યાં છે?'** જ્ઞાનસ્વરૂપી જે આત્મા છે તે જુદો રહે છે. શરીર-શરીરનું કામ કરે છે, વિકલ્પ-વિકલ્પનું કામ કરે છે. આત્મા જુદો રહે છે, આત્મા ક્યાંય ભળે નહિ. ભળી શકે એવી પરિસ્થિતિ નથી. શરીરમાં આત્મા ભળી શકે નહિ, વિકલ્પમાં આત્મા ભળી શકે નહિ. કેવી રીતે ભળે? બેને કોઈ જાતનો મેળ થાતો નથી. પણ જુદો છે તેના જુદાંપણાની practice ભેદજ્ઞાન દ્વારા આવવી જોઈએ. **'આ બધામાં આત્મા જુદો કેવી રીતે છે? તેના જ વિચારો આવ્યા કરતા.'** ગુરુદેવ ભેદજ્ઞાનનો ઉપદેશ આપતા હતા. એમને જે વિચારો ચાલ્યા કરતા હતા એ પ્રયોગ ચાલ્યા કરતો હતો, એટલે પુરુષાર્થ કરતા કરતા પામી ગયા. **'ખાતાં-ખાતાં એમ થાય કે આત્મા જુદો છે.'** ખાતાં-ખાતાં પણ એમ થાય કે આત્મા જુદો છે તો ક્યાંથી રસ આવવાનો? રસ ન આવે. અંદર આત્માનું ચાલતું હોય એને રસ ન આવે. આત્માનું ન ચાલતું હોય તો આ ઠીક છે, આ અઠીક છે, આ ઠીક છે, આ અઠીક છે, આ ઠીક છે એમ થયા જ કરે. સારું-નરસું થયા જ કરે. છે નહિ સારું-નરસું તોપણ. કલ્પના ઉઠાવી-ઉઠાવીને, કલ્પના ઉઠાવી-ઉઠાવીને (સારું-નરસું કર્યા જ કરે છે.) **'ખાતાં-ખાતાં એમ થાય કે આત્મા જુદો છે. દરેક ક્ષણે તે વિચારો ચાલ્યા કરતા હતા,..'** સતત દરેક ક્ષણે એટલે સતત ભેદજ્ઞાન ચાલતું હતું. **'આના આ વિચારો આવતા. કપડાં હાથમાં હોય અને વિચારો આવે,..'** કપડાં ધોવે, કપડાં સૂકવે, કપડાં નિચોવે. બધું કામ કરે. વાસણ માંજતા હતા, બધું કામ કરે. રસોઈ કરે, વાસણ માંજે, કપડાં ધોવે. ઈ જમાનામાં ક્યાં કામવાળાનો જમાનો જ નહોતો. ઘરકામ બધા બૈરા હાથે જ કરતા. હવે કામવાળી રાખવાની વાત છે.

મુમુક્ષુ :- પાણી ભરવા જતા હતાને?

પૂજ્ય ભાઈશ્રી :- પાણી ભરવા જાતા. નદીએ પાણી ભરવા જાતા હતા માથે બેડું લઈને. બધા કામ કરે. નદીએ ઉનાળામાં તો ભોગાવામાં ઈ તો બધો dry area છેને? વઢવાણ, સુરેન્દ્રનગર પાણીની અછતવાળો area. એટલે કે ત્યાં ભોગાવા (નદી કિનારે) અવેડામાં બૈરાઓની તો ગિરદી હોય. એક્કોર ઉભા રહી જાય. બધાને ભરી લેવા દ્યો, આપણે છેલ્લે ભરશું. માથાભારે હોય એ જરા ઝઘડો કરીને વહેલા ભરી

લ્યે. પછી બધાએ એમ જોયું કે આ તો રોજ આમ જ કરે છે. એટલે બે-ચાર જણાને, આ તો એ જાતનો યોગ હોય તો એમ થાય, નહિતર તો કોઈ સામું પણ ન જોવે. બે-ચાર માથાભારે હોય તો કહે આ તો ચંપા આખો દી' ઊભી રહેશે ને બોલશે જ નહિ મોઢામાંથી કાંઈ. પાછળથી આવશે એ વહેલા ભરી લેશે. એને પહેલા ભરી લેવા દ્યો. આપણે તો બધા માથાભારે છીએ, ગમે એમ કરીને માથું મારીને ભરી લેશું. એને પહેલા ભરી લેવા દ્યો. એને એમનેમ ભરી લેવા દેતા. ન પણ ભરી લેવા દે, બેય થાય. પોતે સ્વભાવના નરમ હતા. એટલે માથાકૂટમાં ન ઉતરે કોઈની સાથે. ગરમી ન ખાય. એ બધી વાતો બહાર આવેલી.

**'કેમ, ક્યાં અટકી રહ્યો છે-એમ અંતરમાંથી-પોતાના આત્મામાંથી-જ આવતું હતું. તેને લઈને પુરુષાર્થ એકદમ તીવ્ર થઈ જતો હતો. ગુરુદેવનો પ્રતાપ અને ઉપાદાન ભેગું થઈ ગયું.'** આ બાજુ ગુરુદેવ જેવા ગુરુદેવ જેવા જ્ઞાની મળ્યા. આ બાજુ પોતાની તૈયારીથી મેળ ખાય ગયો. **'કામકાજ થાય, આ થાય, તે થાય પણ એક જ જાતની લગની હતી કે આત્મા જુદો છે, દરેક ક્ષણે તે વિચારો ચાલ્યા કરતા હતા. આના આ વિચારો આવતા. કપડાં હાથમાં હોય અને વિચારો આવે, દરેક કાર્યોમાં વિચારો આવે...'** એમ નથી કે કામ કરે એટલે એ વિચાર તૂટી જાય ને લાઈન તૂટી જાય ને માથે કામ આવે એટલે ભૂલી જવાય. એની મહત્તા જે આવી છે, એની મહત્તા ખોવાની વાત, ખોવાય એવી મહત્તા નથી આવી. જે મહત્તા આવી છે એ મહત્તા ખોવાય એવી વાત નથી, એવી મહત્તા આવેલી છે. આ તો કે અમારે કામ આવે તો અમારે બધું આમ થઈ જાય ને તેમ થઈ જાય - એમ ન ચાલે. કામમાં પણ ઈ જ ચાલવું જોઈએ. અહીંયાં કેમ સ્વાધ્યાયમાં એ વિચાર આવી જાય છે. આ પણ કામ છે. આવી જાય કે ન આવી જાય? તો ત્યાં આ વિચારો આવવા જોઈએ. platform બદલાય જવું જોઈએ. શું? સંસારના કાર્યોમાં આત્મકલ્યાણના વિચાર આવે. હવે આત્મકલ્યાણના સ્વાધ્યાયમાં સંસારના વિચારો ન આવે એમ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આ જ કરી લેવા જેવું છે. ઈ નિર્ધારનું બળ છેક સુધી...

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ધારનું બળ ઉત્પન્ન થયું. અને પોતે બળ વધાર્યું પાછું, બળ ઉત્પન્ન થયું ને બળ વધાર્યું. એવી રીતે કામ થયું. **'કપડાં હાથમાં હોય અને વિચારો આવે, દરેક કાર્યોમાં વિચારો આવે કે આ જુદું-આ બધું જુદું, ને ચૈતન્ય જુદો.'** શું? ભેદજ્ઞાન ચાલતું હતું, એમ કહે છે કે દરેક ક્ષણમાં, દરેક કાર્યમાં ભેદજ્ઞાન ચાલતું હતું. જે કાર્યો અને રાગ બાધક ગણાય છે તે જ કાર્યોને, તે રાગને ભેદજ્ઞાનનું સાધન બનાવે છે. ઉદય છે, ઉદયાનુસાર પરિણામ થવાના એનાથી હું ભિન્ન છું. પ્રયોગ કરવામાં

ભિન્ન કરવામાં એને સાધન બનાવ્યું, એમ. ઓલા કહે ભાઈ! અમારે કામ આવી પડે તો અમારે ભેદજ્ઞાન તૂટી જાય. તો કહે છે, ના! કામ આવે તો ભેદજ્ઞાનને સાંધીએ અમે. એવી વાત છે. આમાં મૂળ પોતાને એક લયથી લગની લાગેલી હોવી જોઈએ. તો એકધારું કામ થાય. '**ક્ષણે-ક્ષણે આનું આ રટણ રહ્યા કરતું હતું.**' ચાલુ જ રહેતું હતું, એમ કહે છે. મટે જ નહિ ને. '**તેના જોરમાં ત્રણ ત્રણ કલાક એમ ને એમ ધ્યાનમાં બેસી રહેતી હતી.**' પછી ઉઠતી. એમના ટાઈમમાં તો ત્રણ-ત્રણ કલાક બેસતા હતા. સોગાનીજી છ-છ કલાક બેસતા હતા. એમ ચાર કલાક, છ કલાક. '**કેમ હજી પ્રાપ્ત થતું નથી? એમ તેના ને તેના વિચારોમાં, તેની ને તેની એકાગ્રતામાં અને તેના ને તેના ધ્યાનમાં રહેતી.**' બેસી જાય પછી બપોરે, સાંજે-સાંજે વહેલા જમી લેતા હોય પછી કાંઈ કામ તો હોય નહિ. સૂવાનો ટાઈમ ત્રણ-ચાર કલાક બાકી હોય, બેસી જાય. બપોરે (પણ) બેસી જાય. બાકીના કામના ટાઈમમાં પણ આ પ્રયોગ ચાલે. નવરાશમાં પણ ઈ અને કામમાં પણ ઈ. બધું એકધારું ચાલે. પછી તો કામ ન થાય એમ કેમ બને? થાય જ, ન થાય એ પ્રશ્ન રહેતો નથી. બીજામાં રસ લઈને પોતે જ ડહોળી નાખે તો શું થાય? પોતે જ બગાડી નાખે તો શું થાય? '**આ પ્રાપ્ત થયા વગર અંદરમાંથી સુખ અને શાંતિ થવાની નથી, એમ રહ્યા કરતું હતું.**' કોઈપણ ભોગે, શક્ય હોય એટલું તરતમાં તરત આ કામ કરી લેવું, એવી રીતે ઉપાડ આવે. ત્યારે કોઈએ પ્રશ્ન કર્યો કે '**પૂર્વભવનું કારણ હશે?**' પણ તમારે તો? અમારે ક્યાં પૂર્વભવનું કારણ છે - એમ કહે છે.

મુમુક્ષુ :- પોતે એટલી મહેનત કરવા નથી માંગતો એટલે આવો પ્રશ્ન કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ કહે અમારે હોત તો સારું હતું. આ ભવનું હોય તોપણ પૂર્વનું જ કારણ ગણાય. તે પહેલા કેટલી રુચિ લીધી છે. પૂર્વપર્યાય ને ઉત્તરપર્યાય. વાત પૂરી થઈ ગઈ. અત્યારે કમાણી કર એટલે થોડા ટાઈમ પછી એ પૂર્વનું કારણ થઈ ગયું કે નહિ? જેટલું પોતે અત્યારે કારણ ઊભું કર્યું એ કારણ થોડાક સમય પછી પૂર્વનું ગણાશે અને ભવાંતર કરવાની કોઈ જરૂર નથી કે ભવાંતર કરવું જ પડે. આ ભવમાંના કરેલા સંસ્કારો, આ ભવમાં કરેલી તૈયારીઓ, એ પણ કામમાં આવે છે. ચોક્કસ કામમાં આવે છે અને ભવની શું કરવા રાહ જોવી? એવો ઉધારીનો વેપાર કરવો શું કરવા? રોકડું, રોકડિયો જ વેપાર રાખવો. અભી-અભી. જે કરવું છે એ અત્યારે જ કરવું છે.

મુમુક્ષુ :- એ કરી શકતા હોય તો હું શા માટે ન કરી શકું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઠીક વાત છે. કોઈ પણ કરી શકતા હોય તો પોતે શા

માટે ન કરી શકે?

**પ્રશ્ન :- પૂર્વભવનું કારણ હશે?**

**સમાધાન :- પૂર્વભવનું કારણ અને વર્તમાન પોતાની યોગ્યતા. પૂર્વે સાંભળ્યું હોય તે પણ કારણ હોય અને વર્તમાન પોતાનો પુરુષાર્થ પણ કારણ હોય. ગુરુદેવ પાસેથી માર્ગ સાંભળ્યો અને વર્તમાન પોતાનો પુરુષાર્થ થયો એની સાથે પૂર્વની યોગ્યતા-સંસ્કાર પણ કારણ હોય.**

**જ્યારે જીવ તૈયારી કરે છે ત્યારે તે નવું જ હોય છે. ગયા કાળે તૈયારી થઈ હોય તો તે સમયે નવું હતું. માટે પૂર્વના સંસ્કારને મુખ્ય ન કરવા. ૧૫૭.**

## પ્રશ્ન ૧૫૭ ઉપર પ્રવચન

'**સમાધાન :- પૂર્વભવનું કારણ અને વર્તમાન પોતાની યોગ્યતા.**' આ બે ન્યાય જુઓ. પૂર્વભવ પછી પંદર વર્ષ ગયા કે ન ગયા. આમ તો જાગી શકે તો આઠ વર્ષથી પણ જાગી શકે. આઠમેં વર્ષે તો કેવળજ્ઞાન લેનારા જીવો છે. સમ્યગ્દર્શન નહિ, કેવળજ્ઞાન. આઠ વર્ષના રાજકુમાર હોય, સમ્યક્દર્શન પણ પામે, મુનિદશા પણ લે અને કેવળજ્ઞાનને પામે. બધાને શરમાવું પડેને?! આઠ વર્ષના છોકરાઓ આવું કામ કરી જાય. તો એ અજોડ પુરુષાર્થ જ કહેવાયને!!

મુમુક્ષુ :- ભરત મહારાજાના અઠ્ઠાણું પુત્રો થઈ ગયા એને ક્યાં પૂર્વભવનું....

પૂજ્ય ભાઈશ્રી :- હા. કાંઈ નહિ, નિગોદમાંથી આવતા હતા. વર્તમાન યોગ્યતા મોટી વાત છે. એ તો પંદર વર્ષ ગયા ઈ તો પૂર્વભવનું કારણ ઊભું જ હતું. ઈ કાંઈ ચાલ્યું નહોતું ગયું. પૂર્વભવનું કારણ કાંઈ ચાલ્યું નહોતું ગયું. ઈ કારણ તો ઊભું જ હતું. તારી યોગ્યતા અહીંયાં તૈયાર થઈ એટલે એને જોડે છે. નિમિત્ત તરીકે એને જોડે છે. જેમ ગુરુદેવને નિમિત્તે (કીધું) એમ તે પણ નિમિત્ત જ છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પ્રશ્ન તો બહેનશ્રીને પૂછ્યો છે. પ્રશ્ન તો આપને પણ લાગુ પડે છે આપને કોઈ પ્રસંગ યાદ છે?

પૂજ્ય ભાઈશ્રી :- યાદ નથી આવતું એમને તો શું છે, જાતિસ્મરણ હતું.

મુમુક્ષુ :- એમ નહિ, ઈ પ્રશ્ન નહિ, આગલો પ્રશ્ન. આપણે ચાલ્યોને લાંબો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં શું કારણ છે કે, લગની લાગે છે એ તો બધાનો

પ્રકાર એક સરખો જ ચાલે છે. કાયદો તો બધાને માટે સરખો જ છે. વેદના આવે, લગની લાગે અને નિરંતર ચોવીસે કલાક ઈ ચાલ્યા કરે. ખોવાયેલો ને ખોવાયેલો એમાં રહી જાય. તો એવું યાદ નથી કે કોઈ કામ બગડ્યાં હોય એને લઈને, એવું યાદ નથી. ગમે તે કામ સંભાળ્યું હોય તો કોઈ કામ બગડ્યું હોય એવું યાદ નથી. કારણ કે ઈ એમ બતાવે છે કે, સંસારના કાર્યો ઉપરછલ્લા ઉપયોગથી પણ થાય છે. એમાં ઘુસી જવાની જરૂર નથી. આ જે આખે-આખો અંદર ઘુસી જાય છે, એ એટલું બધું મહત્ત્વ આપે છે ત્યારે. બાકી આ કામનું મહત્ત્વ હોય તો ઉપર-ઉપરના ઉપયોગથી બધા કામ ચાલે છે. એમાં કાંઈ ઊંડો ઉપયોગ કે મોટો ઉપયોગ દેવો પડતો નથી. અને અમસ્તા પણ તમે ગમે ઈ કામ કરતા હો ને અંદર ચાલતું જ હોય કાંઈક ને કાંઈક બીજું. હાલતા-ચાલતા, ખાતા-પીતા બીજા વિચારો ચાલતા નથી હોતા? જેની રુચિ હોય એનું ચાલતું જ હોય છે કે નથી ચાલતું? તો અહીંયાં આત્માની રુચિ છે એટલે આત્માનું ચાલે. સીધી વાત છે. **'પૂર્વે સાંભળ્યું હોય તે પણ કારણ હોય અને વર્તમાન પોતાનો પુરુષાર્થ પણ કારણ હોય.'** એ તો બે ઈ કારણ હોય છે. પણ પુરુષાર્થની મુખ્યતા છે. **'ગુરુદેવ પાસેથી માર્ગ સાંભળ્યો અને વર્તમાન પોતાનો પુરુષાર્થ થયો એની સાથે પૂર્વની યોગ્યતા-સંસ્કાર પણ કારણ હોય.'** એમાં શું ફેર પડે છે? કે સહેલું પડે છે. અતિ અભ્યાસે એટલે ઘણી practiceથી જે થાય એ થોડીક practiceથી થઈ જાય છે. એટલો ફેર પડે છે. બીજો આડે-અવળે ક્યાંય misconcept માં આવે નહિ. આડું-અવળું ક્યાંય ભાલે ભરાવાનું થાય નહિ. આપણે જેને કહે છેને! સડસડાટ સીધે સીધી જ બધી ગાડી ચાલે. કેમકે પ્રયોજનની દૃષ્ટિ તીક્ષ્ણ થઈ ગઈને! અમુક પ્રયોજન સિવાય મૂક વાત પડતી, પ્રયોજન સિવાય મૂક વાત પડતી, ગૌણ થઈ જાય. મુખ્ય થાય તો રોકાવાનું થાય. મુખ્ય થાય તો રોકાવાનું થાય. ગૌણ થાય એટલે પતી ગયું. ત્યાં રોકાવાનું કારણ ન બને. કામ તો કામની રીતે થઈ જાય. ગૌણપણે કામ કામની રીતે થઈ જાય.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પૂર્વના સંસ્કાર એટલે પૂર્વે થોડી practice હતી. આ વર્તમાનમાં practice રહી.

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્વમાં practice હોય છે. પણ મૂળ મુદ્દો રુચિનો છે. અંદરમાં રુચ્યું હોય બહુ. આત્માનું સ્વરૂપ જ્ઞાનીપુરુષ પાસેથી અથવા સજીવનમૂર્તિ પાસેથી સાંભળતી વખતે એમાં કોઈ વખત જ્ઞાની હોય, કોઈને તીર્થંકર હોય, કોઈને મુનિ હોય, કોઈપણ સજીવનમૂર્તિ હોય. અવ્યક્તરુચિએ, હજી તો ભાવભાસન થઈને વ્યક્તરુચિ પ્રગટ ન થઈ હોય. અવ્યક્તરુચિએ પણ એણે ખૂબ રુચિથી સાંભળ્યું હોય, ખૂબ રુચ્યું હોય અંદર,

ખૂબ રુચ્યું હોય. એવું રુચે, એવું રુચે, એવું રુચે, એમ ખૂબ રુચ્યું હોય ત્યારે સંસ્કાર પડી જાય. એ સંસ્કાર પછી બીજા ભવમાં વિષયને સહેલો કરી નાખે છે. એ કુદરતી ઈ જાતનું જ્ઞાન ઉપરનું આવરણ છે એ ખસી જાય છે. એટલે જીવને સૂઝ પડે છે. સૂઝકો પડે - એમ નથી કહેતા? માર્ગની સૂઝ આવે છે. હિત-અહિતનો ખ્યાલ આવે છે. નહિતર ખ્યાલ જ ન આવે. એમ ને એમ ગાડું હાંક્યા રાખે.

મુમુક્ષુ :- પૂર્વની practice ન લેવાય, પૂર્વના સંસ્કાર અને રુચિની જ મુખ્યતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- રુચિની મુખ્યતા છે. practice ન પણ ચાલી હોય અને રુચિ થઈ હોય, સંસ્કાર પડ્યા હોય અને આયુષ્ય પૂરું થઈ જાય એવું પણ બને. એવું બને ખરું. અથવા આયુષ્ય પૂરું થતા પહેલા રુચિ થઈ ગઈ હોય ને સંસ્કાર લઈ લીધા હોય. આયુષ્ય તો આયુષ્યના કાળે જ પૂરું થવાનું છે. '**જયારે જીવ તૈયારી કરે છે ત્યારે તે નવું જ હોય છે. ગયા કાળે તૈયારી થઈ હોય તો તે સમયે નવું હતું. માટે પૂર્વના સંસ્કારને મુખ્ય ન કરવા.**' અને સંસ્કાર પાડવા માટેનું ધ્યેય ન રાખવું. એ સંસ્કારની મુખ્યતાવાળી વાત થઈ. એક વખત એવી સંસ્કારની ચર્ચા ચાલી હતી. બધા સંસ્કાર માટે ખોદી-ખોદીને પૂછતા હતા. એમણે કીધું બસ! સંસ્કાર સુધી જ જાવું છે?

મુમુક્ષુ :- બહેનશ્રીએ કીધું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આટલું બધું સંસ્કારનું શું મહત્ત્વ? એ થઈ જાય છે! ન થાય એવું હોય તો એમાં શું? ગમે ત્યારે તૈયારી તો નવી જ કરવી પડેને! સંસ્કાર પડ્યા ત્યારે નવી તૈયારી કરી હતી. અત્યારે નવી તૈયારી કર તું. અને પૂર્ણતાનું લક્ષ બાંધીને અનુભવ સુધીની તૈયારી કરને! સંસ્કાર સુધીની શું કરવા? માટે સંસ્કારને મુખ્ય ન કરવા. હોય એ તો જાણવાનો વિષય છે. બધાને ખબર પણ નથી હોતી. પોતે જ્યારે પુરુષાર્થે ચડે ત્યારે કાંઈ એવી ખબર નથી હોતી બધાને. એમને (પૂજ્ય બહેનશ્રીને) જાતિસ્મરણ જ્ઞાન થઈ ગયું હતું અને એમને પણ તે જ્ઞાન થયા પછી થયું છે. જ્ઞાન અવસ્થામાં જાતિસ્મરણ થયું છે. કૃપાળુદેવની જેમ એમને મુમુક્ષુની ભૂમિકામાં જાતિસ્મરણ નથી થયું. કૃપાળુદેવને પહેલા જાતિસ્મરણ થયેલું પછી આત્મજ્ઞાન થયેલું. એમ છે. આમને પહેલા જ્ઞાન થઈ ગયું છે, અનુભવ પહેલા થઈ ગયો છે, પછી ધ્યાનદશામાં જાતિસ્મરણ ખૂલ્યું છે. બે વાત જુદી-જુદી છે. એટલે ઈ વખતે ખબર ન હોય. પાછળથી થાય એને ઈ વખતે ખબર ન હોય કે મારે પૂર્વભવનું કારણ છે. પણ અનુમાનથી સમજી શકે. અનુમાનથી સમજી શકે બીજા જીવોનો મેળ પડતો નથી ને મારે સીધું

પાધરું હાલ્યું. આ કારણ પૂર્વના સંસ્કારનું સ્પષ્ટ દેખાય છે. પણ ઈ મુખ્ય કરવા જેવું નહિ. એ પણ નિમિત્ત છે અને મુખ્ય કરે તો ઉપાદાન ગૌણ થઈ જાય, એવું છે.

મુમુક્ષુ :- એ પ્રકારે મુખ્ય કરવા જાય તો પડી જવાનો પ્રસંગ બને. એ પ્રકારે મુખ્ય કરે સંસ્કારને તો પછી પુરુષાર્થ ન ઊપડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ન ઊપડે. પુરુષાર્થનો ઉપાડ ન આવે.

મુમુક્ષુ :- ધ્યેય બદલાઈ ગયું. સંસ્કારને લક્ષે કાર્ય કરવા મંડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સંસ્કારના લક્ષે કાર્ય કરે એટલે થાય નહિ કાંઈ. પૂર્ણતાનું લક્ષ તો હોવું જોઈએ. લક્ષ તો એક જ હોય, બે તો હોય નહિ. પ્રયોજનમાં વર્તમાન પ્રયોજન, પરંપરા પ્રયોજન ઈ બધા ભંગ-ભેદ ચાલે. લક્ષમાં ન ચાલે. 'ગયા કાળે..' એટલે ભૂતકાળમાં તૈયારી થઈ ગઈ હોય તો ભૂતકાળ પછીના બધાય કાળમાં ઈ પૂર્વના સંસ્કાર થઈ ગયા. એ જ સમયે એ નવું હતું જ્યારે ભૂતકાળ હતો ત્યારે, અત્યારે ઈ જૂનું થઈ ગયું. ૧૫૭ થયો.

---

**પ્રશ્ન :- આ જ કરવા જેવું છે તેમ આપને લાગ્યું એમ અમને પણ લાગે, તે માટે આપની પૂર્વભૂમિકાની થોડી વાત કરવા કૃપા કરશો.**

**સમાધાન :- આ જ કરવા જેવું છે તેવી ભાવના પાછળ પ્રયત્ન ઊપડે નહિ ત્યાં સુધી શાંતિ થતી નથી. એવો વિચાર આવે કે આ જ કરવા જેવું છે એમ નક્કી કર્યું છતાં પુરુષાર્થ કેમ થતો નથી? શું મારા નિર્ણયમાં ખામી છે? છે શું? એમ વિચારો આવે. આ જ કરવા જેવું છે એમ ભાવના હતી ને! એટલે એવા જ વિચારો આવ્યા કરતા હતા. હજી કેમ પુરુષાર્થ ઊપડતો નથી? શું હજી ક્યાંક રુચિ છે? હજી કેમ અરેરાટી થતી નથી? એવા વિચારો પુરુષાર્થની તીવ્રતા માટે આવ્યા જ કરતા હતા.**

**ગુરુદેવ કહેતા હતા કે સ્વાનુભૂતિમાં પેલીપાર આત્મા બિરાજે છે, નિર્વિકલ્પ દશા બધાથી જુદી છે. જોકે વચ્ચે માર્ગ શું આવે છે તેની ઝાઝી તો કાંઈ સ્પષ્ટતા હતી નહિ, છતાં પણ ગુરુદેવ નિર્વિકલ્પ દશાને સ્વાનુભૂતિ કહે છે અને તે મુક્તિનો માર્ગ છે; તથા આત્મા જુદો છે તેમ કહે છે. એવી જાતનું પકડાણું હતું.**

**બધું (કરાંચી) છોડ્યું, હવે શું કરવાનું છે? જ્યાં સુધી અંતરમાંથી શાંતિ ન મળે ત્યાં સુધી ચેન પડવાનું નથી. અંતરમાં જે વિકલ્પની માળા છે તે પણ આકુળતા છે, તેનાથી છૂટવું તે જ ખરો માર્ગ છે. આ જે વિભાવની એક પછી એક ઘટમાળા**

ચાલે છે તેનાથી આત્મા જુદો છે, તે અંતરમાંથી પ્રાપ્ત થાય છે. આ બધાથી (અન્ય મતથી) જુદો સત્ય માર્ગ છે. એમ વિચારો આવતા અને સમ્યગ્દર્શન થયા પછી એમ નક્કી થઈ ગયું કે આ જ માર્ગ છે, ગુરુદેવે કહ્યું તે આ જ છે. ૧૫૮.

## પ્રશ્ન ૧૫૮ ઉપર પ્રવચન

**'પ્રશ્ન :- આ જ કરવા જેવું છે તેમ આપને લાગ્યું એમ અમને પણ લાગે, તે માટે આપની પૂર્વભૂમિકાની થોડી વાત કરવા કૃપા કરશો.'** ખોદી-ખોદીને પૂછે છે. આ જ કરવા જેવું છે. અમને તો એવું લાગતું નથી. કાંઈક સમજાવો તો અમે કાંઈક થોડીક લાઈને ચડીએ અને ગાડી પાટે ચડવાની હોય તો ચડી જાય, એમ પૂછવા પાછળ આશય તો એટલો જ છે.

૧૫૬નો આશય રહી ગયો છે ને? લખો આશય લખતા જઈએ છીએ. 'સ્વાનુભૂતિ પ્રકાશ'માં બહેનશ્રીના વચનો આમાંથી આવશે, નીચે આશય પણ આવશે એટલું વિશેષ લેવાનું છે.

આશય :- (૧૫૬-૧૫૭) **'મુનિયોગ્ય બાહ્યચારિત્ર જિનઆજ્ઞા અનુસાર જીવ પાળે અને ૧૧ અંગ પર્યંત શાસ્ત્ર જ્ઞાન પ્રાપ્ત કરે તોપણ સ્વરૂપનું ગ્રહણ ન થયું એવું અનંતવાર બન્યું છે. તે એમ સૂચવે છે કે, પ્રયોજનભૂત વાત કોઈ એક બાકી રહી જાય છે અને જીવે એ જ શોધવાનું છે. તે વાત એવી કે શીઘ્રાતીશીઘ્ર આત્મકલ્યાણ કરી લેવા જેવું છે. પૂરી શક્તિથી અને પૂરા ઉદ્યમથી 'આ જ કરવું છે' એમ અંતરમાંથી લગની લાગે તો ઉદયના કાર્યો વચ્ચે પણ એકલયે, એકધારા પ્રવાહપણે, પરલક્ષનો ત્યાગ કરીને અંદર આત્મા પોતાનું કામ કરે એવી ઉપાદાનની તૈયારી થાય ત્યારે સજીવન-મૂર્તિનો યોગ (શ્રીગુરુનો યોગ) અવશ્ય મળે છે અને ત્યારે ઉપાદાન વિશેષ જોર પકડે છે. એ રીતે ઉપાદાન-નિમિત્તનો મેળ ખાય છે. નિમિત્તમાં પૂર્વભવના સંસ્કાર પણ કોઈ જીવને કામ કરે છે ત્યારે પણ પુરુષાર્થની તારતમ્યતા એટલી જ હોય છે. પણ તે પૂર્વભવના સંસ્કાર માત્ર જાણવાનો વિષય છે, અવલંબન લેવાનો વિષય નથી. તાત્પર્ય એ છે કે જીવ જ્યારે તૈયાર થાય ત્યારે માર્ગ ખુલ્લો હોવાથી અલ્પ સમયમાં જીવ આગળ વધી આત્મકલ્યાણ સાધે છે.**

## તા. ૨૧-૪-૧૯૯૭, પ્રશ્ન-૧૫૮
## પ્રવચન નં. ૧૧૧

સ્વાનુભૂતિદર્શન, ૧૫૮મો પ્રશ્ન, પાનું-૧૧૧

**'પ્રશ્ન :- આ જ કરવા જેવું છે તેમ આપને લાગ્યું એમ અમને પણ લાગે, તે માટે આપની પૂર્વભૂમિકાની થોડી વાત કરવા કૃપા કરશો.'** પૂછનારને તો એમ પૂછવું છે કે, આ જ કરવા જેવું છે એ સમજાયું તો ઠીક, પણ લાગવું એ જુદી વસ્તુ છે, સમજાવું એ જુદી વસ્તુ છે - તો અમને પણ એવું લાગે, એ માટે ક્યા પ્રકારના કારણભૂત પરિણામ હોય? એટલે પહેલા કેવા તમને પરિણામ થયા? કે એવું લાગવા મંડ્યું? પ્રશ્ન એમ છે. તમને એવું લાગવા મંડ્યું હતું. એ પહેલા કેવા પરિણામ થયા હતા?

**'સમાધાન :- આ જ કરવા જેવું છે તેવી ભાવના પાછળ પ્રયત્ન ઊપડે નહિ ત્યાં સુધી શાંતિ થતી નથી.'** એટલે એમાં શું કહેવું છે કે, આ જ કરવા જેવું છે ઈ સમજાય ગયું અને સમજણનો સંતોષ થયો, એવું ન થયું. જ્યારે એમ લાગ્યું કે આ જ કરવા જેવું છે ત્યારે એ જે કરવાનો પ્રયત્ન initiative જેને કહીએ છીએ આપણે, પ્રયત્ન જ્યાં સુધી ઊપડે નહિ ત્યાં સુધી શાંતિ ન થાય અને અશાંતિ રહે- એવી એ પરિસ્થિતિ રહી.

મુમુક્ષુ :- પ્રયત્ન ઊપડે નહિ તો એને ભાવના પણ ન કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- ના. એ ખાલી ઉપર-ઉપરનો વિકલ્પ કે ઈચ્છા કહેવાય. ભાવના ન કહેવાય એને. ભાવના અને પ્રયત્ન સાથે હોવા જોઈએ. એનું co-ordination છે. એટલે શું છે? કે સ્વાધ્યાય કરનાર મુમુક્ષુ એવી ભૂલ પણ કરે છે, કે સ્વાધ્યાયમાં એને વાત સમજાય છે અને સમજાય છે એટલે સમજાયાનો સંતોષ કરી લે છે. પહેલા નહોતો સમજતો. અમુક સમય એવો હતો કે પહેલા આ બધી વસ્તુ નહોતી સમજાતી. જે-જે વાતો સમજાતી જાય છે તે-તે વાતનો સમજાયાનો જે સંતોષ છે, એ ત્યાં એના કાર્યના પૂર્ણવિરામમાં એ આવી જાય છે. એટલે હવે આગળ પ્રયત્ન શરૂ કરવાનો છે એ વાત પોતાને ચુકાય છે સંતોષને કારણે, ને એવું ન થવું જોઈએ. કહેવાનો મતલબ શું છે? એવું ન થવું જોઈએ. થવું કેવું જોઈએ કે અહીંયાં બહેનશ્રીને જે થયું તેવું થવું જોઈએ. કે ભાઈ પોતાને ભાવના થઈ કે આ જ કરવા જેવું છે, તો એ ભાવના

જ્યાં સુધી સાકાર ન થાય, ભાવના જ્યાં સુધી ફળવાન ન થાય ત્યાં સુધી અશાંતિ રહે ને શાંતિ ન થાય. પેલાને સમજ્યાની શાંતિ થઈ, કાલે રાત્રિચર્ચામાં એક વાત લીધી હતી. કોઈ વાતને આપણે સમજીને શાંતિ નથી લેવી. જેમકે પરિણામ બગડ્યા ને આપણે તો સ્વાધ્યાયમાં ઘણું સમજ્યા છીએ કેમકે ઘણાં વખતથી સ્વાધ્યાય કરીએ છીએ, ઘણાં પડખેથી ખુલાસા મળી ગયા છે, એટલે અમુક પડખાંથી આપણે એનું સમાધાન વિચારીને કરી લઈએ. એવું કરીએ એટલે પરિણામમાં થોડી શાંતિ પણ આવે. એટલે એવું લાગે કે ભાઈ આપણને જો આ લાભ થયો નહિતર પરિણામ વધારે બગડ્યા હોત - એમ નહિ.

મુમુક્ષુ :- આપ જે કહો છો એવું ન થવું જોઈએ અને આજ્ઞાને લાગુ કરવી એ બેમાં ફેર શું? આપે જે વાત સમજાવો ઈ વાત લાગુ કરી અને પરિણામ વધારે બગડતા અટક્યા...

પૂજ્ય ભાઈશ્રી :- લાગુ કરે એ તો ચાલતા પરિણામમાં લાગુ કરે. અને આ વિચાર કરીને પાછળથી સમાધાન કરે છે, એટલા માટે સ્પષ્ટીકરણ એમ આપ્યું કે એમ સમાધાન કરવાને બદલે, એ પરિણામો બગડ્યા એની પાછળ મારો મિથ્યા અભિપ્રાય ક્યા પ્રકારનો હતો? અને અભિપ્રાય ટાળવા માટે પ્રયોગ કરવો પડે છે. વિચારનું સમાધાન ન ચાલે. વિચારના સમાધાનથી અભિપ્રાય નથી બદલાતો.

એક દૃષ્ટાંત આપું. એક વખત ગુરુદેવની ઉપસ્થિતિમાં રાત્રીચર્ચા ચાલતી હતી. એટલે સાગરવાળા ભગવાનદાસશેઠ ને એ લોકો આવ્યા. આવ્યા હતા એટલે અમુક ટાઈમ સોનગઢ રહે, અમુક ટાઈમ સાગર રહે. અહીંયાં આવે ત્યારે બે-ત્રણ મહિના રહી જાય. પછી એક-બે મહિના ચાલ્યા જાય. એમ આવ-જા, આવ-જા કરતા હતા. એવી રીતે આવેલા અને તેમણે વાત કરી કે મહારાજ અમારે એક પ્રસંગ બની ગયો કે બનાવ બની ગયો. તો કે શું? અમારા ગોડાઉનમાં આગ લાગી અને માલ ઘણી મોટી રકમનો બળી ગયો. એ લોકોને બીડીનો ધંધો. એકલું બીડીનું ગોડાઉન હોય કે બીડીના પત્તાનું ગોડાઉન હોય. એ તો કાગળ જેવી ચીજ છે, અમસ્તી પણ સળગાવાની જ ચીજ છે. વધારે સારી રીતે સળગતી હોય તો જ તે ઈ સળગાવાની ચીજ તરીકે ધંધો થતો હોય અને આગ લાગે એમાં તો શું બાકી રહે પછી? flammable, highly flammable ચીજ હોય ને એમાં આગ લાગે એટલે તો સરખી રીતે જ બળી જાય. એટલે ગોડાઉન બળી ગયું. પછી અમને એમ થયું કે મોટી રકમનું નુકસાન ગયું પણ આપની કૃપાથી આપની પાસેથી મળ્યું છે, સાંભળ્યું છે એટલે અમે લીધું કે ભાઈ ક્રમબદ્ધમાં જે થવાનું હતું તે થયું, ક્રમબદ્ધમાં આવો ઉદય હશે. આ પ્રકારે થયું, થવાનું હશે તે થયું, શાંતિ

રહી અમને. આ રીતે અમે સમાધાન કર્યું. ગુરુદેવ પાસે એ confirmation લેવા માટે પ્રશ્ન ઉઠાવ્યો એણે. તો અમે બરાબર સમાધાન કર્યું કે ન કર્યું? ગુરુદેવે ના પાડી કે આ સમાધાન તમે બરાબર કર્યું નથી. એટલે કેવી રીતે? તો કે ગોડાઉન મારું હતું જ નહિ. પછી જે ક્રમમાં જે થવાનું હતું એ થયું એમ લ્યો. પણ મારું ગોડાઉન રાખીને મને નુકસાન થયું છે ને પછી ક્રમ તમે લ્યો છો, તો પેલો મારાપણાનો અભિપ્રાય તો એમને એમ રહી ગયો!!

મુમુક્ષુ :- અંદર સડો રહી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- અંદર મોટો સડો. ઉપર પાટાપિંડી કરી એટલે ઉપરથી થોડીક શાંતિ લાગી પછી અશાંતિ ઊભી થવાની. એમને એમ ચાલુ રહે. આ બધી લાઈન શું છે? કે આ તો બધી feeling stage ની લાઈન છે. આમાં તો વૈચારિક સમાધાન ચાલે જ નહિ તમારું. જ્યાં સુધી તમને feeling ઉપડે નહિ (કે) આ જ કરવા જેવું છે, એ લાગે નહિ. અને ખરેખરું લાગે ત્યારે એનો પ્રયત્ન ઉપડે નહિ તો શાંતિ થાય જ નહિ. આમાં બીજું વૈચારિક સમાધાન ચાલે એવું નથી. પેલા તો તમારા ચારિત્રમોહના પરિણામ બગડે છે. બાકી તો મોટાભાગના મુમુક્ષુ આપણે પરિણામ જોવાવાળા, ચારિત્રમોહના પરિણામ જોવે છે, એના બગાડ અને એના સુધારની ચર્ચા કરે છે. આપણે શ્રદ્ધાજ્ઞાનને પહેલા પકડવાનો છે. જ્ઞાનમાં ભૂલ શું કરી, એ અભિપ્રાયમાં શું ભૂલ કરી? કેમકે અભિપ્રાય જ્ઞાનનો પર્યાય છે. શ્રદ્ધાની ભૂલ શું થઈ? આમાં મિથ્યાત્વની ભૂલ શું થઈ? અજ્ઞાનની ભૂલ શું થઈ? ઈ વધારે પકડવાનું છે. ઈ પકડવાને બદલે આપણે શું કરીએ છીએ? ક્યાં ક્રોધ થઈ ગયો? ક્યાં માયા થઈ ગઈ? ક્યાં જૂઠું બોલાઈ ગયું? ક્યાં લોભ થઈ ગયો? ક્યાં મને આમ થઈ ગયું? ક્યાં મને આમ થઈ ગયું? આ મુમુક્ષુએ પ્રશ્ન કર્યો કે મને ક્રોધ થઈ ગયો. અને પછી એણે બરાબર કર્યું એવું લાગ્યું, પાછું કર્યું એ જાણે મેં બરાબર કર્યું (એમ લાગ્યું), ત્યાં તો એમ જ કરવું પડેને, બીજું શું થાય? નહિતર તો બધા ઘુસી જ જાયને આગળ લાઈનમાં. શ્રદ્ધા-જ્ઞાનના દોષને વધારે પકડો. એટલા માટે તો હમણાં આપણે થોડાક દિવસથી પરલક્ષની ચર્ચા ચાલે છે કે પરલક્ષ છે ઈ જ્ઞાનનો મોટો દોષ છે અને ઈ વિપરીત શ્રદ્ધાને મજબૂત કરનારો, દૃઢ કરનારો, દર્શનમોહને વધારનારો દોષ છે. તો એવા બધા દોષ પકડવા જોઈએ. એના બદલે મોટા-મોટા જે સ્થૂળ દેખાય છે એ પકડે અને પકડીને પછી વૈચારિક સમાધાન થાય, સારું આમ થયું - એમ ન ચાલે. એ રીતે દોષ મટતા નથી અથવા મટાડવાની યથાર્થ કાર્યપદ્ધતિ નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જ્યારે કોઈ સમાધાન ન થતું હોય કે આકુળતા થતી હોય

ત્યારે એવી રીતના લે કે પૂર્વભવમાં જે આપણે કર્મ કર્યા છે અને બીજાને દુઃખ પહોંચાડ્યું છે એની માટે અત્યારે આ ભવમાં ભોગવવું પડે છે. એમાં કોઈનો વાંક નથી. એટલે પૂર્વભવમાં મેં કર્યું ઈ જ અત્યારે થાય છે. એવી રીતે લઈએ તો ત્યાં?

પૂજ્ય ભાઈશ્રી :- ઈ ઠીક છે. સમાધાન આવશે તમને. મારો ઉદય છે. મેં જ આમ કરેલું છે. પણ મારા પરિણામ બગડે છે એમાં અજ્ઞાન અને મિથ્યાત્વનો દોષ શું છે? ત્યાં સુધી ઊંડાણમાં જાવું જોઈએ. કેમકે દોષને મૂળમાંથી કાપવા છે, તો એના મૂળ સુધી જાવું જોઈએને! દોષ તો થયો એનું મૂળિયું શું છે? મૂળ પકડો અને મૂળને છેદો. એમ કાર્યપદ્ધતિ હોવી જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સવારે જે વાત કરી કે એનું મૂળ શું કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ તો શું એમાં તો કાંઈ... એ તો સામાન્ય વાત હતી. કોઈ એવો પ્રસંગ નહોતો કે....

મુમુક્ષુ :- છતાં પોતાને એક એવો અભિપ્રાય કે આમ થવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અભિપ્રાય એ કે અધિકારનો વિષય. લાઈનમાં ઊભા એટલે હવે મારો અધિકાર છે. પાછળ આવે ઈ પાછળ ને આગળ રહે ઈ આગળ. એ અધિકારનો વિષય થાય છે.

મુમુક્ષુ :- આમ સામાન્ય બાબત છે.

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો ઈ સામાન્ય પ્રસંગ છે. પણ હવે એમાં શું છે, મૂળમાં તો પેલું પકડ્યું છેને? હું ફલાણો! મૂળમાં તો ત્યાં જ છેને કે હું ફલાણો! હું આત્મા એમ લ્યે તો લાભ-નુકસાન તરત વિચારે કે આમાં મને શું નુકસાન જાય? અને મને શું લાભ થાય? એક માણસ આગળથી આપણને ખોટી (મોડું કરાવે) વધારે કરે એજ ને! ઈ જે આપણે ઊભું રહેવું પડે એમાં દુઃખ માન્યુંને! હવે શરીરના પ્રદેશો ઊભા રહેલા પ્રમાણે હોય કે બેઠેલા પ્રમાણે હોય કે સૂતેલા પ્રમાણે હોય, એમાં શરીરના પ્રદેશોમાં શું નફો-નુકસાન થઈ જાય છે એ તો કહો?

મુમુક્ષુ :- કાંઈ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- કેવા misconcept છે. આપણે બસમાં મુસાફરી કરતા હોઈએ. જગ્યા ન મળે તો ઊભું રહેવું પડે. તો ઊભા રહ્યા એ આપણી પ્રતિકૂળતા અને જે બેઠેલા એ એની અનુકૂળતા. આમાં concept શું છે? આ જેટલાને સીટ મળી છે એને સારું છે, એને અનુકૂળતા છે. આપણે ઊભા-ઊભા જવું પડે છે આપણે પ્રતિકૂળતા છે. હવે તારા આત્માના પ્રદેશો તું બેઠો હોય એ રીતે ગોઠવાયેલા હોય કે તું ઊભો હોય એ રીતે ગોઠવાયેલા હોય એમાં તને ફરક શું પડે છે? કે ખાલી માન્યતા જ

છે. બીજું શું છે? માન્યતા સિવાય બીજું શું છે? આમ તો શું છે? વેદનાથી માંડીને બધી ભૂમિકાથી પાર થઈને ભેદજ્ઞાન સુધી પહોંચવું જોઈએ. મહત્ત્વનું stage તો ભેદજ્ઞાનનું છે. કેમકે ઈ અનુભૂતિનું કારણ છે. તો શું થાય? કે તમે દરેક પ્રસંગોમાં આત્માને પકડીને ભેદજ્ઞાન કરો. જ્ઞાનને પકડીને ભેદજ્ઞાન કરતા થઈ જાઓ. ત્યાં સુધી આવવું જોઈએ અને પહેલે પગથિયે પગ ન મુકાય ત્યાં આગળની શું પછી ચર્ચા ચાલે.

મુમુક્ષુ :- બસમાં ઊભા રહીને મુસાફરી કરતા હોય તો હવે શરીરને થાક લાગે એમાં આત્માને કાંઈ લેવા-દેવા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાન કરેને તો કાંઈ અસર જ ન આવે. જે માનો કે શરીરને થાક લાગ્યો કે દુખાવો થયો પગમાં કે ગમે ઈ થયું, ભેદજ્ઞાન કરે એટલે એની અસર પરિણામ ઉપર ન આવે. એ જે થાક લાગ્યો એ ભેદજ્ઞાન કરવાનું સાધન થાય.

મુમુક્ષુ :- અને થાક લાગ્યો ઈ કલ્પના જ છેને?

પૂજ્ય ભાઈશ્રી :- એ કલ્પના છે અને એ કલ્પનાને લઈને જીવ બંધાય છે. એના બદલે થાક લાગ્યો હોય એવી જે અશાતાની પરિસ્થિતિ ઊભી થાય શરીરમાં તો એ અશાતાની પરિસ્થિતિ ભેદજ્ઞાનનું નિમિત્ત બનાવવું જોઈએ. બસ પછી કાંઈ વાંધો નથી. તમે લાભ લીધો એનો. તમને અશાતા થઈ એનો તમે લાભ લીધો. એમ દરેક ઉદયનો લાભ લ્યોને! આમાં શું છે? આગળ વધોને એટલે બે હાથમાં લાડવો છે. પ્રતિકૂળતા આવે તો એનો લાભ લેવાનો, અનુકૂળતા આવે તો એનો લાભ લેવાનો. બધા ઉદયનો લાભ લેવાનો. બધા ઉદયમાં ભેદજ્ઞાન કરવાનું. (પછી) કાંઈ વાંધો જ નહિ. એટલે આ ઉદય આવે તો સારું ને આ ઉદય ન આવે તો (સારું) ઈ પ્રશ્ન જ ન રહ્યો. એટલે તો આપણે એક દી' સ્વાધ્યાયમાં પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, ભાઈ તમને શ્રીગુરુ કે અરિહંત ભગવાન પૂછે... એટલે એક ગુરુ છે ને એક પરમગુરુ છે. કે ચાલો મોક્ષમાં આવવું છેને સિદ્ધાલયમાં?! તો કહે હોઉં પ્રભુ! એટલા માટે તો તમારી પાસે આવ્યા છીએ. સિદ્ધાલયમાં જાવું છેને? તો કે હા! જાવું જ છેને! હવે વાયા ક્યાં થઈને જાવું છે? હજી ભવ કાંઈ બાકી હોય તો ક્યાં વાયા કેવી રીતે જાવું છે? વાયા સ્વર્ગ જાવું છે કે વાયા નરક જાવું છે? મનુષ્યમાં તો તમે છો. તો તમે શું પસંદ કરો? પ્રશ્ન પૂછ્યો હતો. તો સામાન્ય રીતે માણસને એમ આવે કે વાયા સ્વર્ગ જઈએ એ જ સારુંને, એ.. લહેર કરતા-કરતા.

મુમુક્ષુ :- ત્યાંથી નજીક છેને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમ તો નજીકમાં તો શું? જીવની ગતિક્રિયાશક્તિ જે એવી છે ક્રિયાવર્તીશક્તિની જે ગતિ છે. તે એક સમયમાં ચૌદ બ્રહ્માંડમાં જઈ શકે

છે. એટલે એક છેડેથી બીજે છેડે.

મુમુક્ષુ :- ઈ કાંઈ લાગું પડતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ એનો તો કોઈ સવાલ નથી. પણ સ્વર્ગમાં થઈને જવું છે, નરકમાં થઈને નથી જવું એવો જે અભિપ્રાય એ અનુકૂળતાને હજી ઈચ્છે છે. અને અનુકૂળતાને ઈચ્છે છે એને હજી સિદ્ધાલય દૂર છે, દિલ્હી દૂર છે. આ રીતે તાવવો જોઈએ આત્માને. બધા પ્રશ્નો કરી કરીને અંદરમાં તાવવો જોઈએ. કે તું કેટલી અનુકૂળતાને ઈચ્છે છે એ તો નક્કી કર! જ્યાં સુધી બહારની અનુકૂળતાને ઈચ્છે છો ત્યાં સુધી તારો ઉપયોગ બહારના આકર્ષણથી છૂટી, કાલે આકર્ષણનો વિષય લીધો હતોને! અંદર વળશે કેવી રીતે? બહારની અનુકૂળતા જે છે એનું જે આકર્ષણ છે, એ આકર્ષણ ઉપયોગને ખેંચે છે, પકડી રાખે છે, જકડી રાખે છે, અંદર જઈશ કેવી રીતે? આ સવાલ છે.

મુમુક્ષુ :- સિદ્ધાલયમાં ભગવાન ઊભેલા પણ હોય છે અને બેઠેલા પણ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. થાક ન લાગે!! અનંતકાળ સુધી ઊભા રહે તો(પણ). અરે અહીં બે કલાક સુધી બેસી રહો તો તમારો પગ અકડાય જાય છે. ઊભા રહો તો પગ દુખવા આવે છે. હવે ત્યાં તો જે આસન છે એ આસન સાદી અનંતકાળ છે. તો તમે કહેશો કે ત્યાં શરીર નથી એટલે શરીરની અશાતા નથી. વાત તો એમ છે કે, શરીર પણ નથી, શરીરની અશાતા પણ નથી અને પરમાનંદમાં બિરાજમાન છે. પણ સિદ્ધાંત ઈ છે કે, આત્માના પ્રદેશોમાં પગ વળેલા હોય કે પગ વળેલા ન હોય એથી કાંઈ આત્માને કાંઈ થતું નથી. ઈ કલ્પના છે કે, આમ હોય તો ઠીક ને આમ હોય તો અઠીક. એથી આત્માને કોઈ લાભ-નુકસાન કે શાંતિ-અશાંતિનું કારણ નથી, સુખ-દુઃખનું કારણ નથી.

મુમુક્ષુ :- ભગવાન પદ્માસનમાં પણ નથી ને ખડ્ગાસનમાં પણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ભગવાન આત્માના આસનમાં છે. એ તો નામ પાડ્યું છે આસનનું. એ તો જે છે એ છે એ રીતે. શું ચાલ્યું? **'આ જ કરવા જેવું છે તેવી ભાવના પાછળ પ્રયત્ન** ઊપડે **નહિ..'** નિર્ધાર કર્યો હોયને તો પ્રયત્ન ઊપડે. એ વાત આપણે ચાલી ગઈ. નિર્ણય કર્યો હોય કે આ જ કરવા જેવું છે તો એના જ initiative લેવાય બધા. એટલે પછી બીજું-બીજું કરતા હોય એ બંધ કરવાનું મન થાય. આ જ કરવા જેવું છે એ નિર્ણય કર્યો હોય તો બીજું કરતા હોય તો કરવાનું બંધ થાય. કે ભાઈ આ હવે કેવી રીતે બંધ કરવું? કેમકે હવે મારે આ જ કરવું છે. એવો પ્રયત્ન ઊપડે નહિ ત્યાં સુધી શાંતિ થતી નથી. **'એવો વિચાર આવે કે આ જ કરવા જેવું છે એમ નક્કી કર્યું છતાં પુરુષાર્થ કેમ થતો નથી?'** પુરુષાર્થ ઊપડે નહિ તો એમ વિચારવું

જોઈએ કે કેમ પુરુષાર્થ થતો નથી? **'શું મારા નિર્ણયમાં ખામી છે?'** જુઓ! નિર્ણય શબ્દ લીધો અહીંયાં. કેમકે આ જ કરવા જેવું છે એ નિર્ણયાત્મક વચન છે. **'આ જ કરવા જેવું છે..'** એનો tone નિર્ણયાત્મક છે. એટલે એ નિર્ણયપૂર્વકની વાત છે. હવે નિર્ણય થયો એ પુરુષાર્થને ઉપાડે. જો પુરુષાર્થ ન ઊપડે તો આ જ કરવા જેવું છે એ વિચાર અને વિકલ્પ કર્યો છે, નિર્ણય નથી કર્યો - એમ સમજી લેવું. આ તો તાળો મેળવવા માટે કે ભાઈ બરાબર છે આ તો બહુ સીધી-સાદી વાત છે. પોતાનું આત્મકલ્યાણ કરવાનું છે. પોતાના દુઃખ મટાડી, પોતાના સર્વ દુઃખો મટાડી અને પોતાને સર્વ સુખી થવાનું છે. એટલે આ જ કરવા જેવું છે એમાં તો કાંઈ વાદ-વિવાદનો પ્રશ્ન છે નહિ. કે આ કરવા જેવું છે અને બીજું પણ કરવા જેવું છે - એ તો પ્રશ્ન છે નહિ. માન્ય કરી લીધું આપણે અને માન્ય કરી લીધું ત્યાં બે પ્રકાર ઊભા થાય - એક સંતોષનો અને એક અસંતોષનો. સંતોષ થયો એટલે ભૂલ કરી, પાછી નવી ભૂલ કરી. દવાખાનામાં દાખલ થયો, treatment શરૂ કરી અને પાછી પરેજ પાળવામાં ભૂલ કરી. વળી બીજું ખાય લીધું. નહોતું ખાવાનું ઈ ખાય લીધું ઓલું, જાણીને ખાધું કે અજાણતા ખાધું? એટલે ડગલે ને પગલે આ સત્સંગ કેમ જરૂરી છે? કે ક્યાં ભૂલે છે એ પોતાને ખબર નથી પડતી. **'એવો વિચાર આવે કે આ જ કરવા જેવું છે એમ નક્કી કર્યું છતાં પુરુષાર્થ કેમ થતો નથી? શું મારા નિર્ણયમાં ખામી છે?'** આ check કરી લેવું જોઈએ. પુરુષાર્થ નથી ઊપડતો તો નિર્ણય નથી કર્યો. **'છે શું? એમ વિચારો આવે.'** ને પોતાને પણ એ વિચારો આવેલા. **'આ જ કરવા જેવું છે એમ ભાવના હતી ને! એટલે એવા જ વિચારો આવ્યા કરતા હતા.'** ભાવના યથાર્થ હતી એટલે બધું ચેકીંગ-બેકીંગ બધું ચાલતું હતું. **'હજી કેમ પુરુષાર્થ ઊપડતો નથી? શું હજી ક્યાંક રુચિ છે?'** પોતેને પોતે તપાસે છે અંદર. બીજે રુચિ હોય તો પુરુષાર્થ બીજે જાય. અહીંયાં રુચી હોય, આ જ કરવા જેવું લાગે એટલે એની રુચી થાય એટલે આ બાજુ પુરુષાર્થ ચાલે. **'હજી કેમ અરેરાટી થતી નથી?'** જુઓ આ વેદના વર્ણવવા શબ્દ બીજો લીધો એમણે. શબ્દો ઘણાં બદલે છે. શું? એક વચનામૃતમાં એમણે શબ્દ લીધો છે. આંતરડીમાંથી ભાવના ઊઠવી જોઈએ. શેમાંથી?

મુમુક્ષુ :- આંતરડીમાંથી.

પૂજ્ય ભાઈશ્રી :- એવા શબ્દ લીધા છે. કાઠિયાવાડી ભાષા છે. અહીંયાં અરેરાટી શબ્દ લીધો. અરેરાટી એટલે ત્રાસ થઈ જાય. અરેરાટીનો અર્થ શું થાય? ત્રાસ થઈ જાય. હજી કેમ અરેરાટી થતી નથી. એટલે હજી બહારના ઉદયભાવોમાં કેમ જીવને ત્રાસ થતો નથી. **'એવા વિચારો પુરુષાર્થની તીવ્રતા માટે આવ્યા જ કરતા હતા.'**

આ બધા બતાવ્યા પૂછનારને કે, શું થતું હતું? તો કે પુરુષાર્થની તીવ્રતા થાય એના માટે આવા વિચારો આવતા હતા. ભાવના થઈ હતી. પુરુષાર્થ થાય, પુરુષાર્થ તીવ્ર થાય એના માટે આ પ્રકારના વિચારો આવતા હતા એટલે બહુ practical છે. વિચારોનું સ્તર જોઈએ તો એકદમ practical sideનું સ્તર છે.

**'ગુરુદેવ કહેતા હતા કે સ્વાનુભૂતિમાં પેલીપાર આત્મા બિરાજે છે,..'** સ્વાનુભૂતિ સિવાયનું પરિણમન છે એ એક બાજુ છે ને એને પેલે પાર સ્વાનુભૂતિ છે ક્યાંય. એમાં આત્મા બિરાજે છે. 'સ્વાનુભૂત્યા ચકાસતે' 'નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે. સ્વાનુભૂતિમાં એ પ્રકાશે છે, ચકાસે છે અથવા બિરાજે છે. **'નિર્વિકલ્પ દશા બધાથી જુદી છે.'** જે નિર્વિકલ્પ દશા છે એ જુદી જ જાતની દશા છે, જુદી પડે એવી દશા છે. અંતર્મુખી દશા છેને? આ બધા બહિર્મુખ પરિણામ છે. એટલે સાવ જુદી દશા છે. **'જોકે વચ્ચે માર્ગ શું આવે છે તેની ઝાઝી તો કાંઈ સ્પષ્ટતા હતી નહિ,..'** આ બધી મુમુક્ષુની ભૂમિકાની આપણે જે ચર્ચા ને સ્પષ્ટતા કરીએ છીએ એવી સ્પષ્ટતા નહોતી. એકવાર (પોતે) એમ કહેતા હતા કે અત્યારે ગુરુદેવ જેટલું સ્પષ્ટ કરીને કહે છે, અમે પામ્યા ત્યારે એટલી સ્પષ્ટતા પણ ગુરુદેવ નહોતા કરતા, જેટલી અત્યારે કરીને આપે છે. કેમકે પ્રશ્ન ઘણાં આવ્યા એમ સમાધાન દેતા ગયા ગુરુદેવ, સમાધાન દેતા ગયા.

મુમુક્ષુ :- પહેલા તો વીંટાળીને વાત કરતા હતાને!

પૂજ્ય ભાઈશ્રી :- વીંટાળીને વાત કરતા અને એટલી બધી કોઈ છણાવટ નહિ ચાલતી હોય. એ દિવસોમાં સંપ્રદાયમાં હતા. ૮૯માં એમને સમ્યક્દર્શન થયું અને લગભગ ૮૬માં આવ્યા પરિચયમાં. ત્રણ વર્ષ (પછી સમ્યક્દર્શન થયું). એટલે પાંચ વર્ષ પહેલા, પરિવર્તનના પાંચ વર્ષ પહેલા આવ્યા હતા પરિચયમાં. (એ વખતે) બહુ સ્પષ્ટતા એવી આવતી નહિ. કહેતા હતા કે અત્યારે તો બહુ ચોખ્ખું કરીને કહે છે. આટલી સ્પષ્ટતા અમને નહોતી મળી. પણ જે પકડી લ્યે છે એ તો ઈશારામાંથી પકડી લ્યે છે. આવે છેને (એવી) જાતવાળા ઘોડા. તેજીને ઈશારો બસ! એનો સવાર ઉપર બેઠો હોય અંગૂઠો મારે, જરાક અંગૂઠો અડાડે ને ત્યાં એને પાંખું આવે ઊડે સીધો. દોડે નહિ, એમ કહેવાય એને ઊડે એમ કહેવાય. એવા હોય છે એની અંદર ઘોડા. ગધેડા હોય એને ડફણાં માર્યા કરે, લાકડું માર્યા જ કરે. ચાલે જ નહિ ને હઠીને ઊભું રહે. એટલે કહેવત છે 'તેજીને ઈશારો બસ ગધેડાને ડફણાં માર્યા કરો.' એવું છે. પકડે એ એવી રીતે જ પકડી લે છે. એમણે એમાંથી બહુ પકડ્યું છે, સ્પષ્ટતા નથી મળી તોપણ પકડ્યું છે.

મુમુક્ષુ :- 'સમ્યક્જ્ઞાન દીપિકા'માં આવે છેને કે, અવ્વલ ઉસ્તાદ હોગા વહ સહેનમેં

સમજ લેગા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અવ્વલ ઉસ્તાદ હોગા તો સહેનમેં સમજ લેગા. સહેન એટલે સાઈન. સાઈન એટલે ઈશારો. **'જોકે વચ્ચે માર્ગ શું આવે છે તેની ઝાઝી તો કાંઈ સ્પષ્ટતા હતી નહિ, છતાં પણ ગુરુદેવ નિર્વિકલ્પ દશાને સ્વાનુભૂતિ કહે છે અને તે મુક્તિનો માર્ગ છે; તથા આત્મા જુદો છે તેમ કહે છે. એવી જાતનું પકડાણું હતું.'** મોટી-મોટી વાત પકડી લીધી હતી. મુદ્દાની વાત હતી. આ બધી મુદ્દાની વાત હતી. વાત મુદ્દાની હતી કે, નિર્વિકલ્પદશાને સ્વાનુભૂતિ કહે છે તે મુક્તિનો માર્ગ છે, આત્મા જુદો છે, ભિન્ન છે આત્મા. એમાંથી પકડાણું હતું. એવી જાતનું બધું પકડાણું હતું. પોતાને ઉઘાડ ઓછો હોય, ઉંમર નાની હોય ત્યાં સુધી પાછો પોતાને શાસ્ત્રસ્વાધ્યાય ન હોય, એટલી વિચારશક્તિ ન હોય. તોપણ મૂળ વાત - પરમાર્થ પકડી લીધો. એવી જાતનું પકડાણું હતું.

**'બધું (કરાંચી) છોડ્યું,..'** બધું એટલે કરાંચીમાં સાસરું ને પિયરપક્ષ બન્ને કરાંચીમાં જ હતા. મોટા બહેનને ત્યાં રહેતા હતાને! તો બધું છોડ્યું **'હવે શું કરવાનું છે?'** કહે (છે) નીકળી ગયા તો નીકળી ગયા. હવે શું કરવાનું છે? એક જ કરવાનું છે. બીજું કાંઈ કરવાનું નથી. આ જ કરવું છે ને એના માટે આપણે બધું મુકી દીધું. ભાવના હતી તો એને છોડવાનો initiative લીધો પહેલેથી જ. છતાં એમ કહે છે કે, પુરુષાર્થ કેમ ચાલતો નથી, માટે ક્યાંક અટકું છું - માટે ક્યાંક અટકું છું. **'જ્યાં સુધી અંતરમાંથી શાંતિ ન મળે ત્યાં સુધી ચેન પડવાનું નથી.'** જ્યાં સુધી અંતરમાંથી શાંતિ ન મળે ત્યાં સુધી ચેન પડવાનું નથી. બસ આ એક મુદ્દો છે જે સોગાનીજીએ પકડેલો. એમણે શું કર્યું? શાસ્ત્રો વાંચ્યા, પૂજા-ભક્તિ કરી, યોગના પ્રયોગો કર્યા પણ અંદરથી શાંતિ નહોતી મળી એટલે અશાંતિ ખૂબ રહી. એટલી બધી અશાંતિ રહી કે દેહ છૂટી જાય. હવે વિકલ્પ ન છૂટે તો દેહ છૂટી જાય. વિકલ્પ એટલે અશાંતિ ન છૂટે તો દેહ છૂટી જાય એટલી બધી અરેરાટી ચાલી. એ એની વેદના હતી તો ગુરુદેવનો (યોગ થઈ ગયો. આત્મજ્ઞાન વિના) મોક્ષ નથી. અને આત્મજ્ઞાન તો આત્મજ્ઞાની પુરુષ વગર આત્મજ્ઞાન સમજાય એવું નથી. ગૂઢ વિષય છે આખો. અજાણ્યો વિષય છે તો એના researchમાં જવાનો પ્રયત્ન કર્યો એમ, ઊંડાણમાં જવાનો. પછી વચ્ચે બધું આવી જાય આ વેદનાને આ બધું વચ્ચે આવી જાય છે. પણ ઈ બધી સ્પષ્ટતા મળતી નથી કાંઈ પહેલેથી.

મુમુક્ષુ :- આમાં મુદ્દો શું પકડ્યો હતો આપે?

પૂજ્ય ભાઈશ્રી :- સુખ-દુઃખનો જ તે. સુખ જોઈએ અને દુઃખ ન જોઈએ એમ.

પ્રયોજન તો સુખ-દુઃખનું જ છેને! સુખ નથી મળતું એટલે તો આપણે પ્રયત્ન કરીએ છીએ. સુખ જોઈએ ને દુઃખ ન જોઈએ બસ! સુખનું સ્વરૂપ શું? તો practical sideથી વધારતા ગયા. **'જ્યાં સુધી અંતરમાંથી શાંતિ ન મળે ત્યાં સુધી ચેન પડવાનું નથી.'** મારે ઈ જ કાર્યપદ્ધતિ. સમજાય એટલે એમ નહિ, સમજીને એને પ્રયોગમાં મૂકીને પછી પાક્કું કરવું. ત્યાં સુધી પાક્કું નહિ, સમજેલું પાક્કું નહિ. એવો જ નિર્ણય હતો. સમજાય... ઠીક છે સમજાણું, પણ સમજીને એને પ્રયોગમાં મુકીએ તો એ પાક્કું. પ્રયોગથી સિદ્ધ થાય તો, નહિતર એ સમજણ બદલવાની આપણે જગ્યા રાખવી. કોઈક વખત ખોટી સમજણને સાચી સમજણ માની લેવાણી હોય, તો એ વખતે કોઈ એવો સત્સંગ નહિ, એવો કોઈ ગુરુ નહિ - એવું હોય ત્યારે તો શું ખબર પડે? એકલા હાથે કામ કરવાનું હોય તો શું ખબર પડે? checking point તો આપણે જ ગોઠવવા પડે. કરવું શું? એક વાત આપણને સમજવામાં આવી હોય કે આ બરાબર લાગે છે (તો પછી) એનો પ્રયોગ કરવો. પ્રયોગથી બરાબર લાગે તો આ સાચી નહિતર આપણે જગ્યા રાખવાની કે ભાઈ આમાં ફેર કરવો પડશે. આ વાત બરાબર નથી લાગતી. એમ પ્રયોગની પદ્ધતિ તો પહેલેથી હતી. practical side હોય એટલે તો દશા ઘડાતી જાય. એ તો પર્યાયને કેળવવાનું સાધન જ આ પ્રયોગ છે. પર્યાયને કેળવવાનું સાધન પ્રયોગ છે અને એ તો કેળવાતું જાય. **'જ્યાં સુધી અંતરમાંથી શાંતિ ન મળે ત્યાં સુધી ચેન પડવાનું નથી. અંતરમાં જે વિકલ્પની માળા છે તે પણ આકુળતા છે,..'** વિકલ્પની ઘટમાળા ચાલે છે એ બધી આકુળતા, આકુળતા, આકુળતા એકલી આકુળતાના જાળા છે બધા. એમાં જીવ ગૂંચવાયેલો છે. **'તેનાથી છૂટવું તે જ ખરો માર્ગ છે.'** એ આકુળતાથી અંદરમાં છૂટવું છે. અંદર આત્મામાંથી શાંતિ જોઈએ બસ બીજું કાંઈ નહિ. એવો માર્ગ જોઈએ, એવો ઉપાય જોઈએ બસ! અને એની ખોજ ચાલવી જોઈએ. માર્ગ બતાવનારા બતાવે પણ ખોજ તો અંદર પોતાને કરવાની છે. **'આ જે વિભાવની એક પછી એક ઘટમાળ ચાલે છે તેનાથી આત્મા જુદો છે,..'** ગુરુદેવ એમને મળ્યા અને ગુરુદેવે એ વાત કરી કે, આત્મા તારો શાંતસ્વરૂપે અંદર જુદો છે. આ તારી જે વિકલ્પની ઘટમાળ ચાલે છે ઈ તારું સ્વરૂપ નથી, એવો તું નથી મૂળમાં. તારું સ્વરૂપ કોઈ બીજું જ છે. અંદર જુદું જ છે. **'તે અંતરમાંથી પ્રાપ્ત થાય છે.'** અંતરમાં છે ને અંતરમાંથી એ પ્રાપ્ત થાય છે. શાંતિ અંતરમાં ભરી છે. બેહદ શાંતિ ભરેલી છે. થોડી ઘણી નથી પણ જેનો કોઈ અંત નથી, હદ નથી એટલી શાંતિ ભરેલી છે. તે અંતરમાંથી પ્રાપ્ત થાય છે. **'આ બધાથી (અન્ય મતથી) જુદો સત્ય માર્ગ છે. એમ વિચારો આવતા..'** અન્યમતોથી. એમને ઈ ચર્ચા ચાલતી હિંમતભાઈ સાથે. હિંમતભાઈ થોડાક એવા બીનજરૂરી

તર્ક ઉઠાવતા હતા. એમ કહેતા પણ હતા કે, બીનજરૂરી તર્ક ઉઠાવતા હતા. આપણો જૈનમાર્ગ સાચો એવું શું કરવા? બીજો માર્ગ પણ શું કરવા સાચો ન હોય? આપણે કેવી રીતે નક્કી કરી શકીએ? આવા બધા તે તર્ક ઉઠાવતા હતા. એને કહેતા કે, હું તમને સમજાવી નથી શકતી પણ મને એમ લાગે છે કે આ જ માર્ગ સાચો છે, બીજા બધા માર્ગ સાચા નથી. હું સમજાવી ન શકું પણ મને લાગે છે ઈ કહું છું. એમ કહેતા. '**આ બધાથી (અન્ય મતથી) જુદો સત્ય માર્ગ છે. એમ વિચારો આવતા અને સમ્યગ્દર્શન થયા પછી એમ નક્કી થઈ ગયું કે આ જ માર્ગ છે, ગુરુદેવે કહ્યું તે આ જ છે.**' એટલે પોતાને અંદરથી જ શ્રદ્ધા આવી ગઈ હતી કે માર્ગ તો આ જ છે. એવા વિચારો આવતા અને સમ્યગ્દર્શન થયા પછી તો proof થઈ ગયું એ વાતનું, નક્કી થઈ ગયું કે, આ જ માર્ગ છે. ગુરુદેવે કહ્યું તે આ જ છે.

મુમુક્ષુ :- ગુરુદેવે કહ્યું આ જ માર્ગ સત્ય છે તો આમાં પહેલા શ્રદ્ધા આવી કે જ્ઞાન આવ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- સમજણપૂર્વક લીધેલું એટલે જ્ઞાનપૂર્વક જ શ્રદ્ધા થઈ.

મુમુક્ષુ :- જ્ઞાનપૂર્વક શ્રદ્ધા થઈને?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વૈજ્ઞાનિક પરિસ્થિતિ જ એવી છે. ઊલટી કે સૂલટી, જ્ઞાનપૂર્વક જ શ્રદ્ધા છે. ઊલટી શ્રદ્ધા ઊલટા જ્ઞાનપૂર્વક છે અને સૂલટી શ્રદ્ધા સૂલટા જ્ઞાનપૂર્વક છે, સૂલટી સમજણપૂર્વક છે. એમાં સિદ્ધાંતમાં કાંઈ ફેરફાર નથી કેમકે એ તો science છે. ગુણોના પરિણમનનું, બે ગુણોના પરિણમનનું એ science છે અને શ્રદ્ધાજ્ઞાનપૂર્વક આચરણ છે. આ વૈજ્ઞાનિક પરિસ્થિતિ જ છે.

મુમુક્ષુ :- એટલે શ્રદ્ધા જ્ઞાનની પાછળ આચરણ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- પહેલા નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, બિલકુલ નહિ. જ્ઞાનશ્રદ્ધાનપૂર્વક જ આચરણ થાય. કેમકે સ્વરૂપમાં સ્થિર થવું તે સ્વરૂપ આચરણ છે. તો સ્વરૂપમાં સ્થિર થવાની શક્તિ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્શ્રદ્ધાન થયું હોય એને જ હોય, બાકી બીજા કોઈ ગમે એટલા ધ્યાન લગાવે ને ગમે એટલા દટાય દટાયને જમીનમાં સમાધિમાં બેસી જાય, એમાં નિર્વિકલ્પદશા ન આવે. કેમકે જેનું શ્રદ્ધાજ્ઞાન નથી એને સ્વરૂપમાં સ્થિર થવાની કોઈ પરિસ્થિતિ નથી. એ ઉપયોગ બહાર જ જાય. ઉપયોગ બહાર જ રહે અંદર પાછો વળે જ નહિ. શ્રદ્ધાજ્ઞાનમાં આત્મા આવવો જોઈએને? આત્મા જે અંતઃતત્ત્વ તે મહા આશ્ચર્યકારી તત્ત્વ છે. એનું આકર્ષણ શ્રદ્ધાજ્ઞાનથી ઉત્પન્ન થયું એટલે ઉપયોગ ખેંચાઈને સ્થિર થયો. એ તો એકદમ

વૈજ્ઞાનિક છે. બીજી રીતે થવાની કોઈ શક્યતા જ નથી. scope જ નથીને. પછી કોઈ એમને એમ સમાધિ લગાવી દે, એટલે શરીર ગોઠવી દે એથી કાંઈ થોડું કામ થઈ જાય. ચાલો કલાકો સુધી બેસી ગયા અમે ધ્યાનમાં ને યોગમાં ને સમાધિમાં ને, એવું કાંઈ થાય એવું નથી.

મુમુક્ષુ :- પુરુષાર્થને ક્યારે લઈએ છીએ? શ્રદ્ધા, જ્ઞાન, પુરુષાર્થ ને ચારિત્ર આમ લઈએ તો?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન છે એ પુરુષાર્થનું કારણ છે. જ્ઞાન જેમ શ્રદ્ધાનું કારણ છે. એમ જ્ઞાન પુરુષાર્થનું (પણ) કારણ છે. તમને ખબર પડી કે મોડું થાય છે. તો જલ્દી જવા માટેનો તમારો પુરુષાર્થ ઉપડે કે ન ઉપડે? બસ કે ગાડી કે ટ્રેન કે પ્લેન ચૂકી જવાનો સમય હોય અને ખબર પડી કે મોડું થઈ ગયું છે, તો ફટાફટ બધો સંકેલો કરવા મંડો કે ન મંડો? સામાન બાંધવો કરવો હોય, જાવું હોય તો પગ જલ્દી એમ ઉપડે, જલ્દી દોડીને જાવું, ઉતાવળા હાલો. સ્ટેશન પહોંચ્યા અને જો ગાડીએ વ્હિસલ માર્યું તો શું ધીમા-ધીમા ચાલો? જ્ઞાન થયું કે ગાડીએ વ્હિસલ મારી એટલે શું થયું? દોડવા મંડો કે નહિ? પગને હુકમ કરવો પડે? વિકલ્પ કરવો પડે? કે એલા પગ તું ચાલ જલ્દી ઉપડ તું. ફડાક ઉપડે. એ જ્ઞાન જ પુરુષાર્થનું કારણ છે, જ્ઞાન જ શ્રદ્ધાનું કારણ છે, જ્ઞાન જ રુચિનું કારણ છે. જ્ઞાનથી રુચિ થાય ને જ્ઞાનથી શું છે? જરૂરિયાત ભાસે. જરૂરિયાતથી રુચિ ઉત્પન્ન થાય ને 'રુચિ અનુયાયી વીર્ય.' સીધી લાઈન જ છે એ તો જ્ઞાનથી. એ તો પછી શું છે? કે પોતાને જે અંદરમાં સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, કે ગુરુદેવની બધી વાતો tally થઈ ગઈ. પોતાના અનુભવના પરિણમન સાથે, પોતાના સમ્યગ્ પરિણમન સાથે ગુરુદેવનો ઉપદેશ tally થઈ ગયો કે, આ બરાબર છે આમ જ છે. બીજી રીતે નથી.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રીએ ખુલાસો કર્યો ને હવે આપ ખુલાસો કરો છો, અમારી વર્તમાન યોગ્યતા પ્રમાણે આપ ખુલાસો કરી રહ્યા છો, છતાં અમે....

પૂજ્ય ભાઈશ્રી :- હવે પોતાને, ઊપડવાનું તો પોતાને છે. initiative તો પોતાને આવે, જોર તો અંદરથી પોતાને આવવું જોઈએ. તપાસી લેવું જીવ ક્યાં-ક્યાં અટકે છે? શું કરવા અટકે છે? અને પહેલું તો એ તપાસવું કે પોતાપણું ક્યાં-ક્યાં કરે છે? શરીરમાં, કુટુંબમાં, ઘરમાં, પૈસામાં, આબરૂ-કીર્તિમાં, કેટલા-કેટલા ઠેકાણા છે જરાક જોઈ લ્યે. ઉદયભાવો પરથી બધી ખબર પડશે. આ પણ કરવું છે અને પેલું પણ કરવું છે - બે તો ચાલવાનું નથી. એ રખડવાનું સાધન છે. રખડવાનું-પરિભ્રમણનું કારણ છે. એવું જ્યાં સુધી સ્પષ્ટ પરિભ્રમણ ન ભાસે ત્યાં સુધી જીવને ઉદાસીનતા આવે

નહિ. વેદના થઈને ઉદાસીનતા આવે નહિ. કહ્યુંને અરેરાટી, અરેરાટી આવેલી, અરેરાટી છૂટવી જોઇએ.

મુમુક્ષુ :- સબસે જ્યાદા શરીરમેં હી ચોંટતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વહ તો સંસારકી, સંસારચક્ર કી ધરી હે. શરીર હૈ વો સંસારચક્ર કી ધરી હે. યે શરીર મેરા તો શરીર કે સંબંધી મેરે. અપને-આપ હો ગયા. શરીર મેરા તો શરીર કે સંબંધી મેરે, શરીર કે કપડે મેરે, શરીર કે ગહને મેરે. સબ ફીર તો પૂરા સંસાર ચલા આ જાયેગા.

મુમુક્ષુ :- અપને નામ કી આવાજ સે કોઈ બોલે તો કિતના current આતા હૈ અંદરમેં. આત્માકે નામસે બોલતા હૈ તો પતા નહીં આતા હૈ કિ નહીં આતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- current હી નહીં લગતા.

આશય :- (૧૫૮) **આત્મકલ્યાણની યથાર્થ ભાવના એટલે કે નિર્ધારપૂર્વકની ભાવના પુરુષાર્થની ઉત્પાદક છે. કોઈ જીવને એમ લાગતું હોય કે ભાવના છે પણ પુરુષાર્થ ઉપડતો નથી તો ત્યાં નિર્ણયની ખામી તપાસવી જરૂરી છે. નિર્ણય અનુસાર કાર્ય ન થાય તેને બેચેની આવ્યા વિના રહે નહિ. એ વગેરે પરિણામો આ માર્ગમાં પ્રવેશ કરવાની અભિલાષાવાળાએ તપાસવા ઘટે.**

એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા. અંદર નજર ઠેરવે તો ગુણરત્નાકર પ્રગટે અને બધા દોષનો ભૂકો બોલી જાય. આત્મા તો અનાદિ - અનંત ગુણોનો પિંડ છે.

- બહેનશ્રીનાં વચનામૃત - ૧૩૫

પ્રશ્ન :- નિર્વિકલ્પદશા પ્રગટ કરનેકી કોઈ વિધા-કલા હો તો કૃપયા સમજાયેં?

સમાધાન :- ભેદજ્ઞાનકી ધારા પ્રગટ કરના કિ જિસ ભેદજ્ઞાનકે પશ્ચાત્ વિકલ્પ ટૂટકર નિર્વિકલ્પદશાકી પ્રાપ્તિ હોતી હૈ. વહ પ્રયત્ન તો સ્વયંકો હી કરનેકા રહતા હૈ. વહ ભેદજ્ઞાન માત્ર ધારણા જિતના નહીં પરન્તુ અન્તરમેંસે ભેદજ્ઞાનકી ધારા પ્રગટ હો. (યહ સવિકલ્પ ભેદજ્ઞાન ધારાકી બાત હૈ, જો સમ્યગ્દર્શનસે પૂર્વ પ્રયત્નસે પ્રગટ હોતી હૈ) ઔર તત્પશ્ચાત્ ઉસે સ્વયં ટિકાયે કિ 'યહ શરીર ઔર યહ વિભાવપર્યાય મૈં નહીં હૂઁ, મૈં તો ચૈતન્ય જ્ઞાયક હૂઁ; સર્વ શુભાશુભભાવોંમેં નિરાલા મૈં હી હૂઁ' ઈસપ્રકારકી સહજ ધારા અંતરમેં પ્રગટે-વહ કરના સ્વયંકે હાથમેં હૈ. ઐસી સહજ ભેદજ્ઞાનકી ધારા પ્રગટ કરે તો ઉસકે પીછે નિર્વિકલ્પદશા આતી હૈ. ભેદજ્ઞાનકી ધારા ઉગ્ર હોનેપર, જ્ઞાતાધારાકી ઉગ્રતા હોનેસે તથા ઉપયોગકી તીક્ષ્ણતા હોનેપર વિકલ્પ ટૂટકર નિર્વિકલ્પદશાકી પ્રાપ્તિ અર્થાત્ સ્વાનુભૂતિ હોતી હૈ.

વર્તમાનમેં સ્વયં ઐસી ભેદજ્ઞાનકી ધારા પ્રગટ કર સકતા હૈ. પહલે ઉસે વિકલ્પરૂપ હોતી હૈ; પરંતુ યદિ સહજ ધારા પ્રગટ હો તો ઉસ સહજ ધારાકી - જ્ઞાતાધારાકી ઉગ્રતાકે પશ્ચાત્ નિર્વિકલ્પદશા પ્રગટ હોતી હૈ. ઈસ જ્ઞાતાધારાકી ઉગ્રતાકો સહજરૂપ કરનેમેં અપના પ્રયત્ન ચાહિયે.

અનાદિકા અભ્યાસ હૈ ઈસલિયે ઉસે બારંબાર એકત્વબુદ્ધિ હો જાતી હૈ. ઉસ એકત્વબુદ્ધિમેંસે છૂટનેકે લિયે પ્રથમ વિકલ્પરૂપસે 'યહ ભિન્ન-યહ ભિન્ન' ઐસા કરતા રહે, તો વહ બાદમેં અભ્યાસરૂપ હોતા હૈ. (ઈસપ્રકારસે અભ્યાસ હોનેપર) યદિ સહજ ધારા પ્રગટ હો, તો તત્પશ્ચાત્ નિર્વિકલ્પદશાકી પ્રાપ્તિ હોતી હૈ. ઉસે દ્રવ્યપર દૃષ્ટિ કરકે જ્ઞાતાધારાકી ઉગ્રતા કરની ચાહિયે કિ 'મૈં જ્ઞાયક હૂઁ...જ્ઞાયક હૂઁ...જ્ઞાયક હૂઁ.' જો જો વિકલ્પ આયે ઉસ સમય ભી 'મૈં જ્ઞાયક હૂઁ'-ઈસપ્રકાર અપને અસ્તિત્વકો ગ્રહણ કરે તો સહજરૂપસે ઉસે ભેદજ્ઞાન હો. નિર્વિકલ્પદશા પ્રાપ્ત કરનેકા યહ એક હી માર્ગ હૈ. ભેદજ્ઞાન-ધારાકી ઉગ્રતા હોનેપર જ્ઞાતાધારાકી ઉગ્રતા હોનેસે નિર્વિકલ્પદશાકી પ્રાપ્તિ હોતી હૈ. કિસીકો પુરુષાર્થમેં મંદતા રહ જાયે તો નિર્વિકલ્પદશા હોનેમેં દેર લગતી હૈ. ઔર કિસીકો સહજ ધારા હોકર અંતર્મુહૂર્તમેં નિર્વિકલ્પદશા હો જાય વહ અલગ બાત હૈ. અધિકતર તો અભ્યાસ કરતે-કરતે હોતી હૈ.

સ્વયં સ્વભાવસે સ્ફટિક સમાન નિર્મલ ચૈતન્ય હૈ. ઉસે કહીં ઢૂંઢને જાના પડ઼ે એસા નહીં હૈ. સહજ સ્વયં હી હૈ. અપને અસ્તિત્વકો ગ્રહણ કરકે, જો પરિણતિ પરકી એકત્વબુદ્ધિમેં જાતી હૈ ઉસે તોડકર યહ સબ મુઝસે ભિન્ન હૈ ઐસા નિર્ણય

**કરે તો ઉસસે પૃથક્ હો. વિભાવકી ધારા મૌજૂદ હૈ ફિર ભી વહ જુદી ઔર મૈં જુદા-ઐસી ધારા યદિ પ્રગટ હો તો ઉસકે બાદ નિર્વિકલ્પદશાકી પ્રાપ્તિ હોતી હૈ. તદર્થ માર્ગ એક હી હૈ.-ઈસપ્રકાર સ્વયં અપનેકો યથાર્થ જાનકર ઉસમેં યથાર્થ પરિણતિ કરે (સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે) તથા લીનતા કરે, વહી કરને જૈસા હૈ. ૧૫૯.**

## તા. ૨૨-૪-૧૯૯૭, પ્રશ્ન-૧૫૯
## પ્રવચન નં. ૧૧૨

સ્વાનુભૂતિદર્શન, પ્રશ્નઃ- ૧૫૯ **'પ્રશ્ન :- નિર્વિકલ્પદશા પ્રગટ કરનેકી કોઈ વિધા-કલા હો તો કૃપયા સમજાયેં?'** યે પ્રશ્ન દો પ્રકારસે મુમુક્ષુકો હોતા હૈ. કિસી મુમુક્ષુકો જાનકારી કરનેકી કુતૂહલવૃત્તિ રહતી હૈ. અપની ભૂમિકા તો કોઈ નિર્વિકલ્પદશા હોનેકી તો હોવે નહીં. અભી તો પ્રથમ ભૂમિકામેં પરિભ્રમણકી ચિંતા ભી હુઈ નહીં હો ઔર પ્રશ્ન પૂછે નિર્વિકલ્પદશા કૈસી હોવે, ઉસકી વિધા ઔર કલા હમકો સમજાઈયે!! યે ઐસી જો કુતૂહલવૃત્તિ હૈ, ઈસ કુતૂહલવૃત્તિસે કોઈ ફાયદા નહીં હૈ. વો બાત કરેંગે તો ભી ઉસકે કોઈ પલ્લે પડનેવાલી નહીં હૈ. દૂસરા, કોઈ મુમુક્ષુકો ભાવનાસે ભી યે પ્રશ્ન ઉઠતા હૈ. મુજે સમ્યક્ત્વકી ભાવના હૈ, સ્વરૂપમેં સમા જાનેકી ભાવના હૈ, અંતર્મુખ હોનેકી ભાવના હૈ, યે નિર્વિકલ્પ અંતર્મુખ દશા કૈસે હોતી હોગી? વો જિજ્ઞાસામેં ભી પ્રશ્ન ઉઠતા હૈ. જિજ્ઞાસા ભાવનાપૂર્વક હોવે તો ઠીક હૈ, ભાવનાપૂર્વક નહીં હોવે ઔર કુતૂહલવૃત્તિસે પ્રશ્ન ઉઠે તો વો ઠીક નહીં હૈ. ઐસે પ્રશ્ન - પ્રશ્નમેં દો પ્રકાર હોતે હૈં. અપનેકો દેખ લેના ચાહિયે. યે પ્રશ્ન અપનેકો તો ક્રમસે આયા હૈ સ્વાધ્યાયમેં. અપને તો ક્રમસે ગ્રંથ પઢતે હૈં, તો ક્રમસે વો બાત આયી. જબ ક્રમસે વો બાત આયી તો યે પ્રશ્ન હમેં ભી ઉઠે ઈધર તો કિસ પ્રકારસે ઉઠતા હૈ? ભાવનાસે ઉઠતા હૈ યા કુતૂહલવૃત્તિ-જાનકારી કરનેકે લિયે ઉઠતા હૈ? અપનેકો અપના ચેક કર લેના ચાહિયે, અપને ભાવોંકી તલાશ કર લેની ચાહિયે.

**'સમાધાન :- ભેદજ્ઞાનકી ધારા પ્રગટ કરના..'** વો ઉત્તર તો ક્યા દેતે હૈં કિ, નિર્વિકલ્પ હોનેકે કારણભૂત પરિણામ, નિર્વિકલ્પ હોનેકે પહલે કૈસે હોતે હૈં? સમીપમેં નિર્વિકલ્પદશા આવે ઉસકે પહલે નજીદીકકે પરિણામ કૈસે હોતે હૈં? ફિર ઈસકે કારણ, ઈસકે કારણ વો તો અલગ બાત હૈ. વો અપેક્ષિત બાત હો ગઈ. લેકિન યહાઁ તો

જો બાત કરેંગે કિ, યહી કારણ હૈ વો હી કાર્ય હૈ. ઈસ કારણસે નિર્વિકલ્પ હુઆ જાતા હૈ. વો પરિણામ કૈસે હોતે હૈં? નિર્વિકલ્પ હોનેકે પહલે પરિણામ કૈસે હોતે હૈં? ભેદજ્ઞાનકી ધારા પ્રગટ કરની. જિસકો નિર્વિકલ્પ હોના હો ઉસકો ભેદજ્ઞાનકે પ્રયોગ તક આના ચાહિએ. ઔર ભેદજ્ઞાનકા પ્રયોગ ભી ધારાવાહી ચલે, ધારાવાહી ચલે માને સતત ચલે ઉસકો ભેદજ્ઞાનકી ધારા કહતે હૈં. ધારા માને ધારાવાહી - સતત ચલે. ઐસી દશા આયે તબ નિર્વિકલ્પ હો સકતા હૈ. કભી ભેદજ્ઞાન હોવે - કભી નહીં ચલે, કભી ચલે કભી નહીં ચલે, ઉસકો નિર્વિકલ્પદશા નહીં આતી. જિસકો ધારાવાહી ભેદજ્ઞાન ચલતા હો ઉસકો હી નિર્વિકલ્પદશા આતી હૈ.

મુમુક્ષુ :- અહીંયાં ભાવભાસનની ભૂમિકાનો પ્રશ્ન છે.

પૂજ્ય ભાઈશ્રી :- પછીની વાત છે, ભાવભાસનકે બાદ જો ભેદજ્ઞાન ધારાવાહી ચલતા હૈ તો ઉસકો નિર્વિકલ્પ સ્વાનુભવ હોતા હૈ. ઈસકે પહલે નહીં હોતા હૈ. ઈસકો ભાવભાસન ભી નહીં હૈ. ક્યોંકિ નિર્વિકલ્પદશા વો નિર્વિકલ્પસ્વરૂપમેં નિર્વિકલ્પભાવસે એકાગ્રતા હૈ. નિર્વિકલ્પદશા ક્યા ચીજ હૈ? કિ અપના જો નિર્વિકલ્પસ્વરૂપ ઉસમેં એકાગ્રતા, નિર્વિકલ્પરૂપસે એકાગ્રતા હો ઉસે નિર્વિકલ્પદશા કહતે હૈં. તો જિસકે જ્ઞાનમેં નિર્વિકલ્પ સ્વરૂપ હૈ હી નહીં ઉસકો એકાગ્ર કહાઁ હોના હૈ? ઉસને તો જ્ઞાનમેં જાના હી નહીં કી નિર્વિકલ્પસ્વરૂપ કૈસા હૈ? તો ઉસકો એકાગ્ર કિસમેં હોના હૈ? વો અન્જાની ચીજમેં તો એકાગ્રતા હો હી નહીં સકતી? જિસને જો ફલ ખાયા, સ્વાદ લિયા ઉનમેં વો તન્મય હો સકતા હૈ. જો અન્જાના ફલ જિસકા સ્વાદ કા પતા નહીં ઉસમેં લીનતા કૈસે આયેગી? સ્વાદ હી માલૂમ નહીં. ભાવભાસનમેં અનુભવાંશસે પ્રતીતિ આતી હૈ. અનુભવાંશમેં શાંતિકા સ્વાદ ભાસિત હો ગયા માને લગ ગયા. ભાસન હોના માને લગના. ભાવકા લગના. ઉસકો ભાવભાસન કહતે હૈં. ઈસમેં અનુભવાંશ હૈ. ભાવભાસનમેં અનુભવકા અંશ હૈ. '**ભેદજ્ઞાનકી ધારા પ્રગટ કરના કિ જિસ ભેદજ્ઞાનકે પશ્ચાત્ વિકલ્પ ટૂટકર નિર્વિકલ્પદશાકી પ્રાપ્તિ હોતી હૈ.**' ઐસી ધારાવાહી નિર્વિકલ્પદશા પ્રગટ કરની ચાહિએ કિ ઈસકે પીછે ભેદજ્ઞાન ચલતે, ચલતે, ચલતે પીછે નિર્વિકલ્પદશા હો જાયે. તો ઉસમેં એક ઔર ભી બાત હૈ. કિ, જબસે ભાવભાસન હુઆ હૈ તબસે સ્વરૂપ જ્ઞાનમેં આયા કિ ઐસા મેરા સ્વરૂપ હૈ તો ઉસકા લક્ષ હો ગયા. તો ભેદજ્ઞાન સ્વરૂપ લક્ષસે ચલતા હૈ. સો બાત યહાઁ અનર્પિત હૈ, અધ્યાહાર હૈ. સ્વરૂપલક્ષપૂર્વક જિસકો સતત ભેદજ્ઞાન ચલતા હો ઉસકો ભેદજ્ઞાન કરતે-કરતે-કરતે નિર્વિકલ્પદશાકી પ્રાપ્તિ હો જાતી હૈ, ઐસા બનતા હૈ. સમયસારકી ૭૩મી ગાથામેં યે વિષય ચલા હૈ. જૈસે કોઈ સ્વરૂપકા નિશ્ચય કરતા હૈ, તો સ્વરૂપકા નિશ્ચય કિયા વો સ્વરૂપ કૈસા હૈ? કિ, સ્વરૂપ હી નિર્વિકલ્પ

હૈ. જિસ સ્વરૂપકા નિશ્ચય હુઆ વો તો અપના સ્વયંકા સ્વરૂપ હૈ ઔર વો નિર્વિકલ્પ હૈ. નિર્વિકલ્પ સ્વરૂપકા નિશ્ચય હોનેકે બાદ નિશ્ચયકા એક બલ પ્રગટ હોતા હૈ. નિશ્ચય હોનેસે નિશ્ચયકા બલ પ્રગટ હોતા હૈ. તો વહાઁ નિશ્ચયકા બલ કૈસે પ્રગટ હુઆ? કિ, જોરસે આને લગા કિ મૈં નિર્વિકલ્પ હૂઁ, મૈં નિર્વિકલ્પ હૂઁ, મૈં તો ઐસા નિર્વિકલ્પ હૂઁ, મૈં તો ઐસા નિર્વિકલ્પ હૂઁ, મૈં તો ઐસા નિર્વિકલ્પ હૂઁ. ઈસકા જોર આને લગા.

ભેદજ્ઞાનમેં વહાઁ એક બહુત સુંદર દૃષ્ટાંત લિયા હૈ. કિ જૈસે સમુદ્રમેં કોઈ વહાણ ચલતા હૈ. સમુદ્રમેં હોડી ચલતી હૈ, વહાણ ચલતા હૈ. ઉસકે સઢ પર એક પક્ષી બેઠા હૈ. તો પક્ષીકા સ્વભાવ ક્યા હૈ? કિ એક જગહ બૈઠનેકા નહીં હૈ. ઉસે પંખ હૈ તો વો ઉડતા રહતા હૈ થોડી-થોડી દેરમેં. લેકિન ઉડ કર જાએગા કહાઁ? સમુદ્રકા જો પાની હૈ વો તો બૈઠનેકી જગહ હૈ હી નહીં. સમુદ્રમેં તો તરંગ બડે-બડે હોતે હૈં. વહાઁ તો બૈઠ સકતા નહીં પક્ષી. પાની પર તો પક્ષી બૈઠ નહીં સકતા. તો થોડી દેરમેં ઉડકરકે કહાઁ આયેગા? વહાણ પર આયેગા. ઉડકરકે કહાઁ આયેગા? વહાણ પર આયેગા. ઐસે નિર્વિકલ્પ સ્વરૂપકા જિસકો નિશ્ચય હુઆ હો, ઉનકો વિકલ્પ બાહર જાયેગા લેકિન બૈઠને કી જગહ? નહીં મિલેગી. હૈ હી નહીં બૈઠનેકી જગહ. તો ફિર નિર્વિકલ્પ સ્વરૂપ પર આકર બૈઠેગા. ઉપયોગ બાહર જાયેગા, (લેકિન) બાહર ઉસકો સ્થિર હોનેકી કોઈ જગહ મિલેગી નહીં. ઉસ સ્વરૂપમેં સ્થિર હો જાયેગા! ઐસા દૃષ્ટાંત લિયા. ૭૩વીં ગાથામેં વહાઁ તો આચાર્ય મહારાજને બહુત સુંદર શૈલીસે બાત કી હૈ કિ, નિર્વિકલ્પ સ્વરૂપકે નિશ્ચયસે કોઈ ઐસે પરિણામ હો જાતે હૈં, ખિંચાવ હોતા હૈ અંદરમેં. અદ્ભુતસે અદ્ભુત આશ્ચર્યકારી સિદ્ધપદ અપના, સ્વરૂપ અપના!! ઉસકા ખિંચાવ ઉતના હોતા હૈ કિ વિકલ્પકા શીઘ્ર વમન હો જાતા હૈ, ઐસા શબ્દ લિયા હૈ. વમન માને ક્યા? vomit. કિ જૈસા આપને ખીર ખાયી ઔર ભાયી ભી ઔર ખાયી ભી. ઔર ભાનેસે કુછ જ્યાદા ખાયી, ભાને સે જ્યાદા ખા લી. ઔર યે જો મકાનમાલિક (શરીર) હૈ વો બહુત પ્રમાણિક હૈ. જ્યાદા કિરાયા લેતા નહીં હૈ. 'overeating produces poison' ઈસકા poison હો જાતા હૈ. poison હૈ વહ foreign element હૈ. body કો suit નહીં કરતા. body ઉસકો... યા તો ટટ્ટી હો જાયેગી યા તો vomit હો જાયેગી. રહને નહીં દેગા ઉસકો. નિકલ જાએગા બહાર. તો જિતને પ્રેમસે ખાયી થી, ભાયી થી ઈસલિયે બહુત રુચિસે ખાયી થી (તો) ફેંકા બાહર. રોકના ચાહે જૈસે કિ નહીં મુજે તો બહુત અચ્છી લગી થી ઈસલિયે મુજે તો રખની હૈ, તો ભી રખ નહીં સકેગા. રખેગા હી નહીં ફેંકેગા બાહર જોરસે!!

ઐસે વિકલ્પમેં પહલે રસ-રુચિ થી, જીવકો રાગકા રસ-રુચિ થી. બહુત ભાતા

થા ઉસકો, યે મેરા બેટા, યે મેરા ઘર, યે મેરી સંપત્તિ, યે મેરી પત્ની, યે મેરા પતિ – જીવકો વિકલ્પ બહુત ભાતા હૈ. યે તો અશુભ હૈ, યે કોઈ શુભ નહીં હૈ. જિતને-જિતને બતાયે હૈં યે તો સબ અશુભ હૈં. લેકિન કભી મંદિરમેં જાતા હૈ તો શુભ વિકલ્પ કરતા હૈ તો વો ભી ઉસકો ભાતા હૈ કિ આજ તો મુજે ભક્તિભાવ બહુત અચ્છે આયે. આજ તો દો પદ કી જગહ તીન પદ ગા લિયે. એક પદ ઔર ગાયા. યા ચાર પદ કી જગહ પાંચ પદ ગાયે. એક ઘંટે કી જગહ ડેઢ઼ ઘંટા ભક્તિ કર લી. યે નહીં દેખતા હૈ કિ, ભાતા હૈ ફિર થકાન ક્યોં આતી હૈ? જો પરિણામ ઉસકો મીઠા લગતા હૈ, અચ્છા લગતા હૈ, રસ આતા હૈ, ઉસમેં થકાન ક્યોં આતી હૈ? વો check નહીં કરતા, ક્યોં બંદ કર દેતા હૈ તૂ? જબ તુમકો અચ્છા લગતા હૈ તો છોડતા ક્યોં હૈ? લેકિન જીવ કો ઈતની બુદ્ધિમાની હૈ હી નહીં. ઈતની બુદ્ધિમાની નહીં હૈ. કમ અક્કલ હૈ. વરના check કરના ચાહિયે, યે ઐસા ક્યોં હોતા હૈ? વો વિકલ્પ અચ્છા લગતા થા. અબ નિર્વિકલ્પદશા હોનેમેં સ્વરૂપકા ઈતના ખિંચાવ, attraction, આકર્ષણ હોતા હૈ કિ, વિકલ્પકો વમન કર દેગા – ઐસા શબ્દ લિયા હૈ. બહુત અચ્છા ભાવ લિયા હૈ. '**ભેદજ્ઞાનકી ધારા પ્રગટ કરના કિ જિસ ભેદજ્ઞાનકે પશ્ચાત્ વિકલ્પ ટૂટકર નિર્વિકલ્પદશાકી પ્રાપ્તિ હોતી હૈ.**' સહજ હો જાયે. '**વહ પ્રયત્ન તો સ્વયંકો હી કરનેકા રહતા હૈ.**' ઈસ પ્રકાર, પુરુષાર્થ તો ખુદકો હી કરના હોતા હૈ. '**વહ ભેદજ્ઞાન માત્ર ધારણા જિતના નહીં..**' રાગ ઔર જ્ઞાન ભિન્ન હૈ, ઐસા એક સમજમેં આયા, ધારણા માને ક્યા? સમજકો ધારણ કર રખા ઉસકા નામ ધારણા, ઉતનીસી બાતેં નહીં હૈં. સમજમેં આયા કિ રાગ ભિન્ન હૈ ઔર રાગકા સ્વરૂપ આકુલતા હૈ, જ્ઞાન ભિન્ન હૈ, જ્ઞાન નિરાકુલ સ્વરૂપ હી હૈ – ઈતના નહીં ચલે. ધારણાકા કામ નહીં હૈ, લેકિન ધારણાસે નિર્વિકલ્પદશાકા ફલ આનેવાલા નહીં હૈ વો બાત જરૂર હૈ. ઈસલિયે '**વહ ભેદજ્ઞાન માત્ર ધારણા જિતના નહીં પરન્તુ અન્તરમેંસે ભેદજ્ઞાનકી ધારા પ્રગટ હો.**' અંતરમેંસે જ્ઞાન ઔર રાગ ભિન્ન-ભિન્ન અનુભવ કરનેકા પુરુષાર્થ હોવે, યહ વિચાર નહીં હૈ. ધારણા હૈ વો વિચાર હૈ ઔર પુરુષાર્થ હૈ-પ્રયાસ હૈ વો પ્રયોગ હૈ. દોનોં અલગ ચીજ હૈ. જો ધારણા હૈ વહ વિકલ્પ હૈ – વિચાર હૈ ઔર ભેદજ્ઞાનકે પ્રયાસમેં તો અનુભવકા પ્રયોગ હૈ. જ્ઞાનકા સ્વાદ અલગ હૈ, રાગકા સ્વાદ અલગ હૈ. પ્રયત્નસે દોનોંકા ભિન્ન-ભિન્ન અનુભવન કરના, ઉસકો ભેદજ્ઞાનકા પ્રયાસ કહનેમેં આતા હૈ. વો અંતરમેંસે ભેદજ્ઞાનકી ધારા પ્રગટ હોવે, યહ સવિકલ્પ ભેદજ્ઞાનધારાકી બાત હૈ. ભેદજ્ઞાનધારા તો સવિકલ્પદશામેં હી ચલતી હૈ, જિસકા ફલ નિર્વિકલ્પદશા હૈ. સ્પષ્ટીકરણ દિયા હૈ. '(**યહ સવિકલ્પ ભેદજ્ઞાન ધારાકી બાત હૈ,..**' તો ભેદજ્ઞાનધારા તો સવિકલ્પદશામેં હી ચલતી

હૈ. **'જો સમ્યગ્દર્શનસે પૂર્વ પ્રયત્નસે પ્રગટ હોતી હૈ)...'** ઐસી ધારામેં પુરુષાર્થ હોતા હૈ. જો સમ્યગ્દર્શન, નિર્વિકલ્પદશાકે પહલે હોતા હૈ ઐસા પ્રયાસ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! સમ્યગ્દર્શનકે બાદમેં જો જ્ઞાનધારા હૈ વો તો સહજ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વો ભી ભેદજ્ઞાન, સવિકલ્પદશાકા ભેદજ્ઞાન સહજ હૈ.

મુમુક્ષુ :- તો યહાઁ પર પ્રયત્ન હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- યહાઁ પ્રયત્નદશા હૈ, મુમુક્ષુકી ભૂમિકા પ્રયત્નદશાવાલી હૈ. ઔર ફિર વો સહજ હો જાતા હૈ. નિર્વિકલ્પદશા આત્મરસ, સ્વરૂપરસ તીવ્ર હો જાનેસે હોતી હૈ. નિર્વિકલ્પદશા-નિર્વિકલ્પ સ્વરૂપકા અત્યંત-અત્યંત પ્રચુર રસ પૈદા હોનેસે દશા નિર્વિકલ્પ હો જાતી હૈ. તો ઉસકી પરિણતિ બન જાતી હૈ. ક્યા હોતા હૈ? ઉસકી પરિણતિ બન જાતી હૈ, વો નિર્વિકલ્પ પરિણતિ હૈ. જ્ઞાનીકી જો જ્ઞાનધારા હૈ વો નિર્વિકલ્પ પરિણતિ હૈ, વો આત્મપરિણતિ હૈ, વો આત્મસદશદશા હૈ. જૈસા આત્મા હૈ વૈસી ઉસકી દશા હૈ. ઔર રાગાદિભાવ ઉસસે અલગ પડતે હૈં, ઉનમેં તન્મય નહીં હોતે. તો સહજ ભેદજ્ઞાન ચલતા રહતા હૈ. વો અલગ બાત હૈ, ઉસકા સ્વરૂપ અલગ હૈ, ઈસકા સ્વરૂપ અલગ હૈ, યે પ્રયત્નદશા હૈ. પરિણતિ નહીં પૈદા હુઈ હૈ. હાઁ, વો પરિણતિ પૈદા હુઈ હૈ, ભાવભાસનવાલી. ભાવભાસનકે stageમેં આયા તો જિસ-જિસ stageમેં આયેગા ઉસ-ઉસ stageકી પરિણતિ બનેગી. ઉતની પરિણતિ બની હૈ. લેકિન જો જ્ઞાનદશામેં પરિણતિ હૈ વો નહીં હૈ. તો ફરક ક્યા પડતા હૈ? દોનોંકો ભેદજ્ઞાન કહતે હૈં, તો ફરક ક્યા પડતા હૈ? વો પ્રશ્ન હમને સોગાનીજીકો first question, testing question વો કિયા થા. ઉનકે કુછ પત્ર પઢે થે, સબ નહીં પઢે થે, કુછ પઢે થે. તો માલૂમ હુઆ કિ, નહીં બાત તો ઈન્હોંને જૈનદર્શનકી આખરી હદકી બાત હૈ વો કર દી હૈ. અબ પ્રત્યક્ષ પરિચયમેં મૈંને વો પૂછા કિ સમ્યગ્દર્શનકે પૂર્વમેં ભી ભેદજ્ઞાન ચલતા હૈ ઔર સમ્યગ્દર્શનકે બાદમેં ભેદજ્ઞાન ચલતા હૈ, (દોનોંમેં) ક્યા ફરક પડતા હૈ? તો વો બાત કૌન બતા સકતા હૈ? ક્યોંકિ ઐસી કોઈ છાનબીન સોનગઢમેં હુઈ નહીં થી ઔર વે સોનગઢમેં રહતે ભી નહીં થે. ઉનકો તો ગુરુદેવકે પ્રવચનકા ભી ઈતના લાભ નહીં મિલતા થા. ઈધર કોઈ બાત સુની હુઈ બતા સકતે હૈં, લેકિન વો બાત તો સુનનેમેં ઈન દિનોંમેં નહીં આતી થી. ચર્ચાકા વિષય ભી નહીં થા ઔર વે તો વહાઁ રહતે ભી નહીં થે, ઉન્હોંને અપને અનુભવસે વહ બાત બતાઈ. તો હમકો માલૂમ હો ગયા કિ અનુભવ, ઈનકો દોનોં બાતકા અનુભવ હો ચુકા હૈ. વો બાત માલૂમ હો ગઈ. વે બોલે કિ, સમ્યગ્દર્શનકે પહલે જો ભેદજ્ઞાન ચલતા હૈ, આ પ્રશ્ન (એક મુમુક્ષુએ) ત્યાં ઉઠાવ્યો હતો પહેલો-વહેલો કલકત્તામાં. ત્યાં આ ચર્ચા ચાલી ગઈ હતી એકવાર. પર્યુષણ પર્વમેં મંદિરજીમેં

પ્રવચન હોતે થે તબ પ્રશ્ન ઉઠાયા થા. તો જો પહલે ભેદજ્ઞાન હોતા હૈ ઉસમેં જ્ઞાન ઔર રાગ ભિન્ન હૈ, ઉસકા એક હી સમયમેં અનુભવ નહીં હોતા હૈ. સૂક્ષ્મ કાલાંતર રહતા હૈ, મૈં જ્ઞાનસ્વરૂપી હૂઁ યહ ચલતા હુઆ રાગ ભિન્ન હૈ, દોનોંકો ભિન્ન કરતા હૈ, પ્રયત્નસે - પુરુષાર્થસે ભિન્નપના કરતા હૈ, વો ભેદજ્ઞાન કરનેમેં થોડા સૂક્ષ્મકાલ લગતા હૈ. એક સાથ નહીં હોતા હૈ. જ્ઞાન ઔર રાગકી ભિન્નતા એક હી કાલમેં નહીં હોતી, એક હી સમયમેં નહીં હોતી. સૂક્ષ્મકાલમેં હોતા હૈ. સૂક્ષ્મકાલ ક્યોં હોતા હૈ, કિ નિર્વિકલ્પ હોનેકી તૈયારી હૈ. પહલે થોડા જ્યાદા કાલ જાતા હૈ, જૈસે-જૈસે practice બઢતી હૈ વો કાલ સૂક્ષ્મ હોતા જાતા હૈ. પહલે ભેદજ્ઞાનમેં થોડા અંતર જ્યાદા લગતા હૈ, સ્થૂલ ભેદજ્ઞાન ચલતા હૈ, ફિર સૂક્ષ્મ ભેદજ્ઞાન હો જાતા હૈ, ફિર વો અનુભવ હોતા હૈ, તો જ્ઞાન ઔર રાગ એક સમયમેં ભિન્ન-ભિન્ન રહતા હૈ. ઉસમેં વિકલ્પ-વિચાર કરના નહીં પડતા હૈ, સહજ રહતા હૈ. વહાઁ એક હી સમયમેં જ્ઞાન ઔર રાગકી ભિન્નતા અનુભવગોચર હૈ ઔર યહાઁ રાગ ઔર જ્ઞાનકી ભિન્નતામેં સમય લગતા હૈ. પ્રયત્નદશા હૈ ઈસલિયે કુછ સમય લગતા હૈ.

મુમુક્ષુ :- સમય લગતા હૈ ઈસકા મતલબ ભિન્ન નહીં પડા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, ઉસી વક્ત ભિન્ન નહીં પડા હૈ. ઉસી વક્ત નહીં પડા હૈ. બાદમેં પડતા હૈ. તો વો સૂક્ષ્મકાલ જાતા હૈ તો લગતા હૈ કિ ઈસી વક્ત હી પડ ગયા. ઐસા ભી લગ જાયે, ક્યોંકિ કાલ બહુત સૂક્ષ્મ હૈ ઔર ઈતના કોઈ જાઁચ-તલાશ કરનેકા પર્યાય પર ઉપયોગ નહીં ચલતા હૈ. યે તો અનુભવ હૈ ઈસલિયે ઉન્હોંને બતા દિયા અપને અનુભવસે. ભેદજ્ઞાન ચલતા હૈ ઉસકો ઐસા વિકલ્પ નહીં ભી આવે, ઉનકો તો ઐસા લગે કિ મેરા ધારાવાહી ચલતા હૈ, મેરા ભેદજ્ઞાન હૈ વો ધારાવાહી ચલતા હૈ, લેકિન સૂક્ષ્મકાલ ઉસમેં રહતા હૈ, વો બાત ઉન્હોંને કહી ઔર વો બાત તો ખતમ હો ગઈ.

તો હમારા મુદ્દા વો હૈ કિ, વો પ્રયત્નદશા હૈ. ક્યા હૈ? વો પ્રયત્નદશા હૈ. ઔર ઉસકે બાદ ફિર ઉસકો ટિકાયે રખે. વો ભેદજ્ઞાન ચલતા હૈ, વહ ધારાકો વો ચાલૂ રખે. તો ઉસમેં ક્યા હોતા હૈ કિ, **'યહ શરીર ઔર વિભાવપર્યાય મૈં નહીં હૂઁ,..'** શરીરસે ભી ભેદજ્ઞાન હોતા હૈ ઔર રાગાદિ વિભાવ હૈ, શુભાશુભભાવ હૈ ઉસસે ભી ભેદજ્ઞાન હોતા હૈ. હોતા હૈ ઉસમેં મૈં નહીં હૂઁ - ઐસા લેના હૈ. તો મૈંપના નિર્વિકલ્પદશામેં જાયેગા. અબ તો મૈંપના છુડાનેકી કોશિશ ચલતી હૈ, ક્યા હૈ ભેદજ્ઞાનમેં? શરીર ઔર રાગમેં, વિભાવમેં મૈંપના હો રહા હૈ અનાદિસે. વો જ્ઞાનીકી ભાષામેં, શાસ્ત્ર ભાષામેં ઉસકો અસ્તિત્વ ગ્રહણ કહતે હૈં. કિ અપના અસ્તિત્વ શરીરમેં ઔર રાગમેં ગ્રહણ કર

દિયા હૈ. ઔર ઇતના ડેરા-તંબુ લગાયા હૈ, કિ વો ઉઠાનેમેં તાકત પડતી હૈ જીવકો. શરીર મૈં હૂઁ ઔર યહાઁ રાગમેં મૈંપના, મેરા ભાવ, મેરા વિકલ્પ, મેરા રાગ, બહુત સ્થાપિત કર દિયા હૈ, ઉસકો ઉત્થાપન કરનેકા હૈ. change of allignment કહતે હૈં ઉસકો. સ્થાપના કી હૈ ઉસકો ઉઠાના હૈ. તો વો ઉઠાનેકે પ્રયાસકો ભેદજ્ઞાન કહતે હૈં. મૈંપના ઉઠાનેકા પ્રયાસ. શરીરમેં ઔર વિભાવમેં મૈંપના કર રખા હૈ, ઉસકો ઉઠાના. ઉસકો તોડનેકા જો પ્રયાસ હૈ, વો ભેદજ્ઞાનકા પ્રયાસ ચલતા હૈ મુમુક્ષુકી ભૂમિકામેં.

મુમુક્ષુ :- ભાઈશ્રી! નિર્વિકલ્પ આનંદકે બાદમેં જો જ્ઞાનધારા હૈ, ઉસમેં તો માત્ર જ્ઞાનકી હી ધારા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- ઉસમેં જ્ઞાનમેં મૈંપના અનુભવગોચર હોતા હૈ ઔર રાગમેં બિલકુલ મૈંપના અનુભવગોચર નહીં હોતા હૈ. જ્ઞાનીકો રાગ હોતા હૈ. જ્ઞાનીકો પૂર્ણ વીતરાગ નહીં હોગા તબ તક રાગ હોતા રહેગા, અનિવાર્યરૂપસે હોગા. લેકિન ઉસમેં મૈંપના - અપનાપન અનુભવગોચર હોગા નહીં. ઉસમેં પરપના અનુભવમેં આયેગા. રાગ પર હૈ, યે રાગ હૈ સો પર હૈ - ઐસા અનુભવ હોગા.

મુમુક્ષુ :- મેરા પ્રશ્ન ક્યા હૈ કિ, નિર્વિકલ્પ અનુભવકે બાદમેં જો જ્ઞાનધારા ઔર નિર્વિકલ્પ અનુભવ કે પહલે જો જ્ઞાનધારા હૈ ઉસમેં દૂસરે ગુણ ભી ગર્ભિત હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- યે જ્ઞાનધારા નહીં હૈ. નિર્વિકલ્પદશાકે પહલે ધારા નહીં હોતી હૈ, પ્રયત્ન ચલતા હૈ.

મુમુક્ષુ :- પ્રયત્નવાલી ધારામેં તો ...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયત્ન એકસાથ ચલતા હૈ. ઉસમેં - પ્રયત્નમેં મુખ્ય કાર્ય દો ગુણકા હૈ. એક જ્ઞાનકા ઔર એક પુરુષાર્થકા, વીર્યકા. દોગુણકા મુખ્ય કાર્ય હૈ. મિથ્યા શ્રદ્ધા અભી ચાલૂ હૈ, લેકિન પતલી-પતલી-પતલી હો રહી હૈ. લેકિન શ્રદ્ધા સમ્યક્ નહીં હુઈ હૈ. ઇસલિયે શ્રદ્ધા અપના positive કામ નહીં કરતી હૈ, શ્રદ્ધાકા negative process ચાલુ હૈ. તો મિથ્યાશ્રદ્ધા મંદ હો કરકે, અધિક મંદ હો કરકે, અધિક મંદ હો કરકે, વહ ઉપશમ હો જાયેગી. તો ઉસકો ઉપશમ સમ્યગ્દર્શન કહનેમેં આયા. ઔર ચારિત્રમેં વીતરાગતા હુઈ નહીં, તો ચારિત્રગુણકા કાર્ય નહીં હૈ, તો ચારિત્રમેં શુભ વિકલ્પ હોતા હૈ, ભેદજ્ઞાનકે સમયમેં જો શુભભાવ હોતા હૈ, વિકલ્પવાલી દશા ઉસમેં ચારિત્રગુણકા કાર્ય હૈ. વો ભી રાગરૂપ હૈ તો સાધન નહીં હૈ. શ્રદ્ધા ભી મિથ્યારૂપ હૈ ઇસલિયે સાધન નહીં હૈ. તો સાધન ઇધર જ્ઞાનકા હૈ. જ્ઞાન ઔર પુરુષાર્થ-વીર્યગુણ દોનોંકા ક્ષયોપશમ કામ કરતા હૈ, બસ! દો હી ગુણ હૈ. વો ભેદજ્ઞાનકી ધારામેં દો ગુણકા કાર્ય હૈ.

મુમુક્ષુ :- ઔર મિથ્યાત્વદશામેં જો ધારા ચલતી હૈ મિથ્યાત્વકી ઉસમેં તો સભી

ગુણ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણમનમેં તો સભી ગુણ એક સમયમેં સભીકો હોતે હૈં. એક સમયમેં સભીગુણકા પરિણમન સર્વ જીવકો હોતા હૈ, ચાહે નિગોદકી અવસ્થા હો, ચાહે સિદ્ધદશા હો. તો સબગુણ પરિણમન કરતા હૈ, લેકિન કિસ ભૂમિકામેં કિસ પ્રકરકા પરિણમન હોતા હૈ? ઉતનીસી બાત હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! મિથ્યાશ્રદ્ધાકા પતલા હોના ઔર ફિર ભી સત્તર ક્રોડાક્રોડીકા બંધ હોના, યે દોનોંકા મેલ કૈસે હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, પ્રાયોગલબ્ધિમેં તો સત્તર ક્રોડાક્રોડીકી યોગ્યતા રહતી નહીં. અંતઃ ક્રોડાક્રોડીમેં તો પ્રાયોગલબ્ધિમેં આ જાતા હૈ, વો પ્રાયોગલબ્ધિ ભી અનંતબાર હો ચુકી હૈ, યહાઁ તો બહુત આગે બઢા હૈ જીવ ઔર સમ્યગ્દર્શનકે સમીપ આ ગયા હૈ, તો ઉસકા મિથ્યાત્વ તો ઉતના પતલા પડ ગયા હૈ, ઉતના પતલા પડ ગયા હૈ, કિ ટૂટનેકે યોગ્ય હો ગયા હૈ, છૂટનેકે યોગ્ય હો ગયા હૈ. ઐસી દશા વહાઁ હો ગયી હૈ. ઇતની બાત લેની હૈ.

મુમુક્ષુ :- મુમુક્ષુકો જો પતલા-પતલા બંધ હોતા હૈ, ઉસકે પીછે બલ તો..

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, ઉસમેં ક્યા હૈ કિ, જબતક મિથ્યાત્વ હૈ, (બલ દો પ્રકારસે) હોતા હૈ. એક શક્તિરૂપસે ઔર એક વ્યક્તિરૂપસે. વહાઁ બલ વ્યક્તિરૂપ નહીં હૈ. વ્યક્તિ ક્ષીણ હો ગયી હૈ. હાઁ! વ્યક્તિ ક્ષીણ હો ગયી હૈ. તબ તો પતલા પડા હૈ, ઐસા બોલનેમેં આતા હૈ. લેકિન યોગ્યતારૂપ શક્તિ હૈ, યોગ્યતારૂપ શક્તિ હૈ, અગર વો તોડેગા નહીં તો. હો સકતા હૈ વો બઢ કરકે સત્તર ક્રોડાક્રોડી તક ચલા જાયે. જૈસે એક આદમી સીઢી ચડતા હૈ, સીડી ચઢતે, ચઢતે, ચઢતે ઉપર તક આયા હૈ, એક-દો સીડી બાકી રહ ગયી, ઉસમેં પૈર ફિસલા, પૈર ફિસલ ગયા તો પૈર તો એક હી સીઢીમેં ફિસલા. એક-એક સીઢી ચડતા હૈ ન? તો પૈર ફિસલનેમેં ક્યા હુઆ, એક હી સીઢીમેં પૈર ફિસલા. લેકિન હો સકતા હૈ વો પૂરા નીચે ગીર જાયે, યા પૂરા નહીં ભી નીચે ગીરે, પૈર ફિસલા તો એક-દો સીઢીમેં અટક જાયે ઔર પકડ લેવે ઔર પૂરા નહીં ભી ગીરે, લેકિન પૈર ફિસલનેમેં હો સકતા હૈ કિ વો પૂરાપૂરા નીચે ભી ચલા જાયે. ઐસે મિથ્યાત્વ હૈ ઔર ફિસલા તો સત્તર ક્રોડાક્રોડી તક ચલા જાયેગા, નિગોદમેં ભી ચલા જાયેગા. લેકિન અબ ઇસમેં તાકત નહીં હૈ, આગે બઢેગા તો મિથ્યાત્વ છોડ દેગા, તોડ દેગા, ઐસા ભી હો સકતા હૈ.

મુમુક્ષુ :- ભાઈ! યહાઁ તો આગે બઢ ગયા ફિર ફિસલનેકા સવાલ હી કહાઁ હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- વો ફિસલનેકા સવાલ અપનેકો લેના ભી નહીં હૈ. એમનો પ્રશ્ન

શું છે? તમે સમજ્યા. મિથ્યાત્વ છે એમાં સિત્તેર ક્રોડાક્રોડીની કર્મો બાંધવાની શક્તિ છે. દરેકના મિથ્યાત્વના પરિણામ કાંઇ સિત્તેર ક્રોડાક્રોડી બાંધતું નથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ગૃહીત મિથ્યાત્વમાં હોયને?

પૂજ્ય ભાઈશ્રી :- તીવ્ર મિથ્યાત્વમેં હોતા હૈ. તીવ્ર મિથ્યાત્વકા પરિણામ હોવે તો સત્તર ક્રોડાક્રોડી દર્શનમોહકી સ્થિતિ બાંધે, લેકિન ઐસા નહીં હૈ કિ પ્રત્યેક મિથ્યાદૃષ્ટિ જીવ પ્રત્યેક સમયમેં સત્તર ક્રોડાક્રોડીકો બાંધતા હૈ, ઐસી કોઈ પરિસ્થિતિ હૈ હી નહીં. ઐસી પરિસ્થિતિ નહીં હૈ, જિતના મંદ મિથ્યાત્વ હૈ, ઉતની સ્થિતિ કમ હોતી હૈ. મિથ્યાત્વકા રસ જિતના જ્યાદા ઉતની સ્થિતિ ઘાતિકી જ્યાદા, માને દર્શનમોહકી જ્યાદા.

મુમુક્ષુ :- જો જીવ ગુરુકી વિરાધના કરતા હૈ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉસકો બહુત તીવ્ર (મિથ્યાત્વ) હોતા હૈ, ઉસકો બહુત તીવ્ર હોતા હૈ.

મુમુક્ષુ :- વો તો એક તરહસે પૂરા ગિર હી જાયેગા.

પૂજ્ય ભાઈશ્રી :- વો તો સપનેમેં ભી કરને લાયક નહીં હૈ. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર ઔર જ્ઞાનીપુરુષ, સત્પુરુષ ઉનકી વિરાધના સપનેમેં ભી જીવકો હોની નહીં ચાહિયે, યા કિસીકો ભી હોની નહીં ચાહિયે. સબસે ભયંકર પરિણામ હૈ, સબસે ભયંકર પરિણામ વો હૈ. ઈતના ઈસસે બડા પાપ વિશ્વમેં કહીં ભી નહીં હૈ, કતલખાના ચલાનેસે ભી જ્યાદા પાપ હૈ.

મુમુક્ષુ :- જાનબૂઝકર કરે..

પૂજ્ય ભાઈશ્રી :- જાનબૂઝકર કરે તો ઔર અનજાનેમેં કરે તો ભી બડા પાપ હૈ. જાનબૂઝકર કરતા હૈ તો ઉસમેં તો બહુત રસ આ જાતા હૈ, તીવ્ર રસ આ જાતા હૈ.

ક્યા વિષય ચલતા હૈ અભી. શરીર ઔર વિભાવ પર્યાય તો મૈં નહીં. **'મૈં તો ચૈતન્ય જ્ઞાયક હૂઁ;..'** યે મૈં નહીં, યે મૈં હૂઁ. યે વિકલ્પપૂર્વક ભાષા બનાયી હૈ. ફિર વિકલ્પમેં થોડા shortcut હો જાતા હૈ, વિકલ્પ તો સંક્ષેપ હોકરકે નિર્વિકલ્પ હોગા ન! યે મૈં નહીં, યે માને શરીર ઔર રાગ, ઔર યે મૈં હૂઁ. જ્ઞાન મૈં હૂઁ, ઉતના લંબા વિકલ્પ નહીં કરે કિ યે મૈં નહીં, યે મૈં હૂઁ. ઐસા ચલેગા. પ્રત્યેક શુભાશુભભાવોંમેં અંદરમેં મૈં જુદા હૂઁ. પ્રત્યેક શુભાશુભભાવ હોતા હૈ તો જીવકી અવસ્થામેં. લેકિન ભીતરમેં મૈં અલગ હું. ક્યોંકિ મૈં જ્ઞાનસ્વરૂપી હૂઁ, મેરા જ્ઞાનસ્વરૂપ મિટ કરકે, ફિટ કરકે, નાશ હોકરકે, રાગરૂપ કભી હોતા નહીં હૈ. ક્યોંકિ જ્ઞાન ચલતા રહતા હૈ, જ્ઞાન જ્ઞાનરૂપસે હી ચલતા રહતા હૈ, રાગરૂપ કભી હોતા નહીં હૈ. રાગ રાગરૂપસે ચલતા રહતા હૈ, જ્ઞાનરૂપ કભી

હોતા નહીં હૈ. વો પ્રત્યક્ષ સભીકો અનુભવગોચર હૈ, ઈસલિયે જીવકી અવસ્થામેં રાગ હોનેપર ભી ભીતરમેં દોનોં ભિન્ન હૈં, આપસમેં દોનોં ભિન્ન હૈં. ભિન્નકા ભિન્નરૂપસે અનુભવ કરના વહી સમ્યક્ હૈ, વો 'સમ્યક્ત્વ'કે articleમેં આ ગયા. ભિન્નકા ભિન્નરૂપસે અનુભવ કરના હી સમ્યક્ હૈ. પ્રત્યેક શુભાશુભભાવોંકે ભીતરમેં મૈં ભિન્ન હી હૂઁ, જુદો જ છું, ભિન્ન હી હૂઁ, જોર દેતે હૈં ન? પુરુષાર્થ કામ કરતા હૈ, ભિન્ન હી હૂઁ, ઈસ જાતિકે અંદર ઉસ પ્રકારકે અંદર, ભીતર સહજ ધારા પ્રગટ હોવે ઐસા કરના અપને હાથકી બાત હૈ, માને અપને પુરુષાર્થકી બાત હૈ. વો પ્રારબ્ધ અધીન બાત નહીં હૈ, વો પુરુષાર્થ અધીન બાત હૈ. ઈસલિયે હાથકી બાત હૈ ઐસા કહા, જિતના પુરુષાર્થ કરે ઉતના કામ હોગા. જિતના પુરુષાર્થ હોગા ઉતના કામ હોગા. **'ઐસી સહજ ભેદજ્ઞાનકી ધારા પ્રગટ કરે તો ઉસકે પીછે નિર્વિકલ્પ દશા આતી હૈ.'** ઐસા ભી એક શૈલીસે બોલનેમેં આતા હૈ, કિ જબ અપને સ્વરૂપકો દેખા, ભાવભાસનમેં ક્યા હુઆ? અપને સ્વરૂપકો દેખ લિયા. જબ દેખા તો ઉનકો લગા કિ, ઓહોહો... મેરા સ્વરૂપ ઐસા હૈ, કિ ઉસકે આગે સમ્યક્દર્શન ચતુર્થ ગુણસ્થાન ક્યા, કેવલજ્ઞાનકી પૂર્ણદશા ભી કુછ નહીં હૈ. ઈતના મહાન હૈ. કિ ઉસકે પીછે ઉનકા પરિણામ આકર્ષિત હોકરકે દૌડને લગતા હૈ. ઈસ દૌડમેં સમ્યગ્દર્શનકો લાના નહીં પડતા, સમ્યગ્દર્શન સામનેસે ચલા કરકે, ઉઠ કરકે, અપને પાસ આતા હૈ. તો ઐસા ભાવ હો જાતા હૈ, વહાઁ સ્વરૂપાશ્રિત, ...સ્વરૂપકે પ્રતિ ઐસા ભાવ હોતા હૈ, કિ સમ્યગ્દર્શનકો સામનેસે આના પડતા હૈ, લાના પડતા નહીં હૈ. સ્વરૂપકો ઈસ તરહસે દેખો. અપને સ્વરૂપકો ઈસ તરહસે દેખો, ભાવભાસન હોકરકે, કિ સમ્યગ્દર્શનકો આના પડે, લાના પડે નહીં. ઈસલિયે કહનેકી વચનશૈલી હૈ. મતલબ ક્યા હૈ કિ, સહજ આતા હૈ. સહજ સમ્યગ્દર્શન હો જાતા હૈ. ક્યોંકિ દૃષ્ટિ હોગી સ્વરૂપકી તો પર્યાયકી પડી નહીં હૈ. પર્યાયકી દરકાર નહીં હૈ. ઈસલિયે ૧૬૫ પત્રમેં કૃપાળુદેવને લિખા હમકો તો જ્ઞાન તો પ્રગટ હો ગયા હૈ, અભી હમકો મોક્ષકી ઈચ્છા નહીં રહી. ઐસા ક્યોં કહા? કિ, હમારા સ્વરૂપ હમને ઐસા પ્રાપ્ત કર લિયાકી મોક્ષકી ક્યા જરૂરત હૈ? મોક્ષકી કોઈ જરૂરત હમકો નહીં હૈ. સર્વસ્વ હમકો મિલ ગયા. જરૂરત તો ઉસકો હૈ કિ જિસકો સર્વસ્વ નહીં મિલા હો ઉસકો. જિસકો સર્વસ્વ મિલ ગયા ઉસકો કોઈ જરૂરત નહીં, ઔર જરૂરત રહી તો સર્વસ્વ હુઆ નહીં, યે બાત હો ગયી.

મુમુક્ષુ :- સર્વસ્વ મિલ ગયા ફિર પુરુષાર્થ ચાલૂ હી રહતા હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- ચાલૂ હોતા રહતા હૈ, ઉસકો રખતે હૈં, કરતે હૈં, ઐસા કહનેમેં આતા હૈ. હોતા રહતા હૈ, થંભતા નહીં, ખુદ રોકના ચાહે તો રુક સકતા નહીં. જૈસે કિસીકા સ્વજન મર ગયા, ઉસકો આપ બોલોકી તુમ મત રોઓ, તો ક્યા રોના બંદ

હો જાતા હૈ ક્યા?

મુમુક્ષુ :- મુંહ છીપાકર ભી રોએગા.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યોં? વો ખુદ હીં નહીં રોક સકેગા. ઉસકા અપનાપન ઉતના હૈ કિ, વો ખુદ રોક સકતા નહીં હૈ, પરિણામકી સહજ સ્થિતિ હોતી હૈ. '**ભેદજ્ઞાનકી ધારા ઉગ્ર હોનેપર, જ્ઞાતાધારાકી ઉગ્રતા હોનેસે..**' દોનોં એક હી બાત હુઈ, '**તથા ઉપયોગકી તીક્ષ્ણતા હોનેપર..**' ઔર ઉપયોગ સૂક્ષ્મ ઔર તીક્ષ્ણ હો ગયા, સ્વરૂપકો ગ્રહણ કરનેકે લિયે. '**વિકલ્પ ટૂટકર નિર્વિકલ્પદશાકી પ્રાપ્તિ અર્થાત્ સ્વાનુભૂતિ હોતી હૈ.**' ઉસકો સ્વાનુભૂતિ કહનેમેં આતા હૈ. ઉસ તરહસે ભેદજ્ઞાનકી ઉગ્રતા હોનેસે ભેદજ્ઞાન તો ચલતા થા, અબ ઉગ્રતામેં આયા ઔર બલ તીવ્ર હો ગયા, પુરુષાર્થકા બલ તીવ્ર હો ગયા. તો ઉપયોગ સૂક્ષ્મ હો ગયા, સ્વરૂપ સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવ હૈ ઉસકો ગ્રહણ કરકે ઉપયોગ થંભ ગયા તો નિર્વિકલ્પદશા હો ગયી. જૈસે સ્વરૂપ નિર્વિકલ્પ હૈ, સ્વારૂપાકાર, તદાકાર, એકાકાર દશા હો જાતી હૈ, ઉસકો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન કહનેમેં આતા હૈ. ઈસ તરહસે પેરેગ્રાફમેં બાત તો પૂરેપૂરી કી હૈ ઔર ભી વિશેષ થોડા વિસ્તારસે ભી કહેંગે.

**મારે કાંઈ જોઈતું નથી, એક શાન્તિ જોઈએ છે; ક્યાંય શાન્તિ દેખાતી નથી. વિભાવમાં તો આકુળતા જ છે. અશુભથી કંટાળીને શુભમાં અને શુભથી થાકીને અશુભમાં - એમ અનંત અનંત કાળ વીતી ગયો. હવે તો મારે બસ એક શાશ્વતી શાન્તિ જોઈએ છે. –આમ અંદરમાં ઊંડાણથી ભાવના જાગે અને વસ્તુનું સ્વરૂપ કેવું છે તેની ઓળખાણ કરે, તો સાચી શાન્તિ મળ્યા વિના રહે નહિ.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૩૪૭**

## તા. ૨૩-૪-૧૯૯૭, પ્રશ્ન-૧૫૯
## પ્રવચન નં. ૧૧૩

પ્રશ્ન વો ચલા હૈ, નિર્વિકલ્પદશા પ્રગટ કરનેકી વિધા ક્યા હૈ, કલા ક્યા હૈ? નિર્વિકલ્પદશા કહો યા અંતર્મુખ હોનેકી દશા કહો - એક હી બાત હૈ. ઉત્તર વો દિયા કિ, ભેદજ્ઞાન કરનેસે નિર્વિકલ્પ હો સકતે હૈં. ભેદજ્ઞાન રાગસે ભી કરના હૈ ઔર શરીર આદિ પરપદાર્થ જિસમેં અપનત્વ હોતા હૈ. અપનત્વ હો રહા હૈ, જહાઁ ભી અપનત્વ હો રહા હૈ,.. દો જગહ હોતા હૈ, ભાવમેં અપને રાગાદિ ભાવ હૈં ઔર દ્રવ્યમેં પ્રાપ્ત સંયોગ હૈં. પ્રારબ્ધસે શરીર આદિ પ્રાપ્ત સંયોગ હૈં. વહાઁસે અપનત્વકો છુડાના હૈ ઔર જ્ઞાનસ્વરૂપ અપને સ્વરૂપમેં અપનત્વ કરના હૈ. અપનત્વ કરના હૈ, માને અપનત્વકા અનુભવ કરના હૈ. અપનત્વકા વિકલ્પ કરના હૈ, વો ભેદજ્ઞાનકી પરિસ્થિતિ નહીં હૈ, અપનત્વકા વિકલ્પ કરના વો ભેદજ્ઞાન નહીં હૈ. અનુભવ કરના વો ભેદજ્ઞાન હૈ, ઈતની બાત ચલી. અબ આગે કહતે હૈં, દૂસરે પેરેગ્રાફસે.

'**વર્તમાનમેં સ્વયં એસી ભેદજ્ઞાનકી ધારા પ્રગટ કર સકતા હૈ.**' વર્તમાનમેં યાની અભી. અભી હાલમેં મનુષ્ય હૈ, સંજ્ઞી પંચેન્દ્રિય કોઈ ભી જીવ હૈ, મનુષ્ય હૈ યા સંજ્ઞી પંચેન્દ્રિય જીવ હૈ, વહ ભેદજ્ઞાનકી ધારા પ્રગટ કર સકતા હૈ. પર્યાયમેં ઉતની પ્રગટ શક્તિ હૈ. આત્મામેં તો અનંત શક્તિ હૈ, સો તો કેવલજ્ઞાન પ્રગટ કરનેકી શક્તિ હૈ. લેકિન વર્તમાનમેં ભેદજ્ઞાન પ્રગટ કર સકે ઐસી શક્તિ હૈ. ઔર ભેદજ્ઞાન પ્રગટ કરે તો નિર્વિકલ્પ અંતર્મુખ સ્વાનુભવકી દશા ભી પ્રગટ હો જાયે. ઉતની બાતસે જીવકા ઉત્સાહ બઢના ચાહિયે. જૈસે વ્યાપારીકો અપને વ્યાપારકી itemકા પડતા ખાતા હૈ. પડતા ખાતા હૈ મતલબ પોસાણ હોતા હૈ. કિ, યહાઁસે ઈસ ભાવમેં લેંગે, હમારી દુકાન પર ઈસ ભાવમેં બીક જાયેગી. બીચમેં margin હૈ, profit હૈ ઉતના જ્ઞાન હોનેસે ઉનકો ઉત્સાહ બઢતા હૈ, વ્યાપાર કરનેકા ઉત્સાહ બઢ જાતા હૈ. ઐસે યહાઁ કહતે હૈં, વર્તમાનમેં કોઈ ભી જીવ, મનુષ્યજીવ જિસકો અપના આત્મહિત કરનેકી અભિલાષા હૈ, વો ભેદજ્ઞાન પ્રગટ કર સકતા હૈ, ઈતની શક્તિ ઉસમેં હૈ. અભી તો પરિભ્રમણકી વેદનામેં નહીં આતા હૈ, લેકિન વો પ્રારંભ હૈ. મુમુક્ષુકી ભૂમિકાકા વો પ્રારંભ હૈ ઔર ભેદજ્ઞાન હૈ વો મુમુક્ષુકી ભૂમિકાકી આખરી હદ હૈ - ચરમસીમા હૈ, ઉત્કૃષ્ટ મુમુક્ષુતા હૈ ઔર ઉત્કૃષ્ટ મુમુક્ષુતા પ્રાપ્ત હોનેકે બાદ જીવકો જ્ઞાનદશાકી પ્રાપ્તિ, મોક્ષમાર્ગકી પ્રાપ્તિ હો જાતી હૈ. મોક્ષમાર્ગકી

વહાઁ શુરૂઆત હોતી હૈ ઔર નિર્વાણપદકી પ્રાપ્તિ હોતી હૈ, વહાઁ મોક્ષમાર્ગ સમાપ્ત હોતા હૈ, પૂર્ણ હો જાતા હૈ. તો પૂરી લાઇન હૈ, નિર્વાણપદકે લિયે, મોક્ષકે લિયે યહાઁ પોસાણ હો જાતા હૈ. ઉત્સાહ બઢના ચાહિયે. શુરૂઆતમેં, પહેલા માને શુરૂઆતમેં જીવકો વિકલ્પ હોતા હૈ, વિકલ્પદશામેં હૈ તો ભેદજ્ઞાન સંબંધિત વિકલ્પ હોતા હૈ. સવિકલ્પદશામેં યહ પ્રયત્ન હોતા હૈ. યે પ્રયાસ હોતા હૈ વો સવિકલ્પદશામેં હોતા હૈ, તો પહલા-પ્રથમ શુરૂઆતમેં જીવકો વિકલ્પરૂપ હોવે પરંતુ સહજધારા જો પ્રગટ હોવે તો યહ સહજધારાકી, જ્ઞાતાધારાકી ઉગ્રતાકે પીછે નિર્વિકલ્પદશા પ્રગટ હોતી હૈ, દોનોં બાત લિયા હૈ. વિકલ્પરૂપ શુરૂઆત હોવે યા પ્રયત્નસે સહજ હોવે. ઔર સહજધારા કહો યા જ્ઞાતાધારા કહો યા ભેદજ્ઞાનકી ધારા કહો, જ્ઞાતાધારા અસ્તિસે કહા, ભેદજ્ઞાનકી ધારા નાસ્તિસે કહા, ઈસકી ઉગ્રતા પહલે વિકલ્પ હોવે, ભેદજ્ઞાનકા stage લિયા, ફિર પ્રયોગમેં આગે બઢે. પ્રયાસ, પુરુષાર્થ બઢે, ફિર ઈસકી ઉગ્રતા હોવે તો નિર્વિકલ્પદશા આ જાયે. અપનેકો થોડા ઔર છાનબીન કરકે ઈસ બાતકો લેના હૈ, કિ પહલે વિકલ્પમેં તો અપને જ્ઞાનકો પકડકરકે, સ્વપ્રકાશકપનેસે દેખે તો મેરે જ્ઞાનમેં જ્ઞાન હૈ વો સ્વ હૈ. ઔર જો ભી અન્ય પદાર્થકા પ્રતિબિંબ આતા હૈ, વો પરપદાર્થ હૈ. જ્ઞાન સ્વ-પરપ્રકાશક હોનેસે દોનોંકો જાનતા હૈ, મુજે પરમેં સ્વપણા નહીં કરના હૈ. પરમેં પરકા જ્ઞાન હોના ચાહિયે, પરમેં અપના સ્વકા જ્ઞાન નહીં હોના ચાહીયે, ક્યોંકિ સ્વકો સ્વરૂપ જાને, પરકો પરરૂપ જાને. ઉસીકા નામ સ્વ-પરપ્રકાશક હૈ. ફિર આગે બઢે તો અપને જ્ઞાનકી વ્યાપકતાકો દેખે. મેરા પસરના, વ્યાપના, ફૈલના, મેરે જ્ઞાનમેં હૈ. વહીં મેરી સીમા સમાપ્ત હોતી હૈ. આગે જો રાગ હૈ બગલમેં, શરીર આદિ પરપદાર્થ હૈ વહાઁ મેરા પસરના, મેરા ફૈલના નહીં હૈ. યે શરીરમેં શરીરકે પરમાણુમેં મૈં વ્યાપક નહીં હુઆ. એક ભી પરમાણુમેં મેરી હસ્તિ નહીં હૈ. શરીરકે જીતને ભી પરમાણુ હૈં, જડ હૈં ઔર સો કે સો percent જડ હૈ, ઉસમેં ચેતનાકા કોઈ અંશ નહીં હૈ. ઈસલિયે શરીરમેં મેરી વ્યાપકતા નહીં, રાગમેં મેરી વ્યાપકતા નહીં, માત્ર જ્ઞાનમેં મેરી વ્યાપકતા હૈ, ઐસે વ્યાપકતાસે જ્ઞાનકો ગ્રહણ કરે. પહલે જાનનેકી બાત આયી, અબ ગ્રહણ કરનેકી બાત આયી, second stage ભેદજ્ઞાનકા. first stageમેં સ્વકો સ્વરૂપ જાને, જ્ઞાનકો સ્વરૂપ જાને, પરકો પરરૂપ જાને, રાગકો રાગરૂપ જાને, શરીરકો શરીરરૂપ જાને. અન્ય પદાર્થકો અન્ય પદાર્થરૂપ જાને. - ફિર વ્યાપકતાકા અનુભવ કરે, મૈં મેરે જ્ઞાનમેં વ્યાપ્ય-વ્યાપકરૂપસે અપનેઆપકો અનુભવ કરતા હૂઁ, બગલમેં રાગ હૈ, બગલમેં શરીર હૈ, વહાઁ મેરી વ્યાપકતા નહીં હૈ. મેરી વ્યાપકતા મુજે મેરે જ્ઞાનમેં હી અનુભવગોચર હોતી હૈ. ગૌરસે દેખે તો માલૂમ પડ જાયેગા, ધ્યાનસે દેખે તો માલૂમ પડ જાયેગા. થોડા સૂક્ષ્મ હૈ લેકિન ઉપયોગકો સૂક્ષ્મ કરકે ધ્યાનસે, ગૌરસે ભીતરમેં દેખના

હૈ. ફિર આગે બઢે, ફિર જ્ઞાનકી વેદકતા જ્ઞાનમેં હૈ, જ્ઞાન સ્વયંકા હી અનુભવ કર રહા હૈ, વેદન કરનેકા ગુણ જ્ઞાનમેં હૈ. ઔર સ્વયંકા વેદન કરે ઐસા હી ગુણ હૈ. વો એકાંત હૈ, ક્યા હૈ? જ્ઞાન-જ્ઞાનકો હી વેદન કરતા હૈ, વો એકાંત હૈ. ઈસમેં પર વેદનકા કભી પ્રવેશ નહીં હુઆ હૈ. અસાતાકા વેદન નહીં હુઆ હૈ. પરપ્રવેશભાવકા અભાવ હૈ. ઈસલિયે કભી જ્ઞાનવેદનમેં મિલાવટ નહીં હુયી, રાગકી ભી નહીં, ઔર અસાતા આદિ પરમાણુકી ભી નહીં. ઈસલિયે મિલાવટ નહીં હોનેસે શુદ્ધ હૈ. કૈસા શુદ્ધ હૈ? કિ, એકાંત શુદ્ધ હૈ. વહ આત્મભાવનાકા દસ બોલ લિયા હૈ ન! ઉસમેં યે ચૌથા બોલ હૈ. મૈં એકાંત શુદ્ધ સ્વાનુભૂતિસ્વરૂપ હૂઁ. વહાઁ થોડા એક શબ્દ ઔર લિયા હૈ, કિ ભેદજ્ઞાનકી આખરી સીમા લેની હૈ, વો વો હૈ. મૈં એકાંત શુદ્ધ સ્વાનુભૂતિસ્વરૂપ પ્રત્યક્ષ હૂઁ, એક શબ્દ ઔર લિયા હૈ, ઔર અપના વેદનસે જ્ઞાનકો સ્વયંકે રૂપમેં અનુભવ કરના હૈ, ઔર એકાંત શુદ્ધ હૈ, વો જ્ઞાન જ્ઞાનકા વેદન કરતા હૈ. ઉનકી એકાંત શુદ્ધતા હૈ. વો યહાઁસે અસ્તિ side તો બરાબર પકડી. જબ જ્ઞાન અપને આપકો વેદન કરતા હૈ, ઔર અપને-આપકો વેદન કરનેમેં કિસીકા ભી નિમિત્ત બીચમેં નહીં હૈ, ન મનકા નિમિત્ત હૈ, ન કિસી દૂસરી ઈન્દ્રિયોંકા ભી નિમિત્ત હૈ. ઈસલિયે વેદનરૂપ જ્ઞાન કભી પરોક્ષ હોતા નહીં. ઔર જો પરોક્ષ હોતા નહીં વો પ્રત્યક્ષ હોતા હૈ, ક્યોંકિ જ્ઞાનકી દો હી અવસ્થા હૈ - એક પરોક્ષ ઔર એક પ્રત્યક્ષ. તીસરી તો કોઈ અવસ્થા હૈ નહીં. જ્ઞાનવેદન હંમેશા પ્રત્યક્ષ હોતા હૈ, તો અપની પ્રત્યક્ષતાકા અનુભવ કરે. વેદનપૂર્વક અપની પ્રત્યક્ષતાકા અનુભવ કરે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! વેદનકી અપેક્ષતાસે પ્રત્યક્ષ હૈ, બાકી તો પરોક્ષ...

પૂજ્ય ભાઈશ્રી :- હાઁ, મતિશ્રુત હૈ ન! ઈસલિયે પરોક્ષ હૈ. લેકિન વેદનકી અપેક્ષાસે પ્રત્યક્ષ હૈ. અબ જો પ્રત્યક્ષ અંશ દિખતા હૈ, વેદનમેં જો પ્રત્યક્ષ અંશ દિખતા હૈ, ઉસ પરસે અપના જો સ્વરૂપ અનંત પ્રત્યક્ષ હૈ, ઉસકો દેખ લેનેકા હૈ. યહાઁસે સ્વરૂપ દર્શન હૈ. યહાઁસે આત્મદર્શન હૈ પ્રત્યક્ષતાસે. અનંત પ્રત્યક્ષ અપને-આપકો પ્રત્યક્ષ અંશ દ્વારા, પ્રત્યક્ષ તૌરસે પ્રત્યક્ષ કરના હૈ. યહ વિધિ હૈ, ઈતનીસી વિધિ હૈ. ફિરસે, અનંત પ્રત્યક્ષ સ્વરૂપકો વર્તમાન પ્રત્યક્ષ વેદન અંશ દ્વારા, પ્રત્યક્ષ તૌરસે, પદ્ધતિ હૈ વહ યહી હૈ, પ્રત્યક્ષ કર લેના હૈ બસ! ઉસકા નામ સ્વાનુભવ હૈ, ઉસકા નામ સ્વાનુભૂતિ હૈ, ઉસકા નામ સ્વસન્મુખતા હૈ, અંતર્મુખતા હૈ, વો સબ એક હી બાત હૈ. ઉસીકા નામ ધર્મ હૈ. જૈનધર્મ સંપ્રદાયવાચક નહીં હૈ. ઐસે અંતર્મુખ પરિણામસે વિષય-કષાયકે પરિણામકા અભાવ હોતા હૈ. મંદ હોતા હૈ વો બાત નહીં હૈ. અભાવ હોતા હૈ, નાશ હોતા હૈ ઔર વીતરાગતા પ્રગટ હોતી હૈ. સમ્યક્ પ્રકારસે વિષય-કષાયકે પરિણામ પર

જીત પ્રાપ્ત કરનેસે જૈન બોલનેમેં આયા. ઈસલિયે યહાઁ જૈનત્વકો પ્રાપ્ત કિયા ઐસા બોલતે હૈં. ક્યા કિયા? જૈનત્વકો પ્રાપ્ત કિયા ઐસા કહો યા જિનત્વકો પ્રાપ્ત કિયા ઐસા કહો. ઈસલિયે જ્ઞાનીકો વંદન, નમસ્કાર કરનેમેં આતા હૈ, કિ ઉસને જિનત્વકો પ્રાપ્ત કિયા હૈ. હમ જિનકો વંદન કરતે હૈં ન! મંદિરમેં જિન વંદન હોતા હૈ. તો વહાઁ અંશરૂપ જિનત્વ હૈ, યહાઁ પૂર્ણરૂપ જિનત્વ હૈ. જાતિ દોનોંકી એક હૈ. જો આત્મજ્ઞાન ઉત્પન્ન હુઆ સ્વાનુભૂતિમેં વો આત્મજ્ઞાનકી જાતિ ઔર કેવલજ્ઞાનકી જાતિ એક હૈ. જાતિભેદ બિલકુલ નહીં હૈ. જો ભેદ હૈ વો ગતિકા હૈ, જાતિકા નહીં, શક્તિકા ભી નહીં. ઔર જો ઉસકા સ્થાન હૈ, ઉસકા ભી, સ્થાન માને ક્યા હૈ? કિ, અસંખ્યાત પ્રમાણ ઉસકા વ્યાપક હોનેકા હૈ, કેવલજ્ઞાન ભી આત્મા કે અસંખ્ય પ્રદેશમેં પૈદા હોતા હૈ ઔર સ્વાનુભૂતિ-સમ્યગ્જ્ઞાન ભી આત્માકે અસંખ્ય પ્રદેશમેં પ્રસરતા હૈ ઔર રહનેકી જગહ એક સરીખી હૈ, સ્વ-પર પ્રકાશક શક્તિ ભી ઐસી હૈ, જાતિ ભી એક હૈ. ફરક હૈ વો ગતિમેં હૈ, કેવલજ્ઞાનમેં જિતના જ્ઞાનકા વિકાસ હૈ, ઉતના નીચે ચતુર્થ ગુણસ્થાન યા બારહવેં ગુણસ્થાન તક નહીં હૈ. ઉસકા (વિકાસકા) અભાવ હૈ. ક્યા હૈ?

મુમુક્ષુ :- અભાવ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- જિતના કેવળજ્ઞાનમેં જ્ઞાનકા સદ્ભાવ હૈ, ઉતના સદ્ભાવ ચારસે-બારહ ગુણસ્થાન તક મોક્ષમાર્ગમેં સદ્ભાવ નહીં હૈ. ઉસકો ગતિ કહતે હૈં. સ્થિતિ, ગતિ, શક્તિ ઔર જાતિ - ચાર ભેદ લિયા. સ્થિતિ અસંખ્યાત પ્રમાણ, દેહ પ્રમાણ. જાતિ સમ્યગ્જ્ઞાન, પહલે મિથ્યાજાતિ થી, અભી સમ્યગ્ - દો હી જાતિ હૈં. ગતિમેં સદ્ભાવવાલા ભાવ લેના હૈ. શક્તિમેં સ્વ-પર પ્રકાશક (લેના.) તો ક્યા કહા? **'પહલે ઉસે વિકલ્પરૂપ હોતી હૈ;..'** વિચારદશામેં. ફિર જૈસે-જૈસે પ્રયોગમેં વ્યાપકતાસે, વેદકતાસે આગે બઢતા હૈ તો practice હોનેસે સહજધારા સહજ પ્રાપ્તિ હોતી હૈ, વો હર બાતમેં હોતી હૈ, કોઈ ભી બાતકા પહલે ધ્યાનસે કામ કરના પડતા હૈ, ફિર સહજ દૂસરી બાતેં કરતે-કરતે કામ કર સકતે હૈં. car driving કરનેવાલો કો પહલે બહુત ધ્યાન દેના પડતા હૈ, કહીં accident નહીં હો જાયે, ક્યોં? કિ brakeકે બગલમેં હી accelerator હૈ. ભૂલસે ભી.. એક રોકનેકી ચીજ હૈ, એક speed દેનેકી ચીજ હૈ, contrast હૈ, દોનોં point contradictory હૈ, પેટ્રોલ દિયા ગાડી તેજીસે ભાગેગી, ગતિ બઢ જાયેગી. brakeકા pedal લગા દિયા ગતિકો રોક દેગી. ગતિ રોધક ભી બાજુમેં હૈ, ગતિ દેનેકા ભી બગલમેં હૈ. સીખનેકે ટાઈમસે બહુત ધ્યાનસે કામ લેના પડતા હૈ, ભૂલસે ભી રોકનેકી જગા પેટ્રોલ દે દિયા તો મર જાયેગા કોઈ ન કોઈ. યા તો ખુદ યા તો સામનેવાલા. ફિર જિસકો control આ જાતા હૈ ચલાનેકે બાદ, practice કરનેકે બાદ વો કભી ઐસા

નહીં બોલેગા કિ, હમકો બાતેં મત કરાના, હમ ગાડી ચલા રહે હૈં. બોલતા હૈ ઐસા કભી? કિ હમકો બાત નહીં કરાના હમ ગાડી ચલા રહે હૈં, હમકો બહુત ધ્યાન દેના પડતા હૈ.

મુમુક્ષુ :- બીજો એમ કહે, એને વાતો ન કરાવતા પણ પોતાને confidence હોય.

પૂજ્ય ભાઈશ્રી :- વો ખુદ નહીં કહેગા કભી કિ, હમકો બાત નહીં કરની. કિતની ભી બાત કરેગા! દુનિયાભરકી પંચાયતી કરેગા. આજ અખબારમેં ઐસા પઢા, આજ ટીવીમેં ઐસા દેખા, સબ બાત કરેગા દુનિયાભરકી. ક્યોં? સહજ હોગી બાત. practiceકે દૌરાન સહજ હોગી. ઐસે યહાઁ ભી ભેદજ્ઞાનકે પ્રયોગકી practice ચલતી હૈ તો સહજધારા પ્રગટ હોતી હૈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! યે સહજધારા સ્વભાવભૂત હૈ. સ્વભાવકો પ્રગટ કરતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- યે સ્વભાવ સહજ હૈ.

મુમુક્ષુ :- ઔર વો વિભાવ સહજ હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- તો વહાઁ વિભાવમેં ભી સહજતા આતી હૈ ઔર સ્વભાવમેં ભી સહજતા આતી હૈ.

મુમુક્ષુ :- જબકિ વિભાવકી સહજતામેં કભી ચૂક ભી કરતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વિભાવકી સહજતા મર્યાદિત હૈ ઔર સ્વભાવકી સહજતા અમર્યાદિત હૈ - ઉતના ફરક હૈ. ઈસલિયે વિભાવ મિટ સકતા હૈ, સ્વભાવ કભી મિટ જાતા નહીં હૈ, અમિટ સ્વભાવ હૈ. સ્વભાવ હૈ વો અમિટ હૈ. શાસ્ત્રમેં અમિટ સ્વભાવ શબ્દ પ્રયોગ કિયા હૈ. જ્ઞાતાધારાકી ઉગ્રતા, ફિર સહજતા આનેકે બાદ ક્યા હોતા હૈ? ઉગ્રતા. ઉગ્રતા કબ આતી હૈ? જિતની પ્રત્યક્ષતા જ્ઞાનમેં અધિક સ્પષ્ટ હોતી હૈ, ઉતની ઉગ્રતા વિશેષ આતી હૈ. એક દૃષ્ટાંત હૈ ઈસકા કિ, એક ચતુર્થ ગુણસ્થાનવર્તી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ બાર અંગધારી હોવે. કૈસા હોવે? ઉતના ઉસકા જ્ઞાન હોવે ઔર એક મુનિરાજ છઠવેં-સાતવેં ગુણસ્થાનધારી, નૌ તત્ત્વોંકે નામ ભી યાદદાશ્તમેં નહીં રહે. સ્વરૂપકો ગ્રહણ કરનેકી સ્પષ્ટતા, પ્રત્યક્ષતા કિસમેં જ્યાદા હૈ?

મુમુક્ષુ :- મુનિરાજકો.

પૂજ્ય ભાઈશ્રી :- મુનિરાજકો. વો ઉનકો બાહ્યજ્ઞાનકા ઉઘાડ નહીં હૈ. અંતર્જ્ઞાનમેં સ્વરૂપ ગ્રહણ કરનેકી તાકત જો મુનિરાજમેં હૈ, વો ચતુર્થ ગુણસ્થાનવાલે સાધકકો નહીં હૈ. દોનોં ધર્માત્મા હૈં. ફર્ક ક્યા હૈ? કિ, જિતની સ્પષ્ટતા, જ્ઞાનકી સ્પષ્ટતા મુનિરાજકો હોતી હૈ ઉતની જ્ઞાનકી સ્પષ્ટતા ચતુર્થ ગુણસ્થાનમેં નહીં હોતી હૈ, ભલે હી બારહ અંગકા

જ્ઞાન હોવે! લબ્ધિ હો!

મુમુક્ષુ :- ભાઈશ્રી! એવું પણ છેને કે, મુનિરાજ આહારદાન લેતા હોય અને ચતુર્થ ગુણસ્થાનધારી ધ્યાનમાં બેઠા હોય તોપણ મુનિરાજને નિર્જરા વિશેષ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિર્જરા પણ વધારે છે. વો તો વીતરાગતાકે કારણસે હૈ, મુનિરાજકો વીતરાગતા અધિક હૈ ઔર ચતુર્થ ગુણસ્થાનમેં ઉતની વીતરાગતા નહીં હૈ. વહાઁ તીન કષાયકી ચોકડી વિદ્યમાન હૈ, ચતુર્થ ગુણસ્થાનમેં ઔર છઠવેં-સાતવેં ગુણસ્થાનમેં તીન કષાયકી ચોકડીકા અભાવ હુઆ હૈ, એક હી બાકી રહી હૈ. વહાઁ (ચતુર્થ ગુણસ્થાનમેં) એક ગઈ હૈ, તીન બાકી હૈ. યહાઁ તીન ગઈ હૈ, એક બાકી હૈ. યહાઁ (ચતુર્થ ગુણસ્થાનમેં) પહલી ગઈ હૈ, પીછેકી તીન બાકી હૈ. યહાઁ પહલેકી તીન ગઈ હૈ, પીછેકી એક બાકી હૈ - ઈસ તરહસે બાકી હૈ. વો તો વીતરાગતાકે કારણસે નિર્જરા હોવે હી હોવે. અબ માન લિયા યહાઁ તો જ્ઞાનકી બાત કરતે હૈં, ચારિત્રકી બાત નહીં કરતે હૈં કિ, ચતુર્થ ગુણસ્થાનમેં જ્ઞાનકા ઈતના ઉઘાડ સંભવિત હૈ, કિ કિસીકો બારહ અંગકા જ્ઞાન ભી ચતુર્થ ગુણસ્થાનમેં હો જાયે.

મુમુક્ષુ :- બારહ અંગકા જ્ઞાન ચતુર્થ ગુણસ્થાનમેં હોના સંભવ હૈ?

પૂજ્ય ભાઈશ્રી :- હો સકતા હૈ. ચતુર્થ ગુણસ્થાનમેં કેવળજ્ઞાનકી લબ્ધિ તો હૈ હી. બારહ અંગકા તો ક્યા હિસાબ હૈ ઈસકે પીછે. ઔર મુનિકો બિલકુલ શાસ્ત્રજ્ઞાન નહીં હોવે, ઈતના અંતર હો, કભી પઢા હી નહીં હો. જન્મસે અનપઢ હો ઔર શાસ્ત્ર પઢા હી નહીં હો. પ્રયોગ કરતે-કરતે જ્ઞાની હો ગયા, જ્ઞાની હોકરકે મુનિ હો ગયા. કોઈ આપત્તિ નહીં હૈ ઉસમેં. ફિર ભી સ્વરૂપકો ગ્રહણ કરનેકી, સ્પષ્ટરૂપસે ગ્રહણ કરનેકી જ્ઞાનકી નિર્મલતા જિતની મુનિકો હોતી હૈ ઉતની સમ્યગ્દૃષ્ટિકો નહીં હોતી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! યહાઁ પર જો ઉગ્રતા શબ્દ હૈ, વો ઉગ્રતા વીર્યગુણમેં લેનેકા યા ક્યા લેનેકા?

પૂજ્ય ભાઈશ્રી :- વો દોનોંકા co-ordination હૈ. વીર્યગુણ સે ઉગ્રતા આતી હૈ ઔર ઉગ્રતા આતી હૈ તો નિર્મલતા ઔર સ્પષ્ટતા આ હી જાતી હૈ. જિતની ઉગ્રતા વિશેષ, ઉતની નિર્મલતા ભી વિશેષ, તો ઉતની સ્પષ્ટતા વિશેષ. સ્વરૂપ ગ્રાહક જ્ઞાનકી બાત હૈ. પરપદાર્થકો ગ્રહણ કરનેવાલે જ્ઞાનકી બાત નહીં હૈ. યે સ્વરૂપ ગ્રાહક જ્ઞાનકી બાત હૈ, વો સ્વરૂપકો ગ્રહણ કરતા હૈ. ઈસકી યે બાત હૈ. ઐસે ઉગ્રતા હોનેસે નિર્વિકલ્પદશા પ્રગટ હોતી હૈ, યહ જ્ઞાતાધારાકી ઉગ્રતાકો સહજપને કરનેમેં ઉસે પ્રયત્ન ચાહિયે, જીવકો પુરુષાર્થ ચાહિયે, ઉગ્રતામેં પુરુષાર્થકા role હૈ. ઉગ્રતા આનેમેં પુરુષાર્થકે પરિણમનકી ભૂમિકા મુખ્ય હૈ ઔર મોક્ષમાર્ગમેં પુરુષાર્થકી હી પ્રધાનતા હૈ. ક્યોંકિ શ્રદ્ધાન તો હો

ચુકા સ્વરૂપકા. જ્ઞાન ભી હો ચુકા સ્વરૂપકા. અબ જિતના પુરુષાર્થ બઢેગા ઉતના ગુણસ્થાન ઉપર જાયેગા. ઉપર-ઉપરકે ગુણસ્થાનમેં આયેગા.

**'અનાદિકા અભ્યાસ હૈ ઈસલિયે ઉસે બારંબાર એકત્વબુદ્ધિ હો જાતી હૈ.'** જીવકો મિથ્યાત્વ અવસ્થામેં સંસારમેં અનાદિકા ઉલટા અભ્યાસ માને ઉલટી practice હૈ, ઔર ઉલટી practiceકો ગાઢ કરતા હૈ. જૈસે કોઈ પહલે દરિદ્રી હૈ, હમારે હિન્દુસ્તાનમેં તો ઐસા હી હૈ. પહલેસે સબ સામાન્ય આર્થિક સ્થિતિવાલે હી હોતે હૈં, ફિર કુછ પૈસા મિલતા હૈ, જૈસે-જૈસે સંપત્તિ બઢતી જાતી હૈ, વૈસે-વૈસે રસ ભી બઢતા જાતા હૈ. ઈતના મિલા, ફિર ઈતના મિલા, ફિર ઈતના મિલા. અધિક-અધિક ગાઢ રસ હોતા હૈ, તો ઉલટી practice હૈ, ક્યા હૈ? અનાદિકી ઉલટી practice ચલ રહી હૈ. ઉસકો અભ્યાસ કહતે હૈં, ઈસ પ્રકારકે પરિણમનકો અભ્યાસ કહતે હૈં. અતઃ બાર-બાર એકતાબુદ્ધિ, એકપનેકા અભિપ્રાય બાર-બાર પરિણમનમેં હોતા રહતા હૈ. યે એકતાબુદ્ધિમેં સે ભિન્ન હોનેકે લિયે, ઈસ પ્રકારકી એકતાબુદ્ધિ તો બહુત ગાઢ કી હૈ. ઉસમેંસે ભિન્ન હોનેકે લિયે, અલગ હો જાનેકે લિયે પ્રથમ વિકલ્પરૂપ સે યહ જુદા - યહ જુદા વૈસે કિયા કરે, યહાઁસે શુરૂઆત કરે. વિચારસે, વિકલ્પસે શુરૂઆત કરે,.. ફિરસે લિયા યે બાત, અબ જરા વિસ્તારસે ખોલતે હૈં. તો પીછે અભ્યાસરૂપસે હોતા હૈ, માને practical sideસે practice હોતી હૈ, પહલે વિકલ્પસે ચાલૂ કરે ઔર વિકલ્પમેં રુકે નહીં, ફિર practical પ્રયોગકા અભ્યાસ હોના ચાહિયે. ઐસે અભ્યાસ હોનેપર પ્રયોગસે સહજ ધારા પ્રગટ હોવે તો ઉસકે પીછે, ઉસકે બાદ નિર્વિકલ્પદશાકી પ્રાપ્તિ હોતી હૈ. પહલે વિચારસે, વિકલ્પસે ચાલૂ હોતા હૈ, ફિર પ્રયોગસે અભ્યાસ હોતા હૈ ઔર ફિર ઉસમેં ઉગ્રતા આનેસે ઈસકે બાદ નિર્વિકલ્પદશાકી પ્રાપ્તિ હોતી હૈ. **'ઉસે દ્રવ્યપર દૃષ્ટિ કરકે જ્ઞાતાધારાકી ઉગ્રતા કરની...'** ક્યા કરના ચાહિયે જીવકો? દૃષ્ટિ દ્રવ્ય પર રખના, પર્યાય પર મત રખના. ક્યોંકિ યહ વિધિકી બાત હૈ, વો પર્યાય વિષયક હૈ. ઐસે પરિણામ, ઐસે પરિણામ કરના, વિકલ્પ કરના, practice કરના - યે સબ પર્યાયકી બાત હૈ. તો ચર્ચા ચલી તો પર્યાયકી. વિધિકા પ્રકરણ હી પર્યાયકા હૈ. ઔર જહાઁ દૃષ્ટિ રખનેકી હૈ વહાઁ કામ હોનેકા હૈ હી નહીં. ઈસલિયે થોડી કાર્યપદ્ધતિ ઊટપટાંગ હૈ, ઐસા લગતા હૈ. જલ્દીસે સમજમેં નહીં આતા, જલ્દીસે પકડનેમેં નહીં આતા, ઈસલિયે યે કામ થોડા કઠિન લગતા હૈ. ઉતનીસી બાત હૈ. લેકિન ઐસા નહીં હૈ. હમ ચલતે હૈં, યહાઁસે સ્વાધ્યાય હોનેકે બાદ હમ ઘર જાયેંગે. તો જૈસા ઉસકે પહલે હી વિકલ્પ આ ગયા કિ ઘર જાના હૈ, તો હમારી દૃષ્ટિ કહાઁ હૈ? ઘર પર હૈ. તો વહાઁ તો નહીં ચલતે, ચલતે તો ઈધર હૈં, ચલનેકા કાર્ય તો ઈધર હોતા હૈ. યહાઁસે બાહર નિકલે, ફિર રોડ

પર આયે, ફિર રોડ પર ચલને લગે. તો જહાઁ ચલતે હૈં, વહાઁ ઘર નહીં હૈ ઔર ઘર હૈ વહાઁ ચલનેકા સવાલ હોતા નહીં. વહાઁ ચલનેકા બંદ હો જાયેગા. તો હમ ઐસા કામ તો કરતે હૈં. દૃષ્ટિ કહો યા લક્ષ કહો, યહાઁ લક્ષકી બાત હૈ. મુમુક્ષુ હૈ ન! ઉસે સમ્યગ્દર્શન પ્રગટ નહીં હુઆ હૈ. યહાઁ દૃષ્ટિ લક્ષકે સ્થાનમેં હૈ. કિ, લક્ષ તો રખના સ્વરૂપ પર. લક્ષ કહાઁ રખના? કિ, લક્ષ પર્યાય પર નહીં રખના. (ઈસસે પર્યાય સુધરતી) નહીં, બિગડતી હૈ. પર્યાયકે લક્ષસે પર્યાય નહીં સુધરતી. લક્ષ સ્વરૂપ પર હોના ચાહિયે ઔર કાર્ય પર્યાયમેં સહજરૂપસે ચલના ચાહિયે. વો આત્મભાવનામેં ઉપર એક સૂચના લિખી હૈ કિ, સ્વરૂપલક્ષપૂર્વક જ્ઞાનવેદન દ્વારા જ્ઞાન સામાન્ય, જ્ઞાન વેદન દ્વારા ભાને યોગ્ય ભાવના. ઐસી સૂચના દી હૈ. તો એકસાથ ડબલ કામ હમ કરતે હી હૈં. કૃપાલુદેવને યશોવિજયજીકા લિયા ન? પત્રમેં લિયા હૈ, 'મન મહિલાનું વ્હાલા ઉપરે બીજા કામ કરંત રે..' તો મહિલા હૈ વો ઘરકા કામ કરતી હૈ, ઉસકા ધ્યાન કહાઁ હૈ? અપને ધણીપર. અપને પતિપર. કભી વો ઘરમેં હૈ, દૂસરે કમરેમેં પઢતા હો યા દુકાન ગયા હૈ યા અભી આનેકા ટાઈમ હુઆ હૈ, અભી જાનેકા ટાઈમ હુઆ હૈ, અભી વો કરેગા, વો કરેગા, વો હોયેગા, વો હોયેગા, લક્ષ વહાઁ હૈ. કામ કરતી હૈ રસોઈકા, કપડે ધોનેકા, બરતન સાફ કરનેકા, ડબલ કામ હોતા હૈ યા નહીં હોતા હૈ?

મુમુક્ષુ :- હોતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- તો વહાઁ દૃષ્ટાંત બહુત ફિટ બૈઠતા હૈ, ક્યોંકિ ઉસકો અપને ધણી પર પ્રેમ હૈ. તો જહાઁ પ્રેમ હોતા હૈ વહાઁ આસક્તિ હોતી હૈ, વહાઁ લક્ષ રહતા હૈ. કૈસે બનતા હૈ? લક્ષ વહાઁ રહતા હૈ, કામ ચલતા રહતા હૈ. વહાઁ કભી નમકકી જગહ શક્કર નહીં ડાલ દેતી ઔર શક્કરકી જગહ નમક નહીં ડાલતી. ચાય બનાતી હૈ તો નમક નહીં ડાલેગી, શક્કર હી ડાલેગી, ભલે ધ્યાન ઉસકા ઉધર નહીં હો - લક્ષ ઉધર હો. ફિર ભી વહાઁ શક્કર હી ડાલેગી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અપને ઐસા લેવે તો કિ, જ્ઞાન તો પર્યાય ઔર દ્રવ્યકા કરના ઔર દૃષ્ટિ સ્વકી કરની.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન દો તરહકા હોતા હૈ, એક લક્ષવાલા ઔર એક બિના લક્ષવાલા. તો લક્ષ કહાઁ હૈ? પર્યાય ઔર દ્રવ્ય દોનોંકા જ્ઞાન કરના. તો દોનોંકા લક્ષ થોડી કરના હૈ. સમજે? યે ભેદ છાંટનેકી બાત હૈ, લક્ષ કહાઁ હોના? ધ્રુવ પર, સ્વરૂપ પર. ફિર પર્યાયકા જ્ઞાન હોવે, બિના લક્ષ કોઈ આપત્તિ નહીં હૈ. અચ્છા હમારા લક્ષ વહાઁ ઘર પર હૈ, ચલતે હૈં તો રોડ પર હમારા ઉપયોગ રહતા હૈ કિ, ખડ્ડેમેં કહીં પગ, પૈર નહીં રખે. કહીં ગંદકીમેં પૈર નહીં રખે. કહીં પત્થર પડા હૈ તો ઠેસ નહીં

લગે. કોઈ traffic આયે તો જરા sideમેં ચલે. આગેસે-પીછેસે ગાડી આતી હો તો. ઉપયોગ તો જાતા હૈ, લેકિન લક્ષ નહીં બદલતા. ઉપયોગ જાતા હૈ તો લક્ષ બદલ જાતા ઔર ઘરકા રસ્તા છૂટ જાતા હૈ, દૂસરે રસ્તે પર ચડ જાતા હૈ - ઐસા થોડી ન હોતા હૈ? હોતા હૈ ક્યા? લક્ષવાલા જ્ઞાન અલગ હૈ ઔર ઉપયોગવાલા જ્ઞાન અલગ હૈ. ચલનેમેં પૂરી સાવધાની હૈ, કહીં ભી accident નહીં હોગા, કહીં ભી ગિરાવટ નહીં હોગી, લગેગા નહીં, ઠેસ લગેગી નહીં, કહીં ભી (કુછ) હોગા નહીં. ઉપયોગમેં ઉતની સાવધાની હોને પર ભી લક્ષ નહીં બદલતા. ઐસે લક્ષ હમારે સ્વરૂપ પર, ઔર ચલના હૈ, પરિણામકી ચાલ હૈ, ઉસમેં સાવધાનીસે ચલાયે. પરકો પર, સ્વકો સ્વકા ભેદ છાંટના હૈ. તો હુઆ ભેદજ્ઞાન ચાલૂ. ઉસમેં ઈતના સૂક્ષ્મ ભેદજ્ઞાન ચલે કિ, જડકે એક પરમાણુમેં ભી અપનત્વ હોને નહીં દે ઔર રાગકે એક અંશકો ભી અપનેમેં મિલાવટ કરને નહીં દે. ઉતની સાવધાની ચલે, ફિર ભી લક્ષ ઉસ પર નહીં રહે. ઉસકો કહતે હૈં ભેદજ્ઞાનકી કલા. યે અધ્યાત્મ વિદ્યા હૈ.

દૃષ્ટાંત લિયા ચલનેકા. આપ ચલતે હૈં કિ નહીં ચલતે હૈં? જૈસે પરિણામ ભી ચાલ હૈ. આપ ચલતે હૈં તો કિસીકી ટક્કરમેં નહીં આતે, ખટ્ટા-બટ્ટા હો તો ઉસમેં sideમેં ચલ જાતે હૈં. ગંદકી પડી હૈ તો ઉસ પર પૈર નહીં રખતે, બાત કરતે હૈં, ઈધર-ઉધર દેખતે હૈં તો ભી ઈતના તો ખ્યાલ રખતે હી હૈં. તો બાત કરતે હૈં, ઈધર-ઉધર દેખતે હૈં તો ઉધર નીચે ભી, કહીં ભી ખટ્ટા-બટ્ટા યા ગંદકીમેં પૈર નહીં રહે ઈતની સાવધાની હો તો ભી લક્ષ તો વહાઁ એક હી જગહ રહતા હૈ. ઉપયોગ તો બહુત ઘૂમતા હૈ. ઉપયોગ તો બહુત, કહીં જગહ ઘૂમતા હૈ. લક્ષ નહીં બદલતા. તો કિસકી કીમત હુઈ? લક્ષકી. ઉપયોગકી કીમત કુછ નહીં હૈ. ઈધર-ઉધર, કહીં જગહ ઉપયોગ ગયા. લક્ષકી તાકત બહુત હૈ. ઈસલિયે લક્ષકા મહત્ત્વ બહુત હૈ, ક્યા હૈ? લક્ષકા મહત્ત્વ બહુત હૈ. ઔર યે સ્વરૂપલક્ષ સબસે પ્રથમ ભાવભાસનમેં હોતા હૈ. પહલે પૂર્ણતાકા લક્ષ હોતા હૈ, ફિર પૂર્ણતાકા લક્ષ હોનેકે બાદ સત્‌પુરુષ વિદ્યમાન હોવે તો ઉસકા લક્ષ હોતા હૈ ઔર ફિર આગે બઢતા હૈ તો સ્વરૂપલક્ષ હો જાતા હૈ. ઈસકો યથાર્થ લક્ષ કહનેમેં આતા હૈ. યથાર્થ લક્ષપૂર્વક જ્ઞાનકી પ્રવૃત્તિ આત્મહિતકો સફલ બનાતી હૈ. ઔર વિપરીત લક્ષપૂર્વક જ્ઞાનકી - શાસ્ત્રજ્ઞાનકી કિતની ભી પ્રવૃત્તિ હો, ત્યાગકી કિતની ભી પ્રવૃત્તિ હો, ધર્મકે ક્ષેત્રમેં દો પ્રવૃત્તિ હોતી હૈ - એક શાસ્ત્રજ્ઞાનકી ઔર એક પરપદાર્થ, પર વિષયોંકે ત્યાગકી. કિતની ભી પ્રવૃત્તિ હો, લક્ષ જિસકા ગલત હૈ ઉસકા સબ ગલત હૈ. લક્ષ જિસકા ઠીક હુઆ, શુરૂસે હી પૂર્ણતાકે લક્ષસે શુરૂઆત કિયા. ઈસલિયે પૂર્ણતાકા લક્ષ વેદનાકે સાથે જુડા હુઆ હૈ. પરિભ્રમણકી વેદના આયી, ઉદાસીનતા હો ગયી ઔર

પૂર્ણતાકા લક્ષ સાથ-સાથ હો જાના ચાહિયે, ૧૨૮ નંબરકા પત્ર હૈ કૃપાલુદેવકા. એક હી પત્રમેં હૈ ન? પહલે ચાર પેરેગ્રાફ વેદનાકા વિષય લિયા હૈ. ... કિસી ભી કીમત પર મુજે છૂટના હી હૈ. વો સબ connected હૈ, વેદનાકે સાથ વો બાત connected હૈ. અગર પૂર્ણતાકા લક્ષ નહીં હુઆ તો વેદના યથાર્થરૂપસે આયી નહીં હૈ. યે ઈસકા proof હૈ. વેદનાકી યથાર્થતાકા. જબ લક્ષ બરાબર હુઆ પૂર્ણતાકા તો આગે બઢકરકે સત્પુરુષકી પહિચાન કરેગા ઔર ઉસકા લક્ષ હો જાયેગા. ફિર ઉસકે લક્ષકે બાદ સ્વરૂપકા લક્ષ હો જાયેગા. તો વો પ્રથમ સમકિત હૈ ઔર દૂસરા સમકિત હો ગયા. ફિર તીસરા સમકિત - સ્વાનુભૂતિ સહજ હૈ. ઈસ તરહસે પૂરી chain હૈ વો. તો ક્યા કહા યહાઁ? તો ઈસકે બાદ '**દ્રવ્યપર દૃષ્ટિ..**' દૃષ્ટિ માને લક્ષ '**કરકે જ્ઞાતાધારાકી ઉગ્રતા કરની ચાહિએ...**' કિ મૈં જ્ઞાયક હૂઁ - યે લક્ષકા વિષય હૈ. મૈં જ્ઞાયક હૂઁ, વો લક્ષકા વિષય હૈ, '**મૈં જ્ઞાયક હૂઁ...જ્ઞાયક હૂઁ...જ્ઞાયક હૂઁ.**' તીન બાર લિયા. ક્યોં? વજન વહાઁ લેના હૈ, લક્ષ ઉસકા કરના હૈ. ઉસકા પ્રભુત્વ હૈ, સારે પરિણામ પર પ્રભુત્વ કિસકા હૈ? લક્ષકા હૈ. ઈસલિયે તીન દફે લિયા હૈ,'**મૈં જ્ઞાયક હૂઁ...જ્ઞાયક હૂઁ...જ્ઞાયક હૂઁ.**' તીન દફે લિખનેકે પીછે, બોલનેકે પીછે, ક્યા અભિપ્રાય હૈ? કિ, વજન વહાઁ રહતા હૈ. વજન ભેદજ્ઞાનકી ધારા પર રહતા નહીં હૈ. ક્યોંકિ વો તો પર્યાય હૈ ઔર લક્ષ કરનેકી ચીજ નહીં હૈ. પહલે હી કિતની સાવધાનીસે હોતા હૈ. ફિર ભી લક્ષ તો સ્વરૂપકા હી હૈ. જિસકા લક્ષ હુઆ ઉસકી દૃષ્ટિ હોગી. ક્યોંકિ યે શ્રદ્ધાકા વિષય હૈ, દૃષ્ટિકા વિષય હૈ. આગે જાકે જબ નિર્વિકલ્પદશા હોગી, મિથ્યાદૃષ્ટિ પલટ કરકે સમ્યગ્દૃષ્ટિ હો જાયેગા ઔર યે સ્વરૂપકી દૃષ્ટિ હો જાયેગી. ઔર દૃષ્ટિ તો પર્યાયકો દેખતી નહીં. તો ઉસમેં તો કોઈ આપત્તિ હૈ નહીં. જ્ઞાન પર્યાયકો જાનતા હૈ લેકિન લક્ષ કરકે જાનનેકા નહીં હૈ. ઉતના ખ્યાલમેં રખનેકી બાત હૈ. ઔર ભી થોડા વિસ્તાર કિયા હૈ. (કલકે સ્વાધ્યાયમેં લેંગે.)

**નોંધઃ- પ્રવચન ક્રમાંક - ૧૧૪ તથા ૧૧૫ ઉપલબ્ધ નથી તેથી લેવામાં આવેલ નથી.**

**તા. ૨૫-૪-૧૯૯૭, પ્રશ્ન-૧૫૯,૧૬૦**
**પ્રવચન નં. ૧૧૬**

૧૫૯ નંબરનો પ્રશ્ન ચાલે છે. પાનું - ૧૧૨. શું કહે છે? જીવને નિર્વિકલ્પદશા પ્રાપ્ત કરવાનો એક જ માર્ગ છે કે ભેદજ્ઞાન કરવું. એ ભેદજ્ઞાન (ભિન્નતાનું) પરિણમન છે પણ ભિન્નતાનો વિકલ્પ નથી. ભિન્નતાનું પરિણમન છે, પણ ભિન્નતાનો વિકલ્પ નથી. નીચેથી ચોથી લીટી છે. '**ભેદજ્ઞાનની ધારાની ઉગ્રતા થતાં જ્ઞાતાધારાની ઉગ્રતા થવાથી નિર્વિકલ્પદશાની પ્રાપ્તિ થાય છે.**' એમાં પણ જ્યારે પુરુષાર્થની ઉગ્રતા આવે છે ત્યારે વિકલ્પ બંધ થાય છે. નિર્વિકલ્પ સ્વરૂપ ઉપર એકાકાર થવાનો પુરુષાર્થ ઉગ્ર થાય છે, ભીંસ વધે છે. હું આવો નિર્વિકલ્પ છું! જ્ઞાનમાં નિર્વિકલ્પ સ્વરૂપ છે. જેવો નિર્વિકલ્પ સ્વરૂપ જ્ઞાનમાં છે એવો જ છું એમ ભીંસ વધે છે, આવો જ છું એમ ભીંસ વધે છે ત્યારે પરિણામ એકાકાર થાય છે. એકાકાર કહો કે નિર્વિકલ્પ છે એવા આકારે થાય છે અને ત્યારે વિકલ્પની ઉત્પત્તિ હોતી નથી. '**કોઈને પુરુષાર્થમાં મંદતા રહી જાય તો નિર્વિકલ્પ દશા થતાં વાર લાગે છે.**' ઉગ્રતા ન આવે ને મંદતા રહે તો જ્યાં સુધી મંદતા રહે એટલો ટાઈમ લાગે અને ઉગ્રતા આવશે ત્યારે તો બધાને એક સરખો ટાઈમ નથી લાગતો. ભાવભાસન થયા પછી, સ્વરૂપ સન્મુખનો પુરુષાર્થ ચાલ્યા પછી પણ કોઈને ઓછો કોઈને વધારે સમય લાગે છે. '**અને કોઈને સહજધારા થઈને અંતર્મુહૂર્તમાં નિર્વિકલ્પ દશા થઈ જાય તે જુદી વાત છે.**' બહુ જલ્દી થાય તો એક અંતર્મુહૂર્તમાં ભાવભાસન થાય અને અંતર્મુહૂર્તમાં નિર્વિકલ્પ દશા થાય. બીજા અને ત્રીજા સમકિત વચ્ચે અંતર્મુહૂર્તનું છેટું - આ minimum, maximum છ મહિના, minimum અંતર્મુહૂર્ત. '**ઘણાને તો અભ્યાસ કરતાં કરતાં થાય છે.**' એટલે એ પ્રકારનો પ્રયોગ ચાલતાં ચાલતાં ઘણાંને થાય છે. ઘણાંને એટલે મોટાભાગે. (તીવ્ર પુરુષાર્થી) બહુ અલ્પજીવ હોય છે. કોઈક જ જીવ હોય છે. મોટાભાગે મંદ પુરુષાર્થવાળા જીવ વધારે હોય છે એમ કહેવું છે.

'**પોતે સ્વભાવથી સ્ફટિક જેવો નિર્મળ ચૈતન્ય છે.**' સ્વરૂપે તો પોતે એમ સ્ફટિક છે, એકદમ નિર્મળ છે. એમ આત્મા પણ સિદ્ધ ભગવાનને લઈ લ્યો જ્ઞાનમાં તો એટલું નિર્મળ ચેતન છે શરીર વગરનું, ચિદ્‌બિંબ છે, નિર્મળ ચેતનબિંબ છે આત્મા. '**તેને ક્યાંય ગોતવા જવો પડે તેવો નથી.**' બધી રીતે વાત કરે છે એટલે શું કહેવું છે?

આમ તો અંતર શોધ કરવી પડે છે, પણ સ્વભાવ પણ પ્રતિ સમય પ્રગટ છે. અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવી રહ્યો છે. તે એ રીતે પ્રસિદ્ધ પણ છે. કેમકે હીરો ક્યારેય ચમક્યા વગર ન રહે! છતાં હીરો ઝીણો હોય તો ગોતવો પડે છે અને ચમક છે માટે પકડાય છે. એવું જ આત્મા ચમકે છે એટલે પકડાય છે. જ્ઞાનથી, પ્રકાશથી, ચૈતન્યપ્રકાશથી ચમકે છે એટલે પકડાય છે અને સૂક્ષ્મ છે એટલે એને શોધવો પડે છે. અથવા પોતે સ્થૂળ ઉપયોગવાળો હોય ત્યાં સુધી પત્તો નથી લાગતો. '**સહજ પોતે જ છે.**' સહજ પોતે જ છે. '**પોતાના અસ્તિત્વને ગ્રહણ કરી પરની એકત્વબુદ્ધિમાં તેની પરિણતિ જાય છે તેને તોડી આ બધું જુદું છે તેમ નકકી કરે તો તેનાથી જુદો પડે.**' પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવાનું છે. પરની એકત્વબુદ્ધિને તોડવાની છે. પરિણતિ પરની એકત્વબુદ્ધિમાં ચાલી રહી છે એને તોડવાની છે. એ રીતે જુદું પડે. પહેલા નિશ્ચય કરે અને પછી પુરુષાર્થ કરે તો જુદો પડે. એકત્વના સંસ્કાર બહુ દૃઢ થઈ ગયેલા છે અને જે રાગ અને જ્ઞાનનું એકત્વ થઈ રહ્યું છે એ સૂક્ષ્મ પણ ઘણું છે એટલે કાંઈ કઠણ પડે છે પણ પ્રયત્ન સાધ્ય છે. પ્રયત્ન કરે તો અવશ્ય સફળ થાય. '**વિભાવની ધારા ઊભી છે પણ તે જુદી અને હું જુદો એવી જો ધારા પ્રગટ થાય...**' એટલે ભેદજ્ઞાનની ધારા. '**તો તેની પાછળ નિર્વિકલ્પદશાની પ્રાપ્તિ થાય..**' પાછળ એટલે પછી, એના પછી. પહેલા આમ થાય તો પછી આમ થાય, એમ કહેવું છે. ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય તો પછી નિર્વિકલ્પદશા ઉત્પન્ન થાય છે. '**તેનો માર્ગ એક જ છે.**' આ એક જ એનો માર્ગ છે. આ સિવાય બીજો કોઈ માર્ગ એટલે ઉપાય નથી. ભેદજ્ઞાન સિવાય કોઈ નિર્વિકલ્પ થવાનો ઉપાય નથી. એટલે ભેદજ્ઞાનનો વિષય દિગંબર શાસ્ત્રો સિવાય ક્યાંય નથી. શ્વેતાંબર શાસ્ત્રોમાં ધારણાની વાત કેટલીક રહી ગઈ છે પણ ભેદજ્ઞાનનો વિષય નથી, કેમકે એની ચર્ચા કરી શકવાની શક્તિ ન રહી. મિથ્યાત્વને લઈને એ વિષયને ચર્ચવાની શક્તિ ન રહી. કેમકે એ તો પરિણમનનો વિષય છે. એના પરિણમનનો વિષય પરિણમનના અભાવમાં ન સમજાય. શાસ્ત્રો જે રચાણા, શ્વેતાંબર શાસ્ત્રો રચાણા એ તો ભગવાનના ગયા પછી એક હજાર વર્ષે (રચાણા), એટલે જે મુનિઓ છૂટા પડેલા પાંચસો વર્ષ પહેલા ત્યારપછી તો કેટલીક પેઢીઓ ચાલી ગઈ. એટલે એ બધું તો ચાલ્યું ગયું. પહેલાવાળાને તો ક્યાંય ધારણામાં ઈ રહ્યું હોય. સાંભળ્યું હોય એટલે આ તો બધું લુપ્ત થઈ ગયું. પછી તો સંપ્રદાયબુદ્ધિથી સંપ્રદાયને સ્થિર કરવા માટે એના ગ્રંથોની રચના, એના મંદિરોની રચના આ બધું બીજાનું હોય (તેમ જ હોય.) દિગંબરનું ચાલતું હોય ઈ જ પ્રમાણે પછી બધું ગોઠવવાનો પ્રયત્ન થાય. મૂળ વસ્તુ ન આવે. પછી આવી મૂળ વસ્તુ રહી જાય. નકલ કરે પણ અસલ વસ્તુ તો રહી જાય ઈ રહી જ જાય.

મુમુક્ષુ :- આ વિષયમાં બુદ્ધિપૂર્વક વિચારણા પણ નથી ચાલી.

પૂજ્ય ભાઈશ્રી :- **નહિ** એ વિષય હાથમાં જ **ન** આવે. આખો સંઘ ફરી જાયને! અને ક્યાંય ઈ જાતનો વિષય ચાલતો જ **ન** હોય તો ક્યાંથી આવે. વિષય **ન** ચાલતો હોય આવે ક્યાંથી. અને કોઈ જીવો એવા થાય, આનંદઘનજી જેવા ક્યારેક તો એ સંપ્રદાયથી છૂટાં પડી જાય, સંપ્રદાયથી છૂટાં પડી જાય તો.. એમની ક્યાં વાત કરો છો, ગુરુદેવે આ વિષય ખોલ્યો, બહેનશ્રીએ આ વિષય ખોલ્યો, સમયસારમાં આ વિષય છે (છતાં) હવે કહોને આપણે કેવો પ્રયોગનો વિષય ચાલે છે આપણા સંપ્રદાયમાં? જેને કાનજીસ્વામીનો સંપ્રદાય કહીએ છીએ ત્યાં ભેદજ્ઞાનના પ્રયોગનો વિષય ક્યાં ચાલે છે? ભેદજ્ઞાનની ચર્ચા ત્યાં બંધ થઈ ગઈ છે. બીજું બધું ચાલે છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ચાલે છે, ભેદજ્ઞાનની ચર્ચા કયાં ચાલે છે. મૂળ વસ્તુ છે એ એમ નથી ચાલતી. એ તો ઈ બાજુનો પ્રયત્ન હોય ત્યાં જ ચાલે. બાકી એ બાજુનો પ્રયત્ન **ન** હોય તો બીજું તો સલવાવવા માટે ઘણું છે શાસ્ત્રમાં. ફસાઈ જાવા માટે તો અપ્રયોજનભૂતનો ઘણો વિસ્તાર છે. એટલે એમાં આવી જ જાય બીજું કાંઈ થાય **નહિ** અને એમાંથી ખસે તો જેટલા તત્ત્વજ્ઞાનમાંથી ખસે એટલે પૂજા-ભક્તિ ને વિધિ-વિધાનમાં ચડે. પછી આટલું કરીએ છીએ અને આપણે એમ થાય... આટલું કર્યું આપણે. આઠ દિવસનું, દસ દિવસનું અમારે વિધાન ચાલ્યું. ચાર-ચાર કલાક, પાંચ-પાંચ કલાક અમારે વિધાન ચાલે છે. થઈ રહ્યું!! ધર્મ થઈ ગયો!! પર્યુષણમાં દિગંબર મંદિરમાં જઈએ છીએ કલકતા જેવા શહેરમાં કેવી ધમાલ ચાલતી હોય છે! પૂજાની સાથે-સાથે હાર્મોનિયમ ને તબલા ને કલબલીયાને ને એ ચાર-ચાર, પાંચ-પાંચ કલાક પૂજા ચાલતી હોય અને ઓલા અર્ઘના ઢગલા થઈ ગયા હોય, ત્રાંસ ભરાઈ ગયા હોય અર્ઘ ચડાવી ચડાવીને. એવી સ્થિતિ થઈ જવાની. **નહિ**તર એ તો તીર્થંકરનો મૂળ સંપ્રદાય છે. (છતાં) સ્થિતિ આ થઈ જાય!! કૃપાળુદેવે જુદું પાડ્યું - જ્ઞાનીનો માર્ગ જુદો છે અને આ સંપ્રદાયનો વિષય જુદો છે. જ્ઞાનીનો માર્ગ જુદો છે. '**તેનો માર્ગ એક જ છે. આમ પોતે પોતાને યથાર્થ જાણી તેમાં પરિણતિ યથાર્થ કરે (-સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે) અને લીનતા કરે તે જ કરવા જેવું છે.**' તે એક જ મુક્તિનો માર્ગ છે. અહીંયાં ૧૫૯ પૂરો થયો.

---

**પ્રશ્ન :- દ્રવ્ય ને પર્યાય વચ્ચે કોઈ સાંધ છે કે આ દ્રવ્ય-પર્યાયનું જોડકું અને તેમાંથી દ્રવ્યને છૂટું પાડીને ગ્રહણ કરી શકાય?**

**સમાધાન :- દ્રવ્ય પોતે શાશ્વત છે, તેમાં દ્રવ્ય-પર્યાયનું જોડકું છે. વિભાવ**

**પર્યાય તો દેખીતી રીતે આકુળતારૂપ છે; અને જે શુદ્ધ પર્યાય છે તે અત્યારે પ્રગટ નથી. શુદ્ધ પર્યાય ક્યાં પ્રગટ છે? દ્રવ્ય જે શુદ્ધસ્વરૂપ છે તેને ગ્રહણ કરવાનું છે. જ્યાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં અંશે શુદ્ધ પર્યાય તો તેની સાથે સાથે જ પ્રગટે છે. તે કાળે સાથે રહેલું જ્ઞાન જાણે છે કે આ જે વિભાવ પર્યાય છે તે હું નથી. આ જ્ઞાયક તે હું છું અને શુદ્ધ પર્યાય જેટલો પણ હું નથી. ચૈતન્યને ગ્રહણ કર્યો તેમાં પર્યાય અને દ્રવ્યનું બધું જ્ઞાન સાથે આવી જાય છે. કોઈને કાંઈ છૂટા પાડવા પડતા નથી, કારણ કે વિભાવ પર્યાય તો મલિન જ છે. પોતે પોતાને ગ્રહણ કરે ત્યાં વિભાવ પર્યાય તો જુદી જ રહે છે. અને સ્વભાવ પર્યાય તો એની સાથે સાથે પ્રગટ થઈ રહી છે. તેને છૂટી ક્યાં પાડવી છે? એક અખંડ દ્રવ્યને ગ્રહણ કર્યું ત્યાં વચ્ચે શુદ્ધ પર્યાયો પ્રગટ થાય જ છે. તેમાં જીવને રોકાવાનું ક્યાં છે? શુદ્ધ પર્યાયનું અંશે શાંતિરૂપે વેદન થાય છે, તેને કાંઈ ગ્રહણ કરવાનું નથી. તે જાણવામાં અને વેદનમાં આવે છે. ૧૬૦.**

## પ્રશ્ન ૧૬૦ ઉપર પ્રવચન

૧૬૦મો પ્રશ્ન છે કે, '**પ્રશ્ન :- દ્રવ્ય ને પર્યાય વચ્ચે કોઈ સાંધ છે કે આ દ્રવ્ય-પર્યાયનું જોડકું અને તેમાંથી દ્રવ્યને છૂટું પાડીને ગ્રહણ કરી શકાય?**' (શ્રી સમયસારજીની) ૩૨૦ ગાથામાં ઈ વાત લીધી છે. દ્રવ્ય-પર્યાયનું જોડકું છે. વસ્તુ છે ઈ દ્રવ્ય-પર્યાયનું જોડકું છે. જોડકું એટલે શું? જાણે જોડાણ થયું હોય. દ્રવ્ય અને પર્યાયનું જોડાણ થયું હોય એવો વાચક શબ્દ ઈ ટાઈપનો છે. પ્રશ્ન કર્યો છે કે આ જોડકું છે કે એમાંથી દ્રવ્યને છૂટું પાડીને ગ્રહણ કરી શકાય? એમ. અવલંબન માટે એકલા દ્રવ્યને ગ્રહણ કરવાનું છેને? પર્યાયનું અવલંબન લેવાનું નથી. પણ અવલંબન લેનાર કોણ છે? તો કહે, પર્યાય છે. વિષય-વિષયીનો સંબંધ છે અને એ રીતે એ જુદો પડતો નથી. અવલંબન પૂરતો જુદો પડે છે. વસ્તુતાએ જુદું પડતું નથી. કેમકે એક જ પદાર્થના બે અંગ છે.

'**સમાધાન :- 'દ્રવ્ય પોતે શાશ્વત છે, તેમાં દ્રવ્ય-પર્યાયનું જોડકું છે. વિભાવ પર્યાય તો દેખીતી રીતે આકુળતારૂપ છે; અને જે શુદ્ધ પર્યાય છે તે અત્યારે પ્રગટ નથી.**' સંસારદશામાં. '**શુદ્ધ પર્યાય ક્યાં પ્રગટ છે?**' એમ કહે છે. '**દ્રવ્ય જે શુદ્ધસ્વરૂપ**

**છે તેને ગ્રહણ કરવાનું છે. જ્યાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં અંશે શુદ્ધ પર્યાય તો તેની સાથે સાથે જ પ્રગટે છે.'** ઈ પોતે, દૃષ્ટિ પોતે જ છે. '**તે કાળે સાથે રહેલું જ્ઞાન જાણે છે કે આ જે વિભાવ પર્યાય છે તે હું નથી.**' શું કહે છે? આપણે એક અરીસાનો દૃષ્ટાંત લઈએ. અરીસાને કાચનું દળ છે. અરીસો શું છે? એ કાચનું દળ છે. જાડો કાચ છે. બરાબર? પ્રતિબિંબ પડે છે એ એની પર્યાયમાં પડે છે. તો ઈ પર્યાય અને ઈ દ્રવ્ય વચ્ચે કાંઈ સાંધો છે? એમ પ્રશ્ન કર્યો છે. કે, સાંધો નથી. દ્રવ્ય અને પર્યાય વચ્ચે કાંઈ સાંધો નથી છતાં દળ છે તે દળ છે અને જે સપાટી છે તે સપાટી છે. સપાટી એ દળ નથી અને દળ છે એ સપાટી નથી. અને છતાં બે વચ્ચે સાંધો નથી. આમ છે.

મુમુક્ષુ :- સમજમેં નહીં આયા.

પૂજ્ય ભાઈશ્રી :- સાંધ. સાંધો માને સાંધ. દ્રવ્ય ઔર પર્યાયકો જોડાણ કિયા હૈ તો બીચમેં કોઈ સાંધ હૈ ક્યા? ઐસા. પ્રશ્ન ઐસા કિયા હૈ.

મુમુક્ષુ :- સાંધ માને ક્યા?

પૂજ્ય ભાઈશ્રી :- જોડ. કોઈ રેણસે જોડાણ કર દિયા હૈ ક્યા પર્યાયકા દ્રવ્ય કે સાથ? ઐસા કોઈ બાત હૈ? તો કહતે હૈં કિ, ઐસા નહીં હૈ. તો જૈસે વો દર્પણકા દૃષ્ટાંત લિયા, દર્પણકા કાચ કા દલ હોતા હૈ ઔર ઉપરકી સપાટીમેં પ્રતિબિંબ આતા હૈ, તો દોનોંકે બીચમેં કોઈ જોડ હૈ ક્યા? નહીં હૈ. ફિર ભી દલ હૈ વો સપાટી નહીં, સપાટી હૈ વો દલ નહીં. ઐસા લેના હૈ. અરીસાની પર્યાયને જુદી પાડીને પ્રતિબિંબ લઈ શકાય ખરું? દળથી જુદી પાડીને. અરીસાના કાચના દળને જુદું પાડી દે અને ઉપલી સપાટીને ખોતરીને લઈ લ્યો. એમાં પ્રતિબિંબ પડે કે ન પડે? કે, ન પડે. પ્રતિબિંબ પડવામાં એટલે એનું કાર્ય થવામાં, અરીસાને પોતાનું પ્રયોજનભૂત કાર્ય કરવામાં દ્રવ્ય (અને) પર્યાય બંને સાથે જોઈએ. એમ પરિણમન દ્રવ્ય પોતે જ કરે છે. પરિણમન કોણ કરે છે? દ્રવ્ય પોતે જ પરિણમન કરે છે. બીજું કોઈ પરિણમન નથી કરતું. દ્રવ્ય વિના સીધું એકલું પરિણમન અધ્ધર થયા કરે એવું કાંઈ ન બને. પણ જ્યાં દૃષ્ટિનું પ્રકરણ ચાલે, શ્રદ્ધાનનું પ્રકરણ ચાલે ત્યાં પર્યાય વિનાના દ્રવ્યની વાત ચાલે છે. અને એ (વાત) સોગાનીજીએ બહુ વિશિષ્ટ પદ્ધતિથી કરી. 'હું અપરિણામી છું. પરિણામ મેરેમેં નહીં હૈ. મેં ધ્રુવ હૂઁ, કૂટસ્થ હૂઁ, અપરિણામી હૂઁ' અને ૩૨૦ ગાથામાં એ લીધું કે, મૈં નિષ્ક્રિય હૂઁ. પરિણામકી ક્રિયા મેરેમેં નહીં હૈ. ચાહે વો બંધભાવકી ક્રિયા હો, ચાહે મોક્ષભાવકી હો. બંધ અને બંધનું કારણ, મોક્ષ અને મોક્ષનું કારણ એવો મોક્ષમાર્ગ એ બંને મારામાં નથી.

મુમુક્ષુ :- બધું વિચિત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- કથન એવા છે બધા. વસ્તુ તો જેવી છે તેવી છે. એટલે એને સમજવાની દૃષ્ટિએ સરળતાથી સમજાય એના માટે એવી રીતે સમજવું જોઈએ કે બે ભાગ પાડી દેવાના કે વસ્તુની વ્યવસ્થા શું? વસ્તુની બંધારણીય વ્યવસ્થા શું? constitutional position. એ સમજવાનો વિષય છે, જાણવાનો વિષય છે. આ વસ્તુનું સ્વરૂપ છે. તો એમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ગુણ-ગુણીભેદ, કારણ-કાર્ય વ્યવસ્થા આ બધું સમજી લેવાનું. પ્રયોજનભૂત ગુણો, પ્રયોજનભૂત પર્યાયો, વિભાવ, સ્વભાવ - બધું એક વસ્તુ વ્યવસ્થા સમજવાનો વિષય થયો. હવે, એ વસ્તુ વ્યવસ્થા સમજ્યા પછી હેય-ઉપાદેયનો એક નવો factor, નવો દૃષ્ટિકોણ ઊભો થાય. ઉપાદેય શું? તો કે અવલંબન લેવા યોગ્ય, આશ્રય કરવા યોગ્ય, હુંપણું કરવા યોગ્ય, એ તો એક ત્રિકાળી સામાન્ય છે, જે દૃષ્ટિનો વિષય છે, એમાં પર્યાય નથી. પણ અવલંબન લેવા યોગ્ય છે તો અવલંબન પણ કોઈ લે છે, ત્યારે અવલંબન લેવા યોગ્ય છે એ લે છે ઈ પર્યાય છે. અવલંબન લેવા યોગ્ય દ્રવ્ય છે, અવલંબન લેનારી પર્યાય છે. પર્યાય પર્યાયના સ્થાનમાં છે ને દ્રવ્ય-દ્રવ્યના સ્થાનમાં છે, એ તો બંધારણીય રીતે સમજેલા છો તમે. એમાં બીજી કોઈ તકલીફ થવાનો પ્રશ્ન રહેતો નથી. તો એ સમજેલું એમનેમ છે એમાં કાંઈ ભૂલ નથી તો પછી હેય-ઉપાદેયના દૃષ્ટિકોણને તમે સમજી લ્યો. અને ઉપાદેયતા ધારણ કરો પોતાની અવસ્થામાં. જેને ઉપાદેય કરવું છે એની ઉપાદેયતા કરો તો એ રીતે એ વિષય સરળ પણ છે. કલ્પના થાય તો અટપટું લાગે. ક્યારેક અટપટું લાગે છે એમાં કલ્પના થાય તો અટપટું લાગે છે. કલ્પના ન કરવી, ન બંધારણીય સ્વરૂપ વિશે કલ્પના કરવી, ન અવલંબન કરવાના વિષયમાં કલ્પના કરવી. કલ્પના ન કરવી. કલ્પનાએ ચડ્યો તો પછી સૂતર ગૂંચવાઈ જાય અને ગૂંચવાયેલું સૂતર કામમાં ન આવે, એમ જ્ઞાન ગૂંચવાઈ જાય ઈ જ્ઞાન કામમાં ન આવે. એવી પરિસ્થિતિ થાય. ફરીથી **'દ્રવ્ય પોતે શાશ્વત છે,..'** દ્રવ્ય પોતે શાશ્વત છે હવે દ્રવ્ય અહીંયાં શું લેવું? આખો પદાર્થ લેવો. આખો પદાર્થ છે એ શાશ્વત છે. **'તેમાં દ્રવ્ય-પર્યાયનું જોડકું છે.'** હવે ત્યાં દ્રવ્ય છે એ દ્રવ્ય સ્વભાવ ત્રિકાળી લેવો છે અને પર્યાય અંગ લેવું છે એ બેનું જોડકું થઈને આખો પદાર્થ છે. બેય વખતે દ્રવ્ય શબ્દ વાપર્યો છે. પહેલો દ્રવ્યનો અર્થ પ્રમાણનો વિષય છે. બીજો દ્રવ્યનો અર્થ ત્રિકાળી દૃષ્ટિનો વિષય છે. દ્રવ્ય પોતે શાશ્વત છે. એ શાશ્વત શબ્દ બેયને લાગુ પડે. ત્રિકાળીને પણ શાશ્વત લાગુ પડે અને આખો પ્રમાણનો વિષય છે એ પણ શાશ્વત છે. પણ તેમાં દ્રવ્ય પર્યાયનું જોડકું છે એટલે જે આખો દ્રવ્ય પ્રમાણનો વિષય છે એમાં દ્રવ્ય સ્વભાવ અને પર્યાયનું ત્રિકાળી

ને ક્ષણિકનું જોડકું છે. તો એ બંધારણીય વિષય થઈ ગયો. **'વિભાવ પર્યાય તો દેખીતી રીતે આકુળતારૂપ છે;..'** પર્યાયમાં જે વિભાવ થઈ રહ્યો છે ધારાવાહી એ તો સ્થૂળપણે દેખીતી રીતે એટલે પ્રત્યક્ષપણે આકુળતારૂપ છે જ. એમાં જેને આકુળતા ન દેખાય એનો કોઈ ઉપાય નથી પણ છે ઈ આકુળતારૂપ **'અને જે શુદ્ધ પર્યાય છે તે અત્યારે પ્રગટ નથી.'** સંસારદશામાં, અજ્ઞાનદશામાં શુદ્ધ પર્યાય કાંઈ પ્રગટ નથી, ઈ પ્રગટી નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હજી પ્રગટ થયા નથી. એવી **'શુદ્ધ પર્યાય ક્યાં પ્રગટ છે?'** એમ કહે કે તું પર્યાયને જુદી પાડે છે! દ્રવ્ય-પર્યાયમાં એમાં શુદ્ધ પર્યાયને જુદી પાડે છોને! પણ તારે તો હજી શુદ્ધ પર્યાય છે નહિ એમ કહે છે. હવે, અહીંયાં તેં દ્રવ્ય-પર્યાયનું જે જ્ઞાન કર્યું એમાં **'દ્રવ્ય જે શુદ્ધસ્વરૂપ છે તેને ગ્રહણ કરવાનું છે.'** તેનો આશ્રય લેવાનો છે, તેનું અવલંબન લેવાનું છે. પર્યાય તો તારી અશુદ્ધ છે, અશુદ્ધતાનો આશ્રય લઈને શું કરીશ તું? પર્યાય તો તારી અશુદ્ધ છે એનું અવલંબન લઈને શું કરીશ તું? એટલે ઈ તો અમસ્તુ પણ તારે અવલંબનનો વિષય રહેતો નથી. શું ચોખ્ખું કર્યું? કે દ્રવ્ય, પર્યાય બે તારી પાસે છે. એમાં પર્યાયમાં આકુળતા અને અશુદ્ધિ છે. ઈ તો ઉપાદેય હોય શકે નહિ. તો બાકી શું રહ્યું? તો કે દ્રવ્ય તો એનું અવલંબન લ્યે, તો ભૂલું પડવાની એમાં ક્યાં જગ્યા છે એમ કહે છે. પણ શુદ્ધ પર્યાય પ્રગટ્યા પહેલા શુદ્ધ પર્યાયથી ભિન્ન છે એની કલ્પનાએ ચડે ત્યારે એને મુસીબત થાય. **'દ્રવ્ય જે શુદ્ધસ્વરૂપ છે તેને ગ્રહણ કરવાનું છે. જ્યાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં અંશે શુદ્ધ પર્યાય તો તેની સાથે સાથે જ પ્રગટે છે.'** જ્યાં દૃષ્ટિ ગઈ એટલે ઉપાદેય કર્યું તો ઉપાદેય કરનારી પર્યાય પોતે શુદ્ધ થઈ ગઈ. શુદ્ધ દ્રવ્યને ઉપાદેય કરનાર પર્યાય પોતે શુદ્ધ થઈ ગઈ. એ તો સાથે સાથે પ્રગટે જ છે. એટલે તે શુદ્ધ પર્યાય પ્રગટી તેમાં **'સાથે રહેલું જ્ઞાન જાણે છે કે આ જે વિભાવ પર્યાય છે તે હું નથી.'** આ જેવો વિભાવ છે એવું મારું સ્વરૂપ નથી. આ જ્ઞાયક એટલે શુદ્ધસ્વરૂપ છે તે હું છું અને આ શુદ્ધપરિણમન જે અનુભવગોચર થયું એવડો પણ હું નથી. એટલો અને એવડો હું નથી. કેમકે એ તો ક્ષણવર્તી છે. **'ચૈતન્યને ગ્રહણ કર્યો તેમાં પર્યાય અને દ્રવ્યનું બધું જ્ઞાન સાથે આવી જાય છે.'** જ્યાં શુદ્ધસ્વરૂપનું અવલંબન લીધું અને પર્યાયની શુદ્ધિ થઈ ત્યાં દ્રવ્ય-પર્યાયનું યુગપત્‌જ્ઞાન, યથાર્થજ્ઞાન, સમ્યગ્જ્ઞાન પ્રગટ થઈ ગયું. એ યથાર્થજ્ઞાન થયું, હવે જોડકુંને વગર જોડકુંને, શબ્દમાં કાંઈ ગૂંચવાવાની જરૂર નથી. શું કીધું આમાં? પ્રશ્ન પૂછનારને કે જો ભાઈ તારી પર્યાય તો અશુદ્ધ છે. હવે, જો તને શુદ્ધ સ્વરૂપનું ભાવભાસન થાય તો એ શુદ્ધસ્વરૂપના ભાવભાસનમાં તારું સ્વરૂપ જ તને ઉપાદેય છે એવું ભાસશે. સ્વરૂપની ઉપાદેયતા પુરુષાર્થથી તું કરીશ અને તારી પર્યાય

તેની સાથે અભેદતા સાધશે, એકાકાર થશે ત્યારે તને દ્રવ્ય-પર્યાયનું યુગપત્‌જ્ઞાન એવું પ્રમાણજ્ઞાન પ્રગટ થશે. પછી જોડકુંને વગર જોડકામાં કાંઈ તારે ગૂંચવાડો ઊભો નહીં થાય. આ એને જ્ઞાન કરવાની રીત બતાવી. નહિતર કેવી રીતે બતાવે? અરૂપી દ્રવ્ય છે. આપણે અરીસાનો દૃષ્ટાંત લીધો એને કેવી રીતે બતાવવું કે દ્રવ્ય-પર્યાયની શું-શું (સ્થિતિ) છે આમાં? જોડાણ કેવી રીતે છે? આપણા મુમુક્ષુ હતા, અત્યારે અમેરીકામાં છે એ છોકરો. ૨૦૨૪ની સાલ ને ૨૫ની સાલની વાત કરું છું. ૨૭ વર્ષ થયા. મુંબઈમાં જે Bhabha atomic energy centre છે ને ચેમ્બુરમાં ત્યાં, આપણું atomic research બધું ત્યાં થાય છે. Bhabha આપણો મોટો scientist થઈ ગયો પારસી. તેના નામથી ચાલે છે. governmentનું છે, government undertaking છે. એમાં ઈ study કરતો હતો. બહુ higher degreeમાંથી પાસ થઈને પછી અમેરીકા ચાલ્યો ગયો છે. છોકરો શાંત ને બહુ મગજવાળો હોશિયાર હતો, બુદ્ધિવાળો. એ વાત કરતો હતો કે આપણે જેને પરમાણુ કહીએ છીએ. એટલી શોધ ભૌતિક scienceમાં નથી. ભૌતિક scienceમાં જેને particle અથવા molecule કહે છે, molecule કહે છે. એ ઘણાં પરમાણુનો સ્કંધ છે એ લોકો એને એક પરમાણુ માને છે - moleculeને.

મુમુક્ષુ :- atomને માને છે ભાઈશ્રી?

પૂજ્ય ભાઈશ્રી :- atom કહો, molecule કહો.

મુમુક્ષુ :- atomનો જે જથ્થો હોય એને molecule કહે છે એ લોકો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. atom છે એ એક પરમાણુ, એને atom તો કહે છે.

મુમુક્ષુ :- ના, atomને એક પરમાણુ છે.

પૂજ્ય ભાઈશ્રી :- atom તો કહે છે અને atomમાં energy ઘણી છે એ વાત એ લોકોને સમજાણી છે. એ તો પરમાણુમાં શક્તિ અનંત છે એ વાત સમજાણી છે. અને એનું proof blastingથી, એનું proof કરી નાખ્યું એ blasting થાય છે. એ એની energyમાંથી જ થાય છે. bomb ફૂટે ઈ. bomb તો નાનો છે. શક્તિ કેટલી છે એ દેખાડી દ્યે છે. તો કે ઈ લોકોને સમસ્યા શું છે આજે? કે એની જે position બદલાય છે. atomની position બદલાય છે ઈ કેવી રીતે બદલાય છે એ એને ખબર નથી. સમજાણું? ઉત્પાદ-વ્યય સમજાતો નથી. પરમાણુનો ઉત્પાદ-વ્યય એને સમજાતો નથી. કેમકે એ લોકોની સાપેક્ષ પદ્ધતિ છે.

મુમુક્ષુ :- relativity.

પૂજ્ય ભાઈશ્રી :- relativity. કારણ-કાર્યનું relation શું છે? જ્યારે પરિણમન છે એ સ્વભાવ છે એને કોઈ કારણ ન હોય. કાલે આપણે વાત થઈ હતી. સ્વભાવને

કારણ ન હોય. અગ્નિ ઊનો છે એનું કારણ શું? કોઈ કારણ ન હોય. કોઈ કારણ ન હોય. વસ્તુ વ્યવસ્થામાં કારણ-કાર્ય પણ છે અને વસ્તુ વ્યવસ્થામાં કારણ-કાર્ય નથી એવું પણ છે. હવે જૈનદર્શન સિવાય ક્યાંય ઈ science નથી. એટલે કે ઈ લોકોને આ બહુ મોટી સમસ્યા છે. અમારે ત્યાં research centreમાં. પરમાણુ આમ બદલે છે આપણે એને પરિણમન કહ્યું. બદલે છે એ કેવી રીતે બદલે છે? બહુ મહેનત કરે છે પણ ઈ પત્તો નથી લાગતો. કેમકે ઈ કારણ શોધવા જાય છે અને કારણ ત્યાં છે નહિ કોઈ. એ સ્વભાવિક છે. ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય થયા જ કરે. સ્વભાવિકપણે થયા જ કરે. હવે ઉત્પાદ-વ્યય છે તે ધ્રુવ નથી ને ધ્રુવ છે તે ઉત્પાદ-વ્યય નથી. તો કે બે વચ્ચેનું જોડાણ શું? તો કે એ અનુભવ કરીને પ્રમાણજ્ઞાન કરે ત્યારે સમજાય, નહિતર ન સમજાય. એવો વિષય છે. એટલે જવાબ એવી રીતે આપ્યો છે. દ્રવ્યનું બધું જ્ઞાન એકસાથે યુગપત્ જ્ઞાન આવી જાય છે. આ પ્રશ્નો એક-બે વિદ્વાનો ઘણાં વર્ષ પહેલા લઈને આવેલા ૨૦૨૭, ૨૫ વર્ષ પહેલા. બેમાંથી એક (મુમુક્ષુભાઈ) હતા. ઈ કહે અમે સ્વાધ્યાય પછી કલાક-બબ્બે કલાક બેસીને ખૂબ ચર્ચા કરી છે, પણ મુંઝાણા છે કે, આ ત્રિકાળી છે એ કૂટસ્થ છે. પર્યાય અંગ છે એ પરિણમતું છે તો પછી ત્રિકાળીમાંથી આ ઉત્પન્ન થઈ પર્યાય ઈ કેવી રીતે? હું પર્યુષણમાં ત્યાં મુંબાદેવી વાંચનમાં આવ્યો હતો. એ લોકો બધા એ વખતે ત્યાં પ્રોપર બોમ્બેમાં રહેતા હતા, મલાડ નહોતા રહેતા. પછી આવ્યા હતા બપોરે ટાઈમ લઈને કલાક-બે કલાક ચર્ચા કરવા. મેં કીધું જુઓ! નય-પ્રમાણનો વિષય આપણે ત્યાં શું કરવા લીધો છે? જ્ઞાન કરવાની પદ્ધતિ જૈનદર્શનમાં છે એવી ક્યાંય નથી systematic. એકદમ systematic છે. તમારે આ વિષયને નયથી જોવો છે કે પ્રમાણથી જોવો છે? એ પહેલા મને કહો. તમે નય-પ્રમાણનો ખીચડો કરો છો. ગૂંચવાવ છો ક્યાં? નય-પ્રમાણનો ખીચડો કરો છો ત્યાં. નયથી જુઓ તો આમ છે ને પ્રમાણથી જુઓ તો આમ છે. પ્રમાણથી જુઓ તો આખું દ્રવ્ય પરિણમે છે, નયથી જુઓ તો નય એક અંશને ગ્રહણ કરે છે. નિશ્ચય નયથી જુઓ, દ્રવ્યાર્થિક નયથી જુઓ તો ત્રિકાળી પરિણમતો નથી. પર્યાય નયથી જુઓ તો પર્યાય પરિણમે છે. પ્રમાણથી જુઓ તો દ્રવ્ય પરિણમે છે. તમારે જોવું છે ક્યા દષ્ટિકોણથી? એ કહો. દષ્ટિકોણ નક્કી કરો એમનેમ ખીચડો નહિ કરો. ઉકલી ગયું બધું. એમ જ્ઞાન કરવાની પદ્ધતિ છે. એમાં પણ નય અને પ્રમાણ અનુભવજ્ઞાન છે પાછા. આ તો વગર અનુભવે સમજાવવાનો વિષય લીધો. પણ સમજાય છે એ હજી ઓઘે સમજાય છે. જ્યારે નય-પ્રમાણરૂપ પોતે પરિણમન કરે અનુભવીને, શુદ્ધદ્રવ્યને ગ્રહણ કરીને, ત્રિકાળીને પરમાત્માને ગ્રહણ કરીને ત્યારે જે પ્રમાણ જ્ઞાન

થાય. ત્યારે સમ્યગ્જ્ઞાનનો નય ઉઘડે એનો. અને ત્યારે દ્રવ્ય-ગુણ-પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય. ૨૫ વર્ષ પહેલા આ ચર્ચા ચાલી હતી. મોટાને(એક મુમુક્ષુ) ત્યાં આવ્યા હતા. મોટાને ત્યાં ઉતર્યો હતો ચર્ચગેટ. ૧૨ દિવસ ત્યાં રોકાવાનું થયું હતું. બપોરે આવે ચર્ચા કરવા કોઈ ને કોઈ. શું કહે છે? કે **'ચૈતન્યને ગ્રહણ કર્યો તેમાં પર્યાય અને દ્રવ્યનું બધું જ્ઞાન સાથે આવી જાય છે. કોઈને કાંઈ છૂટા પાડવા પડતા નથી,..'** દ્રવ્ય-દ્રવ્ય છે, પર્યાય-પર્યાય છે - એને કાંઈ છૂટા પાડવા પડતા નથી. પર્યાય પોતે દ્રવ્યને ગ્રહણ કરે છે પણ છૂટા પાડવાનો ક્યાં સવાલ છે? જેને ગ્રહણ કરે છે એનું જ્ઞાન થાય છે કે આમાં પર્યાય નથી. અને દ્રવ્યને હુંપણે ગ્રહણ કરે છે એટલે મને પર્યાય ગ્રહણ કરે છે. દ્રવ્યની દૃષ્ટિમાં શું છે? પર્યાય મને ગ્રહણ કરે છે અને પ્રમાણની દૃષ્ટિમાં પર્યાય દ્વારા હું મને ગ્રહણ કરું છું - એમ છે. **'કોઈને કાંઈ છૂટા પાડવા પડતા નથી, કારણ કે વિભાવ પર્યાય તો મલિન જ છે.'** વિભાવ પર્યાય તો મલિન જ છે. એમાં તો કાંઈ એને ભેળવવાનો સવાલ રહેતો નથી. એને ઉપાદેય કરવાનો સવાલ રહેતો નથી. **'પોતે પોતાને ગ્રહણ કરે ત્યાં વિભાવ પર્યાય તો જુદી જ રહે છે.'** ગ્રહણ કરનાર શુદ્ધ પર્યાય છે. વસ્તુ શુદ્ધ છે. ઓલી તો જાત ફેર છે ને જુદી રહી જાય છે. **'અને સ્વભાવ પર્યાય તો એની સાથે સાથે પ્રગટ થઈ રહી છે. તેને છૂટી ક્યાં પાડવી છે?'** એ તો એની સાથે અભેદ છે ભાવમાં. પોતે જ હુંપણું કરી રહી છે. તો ત્રિકાળીમાં ઈ અંશ નથી એટલી વાત છે. દૃષ્ટિ એમાં હુંપણું કરે છે. તો દૃષ્ટિ એને વિષય કરતી નથી. એટલી વાત છે. **'એક અખંડ દ્રવ્યને ગ્રહણ કર્યું ત્યાં વચ્ચે શુદ્ધ પર્યાયો પ્રગટ થાય જ છે.'** ગ્રહણ કોણે કર્યું? તો કહે શુદ્ધ પર્યાયે એટલે એ તો પ્રગટ થઈ જ ગઈ. તો એ પ્રગટ થઈ એને કોઈ આઘી, છૂટી પાડવી છે એમ નથી. દૃષ્ટિ એને વિષય નથી કરતી. **'તેમાં જીવને રોકાવાનું ક્યાં છે?'** એમ કહે છે, ભલે એ શુદ્ધપર્યાય પ્રગટ થઈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પણ કાંઈ એ શુદ્ધપર્યાયમાં રોકાવાનું નથી. **'શુદ્ધ પર્યાયનું અંશે શાંતિરૂપે વેદન થાય છે, તેને કાંઈ ગ્રહણ કરવાનું નથી.'** એનું અવલંબન લેવાનું નથી. **'તે જાણવામાં અને વેદનમાં આવે છે.'** એવું જે શાંતિનું વેદન છે એ અનુભવમાં તો અનુભવથી જણાય છે. વેદનમાં આવે છે એટલે અનુભવથી જણાય છે એટલે જાણવામાં ને વેદનમાં આવે છે. અને બે વચ્ચે શું જોડાણ છે કે શું અંતર છે એ પણ અનુભવગોચર થાય છે. હવે, બેયનો આશય લખી લઈએ.

આશય :- (૧૫૯) **નિર્વિકલ્પ દશાનો ઉપાય એક માત્ર ભેદજ્ઞાન છે, તે ભેદજ્ઞાન માત્ર વિકલ્પ નથી પરંતુ વિભાવ અને સ્વભાવને ભિન્ન પાડતું / ભિન્ન અનુભવ કરતું**

પ્રયોગાત્મક પરિણમન છે. સવિકલ્પ દશામાં આ પ્રયોગ અને પ્રયાસ થતો હોવા છતાં એકલો વિકલ્પ તેમાં નથી. પરંતુ અંતર્મુખી સ્વસન્મુખતાના પુરુષાર્થનું પરિણમન છે જે ઉગ્ર થવાથી સહજ નિર્વિકલ્પ દશા થઈ જાય છે. મુમુક્ષુજીવે આ જ કરવા જેવું છે.

આશય :- (૧૬૦) દ્રવ્ય અને પર્યાયના જોડકાને (સમયસાર ગા-૩૨૦-જયસેન આચાર્યદેવની ટીકા) વસ્તુ કહી છે તેનું યથાર્થ જ્ઞાન કરવા માટે વિભાવ પર્યાયની આકુળતાથી વિરામ પામીને શુદ્ધ સ્વરૂપને ગ્રહણ કરવામાં આવે તો વિભાવથી જુદું એવું પોતાનું સ્વરૂપ અનુભવગોચર થાય. તેમાં શુદ્ધ સ્વરૂપને ગ્રહણ કરનાર પર્યાય સાથે સાથે વચ્ચે પ્રગટ થાય જ છે જેમાં શાંતિનું વેદન છે, તેમ છતાં સ્વરૂપના ગ્રહણમાં તે વેદન મુખ્ય થતું નથી. સામાન્ય વિશેષાત્મક પદાર્થને સમજીને વિશેષ દ્વારા સામાન્યનું અવલંબન લેતાં ત્રિકાળી અને પર્યાયનો યુગપત્ અનુભવ થાય છે ત્યારે જ યથાર્થ જ્ઞાન થાય છે. સ્વાનુભવ વિના પદાર્થના બંધારણનું જ્ઞાન જીવને ઓઘસંજ્ઞાએ હોય છે તે ઓઘસંજ્ઞા દૃઢ કરવા યોગ્ય નથી કે જેથી કલ્પનાએ ચડી જવાય તેથી જ જ્ઞાનીઓએ દ્રવ્ય-સ્વભાવને ગ્રહણ કરવાનો ઉપદેશ આપ્યો છે, જેથી પ્રયોજનની સિદ્ધિ થવાની સાથે સાથે વસ્તુ સ્વરૂપનું બંધારણનું જ્ઞાન પણ યથાર્થ થાય.

❀

દેવલોકમાં ઊંચી જાતનાં રત્નો અને મહેલો હોય તેથી આત્માને શું? કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય ત્યાં પણ આકુળતા અને દેવોને અમી ઝરે ત્યાં પણ આકુળતા જ છે. છ ખંડને સાધનારા ચક્રવર્તીના રાજ્યમાં પણ આકુળતા છે. અંતરની ૠદ્ધિ ન પ્રગટે, શાન્તિ ન પ્રગટે, તો બહારની ૠદ્ધિ અને વૈભવ શી શાન્તિ આપે?

– બહેનશ્રીનાં વચનામૃત – ૩૨૭

પ્રશ્ન :- મનુષ્યજીવનના કર્તવ્ય સંબંધી ફરમાવવા કૃપા કરશોજી.

સમાધાન :- મનુષ્યજીવનની અંદર ચૈતન્ય તત્ત્વ જુદું છે અને આ પરદ્રવ્ય જુદું છે એવું ભેદજ્ઞાન કરવાનું છે. અંતરમાં વિભાવો સાથે એકત્વબુદ્ધિ થઈ રહી છે તે તોડવાની છે. હું જુદો ચૈતન્ય જ્ઞાયક છું, જ્ઞાન-આનંદાદિ અનંત ગુણસ્વરૂપ આત્મા છું. તેના ઉપર દૃષ્ટિ કરીને હું શાશ્વત ચૈતન્યજ્યોત છું એમ વારંવાર તેનું રટણ-મનન કરવાનું છે. ભેદજ્ઞાન પ્રગટ કરીને નિર્વિકલ્પ તત્ત્વ આત્મા છે તેની સ્વાનુભૂતિ પ્રગટ કરવાની છે. ગુરુદેવે જે બતાવ્યું છે તે કરવાનું છે. એક જ માર્ગ છે. શ્રીમદે કહ્યું છે ને? ''એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ''-પરમારથનો પંથ એક જ છે-ચૈતન્ય તત્ત્વને ઓળખો, તેની સ્વાનુભૂતિ પ્રગટ કરો. ભેદજ્ઞાન પ્રગટ કરો તેમ ગુરુદેવે કહ્યું છે અને તે કરવાનું છે.

''આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.''

આમાં સદા પ્રીતિ કર,-તેમાં પ્રીતિવંત બન; તેમાં સંતુષ્ટ થા;-સંતોષ તેમાં જ છે, બીજે ક્યાંય સંતોષ નથી-બીજે અસંતોષ છે, બીજે ક્યાંય તને શાંતિ નહિ મળે, આત્મામાં જે સંતોષ-શાંતિ-આનંદ છે તે બીજે ક્યાંય નથી. ''આનાથી બન તું તૃપ્ત'' આમાં જ તું તૃપ્તિ પામ-તૃપ્તિ તેમાં જ છે, બીજે ક્યાંય નથી. તૃપ્તિપણું જે છે તે બધું આત્મામાં જ છે, તેમાં જ તને તૃપ્તિ મળશે, બીજે ક્યાંય મળશે નહીં. ''સુખ અહો! ઉત્તમ થશે'' ઉત્તમ સુખની પ્રાપ્તિ તેમાં જ થશે. બીજે-બહારના સુખમાં ઝાંવાં નાખવાથી નહિ મળે. સુખ આત્મામાં જ છે, તેમાંથી જ તે પ્રગટ થશે. તે જ કરવાનું છે.

જેટલું જ્ઞાન છે તેટલો આત્મા છે. જ્ઞાયકતાથી ભરેલો જે જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ જ્ઞાયક છે. બસ, તે જ પરમાર્થસ્વરૂપ આત્મા છે, તેને ઓળખ. આ કરવાનું છે. તે પદને પ્રાપ્ત કર, તે ખરું પદ છે. અનેક જાતના મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય આદિ ભેદો છે. તે ભેદો ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક જ્ઞાયક ઉપર દૃષ્ટિ કર. બસ, તે જ્ઞાયકમાં તૃપ્તિ પામ. તે જ્ઞાયકમાં જ બધું ભરેલું છે. બીજા ભેદભાવો ને વિભાવો-બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક ચૈતન્યમાં દૃષ્ટિ કર. ગુરુદેવે કહ્યું તે ભેદજ્ઞાન-સ્વાનુભૂતિ પ્રગટ કરીને, તેમાં જ તૃપ્તિ પામ. તેમાં જ આનંદનો-શાંતિનો-જ્ઞાનનો સાગર ભર્યો છે અને તેમાંથી જ આનંદ, જ્ઞાન વિગેરે ઊછળશે. તેમાં જ બધું ભર્યું છે, તેમાં જ વારંવાર દૃષ્ટિ-જ્ઞાન અને લીનતા કરવાથી તેમાંથી જ પૂર્ણતાની પ્રાપ્તિ થશે, તે

ખરું કરવાનું છે, તે જીવનનું કર્તવ્ય છે. તત્ત્વના વિચાર, શાસ્ત્રાભ્યાસ, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આ બધું એક ચૈતન્યતત્ત્વને ઓળખવા માટે જ કરવાનું છે. જીવનનું ખરું કર્તવ્ય તે હોવું જોઈએ. ગુરુદેવે ઘણું સંભળાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે. ૧૬૧.

## તા. ૨૬-૪-૧૯૯૭, પ્રશ્ન-૧૬૧
## પ્રવચન નં. ૧૧૭

સ્વાનુભૂતિદર્શન, પ્રશ્ન-૧૬૧મો, પાનું-૧૧૩. **'પ્રશ્ન :- મનુષ્યજીવનના કર્તવ્ય સંબંધી ફરમાવવા કૃપા કરશોજી.'** મનુષ્યજીવનમાં કરવા યોગ્ય શું છે? પ્રશ્ન એ છે.

**'સમાધાન :- મનુષ્યજીવનની અંદર ચૈતન્ય તત્ત્વ જુદું છે અને આ પરદ્રવ્ય જુદું છે એવું ભેદજ્ઞાન કરવાનું છે.'** આટલું કરી લેવું જોઈએ. અહીં સુધી પહોંચી જવું જોઈએ. ક્યાં સુધી પહોંચવું જોઈએ? જુદાપણું થાય ત્યાં સુધી પહોંચવું જોઈએ. કેમકે બાકીનો વ્યવહાર તો એકત્વબુદ્ધિએ ચાલે છે. તો જુદાપણું ન કર્યું તો એ સિવાય જુઓ તો એકત્વબુદ્ધિએ બધી પ્રવૃત્તિ છે. પરદ્રવ્યમાં મારાપણું ચાલુ છે. મનુષ્ય થયો અને એ પણ ચાલુ રહ્યું (તો) એ મનુષ્યપણું અને બીજા ગતિના જીવો-દુર્ગતિના જીવો એમાં શું ફર્ક પડ્યો? એ પણ મારાપણું કરીને દુર્ગતિમાં ગયા, આ પણ મારાપણું કરીને દુર્ગતિમાં જશે. મનુષ્યપણું પામેલું નિષ્ફળ જશે. **'અંતરમાં વિભાવો સાથે એકત્વબુદ્ધિ થઈ રહી છે તે તોડવાની છે.'** પરદ્રવ્યમાં મારાપણું છોડવાનું છે. અંતરમાં - પરિણમનમાં વિભાવો સાથે એકત્વબુદ્ધિ થઈ રહી છે. આ બહારમાં છે, પરદ્રવ્યો છે એ બહારમાં છે. અંદરમાં જે વિભાવો છે એની સાથે પણ પોતાપણાની એકત્વબુદ્ધિ થઈ રહી છે, એ પણ તોડવાની છે. **'હું જુદો ચૈતન્ય જ્ઞાયક છું, જ્ઞાન-આનંદાદિ અનંત ગુણસ્વરૂપ આત્મા છું. તેના ઉપર દૃષ્ટિ કરીને હું શાશ્વત ચૈતન્યજ્યોત છું એમ વારંવાર તેનું રટણ-મનન કરવાનું છે.'** અથવા તો પોતે ભિન્ન જ્ઞાયક છે, અનંતગુણનું નિધાન છે, શાશ્વત ચૈતન્ય છે એને સંભાળવાનો છે. મારાપણે એને સંભાળવાનું છે. બીજે મારાપણું મૂકવાનું છે અને જે પોતાનું સ્વરૂપ છે એને પોતાપણે સંભાળવાનું છે. **'ભેદજ્ઞાન પ્રગટ કરીને નિર્વિકલ્પ તત્ત્વ આત્મા છે તેની સ્વાનુભૂતિ પ્રગટ કરવાની છે.'** મનુષ્યપણામાં

શું કરવાનું છે? મનુષ્યપણામાં ભેદજ્ઞાન સુધી પહોંચીને સ્વાનુભવ સુધીનું કામ કરી લેવું જોઈએ. એટલે શ્રદ્ધા થઈ ગઈ. શાસ્ત્રમાં પણ એ આજ્ઞા છે કે તું મુનિદશાના ચારિત્ર સુધી ન પહોંચ તો શ્રદ્ધા તો અવશ્ય કરજે જ. તારી શ્રદ્ધા નહિ ફરી હોય અને મિથ્યાશ્રદ્ધા જે અનાદિની છે એ એમનેમ રહી હશે તો તારા પરિણમનનું ઠેકાણું નહિ રહે. પછી અહીંથી જીવના પરિભ્રમણનો અંત આવવાનો નિશ્ચિત થઈ જાય છે. શ્રદ્ધા ફરી ગઈ એટલે જીવનું પરિભ્રમણ પૂરું થઈ ગયું, થઈ ગયું ને થઈ ગયું. ભેદજ્ઞાન કરીને સ્વાનુભવ સુધી પહોંચી જા. એટલી હદ સુધી તો આવવું જોઈએ. મનુષ્યપણુ મળ્યું તો અહીં સુધી તો આવવું જોઈએ. '**ભેદજ્ઞાન પ્રગટ કરીને નિર્વિકલ્પ તત્ત્વ આત્મા છે તેની સ્વાનુભૂતિ પ્રગટ કરવાની છે. ગુરુદેવે જે બતાવ્યું છે તે કરવાનું છે.**' ગુરુદેવે આ બતાવ્યું છે. '**એક જ માર્ગ છે.**' માર્ગ તો ત્રણેય કાળે જ્ઞાનીઓનો માર્ગ, તીર્થંકરોનો માર્ગ તો એક જ છે. આત્મકલ્યાણના માર્ગ બે નથી. ભિન્ન-ભિન્ન ઉપાયો નથી. એક જ ઉપાય છે. શ્રીમદ્જીએ આત્મસિદ્ધિમાં કહ્યું છેને કે, '**એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ...**' પરમાર્થનો તો એક જ પંથ છે ત્રણેય કાળે. ન સમજે ઈ કહે એમણે તો પંદર ભેદે સિદ્ધ કહ્યાં છે, પણ આત્મસિદ્ધિમાં તો (કહ્યું) '**એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ...**' એક જ માર્ગ છે, બે માર્ગ હોય નહિ. પદાર્થ જો એક જાતિનો છે, આત્મા મૂળ પદાર્થ તો એક જાતિનો છે તો એને પામવાનો માર્ગ જુદી-જુદી જાતિનો એમ ક્યાંથી આવે? તો કોઈ વૈજ્ઞાનિક પરિસ્થિતિ રહેતી નથી. કલ્પના થઈ જાય. બધા પોત-પોતાની કલ્પનાએ કામ કરવા માંડે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! પંદર ભેદ ક્યા દૃષ્ટિકોણથી કીધેલા છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ કોઈ જુદી-જુદી પર્યાયમાં સિદ્ધપદ કાંઈ નિશ્ચિત થાય એવું કાંઈ નિર્ણય, નિશ્ચિત થાય એવા કોઈ સંસ્કાર પડતા હશે. એવું હશે. સ્વરૂપના સંસ્કાર પડે. માર્ગ બે નથી, પંદર તો શું? પણ બે માર્ગ પણ નથી. એમણે તો બહુ શરૂઆતમાં કહ્યું છે કે જગતમાં બે જૈન નથી. અમે દિગંબર ને શ્વેતાંબર ને સ્થાનકવાસી ને!! બે જૈન જ નથી. પહેલેથી એમની એ વાત છે. '**પરમારથનો પંથ એક જ છે-ચૈતન્ય તત્ત્વને ઓળખો, તેની સ્વાનુભૂતિ પ્રગટ કરો.**' ઓળખીને એકાગ્ર થાઓ. અથવા જે ઓળખે તે એકાગ્ર થાય. કેમકે મહિમા આવેને! ઓળખવાથી મહિમા આવે. એમાં એકાગ્રતા સધાય. ચૈતન્ય તત્ત્વને ઓળખો એટલે પોતાના સ્વરૂપને ઓળખો અને તેનો સ્વાનુભવ પ્રગટ કરો. ભેદજ્ઞાન પ્રગટ કરો. સ્વાનુભવ એ નિર્વિકલ્પદશા છે. સવિકલ્પદશામાં ભેદજ્ઞાન છે. '**તેમ ગુરુદેવે કહ્યું છે અને તે કરવાનું છે.**' ગુરુદેવે આ ફરમાવ્યું છે. આ તેમની આજ્ઞા છે, આ ઉપદેશ છે જે કહો તે. એમણે જે કહ્યું એનું અમલીકરણ કરવાનું છે

એનું પરિણમન કરવાનું છે. પછી સમયસારની ૨૦૬ ગાથા અહીંયાં લીધી છે એમણે. નિર્જરા અધિકાર છે.

**'આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને..'** આમાં એટલે પોતાના આત્મામાં. આચાર્ય મહારાજે ત્યાં ટીકામાં જ્ઞાન શબ્દ લીધો છે. તું જ્ઞાનની પ્રીતિ કર, જ્ઞાનમાં સંતુષ્ટ થા, જ્ઞાનમાં તૃપ્ત થા. તને કોઈ વચનઅગોચર સુખ અત્યારે જ થશે. એમ ક્યારે થશે? અત્યારે જ તને સુખ થશે. પ્રેરણા આપી છે! પ્રેરણાત્મક! અત્યારે જ તને સુખ થશે!! ક્યારે સુખી થવું છે જીવને અભિપ્રાયમાં? ભવિષ્યમાં સુખી થવું છે? કે, નહિ! અત્યારથી જ સુખી થવું છે બધાને. કોઈને મોડું કરવું નથી. અત્યારે ભલે દુઃખી રહ્યો પછી થોડીવાર પછી સુખી થઈશ એવું કોઈ કહે છે? એવું કોઈને નથી.

**'આમાં સદા પ્રીતિ કર,-તેમાં પ્રીતિવંત બન; તેમાં સંતુષ્ટ થા;-સંતોષ તેમાં જ છે, બીજે ક્યાંય સંતોષ નથી-બીજે અસંતોષ છે, બીજે ક્યાંય તને શાંતિ નહિ મળે,..'** કોઈ શાંતિનું સ્થાન નથી. મકાન સારું બનાવે. નામ આપે 'શાંતિ નિકેતન' નિકેતન એટલે રહેવાનું સ્થળ. શાંતિથી રહેવાનું સ્થળ. એમાં શાંતિ મળે? ક્યાંય ન મળે. એ મકાનને 'આ મારું એવું સારું મકાન છે' - એવા પરિણમનમાં અશાંતિનું નિમિત્ત થાય. એ મકાન શેનું નિમિત્ત થાય? અશાંતિનું નિમિત્ત થાય. આવું સરસ મકાન મળ્યું હોય! આપણે ઉપર જઈએ છીએને 'Industrial Jewels'માં પેલું ટેકરી ઉપર બાંધ્યું છેને મોટું મકાન એમાં શાંતિ મળે કે ન મળે? મારાપણાના ભાવથી અશાંતિ ઊભી થયા વિના રહે નહિ. અને એમાં જેટલો વધારે તીવ્ર રસ પડે એટલી વધારે અશાંતિ ઊભી થાય. નવાઈ લાગે એવી વાત ઘણાંને બને છે એવું કે બહારથી સુખી દેખાતા માણસો એટલે એમ કહે કે, એને તો બધું સામ, દામ ને ઠામ છે. ઈ પરિણમનમાં એને બેચેની ને આકુળતા આખો દી' થયા કરતી હોય. અને માણસને એમ થાય કે આને આટલું બધું સુખ છે ને છતાં આને કેમ સખ પડતું નથી? પણ મારાપણાનો જે લોહવાટ છે અંદરમાં, એનો જે રસ છે આટલું બધું મારે ભેગું થયું. મારે આટલું બધું ભેગું થયું, મારે આટલું બધું ભેગું થયું - ઈ એની શાંતિને ખાય જાય છે. અશાંતિને ઊભી કરે છે. જ્યાં સુધી ભેગું નહોતું થયું, ત્યાં સુધી ભેગું કરવાની અશાંતિ હતી. અને ભેગું થઈ ગયા પછી ભેગું થયાની અશાંતિ ઊભી થઈ. ઠીક! ક્યાંય શાંતિ નથી. શાસ્ત્રોની અંદર અતિ પરિગ્રહવંતને દુર્ગતિનું કારણ માન્યો છે. અતિ પરિગ્રહને દુર્ગતિનું કારણ માન્યું છે. કરોડો, અબજો થાય તો સારું કે નહિ? એ દુર્ગતિમાં જવાનું (કારણ) થાય બીજું કાંઈ ન થાય. માટે એવું કદી ઈચ્છવું નહિ. અને જેની પાસે કરોડો, અબજો

હોય ત્યાં તો આ વાત કાંઇ છે નહિ એટલે એને એનું મમત્વ હોય. એ એના કરોડો-અબજોમાં (એની) દુર્ગતિને જોવી. શું જોવી? એના વૈભવને ન જોવો. શું જોવું? આ જ્ઞાનીની દૃષ્ટિ છે. લોકો એમ સમજે છે ઓહો! ભાઈ આને તો શું સાહ્યબી છે કાંઈ!! મોટી-મોટી કિંમતી ગાડીઓ, સારામાં સારા મકાન અને ફર્નિચર, કપડાં-દાગીના પણ બધું સારામાં સારું અને બહુ સુખી ભાઈ બહુ સુખી! જ્ઞાનીની નજરમાં એમ થાય બિચારો આની મમતા કરીને દુર્ગતિમાં ચાલ્યો જાશે. ક્યાં જાશે? દુર્ગતિમાં જાશે. જ્ઞાની કેવી નજરે જોવે છે જગતને? લોકો જેને સુખી જોવે છે એને જ્ઞાની નજીકના ભવિષ્યમાં એ કેટલો બધો દુઃખી થશે એ જોવે છે. અત્યારે એ દુઃખી જ છે પાછો પણ અત્યારે એનું દુઃખ બીજાને નથી સમજાતું, જ્ઞાનીને સમજાય છે. પછી તો બધાને સમજાય એવું દુઃખ આવશે. પછી જ્ઞાની હોય અને ચક્રવર્તી હોય એને દુર્ગતિનું કારણ નથી. પરિગ્રહની પ્રીતિ, પરિગ્રહ ઉપરનો રસ, મારાપણું તે દુર્ગતિનું કારણ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! હિન્દીમેં લીજિએ ન.

પૂજ્ય ભાઈશ્રી :- સમયસારકી ૨૦૬ નંબર કી ગાથા પર બહેનશ્રી થોડી બાત કર રહે હૈં. કિ, અપને સ્વરૂપમેં પ્રીતિ કર, અપને સ્વરૂપમેં પ્રીતિવંત બન જા. ઉસમેં હી સંતુષ્ટ હો, ઉસમેં હી સંતોષ હૈ ઔર કોઈ જગહ સંતોષ નહીં હૈ. ઔર સબ જગહ અસંતોષ હૈ. અસંતોષ ક્યોં હૈ? કિ જીવ સુખ લેનેકા ભાવ કરતા હૈ ઔર ઉસકો સુખ વહાઁસે મિલતા નહીં. જીવ સુખ લેનેકા ભાવ કરતા હૈ ઉસકો વહાઁ સુખ મિલતા નહીં હૈ તો અસંતોષ હોતા હૈ. મિલનેકી અપેક્ષા રહે ઔર મિલે નહીં તો ક્યા હોવે? અસંતોષ હુએ વિના રહે નહીં.

મુમુક્ષુ :- પેલું પદ બનાવ્યું છેને કૃપાળુદેવે, 'હતી દીનતાઈ ત્યારે તાકી...'

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઈ પછી ઉપર-ઉપરનું એને જોઈએ. જો કુછ મિલતા હૈ ઈસસે જ્યાદા મિલે, ઈસસે જ્યાદા મિલે, ઈસસે જ્યાદા મિલે. અસંતુષ્ટપના ચાલૂ રહે. ઔર કહીં શાંતિ નહીં મિલેગી. ઔર કહીં શાંતિ નહીં મિલેગી. ઔર શાંતિકી કલ્પના કરેગા વહાઁ ભી અશાંતિ મિલેગી. જહાઁ ભી શાંતિકી કલ્પના કરેગા વહાઁ ભી અશાંતિ હી અશાંતિ મિલેગી. '**આત્મામેં જો સંતોષ-શાંતિ-આનંદ હૈ વહ અન્યત્ર કહીં ભી નહીં હૈ.**' યે આત્માકા સ્વભાવ હૈ, યે ગુણ હૈ. જૈસે અગ્નિમેં ઉષ્ણતા હૈ, પાનીમેં બિના કારણ શીતલતા હૈ - ઈસે કોઈ કારણ યા સાધનકી જરૂરત નહીં હૈ. ઐસે આત્મામેં સુખ- શાંતિ ઔર આનંદ બિના કારણ હૈ. ઉસમેં કિસી સાધનકી જરૂરત નહીં હૈ. યે ચીજ મિલે તો શાંતિ હોગી, ઐસે આત્માકી શાંતિ નહીં હૈ. કોઈ ચીજ પ્રાપ્ત હોનેસે શાંતિ હો ઐસી આત્માકી શાંતિ પંગુ નહીં હૈ. પંગુકો આધાર ચાહિયે, કિસકો આધાર

ચાહિયે? પંગુકો આધાર ચાહિયે. આત્માકા જો ગુણ હૈ, શક્તિરૂપ હૈ ને? આનંદ ભી શક્તિ હૈ, સુખ ભી શક્તિ હૈ, શાંતિ ભી શક્તિ હૈ. વો પંગુ નહીં હૈ. કોઈ ચીજકે આધારિત વહ નહીં હૈ. ઈસકે કારણ વહ સાધનકી કોઈ આવશ્યકતા નહીં હૈ. **'આત્મામેં જો સંતોષ-શાંતિ-આનંદ હૈ વહ અન્યત્ર કહીં ભી નહીં હૈ. 'ઈસસે હી બન તૂ તૃપ્ત'..' 'આનાથી બન તું તૃપ્ત,..'** ત્રીજું પદ બીજી લીટીમાં જ છે. પહેલું પદ, આનાથી બન તું તૃપ્ત માને ઈસમેં હી તૃપ્તિકો પાઓ! ઈસમેં હી તૃપ્તિકો પાઓ! ઉસમેં હી તૃપ્તિ હૈ ઔર કહીં જગહ નહીં હૈ. જીવકે પરિણામ અંતર્મુખ હોકરકે સ્વરૂપકા અનુભવ કરતા હૈ તો ઉસકો તૃપ્ત-તૃપ્ત દશા હોતી હૈ. કૈસી દશા હોતી હૈ? અનંતકાલમેં તૃપ્ત નહીં હુઆ હૈ ઐસી તૃપ્તિ હોગી. અનંતકાલમેં તૃપ્ત નહીં હુઆ ઐસી તૃપ્તિ મિલેગી. પરમ તૃપ્તિ.

મુમુક્ષુ :- બીજા પદાર્થને ભોગવવા જતાં જીવને આકુળતા થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :-હાઁ! તૃપ્તિકા તો સવાલ નહીં, સુખ પ્રાપ્ત કરતા સુખ ટળે છે.

મુમુક્ષુ :- સ્વયંને ભોગવવામાં આકુળતા નથી ક્યાંય.

પૂજ્ય ભાઈશ્રી :- નિરાકુળ શાંતિ છે. તૃપ્તિ-તૃપ્તિ મિલેગી. તૃપ્તિકા મતલબ ક્યા હોતા હૈ? કિ, અબ મુજે ઔર કુછ નહીં ચાહિયે. તૃપ્ત હો ગયા! જૈસે પાની પી લિયા તૃષા લગી તો. ફિર પૂછે કિ, ઔર પાની? તો કહેગા કિ, નહીં અભી નહીં ચાહિયે. પૂરા મિલ ગયા. ફિર થોડી દેર પીછે તો કહેગા કિ ચાહિયે. ક્યોંકિ કભી ઐસે તૃપ્ત હોતા નહીં હૈ. હો હી નહીં સકતા. તૃપ્તિપના જો ભી હૈ વો સભી આત્મામેં હી હૈ. ઉસમેં હી તુજે તૃપ્તિ મિલેગી ઔર કહીં નહીં મિલેગી. ઔર કહીં નહીં મિલેગી. તૃપ્તિ હોનેકા સ્થાન ભી અપના સ્વરૂપ હી હૈ. ઉસકે અવલંબન સે, ઉસકે અનુભવ સે તૃપ્તિ-તૃપ્તિ, તૃપ્ત દશા હોગી. ઔર કોઈ તૃપ્તિ હોનેકા ઉપાય નહીં હૈ. કોઈ સ્થાન નહીં હૈ. કોઈ દ્રવ્ય નહીં, કોઈ ભાવ નહીં, કોઈ પદાર્થ નહીં, કોઈ ક્ષેત્ર નહીં. કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ નહીં હૈ. સંસારમેં પરિભ્રમણ કરનેવાલા આત્મા અનાદિસે અતૃપ્તદશામેં દુઃખી હૈ. કૈસા હૈ? અનાદિસે અતૃપ્તદશામેં દુઃખી હૈ. ઉસકો જબ અપના સ્વરૂપ મિલતા હૈ તબ ઉસકો હંમેશકે લિયે તૃપ્તિ હોનેકી એક પરિસ્થિતિ પૈદા હોતી હૈ. ઐસી તૃપ્તદશા હોવે ઉસકો ધર્મ કહતે હૈં, ઉસકો ધર્મ કહતે હૈં. ધર્મ કોઈ સંપ્રદાય નહીં. ધર્મ કોઈ અન્ય બાત નહીં હૈ. યાની રૂઢિ-રિવાજ નહીં હૈ. આત્માકો શાંતિ ઔર તૃપ્તિ મિલે વહી ધર્મ હૈ. કિતના અચ્છા ધર્મ હૈ! ધર્મ કિતના અચ્છા હૈ! આત્માકો તૃપ્તિ મિલે, શાંતિ મિલે. યે સભી આત્મામેં હી હૈ. ઉસમેંસે હી તુજે તૃપ્તિ મિલેગી ઔર કહીંસે નહીં મિલેગી. અભિપ્રાય પૂરા બદલનેકા હૈ. મુમુક્ષુકો તો ઈસ બાતસે અપના જો પ્રયોજન

હૈ વો અભિપ્રાય બદલનેકા હૈ. ક્યા? યે તો જ્ઞાનદશાકી બાત લિયા હૈ. યે સમયસારકી ૨૦૬ ગાથામેં મુમુક્ષુકે પ્રયોજનકા ઉસસે સંબંધ ક્યા હૈ? કિ જો અનાદિકા પરમેં સુખ-શાંતિકા, આનંદકા અભિપ્રાય હૈ વહ ગલત અભિપ્રાય હૈ, misconcept હૈ ઉસકો બદલના હૈ. યહ મુમુક્ષુકા પ્રયોજન હૈ.

મુમુક્ષુ :- પાત્રતાકે લક્ષણમેં આતા હૈ ન કિ, અબ મુજે કુછ નહીં ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- અબ મુજે કુછ નહીં ચાહિયે, મેરા આત્મા ચાહિયે. વહી પાત્રતા હૈ. પાત્રતા કબ હૈ? મુજે જગતમેંસે કુછ નહીં ચાહિયે. અપેક્ષાવૃત્તિ સબ બંદ કર દિયા. ઔર અપેક્ષાકા જો સ્થાન થા વો ઉપેક્ષાકા હો ગયા. તબ યે પાત્રતા આયી હૈ. ઉસી વક્ત પાત્રતા આ જાયે, દેર નહીં લગતી. પ્રયોજન વો હૈ કિ, સુખ આત્મામેં હૈ. શાંતિ આત્મામેં હૈ, આનંદ આત્મામેં હૈ - ઐસા અભિપ્રાય હોના ચાહિયે. યે અભિપ્રાય આખા જગતસે ઉલટા હૈ. પૂરા જગત દેખો તો બાહ્ય પદાર્થમેં સે સુખ પ્રાપ્ત કરનેકે લિયે દૌડ લગા રહે હૈં. હમારે લોગ અમરિકામેં જાતે હૈં. ક્યોં? સુખી હોનેકે લિયે વહાઁ (ગયે તબ) ક્યા દેખા હમને? સુબહ પાંચ બજે ઉઠના સબ તૈયાર હોકરકે સાત બજે ભાગના, નિકલના ક્યા? વહાઁ તો ગાડી બહુત speedમેં ચલતી હૈ ના! ભાગનેકા હોતા હૈ. ક્યા હોતા હૈ? ભાગનેકા હોતા હૈ. ઔર સારે દિન બહુત કામ કરના ઔર શામકો થક જાના. કિતના સુખી હો ગયા? હૈ? યે ચક્કર ચલતા હૈ વહાઁ. યહી ચક્કર ચલતા હૈ.

મુમુક્ષુ :- શામકો થકે હુએ આકરકે ફિર ઘરકા કામ તો કરના હી પડતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- નૌકર મિલતા નહીં વહાઁ. ઘરકી સફાઈ ખુદકો કરની પડતી હૈ. કપડે ખુદકો ધોના પડતા હૈ, ક્યોંકિ કપડા ધોનેવાલી નહીં મિલતી. ઔર પોસાણ ભી નહીં હૈ. બર્તન માંજના, રસોઈ કરના. સબ કામ અપને હાથસે હી કરના પડતા હૈ. જો ઔરત હૈ વો થક જાતી હૈ, ઉસકો ભી કામ પર જાના પડતા હૈ. હમ બોલે કિ, ઉસકો ક્યોં કામ પર જાના પડતા હૈ? અગર વો કામ પર નહીં જાયે તો bore હો જાએ. કોઈ અડોસ-પડોસ હૈ નહીં વહાઁ. યહાઁ પંચાયત કરનેકો બૈઠ ગયા ઐસા વહાઁ નહીં મિલતા.

મુમુક્ષુ :- બધું જડવત્ લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્મશાનસે ભી જ્યાદા સુમસામ. ખાલી ખાલી. હમારે યહાઁ તો સ્મશાનમેં ભી દો-પાઁચ કુત્તે રહતે હૈં. વહાઁ તો ગાઁવમેં ભી કુત્તા નહીં મિલે. ઔર પેડ પર પક્ષી નહીં મિલે. (રાસ્તે પર) કોઈ મનુષ્ય ભી નહીં મિલે. સબ ગાડીમેં હી આના જાના સબકા. કોઈ પૈદલ ચલનેવાલા નહીં મિલે બાઝારકે સિવા. બાઝારમેં સબ

ચલતે હૈં. વૈસે ભી ચલેંગે.... બિલકુલ સ્મશાનસે ભી જ્યાદા ઉજ્જડ, એકદમ ઉજ્જડ લગે. યે ઔરત કામ નહીં કરે ઔર બિમાર હો જાએ, બહુત બડા ખર્ચા લગતા હૈ. શરીર હૈ બિમારી તો આયેગી. વહાઁ insurance લેના પડતા હૈ compulsory. જો જોબ કરતા હૈ, નોકરી કરનેકો જાતા હૈ ઉસકા insurance જો કંપનીમેં વો service કરતા હૈ વો દેતા હૈ ઔર ઉસકા rate બહુત કમ હૈ. ક્યોંકિ ઉસકો wholesale કામ મિલતા હૈ. સબ આદમીકા insurance એક જગહસે મિલતા હૈ. પર individual insuranceકા બહુત બડા rate હૈ. પોસાય નહીં કિસીકો, વો ભી કંપની દેતી હૈ. જોબ પર તો સબ જાયેંગે. ઘરમેં સે દોનોંકો કામ કરના પડતા હૈ. હમારે યહાઁ ઘરકામ ઔરત કરતી હૈ ઔર આદમી સો જાતા હૈ-લેટ જાતા હૈ ઐસા વહાઁ નહીં ચલતા. વહાઁ તો આદમીકો ભી કામ કરના પડતા હૈ. વો ભી કિચનમેં કામ કરતા હૈ. બર્તન સાફ કર દેતા હૈ. ઘર સાફ કર દેતા હૈ, machineસે કરતા હૈ લેકિન વો સંજવારી કાઢતા હૈ. સફાઈ કરતા હૈ. યે કામ ઔરતકો કરના ઔર યે કામ આદમીકો કરના ઐસા ભેદ ચલતા નહીં હૈ. ક્યોંકિ વો બોલેગી કિ મૈં ભી થક જાતી હૂઁ. આપ હાથ બટાઓ વરના યે કામ તો નહીં હોગા.

મુમુક્ષુ :- ત્યાં ઘર પણ મોટા-મોટા...

પૂજ્ય ભાઈશ્રી :- ઔર ગરમ-ગરમ ખાનેકો મિલતા નહીં. ખાના ખાકર જ્યાદા બના કરકે ફ્રિઝમેં રખ દેતે હૈં, બિગડે નહીં ઇસલિએ. તો ઠંડા-ઠંડા ખાના પડતા હૈ. ઠંડાકો ગરમ કરકે ખાઓ ઉસમેં તો કોઈ દમ હોતા નહીં હૈ. કિતના સુખ મિલતા હોગા? કોઈ સુખ મિલતા નહીં હૈ. જો સુખ-શાંતિકે વિચારવાલે હૈં વે થોડી કમાઈ કરકે છોડ દેતે હૈં. વહાઁ રહતે નહીં હૈ. ઔર જિસકા અભિપ્રાય હૈ કિ, ઇસમેં સુખ મિલતા હૈ વો દૌડ લગાએ રખતા હૈ. ઉસકી દૌડ ચાલૂ રહતી હૈ.

મુમુક્ષુ :- મુમુક્ષુનું સુખધામ તો સત્પુરુષ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અલ્પ પણ શાતા મિલે તો એક સત્પુરુષકા અનુગ્રહ હૈ.

મુમુક્ષુ :- ગાથામાં 'આમાં' પ્રીતિવંત લીધું છેને, ત્યાં સત્પુરુષ લેવાની જરૂર છે.

પૂજ્ય ભાઈશ્રી :- દો ચીજ નહીં હૈ ન! સુખ અહો ઉત્તમ થશે. ઉત્તમ સુખકી પ્રાપ્તિ ઉસમેંસે હી હોગી, કહાઁસે હોગી? ઉસમેંસે હી હોગી. ઉત્તમ માને કૈસા? સમ્યક્! ઉત્તમ માને સમ્યક્સુખકી પ્રાપ્તિ. કૈસા? કિ, નિરાકુલ સુખ, નિરાબાધ સુખ, સ્વતંત્ર સુખ. દૂસરેકે આધારસે હોનેવાલા નહીં. જિસમેં અપની પ્રભુતા હો ઐસા સુખ. કૈસા? અપની પ્રભુતા હો ઐસા સુખ. ઐસે સુખકી પ્રાપ્તિ હોગી. ઔર જગહ બાહરમેં સુખકે વ્યર્થ પ્રયત્ન-ઝાંવાં, હિન્દીમેં ઝાંવાં બોલે? ક્યા બોલે? વ્યર્થ પ્રયત્ન. અહીંયાં ગુજરાતીમાં

ઝાંવાં કહે છે. આ ઝાંવાં નાખે છે, ફાંફાં મારે છે, ઝાંવાં નાખે છે. હિન્દીમેં ભી કુછ હોગા તો સહી. ઝાંવાંને શું કહે છે?

મુમુક્ષુ :- ફાંફાં શબ્દ હૈ હિન્દીમેં.

પૂજ્ય ભાઈશ્રી :- ફાંફાં બોલતે હૈં. બહુત તીવ્રતાસે પ્રયત્ન કરે ઔર કુછ મિલે નહીં, ઉસકો બોલતે હૈં ઝાંવાં મારતે હૈં. કુછ નહીં મિલેગા. ઐસે પ્રયત્ન કરનેસે હાથમેં કુછ આયેગા નહીં. સારી જિંદગી આકુલતા કર-કરકે મર જાયેગા ઔર આકુલતા કર-કરકે મરા ઔર દુર્ગતિમેં ગયા વહાઁ ભી દુઃખી હુઆ. યહાઁ ભી દુઃખી ઔર વહાઁ ભી દુઃખી. ક્યા બુદ્ધિમાની હૈ? યહાઁ ભી દુઃખ ઔર વહાઁ ભી દુઃખ, ક્યા બુદ્ધિમાની હૈ? કોઈ બુદ્ધિમાની નહીં હૈ. સુખ આત્મામેં હી હૈ, ઉસમેંસે હી વો પ્રગટ હોગા, આત્મામેં તો સુખ હૈ, ક્યા? ઔર જગહ તો સુખ હૈ હી નહીં, મિલેગા કહાઁસે? જહાઁ સુખ હૈ હી નહીં તો મિલેગા કહાઁસે? ઔર યહાઁ તો સુખ હૈ, સુખગુણ હૈ ઔર ઉસમેં અનંત સુખ ભરા હૈ. મૌજૂદ હૈ, ક્યા? મૌજૂદ હૈ. વિશ્વાસ આના ચાહિયે. અરૂપી ચીજ હૈ. યે કોઈ રૂપી ચીજ નહીં હૈ કિ, ઐસી દિખતી હૈ, ઐસે દિખે કિ અંગૂલી દિખતી હૈ - ઐસી નહીં હૈ. અરૂપી હૈ, આત્મા અરૂપી હૈ, ઉસકા ગુણ ભી અરૂપી હૈ ઔર સુખ ભી અરૂપી હૈ. અનુભવસે માલૂમ પડતા હૈ, દિખતા નહીં હૈ કહીં. અનુભવસે માલૂમ પડતા હૈ. જૈસે કલર દિખતા હૈ, ઐસે કોઈ સુખ નહીં દિખેગા. વો તો અનુભવકી ચીજ હૈ. અનુભવસે માલૂમ પડેગા. સ્વાદ અનુભવસે માલૂમ પડતા હૈ, દેખનેસે માલૂમ નહિ પડતા હૈ. સુખ આત્મામેં હી હૈ, બસ યે અભિપ્રાય કરના હૈ. મુમુક્ષુકો ક્યા હૈ? યહ અભિપ્રાય કરનેકા હૈ. સુખ આત્મામેં હૈ ઔર કહીં જગહ મેરા સુખ નહીં હૈ. બસ! પરિણમનકી દિશા બદલ જાયેગી. ઔર જો ઉદયકે કાર્યોમેં ઉત્સાહ લેતા થા, વો ઉત્સાહ ઉસકા ઠંડા હો જાયેગા. તો આકુલતા કમ હો જાયેગી, આકુલતા કમ હો જાયેગી. સુખ આત્મામેં હી હૈ, ઉસમેંસે હી પ્રગટ હોગા - વહી કરનેકા હૈ. આ જ કરવાનું છે ને બીજું કરવાનું નથી. મનુષ્ય જીવનમાં, મનુષ્ય જીવનમેં ઐસા નિશ્ચય કરે, ક્યા? ઐસા નિશ્ચય કરે કિ મેરા સુખ મેરે આત્મામેં હૈ ઔર કહીં જગહ મેરા સુખ નહીં હૈ. ઔર વહાઁસે મુજે મેરા સુખ પ્રાપ્ત કરના હૈ, વહ મેરેકો કરના હૈ, યહી મુજે કરના હૈ ઔર કુછ મુજે નહીં કરના હૈ. ઐસા નિર્ધાર કર લે. યહી કરનેકા હૈ. સબસે પહલે વો કરનેકા હૈ, ફિર વો દશા આયેગી.

મુમુક્ષુ :- સંસારની દુકાન બંધ કરવાની.

પૂજ્ય ભાઈશ્રી :- સંસારકી દુકાનકા ભી સંકેલા હો રહા હૈ. સબ આઇટમ બેચ કરકે દુકાનકો બંદ કરનેકા હૈ ઔર મોક્ષકી નઈ પીઢી ખોલનેકી હૈ. મોક્ષમાર્ગ પર ચલના

હૈ. વો ગાથાકી ટીકામેં જો બાત હૈ ન? વો બાત લિયા હૈ. કિ, જિતના જ્ઞાન હૈ ઉતના આત્મા હૈ. બહુત સરલતાસે આત્માકો ગ્રહણ કરનેકા યહાઁ ઉપદેશ હૈ. સરલતાસે ઔર સુગમતાસે આત્માકો ગ્રહણ કરનેસે સુખ હોગા, વહ આખરી પદમેં લિયા, સુખ તુજે ઉત્તમ હોગા. ક્યોં? કિ સંતોષ, તૃપ્તિ, પ્રીતિ. પ્રીતિમેં સુખ હૈ, સંતોષમેં સુખ હૈ ઔર તૃપ્તિમેં ભી સુખ હૈ. તીન factorસે સુખકો corner કર દિયા હૈ, cornering ઈધર. ગાથામેં ક્યા કિયા હૈ? આચાર્ય મહારાજને, કુંદકુંદાચાર્યકી ગાથા હૈ. આપણે નથી કહેતા કે, કોઈ ચીજકો ચારોં ઔરસે cornering કર લેના ચાહિયે. ઘેર લેના. સુખકો પ્રાપ્ત કરનેકે લિયે cornering કિયા હૈ. પ્રીતિ, સંતોષ ઔર તૃપ્તિ, તીન બોલ લિયે હૈં. ઐસા તીન બાત હોનેસે તુમકો જો સુખ હોગા, તુમ બતા નહીં સકેગા ઐસા સુખ હોગા. અર્વણનીય સુખ હોગા. બહુત અચ્છી બાત હૈ, ઈસસે બઢિયા કોઈ બાત નહીં હૈ. તો કૈસે પ્રાપ્ત હોગા? કિ, આત્માકો ગ્રહણ કરનેસે. આત્મા કિતના હૈ? કિ જિતના યહ જ્ઞાન હૈ ઉતના હી આત્મા હૈ. યહ જ્ઞાન માને કૌન-સા જ્ઞાન. જ્ઞાન સામાન્ય. કૌનસા? જ્ઞાન સામાન્ય જિતના હૈ ઉતના હી આત્મા હૈ. જ્ઞાન સામાન્ય ઔર જ્ઞાન વિશેષમેં ક્યા અંતર હૈ? કિ મૈં ઉસકો જાનતા હૂઁ, મૈં ઉસકો જાનતા હૂઁ, ઈસકો જાનતા હૂઁ, ઐસે અનેક જ્ઞેયોંકા જો જ્ઞાન હોતા હૈ, અનેક ચીજોંકા જો જ્ઞાન હોતા હૈ, વો જ્ઞાન વિશેષ હૈ. ઔર વિશેષ હૈ વો સામાન્યસે અપેક્ષિત હૈ. ઉસમેં સામાન્યકી સૂચના સાથ હી સાથ હૈ હી. જૈસે બડા હૈ તો છોટેકો ખ્યાલમેં રખકર. ઐસે વિશેષ હૈ વો સામાન્યકો ખ્યાલમેં રખકર બાત હૈ. તો આત્મામેં જ્ઞ..જ્ઞ..જ્ઞ..જ્ઞ..જ્ઞ..જ્ઞ.. ઐસા જો જ્ઞાન સામાન્ય હૈ, જિતના વો જ્ઞાન સામાન્ય હૈ, ઉતના હી આત્મા હૈ જાઓ! યે અધ્યાત્મ હૈ, ક્યા હૈ? દ્રવ્ય-ગુણ-પર્યાયવાલા દ્રવ્યાનુયોગ યહાઁ બીચમેં નહીં ડાલના હૈ, ઉસકી ટાંગ અડાની નહીં હૈ. યે અધ્યાત્મ હૈ. પ્રકરણ અધ્યાત્મકા હૈ. કિ જિતના યહ જ્ઞાન હૈ ઉતના હી મેરા આત્મા હૈ. ઈસ જ્ઞાનકો વેદનસે મૈં ગ્રહણ કરું, મેરા સ્વરૂપકા ગ્રહણ હો ગયા. તો ઉસમેં તૃપ્તિ, સંતોષ, પ્રીતિ, સબ ખડા હો જાયેગા ભાવમેં. સભી પરિણામ ઉત્પન્ન હો જાયેંગે. ટીકાકાર આચાર્યશ્રીને વિષયકો બહુત સરલ કર દિયા હૈ. બહુત સરલ કિયા હૈ. શ્રીગુરુને મુક્તિકે માર્ગકો સરલ કર દિયા હૈ. દિપચંદજીએ 'અનુભવપ્રકાશ'માં લખ્યું કે શ્રીગુરુને-સંતોંને મુક્તિકે માર્ગકો સરલ કિયા હૈ, 'સંતોંને' શબ્દ લિયા હૈ. સંતોંને મુક્તિકે માર્ગકો સરલ કિયા હૈ, કૈસે સરલ કિયા? કિ દેખો યે જ્ઞાન હૈ ઉતના હી આત્મા હૈ. તુમકો કોઈ લંબે-ચૌડે વિચારમેં, thinkingમેં જાનેકી જરૂરત નહીં હૈ. અનપઢ હો તો ભી પકડ લે. કિ, દેખો જ્ઞાન હૈ ઉતના હી આત્મા હૈ. જિતના જ્ઞાન હૈ ઉતના હી આત્મા હૈ, ઈસસે જ્યાદા આત્મા નહીં હૈ, ઈસસે કમ ભી આત્મા નહીં હૈ. બહુત

સુંદર ગાથા હૈ. ૧૦૬ ગાથા હૈ, બહુત અચ્છી ગાથા હૈ. જિતના જ્ઞાન હૈ ઉતના હી આત્મા હૈ. વહાઁ લિયા હૈ. જિતના જ્ઞાન હૈ ઉતના હી સચ્ચા આત્મા હૈ. કિતના? સત્યસ્વરૂપ આત્માકા હૈ ઔર વહી અનુભવનીય હૈ. અનુભવ કરને યોગ્ય ઉતના હી હૈ. કિ તુમ જ્ઞાનકા અનુભવ કરો બસ! ઔર કોઈ અનુભવ કરનેકી ચીજ નહીં હૈ, ઈસસે હી તુમકો સમ્યક્ સુખકી ઉત્પત્તિ હોગી. વિશેષ લિયા હૈ.. ગાથા પર થોડા સ્પષ્ટીકરણ બહિનશ્રીને દિયા હૈ.

❀

**ગુરુદેવે શાસ્ત્રોનાં ગહન રહસ્યો ઊકેલીને સત્ય શોધી કાઢ્યું ને આપણી પાસે સ્પષ્ટ રીતે મૂક્યું છે. આપણે ક્યાંય સત્ય ગોતવા જવું પડ્યું નથી. ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્ભુત છે. 'આત્મા' શબ્દ બોલતાં શીખ્યાં હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. 'ચૈતન્ય છું', 'જ્ઞાયક છું'- ઈત્યાદિ ઈત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે. ભેદજ્ઞાનની વાત સાંભળવી દુર્લભ હતી તેને બદલે તેઓશ્રીની સાતિશય વાણી દ્વારા તે વાતના હંમેશાં ધોધ વરસે છે. ગુરુદેવ જાણે કે હાથ ઝાલીને શીખવી રહ્યા છે. પોતે પુરુષાર્થ કરી શીખી લેવા જેવું છે. અવસર ચૂકવાયોગ્ય નથી.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૩૬૪**

## તા. ૨૮-૪-૧૯૯૭, પ્રશ્ન-૧૬૧ થી ૧૬૩
## પ્રવચન નં. ૧૧૮

સ્વાનુભૂતિદર્શન, પાનું-૧૧૪, ૧૬૧મો પ્રશ્ન ચાલે છે. મુમુક્ષુજીવનના કર્તવ્ય સંબંધી. મુમુક્ષુજીવનમાં ઓછામાં ઓછું કર્તવ્ય એ છે કે, પોતાના સ્વરૂપને ઓળખવું અને અનુભવ કરી લેવો. જેથી ભવિષ્યમાં કોઈપણ ગતિની અંદર જીવને પારમાર્થિક નુકસાન ન થાય. એના અનુસંધાનમાં સમયસારની ૨૦૬ ગાથા ટાંકી છે. એના ઉપર વિશેષ વાત કરે છે. **'જેટલું જ્ઞાન છે તેટલો આત્મા છે.'** તેટલો જ સાચો આત્મા છે. તેટલો જ ખરો આત્મા છે, તેટલો જ નિશ્ચય આત્મા છે. જેટલું આ જ્ઞાન છે. આ જ્ઞાન એટલે વિદ્યમાન જ્ઞાન છે. પ્રગટ જ્ઞાન છે જે સામાન્યરૂપે છે. તેટલો જ આત્મા છે ને તેવો જ આત્મા છે. **'જ્ઞાયકતાથી ભરેલો જે જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ જ્ઞાયક છે.'** જાણવાનું, જાણવાપણું, જ્ઞાયકતા એટલે જાણવાનું કાર્ય કરે એવાપણું એને જ્ઞાયકતા કહે છે. જ્ઞાયક એટલે જાણવાનું કાર્ય કરવું તે અને તા એટલે તે પણું. એનાથી ભરેલો જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે જ જ્ઞાયક છે. આમાં આંટી-ઘૂંટી શું છે બીજી? બહુ જ સીધી-સાદી સરળ, સુગમતાથી સમજાય એવી વાત છે. **'બસ, તે જ પરમાર્થસ્વરૂપ આત્મા છે, તેને ઓળખ.'** એ જ પરમાર્થસ્વરૂપ આત્મા છે એટલે એ જ પરમાત્મતત્ત્વ છે, એ જ મૂળસ્વરૂપ છે, એને એના સ્વભાવથી ઓળખ. જેમ કોઈને ઓળખવા હોય તો એનો સ્વભાવ ઓળખવો પડે. તો એને ઓળખ્યા કહેવાય. જ્યાં સુધી સ્વભાવ ન ઓળખાય ત્યાં સુધી ઓળખ્યા ન કહેવાય. ઓળખવાની જિજ્ઞાસાથી ઓળખાય. ક્યારે ઓળખાય? કે ઓળખવાની જિજ્ઞાસા હોય ત્યારે ઓળખાય. કેવી જિજ્ઞાસા હોય? કે પરમ જિજ્ઞાસા હોય તો ઓળખાય. આ કરવાનું છે, મનુષ્યજીવનમાં આ કરવાનું છે. **'તે પદને પ્રાપ્ત કર, તે ખરું પદ છે.'** તે પદ એટલે આત્મપદ, પરમાત્મપદ. તે જ ખરું પદ છે, તે જ ખરૂં સ્વરૂપ છે. જુઓ! એમ કહીને આત્માને ભગવાને પરમાત્માના સ્થાને બેસાડ્યો છે. આમ તું ગમે ત્યાં જા તો તને એમ લાગેને કે મને સૌથી આગળ બેસાડે તો સારું. આગળ એટલે મુખ્ય. મને સૌથી મુખ્ય કરીને બેસાડે તો સારું. તો કે તને ત્રણલોકનો નાથ કરીને બેસાડે છે આથી આગળ તો કોઈ પદ નથી. જે સર્વોત્કૃષ્ટ પદ છે એ પદે તને બેસાડે છે. તું ત્યાં બેસીને તને જો. ત્યાં બેસીને તારો અનુભવ

કર અને જગતને પણ ત્યાં જ બેસીને તું જો. જગતને જોવું હોય તોપણ ત્યાં બેસીને જો. તે પદને પ્રાપ્ત કર તે ખરું પદ છે. **'અનેક જાતના મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય આદિ ભેદો છે.'** જ્ઞાનના. કેટલું શ્રુતજ્ઞાન? કે ગણધરદેવનું એક અંતર્મુહૂર્તમાં અગિયાર અંગ અને ચૌદપૂર્વની રચના કરે એટલું. ચૌદપૂર્વ સૌથી મોટું છે. બારમું અંગ સૌથી મોટું છે. પહેલું અંગ છે ઈ થી ડબલ બીજું અંગ છે. બીજું અંગ છે ઈ થી ડબલ ત્રીજું અંગ છે. ત્રીજાથી ડબલ ચોથું અંગ છે. સંખ્યા કહેવાય ડબલ પણ સંખ્યા બહુ મોટી થાય. કેમકે એકથી ડબલ બે. બીજું અંગ બેથી ડબલ ચાર. ત્રીજું અંગ ચારથી ડબલ આઠ. આઠથી સોળ. સોળથી બત્રીસ. બત્રીસથી ચોસઠ. ચોસઠથી એકસો અઠ્યાવીસથી, બસ્સો છપ્પન, પાંચસો બાર ને એક હજાર (ચોવીસ). ક્યાં પહોંચી જતા વાર લાગી? હજાર પહોંચતા વાર ન લાગે. એક અંગમાં એકાવન હજારથી અધિક શ્લોકો છે. ગુરુદેવ કાઠિયાવાડી ભાષામાં જાજેરા શબ્દ વાપરતા હતા. એક અંગમાં, બીજા અંગમાં ઈ થી ડબલ, ત્રીજા અંગમાં ઈ થી ડબલ, ચોથા અંગમાં ઈ થી ડબલ, અગિયાર અંગ અને બારમાં અંગમાં તો ચૌદપૂર્વમાં સૌથી વધારે શ્લોકો છે. કેમકે એ તો અક્ષરાત્મક શ્રુતજ્ઞાન છે. એટલું શ્રુતજ્ઞાન હોય તોપણ એ બધા જ્ઞાનના ભેદો છે એની કિંમત કાંઈ ન કરી. એની કોઈ કિંમત ન કરી. આ જ્ઞાન સામાન્ય છે તે આત્મા છે એની કિંમત કરી. ઈ પરમાત્મા છે અને એ પરમાત્મા પાસે કેવળજ્ઞાન અનંતમાં ભાગે છે તો શ્રુતજ્ઞાનનો તો હિસાબ જ કરવાનો રહેતો નથી. કેમકે કેવળજ્ઞાનથી બાર અંગનું શ્રુતજ્ઞાન અનંતમાં ભાગે છે. અનંતમાંથી, અનંતમાં ભાગે છે. કેવી રીતે? કે આત્માથી કેવળજ્ઞાન અનંતમાં ભાગે? કેવળજ્ઞાનથી પછી જે વાણી ઉત્પન્ન થઈ એ કેવળ જ્ઞાનથી અનંતમાં ભાગે. વાણીમાં શ્રુત બહાર આવ્યું અને ગણધરદેવે ઝીલ્યું એ એનાથી અનંતમાં ભાગે છે બાર અંગમાં. રચના કરી એનાથી અનંતમાં ભાગે છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! અનંતમાં ભાગે એમાં તો ભાગ જ ક્યાં આવે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે એનો કોઈ ratio proportion લાગે નહિ. એમ કહેવાનો મતલબ છે. જેમકે ભાઈ આ ૧ ટકો છે. તો કે ૧ ટકાને ૧૦૦ ગણીએ તો એનો ૧ ટકો પાછો નીકળે. ત્યાં હજી ratio લાગે છે. .૦૦૦૧ એમ કરીને.

મુમુક્ષુ :- આનો કાંઈ ratio લાગે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- લાગે નહિ. એવું પદ છે પોતાનું. એવું પરમાત્મપદ પોતાનું છે.

મુમુક્ષુ :- અહીંયાં થોડીક વધારે ખબર પડે તો એમ થાય કે મને વધારે ખબર પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા જરાક ક્ષયોપશમ વધારે થાય ત્યાં પ્યાલો ફાટવા મંડે. એને ગુરુદેવ પ્યાલો ફાટ્યો એમ કહે. શું કહે? કે પ્યાલો તો નાનો હોય એમાં કાંઈક નાખે તો સમાય નહિ તો શું થાય? એના જેવું છે. '**અનેક જાતના મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય આદિ ભેદો છે. તે ભેદો ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને..**' તે ભેદો ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લે એમ કહે છે. એની કાંઈ કિંમત કરવા જેવી નથી. મનઃપર્યયજ્ઞાન બીજાના મનનું જાણે છે. ચાર જે છદ્મસ્થના જ્ઞાન છે એમાં મનઃપર્યયજ્ઞાન સૌથી ઊંચું છે. કેમકે મુનિદશાની પવિત્રતામાં જ એ પ્રગટે છે. એ સિવાય બીજા ત્રણ જ્ઞાન તો અજ્ઞાનીને પણ હોય, કુમતિ, કુશ્રુત અને કુઅવધિ પણ મનઃપર્યયમાં એક જ જાત છે. એ બધા ભેદો ઉપરથી, એ બધા ભેદો છે એના ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક જ્ઞાયક ઉપર દૃષ્ટિ કર. આદિમાં કેવળજ્ઞાન લઈ લેવું એ પણ દૃષ્ટિ કરવા જેવો વિષય નથી. '**બસ, તે જ્ઞાયકમાં તૃપ્તિ પામ.**' તેના ઉપર દૃષ્ટિ કર એમાં સંતોષ પામ એમાં તૃપ્તિ પામ. દૃષ્ટિ કરવાથી સંતોષ ને તૃપ્તિ તને આવશે ને ઈ બધું આવશે ત્યારે તને ઉત્તમ સુખની પ્રાપ્તિ થઈ જશે. '**તે જ્ઞાયકમાં જ બધું ભરેલું છે.**' ખામી વગરનું છે. ખોડ્ખાપણ વગરનું સ્વરૂપ છે. કોઈ જાતની એમાં ક્ષતિ છે નહિ. બધું ભરેલું છે. સર્વગુણસંપન્ન છે. પોતાનો નિજ પરમાત્મા સર્વગુણસંપન્ન છે. '**બીજા ભેદભાવો ને વિભાવો-બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક ચૈતન્યમાં દૃષ્ટિ કર.**' કેમકે તે સર્વોત્કૃષ્ટ છે બધાથી. પરમ ઉત્કૃષ્ટ છે અથવા સર્વોત્કૃષ્ટ છે. પછી નીચે શું કરવાને દૃષ્ટિ કરવી. આથી આગળ તો કોઈ છે નહિ. '**ગુરુદેવે કહ્યું તે ભેદજ્ઞાન-સ્વાનુભૂતિ પ્રગટ કરીને, તેમાં જ તૃપ્તિ પામ.**' દૃષ્ટિ કરવામાં ભેદજ્ઞાનપૂર્વક સ્વાનુભૂતિ પ્રગટ કરવાની છે. એટલે કે દૃષ્ટિ પણ થઈ અને બધું એમાં આવી ગયું. તેમાં જ્ઞાન પણ થઈ ગયું, શ્રદ્ધાન પણ થઈ ગયું ને આચરણ પણ થઈ ગયું અને પુરુષાર્થ પણ થઈ ગયો. પછી બાહ્યજ્ઞાન ભલે ન હોય. બાહ્યજ્ઞાન એટલે શાસ્ત્રનું જ્ઞાન ભલે ન હોય. પણ એ જ્ઞાન થઈ ગયું. '**તેમાં જ આનંદનો-શાંતિનો-જ્ઞાનનો સાગર ભર્યો છે..**' હવે શું જોઈએ તારે એમ કહે છે. જ્ઞાન અને આનંદનો સાગર ભર્યો છે શાંતિનો સાગર ભર્યો છે હવે જોઈએ પણ શું જીવને? આ સિવાય શું જોઈએ?

મુમુક્ષુ :- ભાઈશ્રી! અહીંયાં લીધુંને, બીજા ભેદભાવો-વિભાવો બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવે છે, પણ એ છે તો જ્ઞાનના જ ભેદો તેમ છતાં જ્ઞાન સ્વયંને એ રૂપે ન જુએ અને જ્ઞાન સ્વયંને ચૈતન્યરૂપે જોવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો બધા અધૂરા જ્ઞાન છેને! વિભાવો તો વિપરીત ભાવો છે અને આ છે એ બધા અધૂરા જ્ઞાન છે, એના ઉપર શું દૃષ્ટિ રાખવી? આ માણસ સિનેમા, નાટક જુએ છે, પછી એમાં અનેક પાત્રો છે કે મોટી સભા બતાવે

તો એમાં મુખ્ય માણસને જોવે કે ઓલા બધા બીજાને જોવે છે માણસ? મુખ્યને જ જોવે છેને? જેને હીરો કહે છે. એવી જ રીતે ઈ લોકો નાચ ગોઠવે છે એમાં પચાસ-સો માણસ નાચતા હોય, કોને જોવે છે?

મુમુક્ષુ :- હીરો, હીરોઇનને.

પૂજ્ય ભાઈશ્રી :- બીજાને કોઈ જોવે છે? કેમેરો બીજા ઉપર લાઇટ ફેંકતો નથી. એમ તારા કેમેરાને તું તારા પરમાત્માપદ ઉપર રાખ! એમ કહે છે. તારા વિભાવો અને તારા જ્ઞાનના ભેદો તારે જોવાની જરૂર નથી. બીજાની વાત તો પછી કાંઈ કરવાની ઉપદેશ દેવાની પણ જરૂર રહેતી નથી. ગુરુદેવનો ઉપદેશ આ છે બસ! એમ કહ્યું. શું કહે છે? ગુરુદેવે કહ્યું તે ગુરુદેવે આ કહ્યું. તારામાં જ બધું ભર્યું છે ને એના ઉપર તું દૃષ્ટિ કર. બીજા ઉપર દૃષ્ટિ કરવા જેવી છે નહિ. દૃષ્ટિ કરવા જેવી નથી, લક્ષ કરવા જેવું નથી. શું? અથવા કોઈને મુખ્ય કરવા જેવા નથી. **'તેમાંથી જ આનંદ, જ્ઞાન વિગેરે ઊછળશે.'** શું? તેમાંથી જ જ્ઞાન, આનંદ વગેરે ઊછળશે. **'તેમાં જ બધું ભર્યું છે,..'** શું? એમાં બધું ભર્યું છે, તને હવે ક્યાંય અધૂરું લાગે કે અપૂર્ણ લાગે કે કાંઈ અસંતોષ થાય એવું કાંઈ છે (નહિ). એમાં એવું કાંઈ નથી.

મુમુક્ષુ :- અનંતગુણની વસ્તી છે, એવું કીધું હતુંને?

પૂજ્ય ભાઈશ્રી :- અનંતગુણની વસ્તી છે અને બધા ગુણો જેવા જોઈએ ને જેટલા જોઈએ એવા બધા જ છે. અમુક નથી એવું કાઈ નથી કે, આવું તો નથીને - એવું કાંઈ નથી. બધું છે.

મુમુક્ષુ :- જ્ઞાનીને બહારમાં ખાલી-ખાલી લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- અમસ્તું પણ બહારમાં છે શું? પોતે નથી ત્યાં વાત પૂરી થઈ ગઈ. પોતે નથી ત્યાં વાત પૂરી થઈ જાય છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! આમાં જ્ઞાન, આનંદ, શાંતિ ઈ બધું છે, આમ સમજાય છે. વિશ્વાસ પણ આવે છે, પણ હું પોતે અવિનાશી છું ઈ સબંધી વિશ્વાસ નથી આવતો. એ દેહાત્મબુદ્ધિ આટલી તીવ્ર એને હિસાબે એમ બનતું હશે કે કેમ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આમાં શું છે કે અનિત્ય પદાર્થનો વિશ્વાસ કર્યો છે એટલો નિત્ય પદાર્થનો વિશ્વાસ નથી આવતો. ઓળખાણ સિવાય વિશ્વાસ ન આવે. ઓઘે વિશ્વાસ આવે ઈ કાંઈ જ્ઞાનમાં ટકી ન શકે. અને સ્વીકાર આવે છે પણ ઓઘે આવે છે. ઓળખીને આવે ઈ જાય નહિ. ઓળખીને આવે ઈ કોઈ કાળમાં જાય નહિ. અનંતકાળે પણ ન જાય. એટલે ઓળખવાનો ઉપદેશ છે. મુખ્યપણે જે ઉપદેશ છેને એ આત્માને ઓળખવાનો ઉપદેશ છે, સીધો નથી આત્મા ઓળખાતો. એટલે સત્પુરુષને ઓળખવાની

વાત કરી છે કેમકે ત્યાં આત્મા પ્રગટ છે, અહીંયાં અપ્રગટ છે શક્તિરૂપે, સામર્થ્યરૂપે (જ્યારે) ત્યાં પ્રગટ છે. એટલે ત્યાંથી ઓળખાવે છે.

મુમુક્ષુ :- વિચાર કરીએ તો બીજા ગુણોની પ્રતીતિ-વિશ્વાસ આમ આવી જાય. પણ આ એક ગુણ - હું અવિનાશી છું એમાં હજી...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે, હું અવિનાશી છું એવી પ્રતીતિ આવી તો પછી કોઈ ભય નહિ થાય.

મુમુક્ષુ :- પછી કોઈ ભય ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે અવ્યાબાધ હોય તો જ અવિનાશી હોય. બાધા પહોંચે તો એ અવિનાશી હોય નહિ. મને કોઈ બાધા નહિ પહોંચે, મારો કોઈ નાશ નહિ થાય.

મુમુક્ષુ :- પછી તો અવિનાશીનું ભાવભાસન થાય તો તો બેડો પાર થઈ જાય ને આમાં તો ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલા માટે સ્વાધ્યાય છે.

મુમુક્ષુ :- સાચી શાંતિ તો ત્યાર પછી જ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા પછી આવે. પછી જ આવે. એટલે સ્વાધ્યાય આદિ સાધન, સત્સંગાદિ સાધન એના માટે જ છે. ભાવભાસન માટે જ છે. 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી' લક્ષ થવું કહો, ઓળખવું કહો, ભાવભાસન થવું કહો. એના માટે જ છે. ઈ પ્રયત્ન કરવાનો છે. એકલા પણ અંતરશોધ કરવાની છે ને સામૂહિકમાં પણ એ જ કામ કરવાનું છે. ઓલું તો શું છે કે, જીવ બહારમાં મહેનત કરે છે શાંતિ માટે, આનંદ માટે, સુખ માટે શું? જ્ઞાનીઓએ કહીને ઈ મહેનત એની બચાવી. જો ભાઈ ઈ બધું તારામાં છે. તું બહાર ફાંફાં મારીશ એમાં તો હેરાન થવું ને દુઃખી થવા સિવાય બીજું કાંઈ છે નહિ. એટલે તારા પ્રયત્નની દિશા સાચી તને મળે અને તારો સમય, શક્તિ ખોટી રીતે ન ખર્ચાય. એટલે એમ કે ભાઈ! તારામાં છે. મહેનત કરવી હોય તો ત્યાં કર. ત્યાંથી પ્રાપ્ત કરવાની મહેનત કર, પુરુષાર્થ કર, પરિશ્રમ કર તો ત્યાં કર! તેમાં જ આનંદનો-શાંતિનો-જ્ઞાનનો સાગર ભર્યો છે અને તેમાંથી જ આનંદ, જ્ઞાન વગેરે ઊછળશે. એટલું બધું ભર્યું છે કે ઊછળીને બહાર આવશે. એક આવરણનું પડ આડું છે. બીજું કાંઈ નથી, આવરણનું પડ આડું છે. જેમ પાતાળ કુવામાં એવું હોય છે. છેલ્લું પડ છે એ વિંધાય એટલે forceથી બહાર આવે ત્યાં મોટર મૂકવી ન પડે. પછી પાણી હોય કે પેટ્રોલ હોય. નીચે એટલું બધું ભર્યું છે. આટલા બધા પૃથ્વીના પડ છે એ બધા ઘનિષ્ટ પડ છે. પૃથ્વીના પડ છે એ તો ઘન સ્વરૂપે છે

ને! ઘન, પ્રવાહી ને વાયુ. એટલે solid છે એની નીચે આટલું બધું liquid પડ્યું છે. પાતાળ પાણી, પાતાળનું પેટ્રોલીયમ. કેટલું? અબજો cubic ton. કરોડો-અબજો cubic ton. આ લોકો અરબસ્તાનમાંથી આખી દુનિયાને પૂરું પાડે જ છે ને! કેટલું? આખી દુનિયાને પૂરું પાડે છે. કેટલું ભર્યું હશે નીચે? સેંકડો વર્ષોથી નીકળે છે કાંઈ આજકાલથી નથી નીકળતું. કેટલા? સેંકડો વર્ષોથી નીકળે છે. એટલું બધું ભર્યું છે કે કોઈ machinery મૂક્યા વગર સીધું બહાર આવે ફુવારાની જેમ ધોધમાર બહાર આવે. કેવું? એવું આત્મામાં ભર્યું છે. વચ્ચે પડ આડું છે આવરણનું. જેવું તૂટ્યું કે ઊછળીને બહાર આવશે. પુરુષાર્થ પણ ઊછળીને બહાર આવશે અને આનંદનો એવો જ ઉછાળો બહાર આવશે.

જિનવાણીની સ્તુતિમાં લીધું છે ભાગચંદજીએ 'ઘટ અંતર ન સમાયે.' પર્યાયમાં સમાશે નહિ તારો આનંદ. અંદર તો પરમાત્માની capacity મોટી છે એટલે અનંતકાળથી સંઘરીને બેઠો છે. પણ બહાર આવશે ત્યારે તારી પર્યાયમાં નહિ સમાય. ફાટ-ફાટ બહાર આવશે. એટલે એકવાર એવી ઉન્મતદશા પણ જ્ઞાનીને આવે છે. ઓહોહો!! આખા જગતને આ આનંદ મળવો જોઈએ. પોતાનો જે પ્રવાહ બહાર આવે છે, ઈ પ્રવાહ બધાને મળે, અંદરથી એવી વાતો કરવા લાગી જાય છે. કોઈ માણસે બહુ સારી ચીજ જોઈ તો વાતો કરવા લાગી જાયને કે આમ હતું ને આમ હતું ને આમ હતું. એમ જ્ઞાની એની વાતો કરવા લાગી જાય છે. ઊછળશે, જ્ઞાન-આનંદ વગેરે ઊછળશે. બહેનશ્રી કહેતા હો! ગુરુદેવ કાંઈ ભણ્યા નથી, એ કોઈ વિદ્વાનો પાસે શાસ્ત્રો ભણ્યા નથી, કે નિશાળની અંદર કોઈ વ્યાકરણ કે એવું બધું કોઈ higher education લીધું નથી, પણ અંદર અનુભવ કરીને એવી સાધના કરી છે કે શ્રુતના સાગર ઊછળ્યા છે એમ કહેતા. શ્રુત સાગર ઊછળ્યા છે કેમકે અત્યારે તો મતિશ્રુત સિવાય બીજું જ્ઞાન નથી. તો શ્રુતજ્ઞાન સાગરની જેમ ઊછળ્યું છે અંદરથી એમ કહે છે. એટલે આ બધો પ્રવાહ બહાર આવે છે. તેમાં જ બધું ભર્યું છે. 'બધું' ઉપર બહુ વજન દેતા. બધું એમાં ભર્યું છે, બધું એમાં જ છે. બધું એમાં જ છે. **'તેમાં જ વારંવાર દૃષ્ટિ-જ્ઞાન અને લીનતા કરવાથી તેમાંથી જ પૂર્ણતાની પ્રાપ્તિ થશે,..'** પૂર્ણતા એટલે મોક્ષપદની પ્રાપ્તિ થશે. પૂર્ણદશાની પ્રાપ્તિ થશે. **'તે ખરું કરવાનું છે,..'** અને એ જ સાચું કરવાનું છે.

મુમુક્ષુ :- જ્ઞાનીપુરુષ તો આત્મા માટે નીકળ્યા છે, વચ્ચે કોઈ ગ્રાહક થાય એને આપી દે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, **'તે ખરું કરવાનું છે, તે જીવનનું કર્તવ્ય છે.'** આ મનુષ્યજીવનનું કર્તવ્ય હોય તો આટલું છે. **'તત્ત્વના વિચાર, શાસ્ત્રાભ્યાસ, દેવ-શાસ્ત્ર-**

**ગુરુની મહિમા આ બધું એક ચૈતન્યતત્ત્વને ઓળખવા માટે જ કરવાનું છે.'** શું વાત લીધી છે? ઓળખવા માટે આ બધી વાત છે. તત્ત્વવિચાર કર, સત્સંગ કર, શાસ્ત્રાભ્યાસ કર, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ સમર્પણ આદિ જે કર એ ઓળખવાની વાત છે. પોતાના સ્વરૂપને ઓળખવા માટે છે. **'જીવનનું ખરું કર્તવ્ય તે હોવું જોઈએ.'** આ નિશ્ચય કરી લેવો જોઈએ. આ વાતનો નિશ્ચય કરી લેવો જોઈએ કે મારે સ્વરૂપ ઓળખી લેવું છે. ગમે તેમ કરીને મારે સ્વરૂપ ઓળખી લેવું છે. એમ નિશ્ચય કરી લેવો જોઈએ. **'ગુરુદેવે ઘણું સંભળાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે.'** વર્ષો સુધી સંભળાવ્યું. જ્ઞાનીપુરુષનો એવો યોગ ભાગ્યે જ રહે. કે અડધી સદી સુધી સત્સંગ મળે, પચાસ-પચાસ વર્ષ સુધી. બહેનશ્રીને ૮૯માં તો સમકિત થયું એટલે ૮૬માં પરિચયમાં આવ્યા, ૮૬-૮૭માં ૧૩-૧૪ વર્ષ ઈ અને ૩૭ વર્ષ, ૩૬-૩૭ વર્ષ આ ૨૦૩૭માં કારતક સુદ પાંચમ. ૩૬ વર્ષ ઈ ગણો ને ૧૪ આ ગણો. ૩૬ ને ૧૪ = ૫૦. ૫૦-૫૦ વર્ષનો, અડધી સદી સત્સંગ પ્રાપ્ત થયો છે. ઘણું સંભળાવ્યું છે અને એમનો ઉપકાર પણ પરમ છે એટલે ઉત્કૃષ્ટ ઉપકાર છે. એના જેવો બીજો કોઈ ઉપકાર થયો નથી એવો ઉપકાર છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! ભગવાન મહાવીરના...

પૂજ્ય ભાઈશ્રી :- મહાવીર ભગવાન ૩૦ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં રહ્યા. પછી મુનિદશા ગ્રહણ કરી. ૧૨ વર્ષ સુધી છદ્મસ્થદશામાં રહ્યા અને પછી ૩૦ વર્ષ સુધી કેવળજ્ઞાનદશામાં રહ્યા. મુનિદશામાં તો કાંઈ યોગ રહે નહિ. પછી તો પુણ્ય અનુસાર દરેકને લેવું પડે. બહેનશ્રી તો પહેલેથી બધું છોડીને આવ્યા હતા એટલે રહી ગયા. અને અંતરાય પડે એ પ્રકારનો ઉદય નહોતો, કે અંતરાય પડે એવો ઉદય નહોતો. એકધારો બહુ સારો યોગ રહી ગયો. તૈયારી પણ એટલી હતી. તૈયારી પણ એટલી જ હતી કે જીવન જ એકબાજુ આખું કરી નાખ્યું હતું. નહિતર શું છે? કે partly માણસને સાંસારિક જીવન અને partly પારમાર્થિક જીવન હોય એવું એમને નહોતું. એકલા પારમાર્થિક જીવનમાં હતા. યોગ પણ પચાસ-પચાસ વર્ષ સુધી બહુ સારો મળ્યો. અહીં મનુષ્યજીવનના કર્તવ્યનો વિષય ચાલ્યો છે. હવે એના ઉપર બીજો પ્રશ્ન પૂછ્યો.

---

**પ્રશ્ન :- શુભ ભાવ હોય તો મનુષ્યભવ મળે ને?**

**સમાધાન :- એવા ભાવ રાખવાનું શું કામ છે? ભવનો અભાવ થાય તે ભાવ પ્રગટ કરવા જેવો છે. ભવ કેવો મળે? તેના ઉપર કાંઈ નથી. દેવનો ભવ મળે**

**કે મનુષ્યનો ભવ મળે, તે બધા ભવ જ છે, તેમાં તો આકુળતા છે. ભવમાં ક્યાં શાંતિ છે? ૧૬૨.**

## પ્રશ્ન ૧૬૨ ઉપર પ્રવચન

મનુષ્યજીવનનું આ કર્તવ્ય છે તો એમ કહે મનુષ્યભવ છે એ તો શુભભાવનું ફળ છેને! એમ. શુભગતિ છે તો શુભભાવનું ફળ છેને?

તો કહે છે કે, '**સમાધાન :- એવા ભાવ રાખવાનું શું કામ છે?**' કેવા ભાવ?

મુમુક્ષુ :- શુભભાવ હોય તો મનુષ્યભવ મળે.

પૂજ્ય ભાઈશ્રી :- ભવ મળે એવા ભાવ રાખવાનું શું કામ છે? એમ કહે. કે મને મનુષ્યભવ મળો, એવા શુભભાવ મને હો. એવા ભાવ રાખવાનું તારે શું કામ છે? '**ભવનો અભાવ થાય તે ભાવ પ્રગટ કરવા જેવો છે.**' ઈ કરને! એમ કહે છે. શું લીધું? મનુષ્યભવ ભલે ચારગતિની અપેક્ષાએ સરખામણીમાં એનું સ્થાન ઊંચું છે. પણ કેટલીવાર મનુષ્ય થયો તું? અનંતવાર એટલે કરોડો-અબજ વાર નહિ, અનંતવાર થયો અને આ બધા મનુષ્યની હાલત જોઈએ જ છીએને કેવી છે? એવી રીતે જ ગાળ્યો છે મનુષ્યભવ. ભવનો અભાવ થાય એવો જે ભવ મળે તો એ સાર્થક કર્યો કહેવાય. એને મનુષ્યભવ એણે સાર્થક કર્યો કહેવાય, નહિતર તો નિરર્થક ભવ તો અનંતવાર મળ્યા છે મનુષ્યના પણ શું કામના? અહીંયાં અટકે છે માણસ. જવાબ દેવામાં ખૂબી છે. કે પુણ્યની રુચિ છે! એમકે જો પુણ્ય હોય તો મનુષ્યભવ મળે એમાં પણ વિશેષ પુણ્ય હોય તો જૈનકુળ મળે. એમાંય વિશેષ પુણ્ય હોય તો જ્ઞાનીપુરુષ મળે અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળે. ભગવાનનું સમવસરણ મળે, ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવા (મળે). એવી રીતે સમજાવે છે.

મુમુક્ષુ :- પણ ઈ પુણ્ય પાછા આ ભવનો અભાવ કરવાના ભાવમાં જ બંધાય ને પાછા?

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો કે ઈ બધું તને મળી ગયું છે બોલ હવે શું છે? તોપણ તે ભવનો અભાવ નથી કર્યો. કરવા જેવું છે ઈ નથી કર્યું. શું કામનું ઈ? મહાવિદેહમાં કેટલીવાર ગયો? કે, અનંતવાર. તીર્થંકરદેવના સમવસરણમાં? કે, અનંતવાર. શું બાકી રહ્યું હવે? ભવનો અભાવ કરવાનો બાકી રહી ગયું છે. '**ભવ કેવો મળે? તેના ઉપર**

**કાંઈ નથી.'** આ જ્ઞાનીના ઉપદેશમાં અને અજ્ઞાનીના ઉપદેશની વાતમાં આ ફર્ક પડે. ઓલા એને કહે તું પુણ્ય કર! તને આ બધું મળશે. પુણ્ય કર તને આ બધું મળશે. અહીંયાં કહે છે કે **'ભવ કેવો મળે? તેના ઉપર કાંઈ નથી.'** કરવાનું છે ઈ આ છે કે, ભવનો અભાવ કરવો. ભવ મળે ઈ કરવાનું નથી. ભવનો અભાવ મળે ઈ કરવાનું છે. વાત ઊલટી-સૂલટી છે. **'દેવનો ભવ મળે કે મનુષ્યનો ભવ મળે, તે બધા ભવ જ છે,'** ભવમાં અ-ભવ નથી. ભવમાં ભવ જ છે. **'તેમાં તો આકુળતા છે.'** શું છે? એમાં પણ આકુળતા છે અને ઈ પ્રગટ જોવામાં આવે છે જીવોને. મનુષ્યભવમાં પણ આકુળતા ઘણી છે એવું પ્રગટ જોવામાં આવે છે. **'ભવમાં ક્યાં શાંતિ છે?'** ક્યા ભવમાં કોને શાંતિ છે ઈ દેખાડો. દેવલોકના ભવમાં દેવને શાંતિ છે? માણસના ભવમાં માણસને ક્યાંય નિરાંત ને શાંતિ છે? કે, નહીં. આધિ-વ્યાધિ ને ઉપાધિમાં ઘેરાયેલો છે. એ ભવ છે એમાંથી ગૂંલાટ માર એમ કહે છે. શું કહે છે? મનુષ્યભવમાં આવ્યો છો હવે એવી ગૂંલાટ માર કે ભવનો અભાવ થઈ જાય. એ જુદી જાતની વાતો છે. ૧૬૨ થયો એ.

---

**બધા જીવોમાં એટલું બધું જ્ઞાન નથી હોતું કે જેનાથી તત્ત્વજ્ઞાન પામી શકે. શુભ ભાવ કરે તો બીજો મનુષ્યભવ મળે, તેમાં તત્ત્વજ્ઞાન મેળવે અને મોક્ષે જાય એવી ભાવના કરવી યોગ્ય છે?**

**સમાધાન :- આ ભવમાં પુરુષાર્થ ન કરવો અને બીજા ભવમાં કરશું એવો વાયદો કરવા જેવો નથી. પોતે ક્રિયામાં પડ્યો હતો અને જે શુભભાવથી ખરેખર પુણ્ય બંધાય તેમાં ધર્મ માન્યો હતો. શુભભાવની ક્રિયાથી ધર્મ થાય તેમ માનતો હતો તેના બદલે તે બધાથી જુદો આત્મા ગુરુદેવે બતાવ્યો. જે ગુરુએ મુક્તિનો માર્ગ ને મુક્તિ કોઈ જુદાં છે-અપૂર્વ છે એમ બતાવ્યું તેમનો એવો આ સંયોગ મળ્યો તો તેમાં ભેદજ્ઞાનપૂર્વક સમ્યગ્દર્શન થાય તે અપૂર્વ છે. છતાં ત્યાં સુધી ન પહોંચી શકાય તો તેની ભાવના, તેનું રટણ, તેના સંસ્કાર, વારંવાર એનું ચિંતવન કરે. આવો મનુષ્યભવ, સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ, લાંબું આયુષ્ય તથા આવા ગુરુનો સંયોગ મળવો તે એક પછી એક દુર્લભ છે. તે બધું વર્તમાનમાં મળી ચૂક્યું છે.**

**શાસ્ત્રમાં ટોડરમલ્લજી કહે છે કે ''સબ અવસર આ ચૂકા હૈ.'' તું તારું કરી લે. સમ્યગ્દર્શન પામવું દુર્લભ છે. એ પ્રાપ્ત ન થઈ શકે તો આત્મા કોઈ અપૂર્વ છે તેના સંસ્કાર પાડવા, અપૂર્વ આત્માની રુચિ કરવી, ભાવના કરવી, ચિંતવન કરવું, આત્માને**

**એકને મુખ્ય રાખવો અને દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા-એટલું તો જીવ કરી શકે છે, અંતરમાં તેટલો પલટો કરી શકે છે. ૧૬૩.**

## પ્રશ્ન ૧૬૩ ઉપર પ્રવચન

૧૬૩, **'પ્રશ્ન :- બધા જીવોમાં એટલું બધું જ્ઞાન નથી હોતું કે જેનાથી તત્ત્વજ્ઞાન પામી શકે.'** ઉઘાડ જ્ઞાન, બધા માણસોમાં એટલું બધું ઉઘાડ જ્ઞાન નથી હોતું કે તત્ત્વજ્ઞાન સમજી શકે અથવા પામી શકે. શુભભાવ કરે તો બીજો મનુષ્યભવ મળે અત્યારે અમને એટલું નથી. **'શુભભાવ કરે તો બીજો મનુષ્યભવ મળે, તેમાં તત્ત્વજ્ઞાન મેળવે અને મોક્ષે જાય એવી ભાવના કરવી યોગ્ય છે?'** ઠીક! પ્રશ્ન પૂછનાર તો ખોટો જ છે. તને ક્યાં એટલું જ્ઞાન નથી? આવી એક વાત 'અનુભવ-પ્રકાશમાં' ઉઠી છે, દિપચંદજીએ પછી ફટકાર્યા છે પ્રશ્ન કરનારને. ચાબુક જ માર્યા છે કે, તું સંસાર ચાતુરીનો ચતુર છો. સંસાર ચાતુરીનો તો બહુ ચતુર છે ને અહીંયાં ધીટ થઈને વાત કરે છો કે અમને ખબર પડતી નથી કે?! ગુરુદેવ પણ કહેતા ઘરમાં એક છોકરો મોટો થાય ને એને માટે કન્યા લાવવી હોય તો બધા ડાહ્યા થાય એની અંદર. આમ ન હોવું જોઈએ ને આમ ન હોવું જોઈએ. આમ આવડવું જોઈએ ને આમ કેમ થવું જોઈએ. આને પૂછો ને આને પૂછો ને આનું મોસાળ ક્યાં છે? ને ફલાણું ક્યાં છે? ને એના સગા-સબંધી કોણ છે ને? બધી તપાસ કરે પછી ભલે તોય ધબડકો થાય. પણ ચતુરાઈનો તો પાર ન મળે. તું ગમે એટલી ચતુરાઈ કરને! નસીબ પ્રમાણે બનવાનું છે. અથવા તો પ્રારબ્ધ સહુના જુદા-જુદા છે. પ્રારબ્ધ પ્રમાણે બનવાનું છે. એમાં કોઈનું ચાલે એવું નથી. તારી ચતુરાઈ બધી પડી રહે એવું છે. પણ ત્યાં જીવ ચતુરાઈ કરે છે. અહીંયાં કહે છે કે, અમને એટલું જ્ઞાન ન હોય તો અમે પછી બીજા મનુષ્યભવમાં (કરી લેશું). હવે તો કહે છે કે, આ ઉધારીનો ધંધો જ નથી. આ ભવમાં તારે કરવું નથી, એનો અર્થ કે તારે કોઈ ભવમાં કરવું નથી. આ ભવમાં કરવું નથી એમ નહિ, અત્યારે કરવું નથી તો તારે ક્યારેય કરવું નથી બોલ!! આ તારી નાડનો ધબકારો છે. જ્ઞાની તો નાડ પકડે છેને! કે તને અત્યારે કરવું નથી તો તારે ક્યારેય કરવું નથી. તારા લક્ષણ સાચા-સારા નથી. એમ છે. ભવિષ્યમાં કરવું ઈ ભાવના નથી. અત્યારે હું કરી શકતો નથી અને ભવિષ્યમાં કરવું એવી મારી ભાવના છે (ત્યાં એ) ભાવના નથી - ઈ તારી

અરુચિ છે. ભાવના હોય તો અત્યારે જ કરું એમ આવ્યા વિના રહે નહિ. એનું નામ ભાવના છે. પછી કરવાનું નામ ભાવના છે જ નહિ એ તો અરુચિ છે. પછી બહુ દોઢડહાપણ કરવા જાય ને ઘણાં ચીકાશ કરવા જાય આવી બાબતમાં. બહુ દોઢડહાપણ એટલે વધારે પડતી ચતુરાઈ. પછી એનું પરિણામ ઊલટું આવે. એવું એક બનેલું જાણીતા કેસમાં. કન્યા બહુ સારી અને છતાં ઓલા ચીકાશ કરે. એમકે એને ગરજ છેને એટલે આપણે વધારે ચીકણાપણું કરો પછી જેની સાથે સગપણ કર્યું હતું એનો નાનો ભાઈ ડહાપણ કરવા મંડ્યો. સગપણ તો ઓલાનું કરવાનું છે આને તો હજી વાર છે. તો કે એને પૂછોને કે ટીંડોરાનું શાક આવડે છે કે નહિ? શું પૂછ્યું? એને પૂછી લ્યો ભાઈ, ટીંડોરાનું શાક એને આવડે છે કે નહિ? ટીંડોરાનું શાક આવડતું હોય તો સગપણ કરવું છે નહિતર નથી કરવું એવું છે? એમ થઈ ગયું કે એમ કેમ પૂછ્યું? તો કે એને ટીંડોરાનું શાક બહુ ભાવતું હતું. એને ટીંડોરાનું શાક પોતાના માટે કરાવવાનું હોયને! એમાં પણ છોકરી છેને એ વિચિક્ષણ હતી, ડહાપણવાળી હતી. મને ટીંડોરાનું શાક તો આવડે છે પણ હવે મારે સગપણ નથી કરવું. મને ટીંડોરાનું શું બધાય શાક આવડે છે. ટીંડોરાનું પણ આવડે છે. પણ મારે હવે સગપણ નથી કરવું. તમે બધા જતા રહો તમારા ઘરે. વાત પૂરી થઈ ગઈ. ડહાપણમાં આવું થાય પછી. એટલે આવી ચતુરાઈ કરે છે માણસો. ચતુરાઈની પણ હદ હોવી જોઈએને. એમાં દીર્ઘદષ્ટિ શું હતી? કે જો આ આટલા બધા ચીકણા હશેને તો મારું તો આવી જ બનવાનું છે. તો એના કરતા અત્યારથી વાત પૂરી કરી નાખવી.

'સમાધાન :– **આ ભવમાં પુરુષાર્થ ન કરવો અને બીજા ભવમાં કરશું એવો વાયદો કરવા જેવો નથી.**' એની અરુચિ જાહેર થાય છે, પ્રસિદ્ધ થઈ જાય છે. એને ખબર નથી કે હું ભાવના કરું છું કે મારી અરુચિનું પ્રદર્શન કરું છું ઈ એને ખબર નથી. '**પોતે ક્રિયામાં પડ્યો હતો અને જે શુભભાવથી ખરેખર પુણ્ય બંધાય તેમાં ધર્મ માન્યો હતો.**' અત્યાર સુધી તો એમ કર્યું છે. શુભભાવની ક્રિયામાં પડ્યો હતો અને એણે ધર્મ પણ માન્યો હતો. '**શુભભાવની ક્રિયાથી ધર્મ થાય તેમ માનતો હતો તેના બદલે તે બધાથી જુદો આત્મા ગુરુદેવે બતાવ્યો.**' વાતે-વાતે ગુરુદેવની મહિમા કરે છે. આખો સંપ્રદાય ક્રિયાકાંડમાં પડ્યો હતો અને એમાંથી બહાર કાઢ્યા. કે હવે બીજે ન સલવાય તો સારું. બાકી એમાંથી તો બહાર કાઢ્યા છે. '**જે ગુરુએ મુક્તિનો માર્ગ ને મુક્તિ કોઈ જુદાં છે-અપૂર્વ છે એમ બતાવ્યું તેમનો એવો આ સંયોગ મળ્યો તો તેમાં ભેદજ્ઞાનપૂર્વક સમ્યગ્દર્શન થાય તે અપૂર્વ છે.**' લાભ લઈ લે! એમ કહે છે. આ તો ગુરુદેવની ઉપસ્થિતિમાં ચર્ચા કરેલી છે કે જે ગુરુએ મુક્તિનો માર્ગ ને મુક્તિ

કોઈ જુદા છે-અપૂર્વ છે એ તો બહુ સ્પષ્ટ કરીને બતાવ્યું. સમ્યગ્દર્શન થાય, કેમ થાય? કેવું હોય? કેટલા પડખાથી ખોલ્યું છે! પીસ્તાલીસ-પીસ્તાલીસ વર્ષ સુધી એક subject ઉપર, એક જ subject ઉપર પ્રવચનો આપ્યા છે. અરે, મુનિઓનો સ્તોત્ર લ્યે તોપણ એમાંથી ઈ કાઢે. કોઈવાર મુનિઓના સ્તોત્ર ઉપર પ્રવચન કરે. તો એમાંથી સમ્યગ્દર્શનનો વિષય કાઢતા ગુરુદેવ. એટલું એ બધા વિષય ઉપર એમની mastery હતી, command હતો. એટલી બધી સ્પષ્ટતા હતી. તો એવો આ સંયોગ મળ્યો તો તેમાં ભેદજ્ઞાનપૂર્વક સમ્યગ્દર્શન થાય તે અપૂર્વ છે ને તે કરી લેવા જેવું છે. છતાં ત્યાં સુધી ન પહોંચી શકાય, કેટલી બધી હૈયાધારણ આપી છે કે, ચાલ તું! એટલી હદે નથી પહોંચી શકતો-ભેદજ્ઞાન ને અનુભવ સુધી નથી પહોંચતો, **'તો તેની ભાવના, તેનું રટણ, તેના સંસ્કાર, વારંવાર એનું ચિંતવન કરે.'** ઈ થવું જોઈએ. ત્યાં સુધી ન પહોંચાય તો ભાવના તો હોવી જોઈએ. ભાવના બળવાન છે, ભાવના થવી જોઈએ. જો ભાવના પણ ન હોય તો પછી કાંઈ અપેક્ષા રાખવાનું રહેતું નથી. ઓલામાં તો ભાવના ઊડી જાય છે. બીજા ભવમાં કરવું એમાં ભાવના ઊડી જાય છે, રહેતી નથી. **'આવો મનુષ્યભવ, સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ, લાંબું આયુષ્ય તથા આવા ગુરુનો સંયોગ મળવો તે એક પછી એક દુર્લભ છે. તે બધું વર્તમાનમાં મળી ચૂક્યું છે.'** મનુષ્યભવ મળ્યો, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા, ગુરુદેવ સાથે લાંબા વર્ષથી, લાંબા સમય સુધી સંયોગમાં રહેવાય, સત્સંગમાં રહેવાય એવું આયુષ્ય મળ્યું, દુર્લભથી દુર્લભ વસ્તુ મળી છે તો એનો પૂરેપૂરો લાભ ઉઠાવી લેવો જોઈએ. એમ કહેવું છે. પછી સમય ને શક્તિ વેડફવી ન જોઈએ.

**'શાસ્ત્રમાં ટોડરમલ્લજી કહે છે કે 'સબ અવસર આ ચૂકા હૈ.''** કૃપાળુદેવે પણ કહ્યું કે રાંડી રુવે, માંડી રુવે, પણ સાત ભરથારવાળી રુવે - એના જેવું તારું છે. **'તું તારું કરી લે. સમ્યગ્દર્શન પામવું દુર્લભ છે.'** અનંતકાળે પણ પ્રાપ્ત નથી થયું એટલે પામવું દુર્લભ છે. **'એ પ્રાપ્ત ન થઈ શકે તો આત્મા કોઈ અપૂર્વ છે તેના સંસ્કાર પાડવા,..'** એ રુચિમાં પડે છે. રુચિ જરૂરિયાતથી ઊભી થાય છે. મને મારા આત્મા સિવાય કાંઈ જોઈતું નથી. એવી તીવ્ર જરૂરિયાત અને રુચિમાં સંસ્કાર પડી જાય છે. **'તેના સંસ્કાર પાડવા, અપૂર્વ આત્માની રુચિ કરવી, ભાવના કરવી, ચિંતવન કરવું, આત્માને એકને મુખ્ય રાખવો'** પોતાના આત્માને એકને મુખ્ય રાખવો અને **'દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા-એટલું તો જીવ કરી શકે છે,..'** એટલું તો જીવ કરી શકે છે. સમ્યગ્દર્શન નથી કરી શકતો પણ આ ન કરી શકે ઈ વાતમાં કાંઈ માલ નથી. એના માટે તું તો બીજો ભવ લેવાની વાત કરતો હો તો તારી વાત ખોટી છે. દાનત ખોટી છે. **'એટલું તો જીવ કરી શકે છે, અંતરમાં તેટલો પલટો કરી શકે છે.'** એ

રીતે રુચિ-અરુચિનો વિષય પણ સ્પષ્ટ કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૧૬૨નો આશય તો બાકી હશેને?

મુમુક્ષુ :- ૧૬૧,૧૬૨,૧૬૩

પૂજ્ય ભાઈશ્રી :- ૧૬૧,૧૬૨,૧૬૩ ત્રણ થઈ ગયા.

આશય :- (૧૬૧) **મનુષ્યજીવનમાં પરમ સત્સંગના યોગે આત્મસ્વરૂપની ઓળખાણ કરીને સ્વાનુભવ પ્રાપ્ત કરી લેવા જેવો છે. જેથી શાશ્વત અને અનુપમ સુખની પ્રાપ્તિ થશે. એક સ્વરૂપને મુખ્ય કરીને વિભાવો અને ભેદોને પણ ગૌણ કરવા યોગ્ય છે. તો જ સ્વરૂપ પ્રાપ્તિ થાય.**

આશય :- (૧૬૨) **મનુષ્યભવ ચારેય ગતિમાં ઉત્કૃષ્ટ હોવા છતાં પણ ભવની ભાવના કરવા જેવી નથી. ભાવના તો ભવના અભાવની કરવા જેવી છે.**

આશય :- (૧૬૩) **આ વર્તમાનભવમાં જ્ઞાન અને શક્તિ ઓછી છે - એવા વિપરીત અભિપ્રાયની આડ મારવા જેવી નથી. બીજા ભવમાં આત્મકાર્ય કરીશ, - તે કાર્ય કરવાની ભાવના નથી, પરંતુ આત્માની અરુચિ છે. ભાવનાના બહાના નીચે જીવ પોતે પોતાથી છેતરાઈ જાય છે તેવો આશય અહીંયાં ગ્રહણ કરવા યોગ્ય છે.**

મુમુક્ષુ :- પોતે પોતાથી છેતરાઈ જાય છે એમ કે પોતે પોતાને છેતરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો પોતાને ખબર નથી પડતીને કે, હું છેતરાવ છું એ ખબર નથી. એને એમ છે કે હું તો ભાવના કરું છું.

❁

ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ જ થાય છે. ભલે થોડો વખત લાગે, પણ ભાવના સફળ થાય જ.

- બહેનશ્રીનાં વચનામૃત - ૫૫

**પ્રશ્ન :- દેવ-શાસ્ત્ર-ગુરુની ઓળખાણ અને મહિમા દૃષ્ટિને મોળી (ઢીલી) નથી પાડતી?**

**સમાધાન :- મોળી (ઢીલી) નથી પાડતી, પણ દૃષ્ટિને અભિનંદે છે. આત્માની ઓળખાણ અને દેવ-શાસ્ત્ર-ગુરુની ઓળખાણને નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. દૃષ્ટિ-જ્ઞાન અને આત્માનો સંબંધ તો સીધો છે; પરંતુ આ શુભ રાગ વિરુદ્ધ ભાવ છે તો પણ આત્મા સાથે નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે.**

**અનાદિ કાળથી જીવે શુભભાવો કર્યા પણ આત્માને ઓળખ્યો નથી, તેનું કારણ પોતે આત્માને ઓળખવાનો પ્રયત્ન કર્યો નથી, એટલે ઓળખાયો નથી. શુભ રાગમાં અનાદિકાળથી પડ્યો રહ્યો છે. પોતાને કારણે પોતે સાચું સમજવાનો પ્રયત્ન કર્યો નથી. શુભથી બધું થઈ જાય તેમ માની લીધું છે, પણ પોતે દૃષ્ટિ ફેરવે અને આત્માની સાચી રુચિ કરે તો ઓળખાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુને બહારથી ઓળખ્યા પણ યથાર્થ ઓળખે તો આત્માને ઓળખ્યા વગર રહે નહિ. અને આત્માને ઓળખે તો ભગવાનને ઓળખ્યા વગર રહે નહિ. એવો સંબંધ છે. ૧૬૪.**

## તા. ૦૬-૫-૧૯૯૭, પ્રશ્ન-૧૬૪,૧૬૫
## પ્રવચન નં. ૧૧૯

સ્વાનુભૂતિદર્શન, ૧૬૪મો પ્રશ્ન, પાનું-૧૧૫

**'પ્રશ્ન :- દેવ-શાસ્ત્ર-ગુરુની ઓળખાણ અને મહિમા દૃષ્ટિને મોળી (ઢીલી) નથી પાડતી?'**

શું પ્રશ્નમાં પૂછવા માંગે છે કે દૃષ્ટિ છે એ એકલા આત્મસ્વભાવને સ્વીકારે છે? અને એનું બધું જોર આત્મસ્વભાવ પ્રત્યે રહે છે? દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ થાય ને એનો મહિમા આવે એટલે પરિણામો એ બાજુ પણ ખેંચાય છે. એટલે દૃષ્ટિનું ખેંચાણ સ્વબાજુનું, દેવ-ગુરુ-શાસ્ત્ર એમના પ્રત્યેના પરિણામોનું ખેંચાણ પરબાજુનું, તો એક જ જીવને સ્વબાજુનું ખેંચાણ અને પરબાજુનું ખેંચાણ એમ બે ખેંચાણ ઊભા થાય તો દૃષ્ટિ ઢીલી ન પડે? દૃષ્ટિનું મહત્ત્વ વધારે છે. દેવ-ગુરુ-શાસ્ત્રના મહિમા કરતા પણ દૃષ્ટિનું મહત્ત્વ વધારે છે. દૃષ્ટિને કાંઈ પણ પરિણામમાં ઢીલાપણું થાય એવું તો ન જ

થવું જોઈએને એમ! તો આવું કાંઈ ન થાય એમ એક શંકા ઊભી કરી છે.

**'સમાધાન :- મોળી (ઢીલી) નથી પાડતી, પણ દષ્ટિને અભિનંદે છે.'** શું કીધું? ઓળખાણ છે એ દષ્ટિ પામવાની પૂર્વભૂમિકા છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ થાય પછી સ્વરૂપની ઓળખાણ થાય છે. તો એ તો કારણ થયું. અને ઓળખાણ થઈ એ દષ્ટિનું કારણ થયું. એટલે કારણનું કારણ થયું. દષ્ટિનું કાર્ય સંપન્ન થાય એનું કારણ, એનું કારણ આ છે. એના કારણનું કારણ તો આ છે. માટે એની વિરુદ્ધ નથી જતું. અને એની favourમાં જાય છે, એમ કહેવું છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના પરિણામ.. સંક્ષેપમાં એને વાત સીધી લઈ લે કે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના પરિણામ આત્મસાધનાની favourable છે કે unfavourable છે? કે favourable છે. એમ જવાબ આપ્યો. unfavourમાં નથી જતા પણ favourમાં જાય છે. ચોખ્ખી વાત આ છે જવાબમાં. **'આત્માની ઓળખાણ અને દેવ-શાસ્ત્ર-ગુરુની ઓળખાણને નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે.'** સંબંધ છે એમ કહો કે સંધિ છે એમ કહો અથવા કારણ-કાર્યપણું છે એમ કહો. નિમિત્ત-ઉપાદાનમાં તો કારણ-કાર્યપણું જ છે કે, આત્માની ઓળખાણ એ કાર્ય છે અને દેવ-શાસ્ત્ર-ગુરુની ઓળખાણ છે એ કારણ છે. દેવ-શાસ્ત્ર-ગુરુની ઓળખાણ નિમિત્તનું સ્થાન છે. આત્માની ઓળખાણ એ ઉપાદાનનું સ્થાન છે. એમ છે.

મુમુક્ષુ :- વ્યવહારથી કારણ થયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. છે વ્યવહાર કારણ. કારણકે બે વચ્ચે તો વ્યવહાર જ હોયને? પ્રશ્ન ઉઠ્યો છે કે વિરુદ્ધ જાય છે કે અવિરુદ્ધ જાય છે? તો કે વિરુદ્ધ નથી જાતું. દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેના ઓળખાણ, મહિમાના પરિણામો સાધના વિરુદ્ધ નથી જાતા. એ સાધનાને અનુમોદે છે. સાધનાને support કરે છે, સાધનાનું કારણ બને છે. એમ છે વાત, વાત એમ ચાલી છે. **'દષ્ટિ-જ્ઞાન અને આત્માનો સંબંધ તો સીધો છે;..'** દષ્ટિ પણ આત્માને અવલંબે છે, જ્ઞાન પણ આત્માને અવલંબે છે એટલે એનો સંબંધ તો સીધો છે. **'પરંતુ આ શુભ રાગ વિરુદ્ધ ભાવ છે તો પણ...'** શુભરાગ છે એ દર્શન-જ્ઞાન જેવો શુદ્ધ પરિણામ નથી પણ ચારિત્રગુણનું અશુદ્ધ પરિણામ છે. દર્શન-જ્ઞાન તો શુદ્ધ થઈ ગયા. ચારિત્રગુણમાં હજી રાગ વર્તે છે. એટલે રાગ છે એ વીતરાગતાથી વિરુદ્ધ ભાવ છે. **'તો પણ આત્મા સાથે નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે.'** અથવા રાગ સ્વભાવે આત્માથી વિરુદ્ધ હોવા છતાં પણ એનો સ્વભાવ છોડીને એને પ્રવર્તવું પડે છે, એટલે એને ઢસડાવું પડે છે. એટલે રાગ પણ આત્માનું ભજન કરવા માંડે. પછી સીધું ભજન કરે, વિકલ્પ કરીને દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તે કરે પણ એ આત્માનું ભજન છે. પણ ઈ આત્માનું ભજન કરવા મંડી જાય. ઓલા નથી કહેતા, આમ એવું સરસ

વાતાવરણ જામ્યું હતું કે બે-ચાર જણાં વિરોધી હતાને તોપણ તે સાથે-સાથે હીસ્સો-હીસ્સો કરતા હતા, જય-જયકાર બોલાવતા હતા. એક function હોય બે-ચાર માણસ વિરુદ્ધ પાર્ટીના પણ આવી જાય, પછી વાતાવરણ એવું જામેને કે બધા બહુ જોર જોરથી જય-જયકાર બોલાવતા હોય તો એ પણ સાથે-સાથે બોલતા થઈ જાય. એમ દર્શન-જ્ઞાન આત્માનું પરિણમન કરવા માંડ્યા તો રાગનો રાગ પણ એનો જ વિકલ્પ કરવા માંડ્યો. રાગ પણ ભળતું કામ કરવા માંડ્યો, એમ. એટલે ઈ ખેંચાય છે એટલે ઈ પણ ઢસડાય છે. એક તો એ પડખું છે. બીજું પડખું ઈ છે કે, ભૂમિકાનુસારનો રાગ જો ન હોય,... રાગ સાધકદશામાં નાશ પામ્યો નથી, છે તો ખરો. તો ભૂમિકાનુસારનો ચોક્કસ પ્રકારનો હોવો જરૂરી છે. ભૂમિકા છોડીને (એથી) નીચેનો આવે તો ઈ ભૂમિકા છૂટી જાય. એ મુમુક્ષુને મુમુક્ષુના યોગ્ય પરિણામ જોઈએ. જ્ઞાનીને જ્ઞાનીના યોગ્ય પરિણામ જોઈએ. મુનિને મુનિના યોગ્ય પરિણામ જોઈએ.

મુમુક્ષુ :- મુમુક્ષુની ભૂમિકામાં કેવો રાગ હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુની ભૂમિકામાં દેવ-શાસ્ત્ર-ગુરુ, સત્પુરુષ પ્રત્યેનો અનુરાગ હોય જ તે. એ જો ન હોય તો એને તો એની વિરુદ્ધની અભક્તિ આવી જાય. પછી એ મુમુક્ષુ નથી રહેતો.

મુમુક્ષુ :- કુટુંબ-પરિવારનો રાગ તો હોય જ ને કે ન હોય?

પૂજ્ય ભાઈશ્રી :- કુટુંબ-પરિવારનો તો છે જ, એ તો પડ્યો છે. એ એટલો જોર કરી જાય તો ઓલા બધા - દેવ-શાસ્ત્ર-ગુરુ ગૌણ થઈ જાય અને કુટુંબ પરિવાર મુખ્ય થઈ જાય. મુમુક્ષુતાનો ત્યાગ થાય, છૂટી જાય. એ તો મુનિ છે. મુનિને પોતાના યોગ્ય જે ભાવ હોવા જોઈએ, એથી નીચેની ભૂમિકાના ન હોવા જોઈએ. ઈ ભલે જૈન મંદિરમાં દર્શન કરવા જાય પણ જૈન મંદિરનો ફંડ-ફાળો ન કરે પાછા. જૈન મંદિરમાં દર્શન કરવા જાય, વંદન કરે પણ અષ્ટદ્રવ્યથી પૂજા ન કરે પાછા. એની limit છે. કમંડળમાં પાણી હોય પણ તરસ્યાને પાણી ન પાય. કેમ? કે પોતે પણ પ્રાણ જાય તોપણ પાણી પીતા નથી, એ માટે એવો ન્યાય છે. નહિતર તો વળી કરુણા અંગ તૂટે છે એમ કહે. હવે બીજા તો મરી જાય તો શું પછી મુનિને કરુણા નથી?! તો કે મુનિને એકેન્દ્રિયની કરુણા છે. આ તો પંચેન્દ્રિય છે. એકેન્દ્રિયથી માંડીને બધા જીવો પ્રત્યે કરુણા છે, પણ પાણી ન પાય. તરફડતો હોય તોય તે? કેમ? કે પોતાના પ્રાણ છૂટે તોપણ પાણી નથી પીતા માટે. કેમકે ત્યાં આરંભ-સમારંભની બીજી વાત ઊભી થઈ જાય છે પાછી. આજે પાણી પાય તો કાલે પાણીનું પરબ બંધાવે!! એવી-એવી વાત ઊભી થઈ જાય પછી. એકની પાછળ વણઝાર કેટલી ચાલે ઈ ખબર છે વીતરાગદેવને

એટલે વીતરાગદેવે પોતે આ બધું વ્યવહારનું પણ પ્રતિપાદન કર્યું છે, એની પણ મર્યાદાઓ નક્કી કરી છે, એમ વાત છે.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રી એમ કહે કે દેવ-ગુરુ-શાસ્ત્ર હેય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઈ તો ક્ષાયિક પર્યાય હેય છે એમ પણ કહે, પણ ઈ બધી વાતો પોતપોતાના સ્થાનમાં છે. એકના સ્થાનમાં બીજી વાત મૂકવાની, સામે મૂકવાની કાંઈ જરૂર નથી.

મુમુક્ષુ :- પાછા મુનિરાજોની ભક્તિ કરતા જાય પ્રવચનમાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા! મુનિરાજની ભક્તિ તો વળી,.. એમ નહિ હજી પ્રવચન કરીને ઉઠે (બપોરે પછી) ત્રણથી ચાર ભક્તિમાં બેસે! ભક્તિનો શુભરાગ છે અને હેય છે અને ભગવાન પણ પરદ્રવ્ય છે - એ બધું આવી ગયું હોય પ્રવચનમાં. પ્રવચનમાં એ બધી વાત આવ્યા પછી પાછા એ ભક્તિમાં બેઠા હોય!! એટલે ઘણાંને ન સમજાય એવું લાગે. પણ એ બધું પોતપોતાના સ્થાનમાં હોય છે અને તે ઉચિત જ છે. એમ સમજવા યોગ્ય છે.

મુમુક્ષુ :- આપશ્રીએ પ્રવચનમાં લીધું છે કે સાધકની વાત હંમેશા પૂર્ણપદની જ આવવાની કારણ લક્ષ પૂર્ણતાનું છે અને હજી સાધક છે એટલે વર્તમાન પરિણમનમાં અધૂરાશ તો છે એટલે ઈ difference તો હંમેશા લાગવાનો જ, તે જો ન સમજાય તો..

પૂજ્ય ભાઈશ્રી :- સાધક છે ઈ પૂર્ણતાનું લક્ષ હોવાથી પૂર્ણતાની જ વાત કરશે. મારે પૂર્ણ થાવું છે ને બધાએ પૂર્ણ થવું જોઈએ. અને પોતે (હજી) સાધકદશામાં અપૂર્ણ હોવાથી એનું આચરણ અપૂર્ણ જ રહેવાનું. વાત પૂર્ણતાની અને આચરણ અપૂર્ણતાનું એટલે કોઈને શંકા થાય. એટલે મોટાભાગના સ્થૂળબુદ્ધિવાળા જીવોએ આ શંકા કરી છે કે, આ ભાઈ વાત કાંઈક કરે છે અને વર્તે છે કાંઈક! આપણને વિશ્વાસ નથી! અથવા એમ કહે કે, વાત કરો કે ન કરો કાંઈ નહિ, આચરણ કરી દેખાડો. અમને બીજું કાંઈ નહિ. અમે આચરણમાં માનીએ છીએ, વાતોમાં નથી માનતા. એમ સ્વચ્છંદે પોતપોતાની રીતે જીવો ચાલે છે અને પરિણામે મોક્ષમાર્ગને કે મોક્ષમાર્ગીને સમજી શકતા નથી. કેમકે દરેક એનો પોતાનો સિદ્ધાંત ઘડી લ્યે છે.

મુમુક્ષુ :- પોતાની ફૂટપટીથી.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની ફૂટપટીથી માપે છે. મોટાભાગના લૌકિક માણસો તો એમ જ બોલે કે, ભાઈ! અમે આચરણમાં માનીએ, બાકી વાતો તો બધાય કરે છે. આચરણ કોનું છે અમે તો એ જોઈએ છીએ. તો ઈ જોવે કે કોઈ બાહ્યત્યાગવાળા

હોય પછી અભિપ્રાય ભલે વિરૂદ્ધમાં હોય તો ત્યાં એ અર્પાય જાય. ઝુકી જાય અને ફસાઈ જાય. કેટલીક વાત અટપટી હોવાથી ઘણાં લોકોને નથી સમજાતી.

**'અનાદિ કાળથી જીવે શુભભાવો કર્યા પણ આત્માને ઓળખ્યો નથી,..'** દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન કરે, મહિમા કરે, સમર્પણ કરે એટલે આત્માને ઓળખી જ જાય એવું કાંઈ નથી. કારણકે ઈ કરી ચૂક્યો છે, એવા શુભભાવો કરી ચૂક્યો છે. પણ આત્માને ઓળખ્યો નથી. તો ત્યાં પણ શું છે કે, દેવ-શાસ્ત્ર-ગુરુને ઓળખ્યા નથી અને મહિમા કર્યો છે. એમ ઓળખાણ અને ઓળખાણને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. શુભરાગ થાય માટે જ્ઞાન થાય એવું નથી. જ્ઞાનને અને જ્ઞાનને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પૂર્વપર્યાય અને ઉત્તરપર્યાયને. પૂર્વપર્યાયમાં દેવ-શાસ્ત્ર-ગુરુનું ઓળખાણરૂપ જ્ઞાન થાય તો આત્માનું જ્ઞાન થાય, શુભરાગ થાય તો આત્માનું જ્ઞાન થાય એમ નહિ. **'અનાદિ કાળથી જીવે શુભભાવો કર્યા પણ આત્માને ઓળખ્યો નથી, તેનું કારણ પોતે આત્માને ઓળખવાનો પ્રયત્ન કર્યો નથી, એટલે ઓળખાયો નથી.'** શુભભાવો કર્યા ત્યાં પણ ઓળખાણનો પ્રયત્ન ન કર્યો ને અહીંયાં પણ (પ્રયત્ન નથી કર્યો.) ઓળખાણનો પ્રયત્ન એક વખત કરે દેવ-શાસ્ત્ર-ગુરુમાં તો અહીંયાં પણ આત્માની ઓળખાણનો પ્રયત્ન થવાનો. કેમકે ત્યાં પણ શુદ્ધાત્મા છે અને અહીંયાં પણ શુદ્ધાત્મા છે. એટલે ઐક્ય થઈ ગયું ત્યાં પછી. **'શુભરાગમાં અનાદિકાળથી પડ્યો રહ્યો છે.'** અનાદિથી શુભરાગમાં પડી રહ્યો છે. **'પોતાને કારણે પોતે સાચું સમજવાનો પ્રયત્ન કર્યો નથી.'** શુભરાગમાં પડ્યો રહ્યો છે એટલે રોકાઈ ગયો છે, એમ કહેવું છે. પોતાને કારણે પોતે સાચું સમજવાનો પ્રયત્ન કર્યો નથી. એમાં બીજા કોઈનું કારણ નથી. કોઈ નિમિત્ત કારણ નથી. ખામી રહી છે એ પોતાની જ રહી છે. **'શુભથી બધું થઈ જાય તેમ માની લીધું છે,..'** શુભથી બધું થઈ જાય તેવું માની લીધું છે. રોકાવાનું કારણ એ છે કે શુભમાં સર્વસ્વ માની લીધું છે. આગળની - વીતરાગમાર્ગની વાતની ખબર નહિ હોવાથી શુભમાં બધું આવી ગયું. એટલે શુભમાંને શુભમાં રોકાઈ જાય છે. સંપ્રદાયની સ્થિતિ સ્પષ્ટ જોવામાં આવે છે. કે સંપ્રદાયમાં બધા શુભની અંદર રોકાયેલા પડ્યા છે. આગળની વાતની કાંઈ ખબર નથી. જે સંપ્રદાયમાં આગળની વાત છે એ સંપ્રદાયવાળાને ખબર નથી. બીજાને તો બિચારાને ખબર ક્યાંથી હોય?

મુમુક્ષુ :- ભાઈશ્રી, પોતાના કારણે જે આગળ લીધું એનો ખુલાસો આ છે?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાના કારણે એટલે શું છે? બીજાના કારણે એવું કાંઈ નથી થયું એમ. શુભમાં રોકાણો અને શુભમાં સર્વસ્વ માન્યું એમાં એણે પોતાના સ્વચ્છંદથી એવી સમજણ કરી છે. બસ આમાં બધું આવી ગયું.

મુમુક્ષુ :- એમાં સ્વચ્છંદતા છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વચ્છંદ જ છે. કૃપાળુદેવના એક મોટા ભક્ત હતા. મેં કીધું ભાઈ, સત્સંગ અહીંયાં ચાલે છે. તમારે સત્સંગમાં આવવું હોય તો ખુશીથી આવજો તમે. અમારા લોકોનો સત્સંગ (ચાલે) છે. (તો કહે,) કૃપાળુદેવની ભક્તિ મળી ગઈ છે હવે અમારે કાંઈ કરવું નથી. હવે ભક્તિવાળાને સત્સંગની રુચિ ન રહે, સત્સંગવાળાને ભક્તિની રુચિ ન રહે એ સ્વચ્છંદમાં પાછો જાય છે.

મુમુક્ષુ :- ભક્તિવાળાને તો પોતાનો સ્વચ્છંદ લાગે જ નહિ, અમને ભક્તિ મળી ગઈ એટલે હવે અમને સત્સંગ નથી જોઈતો - એને સ્વચ્છંદ ન લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- ના! હવે કૃપાળુદેવની ભક્તિ મળી ગઈ છે એટલે અમે કૃત્ય-કૃત્ય થઈ ગયા છીએ, હવે અમારે કાંઈ કરવું જ નથી ને! એવો જવાબ આપ્યો. એટલે એ સ્વચ્છંદ થઈ ગયો. ભક્તિ તો સ્વચ્છંદ નિરોધ હોવી જોઈએ. ઈ ભક્તિનું સ્વરૂપ છે. સ્વચ્છંદ નિરોધ ભક્તિ, એના બદલે સ્વચ્છંદવાળી થઈ ગઈ. તો કોઈ પાછા વળી સત્સંગ કરે તો અમે ભક્તિ-બક્તિ, શુભરાગમાં અમારે કાંઈ પડવું નથી (એમ કહે)! સત્સંગ કરે એને ભક્તિ આવ્યા વગર રહે નહિ. એનું coordination છે.

મુમુક્ષુ :- કૃપાળુદેવની આ ભક્તિની વાત માની, કૃપાળુદેવે સત્સંગ ઉપર એટલું જ વજન આપ્યું છે - એ વાત ન લીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જીવ શું કરે છે? સ્વચ્છંદે ફાવતું લ્યે છે. પોતાના રાગને, પોતાના રસને અને પોતાની રુચિને એ બહાને પોષે છે. બાકી કાંઈ વાતમાં માલ નથી.

મુમુક્ષુ :- જે કૃપાળુદેવે એમ કીધું હતું કે પ્રત્યક્ષ સત્‌પુરુષને ગોતવા, ઈ કૃપાળુદેવને પકડી રાખ્યા ને પ્રત્યક્ષમાં ગોતવાની કાંઈ મહેનત ન કરે!!

પૂજ્ય ભાઈશ્રી :- તો ઈ જે કહેવા માંગે છે એને અવગણે છે. કહેવા માંગે છે એને અવગણે છે. ચોખ્ખી વાત છે પણ દેખાતી નથી. સ્વચ્છંદ આડે દેખાતી નથી. કેમકે સ્વચ્છંદ છે એ પોતે અંધત્વને ઉત્પન્ન કરે છે. જેમ આંધળાને ન દેખાય એમ સ્વચ્છંદીને પોતાની ભૂલ દેખાય જ નહિ. સ્વચ્છંદીને પોતાની ભૂલ ન દેખાય. આ નિયમ છે. પછી ભૂલ નાની હોય કે મોટી હોય, દેખાય જ નહિ. એને એમ થાય કે હું બધું બરાબર કરું છું.

મુમુક્ષુ :- એટલે જ એને મહાદોષ લીધો છે, બીજા દોષને દેખાવા દે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજા દોષને દેખાવા ન દે અને ક્યારે કેવડો મોટો દોષ કરી બેસે એનું કાંઈ ભાન રહે નહિ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જે ભક્તિ છે એમાં આજ્ઞાભક્તિ મુખ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આજ્ઞા મોટી વાત છે. આજ્ઞા તો દોરડું જ છે, છોડાય જ નહિ. ગમે ત્યારે ઉપર જાય... નીચે હોય ને ઉપર જાય. આજ્ઞાનું દોરડું મૂકાય નહિ. દોરડું મૂકે એટલે ગયો. ચોખ્ખી વાત છે. **'પોતાને કારણે પોતે સાચું સમજવાનો પ્રયત્ન કર્યો નથી. શુભથી બધું થઈ જાય તેમ માની લીધું છે,..'** રાગમાં કેમ અનાદિથી રોકાઈ ગયો કે સાચું સમજવાનો પ્રયત્ન કર્યો નહિ અને શુભમાં સર્વસ્વ બધું આવી ગયું, બધું મેં કરી લીધું એમ માની લીધું છે. **'પણ પોતે દૃષ્ટિ ફેરવે અને આત્માની સાચી રુચિ કરે તો ઓળખાય છે.'** દૃષ્ટિ ફેરવે એટલે દૃષ્ટિપણું ફેરવે. રાગ ઉપરની દૃષ્ટિ છે એ ઉઠાવી લે. એનું મહત્ત્વ ન રાખે. ખરેખર તો એમ આવવું જોઈએ કે હજી મોક્ષમાર્ગ મળ્યો નથી અને નિરાવરણદશા થઈ નથી. તો મેં જે કાંઈ કર્યું હોય એની કાંઈ કિંમત મારે આંકવા જેવી નથી. પછી શુભરાગ કર્યો હોય, સમર્પણ કર્યું હોય, જ્ઞાન કર્યું હોય, સ્વાધ્યાય કર્યો હોય, સત્સંગ કર્યો હોય, શાસ્ત્ર વાંચ્યા હોય ગમે ઈ કર્યું હોય - મને માર્ગ મળ્યો નથી એટલે મેં કાંઈ હજી કર્યું નથી. એને કાંઈ એણે કર્યું છે એનું મૂલ્ય આવવું ન જોઈએ. જો આવે તો અટકે - આગળ ન જઈ શકે. મોક્ષમાર્ગ સુધી પહોંચી ન શકે. **'દેવ-શાસ્ત્ર-ગુરુને બહારથી ઓળખ્યા પણ યથાર્થ ઓળખે તો આત્માને ઓળખ્યા વગર રહે નહિ.'** આ વાત પાક્કી. બહારથી ઓળખ્યા એટલે માન્યું કે ભાઈ જુઓ! વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર સિવાય અમે તો બીજે માનતા નથી. કોઈ રાગીદેવને અમે માનતા નથી. એ તો વીતરાગ છે એટલે માનીએ છીએ. એમ ઓળખ્યા પણ યથાર્થ ઓળખ્યા નહિ એટલે સ્વરૂપની ઓળખાણ ન થઈ. સ્વરૂપની ઓળખાણ ન થઈ, એમ છે. વીતરાગ છે ઈ બહારથી-બહારની ઓળખાણ છે. વીતરાગતાનું સ્વરૂપ શું છે? ઈ ખબર નથી પાછી. વીતરાગભાવને ઓળખ્યો નથી. ભાવને ઓળખે તો તે યથાર્થ ઓળખાણ છે. એટલે ભાવની ઓળખાણને ભાવભાસન ક્હેવામાં આવે છે. ભાસન એટલા માટે કહેવામાં આવે છે કે, એ ઓળખાણના ભાવભાસનમાં એ અંગેની feeling ઉત્પન્ન થાય છે. ઓલામાં માત્ર વિકલ્પ-વિચાર છે. આમાં feel થવા મંડે. ઓલું સીધું વીતરાગતાનો મહિમા આવે. ઓળખાણ થાય તો મહિમા અંદરથી આવે.

મુમુક્ષુ :- યથાર્થ ઓળખે તો આત્માને ઓળખ્યા વગર રહે નહિ, સ્વરૂપની ઓળખાણ સાથે એનું અનુસંધાન કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ઓળખાણ કારણ છે. જેમકે એ જ્ઞાન છે ને! ઓળખાણ એ જ્ઞાન છે ને, અહીંયાં સ્વરૂપની ઓળખાણ પણ જ્ઞાન છે. એટલે ઈ એને અનુસરે છે. શુભરાગ છે એને કારણ નથી લીધું ત્યાં, ઓળખાણને ઓળખાણ કારણ લીધું છે. કેમકે અનંતવાર શુભરાગ કર્યો દેવ-ગુરુ-શાસ્ત્રનો પણ ઓળખાણ નથી કરી. એમ

છે.

મુમુક્ષુ :- ફક્ત કૃપાળુદેવ આ વાત કરે છે એમ નથી બહેનશ્રી પણ આ જ વાત...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બધા જ્ઞાનીઓનો એક જ મત છે. ત્રણેકાળના જ્ઞાનીઓનો એક જ મત છે, જ્યારે એક અજ્ઞાનીના અનેક મત છે. અનેક અજ્ઞાનીના તો અનેક હોય જ, પણ એને પોતાના અભિપ્રાયનું જ ઠેકાણું નથી. ઘડીક આમ મત આપશે ને ઘડીક આમ આપશે. પોતે મત આપ્યો છે એથી વિરુદ્ધ મત આપી દેશે પાછો. એને ખબર નહિ રહે કે હું પોતે જ વિરુદ્ધતા કરું છું. **'અને આત્માને ઓળખે તો ભગવાનને ઓળખ્યા વગર રહે નહિ. એવો સંબંધ છે.'** બેયને નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. ૧૬૪ પૂરો થયો.

---

**પ્રશ્ન :- જીવ બહારનું કામ તો બધું કરી લે છે. આ કરતો નથી, તો અંતરમાં જવા માટે વિશેષ પ્રેરણા આપવા કૃપા કરશોજી.**

**સમાધાન :- ગુરુદેવે આંગળી ચીંધીને માર્ગ બતાવ્યો છે કે તું સ્વભાવને રસ્તે જજે, પણ કોઈ ચલાવી ન દે. ગુરુદેવ દેખાડતા હતા કે આ વિભાવનો રસ્તો છે તેમાં તીવ્રભાવ આવે કે મંદભાવ-શુભભાવ આવે, તે રસ્તે તું જઈશ નહિ, ક્ષણિક પર્યાયો હોય તેમાં રોકાઈશ નહિ અને અનેક ભેદભાવો આવે તેમાં પણ રોકાઈશ નહિ. શાશ્વત આત્માને ગ્રહણ કરજે, બીજે ક્યાંય રોકાઈશ નહિ. શાશ્વત આત્માને ગ્રહણ કરીશ તો તને સુખનું ધામ મળશે. આમ રસ્તો બતાવતા હતા. જો બીજે ક્યાંય રોકાણો કે પર્યાયમાં રોકાણો તો તને ચૈતન્ય ભગવાન આત્મા નહિ મળે. આમ બરાબર ચોખ્ખું કરી-કરીને બતાવતા હતા. પણ ચાલવાનું તો પોતાને રહે છે. શુભભાવ વચ્ચે આવતા જશે, પણ તેમાં રોકાઈશ નહિ; અંદર સાધનામાં સાધકદશાની પર્યાયો પ્રગટશે પણ તેમાં રોકાઈશ નહિ અને અનેક જાતના જ્ઞાનના ભેદો આવશે તેમાં પણ રોકાઈશ નહિ,-આ પ્રકારે અનેક રીતે કહેતા હતા. એક શાશ્વત દ્રવ્યને ગ્રહણ કરીને તેમાં તું જજે-તે રસ્તે જાજે, તને શુદ્ધતાની પર્યાય તેમાંથી પ્રગટ થશે. એમ કરી-કરીને માર્ગ બતાવતા હતા. બાકી ચાલવાનું તો પોતાને જ રહે છે.**

**એકલા જ્ઞાયક દ્રવ્યને પકડજે. જ્ઞાયક ભગવાનમાં બધું ભર્યું છે, તેમાંથી તને બધું મળશે. તેમાં બધી નિધિ છે તે તને મળશે. આમ પીંખી-પીંખીને બતાવતા હતા, પણ ચાલવાનું તો પોતાને છે. તેઓશ્રીએ બધું બતાવી દીધું, પણ ચાલે કોણ? જાણ્યા**

કરે અને આહા.....આહા..... આવું છે! એમ કર્યા કરે અને આ વિભાવ છે, આ પર્યાય છે એમ વિચાર કર્યા કરે પણ ચાલે કોણ? ચાલવાનું તો પોતાને છે. ગુરુ રસ્તો બતાવે પણ ચલાવી કોણ દે? મોઢામાં કોળિયો મૂકે, પણ જીભ ચલાવી, ગળે ઉતારવાનું પોતાને રહે છે, પોતાને પુરુષાર્થ કરવાનો છે. માર્ગ દેખાડનારા આ પંચમકાળમાં કોણ મળે? દુનિયામાં જુઓ તો બધા ક્યાંક ને ક્યાંક અટકેલા પડ્યા હોય છે. કોઈ આટલું વાંચી લે, કોઈ વ્રત-તપ-ત્યાગ કરી લે, કોઈ ભક્તિ કરી લે અને કોઈ ધ્યાન કરે કે અહો! ધ્યાનમાં ભગવાન દેખાણા, કાંઈક અજવાળાં દેખાણા-એમ કોઈ ક્યાંક તો કોઈ ક્યાંક અટકે છે, ભ્રમણામાં ક્યાંક ને ક્યાંક ભૂલા પડ્યા હોય છે. અહીં તો ભ્રમણા થવાનો અવકાશ જ નથી. એક ચાલવાનું જ પોતાને બાકી છે. ૧૬૫.

## પ્રશ્ન ૧૬૫ ઉપર પ્રવચન

૧૬૫, **'પ્રશ્ન :- જીવ બહારનું કામ તો બધું કરી લે છે. આ કરતો નથી, તો અંતરમાં જવા માટે વિશેષ પ્રેરણા આપવા કૃપા કરશોજી.'**

બહારનું કરી લે છે, અંતરનું કરતો નથી. પરિણામમાં દિશા બદલતો નથી. બાહ્ય પરિણામે જે પ્રકારે બાહ્ય ધર્મસાધન થયા તે બધા મુનિદશા યોગ્ય જીવ કરી ચૂકયો છે, અંતર્મુખ થયો નથી. તો ઈ વિષયમાં, અંતર્મુખ થવા સંબંધમાં પ્રેરણા માંગી છે.

મુમુક્ષુ :- ગુરુદેવશ્રી જે કહે છેને! કે, 'હું પરમાત્મા છું' એમ નક્કી કર! પછી પાછા પોતેને પોતે એમ કહે છે, પણ 'તમે પરમાત્મા છો' એટલું તો નક્કી કરવા દ્યો. પછી ગુરુદેવ એમ કહે કે, નહિ એમ નહિ 'હું પરમાત્મા છું' એમ નક્કી કર! તો ત્યાં શું કહેવું છે?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એમાં શું છે કે તારું વજન છે એ સ્વરૂપને ઓળખવા બાજુનું હોવું જોઈએ. નહિતર શું છે કે પહેલા તમે અમને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ ને પૂજા ને બધું કરી લેવા દ્યો. પછી અમે આત્માની ઓળખાણ કરશું એમ લોકો એવી રીતે શુભરાગની પ્રધાનતામાં આવી જાય છે. ગુરુદેવને જ્ઞાનની પ્રધાનતા કરાવવી છે, આત્મજ્ઞાનની પ્રધાનતા કરાવવી છે. એટલે ત્યાં શું છે? ત્યાં ગુરુદેવે સામે એવો

જીવ લીધો છે કે જેને દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ પણ છે અને ઓળખાણ પણ છે. એટલે તું તારી ઓળખાણ કરી લે. એટલે એની મુખ્યતા કર. એની મુખ્યતા કર એમ કહે છે. બીજી મુખ્યતા છોડી દે હવે. એવો એક ન્યાય છે આમ કે, પહેલા તો આ કરવું, પહેલા તો આ કરું, પહેલા તો આ કરું એમ અમુક કાર્યો પહેલા કરું એ તે કાર્યોમાં અટકવામાં એવી પરિસ્થિતિ અને કારણ ઊભું કરે છે. કે જે કારણ અને સાધન છે તે કારણ અને સાધન એના સ્થાનમાં રહેતા નથી. સાધન જ્યારે સાધ્યનું સ્થાન પકડે એટલે વિપર્યાસ ઊભો થાય અને ત્યાં અટકે એવું બને. એટલે સાધન સાધનના સ્થાનમાં રહેવું જોઈએ. સાધ્યના સ્થાનમાં નહિ આવવું જોઈએ.

મુમુક્ષુ :- પૂર્ણતાનું લક્ષ એટલે બંધાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે પૂર્ણતાનું લક્ષ પહેલા બંધાવે છે શરૂઆતમાં જ તે. એની પાછળ ગંભીરતા તો ઘણી છે. સિદ્ધાંત પાછળ ગંભીરતા ઘણી છે. અને આ ભૂલ મોટાભાગે, સાધનને ગ્રહણ કરવાવાળાને આ ભૂલ મોટાભાગે થઈ છે. હવે આપણે જ લઈએ કે સત્સંગ સાધન છે. ઉત્કૃષ્ટ સાધન સત્સંગ છે. તો ઈ બાબતમાં આપણે જે પ્રવૃત્તિ કરતા હોય એમાં શું વિચારવું જોઈએ? બીજા સાધનોમાં બીજા અટકે છે એની કાંઈ આપણે પંચાત કરવાની જરૂર નથી. આપણે સત્સંગ કરીએ છીએ. તો પછી એ સત્સંગનો એવા પ્રકારે રાગ રહે અને એ સત્સંગ routine થઈ જાય તો એ બાહ્ય સાધનમાં અટક્યો. પછી એ એનું સાધ્ય થઈ ગયું. પછી કહે છે કે નહિ હવે એક કલાક કરીએ છીએ એ બે કલાક કરો. બે કલાક કરીએ છીએ એ ચાર કલાક કરો. ચાર કલાક કરીએ છીએ ને હજી એક કલાક વધારો. પાંચ કલાક ને હજી એક કલાક વધારો. પછી જાણે એ જ સાધ્ય છે એવું થઈ જાય.

મુમુક્ષુ :- દેખાવ જાણે સત્સંગની રુચિ હોય એવો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં શું હોય ભૂલ થવાના આ બધા પ્રકાર છે. અનેક પ્રકારે ભૂલ થાય છે. કોઈપણ વિષય, કોઈપણ સાધન routine ન બની જવું જોઈએ. પછી એક કલાક કરો કે ત્રણ કલાક કરો ઈ immaterial છે. એનો કોઈ નિયમ નથી. ઈ routine નહિ થઈ જવું જોઈએ. નહિતર યંત્રવત્ થઈ જશે. ચાલો રોજ એક કલાક બેસી જવાનું કાં બે કલાક બેસી જવાનું - એમ નહિ થવું જોઈએ. હવે શું છે? કે જ્ઞાનીની એવી આજ્ઞા છે કે સત્સંગ તો નિયમિત કરવો!

મુમુક્ષુ :- પ્રાણત્યાગ જેવા પ્રસંગે પણ ગૌણ ન કરવો.

પૂજ્ય ભાઈશ્રી :- સત્સંગને ગૌણ કરવો નહિ અથવા નિયમિતપણે આરાધવો. એવું અનિયમિતપણું થવા દેવું નહિ. તો એને differentiate કેવી રીતે કરવો? કે એક

બાજુથી તમે કહો છો કે નિયમિત કરવો ને બીજી બાજુથી કહો છો કે routine ન થવું જોઈએ. આ વાતની ભેદરેખાઓ બધી સૂક્ષ્મ છે આવા બધા કારણોની. એનું શું કરવું? જે નિયમિત કરવો છે એ તો એક સામૂહિક પ્રક્રિયાને હિસાબે છે. સામૂહિક સત્સંગ છે એમાં નિયમિતતા જો ન જળવાય તો કોઈ વ્યવસ્થા નહિ રહે. કોઈ નિયમિતતા જળવાય એટલે એ routine થઈ જાય એમ ન થવું જોઈએ. જેમકે આપણો આ ભેગા થવાનો ટાઈમ છે. આઠથી નવ આપણે બેસીએ એટલે એ routine ન થવું જોઈએ. અને સામૂહિક કોઈપણ પ્રોગ્રામ છે એ નિયમિતતા વગર જળવાય નહિ. બધાને ઠીક પડે એમ આવે તો એવી વસ્તુ કાંઈ ઊભી થાય નહિ. સમજવાનો સામૂહિક પ્રયત્ન કાંઈ થાય નહિ. ભેગા જ ન થાય. કોઈ ગમે ત્યારે આવે કોઈ ગમે ત્યારે જાય, એમાં તો કાંઇ વાત એકધારી ચાલે નહિ. એટલે ઈ જે નિયમિતપણું છે એ સામૂહિકતાને જાળવવા માટે છે. નિયમિતતા જાળવવા માટે. routine બનાવવા માટે નથી કાંઈ!

મુમુક્ષુ :- ઉદયમેં કામ કરતે રહના ચાહિયે. સત્સંગમેં જો બાત આયે ઉસકો સારે દિન ઉદયમેં લાગૂ કરના ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો તમે એક કલાક સત્સંગ નથી કરતા! તો તમારે સત્સંગના ટાઈમનો નિયમ જ નથી રહ્યો પછી. સત્સંગમાં તમે એક કલાક-પોણી કલાક જે કાંઈ સમજ્યા એ સમજણને તમારા ઉદયમાં લાગુ કરો તો પછી તમે ક્યાં એક કલાક સત્સંગ કરો છો? તમે તો આખો દી' સત્સંગ કરો છો! તો તમે સત્સંગને સાધન બનાવ્યું કેમકે એથી આગળ જવા માટેનું જે તમારું સાધ્ય છે એ દિશામાં તમારા પરિણામોની પ્રવૃત્તિ ચાલુ થઈ.

મુમુક્ષુ :- પોતાના આત્મકલ્યાણનું જે લક્ષ છે એ જાળવવા અર્થે સત્સંગ છે, સત્સંગ કરવા અર્થે માત્ર સત્સંગ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- સત્સંગ અર્થે સત્સંગ નથી. જેમ બાહ્યત્યાગ અર્થે બાહ્યત્યાગ નથી. અંતરત્યાગ અર્થે બાહ્યત્યાગ ઉપકારી છે. એમ આત્મકલ્યાણને સાધ્ય કરવાનું છે એના અર્થે આ સાધન છે, સાધનના અર્થે સાધન નથી. એવું લક્ષ પહેલેથી હોવું જોઈએ.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એનો અર્થ એમ થયોને કે કોઈપણ બાહ્યપ્રવૃત્તિ હોય કે અંતર્પ્રવૃત્તિ, લક્ષ જીવનું જો યથાર્થ ન હોય તો એ સાધ્યની સિદ્ધિ નથી થાતી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નથી થતી. '**જીવ બહારનું કામ તો બધું કરી લે છે.**' એટલે કે બાહ્યસાધન તો કરી લે છે, અંતર્મુખ થતો નથી. તો શું છે? પહેલેથી જ એનું લક્ષ અંતર્મુખ થવાનું નથી. એની અંતર્આત્મવૃત્તિ નથી, બહિરાત્મવૃત્તિ છે. અને બહિરાત્મવૃત્તિ એ બાહ્યસાધનો ને બાહ્યકાર્યો છે. એ ધર્મના ક્ષેત્રમાં કરે છે, કર્યા છે.

અંતર્‌આત્મવૃત્તિ હોય તો એનું એ લક્ષ હોય અને એના પાયા ઈ ગોતે, એના ઉપાય ઈ ગોતે એની ખોજ એને ચાલતી રહે. બહારમાં બધું કરે તોપણ એની અંતરખોજ ચાલી ન જાય, લીધું છે બહેનશ્રીએ? ચાલી ન જાય. ભલે મુમુક્ષુ બધું કરે - શાસ્ત્ર સ્વાધ્યાય કરે, પૂજા-ભક્તિ કરે, મુમુક્ષુને યોગ્ય બધી પ્રવૃત્તિ કરે પણ એની અંતરશોધ ચાલી ન જાય. કેમકે એને અંતર્મુખ થવું છે એ વાત પહેલેથી લક્ષમાં રાખી છે.

મુમુક્ષુ :- અસંગ થવા માટે સત્સંગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અસંગ થવા માટે સત્સંગ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! બહિરાત્મવૃત્તિથી જે કરે છે એની પાછળ શો અભિપ્રાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું અભિપ્રાય છે કે, પહેલેથી અંતર્મુખ થવું એ અભિપ્રાયનો અભાવ છે. યથાર્થ અભિપ્રાયનો અભાવ છે. એટલે આ બધું કર્યા કરવું એવો અભિપ્રાય છે. જે કરે છે તે કર્યા કરવું. જેમકે ભક્તિ કરે છે હવે ઈ અમુક સંસ્થાઓ એવી થઈ જાય કે ભાઈ ચાલો સવારના પાંચથી રાતના નવ સુધી જુદા-જુદા ટાઈમે ભક્તિના પ્રોગ્રામ ચાલ્યા જ કરે. કેમ? કે ભક્તિને સાધન માન્યું. જ્ઞાનીઓએ કહ્યું તે ભક્તિ સાધન છે. પણ કઈ ભક્તિ? કાંઈ ગાયા કરવું એનું નામ ભક્તિ છે એવું કોણે કીધું? ભક્તિ તો કાંઈ રાગની પર્યાય છે? કે ભજન અને ગીતની પર્યાય છે એવું થોડું છે? ભક્તિ તો જ્ઞાનની પર્યાય છે, બહુમાનની પર્યાય છે. યથાર્થ ન સમજે તો ઈ રસ્તે ચડી જાય. એવું થાય.

મુમુક્ષુ :- લક્ષશૂન્ય પ્રવૃત્તિ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. લક્ષશૂન્ય, પૂર્ણતાના લક્ષ વગરના પરિણામ એ લક્ષશૂન્ય પ્રવૃત્તિ થઈ ગઈ. લક્ષશૂન્ય પ્રવૃત્તિ એટલે firing in the dark. અંધારામાં ગોળીબાર કર્યા કરો. કોને વાગે?

મુમુક્ષુ :- કોઈપણ આપણે જે ભાવ છે, તે routineમાં convert ન કરીએ અને પોતાને તપાસવાનો હોય તો કેવી રીતે તપાસે?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વાત ચાલી, કે પોતે પૂર્ણશુદ્ધિનું લક્ષ કર્યું છે એ દિશામાં કાંઈ કરે છે? કે બસ આ સત્સંગ કરવાનું કીધું છે માટે આપણે કર્યે જઈએ છીએ? એમ ચાલે છે. આગળ ન ચાલે તો routine તો થઈ જ જાય. બીજું શું થાય? કારણ કે ઈ તો એણે પકડી રાખ્યું જ છે કે સત્સંગ તો છોડાય જ નહિ. બરાબર છે? સત્સંગ છોડાય નહિ એટલે સત્સંગ તો કરવાનો જ તે - એમ નથી. સત્સંગ કરવો, યથાર્થ સત્સંગ કરી આગળ જવું એમ વાત છે એની અંદર. નહિતર તો પાંચ જણા ભેગા થઈ ગયા એટલે સત્સંગ થઈ ગયો - એમ ન ચાલે કાંઈ. સત્સંગ યથાર્થ થવો

જોઈએ અને આગળ ચાલવું જોઈએ. નહિતર routine થઈ જ જવાનું. હવે સીધો પ્રશ્ન એમ છે કે સત્સંગ આગળ ચાલવા માટે છે કે સત્સંગમાં રોકાવા માટે સત્સંગ છે?

મુમુક્ષુ :- આગળ ચાલવા માટે.

પૂજ્ય ભાઈશ્રી :- આગળ ચાલવા માટે (પણ) આ તો તું ત્યાં રોકાઈ ગયો!

મુમુક્ષુ :- પ્રયોજનનો દૃષ્ટિકોણ જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નથી. એ તો મુમુક્ષુની ભૂમિકામાં પ્રયોજનનો દૃષ્ટિકોણ સાધ્ય થવો ઈ એક જ એવો પ્રકાર છે કે જેના ઉપર આખા વિકાસનો, મુમુક્ષુની ભૂમિકાના વિકાસનો આધાર રહેલો છે. એક જ મુદ્દો એવો છે. તો જ મુમુક્ષુનો વિકાસ થાય, એની ભૂમિકામાં ઉત્તરો-ઉત્તર વૃદ્ધિ થાય. નહિતર કોઈ રીતે ન થાય.

મુમુક્ષુ :- પ્રયોજન બહુ સ્પષ્ટ હોવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રયોજન બહુ સ્પષ્ટ હોવું જોઈએ. એટલું જ નહિ પ્રયોજનની પક્કડ જોરદાર હોવી જોઈએ નહિતર પોતાના માટેનો અપ્રયોજનભૂત વિષય ઘણો આવતો હોય છે. અને જીવ ત્યાં મુખ્યતા આપી દે છે અને રોકાઈ જાય છે અને પ્રયોજન છૂટી જાય છે. પ્રયોજનમાં અદ્ધર (રહી) જાય છે. એટલે પ્રયોજનની પક્કડ બહુ સારી આવવી જોઈએ.

મુમુક્ષુ :- પોતાને પોતાની ભૂમિકા શું છે ઈ વાત પોતાને સ્પષ્ટ હોવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની ભૂમિકાની વાત સ્પષ્ટ હોવી જોઈએ. પોતાનું પ્રયોજન શું છે? એ વાત સ્પષ્ટ હોવી જોઈએ અને એની પક્કડ એને રહેવી જોઈએ. તીક્ષ્ણ અને સૂક્ષ્મ જેટલું હોય એટલો આગળ ચાલે.

મુમુક્ષુ :- પોતાની ભૂમિકા સ્પષ્ટ ન હોય તો આ વાત મારા અનુસંધાનમાં, મારે આ કેવી રીતે લાગુ કરવી એ ખબર જ ન હોય ને?

પૂજ્ય ભાઈશ્રી :- લાગુ કરવાનું થાય નહિ એટલે આગળ વધી શકે નહિ. અને પ્રયોજનમાં ચૂકે ને અદ્ધર થઈ જાય પછી આગળ વધવાની વાત રહી ક્યાં?

'**સમાધાન :- ગુરુદેવે આંગળી ચીંધીને માર્ગ બતાવ્યો છે કે તું સ્વભાવને રસ્તે જજે, પણ કોઈ ચલાવી ન દે.**' ચાલવાનું પોતે છે. અને પાત્ર જીવને એ વાત પહેલેથી જ સમજમાં છે કે ગુરુને હું શોધું છું એ મને સાચે રસ્તે આંગળી ચીંધશે. ચાલવાનું મારે જ છે એ એને પહેલેથી ખબર છે. અને તો જ એની પાત્રતા ગણાય. બાકી તમે મારું કરી દ્યો, તમે મારું કરી દ્યો, મેં તમારા ખોળામાં માથું નાખી દીધું છે. હું તમારા ચરણમાં આવ્યો છું હવે મારું બધું તમે કરી દ્યો!! એનો અર્થ કે તારે કરવું

નથી અને એની પાસે કરાવવું છે. તો ઈ વાત પણ વિપરીત છે. એટલા માટે વિપરીત છે કે પોતે તો કામ કરે કે કરાવે? પોતે કામ કરે કે પોતે એની પાસે કરાવે? પોતે સેવક છે તો સેવા કરે કે સેવા કરાવે? આ તો સેવા કરાવવાની વાત થઈ કે, હું તમારી સેવા કરું તમે મારી સેવા કરો. Barter system. હું તમારી સેવા કરું છું માટે તમે મારી સેવા કરી દ્યો.

મુમુક્ષુ :- આ ભાવ પણ સ્વચ્છંદમાં ગયો ને?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો! એ પણ સ્વચ્છંદમાં જ ગયો. પાત્ર જીવને પહેલેથી... એ બહેનશ્રીએ લીધું છે, આ વાત બહેનશ્રીએ વચનામૃતમાં લીધી છે કે પાત્ર જીવ પહેલેથી એમ જ વિચારે છે કે કામ તો મારે જ કરવાનું છે. પુરુષાર્થ મારે જ કરવાનો છે. મારું કામ મારે જ કરવાનું છે. ગુરુ કાંઈ મારું કામ ન કરી દે અને મારે ગુરુને કામ સોંપાય પણ નહિ. એ તો ઘરે મોટા મહેમાન આવ્યા હોય અને એને હાથમાં સાવરણી આપવા જેવું થાય. કે હવે આમાં તમે આવ્યો છો, અમે તમારું બહુ સ્વાગત કર્યું હવે અમારા ઘરની સંજવારી કાઢો! ઈ દૃષ્ટાંત એટલા માટે છે કે જે દોષ કાઢવા છે એ તો કચરો કાઢવાનો છે, તો કચરો તારે સાવરણી લઈને કાઢવાનો કે એના પાસે સાવરણી લેવડાવાની? તારે શું કરવું છે? ગુરુને બેસાડ્યા ગુરુના સ્થાને - મોટી પદવી આપી, સારું સિંહાસન આપ્યું પછી હાથમાં સાવરણી પકડાવાય? કે ઊભા થઈને વાસીદું કાઢો. ઈ કામ તો પોતાને કરવાનું છે. અને ઈ તો બની શકે એવું પણ નથી. કોઈ ચલાવી ન દ્યે. એનો અર્થ શું છે કે ઈ થઈ શકે એવું છે પણ નહિ. કલ્પના કર કે અપેક્ષા રાખ - ઈ સમજણ વગરની વાત છે.

આશય :- (૧૬૪) **દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેના પરિણામ નિમિત્ત પરક પરિણામ હોવા છતાં પણ ઓળખાણપૂર્વક યથાર્થ ભાવે હોવાથી દૃષ્ટિ અને સાધનાને અનુકૂળ છે, પ્રતિકૂળ નથી એમ સમજવા યોગ્ય છે.**

**'આનું કરવું, આનું કરવું' એમ બહારમાં તારું ધ્યાન કેમ રોકાય છે? આટલું ધ્યાન તું તારામાં લગાડી દે.**

**- બહેનશ્રીનાં વચનામૃત - ૩૪૦**

## તા. ૦૭-૫-૧૯૯૭, પ્રશ્ન-૧૬૫
## પ્રવચન નં. ૧૨૦

સ્વાનુભૂતિદર્શન, પાનું-૧૧૬, ૧૬૫મો પ્રશ્ન છે. પ્રશ્ન કાલે આપણે શરૂ કર્યો હતો. કે બહારનું બધું કામ તો કરી લઈએ છે. બહારનું બધું કામ એટલે શું? ધર્મ સાધન. બાહ્ય ધર્મ સાધન, શાસ્ત્ર સ્વાધ્યાય, ત્યાગ, પૂજા ભક્તિ, બાહ્ય પરિણામથી તો કામ કરે છે. આ કરતો નથી એટલે અંતર્મુખ થતો નથી. તો અંતર્મુખ થવાના વિષયમાં પ્રશ્ન કર્યો છે કે કેવી રીતે કામ કરવું? અંતર્મુખ કેમ થવું? પ્રશ્ન એ છે.

**'સમાધાન :- ગુરુદેવે આંગળી ચીંધીને માર્ગ બતાવ્યો છે કે તું સ્વભાવને રસ્તે જજે, પણ કોઈ ચલાવી ન દે.'** કોઈ ચલાવી ન દે. જાવાનું પોતે છે. ચાલવાનું પોતે છે. ગુરુદેવે આંગળી ચીંધીને માર્ગ બતાવ્યો છે એટલે દિશા સૂચન કર્યું છે. દિગ્દર્શન કર્યું છે કે, તું સ્વભાવને રસ્તે જજે, સ્વભાવને ગ્રહણ કરજે. પણ પુરુષાર્થ કરીને એ દિશામાં પરિણમન તો પોતાને કરવાનું રહે છે. આકાશમાં બીજનો ચંદ્ર ન દેખાતો હોય તો આંગળી ચીંધે. અહીંયાં જુઓ તમે! આંગળી સામે પણ જોવું પડે. આંગળી સામું જોવામાં હેતુ છે કે, આંગળી કઈ દિશા બતાવે છે. આંગળી સામું જોયા કરે તોપણ ચંદ્ર ન દેખાય. આંગળી સામે જોવે જ નહિ તોપણ ચંદ્ર ન દેખાય. જે દિશા બતાવે છે એ દિશા બાજુ પોતે જોવું પડે. એમ શ્રીગુરુની વાત અવધારે નહિ, લક્ષમાં ન લે તોપણ માર્ગ ન મળે. અને માત્ર એમ કહે કે આપ કૃપા કરો, આપ કૃપા કરો, આપ અમારું કરી દ્યો, તોપણ કાંઈ માર્ગ મળે નહિ. પુરુષાર્થ તો પોતે કરવાનો છે. એટલે પાત્ર જીવને પહેલેથી એ સમજણમાં હોય છે કે માર્ગદર્શન જે રીતે મળે એ રીતે મારે પુરુષાર્થ કરવાનો છે - એ રીતે. પહેલેથી લક્ષમાં અથવા સમજણમાં હોવું જોઈએ. **'ગુરુદેવ દેખાડતા હતા કે આ વિભાવનો રસ્તો છે તેમાં તીવ્રભાવ આવે કે મંદભાવ-શુભભાવ આવે, તે રસ્તે તું જઈશ નહિ,..'** જે વિભાવ બાજુનું પરિણમન છે એમાં તીવ્રપણે તો પરિણમવા જેવું નથી. પણ મંદ પરિણમન થાય માટે એ રસ્તે જાવું ઠીક છે એમ નથી. (પહેલા) તીવ્રપણે જતો હતો (એમાં) મંદતા આવશે. મંદતા આવ્યા વગર રસ્તો નહિ બદલાય. વિભાવોની તીવ્રતા, રસની તીવ્રતા તો ઘટાડવી જોઈએ, ઘટવી જોઈએ. રસ મંદ થયા પછી રસ બદલવાનો છે. સ્વભાવ રસ આવવો જોઈએ. જે અવલોકનની practice છે એ practiceમાં રસ પકડાય છે. શું પકડાય છે? રસ

પકડાય છે. વિભાવ પરિણામોમાં વિભાવ રસ પકડાય કેમકે એ સ્થૂળ છે. એટલે પહેલા વિભાવ પરિણામોમાં વિભાવ રસ પકડાય. પછી જેમ સૂક્ષ્મતા આવે જ્ઞાનમાં, નિર્મળતા આવે જ્ઞાનમાં તેમ-તેમ જ્ઞાનમાં સ્વભાવ રસ પકડાય. ત્યારે દિશા બદલાય. કેમકે ગ્રહણ કરનાર પણ જ્ઞાન છે અને પોતાના જ સ્વભાવને જ્ઞાન, પોતાના જ જ્ઞાનસ્વભાવને ગ્રહણ કરે છે. પોતામાં કરે છે, પોતામાંથી કરે છે અને પોતાથી જ કરે છે. કરનાર પણ પોતે જ છે. જે વિભાવનો રસ્તો છે એમાં તીવ્રભાવ આવે કે મંદભાવ આવે તે રસ્તે તું જઈશ નહિ. એ રસ્તો જુદો છે અને આ રસ્તો જુદો છે. જુદો છે એટલે બેયની દિશા પરસ્પર વિરુદ્ધ છે, ઉત્તર-દક્ષિણ છે, parallel નથી, બાજુ-બાજુમાં નથી. ઊલટી-સૂલટી દિશા છે. **'ક્ષણિક પર્યાયો હોય તેમાં રોકાઈશ નહિ..'** જ્ઞાનનો ક્ષયોપશમ વધ્યો, થોડી રુચિ વધી. કોઈ સરળતા આદિ ગુણ થયા મુમુક્ષુની ભૂમિકામાં. નમ્રતા વગેરે આવ્યા, પણ એમાં ક્યાંય રોકાઈશ નહિ. ક્ષણિક પર્યાયોમાં ક્યાંય રોકાઈશ નહિ. કેમકે શ્રીગુરુ મૂળ જે આત્મસ્વભાવ છે, મૂળ સ્વરૂપ છે એ ગ્રહણ કરાવવા માંગે છે. **'ક્ષણિક પર્યાયો હોય તેમાં રોકાઈશ નહિ અને અનેક ભેદભાવો આવે તેમાં પણ રોકાઈશ નહિ.'** ભેદભાવો એટલે જુદા-જુદા સ્તરના, જુદા-જુદા પ્રકારના તને અનેક ભાવો આવે- એમાં પણ તું રોકાઈશ નહિ. **'શાશ્વત આત્માને ગ્રહણ કરજે, બીજે ક્યાંય રોકાઈશ નહિ.'** એ પોતાનું ત્રિકાળી શાશ્વત સ્વરૂપ છે. એ જ અનંત શાંતિનું ધામ છે. અનંત સુખધામ પણ એ જ છે. એ સિવાય બીજું કોઈ વિશ્રામ સ્થાન નથી. જીવને માટે બીજું કોઈ વિશ્રામ સ્થાન નથી. પર્યાયો ગમે તેવી થાય તોપણ ક્ષણિક છે. કોઈ સ્થાયી પર્યાય છે નહિ. અંતર્મુખ થઈને પર્યાયને ધ્રુવ તરફ લઈ જવી, મૂળ સ્વરૂપ તરફ લઈ જવી, એ દિશા બદલવાની છે. શાશ્વત આત્માને ગ્રહણ કરજે બીજે ક્યાંય રોકાઈશ નહિ. **'શાશ્વત આત્માને ગ્રહણ કરીશ તો તને સુખનું ધામ મળશે.'** શાશ્વત આત્માને ગ્રહણ કરીશ તો તને ત્યાં સુખ છે ઈ સુખધામ તને મળશે. પહેલા તો વિશ્વાસ આવવો જોઈએ કે અનંત સુખનું નિધાન મારામાં જ ભર્યું છે. અને મારામાંથી જ મને સુખ મળશે, બીજે ક્યાંયથી મને સુખ નહિ મળે. **'શાશ્વત આત્માને ગ્રહણ કરીશ તો તને સુખનું ધામ મળશે. આમ રસ્તો બતાવતા હતા.'** આ ચર્ચા પાછળથી થઈ છે. કેટલીક ચર્ચાઓ ગુરુદેવની હયાતીમાં થઈ છે અને કેટલીક ચર્ચાઓ એમની બિનહયાતીમાં થઈ છે. એટલે વચનમાં વર્તમાનકાળ ને ભૂતકાળ એના ક્રિયાપદો આવે છે. આમ રસ્તો બતાવતા હતા. **'જો બીજે ક્યાંય રોકાણો કે પર્યાયમાં રોકાણો તો તને ચૈતન્ય ભગવાન આત્મા નહિ મળે.'** બીજે ક્યાંય રોકાણો તો એ તો પરલક્ષ થયું. પરલક્ષનો તો એકાંતે નિષેધ છે. પણ અવલોકનમાં આવે ત્યારે પર્યાયમાં પર્યાયના લક્ષે પર્યાયનું અવલોકન

થાય. પણ હેતુ પર્યાયના લક્ષે પર્યાયનું અવલોકન કરવાનો હોવો જોઈએ નહિ. એમાં શોધ ચાલવી જોઇએ કે આમાં સ્વભાવ – વિભાવ સ્વભાવ શું છે અને આત્મસ્વભાવ, સ્વભાવ સ્વભાવ શું છે? અવલોકન ખોજ, ખોજની દૃષ્ટિથી ચાલવું, સંશોધકદૃષ્ટિથી ચાલવું જોઈએ. શોધકદૃષ્ટિ ચાલુ રહેવી જોઈએ. એ રીતે અવલોકન કરવાનું છે. એટલે બીજે ક્યાંય રોકાણો તોપણ આત્મા નહિ મળે. પર્યાયમાં રોકાણો તોપણ આત્મા નહિ મળે. કેમકે બેય આત્મસ્વરૂપથી બહિર્ છે, બહાર છે. આત્મા છે એ અંતઃતત્ત્વસ્વરૂપ છે. કેવું છે? અંતઃતત્ત્વસ્વરૂપ છે અને એથી આ બધું બહાર છે. પર્યાય પણ બહાર છે. પરદ્રવ્ય તો બહાર છે જ. એ બંનેનું લક્ષ શોધીને અંતર્મુખ થવું જોઈએ. ત્યાં સુધી દિશા નહિ બદલાય. પરિણામોનું અવલોકન છે એમાં મર્યાદિત કાર્ય શું થાય છે? કે પરલક્ષ છોડવાનું કાર્ય થાય છે. પર સાથેનો તારો જે સંબંધ છે એને disconnect કરવાની વાત છે. તું તારા અવલોકનમાં લાગ્યો રહે. પરની સાથે તારે કાંઈ લેવા-દેવા નથી. લાભ પણ નથી અને નુકસાન પણ નથી. હવે, તારામાંને તારામાં જે ભાવો છે એનું અવલોકન કરતા તારા સ્વભાવને શોધી કાઢજે. એમ વાત છે. '**આમ બરાબર ચોખ્ખું કરી-કરીને બતાવતા હતા.**' ગુરુદેવશ્રી બહુ ચોખ્ખું કરીને.. સ્પષ્ટીકરણ ઘણું આવ્યું, ગુરુદેવના પ્રવચનોમાં અને ચર્ચાઓમાં સ્પષ્ટીકરણ ઘણું આવ્યું છે. '**પણ ચાલવાનું તો પોતાને રહે છે.**' કામ તો પોતાને કરવાનું છે. પુરુષાર્થ તો પોતાને કરવાનો છે. વિનયથી ગમે તેવો વિનય કરવામાં આવે કે આપ સર્વસ્વ છો! આપ જ બધું કરી દ્યો છો! આપની કૃપા વગર કાંઈ થાય નહિ, આપ કૃપા કરો તો જ થાય! વિનય ગમે તેટલો કરે, પણ એ વિનય કરનારને ખબર છે કે, પુરુષાર્થ તો હું કરીશ ત્યારે જ થવાનો છે. વિનય તો અહમ્ભાવ મટાડવા માટે છે. જીવને અહમ્ભાવ ઓછો નથી, અહમ્ભાવ પણ ઓછો નથી. ઘણો અહમ્ભાવ છે. એને ગાળવા માટે પોતે પોતાને પામરમાં પામર ગણાવે છે. પણ એ પામરપણું પરમેશ્વરપદની પ્રાપ્તિ કરવા માટે ગાવાનું છે. આમ છે. ગુલાંટ ખાવી છે. એક ઘોડેથી ઊતરે તો બીજા ઘોડે ચડેને! એમ છે. વિભાવના ઘોડે ચડ્યો છે, ત્યાંથી ઊતરે તો સ્વભાવમાં ચડે એમ છે. એટલે ઊતરે ત્યારે એકવાર તો એને પામરતા આવવી જોઈએ. અને પર્યાયમાં છે પણ પામરતા. પર્યાયની પામરતા તો છે, પર્યાયની પામરતાનો સ્વીકાર કર્યા વિના સીધું પરમેશ્વરપદ જોવા મળે, એમ બનવાનું નથી. કેમકે પામરતા તો પામરતા છે! સ્વીકારે કે ન સ્વીકારે. દીનતા તો દીનતા છે.

મુમુક્ષુ :- કૃપાળુદેવે લીધું છે ને, પોતાના વિશે અજ્ઞાન જ વર્ત્યું આવ્યું છે. એવો લઘુત્વભાવ અને જ્ઞાની પ્રત્યે માહાત્મ્યબુદ્ધિ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- આવવું જ જોઈએ.

મુમુક્ષુ :- અધમા અધમની વાત છે એ પણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઈ એમ જ છે. હા આવવું જોઈએ. બરાબર ચોખ્ખું કરી કરીને બતાવતા હતા. પણ ચાલવાનું તો પોતાને રહે છે. **'શુભભાવ વચ્ચે આવતા જશે, પણ તેમાં રોકાઈશ નહિ;..'** શુભ-અશુભ બન્ને આવે છે. અશુભ માટે કોઈને વિવાદ નથી કે, અશુભભાવ ભલે આવે. એ તો ન જ આવવા જોઈએ. એ વાત સ્પષ્ટ છે. તોપણ ભૂમિકા પ્રમાણે આવ્યા વિના ન રહે. એવી જ રીતે શુભભાવ છે એ પણ આવ્યા વિના રહે નહિ. એ પણ ભૂમિકા પ્રમાણે આવશે. એ શુભાશુભમાં ક્યાંય રોકાવા જેવું નથી. આવશે, ભૂમિકા પ્રમાણે આવ્યા વિના નહિ રહે. પણ ક્યાંય રોકાવા જેવું નથી. **'પણ તેમાં રોકાઈશ નહિ; અંદર સાધનામાં સાધકદશાની પર્યાયો પ્રગટશે પણ તેમાં રોકાઈશ નહિ..'** આગળ ચાલીશ. ત્યારે સાધકદશાની પર્યાયો પણ આવશે. એ પણ રોકાવાનું સ્થાન નથી એટલે પહેલું પૂર્ણતાનું લક્ષ કરાવ્યું છે. કે તારે પૂર્ણતા ન પ્રગટે ત્યાં સુધી ક્યાંય રોકાવાનો પ્રશ્ન રહેતો નથી. અધૂરી પર્યાયમાં રાજી થઈ જવાની જરૂર નથી. કેમકે તારો અધિકાર પૂર્ણપદને લેવાનો છે. પછી અધૂરા પદમાં શું કરવા તું રાજી થાય છો? સ્વરૂપે તું પૂર્ણ છો. અવસ્થાએ પૂર્ણતાને પ્રાપ્ત કર એ તારો અધિકાર છે. એ અનાદિનો અધિકાર છે. ઓલા ક્હેને અમારો જન્મસિદ્ધ હક છે. જેમકે ભાઈ આ ઘરમાં અમારો જન્મ થયો એટલે અમારો આ ઘર ઉપર જન્મસિદ્ધ હક છે. ત્યાં તો જન્મ્યા ત્યારથી છે. આ તો અજન્મા પદાર્થ છે. અનાદિથી અધિકાર છે. પૂર્ણતા જ મળવી જોઈએ. એટલે **'અંદર સાધનામાં સાધકદશાની પર્યાયો પ્રગટશે પણ તેમાં રોકાઈશ નહિ..'** તેમાં તને સુખ શાંતિ મળશે પણ અધૂરી હશે. **'અને અનેક જાતના જ્ઞાનના ભેદો આવશે તેમાં પણ રોકાઈશ નહિ,..'** મતિશ્રુતજ્ઞાન પછી કોઈવાર અવધિજ્ઞાન પ્રગટે છે, દેવલોકમાં જાય ત્યાં. ત્યાં તો બન્ને કુઅવધિ-સુઅવધિ બન્ને છે. અવધિજ્ઞાન પ્રગટશે. મુનિદશામાં કદાચ મનઃપર્યયજ્ઞાન એ પણ પ્રગટશે. એ પણ રોકાવાનું સ્થાન નથી. જીવ રોકાય છે ક્યારે? એ બીજાની સામે જોવે છે ત્યારે. આને આટલું નથી ને મને આટલું છે એમ જે આવ્યું, એટલે ગડબડ થઈ ગઈ બધી. કોને શું છે અને કોને શું નથી? એ વાત આપણે લક્ષમાં લેવાની બિલકુલ જરૂર નથી. ભાવના બીજા માટે એમ રાખવી કે સહુ પૂર્ણપદને પામો. કૃપાળુદેવે પદ લીધું છેને કે, આ આત્મા માટે જેવા ભાવ છે એવા જ ભાવ જગતના બીજા બધા આત્માઓ માટે છે. શું? એમાં ભવિ-અભવિનું પણ જ્ઞાની કે તીર્થંકર થાય એ જોતા નથી. બસ! ભાવના રાખો બાકી કોઈનું પરલક્ષ કરવા જેવું નથી. નહિતર રોકાઈ જઈશ કે એની પાસે આ નથી

ને મને આ છે. એને ન સમજાણું ને મને સમજાણું. છતાં તને બીજા ઉપર ઉપયોગ જાય તો એના ગુણ જોવાનો પ્રયત્ન કરજે. કાલની ચર્ચામાં આવ્યું હતું. બીજાના અલ્પગુણો પ્રત્યે પણ પ્રીતિભાવ એમ કરવાની તને છૂટ છે. ભલે તારાથી અલ્પગુણો હોય તોપણ પ્રીતિ કરજે અને ભાવના રાખજે કે એ પણ પૂર્ણપદને પામે. બાકી એ સિવાય એ મર્યાદા થઈ ગઈ એની. પરને જોવાની એ મર્યાદા થઈ ગઈ. એનું ઉલ્લંઘન કરીને બહાર જઈશ તો તને નુકસાન આવી પડશે. **'અનેક જાતના જ્ઞાનના ભેદો આવશે તેમાં પણ રોકાઈશ નહિ,-આ પ્રકારે અનેક રીતે કહેતા હતા.'** અનેક રીતે કહેતા હતા કે ક્યાંય રોકાવા જેવું નથી. **'એક શાશ્વત દ્રવ્યને ગ્રહણ કરીને તેમાં તું જજે-તે રસ્તે જાજે,..'** શું? શાશ્વત દ્રવ્ય છે એ નિજ પરમાત્મસ્વરૂપ છે. પોતાનું જ પરમપદ છે, એને ગ્રહણ કરજે. એ ગ્રહણ કરવાના રસ્તે તું જજે. એ મૂળમાર્ગ છે. અંતર્મુખ થઈને, અંતરાત્મ થઈને પરમાત્મપદનું અવલંબન લેવું એ મૂળ વાત છે. **'તને શુદ્ધતાની પર્યાય તેમાંથી પ્રગટ થશે.'** એમ કરતા તને શુદ્ધતાની પર્યાય પ્રગટ થશે. ઠીક છે! છતાં પણ સાધકને પર્યાયદૃષ્ટિ નહિ હોવાથી ત્યાં એ રોકાતો નથી. અનંતકાળમાં જીવને પોતાનો સુખ-શાંતિ અને આનંદનો અનુભવ નથી થયો. એવો પ્રથમ અનુભવ સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાના કાળમાં થાય છે. અપૂર્વ આનંદ, અપૂર્વ શાંતિ છતાં પણ એની દૃષ્ટિ પોતાના પરમાત્મપદ ઉપર હોવાથી એ આનંદની અને એ સુખની દૃષ્ટિ થતી નથી. એને ગૌણ કરી જાય છે. મુખ્ય એવું જે પોતાનું સ્વરૂપ એમાં જે અનંત આનંદ ને અનંત સુખ-શાંતિ જોયા, એની પાસે (સરખામણીમાં) જે પ્રગટ થયા એ અનંતમાં ભાગે થયા એટલે એની મુખ્યતા આવતી નથી. અપૂર્વ પ્રગટ થયું છતાં પણ એની મુખ્યતા નથી આવતી. એવી સાધકદશા હોય છે. યથાર્થ સાધકદશા એવી હોય છે. અથવા સમ્યગ્દૃષ્ટિ એવી દૃષ્ટિ છે કે જે પોતાના પરમાત્મસ્વરૂપ સિવાય બીજાને દૃષ્ટિમાં લે નહિ. આનંદ પ્રગટ્યો એ જ્ઞાને જાણ્યું-અનુભવ્યું, તોપણ દૃષ્ટિ ફરતી નથી. કેમકે દૃષ્ટિનો વિષય એટલો મહાન છે. એની આગળ કોઈ મહાન નથી. આ તો હજી જઘન્ય અંશે આનંદ પ્રગટ્યો છે પણ કેવળજ્ઞાન થશે ત્યારે તો પરમાનંદ પ્રગટ થશે. પૂરેપૂરો - પૂર્ણ આનંદ પ્રગટ થશે. તોપણ દૃષ્ટિ નિજ પરમાત્મ દ્રવ્યને છોડતી નથી. **'એમ કરી-કરીને માર્ગ બતાવતા હતા.'** એ રીતે ઘણી વાતો કરી છે. **'બાકી ચાલવાનું તો પોતાને જ રહે છે.'** એ વાત અંદરથી પોતાનું જે પરિણમન છે એમાં ઊલટી દિશાનો પુરુષાર્થ તો અમસ્તોય ચાલે છે. અનાદિથી ચાલે છે. એ વીર્યગુણ કાંઈ પરિણમ્યા વગરનો તો છે નહિ. એની દિશા તો બદલવી જ રહી.

**'એકલા જ્ઞાયક દ્રવ્યને પકડજે.'** એકલા જ્ઞાયક દ્રવ્યને પકડજે. શું કહે છે? **'જ્ઞાયક**

**ભગવાનમાં બધું ભર્યું છે,..'** આત્મસ્વરૂપમાં બધું ભર્યું છે. બધું ભર્યામાં કોઈ એમ કહે કે મારે તો બધું આ જે બહારના પદાર્થની જરૂર છે, ઈ બધું થોડું છે? બહારના પદાર્થોની જરૂર છે. એ ભ્રાંતિ છે, એ છૂટી જશે. એટલે એની અપેક્ષા નહિ થાય. તો ભ્રાંતિથી એની અપેક્ષા છે કે એમાંથી સુખ મળે છે, પણ એ તો વસ્તુસ્થિતિ છે નહિ. જ્ઞાયક ભગવાનમાં બધું ભર્યું છે. **'તેમાંથી તને બધું મળશે. તેમાં બધી નિધિ છે તે તને મળશે.'** અનંતગુણોનું નિધાન છે એમાં કોઈ ખામી નથી, ક્ષતિ નથી, ખોડખાપણ નથી. 'પ્રભુ તું સબ બાતે પૂરા.' સહજાનંદજીનું પદ છે. 'સહજાનંદ અચલ સુખ પાવે.' કોઈ વાતે તું અધૂરો નથી. **'તેમાં બધી નિધિ છે તે તને મળશે. આમ પીંખી-પીંખીને બતાવતા હતા,..'** પીંખી-પીંખીને કહે છે ને! વાળે-વાળે તેલ નાખ્યું છે. પેંથીએ-પેંથીએ નહિ, વાળે-વાળે તેલ નાખ્યું છે. **'આમ પીંખી-પીંખીને બતાવતા હતા, પણ ચાલવાનું તો પોતાને છે.'** બતાવ્યું, પણ કાર્ય તો પોતાને કરવાનું છે. **'તેઓશ્રીએ બધું બતાવી દીધું, પણ ચાલે કોણ?'** બધું બતાવી દીધું, પણ ચાલે કોણ? એમણે કહ્યું જુઓ આમ માર્ગ છે, જુઓ આમ માર્ગ છે, જુઓ આમ માર્ગ છે. પણ પરિણમન તો પોતાને કરવાનું છે. ચાલવું એટલે અહીંયાં પરિણમન કરવું. પરિણમન છે એ ચાલ છે. ચાલવાનું તો પોતાને છે. **'તેઓશ્રીએ બધું બતાવી દીધું, પણ ચાલે કોણ? જાણ્યા કરે અને આહા....આહા.... આવું છે ! આવું છે ! એમ કર્યા કરે અને આ વિભાવ છે, આ પર્યાય છે એમ વિચાર કર્યા કરે પણ ચાલે કોણ? ચાલવાનું તો પોતાને છે.'**

મુમુક્ષુ :- વાહ વાહ કર્યા કરે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં શું થાય છે? કે એવી પણ યોગ્યતા હોય છે કેટલાક જીવોની કે સાંભળ્યાનો સંતોષ. કે બહુ સારું સાંભળવા મળે છે આપણને. આપણને બહુ સરસ સાંભળવા મળે છે. એનો સંતોષ પકડી લ્યે, એમ. અથવા સમજવા મળે છે લ્યો ને! સાંભળવા મળે છે અથવા સમજવા મળે છે. પણ એ સંતુષ્ટ થવા માટે નથી. જે સમજાણું પછી એક ડગલું આગળ ચાલવાનું છે. એનું અમલીકરણ કરવાનું છે. અથવા સ્વલક્ષી જ્ઞાન અમલીકરણના પર્યાયનું ઉત્પાદક હોય છે. આવા જ્ઞાનને, યથાર્થ સમજણને અને અમલીકરણને એક સાંકળના અંકોડાની જેમ સંબંધ છે. જોડાયેલી વાત છે. જ્ઞાન, કોરું જ્ઞાન રહે ઈ જ્ઞાન નથી. અમલીકરણમાં આવે તે જ્ઞાન છે. સ્વલક્ષી જ્ઞાનનો આ સ્વભાવ છે. પરલક્ષી જ્ઞાનનો એવો સ્વભાવ છે કે એ જાણીને પછી વાતને પડતી મૂકી દે છે. એટલે એ જાણ્યું એનો કોઈ સદ્ઉપયોગ નથી અથવા એ જાણ્યું એની કોઈ સફળતા નથી, નિષ્ફળ જાય છે. ચાલવાનું તો પોતાને છે. **'ગુરુ રસ્તો બતાવે**

પણ ચલાવી કોણ દે? **મોઢામાં કોળિયો મૂકે, પણ જીભ ચલાવી, ગળે ઉતારવાનું પોતાને રહે છે,..'** લાપસી ચોળી દીધી, કોળિયો ભરીને મોઢામાં મૂકી દીધો. હવે ચાવવું અને ગળે ઉતારવું તો પોતાને છે ઈ તો કોઈ બીજા કરી દ્યે નહિ. એમ એટલી હદ સુધી ગુરુદેવે સમજાવ્યું છે. એમ કહે છે. છતાં પોતાને ચાલવાનો ઉત્સાહ અને ઉમંગ ન આવે તો એનો તો કોઈ ઉપાય નથી. પોતાને ભાવના આવવી જોઈએ. ખરેખર તો આત્મકાર્ય કરવાની ભાવના લઈને જ શ્રવણ કરવા બેસવું જોઈએ. યથાર્થ શ્રવણ કરવાની પદ્ધતિ આ છે. એટલે જ્ઞાનીએ ભાવના ઉપર બહુ વજન આપ્યું છે એનું કારણ એ છે. કે ભાવના વિનાનું તારું જ્ઞાન શુષ્ક થઈને, કોરું થઈને નકામું જાશે. ભાવના પહેલા રાખજે. કૃપાળુદેવે કહ્યું ને જ્ઞાની પાસેથી ભક્તિ માંગજે જ્ઞાન નહિ માંગતો. એમાં ઈ વાત છે. **'પોતાને પુરુષાર્થ કરવાનો છે.'** એટલા માટે કહે છે કે સામાન્ય જીવો પણ પુરુષાર્થ કરતા નથી એટલા માટે આ સ્પષ્ટીકરણ આવે છે. **'માર્ગ દેખાડનારા આ પંચમકાળમાં કોણ મળે?'** જગત ઉપર દૃષ્ટિ કરે, કરોડો અબજો માણસથી ભરેલું આ જગત છે. એમાં માર્ગ દેખાડનારા કોઈ મળતા નથી. બાકી તો બધું અનંતવાર થઈ ગયું. પુણ્યના યોગે બધા પુણ્યના સંયોગો મળી ચૂક્યા. દેવલોકના દેવ પણ થઈ ગયા અને એ બધું અનંતવાર થઈ ગયું. પૂર્વાનુપૂર્વ છે કાંઈ અપૂર્વ નથી. આ વસ્તુ અપૂર્વ છે, આ વસ્તુ છે તે અપૂર્વ છે. **'માર્ગ દેખાડનારા આ પંચમકાળમાં કોણ મળે? દુનિયામાં જુઓ તો બધા ક્યાંક ને ક્યાંક અટકેલા પડ્યા હોય છે.'** આ તો સહેજે સમજાય એવી વાત છે. જે દુનિયાના રસ્તે જાય છે. દુનિયાદારીના કામકાજમાં પડ્યા છે એ તો સ્વાભાવિક રીતે જ આ બાજુ નથી ચાલતા એટલે એને તો કોઈ ઉપાય નથી. પણ જે એ ધર્મના ક્ષેત્રમાં આવે છે એને પણ મૂળ વસ્તુ નથી મળતી તો ક્યાંકને ક્યાંક અટકી જાય છે. સાધન શું? કેવું? આ વિષય વિચારભેદે હોવાથી અનેક રીતે લોકો પ્રવૃત્તિ કરે છે. પોતપોતાની રીતે કરે છે. કોઈક ક્રિયાએ ચડે તો ત્યાગમાં વ્રત, નિયમ, સંયમમાં ચડે છે. કોઈ શાસ્ત્રમાં જશે તો એમાં ક્ષયોપશમ વધારીને અટકે છે. કોઈ પૂજા-ભક્તિએ ચડે છે તો એમાં અટકે છે. કોઈ ધ્યાનાદિકમાં ચડે છે તો યોગ અને ધ્યાનની પ્રક્રિયામાં અટકે છે. આ બધા સિવાય કરવું શું? એમ થાય. અને મુદ્દાનો પ્રશ્ન એ ઉઠાવ્યો છે કે અંતર્મુખ થવાની વાત છે ત્યારે એક ભૂલ થવાનો એવો પણ પ્રકાર બને છે કે ભાઈ બીજા બધા પરિણામો તો સ્પષ્ટપણે બહિર્ભાવ જોવામાં આવે છે, પણ ધ્યાન તો અંતર્મુખ થવાની પ્રક્રિયા છેને! એમ સમજીને પણ ઉત્કૃષ્ટ સાધન જે ધ્યાન છે એને ગ્રહણ કરે છે, પણ એમાં પણ વિધિએ ગ્રહણ કરે કે અવિધિએ ગ્રહણ કરે આટલો એની અંદર ભેદ છે. એ જ્યાં સુધી ન પકડાય તો અવિધિએ કરવા

જાય તોપણ એ કામ થાય નહિ.

મુમુક્ષુ :- નુકસાન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- નુકસાન તો થાય જ. એટલે જ્ઞાન વિના ધ્યાન નથી. શું? જ્ઞાન વિના ધ્યાન નથી અને રુચિ વિના જ્ઞાન નથી. જ્ઞાન વિના ધ્યાન એટલા માટે નથી કેમકે ધ્યાન તો એકાગ્ર થવાનું છે. એકાગ્ર થવું એનું નામ ધ્યાન છે. શેમાં એકાગ્ર થવું? કે જે સ્વરૂપ જ્ઞાનમાં આવ્યું હોય તેમાં એકાગ્ર થવું. સ્વરૂપધ્યાન કરવાનું છે ને! તો સ્વરૂપનું જ્ઞાન થયા વિના સ્વરૂપનું ધ્યાન થાય એ કેવી રીતે બનવા યોગ્ય છે? કે નથી બનવા યોગ્ય. કે જેનાથી પોતે અજાણ્યો છે એનું ધ્યાન ક્યાંથી કરશે? સસલાના શિંગડાનું ધ્યાન થાય? ન થાય. કેમ? કે સસલાને શિંગડા છે નહિ. તે જોયા નથી ધ્યાન કેવી રીતે થશે? એમ. વસ્તુ જ્ઞાનમાં આવે એમાં એકાગ્ર થાય. સ્વરૂપ જ્ઞાનમાં આવે એમાં એકાગ્રતા આવે. સ્વરૂપ જ્ઞાન વગર તો ધ્યાન નથી અને સ્વરૂપની રુચિ વિના સ્વરૂપનું જ્ઞાન પ્રગટે નહિ. બીજું બધું જ્ઞાન થાય પણ સ્વરૂપનું જ્ઞાન થાય નહિ. ભેદ-પ્રભેદનું, દ્રવ્ય-ગુણ-પર્યાયનું બધું, ઉત્પાદ-વ્યય-ધ્રુવનું અનેક પ્રકારે જ્ઞાન થાય પણ આત્મસ્વરૂપનું, જે અભેદ સ્વરૂપનું જ્ઞાન છે એ તો અભેદની રુચિ વગર થાય નહિ. અને રુચિ ભાવના સાથે હોય છે. પાયામાં વાત ક્યાં આવી? ભાવના ઉપર આવી. જે જીવ ભાવનાવાળો છે એને આ માર્ગની અંદર પ્રવેશ થઈને આગળ વધવાના પૂરા chances છે. ભાવનાની ખામી એ પાયામાં બધી ખામી, પૂરી ખામી છે એમ સમજી લેવું. કે ભાવનાની ખામી છે એ પૂરી ખામી છે અને જેટલી ભાવના બળવાન એટલું કામ થવાનું સુગમ ને સરળ. કામ અઘરું ક્યાં સુધી છે? કામ કઠણ ક્યાં સુધી છે? કે ભાવનાની ખામી છે ત્યાં સુધી. બહેનશ્રીએ ત્યાં સુધી લીધું કે ભાવના આગળ ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે. એક પરમાણુ પણ શૂન્ય ન થાય. એક પરમાણુનો પણ નાશ ન થાય. શૂન્ય થવું એટલે નાશ થવું. તો કે ભાવનામાં એટલું બળ છે કે ચૌદે બ્રહ્માંડ એટલે આખા જગતને એ ભાવનાને અનુકૂળ થવું પડે એનો અર્થ એમ છે. શું? કોઈ કહે કે મને આ નડે છે. કોઈ કહે કે મને આ નડે છે. મને આ સંયોગ નડે છે. મને આ પરિસ્થિતિ નડે છે. (એને કહે છે કે) તારી ભાવના ઓછી છે. ભાવના પાસે બધાને નમવું પડે છે. કુદરત એની દાસી થઈને કામ કરે છે. એમ છે. એવો જબરદસ્ત ભાવનાની અંદર force રહેલો છે. એટલે આપણે પાણીનું દૃષ્ટાંત આપીએ છીએ. ભાવના સ્વભાવે કોમળ છે પણ સ્વભાવે કોમળ હોવાથી મક્કમતા ઓછી છે એવું નથી. ભાવના વાળાઓનો ભાવનાનો પર્યાય કોમળ છે, પણ એની મક્કમતાને વજ્રની ઉપમા પણ ઓછી પડે. વજ્રને ગાળી નાખે. એવી મક્કમ ભાવનાની અંદર મક્કમતાનો ગુણ છે.

એ યથાર્થ ભાવનાનું સ્વરૂપ છે. યથાર્થ ભાવનાનું સ્વરૂપ એવું છે કે મક્કમતા એવી જ હોય. પછી એમાં એને કોઈ નડતર નથી. પોતાની ઢીલાશ એ જ નડતર છે. ભાવનાની ઢીલાશ એ નડતર છે. ભાવનાના બળવાનપણાને કોઈ નડતર-ફડતર નથી. એ તો કોઈને ગણકારે જ નહિ, પછી ક્યાં સવાલ જ છે!

મુમુક્ષુ :- ભાઈશ્રી, ભાવના અને જરૂરત એક જ વસ્તુ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ જરૂરતમાંથી ભાવના ઊભી થઈ છે. જરૂરત છે એ કારણ છે, ભાવના છે એ એનું કાર્ય છે. ભાવના કહો કે રુચિ કહો. અને એનું તો logic એમણે આપ્યું હતું, ગણિત પણ આપ્યું હતું કે, પુણ્યનું ફળ મળે છે કે નહિ? એમાં કુદરત બંધાયેલી છે કે નહિ? પાપનું ફળ મળે છે એમાં પણ કુદરત બંધાયેલી છે કે નહિ? કે છે. તો બેય અશુદ્ધ પરિણામ છે એની સાથે કુદરત બંધાયેલી છે. ત્યારે આ તો વિશુદ્ધ પરિણામ છે. એના સાથે તો કુદરત બંધાય જ ને!! અશુદ્ધિ સાથે કુદરત બંધાયેલી હોય તો શુદ્ધિ સાથે કુદરત કેમ ન બંધાયેલી હોય?! બંધાય જ. એ ચર્ચા થઈ હતી. પૂછ્યું હતું કે આની પાછળ વૈચારિક background શું છે? ભાવના પાસે ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે. એની પાછળની ભૂમિકા શું છે? તો કે સીધી વાત છે. આ શુભાશુભભાવ પાછળ જો કુદરત એનું ફળ આપતી હોય તો ભાવનાને કુદરત કેમ ફળ ન આપે? એમાં શંકાનું સ્થાન ક્યાં રહે છે? કે શંકા કરવાની જગ્યા જ નથી ત્યાં તો. **'દુનિયામાં જુઓ તો બધા ક્યાંક ને ક્યાંક અટકેલા પડ્યા હોય છે. કોઈ આટલું વાંચી લે,..'** એજ રીતે વાત કરી છે. કોઈ શાસ્ત્ર વાંચી લે, આટલું વાંચી લે એટલે કેટલાક શાસ્ત્રો વાંચી લે. **'કોઈ વ્રત-તપ-ત્યાગ કરી લે, કોઈ ભક્તિ કરી લે અને કોઈ ધ્યાન કરે..'** એની જ વાત લીધી છે એમણે. **'અહો ! ધ્યાનમાં ભગવાન દેખાણા, કાંઈક અજવાળાં દેખાણા-એમ કોઈ ક્યાંક તો કોઈ ક્યાંક અટકે છે,..'** મૂળ સ્વરૂપના જ્ઞાન વિના ક્યાંકને ક્યાંક અટકે છે. ત્યાગ કરવાવાળા ત્યાગમાં સંતુષ્ટ છે. શાસ્ત્ર વાંચવાવાળા ક્ષયોપશમ જ્ઞાનમાં સંતુષ્ટ છે શું? જે કાંઈ કરે એનો અહંભાવ પર્યાયદૃષ્ટિને લઈને આવે છે. સ્વરૂપ ધ્યાનમાં તો ધ્યાનની પર્યાયનો અહંભાવ એટલા માટે નથી થતો કે ધ્યાન સ્વરૂપનું છે, ધ્યાન ધ્યાનનું નથી. એમ છે. **'એમ કોઈ ક્યાંક તો કોઈ ક્યાંક અટકે છે, ભ્રમણામાં ક્યાંકને ક્યાંક ભૂલા પડ્યા હોય છે.'** ભૂલા પડે છે એ ભ્રમણામાં સાચો રસ્તો નહિ મળવાથી ક્યાંક ને ક્યાંક ભૂલે છે. એમકે જ્ઞાનીઓ આવું બધું કરે છે તો આપણે પણ કરીએ. એમ કાંઈ નકલ કરવાથી તો રસ્તો ન મળે. **'અહીં તો ભ્રમણા થવાનો અવકાશ જ નથી.'** આ તો એટલું બધું સરસ સ્પષ્ટીકરણ આવ્યું છે એમ કહે છે કે ભ્રમણા થવાનો અવકાશ જ નથી. કાંઈ ભૂલો પડે એવું

નથી. દ્રવ્યદૃષ્ટિમાં ભૂલવાનું સ્થાન નથી. ભૂલવાનું સ્થાન તો પર્યાયદૃષ્ટિમાં છે, દ્રવ્યદૃષ્ટિમાં નથી. એટલે કે યથાર્થ માર્ગદર્શન મળ્યા પછી 'ચાલવાનું જ પોતાને બાકી છે.' અથવા આગળ વધવાનું બાકી છે. જે કાંઈ કરવાનું છે એમાં આગળ વધવાનું બાકી છે. એ રીતે અહીંયાં સ્પષ્ટ રીતે એમ કહ્યું છે કે પર્યાય અને ભેદોમાં કે શુભભાવમાં નહિ રોકાતા પોતાના મૂળસ્વરૂપ પ્રત્યે જાવાનું છે. અંતઃતત્ત્વ છે અને તો જ અંતર્મુખતા આવે નહિતર ન આવે. તો જ અંતર્મુખતા આવે. વિધિમાં તો પંદરમી ગાથાની વિધિ લીધી છે. સામાન્યનો આવિર્ભાવ અને વિશેષનો તિરોભાવ. અંતર્મુખતા છે એમાં સ્વરૂપને લક્ષમાં લઈને જ્ઞાન જ્ઞાનને વેદે છે. આમ પણ જ્ઞાન તો જ્ઞાનને જ વેદે છે પણ પરલક્ષમાં એ વેદન છે એ માલૂમ પડતું નથી. સ્વલક્ષે જ્ઞાન-જ્ઞાનને વેદે એટલે સહજ અંતર્મુખતા આવે છે. એ અંતર્મુખતા થવી અપૂર્વ છે. બહિર્ભાવે તો બધું કર્યું છે અંતર્મુખતા થવી અપૂર્વ છે અને એ જીવે કર્યું નથી.

આશય :- (૧૬૫) **અનંતકાળમાં બહિર્મુખભાવે જીવે સર્વ પ્રકારના ધર્મ સાધનો કર્યા છે, પણ અંતર્મુખ થઈને નિજ સ્વરૂપને ગ્રહણ કર્યું નથી. જ્ઞાનીપુરુષની વાણીમાં અંતર્મુખ થવાનો આશય રહેલો છે. તેના ઉપર લક્ષ જતાં બાહ્ય પરિણામોની મુખ્યતા થતી નથી અને બહારમાં રોકાવાનું થતું નથી ત્યારે અંતર્મુખ થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. એ રીતે અંતર્મુખ થવાની પ્રેરણા અહીંયાં આપી છે.**

**પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું, ઉત્તમ કુળ અને સત્ય ધર્મનું શ્રવણ ઉત્તરોત્તર દુર્લભ છે. આવા સાતિશય જ્ઞાનધારી ગુરુદેવ અને તેમની પુરુષાર્થપ્રેરક વાણીના શ્રવણનો યોગ અનંત કાળે મહાપુણ્યોદયે પ્રાપ્ત થાય છે. માટે પ્રમાદ છોડી પુરુષાર્થ કર. બધો સુયોગ મળી ગયો છે. તેનો લાભ લઈ લે. સાવધાન થઈ શુદ્ધાત્માને ઓળખી ભવભ્રમણનો નિવેડો લાવ.**

– બહેનશ્રીનાં વચનામૃત – ૩૬૮

# વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આધ્યાત્મિક પુસ્તકોની સૂચિ (ગુજરાતી)

ગ્રંથનું નામ તેમજ વિવરણ

(૧) **'અનુભવ સંજીવની'**
(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના અગાધ મંથનમાંથી લગભગ ૨૦૧ વિષયોમાં વર્ગીકૃત ચિંતન કણિકાઓ - હસ્તલિખિત ડાયરીઓનું સંકલન)

(૨) **'અધ્યાત્મસુધા' (ભાગ ૧ થી ૧૨)**
('બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)

(૩) **'આત્માવલોકન પ્રવચન' (ભાગ ૧ થી ૫)**
(શ્રી દીપચંદજી કાસલીવાલ રચિત 'આત્માવલોકન' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)

(૪) **'ધન્ય આરાધક'**
(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આત્મઆરાધના અને તેમના વ્યક્તિત્વને દર્શાવતું અનોખું સચિત્ર પ્રકાશન)

(૫) **'સુવિધિ દર્શન'**
(પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત 'સુવિધિ'ના લેખ ઉપર તેમના જ દ્વારા થયેલ ગહન પ્રવચનો)

(૬) **'રાજહૃદય' (ભાગ ૧ થી ૧૯)**
('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)

(૭) **'ગુરુ ગિરા ગૌરવ' (ભાગ ૧ તથા ૧,૨)**
(પૂજ્ય સોગાનીજીના પત્રો તથા વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૮) **'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'**
(પૂજ્ય નિહાલચંદ્ર સોગાનીજીની તત્ત્વચર્ચા તથા પત્રો)

(૯) **'વચનામૃત રહસ્ય'**
('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નૈરોબીમાં થયેલા પ્રવચનો)

(૧૦) **'સમયસાર દોહન'**
(શ્રી 'સમયસાર'ની કેટલીક ગાથા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નૈરોબીમાં થયેલા પ્રવચનો)

(૧૧) **'કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન' (ભાગ ૧,૨)**
('કાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ શબ્દશઃ પ્રવચનો)

(૧૨) **'પ્રવચન નવનીત' (ભાગ ૧ થી ૪)**
(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રિય તથા પસંદગીના વિષય ઉપર ખાસ પ્રવચનો)

(૧૩) **'બીજું કાંઈ શોધ મા'**
(પ્રત્યક્ષ સત્પુરુષના યોગનું મહત્ત્વ દર્શાવતા વિભિન્ન ધર્માત્માઓના વચનામૃતોનું સંકલન)

(૧૪) **'ધન્ય આરાધના'**
(શ્રીમદ્ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મદશાને ઉપસાવતું પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું વિવેચન)

(૧૫) **'દિશા બોધ'**
('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક-૧૬૬, ૪૪૯ તથા ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૧૬) **'કુટુંબ પ્રતિબંધ'**
('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૧૭) **'પરિભ્રમણના પ્રત્યાખ્યાન'**
('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૧૮) **'મુમુક્ષુતા આરોહણ ક્રમ'**
('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)
**'મુમુક્ષુતા આરોહણ ક્રમ' ભાગ-૨**
('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના રાજકોટમાં પ્રવચનો)

(૧૯) **'સમકિતનું બીજ'**
(સત્પુરુષની ઓળખાણ વિષયક 'શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક - ૫૦૪, ૩૩૩, ૩૩૫, ૪૬૬, ૬૭૯, ૬૭૪, ૪૧૬, ૫૨૨, ૪૬૭ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૨૦) **'સ્વરૂપ ભાવના'**
('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક-૯૧૩, ૭૧૦ તથા ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૨૧) **'આત્મયોગ'**
(સત્સંગનું મહત્ત્વ દર્શાવતા વિષય પર 'શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક-૫૬૯, ૪૯૧ તથા ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૨૨) **'સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય'**
('શ્રીમદ રાજચંદ્ર' પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૨૩) **'સમ્યગ્દર્શનના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો અમૃત પત્ર'**
('શ્રીમદ રાજચંદ્ર' પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના કોબામાં થયેલ પ્રવચનો)

(૨૪) **'પ્રયોજન સિદ્ધિ'**
(દર્શનમોહ/મિથ્યાત્વની વૃદ્ધિના કારણો તથા તેના નિવારણ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા ગહન માર્ગદર્શન)

(૨૫) **'નિર્ભ્રાંત દર્શનની કેડી'**
(મુમુક્ષુતાના મંગળ પ્રારંભથી લઈને સ્વરૂપ નિશ્ચય સુધીની કેડી દર્શાવતું પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું આલેખન)

(૨૬) **'તત્ત્વાનુશીલન'**
(વિવિધ આધ્યાત્મિક ૨૧ વિષયો ઉપર પૂજ્ય શશીભાઈ દ્વારા લખાયેલ લેખનું સંકલન)

(૨૭) **'કહાન રત્ન સરિતા' (ભાગ ૧,૨)**
**ભાગ ૧** -(પૂજ્ય કાનજીસ્વામીના કેટલાક ચૂટેંલા વચનામૃતો (પરમાગમસારમાંથી) ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)
**ભાગ ૨** -(પૂજ્ય કાનજીસ્વામીના 'ક્રમબદ્ધ પર્યાય' વિષયક ચૂટેંલા વચનામૃતો (પરમાગમસારમાંથી) ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૨૮) **'ગુરુ ગુણ સંભારણા'**
(પૂજ્ય બહેનશ્રીના હૃદયમાંથી પ્રવાહિત ગુરુભક્તિના ઉદ્ગારો એટલે કે ગુરુભક્તિનું અનેરૂ કાવ્ય)

(૨૯) **'અનુભવ પ્રકાશના કિરણો' (ભાગ ૧ થી ૯)**
(શ્રી દીપચંદજી કાસલીવાલ રચિત 'અનુભવ પ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ભાવવાહી પ્રવચનો)

(૩૦) **'પ્રવચન સુધા' (ભાગ ૧ થી ૧૧)**
('શ્રી પ્રવચનસાર' પરમાગમ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)

(૩૧) **'પ્રવચન પ્રસાદ' (ભાગ ૧,૨)**
('શ્રી પંચાસ્તિકાય સંગ્રહ' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)

(૩૨) **'બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન' (ભાગ ૧,૨)**
('શ્રી દ્રવ્યસંગ્રહ' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)

(૩૩) **'સમ્યક્જ્ઞાન દીપિકા' (લે. ધર્મદાસજી ક્ષુલ્લક)**

(૩૪) **'પરમાગમસાર'**
(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અનેક પ્રવચનોમાંથી પૂજ્ય ભાઈશ્રી દ્વારા ચૂંટેલા-૧૦૦૮ બોલનું સંકલન)

(૩૫) **'વિધિ વિજ્ઞાન'**
(વિધિ વિષયક વિભિન્ન જ્ઞાનીઓના વચનામૃતો)

(૩૬) **'જ્ઞાનામૃત'**
('શ્રીમદ રાજચંદ્ર' ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃતોનું લઘુ સંકલન)

(૩૭) **'પથ પ્રકાશ'**
('માર્ગદર્શન' વિષયમાં વિભિન્ન જ્ઞાનીઓના વચનોનું સંકલન)

(૩૮) **'જિન શાસણં સવ્વં'**
('શુદ્ધોપયોગધારી જ્ઞાની ધર્માત્મા જ સમસ્ત જિનશાસન છે' - એ દર્શાવતા જ્ઞાનીઓના વચનામૃતો)

(૩૯) **'મુક્તિનો માર્ગ'**
(પં. ભાગચંદજી કૃત 'સત્તા સ્વરૂપ' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનો)

(૪૦) **'અધ્યાત્મ પિપાસા' (ભાગ ૧,૨,૩,૪... ચાલુ)**
(પૂ. બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

(૪૧) **'ધન્ય પુરૂષાર્થી'**
(પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીની દશા વિશે પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય બહેનશ્રી તથા પૂજ્ય ભાઈશ્રીના હૃદયોદ્‌ગારો)

(૪૨) **'અધ્યાત્મ પરાગ'**
(૨૫૦ અધ્યાત્મકણિકાઓ - વિભિન્ન જ્ઞાનીઓના વચનામૃતોનું સંકલન)

(૪૩) **'છ ઢાળા પ્રવચન' (ભાગ ૧,૨,૩)**
(દૌલતરામજી કૃત 'છ ઢાળા' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)

(૪૪) **'ધન્ય અવતાર'**
(પૂજ્ય બહેનશ્રીની સાધના પ્રત્યે પૂજ્ય ગુરુદેવશ્રીના આશિર્વચનરૂપ ઉદ્‌ગારો)

(૪૫) **'દંસણ મૂલો ધમ્મો'**
(ચતુર્થ ગુણસ્થાનવર્તી સમ્યગ્દ્રષ્ટિની મહિમા દર્શાવતા આગમોમાં આવેલ વચનામૃત)

(૪૬) **'ભગવાન આત્મા'**
(આત્મસ્વરૂપનો મહિમા તથા દૃષ્ટિનો વિષય-આત્મા - આ વિષય પર વિભિન્ન જ્ઞાનીઓના વચનામૃત)

(૪૭) **'ચિદ્‌વિલાસ પ્રવચન'**
(શ્રી દીપચંદજી કાસલીવાલ કૃત 'ચિદ્‌વિલાસ' પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

# वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट द्वारा प्रकाशित आध्यात्मिक पुस्तकोंकी सूचि (हिन्दी)

ग्रंथका नाम एवं विवरण

(१) 'अनुभव संजीवनी'
(पूज्य भाईश्री शशीभाईके अगाध मंथनमें से करीब २०१ विभिन्न आध्यात्मिक विषयोंमें वर्गीकृत चिंतन कणिकाएँ - हस्तलिखित डायरीओंका संकलन)

(२) 'सुविधि दर्शन'
(पूज्य भाईश्री शशीभाई द्वारा लिखित 'सुविधि' लेख पर उन्हींके द्वारा हुए प्रवचन)

(३) 'गुरु गिरा गौरव' (भाग १ तथा १,२)
(पूज्य निहालचंद्रजी सोगानीजीके पत्र एवं चर्चा पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)

(४) 'द्रव्य दृष्टि प्रकाश'
(पूज्य निहालचंद्रजी सोगानीजीके पत्र एवं तत्त्वचर्चाका ग्रंथ)

(५) 'वचनामृत रहस्य'
('बहिनश्रीके वचनामृत' पर पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नैरोबीमें हुए प्रवचन)

(६) 'समयसार दोहन'
('श्री समयसारजी' परमागमकी कुछएक गाथाओं पर पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नैरोबीमें हुए प्रवचन)

(७) 'दूसरा कुछ न खोज'
(प्रत्यक्ष सत्पुरुषके योगका महत्त्व सूचित करते हुए विभिन्न ज्ञानियोंके वचनामृतोंका पूज्य भाईश्री शशीभाई द्वारा संकलन)

(८) 'धन्य आराधना'
('श्रीमद् राजचंद्र' ग्रंथमें से उनकी अध्यात्मदशाको प्रकट करते हुए चुने हुए पत्रांश पर पूज्य भाईश्रीका विवेचन)

(९) 'दिशा बोध'
('श्रीमद् राजचंद्र' ग्रंथमें से पत्रांक १६६, ४४९ एवं ४७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)

(१०) 'कुटुंब प्रतिबंध'
('श्रीमद् राजचंद्र' ग्रंथमें से पत्रांक १०३, ३३२, ५१०, ५२८, ५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)

(११) 'परिभ्रमण के प्रत्याख्यान'

('श्रीमद् राजचंद्र' ग्रंथमें से पत्रांक १९५, १२८ एवं २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)

**(१२) 'मुमुक्षुता आरोहण क्रम'**

('श्रीमद् राजचंद्र' ग्रंथमें से पत्रांक २५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)

**(१३) 'समकित का बीज'**

('श्रीमद् राजचंद्र' ग्रंथमें से पत्रांक ५०४, ३३३, ३३५, ४६६, ६७९, ६७४, ४९६, ५२२ और ४६७ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)

**(१४) 'स्वरूप भावना'**

('श्रीमद् राजचंद्र' ग्रंथमें से पत्रांक ९१३, ७१० और ७८३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)

**(१५) 'आत्मयोग'**

('श्रीमद् राजचंद्र' ग्रंथमें से सत्संगके महत्व सूचक पत्रांक ५९६, ४९१ और ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)

**(१६) 'सिद्धपदका सर्वश्रेष्ठ उपाय'**

('श्रीमद् राजचंद्र' ग्रंथमें से पत्रांक १४७, १९४, २००, ५११, ५६० और ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)

**(१७) 'सम्यकदर्शन के सर्वोत्कृष्ट निवासभूत :छ पदका अमृत पत्र'**

('श्रीमद् राजचंद्र' ग्रंथमें से पत्रांक ८९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)

**(१८) 'प्रयोजन सिद्धि'**

(मुमुक्षुके लिए दर्शनमोह / मिथ्यात्वकी वृद्धिके कारण व उसके निवारणके अति महत्त्वपूर्ण विषय पर पूज्य भाईश्रीके अगाध मंथनमें से रचित छोटीसी पुस्तक)

**(१९) 'निर्भ्रांत दर्शनकी पगडंडी'**

(मुमुक्षुताके मंगल प्रारंभसे लेकर स्वरूप निश्चय तककी राह दर्शाता हुआ पूज्य भाईश्री शशीभाईका सुंदर आलेखन)

**(२०) 'तत्त्वानुशीलन'**

(विध-विध २१ आध्यात्मिक विषयों पर पूज्य भाईश्री द्वारा लिखित लेखोंका संकलन)

**(२१) 'कहान रत्न सरिता' (भाग १,२)**

भाग-१ (पूज्य कानजीस्वामीके 'श्री परमागमसार' के कुछएक चुने हुए वचनामृतों पर पूज्य भाईश्रीके प्रवचन)

भाग-२ (पूज्य कानजीस्वामीके 'क्रमबद्धपर्याय' विषयक चुने हुए वचनामृतों पर (परमागमसार से) पूज्य भाईश्री शशीभाईके प्रवचन)

**(२२) 'गुरु गुण संभारणा'**

(पूज्य बहिनश्रीके हृदयसे प्रवाहित गुरुभक्तिके वचनोंका यानी 'गुरुभक्तिका अनूठा काव्य')

**(२३) 'प्रवचन सुधा' (भाग १ से ६)**

('श्री प्रवचनसार' परमागम पर पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचन)

**(२४) 'प्रवचन नवनीत' (भाग १ से ४)**

(पूज्य गुरुदेवश्री कानजीस्वामी द्वारा अपने प्रिय व पसंदीदा विषय पर किये हुए खास प्रवचन)

**(२५) 'छः ढाला के प्रवचन सुधा' (भाग १ से ३)**

(दौलतरामजी कृत 'छह ढाला' पर पूज्य गुरुदेवश्रीके प्रवचन)

**(२६) 'धन्य अवतार'**

(पूज्य बहिनश्री चंपाबहिनके लिए परम पूज्य गुरुदेवश्री कानजीस्वामीके हृदयोद्‌गार)

**(२७) 'विधि विज्ञान'**

(स्वरूप प्राप्तिकी विधि विषयक विध-विध ज्ञानियोंके वचनोंका संकलन)

**(२८) 'भगवान आत्मा'**

(आत्मस्वरूपकी महिमा और दृष्टिका विषय - आत्मा - इस विषय पर विभिन्न ज्ञानियोंके वचनामृतोंका संकलन)

**(२९) 'ज्ञानामृत'**

('श्रीमद राजचंद्र' ग्रंथसे चुने हुए वचनामृत)

**(३०) 'धन्य पुरुषार्थी'**

(पूज्य निहालचंद्रजी सोगानीके लिए पूज्य गुरुदेवश्री, पूज्य बहिनश्री व पूज्य भाईश्रीके हृदयोद्‌गार)

**(३१) 'राज हृदय' (भाग १,२)**

('श्रीमद राजचंद्र' ग्रंथ पर हुए प्रवचनोंकी पूरी श्रेणीमें से शुरूआती वचनों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)

**(३२) 'परमागमसार'**

(पूज्य गुरुदेवश्रीके अनेक प्रवचनोंसे चुने हुए १००८ वचनामृतोंका पूज्य भाईश्री शशीभाई द्वारा संकलन)

**(३३) 'पथ प्रकाश'**

(विभिन्न ज्ञानियोंके 'मार्गदर्शन' रूप वचनामृतोंका संकलन)

**(३४) 'जिण शासणं सव्वं'**

('शुद्धोपयोगधारी ज्ञानी धर्मात्मा ही समस्त जिनशासन है' यह प्रस्तुत करते हुए वचनामृतोंका संकलन)

# વાચકોની નોંધ માટે

# વાચકોની નોંધ માટે



**વીતરાગ સત સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

**ભાવનગર**